G.U P 978-350-1 65

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૫ના જાન્યુઆરી માસની સભા, શનિવાર, તા. ૨-૧-૧૯૬૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. કે. જી. બાદલાણી, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૪. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૬. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૭. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૮. શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર
૯. શ્રી. રણજિત ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૦. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૧. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૨. ડૉ. એન. સી. શાહ	ગેરહાજર
૧૩. ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૪. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૫. આચાર્ય યશવંતરાય ગુ. નાયક	હાજર
૧૬. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૭. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર.

૧. તા. ૫/૬-૧૨-૧૯૬૪ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૫/૬-૧૨-૧૯૬૪ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના કામકાજની નોંધમાં બાબત નં. ૩૯માં પેટા નં. (૬) તરીકે નીચેનો ઠરાવ ઉમેરવો :

(૬) સદરહુ સમિતિની નીચેની ભલામણ મંજૂર કરી :

"સિન્ડિકેટના તા. ૧૬-૧૧-૧૯૬૪ની સભાના સૂચન બાબતમાં વિચારતાં પૂર્વસ્નાતક કક્ષાએ પ્રાયોગિક પરીક્ષા લેખિત પરીક્ષા શરૂ થતાં પહેલાં લઈ શકાય તેમ નથી, ફક્ત એમ.એસસી.ની પ્રાયોગિક પરીક્ષા ૧૫મી માર્ચ પછી બને તેટલી જલદી શરૂ કરીને લેખિત પરીક્ષા પહેલાં લેવી."

ઉપરના સુધારા સાથેની નોંધ મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતને ચાલુ સાલ પૂરતી, અર્થશાસ્ત્ર તથા વાણિજ્યના વ્યાખ્યાતાઓને બદલે તે વિષયોના ટ્યૂટરથી ચલાવવા પરવાનગી માગતા આચાર્યશ્રીના તા. ૧-૧૨-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં અર્થશાસ્ત્ર તથા વાણિજ્યના વ્યાખ્યાતાઓને બદલે તે વિષયના ટ્યૂટરોથી ચલાવવા માટે ચાલુ વર્ષ પૂરતી સદરહુ કૉલેજને પરવાનગી આપવી, અને આચાર્યને જણાવવું કે, ૧૫મી જૂન ૧૯૬૫થી યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતાઓની નિમણૂક કરવી આવશ્યક રહેશે. વધુમાં, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૩. શ્રી. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકામાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. રમેશ ધોળકિયાને કાર્ય કરવાની પરવાનગી આપવા બાબત.

(**નોંધ.**—શ્રી. રમેશ ધોળકિયા અર્થશાસ્ત્ર સાથે બી.એ.માં અને એમ.એ.ની પદવીમાં દ્વિતીય વર્ગ ધરાવે છે તથા ૭ વર્ષનો શૈક્ષણિક અનુભવ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં પ્રાધ્યાપક શ્રી. રમેશ ધોળકિયાને અર્થશાસ્ત્રના ખંડ સમયના પ્રાધ્યાપક તરીકે કામ કરવા માટે ચાલુ સત્ર પૂરતી પરવાનગી આપવી.

૪. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા, જૂન ૧૯૬૫થી કૉલેજનો વિનયન વિભાગ બંધ કરનાર છે તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) તે કૉલેજમાં એજ્યુકેશન વિભાગ પણ છે જે ચાલુ રહેશે.

(૨) આ કૉલેજને ત્રણ વર્ષના ડિગ્રી અભ્યાસક્રમ હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી રૂા. ૧૦,૦૦૦ની નૉન-રીકરિંગ ગ્રાન્ટ આપી છે તેમાંથી ઊભી કરવામાં આવેલ Assetsનો પ્રશ્ન વિચારવાનો થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી અને ત્રણ વર્ષના ડિગ્રી અભ્યાસક્રમ હેઠળ સદરહુ કૉલેજને જે ગ્રાન્ટ આપવામાં આવી છે તેના સંદર્ભમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને આ બાબતની જાણ કરવી.

૫. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના ત્રિવાર્ષિક તપાસસમિતના સભ્યો પૈકી શ્રી. એસ. એન. મુકરજીએ તે કામ સ્વીકારવા માટે અશક્તિ દર્શાવેલ હોઈ અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

(નોંધ.—બીજા સભ્ય તરીકે આચાર્ય શ્રી. સી. સી. શાહ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ તપાસસમિતિ પર શ્રી. એસ. એન. મુકરજીની જગ્યાએ શ્રી. એમ. એસ. પટેલ(વડોદરા)ને નીમવા.

૬. ઑ. ૭૫ હેઠળ તા. ૨૫મી ડિસેંબરથી તા. ૧લી જાન્યુઆરી સુધીના જે અવધિને રજાઓ તરીકે વર્ણવવામાં આવ્યો છે તેને વેકેશન ગણવાનું સૂચન કરતા એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના આચાર્ય શ્રી. ટી. એમ. પરીખના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૭૫ના પાઠમાં કશો ફેરફાર કરવો નહિ.

૭. સેનેટના નીચેના સભ્યને (તેમને મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિનું સભ્યપદ આપ્યું છે) બીજી અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા બાબત:

સભ્યનું નામ	વિદ્યાશાખા	સભ્યે ધરાવેલ અભ્યાસસમિતિ	અનુ. પદવી કક્ષાના વિષયો
આચાર્ય એસ. વી. ત્રિવેદી	વિનયન	તત્ત્વજ્ઞાન	માનસશાસ્ત્ર તથા તત્ત્વજ્ઞાન.

આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્ય એસ. વી. ત્રિવેદીને મનોવિજ્ઞાન અભ્યાસસમિતિ ઉપરાંત તત્ત્વજ્ઞાનની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૮. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩-૯-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આ વિદ્યાશાખા ભલામણ કરે છે કે, પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ બી.કૉમ.ના નીચેના વિષયોના અભ્યાસક્રમો માટે સેમિનારો યોજી શિક્ષકોને માર્ગદર્શન મળે એવો પ્રબંધ કરવો:

(૧) એકાઉન્ટન્સી (ફરજિયાત અને વૈકલ્પિક)
(૨) અર્થશાસ્ત્ર
(૩) બિઝનેશ એડમિનિસ્ટ્રેશન
(૪) સ્ટેટિસ્ટિક્સ.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૫-૬૬ના વર્ષ દરમિયાન જે પરિસંવાદો યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જે પ્રસ્તાવ મોકલવામાં આવે તે પરિસંવાદોમાં વાણિજ્ય વિદ્યાશાખાના વિષયોમાં નીચે જણાવેલા વિષયોના પરિસંવાદો ક્રમાનુવર્તી યોજવાનું સૂચવવું:

૧. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન
૨. એકાઉન્ટન્સી
૩. અર્થશાસ્ત્ર
૪. સ્ટેટિસ્ટિક્સ.

૯. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩-૯-૧૯૬૪ની સભાએ નીચેની બાબત ઉપર કરેલ ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"બાબત : વાણિજ્ય વિદ્યાશાખાએ તેની તા. ૧૫-૪-૧૯૬૪ની સભામાં ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન ગુજરાત યુનિવર્સિટીમાં વાણિજ્યવિદ્યા ભવન સ્થપાય તે માટે વિચારણા કરી રિપોર્ટ કરવા સારુ નીમેલી સમિતિની તા. ૧૬-૫-૧૯૬૪ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

ઠરાવ : સમિતિની તા. ૧૬-૫-૧૯૬૪ની સભાની ભલામણોનો સ્વીકાર કરવામાં આવે છે અને આ અંગે ઘટતું કરવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ચોથી પંચવર્ષીય યોજનાના જે પ્રસ્તાવો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલવામાં આવ્યા છે તે પ્રસ્તાવો અંગે આખરી નિર્ણય માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને/અથવા રાજ્ય સરકારના સત્તાવાળાઓ સાથે જ્યારે વાટાઘાટો કરવામાં આવે ત્યારે આ સાથે જોડેલા પરિશિષ્ટ પ્રમાણે વાણિજ્યવિદ્યા ભવન (Post-graduate Department of Commerce) સ્થાપવા માટે ઘટતી વિચારણા કરવી.

(વાણિજ્યવિદ્યા ભવનની સૂચિત યોજનાની નકલ પરિશિષ્ટ "ક" તરીકે જોડવામાં આવી છે.)

૧૦. એસોસિયેશન ઑફ પ્રિન્સિપાલ્સ ઑફ ટેકનિકલ ઇન્સ્ટિટ્યુશન્સ (ઇન્ડિયા)નું ૨૪મું વાર્ષિક અધિવેશન, જમશેદપુર મુકામે તા. ૧થી ૪ ફેબ્રુઆરી ૧૯૬૫ દરમિયાન યોજનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ ટેકનોલોજીના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૨૪-૧૧-૧૯૬૪ના પરિપત્રાંક ૪૮૩૧-૫૦૫૦-૦૩૨-ક્યુ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૧૧. 'ઇન્ડિયન એકેડેમી ઑફ પેડિયાટ્રિક્સ'ની બીજી રાષ્ટ્રીય પરિષદ પટણા મુકામે તા. ૧ અને ૨ ફેબ્રુઆરી ૧૯૬૫ દરમિયાન યોજનાર હોઈ તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના તા. ૩૦મી નવેંબર ૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૧૨. 'ધી નેશનલ એકેડેમી ઑફ સાયન્સીઝ' ઇન્ડિયાનું ૩૪મું અધિવેશન મુઝફરપુર (બિહાર) મુકામે તા. ૧૩થી ૧૫ ફેબ્રુઆરી ૧૯૬૫ દરમિયાન મળનાર હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ એકેડેમીના સામાન્ય મંત્રીશ્રીના તા. ૧-૧૨-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૧૩. ઇજનેરી વિદ્યાશાખાના પાંચ વર્ષના અભ્યાસક્રમ અંગેના નવા ઑર્ડિનન્સ ક્રમાંક ન્યૂ-૧, ન્યૂ-૨ અને ન્યૂ-૩ તથા રેગ્યુ. ક્રમાંક ન્યૂ-૧, ન્યૂ-૨, ન્યૂ-૩, ન્યૂ-૪ અને ન્યૂ-૫ નો

અમલ સિન્ડિકેટના તા. ૧૩-૭-૧૯૬૩ના ઠરાવ અન્વયે અનિશ્ચિત મુદત (Sine die) સુધી મોકૂફ રાખવામાં આવ્યો હતો તો હવે જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી. દરમિયાન ડિરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશનનું અનુમોદન મગાવવું કે, જૂન ૧૯૬૫થી ઇજનેરી વિદ્યાશાખામાં પાંચ વર્ષનો અભ્યાસક્રમ દાખલ કરવા અંગેનો સિન્ડિકેટની તા. ૫/૬-૯-'૬૪ની સભાનો ઠરાવ અમલમાં મૂકી શકાશે?

૧૪. સિવિલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિના તા. ૩-૯-૧૯૬૪ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

"This Board finds that the practice of appointing both External Examiners in the subjects of Structural Designs, Quantity Surveying and Costing, Engineering Drawing-II, etc., puts the students to a disadvantage in absence of an internal Examiner, who would generally act as a Moderator. The Board, therefore, recommends to the Syndicate that there should be one internal Examiner in all the subjects."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૫. બીજી એમ.બી.,બી.એસ.ની ફાર્માકોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષામાં હાલ જે એક હમાલની નિમણૂક કરવામાં આવે છે તે સંખ્યા ઘણી જ ઓછી હોવાથી ઓછામાં ઓછી વધુ એક હમાલની સંખ્યા વધારવા માટે મંજૂરી આપવા બાબત ફાર્માકોલોજી વિષયના પ્રોફેસર ડૉ. એમ. એન. જિન્દ્રાલના બી. જે. મેડિકલ કૉલેજના ડીન મારફતે આવેલ પત્ર પર તેમ જ સદરહુ પત્ર પર તબીબી વિદ્યાશાખાના ડીન તરફથી આવેલ અભિપ્રાય પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બીજી એમ.બી.,બી.એસ.ની ફાર્માકોલોજીના વિષયની પ્રાયોગિક પરીક્ષામાં એકને બદલે બે હમાલની નિમણૂક કરવાનું રાખવું.

૧૬. ઑક્ટોબર, ૧૯૬૪માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો-પરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો, તેમ જ વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરરીતિ અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧૨-૧૨-૧૯૬૪ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૧૨-૧૨-૧૯૬૪ના રોજ મળેલ સભાની નોંધની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સભાની નોંધને પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૧૭. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિએ તેની તા. ૨૧-૯-૧૯૬૪ની સભામાં નીચે મુજબ ભલામણ કરી છે:

"Resolved to recommend to the Syndicate that the Board of Studies in Chemistry regrets to note that the question No. 2 (Essay on Free Radicals) in the Principal B.Sc. Chemistry, Paper IV set in March–April Examination of 1964 is out of the course. The Paper-setters concerned should be warned in this regard. The Board feels that such thing should not recur in future."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી અને દફતરે કરવી.

૧૮. ભૂસ્તરવિદ્યાની અભ્યાસસમિતિએ તેની તા. ૨૨-૯-૧૯૬૪ની સભામાં કરેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત:

"On examining the list of applicants, some of the applicants have not been found teaching specific branches of Geology. As per University rules, these applicants are not in touch with some specific branches of Geology which are included in the course prescribed for the various examinations leading to B.Sc. Degree. As such it has been found difficult for the Board, to recommend the names of such teachers who are not in living touch with the specific branches of Geology. The Board, therefore, has framed the panel of Examiners, as mentioned below, so as to fulfil the specific condition laid down by the University that the Examiners also should be in living touch with the teaching of the subject.

Further, the Board explicitely expresses its desire that Prof. S. Mukherjee be invited by the Syndicate as an Internal Examiner as he is the only Professor in our University who is teaching Geology, both to the B.Sc. as well as the M.Sc. students in Geology, at the M. G. Science Institute which is the one and only one institute over the whole University teaching Geology, both for B.Sc. and M.Sc. Degrees."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૯. બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૧-૧૯૬૪ની સભામાં મંજૂર રાખ્યા અનુસાર નીચેની કૉલેજોના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજોમાં તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે જૂન ૧૯૬૫થી અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા માટે અરજીઓ આવેલી છે, તો તે પરત્વે સિન્ડિકેટને યોગ્ય લાગે તો તે કેન્દ્રને માટે

પૂરતો સ્થાનિક શિક્ષકવર્ગ, લાયબ્રેરી માટે પૂરતી સગવડ, લેબોરેટરી માટે પૂરતાં સાધનો ઇત્યાદિની તપાસ કરી અહેવાલ રજૂ કરવા એક સ્થાનિક તપાસસમિતિ નીમવા અને તે અંગેનો અહેવાલ રજૂ કરવા માટે તારીખ મુકરર કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	પદવી	અનુ. કેન્દ્રનો વિષય
૧.	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	એમ એ., એમ.એસસી.	ગણિતશાસ્ત્ર; જૂથ "એ"
૨.	પેટલાદ કૉલેજ, પેટલાદ	એમ.એ.	ગુજરાતી.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલી કૉલેજોની અનુસ્નાતક કેન્દ્રની માગણી બાબતમાં તેમનાં નામ સામે જણાવેલ જે તે સભ્યને સ્થાનિક તપાસ કરીને રિપોર્ટ કરવા માટે જણાવવું :

ક્રમાંક	કૉલેજનું નામ	પદવી	અનુ. કેન્દ્રનો વિષય	તપાસ કરનાર સભ્યોનાં નામ
૧.	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	એમ.એ., એમ.એસસી.	ગણિતશાસ્ત્ર, જૂથ "એ"	આચાર્ય એ. આર. રાવ
૨.	પેટલાદ કૉલેજ, પેટલાદ	એમ.એ.	ગુજરાતી	આચાર્ય ય. પ્રા. શુક્લ.

૨૦. પૉલિટિકલ સાયન્સની અભ્યાસસમિતિએ તેની તા. ૧૭-૯-૧૯૬૪ની સભામાં નીચેની બાબત ઉપર કરેલ ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

બાબત

"સિન્ડિકેટની તા. ૧૧-૬-૧૯૬૪ની સભાના ઠરાવ અનુસાર ડિપાર્ટમેન્ટ ઑફ આફ્રિકન સ્ટડીઝ, યુનિવર્સિટી ઑફ દિલ્હી તરફથી તા. ૨૯-૪-૧૯૬૪ના પત્રાંક એ.એફ.એસ.ડી.સી. ૭૯૬૪ દ્વારા "ઑપ્શનલ પેપર્સ ઑન આફ્રિકા" દાખલ કરવા તથા દાખલ કરવાનું નક્કી કરાય તો, આપણી યુનિવર્સિટીના એક અથવા વધુ શિક્ષકોને "ઑપ્શનલ પેપર્સ ઑન આફ્રિકા" દાખલ કરવા માટે સહાયરૂપે તાલીમ માટે મોકલવા અંગેનાં સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

અભ્યાસસમિતિનો ઠરાવ

આ બોર્ડ દિલ્હી યુનિવર્સિટીના આફ્રિકન ડિપાર્ટમેન્ટમાં વિશેષ અભ્યાસાર્થે યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનના તથા માન્ય અનુસ્નાતક શિક્ષકો પૈકી શિક્ષકોને મોકલવાનો પ્રસ્તાવ આવકારે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં "ઑપ્શનલ પેપર ઑન આફ્રિકા" દાખલ કરવા બાબતમાં ઍકૅડેમિક કાઉન્સિલનો નિર્ણય થાય તે પછી આ બાબત અંગે આગળ વિચારણા કરવાનું રાખવું.

૨૧. ઇન્ડિયન કાઉન્સિલ ઑફ કલ્ચરલ રિલેશન્સ, ન્યૂ દિલ્હી તરફથી સૂચવવામાં આવ્યા પ્રમાણે આપણી યુનિવર્સિટીમાં 'ફૉરેન સ્ટુડન્ટ્સ ઍડવાઇઝર' નીમવા બાબત.

(**નોંધ.**—ઇન્ડિયન કાઉન્સિલ ઑફ કલ્ચરલ રિલેશન્સ, ન્યૂ દિલ્હી તરફથી ફૉરેન સ્ટુડન્ટ્સ એડવાઇઝરને વાર્ષિક રૂા. ૫૦૦નું માનદ વેતન આપવાની તેમના તા. ૨૫મી જુલાઈ ૧૯૬૪ના પત્રથી જણાવેલ છે.

આ બાબત અંગે તા. ૨૭-૮-૧૯૬૪ની સિન્ડિકેટની સભામાં ઠરાવવામાં આવ્યું હતું કે પરદેશી વિદ્યાર્થીઓની સંખ્યાની માહિતી કૉલેજોમાંથી મગાવીને આ બાબત ફરીથી રજૂ કરવાનું રાખવું.

કૉલેજોમાંથી માહિતી મગાવતાં મોટા ભાગની કૉલેજોનો "Nil" રિપોર્ટ છે. બાકીની કૉલેજોમાં કુલ ૩૭ વિદ્યાર્થીઓ આફ્રિકામાંના દેશોના મૂળ ભારતીય એવા અભ્યાસ કરે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં "ફૉરેન સ્ટુડન્ટ્સ એડવાઇઝર"ની નિમણૂક કરવાની જરૂર નથી.

૨૨. પી.એલ. ૪૮૦-૨૦૮ની સંશોધન-યોજના અંગે એક જુનિયર ક્લાર્કની નિમણૂક કરવા માટેના વિજ્ઞાનવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૪-૧૨-૧૯૬૪ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. મનોવિજ્ઞાનવિદ્યા ભવનની લાઇબ્રેરીમાંથી એક પુસ્તક ખોવાયું હોવા અંગેના ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૦-૧૧-૧૯૬૪ના પત્રાંક મિસે. ૯૪૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પુસ્તક માંડી વાળવું.

૨૪. શિલ્પ, સ્થાપત્ય અને ચિત્ર ઇત્યાદિ લલિતકળાઓની પરિભાષા અંગેની સમિતિની તા. ૨૧-૧૧-૧૯૬૪ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"શ્રી. યજ્ઞેશ શુક્લ ગુજરાત બહાર વનસ્થાન (રાજસ્થાન)માં કામ કરતા હોઈ તેમની જગ્યાએ શ્રી. બચુભાઈ રાવતની નિમણૂક કરવા ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિના સભ્ય તરીકે શ્રી. યજ્ઞેશ શુક્લની જગ્યાએ શ્રી. બચુભાઈ રાવતની નિમણૂક કરવી.

૨૫. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચે જણાવેલ કૉલેજોની જોડાણઅરજી અંગે જૂન ૧૯૬૪થી જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કર્યાના :

૧. ઉપલેટા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા
૨. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ
૩. ડી. કે. વી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, જામનગર
૪. પ્રભુદાસ હકકર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૫. શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા.

(૨) નીચેના વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલા વિષયમાં તે પદવી માટે પાત્ર જાહેર કર્યાના :

ક્રમાંક	નામ	વિષય	પદવી
૧.	શ્રી. શુક્લ દિનકર અનુપરામ	સંસ્કૃત	પીએચ.ડી.
૨.	શ્રી. અમીન જીવણલાલ પ્રભુદાસ	પ્રાચીન ભારતીય સંસ્કૃતિ	,,

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૨૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એવડાં મૂલ્યાંકન : જો એક ઉત્તરવહીનાં બે મૂલ્યાંકનો વચ્ચે ૧૫ ટકા કરતાં વધુ તફાવત માલૂમ પડે, તો ચેરમેને તે ત્રીજા પરીક્ષક પાસે તપાસડાવવો જોઈએ. આ ત્રીજો માણસ તેના હાથ નીચેના પરીક્ષકોના જૂથમાં જો તે તપાસવાની લાયકાત ધરાવતો હોય તો તેને અથવા બહારના બીજા કોઈને, વાઈસ-ચાન્સેલરની સંમતિ લઈને સોંપશે.

આ પ્રકારે જે કેસો ત્રીજા પરીક્ષક પાસે તપાસાવવામાં આવે, તેવા કેસોમાં માર્કની ગણતરી નીચેની રીતે કરવી :

ત્રીજું મૂલ્યાંકન પ્રથમ બે મૂલ્યાંકનો પૈકી જે મૂલ્યાંકન તરફ ઢળતું હોય તે મૂલ્યાંકન અને ત્રીજા મૂલ્યાંકન એ બેની સરાસરી કાઢીને જે આંકડો આવે તેને આખરી મૂલ્યાંકન ગણવું.

(**નોંધ.**—ત્રીજું મૂલ્યાંકન પ્રથમનાં બે મૂલ્યાંકનના સરાસરી મૂલ્યાંકનની બરોબર થતું હોય તો તે ત્રીજું મૂલ્યાંકન જ, એટલે કે પ્રથમનાં બે મૂલ્યાંકનનું સરાસરી મૂલ્યાંકન જ, આખરી મૂલ્યાંકન ગણવું.)

વધુમાં, આ સમિતિ એકેડેમિક કાઉન્સિલે બેવડી પરીક્ષણપદ્ધતિની પ્રથા દાખલ કરવાનું સૂચવ્યું તે વખતના તા. ૩૧-૧-૧૯૫૬ના ઠરાવના પ્રસ્તાવ પ્રત્યે એકેડેમિક કાઉન્સિલનું ધ્યાન દોરે છે અને સૂચવે છે કે, યુનિવર્સિટીની સ્નાતક પરીક્ષાઓ (Degree Examinations)માં પણ જે જે ઉત્તરપત્રોના એસેસટમેન્ટમાં પ્રથમ વર્ગના ૬૦ ટકા કે તેથી વધુ ગુણાંક પ્રાપ્ત થતા હોય, તેમનું મૂલ્યાંકન બરાબર છે કે કેમ તે ચેરમેન પોતે કરી લે અથવા કરાવી લે એવી પ્રથા દાખલ કરવા માટે જરૂરી નિયમો ઘડવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(**નોંધ.**—આ પ્રથામાં દરેક પરીક્ષકે પોતે જે જે વિદ્યાર્થીને ૬૦ ટકા—ફર્સ્ટ ક્લાસ ગુણ આપ્યા હોય તો તે બધાની ઉત્તરવહીઓ ચેરમેનને મોકલવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર જરૂરી ધારાધોરણો ઘડવાં.

૨૭. યુનિવર્સિટીના કોઈ કર્મચારીને કોર્ટ તરફથી કોઈ ગુના માટે Convict કરવામાં આવે તો તેને બરતરફ કરવા કે કેમ તે ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— આ અંગેનો ગુજરાત રાજ્ય સરકારના જનરલ એડમિનિસ્ટ્રેશન ખાતાનો તા. ૨૩-૧૦-૧૯૬૪નો સરકયુલર નં. સી.ડી.આર.-૧૦૬૩-સી. ૨૧૪૮-એફ-૭. આ સાથે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) રાજ્ય સરકારના સદરહુ પરિપત્રની નોંધ લેવી,

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, કર્મચારીઓની સેવાઓની શરતોમાં નીચેની કલમ ઉમેરવી :

"In the event of a University employee being convicted for an offence which in the opinion of the Vice-Chancellor is of such grave character that his continuance in the employment of the University will be highly detrimental to the interest of the University, the Vice-Chancellor shall in his discretion be competent to dismiss the employee concerned."

૨૮. યુનિવર્સિટીના ચીફ મેડિકલ ઑફિસર ડૉ. કે. એ. શાહની નિવૃત્તિની વય-મર્યાદા તા. ૯-૪-૧૯૬૫ના રોજ પૂરી થતી હોઈ તે લંબાવી આપવા માટે તેઓની તા.૧૭-૧૨-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. કે. એ. શાહની સેવાની મુદત તા. ૯-૪-૧૯૬૬ સુધી લંબાવવી.

૨૯. સિન્ડિકેટની તા. ૧૩-૩-૧૯૬૪ની સભામાં નીચેની બાબત મોકૂફ રહેલ:

ડૉ. કે. આર. ચંદ્રશેખરન(ભાષા-સાહિત્ય ભવનમાં અંગ્રેજીના પ્રોફેસર)ની, યુનિવર્સિટી તરફથી બંધાયેલ "બી" ટાઇપનું રહેઠાણ આપેલ હોઈ નિયમ મુજબ તેમના પગારના દશ ટકા જેટલી રકમ (રૂા. ૯૦) ભાડા અંગે વસૂલ કરે છે. તેઓને આ રકમ વધુ પડતી લાગે છે, કેમ કે આ રહેઠાણ લેકચરર માટેનું હોઈ તેમને મળવી જોઈએ તેટલી જગ્યા ન મળવાથી તેમની આ અંગે પ્રમાણસર ભાડું લેવા અગર તો બે યુનિટો આપવા અંગેની તા. ૧૪-૧૨-૧૯૬૪ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— યુનિવર્સિટી છાત્રાલયના રેસિડેન્ટ પ્રોફેસરની કામગીરી માટે તેમને લખવામાં આવેલું, તે કારણે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી હતી, પણ તે કામગીરી સ્વીકારવાની તેમણે ઇચ્છા દર્શાવી નહોતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૧૨/૧૩-૧-'૬૩ની સભાના ઠરાવ અનુસાર ડૉ. કે. આર. ચંદ્રશેખરનને આપવામાં આવેલ રહેઠાણ માટે તેમના મૂળ પગારના દશ ટકા કે ઈકોનોમિક રેન્ટ, એમાંથી જે ઓછું હોય તે, લેવાનું રાખવું.

૩૦. યુનિવર્સિટી મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એન. આર. પરમારને તા. ૬-૧૧-૧૯૬૪થી છૂટા કર્યા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

(**નોંધ.**—તેઓ તા. ૧૫-૧૧-૧૯૬૨ના રોજ ભવનમાં જોડાયા હતા અને તેમને તા. ૬-૧૧-૧૯૬૪થી છૂટા કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એન. આર. પરમારને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૩૧. ઑર્ડિ. ૪૧ અન્વયે, ફૉરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો પર આચાર્ય શ્રી. એમ. કે. દેસાઈની તા. ૪થી માર્ચ ૧૯૬૬ પર્યન્ત ખાલી પડેલી જગ્યા પૂરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બ્યૂરોમાં આચાર્ય એમ. કે. દેસાઈની ખાલી પડેલી જગ્યાએ આચાર્ય એમ. સી. દેસાઈ, એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢને તા. ૪-૩-૧૯૬૬ સુધીની મુદત માટે સભ્ય તરીકે નીમવા.

૩૨. સંલગ્ન કૉલેજમાં ફીનું ધોરણ કેટલું રાખવું તે પર વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા અંગે નિમાયેલ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ રિપોર્ટની નોંધ લેવી તથા તેને દફ્તરે કરવો.

(સદરહુ સમિતિની ભલામણો પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૩. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી; તથા બી.એ. (સબ્સિડિયરી)માં સમાજશાસ્ત્ર; તથા બી.એસસી.(ઑનર્સ)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માગતી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના જોડાણની બાબતમાં નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. શ્રી. ભગનભાઈ પ્ર દેસાઈ
૨. પ્રો. એન. જે. પટેલ.

૩૪. ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર (કચ્છ) જૂન ૧૯૬૪થી બી.એ. (સયોર્ડિનેટ) અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા ઇતિહાસના વિષયોમાં જોડાણ નહિ હોવા છતાં શીખવે છે તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૫-૧૨-૧૯૬૪ની સિન્ડિકેટે સદરહુ કૉલેજ પાસેથી માહિતી મગાવી સિન્ડિકેટ સમક્ષ મૂકવા ઠરાવેલ.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત ધોરણસર (Regularised) કરવા માટે ઘટતાં પગલાં લેવાં.

૩૫. ખંડ સમયના વ્યાયામ-શિક્ષકથી ચાલુ સત્ર પૂરતું ચલાવવાની પરવાનગી આપવા શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોરલીના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના ખંડ સમયના વ્યાયામ-શિક્ષકથી ચલાવવા માટે ચાલુ સત્ર પૂરતી પરવાનગી આપવી, અને જણાવવું કે, જૂન ૧૯૬૫થી યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ-શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૩૬. શ્રી. પી. ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટના આચાર્યશ્રીના તા. ૧૭-૧૧-૧૯૬૪ના પત્રાંક પી. ડી. એમ.જી. ટીસી-૪૪૦થી જણાવેલ નીચેની શાળાઓને ઑર્ડિ. ૧૮૬ મુજબ "Practicing School" તરીકે માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) કડવીબાઈ વીરાણી કન્યા વિદ્યાલય
(૨) કાન્તા સ્ત્રી વિકાસગૃહ
(૩) બાલકિશોર વિદ્યાલય
(૪) શ્રી. શેઠ હાઈસ્કૂલ
(૫) સ્વામિનારાયણ ગુરુકુલ વિદ્યાલય
(૬) કરણસિંહજી હાઈસ્કૂલ
(૭) બાઈસાહેબા ગર્લ્સ હાઈસ્કૂલ
(૮) દેવકુંવરબા હાઈસ્કૂલ
(૯) આઈ.પી. મિશન ગર્લ્સ હાઈસ્કૂલ
(૧૦) જી. ટી. ગર્લ્સ હાઈસ્કૂલ
(૧૧) આલ્ફ્રેડ હાઈસ્કૂલ
(૧૨) ચૌધરી હાઈસ્કૂલ
(૧૩) કોટક ગર્લ્સ હાઈસ્કૂલ
(૧૪) સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ
(૧૫) સરસ્વતી વિદ્યામંદિર
(૧૬) વિદ્યાવિહાર હાઈસ્કૂલ
(૧૭) વીરાણી બોઈઝ સ્કૂલ
(૧૮) સેંટ મેરી સ્કૂલ
(૧૯) રાજકુમાર કૉલેજ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની શાળાઓને "Practicing Schools" તરીકે માન્ય કરવી.

૩૭. ઑર્ડિનન્સ ૧૮૬ મુજબ સનાતન ધર્મ હાઈસ્કૂલને "Practicing School" તરીકે માન્યતા આપવાના સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ભાવનગરના આચાર્યના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ શાળાને "Practicing School" તરીકે માન્ય કરવી.

૩૮. સંસ્કૃતની અભ્યાસસમિતિએ તેની તા. ૧૭-૯-૧૯૬૪ની સભામાં, પ્રી-યુનિવર્સિટી વિનયન માટેના સંસ્કૃત વિષયના ગદ્યપદ્યસંગ્રહની મુદ્દત ૧૯૬૭માં પૂરી થતી હોઈ એવો મત વ્યક્ત કર્યો છે કે ગદ્યપદ્યસંગ્રહ નવો તૈયાર કરાવવો અને તે અંગે સર્વશ્રી (૧) જે. જે. પંડ્યા,

(૨) સી. એલ. શાસ્ત્રી, અને (૩) ટી. એન. દ્વેની એક સમિતિ નીમવી, તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ગદ્યપદ્યસંગ્રહ તૈયાર કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. શ્રી. જે. જે. પંડ્યા
૨. શ્રી. સી. એલ. શાસ્ત્રી
૩. શ્રી. ટી. એન. દ્વે
૪. શ્રી. આર. સી. ત્રિપાઠી.

૩૯. ઇતિહાસ વગેરેની અભ્યાસસમિતિની તા. ૧૯-૯-૧૯૬૪ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"Outlines of World History વિષય તથા બી.એ.ના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમના ઇતિહાસનો અભ્યાસ અને અધ્યયન વધુ સારી રીતે થઈ શકે તે માટે ઇતિહાસના અધ્યાપકોનો પરિસંવાદ યોજવો જરૂરી છે."

આથી ઠરાવવામાં આવે કે, ૧૯૬૫-૬૬ના વર્ષ દરમિયાન જે વિષયના પરિસંવાદ યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જે પ્રસ્તાવ મોકલવાનો છે તે પ્રસ્તાવમાં ઇતિહાસ અંગેનો ઉપર જણાવેલ પરિસંવાદ પણ સામેલ કરવાનું રાખવું.

૪૦. માર્ચ-એપ્રિલ ૧૯૬૫માં લેવાનાર બી.એડ.ની લેખિત પરીક્ષા માટે અલિયાબાડાને કેન્દ્ર આપવા બાબત દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલયના આચાર્યશ્રી તરફથી તા. ૨૮-૧૨-૧૯૬૪ના રોજ આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— કેન્દ્ર અંગેની સમિતિએ ૫૫ વિદ્યાર્થીઓ ભાવનગરમાં બી.એડ.ની પરીક્ષામાં બેસે છે તેને કેન્દ્ર આપેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, બી.એડ.ની લેખિત પરીક્ષા માટે અલિયાબાડાને પણ કેન્દ્ર આપવું.

૪૧. ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ યુટિલાઇઝેશન કમિટીની તા. ૪-૧૨-૧૯૬૪ના રોજ મળેલી ૨૩મી બેઠકના કામકાજની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૪-૧૨-૧૯૬૪ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૪-૧૨-૧૯૬૪ની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૨. સદ્‌ગત શ્રી. કે. સી. જાની (કાર્યાલય નિયામક)ના કુટુંબને હાલ આપવામાં આવેલા સ્ટાફ ક્વાર્ટર્સમાં એપ્રિલના અંત સુધી રહેવા પરવાનગી આપવા તથા ભાડું માફ કરવા અંગેની તેમનાં પત્નીની તા. ૨૨-૧૨-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. સી. જાનીનાં કુટુંબીજનોને ૩૦મી એપ્રિલ ૧૯૬૫ સુધી યુનિવર્સિટીએ સદ્‌ગત શ્રી. કે. સી. જાનીને આપેલ રહેઠાણમાં રહેવા માટે પરવાનગી આપવી, તથા તેમની પાસેથી કશું ભાડું કે કર લેવાં નહિ.

(નોંધ.— ફક્ત વીજળીના બળતણનું ખર્ચ બિલ પ્રમાણે લેવાનું રહેશે.)

૪૩. યુનિવર્સિટી કાર્યાલયમાં તથા પ્રેસમાં કામ કરતા કર્મચારીઓનો તેઓનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમી કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	કાર્યાલય/ પ્રેસ	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એ. એન. દેસાઈ	સી. ઑપરેટર	કાર્યાલય	૧૬-૨-૧૯૬૫	૧૭-૨-૧૯૬૫
૨.	શ્રી. ઉદેસિંગ મફતલાલ દરબાર	જુ. કંપોઝીટર	પ્રેસ	૧૮-૨-૧૯૬૫	૧૯-૨-૧૯૬૫
૩.	શ્રી. નારણભાઈ એસ. ભાવસાર	,,	,,	૧૮-૨-૧૯૬૫	૧૯-૨-૧૯૬૫
૪.	શ્રી. કાંતિલાલ પ્રભુદાસ પટેલ	,,	,,	૧૯-૨-૧૯૬૫	૨૦-૨-૧૯૬૫
૫.	શ્રી. સિદ્ધનાથ ઠાકરપ્રસાદ મિશ્રા	,,	,,	૧૯-૨-૧૯૬૫	૨૦-૨-૧૯૬૫
૬.	શ્રી. ફૂલજીભાઈ બાજીદાસ પટેલ	,,	,,	૧૯-૨-૧૯૬૫	૨૦-૨-૧૯૬૫
૭.	શ્રી. માણેકલાલ શાંતિલાલ જોશી	,,	,,	૧૯-૨-૧૯૬૫	૨૦-૨-૧૯૬૫.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે,

(૧) શ્રી. એ. એન. દેસાઈને યુનિવર્સિટી કાર્યાલયમાં સીનિયર ઑપરેટર તરીકે તા. ૧૭-૨-૧૯૬૫થી કાયમ કરવા.

(૨) શ્રી. ઉદેસિંહ મફતલાલ દરબારને યુનિવર્સિટી પ્રેસમાં જુનિયર કંપોઝીટર તરીકે તા. ૧૯-૨-૧૯૬૫થી કાયમ કરવા.

(૩) શ્રી. નારણભાઈ એસ. ભાવસારનું રાજીનામું મંજૂર થઈ ગયું હોવાથી કાંઈ કરવાપણું રહેતું નથી.

(૪) શ્રી. કાંતિલાલ પ્રભુદાસ પટેલને યુનિવર્સિટી પ્રેસમાં જુનિયર કંપોઝીટર તરીકે તા. ૨૦-૨-૧૯૬૫થી કાયમ કરવા.

(૫) શ્રી. સિદ્ધનાથ ઠાકરપ્રસાદ મિશ્રાને યુનિવર્સિટી પ્રેસમાં જુનિયર કંપોઝીટર તરીકે તા. ૨૦-૨-૧૯૬૫થી કાયમ કરવા.

(૬) શ્રી. ફૂલજીભાઈ બાજીદાસ પટેલને યુનિવર્સિટી પ્રેસમાં જુનિયર કંપોઝીટર તરીકે તા. ૨૦-૨-૧૯૬૫થી કાયમ કરવા.

(૭) શ્રી. માણેકલાલ શાંતિલાલ જોશીને યુનિવર્સિટી પ્રેસમાં જુનિયર કંપોઝીટર તરીકે તા. ૨૦-૨-૧૯૬૫થી કાયમ કરવા.

૪૪. સરકારી ઑડિટરોએ તપાસેલ સને ૧૯૬૨-૬૩નો વાર્ષિક હિસાબ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૬૨-૬૩નો વાર્ષિક હિસાબ મંજૂર કરવો.

૪૫. સને ૧૯૬૪-૬૫ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત (Revised) અંદાજપત્ર અને સને ૧૯૬૫-૬૬નું અંદાજપત્ર મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૧૯૬૪-૬૫ના વર્ષનું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત (Revised) અંદાજપત્ર અને સને ૧૯૬૫-૬૬ના અંદાજપત્રને મંજૂર કરવાં.

૪૬. નીચેની કૉલેજોના આચાર્યો તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૬૫થી તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવીનાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે આવેલ અરજીઓ પરત્વે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	પદવી	વિષય	નોંધ
૧.	રજની પારેખ આર્ટ્સ, એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	એમ.એ.	ગુજરાતી	હાલમાં ફક્ત એક જ માન્ય અનુ. શિક્ષક તથા એક માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક છે, એટલે નિયમ મુજબ પૂરતો સ્થાનિક શિક્ષકગણ નથી.
૨.	ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર	એમ.એ.	તત્ત્વજ્ઞાન	હાલમાં ફક્ત એક જ માન્ય અનુ. શિક્ષક તથા એક માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક છે, એટલે નિયમ મુજબ પૂરતો સ્થાનિક શિક્ષકગણ નથી.
૩.	શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	એમ.એસસી. (મેડ.) (ફિઝિયોલોજી)	ફિઝિયોલોજી	હાલમાં કોઈ માન્યતા ધરાવતું નથી; અરજીઓ આવેલી છે.
૪.	શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ	એમ.એ.	ગુજરાતી	હાલમાં ફક્ત એક જ માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક છે; પૂરતો સ્થાનિક શિક્ષકગણ નથી.
૫.	શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ	એમ.એસસી.	ઓર્ગેનિક કેમિસ્ટ્રી	હાલમાં ફક્ત એક જ માન્ય અનુ. શિક્ષકના મદદનીશ શિક્ષક છે; પૂરતો સ્થાનિક શિક્ષકગણ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજોના આચાર્યોને જણાવવું કે, તેમણે જે વિષય માટે અનુસ્નાતક કેન્દ્ર માગ્યું છે તે વિષયમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી અને માન્ય થયેલ શિક્ષકગણ નીમવામાં આવે તે પછી તેમણે ફરીથી અરજી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક કેન્દ્રની માગણી બાબતમાં જે કૉલેજ કે સંસ્થા પાસે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી માન્ય શિક્ષકગણ તેમની કૉલેજ કે સંસ્થામાં નિમાયો ન હોય તો તેમની અરજી સિન્ડિકેટ સમક્ષ મૂકવી નહિ અને કાર્યાલય તરફથી તેમને ઘટતો જવાબ મોકલી દેવો.

૪૭. સિન્ડિકેટની તા. ૫-૯-૧૯૬૪ની સભામાં ઠરાવ્યા પ્રમાણે પ્રો. બી. આર. શિનોય (અધ્યક્ષ, સમાજવિદ્યા ભવન) પાસેથી યુનિવર્સિટીએ મંજૂર કરેલી ખાસ રજાઓ દરમિયાન તેઓએ કરેલા કરાર અંગે મગાવેલી વિગતો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં રીડર તરીકે કામ કરતા ડૉ. એમ. એસ. દુબલેને "સ્કૂલ ઑફ આર્કિટેક્ચર"ના અધ્યક્ષ તરફથી સ્કૂલના વિદ્યાર્થીઓને બાયોલોજી શીખવવા માટે આપવામાં આવેલ આમંત્રણ સ્વીકારવા અંગે ડૉ. દુબલેની તા. ૬-૧૨-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ કામ તેઓ માનદ ધોરણે કરશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એમ. એસ. દુબલેની સદરહુ વિનંતી માન્ય કરવી નહિ.

૪૯. છાત્રાલય સમિતિની તા. ૮-૧૨-૧૯૬૪ની બેઠકમાંનાં પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે,

(૧) સદરહુ સમિતિના રિપોર્ટની નોંધ લેવામાં આવી, અને તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

(ક) સર્વશ્રી રમેશ પટેલ, મનોજ પટેલ, એન. જી. વસાવડા તથા હિસાબનીશને મેસના ચાર્જમાંથી અડધી માફી મેસ તરફથી આપવામાં આવે છે તે ન આપવા માટે મેસના સત્તાવાળાઓને જણાવવું, અને સર્વશ્રી રમેશ પટેલ, મનોજ પટેલ અને એન. જી. વસાવડા પ્રત્યેકનો રૂા. ૧૦ દંડ કરવો.

(ખ) શ્રી. રમેશ પટેલનો રૂા. ૨૫ દંડ કરવો.

(ગ) હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પંચાલને એક માસની નોટિસ આપીને યુનિવર્સિટીની નોકરીમાંથી છૂટા કરવા.

(૨) છાત્રાલય અંગેના નિયમો મંજૂર કરવા.
(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

(૩) છાત્રાલયના નવા બ્લોક માટે નીચે પ્રમાણેનાં સામયિકો મગાવવાં:

(અ) "સી" અને 'ડી' બ્લોક માટે—
(૧) ગુજરાત સમાચાર, અને (૨) ટાઇમ્સ ઑફ ઇન્ડિયા.

(બ) વિદ્યાર્થિનીઓના છાત્રાલય માટે—
(૧) ગુજરાત સમાચાર, અને (૨) ટાઇમ્સ ઑફ ઇન્ડિયા.

૫૦. એટોમિક એનર્જી, મુંબઈ દ્વારા અનુસ્નાતક અને પૂર્વસ્નાતક વિદ્યાર્થીઓને અનુક્રમે રૂા. ૧૫૦ અને રૂા. ૧૦૦ની માસિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીએ યુનિવર્સિટીને તે અંગે આપવાના બાંયધરીપત્ર (Undertaking)નો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે બાંયધરી માટેનો પાઠ નીચે મુજબ મંજૂર કરવો:

I hereby give an undertaking that in the event of a scholarship from the Atomic Energy Commission, Bombay, awarded to me, I shall attend my classes regularly and that if my term or terms are not granted, or if I fail to appear at any of the University examinations or having appeared thereat fail in it, I will be liable to refund in full the amount of the scholarship received by me.

Date:

Name of the Institution : Signature of the candidate.

૫૧. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના, ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમ અંગેની આર્થિક સહાયની યોજના હેઠળ, આ સાથેના *પરિશિષ્ટમાં જણાવેલી કૉલેજોને અનાવર્તક ગ્રાન્ટ પેટે પહેલા, બીજા તેમ જ ત્રીજા (છેવટના) હપ્તા પેટે તેમ જ ૧૯૬૩-૬૪ના વર્ષમાં આ અભ્યાસક્રમને અનુલક્ષીને નીમવામાં આવેલા વધારાના શિક્ષકગણ અંગેના વધારાના ખર્ચની તે વર્ષ પેટે આવર્તક ગ્રાન્ટ આપ્યા અંગેની;

(૨) આચાર્યો સહિત શિક્ષકોના (૧) વિનયન વિદ્યાશાખા, (૨) વાણિજ્ય વિદ્યાશાખાના મતદાર-વિભાગની પેટાચૂંટણી માટે જે મતદાનમથકો તેમ જ ચૂંટણી-અધિકારીઓની નિમણૂક સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૧૧-૧૯૬૪ની સભામાં કરી હતી તેમાં અન્ય રીતે થયેલ ફેરફાર મંજૂર કર્યાના;

(૩) ૧૯૬૫ના વર્ષમાં પાળવાની રજાઓની યાદી નવેંબર ૧૯૬૪ની સિન્ડિકેટની સભામાં, પરિશિષ્ટ "દ" તરીકે મૂકવામાં રક્ષાબંધન તથા ભાઈબીજની રજાઓ ઉમેરવાની રહી ગયેલી તે ભૂલ સુધાર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૨. તા. ૭-૧૨-૧૯૬૪ની બાંધકામ સમિતિની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૭-૧૨-૧૯૬૪ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

* સામેલ નથી.

૫૩. ગુજરાત રાજ્યના ગૃહરક્ષક દળના કમાન્ડર જનરલ અને નાગરિક સંરક્ષણના અધ્યક્ષ તરફથી નાગપુર મુકામે નાગરિક સંરક્ષણ માટેના સ્ટાફ માટેના દસ દિવસના ૩૦મા અને ૩૧મા અભ્યાસક્રમ જે જાન્યુઆરી માસમાં શરૂ થનાર છે તે માટે યુનિ. કેમ્પસના સિવિલ ડિફેન્સની દોરવણીની જવાબદારી લઈ શકે એવા કોઈ કૉલેજના આચાર્ય, અધ્યાપક કે વ્યક્તિને નિયુક્ત કરવા જણાવતા તા. ૩૦-૧૨-૧૯૬૪ના પત્રાંક સીડીઓ. ૬૭ ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ તાલીમવર્ગમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને હાલ મોકલી શકાશે નહિ તેમ ગુજરાત રાજ્યના ગૃહરક્ષક દળના કમાન્ડન્ટ જનરલ અને નાગરિક સંરક્ષણના અધ્યક્ષને જણાવવું.

૫૪. સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગનો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા માટે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના મંત્રી તરફથી આવેલ અરજી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ માટે માન્ય સંસ્થા તરીકે માન્યતા મેળવવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૪-૩-૧૯૫૯ની સભામાં ઘડેલાં ધારાધોરણ તરફ સદરહુ સંસ્થાનું ધ્યાન ખેંચવું અને તે ધારાધોરણોનું પરિપાલન થાય તે રીતે અરજી કરવા માટે સૂચવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૬/૪૫૦૩૨/૧૯૬૫.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
જાન્યુઆરી ૧૩, ૧૯૬૫.
પૌષ ૨૩, ૧૮૮૬ (શક).

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૬

વાણિજ્ય વિદ્યાભવનની યોજના

આ ભવનમાં ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન (ઉપરોક્ત વિષયો ધ્યાનમાં લઈ નીચેના) હોદ્દાઓની નિમણૂક કરવાની ભલામણ છે:

૧. એક પ્રોફેસર ઑફ કૉમર્સ
૨. ત્રણ રીડર્સ ઇન કૉમર્સ
૩. ચાર લેક્ચરર્સ ઇન કૉમર્સ
૪. ત્રણ રિસર્ચ આસિસ્ટન્ટ્સ.

(નોંધ.—ઉપરના ત્રણ રીડર્સ પૈકી એક જગા અર્થશાસ્ત્રના વિષય માટે અલાયદી રાખવી.)

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લેતાં તેનું આવર્તક તથા અનાવર્તક ખર્ચ નીચે મુજબ આવશે તેમ આ સમિતિનો અંદાજ છે:

અનાવર્તક ખર્ચ

મકાન, ફર્નિચર, સાધનો વગેરે માટે	... રૂ.	૫,૦૦,૦૦૦
શરૂઆત માટે પુસ્તકાલયની જોગવાઈ	... રૂ.	૭૫,૦૦૦

આવર્તક ખર્ચ

પગાર, મોંઘવારી વગેરે વાર્ષિક	... રૂ.	૮૫,૦૦૦
બુકો અને સામયિકોમાં ઉમેરો—૬૨ વર્ષે	... રૂ.	૪૫,૦૦૦

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૨

સંલગ્ન કૉલેજોમાં ફીનું ધોરણ કેટલું રાખવું તે પર વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા અંગે નિમાયેલ સમિતિની ચોથી સભા તા. ૪-૧૨-૧૯૬૪ના રોજ બે વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિશ્રીના પ્રમુખપદે મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
આચાર્ય એમ. સી. દેસાઈ	હાજર
ડૉ. વાય. જી. નાયક	ગેરહાજર
આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	ગેરહાજર.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવી :

(અ) સિન્ડિકેટે તેની તા. ૮-૯-૧૯૬૪ની સભામાં આ સમિતિની નિમણૂક કરીને જણાવ્યું છે કે, આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં ટ્યૂશન-ફી અંગે યુનિવર્સિટી કાંઈ કરી શકે છે કે કેમ અને કરી શકે તો શું કરવા જેવું છે તે અંગે ઘટતી વિચારણા કરીને અમારો અહેવાલ આપવા અમને જણાવ્યું છે. તદનુસાર અમે નીચે પ્રમાણે અમારો અહેવાલ રજૂ કરીએ છીએ :

૧. સૌ પ્રથમ તો યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં ટ્યૂશન-ફી અંગે યુનિવર્સિટી કાંઈ કરી શકે છે કે કેમ તે સવાલ અમે તપાસ્યો. તેમાં અમને લાગે છે કે, 'જોડાયેલી કૉલેજો પર યુનિવર્સિટી શૈક્ષણિક રીતે દેખરેખ રાખી શકે છે, અથવા તો શિક્ષણના હેતુઓ સાધવા માટે ઘટતાં નિયંત્રણો મૂકી શકે છે; પણ કૉલેજોની નાણાકીય બાબતો નિયંત્રિત કરવાની સત્તા યુનિવર્સિટીને હોય એમ જણાતું નથી. ફીની બાબતમાં યુનિવર્સિટીને જે કાંઈ સત્તા મળે છે તે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪ (૧૯) અને ૨૦ (૨૩) હેઠળ છે. તે કલમોનો પાઠ નીચે મુજબ છે :

"To fix, demand and receive such fees and other charges as may be prescribed by Ordinances."

ઉપરનો પાઠ જોતાં અમારું એમ માનવું છે કે, યુનિવર્સિટીને પોતાની કૉલેજો અને સંસ્થાઓ (જો હોય તો) અને ભવનોની ટ્યૂશન ફી નક્કી કરીને તે ઉઘરાવવાની કે વસૂલ લેવાની સત્તા છે, પણ જે ફી તે પોતે ઉઘરાવી કે વસૂલ લઈ શકે નહિ તે ફી તે નક્કી કરી શકે નહિ.

અમે એવો એક મત વ્યક્ત થતો સાંભળ્યો છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩(૧)(*i*) હેઠળ કૉલેજોનું જોડાણ આપવાનું વિચારતી વખતે તેની ફી એ જ લત્તામાં બીજી કૉલેજ સાથે હરીફાઈ કરીને શિક્ષણને નુકશાન કરે તેવી ન હોય એ જોવાનું હોય છે. અમારા મત પ્રમાણે કોઈ અમુક બે કૉલેજો વચ્ચે માઠી હરીફાઈ નિવારવા માટે કરવામાં આવેલો આ પ્રબંધ કૉલેજોની ફી નિયત કરવાની સત્તા આપે છે એમ ઘટાવવું યથાર્થ નથી. કલમ ૩૩(૧)(*i*)નો નીચેનો પાઠ જોતાં એ સ્પષ્ટ થશે :

33(1) A college applying for affiliation to the University shall send a letter of application to the Registrar, and shall satisfy the Syndicate, and the Academic Council

(*i*) that the college rules fixing the fees (if any) to be paid by the students have been so framed as to involve such competition with any existing college in the same neighbourhood as would be injurious to the interests of education.

ઉપરની કલમમાં "College rules fixing the fees" એ શબ્દો નિઃશંક રીતે બતાવે છે કે, ફી નક્કી કરવાની સત્તા કૉલેજોની જ છે અને તેના નિયમો તેમણે ઘડવાના હોય છે.

વધુમાં, જે સત્તામંડળ સંસ્થાઓને આર્થિક સહાય ન કરતું હોય તે સત્તામંડળ સંસ્થાઓની આર્થિક બાબતોમાં હસ્તક્ષેપ ન કરી શકે એ પણ સામાન્ય સમજનો વિષય છે. અમે એમ પણ માનીએ છીએ કે, જોડાયેલી કૉલેજો પર યુનિવર્સિટીનો સંપૂર્ણ શૈક્ષણિક કાબૂ હોઈ શકે, પણ આર્થિક અને આંતરિક વહીવટની બાબતોમાં જોડાયેલી કૉલેજો મર્યાદિત પ્રકારની પણ અમુક સ્વાયત્તતા ધરાવે છે. લાંબા ગાળે શિક્ષણના તંદુરસ્ત વિકાસની દૃષ્ટિએ આ સ્થિતિ અમને આવકારદાયક પણ લાગે છે.

કાનૂની પરિસ્થિતિ ઉપર મુજબની છે. તો પ્રશ્ન એ ઊભો થાય છે કે, જોડાયેલી કૉલેજો મનસ્વી રીતે ફી નક્કી કરવાનો પોતાનો હક્ક નિરંકુશ રીતે ભોગવી શકે ? અમને લાગે છે કે, કૉલેજો નફો કરવા માટે રચાયેલી ખાનગી સંસ્થાઓ નથી, અને અમુક પ્રકારની પરિસ્થિતિમાં એકહથ્થુ શૈક્ષણિક ધજ્જરો તેને મળતો હોય તોપણ ફી ઘણી ઊંચી રાખીને તેનો ખોટો લાભ તેણે ઉઠાવવો જોઈએ નહિ. આ બાબતમાં કોઈ કેસમાં ફી અંગે નિયંત્રણ મૂકવાની જરૂર જણાય તો તે માટે રાજ્ય સરકાર ગ્રાન્ટના નિયમો દ્વારા વાજબી અંકુશ મૂકવાનું વિચારી શકે કે કેમ તે પ્રશ્ન તેણે તપાસવા જેવો છે.

અમે એમ કહેવા ઇચ્છતા નથી કે, ફીના પ્રશ્નમાં યુનિવર્સિટીએ મૂક પ્રેક્ષક બનીને જોયા કરવું જોઈએ. અસહ્ય આર્થિક બોજાને કારણે અન્યથા સુપાત્ર વિદ્યાર્થીઓનું શિક્ષણ અટકી જાય એવું કલ્યાણરાજ્યમાં થઈ શકે નહિ, તેથી કાનૂની પરિસ્થિતિ ઉપર મુજબની હોવા છતાં યુનિવર્સિટી કૉલેજોને ફી અંગે માર્ગદર્શક સિદ્ધાંતો આંકી આપી શકે તો તેમ કરવું અમો ઇચ્છનીય માનીએ છીએ. કૉલેજોની ફીના પ્રશ્ન અંગે વિચારણા કરતી વખતે જેમ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓની આર્થિક સ્થિતિ લક્ષમાં લેવી જોઈએ, તેમ ઉચ્ચ શિક્ષણનો વિકાસ ઝંખતી નવજાત કૉલેજો આર્થિક રીતે ગુંગળાઈ ન જાય તે જોવાની ફરજ તરફ પણ દુર્લક્ષ કરી શકાય નહિ. લગભગ બધી કૉલેજોની આર્થિક સ્થિતિ સામાન્ય રીતે અમે તપાસી જોઈ છે. તે પરથી અમને લાગ્યું છે કે, કૉલેજોના શિક્ષકગણના વધારેલા પગાર-ધોરણ અને મોંઘવારી તથા ઘરભાડા-ભથ્થાને કારણે તથા ત્રિવાર્ષિક અભ્યાસક્રમ અને ટ્યૂટોરિયલ પદ્ધતિને કારણે કૉલેજોનો આર્થિક બોજો છેલ્લા કેટલાંક વરસોમાં ઠીક ઠીક વધ્યો છે, જ્યારે તેની આવકમાં પ્રમાણસર વધારો સામાન્ય રીતે થયો નથી. રાજ્ય સરકારની ગ્રાન્ટની આવક પણ અલ્પ રહી છે.

રાજ્ય સરકારે કૉલેજોને અપાતી આર્થિક મદદ અંગે ગ્રાન્ટ-ઇન-એઇડનાં જે ધોરણો બાંધ્યા છે તેમાં ફીની આવકનું ઓછામાં ઓછું ધોરણ પણ તેણે એ હેતુ માટે આંકી આપ્યું છે એ હકીકત અમારા ધ્યાનમાં આવી છે જે ધોરણ નીચે મુજબ છે:

		પ્રી-યુનિ.	ટી.વાય.	પ્રયોગશાળા ફી
વિનયન	...	૯૦	૧૦૦	રૂા. ૨૦ (પ્રી-યુનિ.)
વિજ્ઞાન	...	૯૦	૧૦૦	રૂા. ૨૫ (એફ.વાય.)
વાણિજ્ય	...	૧૦૦	૧૧૫	રૂા. ૩૫ (એસ.વાય.)
તબીબી	...	—	—	રૂા. ૪૫ (ટી.વાય.)
ઇજનેરી	...	—	—	
કૃષિ	...	—	—	
કાનૂની	...	—	૧૨૦ (ડિગ્રી)	

ઉપરની હકીકતો લક્ષમાં લઈને ફીની બાબતમાં નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો અપનાવવા માટે અમે કૉલેજોને ભલામણ કરીએ છીએ:

(૧) ગ્રાન્ટ માટે સરકારે આંકેલા ફીના ધોરણને લક્ષમાં લઈને કૉલેજ પોતાના અસ્તિત્વનો સમય, વિદ્યાર્થીઓની સંખ્યા, આવકનાં સાધનો, ખર્ચનો બોજો, વગેરે હકીકતોના સંદર્ભમાં કૉલેજો તે ધોરણ કરતાં વધુમાં વધુ ૨૦ ટકા જેટલા વધારાની મર્યાદામાં રહીને ટ્યૂશન-ફી રાખી શકે.

(૨) ગ્રામ્ય વિસ્તારની કેટલીક કૉલેજો (એક લાખ કરતાં ઓછી વસ્તીવાળાં શહેરોમાં આવેલી કૉલેજોને ગ્રામ્ય વિસ્તારની કૉલેજો ગણવી)માં તેની આર્થિક સ્થિરતા ઊભી કરવાના હેતુ માટે ઉપર નં. ૧ માં જણાવેલા ફીના ધોરણ ઉપરાંત રાજ્ય સરકારે ગ્રાન્ટ માટે આંકેલ ફીના ધોરણના ૩૦ ટકા સુધીનો ફીનો વધારો વિકાસ ફી (Contributory કે development fee) તરીકે શરૂઆતમાં થોડાક વર્ષો માટે વ્યાવહારિક આવશ્યકતા બને તે શકયતાને નકારી શકાય નહિ.

(૩) ફીનું ધોરણ એક વખત સ્વીકાર્યા પછી કૉલેજ તેમાં પાંચ વર્ષ સુધી વધારો કરી શકે નહિ.

(બ) ઉપર જણાવેલી કલમ ૩૩(૧) (*i*)ના પાઠના અર્થઘટન અંગે અમારી સાથેના એક સભ્ય સંમત થતા નથી, અને તેમની ભલામણ છે કે, આ બાબતમાં આર. એલ. એ.નો અભિપ્રાય મેળવવો.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪૧

ગુજરાત યુનિવર્સિટીની ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની ત્રેવીસમી બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, શુક્રવાર, તા. ૪–૧૨–૧૯૬૪ના રોજ સાંજના ૪–૦૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૨. આચાર્ય કે. જી. નાયક	હાજર
૩. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૪. આચાર્ય વાય. જી. નાયક	ગેરહાજર
૫. આચાર્ય જે. બી. સાણ્ડેસરા	ગેરહાજર
૬. ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર.

આ બેઠકનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું.

૧. ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૭–૮–૧૯૬૪ના રોજ મળેલી બાવીસમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૭–૮–૧૯૬૪ના રોજ મળેલી બાવીસમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૭–૮–૧૯૬૪ની સભાની ભલામણો પર સિન્ડિકેટે તેની તા. ૫–૯–૧૯૬૪ની સભામાં ઠરાવ્યા અનુસાર નીચેના શિક્ષકોની સંશોધન ગ્રાન્ટની માગણીની અરજીઓ પર તેમનાં નામ સામે જણાવેલ વ્યક્તિનો અભિપ્રાય મગાવવામાં આવતાં તે અંગે આવેલ વિગતો પરત્વે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	નામ	સંશોધનનો વિષય	માગણીની રકમ	કોને અભિપ્રાય માટે મોકલી આપી ?	આવેલ વિગત
૧	૨	૩	૪	૫	૬
૧.	શ્રી. એ. સી. ગાવડા, મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી	"Synthesis of optically active Ketonic acids and Methods of resolving the same"	રૂા. ૧,૦૦૦	પ્રિ. આર. ડી. દેસાઈને	પ્રિ. દેસાઈએ રાસાયણિક દ્રવ્યો માટે ફક્ત રૂા. ૫૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવા ભલામણ કરેલી છે.

(ચાલુ) પરિશિષ્ટ તા. ૨–૧–૬૫

૧	૨	૩	૪	૫	૬
૨.	પ્રિ. આર. એસ. બેટાઈ, શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા	"Evolution of the law of Crimes in Ancient India and its influence on the Indian Penal code"	રૂા. ૧,૬૦૦	પ્રિ. એમ. એસ. પંડિતને	પ્રિ. પંડિતે રૂા. ૧,૬૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવા ભલામણ કરેલી છે.
૩.	પ્રો. જે. પી. ત્રિવેદી, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૯	"Grignard re-action of thinylamines with variona benzyl grignard"	રૂા. ૩,૦૦૦	પ્રો. કે. એ. ઠાકરને	પ્રો. ઠાકરે યાદીમાં જણાવેલાં ઘણાંખરાં રાસાયણિક દ્રવ્યો સામાન્ય રીતે સંસ્થામાં જ ઉપલબ્ધ હોવાથી અગત્યનાં રાસાયણિક દ્રવ્યો માટે રૂા. ૫૦૦ અને વેક્યુમ પંપ ખરીદવા માટે રૂા. ૧,૦૦૦ એમ કુલ રૂા. ૧,૫૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવા ભલામણ કરેલી છે.
૪.	શ્રી. ડી. એસ. પટેલ, પેટલાદ કૉલેજ, પેટલાદ	"Embryology in some members of the family Eriocanlaceve"	રૂા. ૫,૦૦૦	પ્રો. જે. જે. ચિનોયને	પ્રો. ચિનોયે માઇક્રોસ્કોપ ખરીદવા માટે રૂા. ૧૦૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવા ભલામણ કરેલી છે. સંશોધનનું કાર્ય પૂરું થયે આ માઇક્રોસ્કોપ યુનિવર્સિટીના વિજ્ઞાન-વિદ્યા ભવનને આપવાનો રહેશે એમ પણ જણાવ્યું છે.

૫. શ્રી. બી. બી. જોશી, જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ	"Flora of Rajpipala and its environs"	રૂા. ૨,૦૦૦	પ્રો. જે. જે. ચિનોયને	પ્રો. ચિનોયે મુસાફરી ખર્ચ પેટે કરેલી રૂા. ૩૦૦ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવા ભલામણ કરેલી છે. કામ પૂરું થયા બાદ છોડ વગેરે યુનિવર્સિટીના વનસ્પતિ વિજ્ઞાન વિભાગમાં જમા કરાવવાનાં રહેશે એમ પણ જણાવ્યું છે.
૬. શ્રી. આર. એસ. પટેલ, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	"High Polymers Investigation of Synthetic Polymers with respect to fibrous nature"	રૂા. ૧૦,૦૦૦	ડૉ. પી. સી. મહેતાને	આ બાબતમાં ડૉ. મહેતા સાથે પત્રવ્યવહાર ચાલે છે.
૭. ડૉ. બી. એસ. જાવડેકર, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	"Measurements of the long bones of adult human-beings and their relation to the Height and Sex"	રૂા. ૨,૦૦૦	ડૉ. બી. ડી. મિશ્રાને	ડૉ. મિશ્રાએ નીચે દર્શાવેલ તબીબી સાધનોની ખરીદી માટે રૂા. ૬૧૦ની સંશોધન-ગ્રાન્ટ મંજૂર કરવા ભલામણ કરેલ છે: Rs. Osteometric board 200 Sliding Caliper 300 Steel Tape 10 Misc. 100
૮. ડૉ. કે. એસ. સચદેવ, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	"(1) Role of Histaminase in Anaphylaxis; (2) Continuation of Role of Histamine in the Pharmacology of Rauwolfia"	રૂા. ૧,૪૦૦	ડૉ. એમ. એન. જિન્દાલને	ડૉ. જિન્દાલે કન્ટિંજન્સી ખર્ચ પેટે રૂા. ૫૦૦ની સંશોધન-ગ્રાન્ટ મંજૂર કરવા ભલામણ કરેલી છે.

૧	૨	૩	૪	૫	૬
૯.	શ્રી. બી. કે. ભટ્ટ, એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ-૯	"Building Materials Particularly Building stones, clays and materials required for cement of Gujarat	રૂા. ૧,૫૦૦ આ વર્ષ માટે અને રૂા. ૬,૦૦૦ આખા પ્રોજેક્ટ માટેની માગણી	ગુજરાત રાજ્યના ચીફ એન્જિનિયર શ્રી. જી. જી. ધાનકને	શ્રી. ધાનકે રૂા. ૬,૦૦૦ની સંશોધન-ગ્રાન્ટ મંજૂર કરવા ભલામણ કરેલી છે; અને રૂા. ૧,૫૦૦ વાર્ષિક એવા ચાર હપ્તાથી આ કાર્ય કરવાની શ્રી. ભટ્ટની માગણી વાજબી છે એમ તેઓ જણાવે છે.

(નોંધ—શ્રી. બી. કે. ભટ્ટનું સંશોધન-કાર્ય પીએચ.ડી. પદવી માટે હોય તેમ શ્રી. ધાનકના અભિપ્રાય પરથી જણાય છે, જ્યારે કૉલેજના આચાર્ય જણાવે છે કે શ્રી. ભટ્ટનું સંશોધન-કાર્ય પીએચ.ડી. પદવી માટે નથી.)

સને ૧૯૬૪-૬૫ના વર્ષની સંશોધન-ગ્રાન્ટ માટે ગુજરાત યુનિવર્સિટીની માન્ય કૉલેજો/સંસ્થાઓ અને ભવનોના શિક્ષકો તરફથી આવેલ અરજીઓ ઉપર મજકૂર સમિતિએ તેની તા. ૧૭-૮-૧૯૬૪ની સભામાં ઠરાવ્યા અનુસાર ઉપર જણાવેલ કેટલાક શિક્ષકોની બાબતમાં તેમનાં નામ સામે જણાવેલ વ્યક્તિઓના અભિપ્રાય મગાવેલા તે પર વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે—

(ક) નીચે જણાવેલા શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ રકમની સંશોધન-ગ્રાન્ટ સને ૧૯૬૪-૬૫ના વર્ષ માટે, આ યુનિવર્સિટીના સંશોધન-ગ્રાન્ટ અંગેના નિયમોને આધીન રહીને તથા કૉલેજ જરૂરી સાધનો અને સગવડ આપે તો કોઈ સન્માન્ય સામયિકમાં તેમનું સંશોધન-કાર્ય પ્રસિદ્ધ કરવાની શરતે ગ્રાન્ટની રકમ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	નામ	વિષય	મંજૂર કરેલ રકમ
૧.	શ્રી. એ. સી. ચાવડા, મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી	"Syntheis of optically active Ketonic acids and Methods of resolving the same"	રૂા. ૫૦૦ (ફક્ત રાસાયણિક દ્રવ્યો ખરીદવા માટે)
૨.	પ્રિ. આર. એસ. બેટાઈ, શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા	"Evolution of the law of Crimes in Ancient India and its influence on the Indian Penal Code"	ફક્ત રૂા. ૨૦૦ ટોકન ગ્રાન્ટ તરીકે આપવા. રિપોર્ટ આવેથી વધુ સંશોધન-ગ્રાન્ટ અંગે વિચાર કરવો.

૩. શ્રી. જે. પી. ત્રિવેદી, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ–૯	"Grignard re-action of thiny-lamines with variona benzyl Grignard"	(૧) રૂા. ૫૦૦ રાસાયણિક દ્રવ્યો માટે આપવા. (૨) યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનમાં વેકયુમ પંપ હોય તો તેનો ઉપયોગ શ્રી. ત્રિવેદીને સંશોધન માટે કરવા દેવો.
૪. શ્રી. ડી. એસ. પટેલ, પેટલાદ કૉલેજ, પેટલાદ	"Embryology in some members of the family Eriocanlaceve"	જરૂરી એવો માઇક્રોસ્કોપ તથા સાધનની સગવડ કૉલેજ આપે તો ફક્ત રાસાયણિક દ્રવ્યો ખરીદવા માટે રૂા. ૫૦૦ આપવા.
૫. શ્રી. બી. બી. જોશી, જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ	"Flora of Rajpipla and its environs"	રૂા. ૩૦૦ની ગ્રાન્ટ તેમનું સંશોધન-કાર્ય પૂરું થયા બાદ છોડ વગેરે યુનિવર્સિટીના વનસ્પતિ-વિજ્ઞાન વિભાગમાં જમા કરાવે તે શરતે આપવી.
૬. ડૉ. કે. એસ. સચદેવ, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	"(1) Role of Histaminase Anaphylaxis; (2) Continuation of Role of Histamine in the Pharmacology of Rauwolfia"	સ્કીમ પૂરી કરે એ શરતે રાસાયણિક દ્રવ્યો તથા પ્રાણીઓ ખરીદવા માટે રૂા. ૫૦૦ની સંશોધન-ગ્રાન્ટ મંજૂર કરવી.

(ખ) નીચે જણાવેલ શિક્ષકોની સંશોધન-ગ્રાન્ટની માગણીઓ સ્વીકારવી નહિ :

ક્રમાંક	નામ	સંસ્થાનું નામ
૧.	ડૉ. બી. એસ. જાવડેકર	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
૨.	શ્રી. બી. કે. ભટ્ટ	એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદ

(ગ) ડૉ. આર. એસ. પટેલ, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણની "High Polymers Investigation of Synthetic ploymers with respect to fibrous nature" વિષય પરત્વે રૂા. ૧૦,૦૦૦ની સંશોધન-ગ્રાન્ટ પરત્વે ડૉ. મહેતા (અટિરા) સાથે પત્રવ્યવહાર ચાલતો હોવાથી તે અંગેની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૩. આર્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૭-૮-૧૯૬૪ના રોજ મળેલ બેઠકમાં બી. રી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાતના આચાર્ય શ્રી. જે. જે. ત્રિવેદીની "Potential Local Anesthetics" એ વિષય પર સંશોધન કરવા માટે રૂા. ૫,૦૦૦ની સંશોધન-ગ્રાન્ટની અરજી નામંજૂર કરવામાં આવી હતી, તે માગણી અંગે તેમના તરફથી પુનર્વિચારણા કરવા આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. જે. ત્રિવેદીની સંશોધન-ગ્રાન્ટ અંગેની માગણી સ્વીકારવી નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. એ. જી. ટીચર્સ કૉલેજના વ્યાખ્યાતા શ્રી. એસ. સી. ઠક્કરને આર્ટ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૭-૮-૧૯૬૪ની સભાની ભલામણ પર સિન્ડિકેટે તેની તા. ૫-૯-૧૯૬૪ની સભામાં ઠરાવ્યા અનુસાર "Surveying problems of Pre-University Arts students in Ahmedabad by a check-list" એ વિષયમાં સંશોધન કરવા માટે રૂા. ૫૦૦ની સંશોધન-ગ્રાન્ટ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫. એ. જી. ટીચર્સ કૉલેજના વ્યાખ્યાતા શ્રી. પી. વી. રિસ્વાડકરને આર્ટ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૭-૮-૧૯૬૪ની સભાની ભલામણ પર સિન્ડિકેટે તેની તા. ૫-૯-૧૯૬૪ની સભામાં ઠરાવ્યા અનુસાર "Standardization of an achievement test in English for standard 10th" એ વિષયમાં સંશોધન કરવા માટે રૂા. ૫૦૦ની સંશોધન-ગ્રાન્ટ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬. બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચના પ્રો. એચ. જી. શાસ્ત્રીને વર્ષ ૧૯૬૩-૬૪ના "ગુજરાતના કેટલાક અપ્રસિદ્ધ અભિલેખો"ના વાચન તથા પ્રકાશન અંગે રૂા. ૩૦૦ની સંશોધન-ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલી. તેઓ કેટલાક સંજોગોને લીધે પોતાનું સંશોધનકાર્ય તાકીદે શરૂ કરી શકે તેમ ન હોવાથી તેમને ૭ માસની વધુ સમયમર્યાદા આપવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૭. ગુજરાત કૉલેજના આચાર્ય ડૉ. વાય. જી. નાયકના માર્ગદર્શન હેઠળ ૬ વિદ્યાર્થીઓ પીએચ.ડી. પદવી માટે સંશોધન કરી રહ્યા છે અને સરકાર તરફથી મળતી આર્થિક મદદ અપૂરતી હોવાથી સંશોધન-કાર્યમાં મદદ માટે તેમણે "(1) Study of magnetic resistance of the films; (2) An optical device for measuring of magnetic field by means of magneto optical effects" વિષયો પર સંશોધન કરવા માટે, સાધનો વગેરેની જોગવાઈ માટે, રૂા. ૭,૫૦૦ની સંશોધન-ગ્રાન્ટની મદદ માટે આવેલ માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. વાય. જી. નાયકની ૬ વિદ્યાર્થીઓને પીએચ.ડી. પદવીના સંશોધન માટે સાધનો ખરીદવા માટેની રૂા. ૭,૫૦૦ની સંશોધન-ગ્રાન્ટની માગણી સ્વીકારવી નહિ.

૮. એમ. પી. શાહ મેડિકલ કૉલેજના ડૉ. જે. સી. બીજલાણીની રૂા. ૮૦૦ની ગ્રાન્ટની માગણી પરત્વે ગ્રાન્ટ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૭-૮-૧૯૬૪ની બેઠકના ઠરાવ અનુસાર ડૉ. એમ. એન. જિન્દાલનો અભિપ્રાય મગાવેલો તે જોતાં તેમની માગણી નહિ સ્વીકાર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૯. બી. જે. મેડિકલ કૉલેજના ડૉ. ઓમપ્રકાશ ગુપ્તાએ "Role of Intervenous to ebutamide in diagnosis of renal glycosuria and prediabetics state in blood relatives of diabetes" એ વિષય પર પોતાનું સંશોધનકાર્ય ચાલુ રાખવા માટે રૂા. ૪,૧૦૦ની સંશોધન-ગ્રાન્ટની માગણીના તેમના તા. ૧૧-૧૧-૧૯૬૪ના આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. ઓમપ્રકાશ ગુપ્તાને તેમના ઉપર જણાવેલ વિષય પરત્વે સંશોધન માટે જરૂરી એવાં રાસાયણિક દ્રવ્યો ખરીદવા માટે રૂા. ૧,૦૦૦ની સંશોધન-ગ્રાન્ટ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ આ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. પી. મેઢ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ઘ"
ઠરાવકોજ ક્રમાંક ૪૯

GENERAL RULES FOR STUDENTS RESIDING IN THE UNIVERSITY HOSTELS

1. No application for admission to the University Hostel will be entertained unless it is accompanied by Rs. 20/– as a deposit. Half the Hostel deposit shall be refunded, if a student does not avail himself of the admission granted to him/her.

2. Hostel rent of Rs. 55/– (including pot-share fees) per student per term must be paid before 15th July in the First term before 25th November in the second term failing which the admission will be cancelled and the deposit forefeited as (1) above. Temporary students must pay their rent at the rate of Rs. 12/– per month. In case a student stays for less than 12 days, he/she shall be charged at the rate of Re. 1/– per day and the balance, if any, will be refunded to him/her. Late payment fine of Re. 1/– per day will have to be paid at the discretion of the Resident Professor.

3. Hostel rent will be refunded to a student after deducting Rs. 15/– if he/she leaves the Hostel within a fortnight from the date of his/her joining it and one-half of the rent shall be refunded, if he/she leaves Hostel within 30 days. In no other circumstances, Hostel rent will be refunded.

4. All the students must be present in their rooms by 9–00 p.m. (for girls 8–00 p.m. in summer and 7–00 p.m. in winter) except with the previous permission of the Resident Professor. Students shall not indulge in any activity that would disturb others in the Hostel. A student coming up for residence in the beginning of the term and leaving at the end of the term should report to the Resident Professor. Absence during the term shall be with the previous permission of the Resident Professor.

૨૩. ગો. મા. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૬૫થી બી.એ. (રૂપે.)માં મૃદ્વિજ્ઞાન, ગુજરાતી, હિંદી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, તથા બી.એ. (સબ.)માં ઇતિહાસ, સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયો માટે ચાલુ જોડાણ; તથા

બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી તથા બી.એ. (સમો.)માં રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને ગણિત અને હિંદીના વિષયનું વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગો. મા. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.-સમો.)માં અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સમો.)માં ઇતિહાસ, સંસ્કૃત, પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, અને બી.એ. (સમો.)માં રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, હિંદી, આંકડાશાસ્ત્ર અને ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક,
   (૨) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૩) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૪) હિંદીના એક વ્યાખ્યાતા,
   (૫) ગણિતના એક વ્યાખ્યાતા,
   (૬) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૭) ગુજરાતીના એક વ્યાખ્યાતા, અને
   (૮) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. જરૂર પડે ત્યારે પ્રાયોગિક માનસશાસ્ત્રના વિષય માટે એક સુસજ્જ પ્રયોગશાળાની ગોઠવણ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૪. યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, ભોરખીને જૂન ૧૯૬૫થી બી.એ. (રચે.)માં સંસ્કૃત, ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સમો.)માં હિંદી, રાજ્યશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને આંકડાપદ્ધતિના વિષયો માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, યુ. એન. મહેતા આર્ટ્સ કૉલેજ, ભોરખી, નીચેની શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સમો.)માં હિંદી, રાજ્યશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન,

ઇતિહાસ, મનોવિજ્ઞાન અને આંકડા પદ્ધતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે વધારાના શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે:

(૧) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા, અને
(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. રૂા. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ જોડાણ આપેલ વિષયોનાં પુસ્તકો પાછળ કરવામાં આવે તથા પુસ્તકો અને સામયિકો પાછળ આવર્તક ખર્ચ રૂા. ૩,૦૦૦નો કરવામાં આવે; અને

૩. ગ્રંથાલયમાં તેના માટે પોતાના મકાનમાં મોટા ખંડની વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૫. એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરતની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રનો વિષય શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. ટી. બી. કૉલેજ, સુરતને બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૬. આર્ટ્સ કૉલેજ, સંખેડાની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર અને ઇતિહાસના ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ કૉલેજ, સંખેડા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:
(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૩) સંસ્કૃતના એક વ્યખ્યાતા,
(૪) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૬ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે; અને
૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૭. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીનો વિષય શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ નડિયાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે, તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. અંગ્રેજીના એક વધારાના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે; અને
૨. અંગ્રેજીના વિષય માટે રૂા. ૨,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૮. પેટલાદ કૉલેજ, પેટલાદની જૂન ૧૯૬૫થી બી.એ. (સમા.)માં મનોવિજ્ઞાનના વિષય માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પેટલાદ કૉલેજ, પેટલાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે, તો તેને બી.એ. (સમા.)માં માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે; અને
૨. માનસશાસ્ત્રનાં પુસ્તકો પાછળ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૨૯. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૬૫થી બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન, તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના વિષયો માટે કાયમી જોડાણ અને બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં આંકડાશાસ્ત્રના વિષયોના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં

ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જનરલ)માં ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૩) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, અને
   (૪) વિજ્ઞાનના વિષયોમાં જ્યાં જરૂર હોય ત્યાં યોગ્ય પ્રમાણમાં ડેમોન્સ્ટ્રેટરોની નિમણૂકો કરવી;

૨. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળાનાં સાધનો માટે રૂા. ૧૫,૦૦૦નાં અને પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩,૦૦૦નાં સાધનો ખરીદી પ્રયોગશાળાને સુસજ્જ કરવામાં આવે; અને

૩. ભૌતિકવિજ્ઞાન માટે રૂા. ૨,૦૦૦નાં અને આંકડાશાસ્ત્ર માટે રૂા. ૧,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલના ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૦. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એસ. એમ. એસ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રના વિષયો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એચ. પી. આર્ટ્સ અને એસ. એમ. એસ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્ર; અને બી.એ. (સમા.)માં સમાજશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૩) ઇતિહાસના એક વ્યાખ્યાતા, અને
   (૪) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦ અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો કુલ આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. માનસશાસ્ત્ર માટેની સુસજ્જ પ્રયોગશાળા તૈયાર કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૧. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરને જૂન ૧૯૬૫થી ઍફ.વાય.બી.એ. અને ઍફ.વાય.બી.ઍસસી.ના અભ્યાસક્રમો માટેનું ચાલુ જોડાણ, તથા બી.એ. (સમો.)માં સંસ્કૃત, ગણિતશાસ્ત્ર, હિંદી, ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.ઍસસી. સુધીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, અર્થશાસ્ત્ર અને ગુજરાતી; બી.એ. (સમો.)માં ઇતિહાસ, ગણિત, અંગ્રેજી, હિંદી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન; બી.ઍસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.ઍસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૂસ્તરશાસ્ત્ર (જિયોલૉજી) અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
(૪) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
(૬) ગણિતના એક વ્યાખ્યાતા,
(૭) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૮) હિંદીના એક વ્યાખ્યાતા,
(૯) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક વ્યાખ્યાતા.
(૧૦) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૧) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યતા,
(૧૨) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૩) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૪) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૫) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૬) ભૂસ્તરશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૧૭) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વર્ગોની વ્યવસ્થા પહેલાં કરવામાં આવે:
(૧) બી.એ. અને બી.એસસી. માટે વર્ગ-ખંડ, અને
(૨) ટ્યૂટોરિયલ્સ માટે વર્ગ-ખંડો;
૩. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦, ભૂસ્તરશાસ્ત્રની પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦ અને બાકીની પ્રયોગશાળાઓ માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૪. વનસ્પતિવિજ્ઞાન માટે જુદી પ્રયોગશાળા પૂર્ણ રીતે તૈયાર કરવામાં આવે;
૫. વનસ્પતિવિજ્ઞાનના બાગ માટે યોગ્ય પ્રબંધ કરવામાં આવે;
૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ અને પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૭. કૉલેજ ચલાવવામાં જે કાંઈ ખોટ જાય તે ભરપાઈ કરવા માટે બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૨. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણને જૂન ૧૯૬૫થી ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી.નું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સંયો.)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ગણિત અને વનસ્પતિવિજ્ઞાનના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ, નીચેની શરતોનું પાલન તા.૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં ઇતિહાસ અને મનોવિજ્ઞાન; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૩) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
(૫) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૬) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૭) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૮) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૯) અંગ્રેજીના એક ટ્યૂટર;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. હાલ છાત્રાલયમાં ૧૨ વિદ્યાર્થીઓ રહી શકે તેવો પ્રબંધ છે, તે વિકસાવવામાં આવે અને જગ્યા—યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે તેના ખંડોનું માપ—રાખવામાં આવે;

૪. પુસ્તકાલય અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૬. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

રસાયણવિજ્ઞાન	... રૂા. ૪૦,૦૦૦
ભૌતિકવિજ્ઞાન	... રૂા. ૧૫,૦૦૦
વનસ્પતિવિજ્ઞાન	... રૂા. ૧૫,૦૦૦;

૭. સુયોગ્ય વનસ્પતિ બાગ તૈયાર કરવામાં આવે; અને

૮. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૩. શેઠ મોતીલાલ ન્યાલચંદ સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી. અને શ્રીમતી પૂનમચંદ કરમચંદ હેદાવાલા કૉલેજ, પાટણની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી અને અર્ધમાગધી માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાટણ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી અને અર્ધમાગધીના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી; તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અંગ્રેજીના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. અંગ્રેજીનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦ તથા પ્રાણીવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૪. (અ) એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીમાંથી જૂન ૧૯૬૫થી વિજ્ઞાન વિભાગ અલગ કરીને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટને સ્વતંત્ર કૉલેજ તરીકે જોડાણ આપવા;

(બ) આર્ટ્સ વિભાગને જે વિષયો માટે હાલ જોડાણ છે તે ઉપરાંત જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ તથા એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એસ. બી. ગાર્ડા કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીનું, જૂન ૧૯૬૫થી (૧) બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ; અને (૨) એસ. બી. ગાર્ડા કૉલેજ, એમ વિભાગીકરણ કરવા તથા નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીને સ્વતંત્ર વિજ્ઞાન કૉલેજ તરીકે, હાલના વિજ્ઞાનના વિષયો માટે, તથા એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીને જે ત્રિનયનના વિષયો માટે હાલ જોડાણ છે તે વિષયોના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા તથા તેને બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ અને ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
   (૧) વિજ્ઞાનની કૉલેજ માટે આચાર્ય,
   (૨) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
   (૩) વાણિજ્યના બે વ્યાખ્યાતા, અને
   (૪) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા;

૨. પ્રત્યેક કૉલેજ માટે નીચે પ્રમાણે અલાયદી વ્યવસ્થા કરવામાં આવે:
   (૧) આચાર્યનો ખંડ,
   (૨) કાર્યાલયનો ખંડ,
   (૩) શિક્ષકોનો ખંડ,
   (૪) વિદ્યાર્થીઓનો ખંડ,
   (૫) વિદ્યાર્થિનીઓનો ખંડ, અને
   (૬) ગ્રંથાલયનો ખંડ;

૩. વાણિજ્યની વિદ્યાશાખા માટે ચાર વધારાના ખંડો તૈયાર કરવામાં આવે;

૪. વાણિજ્યની વિદ્યાશાખાના ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે:

પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦

૫. ઇતિહાસનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૬. વિજ્ઞાનની કૉલેજના આચાર્યને કાર્યવાહક સમિતિના હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં ફી વાજબી રાખવી.'

૩૫. અમદાવાદ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદની જૂન ૧૯૬૫થી એફ.વાય.-બી.એ.ના અભ્યાસક્રમ માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, ગણિતશાસ્ત્ર, અંગ્રેજી, સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, માનસશાસ્ત્ર અને હિંદી; તથા ફર્સ્ટ બી.એસસી.ના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સંયો.)માં અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર; તથા ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
(૪) હિંદીના એક પ્રાધ્યાપક,
(૫) અંગ્રેજીના એક પ્રાધ્યાપક,
(૬) ઇતિહાસના એક પ્રાધ્યાપક,
(૭) રાજ્યશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૮) તર્કશાસ્ત્ર-માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૯) એક વ્યાયામ શિક્ષક,
(૧૦) ગણિતના એક વ્યાખ્યાતા,
(૧૧) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૨) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૩) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૪) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન—એ પ્રત્યેકના એક એક ડેમોન્સ્ટ્રેટર, અને
(૧૫) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન તથા જીવવિજ્ઞાન—એ પ્રત્યેકના એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. (૧) પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦, પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૨) વિજ્ઞાન વિદ્યાશાખાના ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે:

પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦
સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦;

૪. વિનયનનાં પુસ્તકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૫. રમતગમતના મેદાન માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્ય અને ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે; અને

૮. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની કૉલેજ બાંયધરી આપે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે:

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા લેબોરેટરી ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'

૩૬. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયાની જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ.ના અભ્યાસક્રમો માટે ચાલુ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ, માનસશાસ્ત્ર; તથા એફ.વાય.બી.એસસી.ના અભ્યાસક્રમ માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢબારિયા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે, તો તેને ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ અને માનસશાસ્ત્ર તથા ફર્સ્ટ યર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:

(૧) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૪) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૫) હિંદીના એક વ્યાખ્યાતા,
(૬) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,

(૭) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
(૮) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૯) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૦) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૧૧) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—એ પ્રત્યેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર, અને
(૧૨) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન—એ પ્રત્યેક માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. વિનયન વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. વિજ્ઞાનની વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦નો નીચે મુજબ ખર્ચ કરવામાં આવે:

પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦;

૪. પ્રયોગશાળાઓને સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. મે, ૧૯૬૭ પહેલાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૬. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિને માટે ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે; અને

૮. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે:

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા લેબોરેટરી ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'

૩૭. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને હિંદી તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર, ઇતિહાસ, અંગ્રેજી, સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (ગૌણ)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને હિંદી, તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, સમાજશાસ્ત્ર, સંસ્કૃત, માનસશાસ્ત્ર અને ઇતિહાસ; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) હિંદીના એક પ્રાધ્યાપક,
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૩) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૫) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, અને
(૬) એક વ્યાયામ શિક્ષક;

૨. વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું મકાન પૂરું કરવામાં આવે, અને રસાયણવિજ્ઞાન તથા ભૌતિકવિજ્ઞાન શીખવવા માટેની પ્રયોગશાળાઓ સુસજ્જ કરવામાં આવે;

૩. વનસ્પતિવિજ્ઞાનના શિક્ષણ માટે યોગ્ય બાગ તથા સંગ્રહસ્થાનની શરૂઆત કરવામાં આવે; અને

૪. આચાર્ય તથા ગૃહપતિ માટે ભાડા-મુક્ત મકાનોની ગોઠવણ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૮. એમ. એન. કૉલેજ, વીસનગરને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને હિંદી માટે કાયમી તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન તથા બી.એ. (સમો.)માં આંકડાપદ્ધતિના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એન. કૉલેજ, વીસનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી તથા હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન તથા બી.એ. (સમો.)માં આંકડાપદ્ધતિના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક, અને
(૨) આંકડાપદ્ધતિના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે મનોવિજ્ઞાનનો રૂા. ૨,૦૦૦ તથા આંકડાપદ્ધતિનો રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૯. શ્રી. એ. એમ. એસ. શ્રી. એમ. એસ. એસ. જે. એમ. એસ. ટ્રસ્ટ, અમદાવાદ તરફથી ચાલતી સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૬૫થી

શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ અને શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ, એમ વિભાગીકરણ કરવા તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસ; તથા બી.એ.માં પર્શિયન, ઉર્દૂ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ગણિતશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના વિષયો માટે ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાન માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદનું, જૂન ૧૯૬૫થી (૧) શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ; તથા (૨) શ્રી સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા તથા સદરહુ પ્રત્યેક કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસ અને બી.એ. (સબો.)માં ફારસી, ઉર્દૂ, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના વિષયોમાં ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. વિનયન વિદ્યાશાખા માટે

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) આચાર્ય,
(૨) હિંદીના એક પ્રાધ્યાપક,
(૩) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક વ્યાખ્યાતા,
(૪) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા;

૨. આચાર્ય, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ અને ગ્રંથાલય—એ પ્રત્યેક માટે અલાયદા ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો પાછળ રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૪. આચાર્ય તથા ગૃહપતિ માટે ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

વિજ્ઞાન વિદ્યાશાખા માટે

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

૧. (૧) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,

(૩) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૪) પ્રાણીવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા, અને
(૭) યોગ્ય જરૂરિયાત પ્રમાણે રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનમાં ડેમોન્સ્ટ્રેટરોની નિમણૂકો કરવી;

૨. પ્રયોગશાળાને સુસજ્જ કરવા નીચે પ્રમાણે સાધનો પાછળ ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન માટે	... રૂા. ૧૦,૦૦૦
(૨) રસાયણવિજ્ઞાન માટે	... રૂા. ૨૦,૦૦૦
(૩) વનસ્પતિવિજ્ઞાન માટે	... રૂા. ૫,૦૦૦
(૪) પ્રાણીવિજ્ઞાન માટે	... રૂા. ૫,૦૦૦
(૫) ફર્નિચર તથા ફિટિંગ માટે	... રૂા. ૨૫,૦૦૦;

૩. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની જોગવાઈ આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૦. બી. ડી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિંદી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન તથા બી એ. (સમો.)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, પ્રાકૃત અને પર્શિયન; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના વિષયો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, બી. ડી. કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.-સમો.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિંદી, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, પ્રાકૃત અને ફારસી; તથા બી.એસસી. (રૂપે.-ગૌણ)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન, તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકાલયનો ઓરડો મોટો કરવામાં આવે, જેથી વધુ સંખ્યામાં વિદ્યાર્થિનીઓ એકીસાથે બેસી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે; અને
૨. પ્રતિવર્ષ પુસ્તકાલયમાં ઓછામાં ઓછો રૂા. ૬,૦૦૦નો ખર્ચ કરવાની જોગવાઈ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૧. યુ. પી. આર્ટ્સ કૉલેજ એન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને હિંદી, તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, યુ. પી. આર્ટ્સ કૉલેજ એન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને હિંદી; બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

પુસ્તકો અને સામયિકો પાછળ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૨. ભવન્સ કૉલેજ, ડાકોરને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિંદી, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને બી.એસસી. (ઑન.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર તથા બી.એસસી. (ઑન.)માં ગણિતશાસ્ત્રના ૧૯૬૪થી પ્રશ્નાદ્યવર્તી (રિટ્રોસ્પેક્ટિવ), તથા બી.એસસી. (રૂપે.)માં આંકડાશાસ્ત્ર માટે, તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાન તથા ભૂસ્તરશાસ્ત્ર માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ભવન કૉલેજ, ડાકોર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી અને અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિંદી, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર માટે અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર અને બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રનું ૧૯૬૪થી પાશ્ચાદ્યવર્તી (રિટ્રોસ્પેક્ટિવ) તથા બી.એસસી. (રૂપે.)માં આંકડાશાસ્ત્ર માટે તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાન તથા ભૂસ્તરવિજ્ઞાન માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૪) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
(૫) ભૂસ્તરવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૬) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૭) ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર,
(૮) જીવવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર, અને
(૯) ભૂસ્તરવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. ભૂસ્તરવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રની પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે પ્રત્યેક પ્રયોગશાળા દીઠ રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૫. વધારાના બે મોટા ખંડો તથા ટ્યૂટોરિયલ માટે જરૂરી ખંડોની વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૩. કમાણી સાયન્સ કૉલેજ ઍન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલીને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, કમાણી સાયન્સ કૉલેજ ઍન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન, તથા બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક, અને
(૩) માનસશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર-કમ-ટ્યૂટર;

૨. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૨૦,૦૦૦નો તથા ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૮,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;
૪. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે; અને
૫. ગૃહપતિ માટે ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૪. આર. આર. લાલન કૉલેજ, ભૂજને જૂન ૧૯૬૫થી બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, ગણિત, હિંદી; તથા બી.એસસી. (પ્રિન્સિ.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના વિષયો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર. આર. લાલન કૉલેજ, ભૂજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સબો.)માં હિંદી, માનસશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર, તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; બી.એ. (સબો.)માં ફારસી અને રાજ્યશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૩) જીવવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૪) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૫) અંગ્રેજીના બે વ્યાખ્યાતા,
(૬) ફારસીના એક વ્યાખ્યાતા,
(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૮) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૯) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર, અને
(૧૧) જીવવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) ચાર વર્ગ-ખંડો તથા ચાર ટ્યૂટોરિયલ માટેના ખંડો,
(૨) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ,
(૩) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ; અને
(૪) રસાયણવિજ્ઞાન માટે એક ડાર્ક રૂમ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૫. ડી. કે. વી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, જામનગરને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન તથા બી.એ. (સંયો.)માં સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને અંગ્રેજીના કાયમી જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ડી. કે. વી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, જામનગર, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન તથા બી.એ. (સંયો.)માં સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા (હાલના વ્યાખ્યાતાને બદલે),
(૨) હિંદીના એક વ્યાખ્યાતા,
(૩) ઇતિહાસના એક વ્યાખ્યાતા,
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૫) ગુજરાતીના એક ટ્યૂટર."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૬. મહારાજશ્રી રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળાને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.એસસી. તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સંયો.)માં ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને સંસ્કૃત માટે ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રસા.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, મહારાજશ્રી રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ બી.એસસી.; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રસા.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૨) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૩) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૪) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૫) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
(૬) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, અને
(૭) અંગ્રેજીના એક ટચૂટર;

૨. પુસ્તકો તથા સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૪. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો તથા ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન — એ પ્રત્યેક વિષયની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૧૫,૦૦૦ ખર્ચવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે કંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, એસ.વાય.બી.એસ.સી.માં રસાયણવિજ્ઞાનમાં મુખ્ય વિષયમાં ૫૦થી વધુ વિદ્યાર્થીઓ દાખલ કરવાની પરવાનગી આપવી નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૭. એલ. એચ. સાયન્સ ઍન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસાને જૂન ૧૯૬૫થી બી.એ. (સમે.)માં સંસ્કૃત, ઇતિહાસ તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, સંસ્કૃત, માનસશાસ્ત્ર, હિંદી તથા બી.એ. (સમે.)માં અંગ્રેજીના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એલ. એચ. સાયન્સ ઍન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (સમે.)માં સંસ્કૃત, ઇતિહાસ; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, સંસ્કૃત, માનસશાસ્ત્ર, હિંદી, તથા બી.એ. (સમે.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) ઇતિહાસના એક પ્રાધ્યાપક,

(૨) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
(૩) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૪) હિંદીના એક પ્રાધ્યાપક, અને
(૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;

૨. મે, '૬૬ સુધીમાં કૉલેજનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવમાં આવે;

૫. પુસ્તકાલય માટેનો અલાયદો ખંડ તૈયાર કરવામાં આવે; અને

૬. આચાર્ય અને ગૃહપતિ માટે કૉલેજ નજીક રહેઠાણો બાંધવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૮. ગુજરાત કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં સમાજ-શાસ્ત્રના વિષયો શીખવવા માટેનું કાયમી જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન તથા મનોવિજ્ઞાનના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) ગૃહવિજ્ઞાનના એક પ્રાધ્યાપક,
(૨) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક, અને
(૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક;

૨. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૩. રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરી ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવામાં આવે તથા રૂા. ૨,૫૦૦નો આવર્તક ખર્ચ સાધનો વગેરે માટે કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૯. પારેખ બ્રધર્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રનો વિષય શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પારેખ બ્રધર્સ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કપડવંજ, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૦. કાલિદાસ હરિદાસ માધવાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદરને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, કે. એચ. માધવાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર, નીચેની શરતોનું પાલન, તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃતનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. સંસ્કૃતના એક પ્રાધ્યાપક નીમવામાં આવે;

૨. આ વિષયનાં રૂા. ૨,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે; અને

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૧. શાહ નરોત્તમદાસ હરજીવનદાસ કૉમર્સ કૉલેજ એન્ડ શ્રી. એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડને જૂન ૧૯૬૫થી પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શાહ એન. એચ. કૉમર્સ એન્ડ શ્રી. એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૧-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ, ધ્યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. એકાઉન્ટન્સી માટે બંડ સમયના એક વ્યાખ્યાતા નીમવામાં આવે;

૨. ૧૦૦ વિદ્યાર્થીઓ સમાવી શકાય તેવો એક ખંડ તથા બીજો ઐચ્છિક વિષય માટે એક નાનો ખંડ—એમ બે ખંડોનો પ્રબંધ કરવામાં આવે; અને

૩. વાણિજ્યનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૨. ધંધુકા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, માનસશાસ્ત્ર, તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત, અંગ્રેજી અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ધંધુકા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. અને ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને માનસશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૩) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૪) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
   (૬) અંગ્રેજીના એક વ્યાખ્યાતા, અને
   (૭) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક અને વાણિજ્યના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૩. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ (કરજણ)ને જૂન ૧૯૬૫થી એફ.વાય.-બી.એ. તથા એફ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, બી.એ. (સબૅા.)માં ઇતિહાસ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅંકિંગના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ (કરજણ), નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી અને હિંદી તથા બી.એ. (સબૅા.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન, સંસ્કૃત અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,

(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,

(૩) હિંદીના એક પ્રાધ્યાપક,

(૪) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૫) ઇતિહાસના એક વ્યાખ્યાતા,

(૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,

(૭) અંગ્રેજીના એક વ્યાખ્યાતા, અને

(૮) આંકડાશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. વધારાના જોડાણના વિષયોનાં પુસ્તકો તથા સામયિકો પાછળ નીચે જણાવ્યા પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

અર્થશાસ્ત્ર માટે	...	રૂા. ૨,૦૦૦
ગુજરાતી માટે	...	રૂા. ૨,૦૦૦
હિંદી માટે	...	રૂા. ૨,૦૦૦
મનોવિજ્ઞાન માટે	...	રૂા. ૧,૦૦૦
ઇતિહાસ માટે	...	રૂા. ૧,૦૦૦
અંગ્રેજી માટે	...	રૂા. ૧,૦૦૦;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૫. રમતગમતનાં મેદાનોનો યોગ્ય પ્રબંધ કરવામાં આવે; અને

૬. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૪. ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, હિંદી, ઉર્દૂ, તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્ર તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રનું વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં હિંદી, ઉર્દૂ, તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક,
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
(૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
(૪) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૫) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
(૬) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૭) મર્કન્ટાઇલ લૉના ખંડ-સમયના પ્રાધ્યાપક,
(૮) હિંદીના એક વ્યાખ્યાતા,
(૯) ઉર્દૂના એક વ્યાખ્યાતા,
(૧૦) તર્કશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૧૧) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૧૨) વાણિજ્યના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું સ્વતંત્ર મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો તથા વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૫. શ્રી. સાહુ શ્રેયાંસ પ્રસાદ જૈન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રાને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, હિંદી અને અર્ધમાગધી તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, ભૂગોળ, તત્ત્વજ્ઞાન, ગણિત અને સ્ટેટિસ્ટિકલ મેથડ્સ તથા બી.કૉમ.માં પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ, ઇકોનોમિક્સ ઑફ કૉટન, થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશનના વિષયો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સાહુ શ્રેયાંસ પ્રસાદ જૈન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, હિંદી અને અર્ધમાગધી અને સમાજશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, ભૂગોળ, ગણિત અને આંકડાપદ્ધતિ; તથા બી.કૉમ.માં બૅંકિંગ, ઇકોનોમિક્સ ઑફ કૉટન, થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશન, પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન અને ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,

(૨) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,

(૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,

(૪) હિંદીના એક પ્રાધ્યાપક,

(૫) અર્ધમાગધીના એક પ્રાધ્યાપક,

(૬) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક,

(૭) કૉમર્સના એક પ્રાધ્યાપક,

(૮) ઇકોનોમિકસ ઑફ કૉટનના એક પ્રાધ્યાપક,

(૯) આંકડાપદ્ધતિના એક પ્રાધ્યાપક,

(૧૦) બૅંકિંગના એક પ્રાધ્યાપક,

(૧૧) થિયરી ઍન્ડ પ્રૅક્ટિસ ઑફ કો-ઑપરેશનના એક પ્રાધ્યાપક,

(૧૨) પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ એડમિનિસ્ટ્રેશનના એક પ્રાધ્યાપક,

(૧૩) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક (હાલના વ્યાખ્યાતાની જગ્યાએ),

(૧૪) મર્કન્ટાઇલ લૉના ખંડ-સમયના પ્રાધ્યાપક,

(૧૫) અંગ્રેજીના બે વ્યાખ્યાતા (એક હાલના વ્યાખ્યાતાની જગ્યાએ),

(૧૬) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક વ્યાખ્યાતા,

(૧૭) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૧૮) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૧૯) ઇતિહાસના એક વ્યાખ્યાતા (ભૂગોળ અને રાજ્યશાસ્ત્ર સાથે),

(૨૦) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા (હાલના વ્યાખ્યાતાની જગ્યાએ),

(૨૧) કૉમર્સના એક વ્યાખ્યાતા, અને

(૨૨) ગણિતના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૪. પુસ્તકો તથા સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષયના રૂા. ૨,૦૦૦ તથા પ્રત્યેક ગૌણ વિષયના રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૬. આચાર્ય અને ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;

૭. રમતગમત માટે યોગ્ય મેદાન માટે વ્યવસ્થા કરવામાં આવે; અને

૮. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૬. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી,

અર્થશાસ્ત્ર, તથા બી.એ. (સમો.)માં અંગ્રેજી, હિંદી, ગુજરાતી, સંસ્કૃત, ઇતિહાસ, રાજ્યનીતિ-શાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ભગવતસિંહજી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં અંગ્રેજી, હિંદી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૪) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
   (૫) અંગ્રેજીના એક પ્રાધ્યાપક,
   (૬) હિંદીના એક પ્રાધ્યાપક,
   (૭) ઇતિહાસના એક પ્રાધ્યાપક,
   (૮) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક, અને
   (૯) કૉમર્સના એક પ્રાધ્યાપક (હાલના વ્યાખ્યાતાની જગ્યાએ);

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. છાત્રાલયમાં જમવા (મેસ)ની વ્યવસ્થા કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષયના રૂા. ૨,૦૦૦ તથા પ્રત્યેક ગૌણ વિષયના રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૬. ગૃહપતિને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે;

૭. રમતગમત માટે યોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે; અને

૮. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૭. દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર, બી.એ. (સબૅ.)માં માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત અને આંકડાશાસ્ત્રના વિષયો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબૅ.)માં માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,

(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,

(૩) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,

(૪) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,

(૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,

(૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,

(૭) હિંદીના એક વ્યાખ્યાતા,

(૮) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,

(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા,

(૧૦) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા, અને

(૧૧) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવા બાંયધરી આપવામાં આવે;

૩. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે:

(૧) એક વર્ગ-ખંડ — ૮૦૦ ચો.ફૂ.,

(૨) બે વર્ગ-ખંડો — પ્રત્યેક ૪૪૦ ચો. ફૂ.,

(૩) વિદ્યાર્થીઓ માટેનો ખંડ, અને

(૪) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ;

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૭. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજ નજીક ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૯. શાળા તથા કૉલેજના સમયમાં ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૮. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. અને એફ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી અને અર્થશાસ્ત્ર તથા બી.એ. (સમો.)માં માનસશાસ્ત્ર તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષયો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં માનસશાસ્ત્ર; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૨) હિંદીના એક પ્રાધ્યાપક,
   (૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૪) ઍકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
   (૫) મર્કન્ટાઇલ લૉના ખંડ-સમયના એક પ્રાધ્યાપક,
   (૬) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
   (૭) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૮) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા,
   (૯) ઇતિહાસ તથા રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા, અને
   (૧૦) વાણિજ્યના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. ગ્રંથાલય માટેની ગત વર્ષની ખર્ચવાની બાકી રહેલી રકમ રૂા. ૨,૫૨૭નો ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૬. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૯. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
(૧) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા,
(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૪) વાણિજ્યના એક વ્યાખ્યાતા,
(૫) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૬) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૭) હિંદીના એક વ્યાખ્યાતા,
(૮) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૯) આંકડાશાસ્ત્રના ખંડ-સમયના એક વ્યાખ્યાતા, અને
(૧૦) એક વ્યાયામ શિક્ષક;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૪. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૦. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, દાહોદને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ.નું ચાલુ જોડાણ; તથા એસ.વાય.બી.એ.ના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિંદી, માનસશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,
   (૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
   (૪) હિંદીના એક વ્યાખ્યાતા,
   (૫) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
   (૬) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
   (૭) બૅંકિંગના એક વ્યાખ્યાતા, અને
   (૮) એક વ્યાયામ શિક્ષક;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ અને પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૧. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીના વિષયો માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું

ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા,
(૪) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૫) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૬) ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૭) હિંદીના એક ટ્યૂટર,
(૮) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર, અને
(૯) ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના એક ટ્યૂટર;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૨. ઉપલેટા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટાની જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (સંયો.)માં માનસશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ માગતી આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઉપલેટા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (સંયો.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
(૧) વાણિજ્યના એક પ્રાધ્યાપક,
(૨) ઍકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
(૩) મર્કન્ટાઇલ લૉના ખંડ-સમયના એક પ્રાધ્યાપક,
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,

(૫) માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૬) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને
(૭) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૬ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. કૉલેજના ચાલુ મકાનની એક વિંગ જેમાં આચાર્યશ્રીની ઑફિસ તથા કૉલેજ ઑફિસ અને ૪૦૦ ચો.ફૂટના ૮ ઓરડાઓ છે તેમાં તે પાંખ (વિંગ) ઉપર ૧૦૦૦ ચો.ફૂટનો એક ઓરડો, ૮૦૦ ચો.ફૂટના બે ઓરડા અને ૪૦૦ ચો.ફૂટના બે ઓરડા વધારવામાં આવે, અને તે ઉપરાંત ૬૬૦ ચો. ફૂટના બીજા ત્રણ ઓરડા બાંધવામાં આવે અને એ રીતે કૉલેજના મકાન અંગેની સ્વતંત્ર વ્યવસ્થા કરવામાં આવે;

૪. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૫. મનોવિજ્ઞાનના વિષય માટે રૂા. ૧,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૭. ગૃહપતિને ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે;

૮. રમતગમતના મેદાનનો સુયોગ્ય પ્રબંધ કરવામાં આવે; અને

૯. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરી આપવાની સંચાલકો તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૩. જે. એમ. શાહ કૉલેજ, જંબુસરને એફ.વાય.બી.એ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ. (સબો.)માં હિંદી, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના વિષયો શીખવવા માટે અને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનાં જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે, જે. એમ. શાહ કૉલેજ, જંબુસર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં હિન્દી, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર; તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક,

(૩) કૉમર્સના એક વ્યાખ્યાતા, અને

(૪) અૅકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. છાત્રાલયનો પ્રબંધ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષય દીઠ રૂા.૧૦૦૦નો તથા વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા.૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂ.૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૬. ગૃહપતિને માટે ભાડા-મુક્ત રહેઠાણનો પ્રબંધ કરવામાં આવે;

૭. હાલના રમતગમતના મેદાનને સુયોગ્ય બનાવવામાં આવે; અને

૮. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, અૅકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણને અંતે, નીચે મુજબની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવામાં આવે :

'નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.'

૬૪. બાબત ક્રમાંક ૬૪ની વિચારણા બાબત ક્રમાંક ૧૪ સાથે કરવામાં આવી હોઈ તેની નોંધ તે જગ્યાએ આપી છે.

૬૫. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, હિંદી, અર્થશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તથા બી.એ. (સબો.)માં માનસશાસ્ત્ર, ફારસી, ઇતિહાસ, ઉર્દૂ, અંગ્રેજી, સમાજશાસ્ત્ર, અર્ધમાગધી તથા બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રના વિષયનું વધારાનું જોડાણ આપવા તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા દ્વિતીય અને તૃતીય વર્ષ વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ આપવા માટે આવેલ અરજી.

અૅકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, રજની પારેખ આર્ટ્સ એન્ડ કેશવલાલ ખુશાલીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાત, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, અર્થશાસ્ત્ર તથા પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; બી.એ. (સબો.)માં માનસશાસ્ત્ર, ઇતિહાસ, ઉર્દૂ, અંગ્રેજી, સમાજશાસ્ત્ર, અર્ધમાગધી તથા ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ. એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના

અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) એડવાન્સ્ડ એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
   (૨) મર્કન્ટાઈલ લૉનો ખંડ-સમયના એક પ્રાધ્યાપક, અને
   (૩) કૉમર્સના એક વ્યાખ્યાતા;

૨. એડવાન્સ્ડ એકાઉન્ટન્સી અને ઑડિટિંગનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૪. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૬. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકાને જૂન ૧૯૬૫થી બી.કૉમમાં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલનાં ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,
   (૨) મર્કન્ટાઈલ લૉના ખંડ-સમયના એક પ્રાધ્યાપક,
   (૩) એકાઉન્ટન્સીના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે, અને
   (૪) વાણિજ્ય અને વિનયન વિદ્યાશાખાનાં પુસ્તકો માટે કુલ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૭. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સંયો.)માં પર્શિયન, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર અને ગણિત; તથા બી.એ. (સમે.)માં ફ્રેન્ચ, ફારસી, ઇતિહાસ, માનસશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,
(૨) ગુજરાતીના એક વ્યાખ્યાતા,
(૩) ફારસીના એક વ્યાખ્યાતા,
(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,
(૫) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા, અને
(૬) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૮. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ, નીચેનાં શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ શિક્ષકોની નિમણૂક કરવામાં આવે:
(૧) એક પ્રાધ્યાપક,
(૨) એક વ્યાખ્યાતા, અને
(૩) બે ટ્યૂટર;

૨. પુસ્તકો અને સામયિકો પાછળ પ્રતિવર્ષ રૂા. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૩. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં ૧૦૦ વિદ્યાર્થીઓથી વધુને પ્રવેશ આપવો નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૯. માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગરને જૂન ૧૯૬૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) એક પ્રાધ્યાપક,
(૨) એક વ્યાખ્યાતા,
(૩) એક ટ્યૂટર, અને
(૪) આર્ટ્સ માસ્ટર;

૨. કાયદાની તથા શિક્ષણની બંને કૉલેજો માટે અલગ અલગ ગ્રંથાલય-ખંડ તથા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ માટે પણ અલગ અલગ ખંડની વ્યવસ્થા કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં ૭૫ વિદ્યાર્થીઓથી વધુને પ્રવેશ આપવો નહિ "

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૦. રામજી એજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરને જૂન ૧૯૬૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

કૉલેજ તથા હૉસ્ટેલનાં મકાનોનું યોગ્ય રીતે વખતોવખત સમારકામ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૧. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદને જૂન ૧૯૬૫થી બી.એડ. અને ડી.ટી.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.

અને ટી.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. એક વધારાના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે; અને

૨. પુસ્તકો અને સામયિકો પાછળ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં ૧૦૦ વિદ્યાર્થીઓથી વધુને પ્રવેશ આપવો નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૨. સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરતને જૂન ૧૯૬૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. એક આર્ટ્સ માસ્ટરની નિમણૂક કરવામાં આવે;

૨. સભા-ખંડ તથા પુસ્તકાલય બન્ને માટે એક એક મોટા ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૩. આચાર્ય તેમજ ગૃહપતિને કૉલેજ નજીક ભાડા-મુક્ત નિવાસસ્થાન આપવામાં આવે; અને

૪. પ્રાયોગિક પાઠ માટે શિક્ષણનાં સાધનો પાછળ યોગ્ય ખર્ચ કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં ૧૦૦ વિદ્યાર્થીઓથી વધુને પ્રવેશ આપવો નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૩. પી. ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટને જૂન ૧૯૬૫થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પી. ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા એક ટ્યૂટરની નિમણૂક કરવામાં આવે;

૨. ગત વર્ષના બાકી રહેલા રૂા. ૬,૦૦૦ તથા ચાલુ વર્ષે રૂા. ૩,૦૦૦નો ખર્ચ પુસ્તકો પાછળ કરવામાં આવે;

૩. દૃશ્ય-શ્રાવ્ય અને અન્ય શૈક્ષણિક સાધનો પહેલાંની શરત પ્રમાણે દર વર્ષે ખરીદી ઉમેરવામાં આવે;

૪. શિક્ષક માટેના એક ખંડ ઉપરાંત તાલીમાર્થીઓને માર્ગદર્શન આપી શકાય એ દૃષ્ટિએ પ્રત્યેક અધ્યાપક માટે અલગ નાનો વર્ગ કરવામાં આવે;

૫. કૉલેજ માટે પોતાનું મકાન બાંધવાની બાંયધરી આપવામાં આવે;

૬. કૉલેજ નજીક યોગ્ય છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે; અને

૭. આચાર્ય તથા ગૃહપતિ માટે કૉલેજ નજીક ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં ૧૦૦ વિદ્યાર્થીઓથી વધુને પ્રવેશ આપવો નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૪. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને જૂન ૧૯૬૫થી બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે, અને

(૨) ૨૦ વિદ્યાર્થીઓ દીઠ એક — એ પ્રમાણે જરૂરી ડેમોન્સ્ટ્રેટરોની નિમણૂક કરવામાં આવે;

૨. જરૂરી સંખ્યામાં યંત્રો વસાવવામાં આવે; અને

૩. આંકડાશાસ્ત્રના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૫. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને જૂન ૧૯૬૫થી બી.એસસી. (સ્પે.)માં કીટાણુવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. બાયોકેમિસ્ટ્રીના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. મકાનમાં નીચેની વ્યવસ્થા કરવામાં આવે:

(૧) સંગ્રહસ્થાન માટેનો ખંડ, અને

(૨) શિક્ષકો માટેનો ખંડ;

૩. પુસ્તકો અને સામયિકો પાછળ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૬. મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબીને જૂન ૧૯૬૫થી બી.એસસી. (સ્પે.)માં રસાયણશાસ્ત્ર અને બી.એસસી. (જન.)માં વનસ્પતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ તથા બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
   (૧) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૨) અંગ્રેજીના એક ટ્યૂટર, અને
   (૩) આંકડાશાસ્ત્રના એક ટ્યૂટર;

૨. આંકડાશાસ્ત્રનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૪. ગ્રંથાલય;

૫. છાત્રાલય માટે અલગ વ્યવસ્થા કરવામાં આવે; અને

૬. કૉલેજ માટે પોતાના અલાયદા રમતગમતના મેદાનની વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૭૭. એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટને જૂન ૧૯૬૫થી બી.એસસી. (સ્પે.)માં વનસ્પતિશાસ્ત્ર; અને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને

બી.એસસી. (સ્પે.)માં વનસ્પતિવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વનસ્પતિવિજ્ઞાનની તથા પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે ૮૫' × ૩૫'ના ક્ષેત્રફળવાળી પ્રયોગશાળા બાંધી તેને સાધનસામગ્રીથી સુસજ્જ કરવામાં આવે;

૨. સંગ્રહસ્થાન અને વનસ્પતિબાગના વિકાસ માટે ઓછામાં ઓછા રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને

૩. વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૮. શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબીને જૂન ૧૯૬૫થી પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બૅન્કિંગનો અભ્યાસક્રમ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબી, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગ તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અૅન્ડ બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) બૅંકિંગના એક પ્રાધ્યાપક,
   (૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક,
   (૪) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક,
   (૫) મર્કન્ટાઇલ લૉના ખંડ-સમયના પ્રાધ્યાપક, અને
   (૬) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વધારાની વ્યવસ્થા કરવામાં આવે :
   (૧) એક વર્ગ-ખંડ — ૯૦૦ ચો.ફૂટનો,
   (૨) ચાર વધારાના વર્ગો — પ્રત્યેક ૬૦૦ ચો.ફૂટના,
   (૩) વિદ્યાર્થીઓ માટે એક ખંડ,
   (૪) વિદ્યાર્થિનીઓ માટે એક ખંડ, અને
   (૫) વાચનાલય માટે એક ખંડ — ૧૦૦૦ ચો.ફૂટનો;

૩. યોગ્ય છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે તથા તેના ગૃહપતિને માટે ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૪. ગ્રંથાલયની જૂની શરતોની બોટ પેટે રૂા. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. બૅંકિંગનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો પાછળ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે;

૭. રમતગમતના યોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે; અને

૮. આચાર્યશ્રીને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૯. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક,

(૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક,

(૩) વાણિજ્યના એક વ્યાખ્યાતા, અને

(૪) મર્કન્ટાઇલ લૉના ખંડ-સમયના પ્રાધ્યાપક;

૨. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૫,૫૦૦નો અનાવર્તક ખર્ચ નીચે પ્રમાણે કરવામાં આવે :

એકાઉન્ટન્સી માટે	...	રૂા. ૨,૦૦૦
આંકડાશાસ્ત્ર માટે	...	રૂા. ૨,૦૦૦
જૂની શરતની બોટ પેટે	...	રૂા. ૧,૫૦૦."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૦. એમ. પી. શાહ મ્યુ. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગરને જૂન ૧૯૬૫થી પ્રથમ અને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા લેબર લૉઝ એન્ડ પ્રૅક્ટિસ તથા ટેક્સેશન લૉઝ એન્ડ પ્રૅક્ટિસના ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના ખંડ-સમયના વ્યાખ્યાતા,

(૨) એકાઉન્ટન્સીના ખંડ-સમયના વ્યાખ્યાતા, અને

(૩) કાયદાના ડિપ્લોમાના અભ્યાસક્રમને આવરી લેતા જરૂરી શિક્ષકો;

૨. ડિપ્લોમાના અભ્યાસક્રમો, પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. કાનૂની વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવા માટે બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૧. એમ. પી. શાહ કૉમર્સ કૉલેજ, સુરેન્દ્રનગરને જૂન ૧૯૬૫થી પ્રથમ એલએલ.બી. ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

" આથી ઠરાવવામાં આવે છે કે, એમ. પી. શાહ કૉમર્સ કૉલેજ, સુરેન્દ્રનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) કાયદાના પૂરા સમયના એક પ્રાધ્યાપક, અને

(૨) ખંડ-સમયના બે વ્યાખ્યાતા;

૨. મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. કાયદાનાં પુસ્તકો માટે રૂા. ૭,૦૦૦નો નીચે મુજબનો ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦;

૪. કાયદાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયમાં વ્યવસ્થા કરવામાં આવે; અને

૫. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

"આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૮૨. મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી પ્રથમ તથા દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદને પ્રથમ તથા દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૩. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી પ્રથમ એલએલ.બી., દ્વિતીય એલએલ.બી., ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ અને ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એલએલ.બી. અને ડિપ્લોમા, ઇન-લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ અને ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કાયદાનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૨. ડિપ્લોમાના અભ્યાસક્રમોનાં પુસ્તકો માટે રૂા. ૫૦૦નો આવર્તક ખર્ચ કરવાની બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૮૪. ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરતને જૂન ૧૯૬૫થી પ્રથમ એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવાવા માટે ચાલુ જોડાણ તથા દ્વિતીય એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ એમ.બી.,બી.એસ.ના

અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા દ્વિતીય અને તૃતીય એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) એનેટોમીના એક પ્રાધ્યાપક,
(૨) ફિઝિયોલોજીના એક પ્રાધ્યાપક,
(૩) એમ્બ્રિયોલોજીના એક પ્રાધ્યાપક,
(૪) એનેટોમીના ત્રણ વ્યાખ્યાતા (બે હાલની જગાએ),
(૫) બાયોકેમિસ્ટ્રીના એક વ્યાખ્યાતા, અને
(૬) ફિઝિયોલોજીના બે વ્યાખ્યાતા;

૨. કૉલેજનું પોતાનું મકાન જલદી ખૂબ જ ઝડપથી તૈયાર કરવામાં આવે, જરૂર પ્રમાણે સગવડ કરવામાં આવે અને આચાર્ય તથા છાત્રાલયના ગૃહપતિને ભાડા-મુક્ત રહેઠાણ આપવામાં આવે;

૩. જ્યાં સુધી કૉલેજનું પોતાનું મકાન તૈયાર થાય નહિ ત્યાં સુધી ક્લિનિકલ વિષય માટે વિદ્યાર્થીઓને અમદાવાદ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવે; અને

૪. દ્વિતીય અને તૃતીય વર્ષ એ પ્રત્યેક માટે રૂા. ૭,૦૦૦નો નીચે મુજબ ખર્ચ કરવામાં આવે:

પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦
સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૫. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી પ્રથમ અને દ્વિતીય બી.ડી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ અને તૃતીય બી.ડી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ અને દ્વિતીય વર્ષ બી.ડી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા તૃતીય વર્ષ બી.ડી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) પીરિયોડોન્શિયાના એક પ્રાધ્યાપક,
(૨) ઓરલ સર્જરીના એક પ્રાધ્યાપક,

(૩) પ્રોથેરિક્સ ક્રાઉન અને બ્રિજ માટે એક સીનિયર લેક્ચરર,

(૪) ઓરલ એનેટોમી, હિસ્ટોલોજી, પેથોલોજી અને બેક્ટિરિયોલોજીના એક સીનિયર લેક્ચરર,

(૫) ઓરલ સર્જરીના એક સીનિયર લેક્ચરર,

(૬) ઓર્થોડોન્શિયાના એક સીનિયર લેક્ચરર,

(૭) ઓપરેટિવ ડેન્ટિસ્ટ્રીના એક સીનિયર લેક્ચરર,

(૮) પિરિયોડોન્શિયાના એક સીનિયર લેક્ચરર,

(૯) જનરલ મેડિસિનના એક સીનિયર લેક્ચરર,

(૧૦) જનરલ સર્જરીના એક સીનિયર લેક્ચરર,

(૧૧) જનરલ પેથોલોજી અને બેક્ટેરિયોલોજીના એક જુનિયર લેક્ચરર,

(૧૨) જનરલ મેડિસિનના એક જુનિયર લેક્ચરર,

(૧૩) એક ડેન્ટલ સર્જન, અને

(૧૪) બે ક્લિનિકલ આસિસ્ટન્ટ;

૨. મે, ૧૯૬૬ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૩. બે વૉર્ડ માટે બની શકે તેટલી બીજી વધારાની જગ્યા મેળવવામાં આવે;

૪. સ્ટાફને રહેવા માટેની સગવડ તાકીદે કરવામાં આવે; અને

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૧૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૬. ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતને જૂન ૧૯૬૫થી પ્રથમ, દ્વિતીય અને તૃતીય બી.એ.એમ.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતને પ્રથમ, દ્વિતીય અને તૃતીય બી.એ.એમ.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૭. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૫થી એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા એફ.વાય.બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાંથી કૉમર્સ વિભાગ જુદો કરી તેની સાથે નવા થનાર સાયન્સ વિભાગને જોડવા અને તેથી થતી પ્રભુદાસ ઠક્કર સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા ફર્સ્ટ ઇયર બી.એસસી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૫-૧૯૬૬ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) આચાર્ય,

(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા,

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા,

(૪) હિન્દીના એક વ્યાખ્યાતા,

(૫) કૉમર્સના એક વ્યાખ્યાતા,

(૬) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા,

(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા,

(૮) ગણિતના એક વ્યાખ્યાતા,

(૯) સ્ટેટિસ્ટિક્સના એક વ્યાખ્યાતા,

(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૧૧) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૧૨) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા,

(૧૩) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—એ દરેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર તથા એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ, અને

(૧૪) એક વ્યાયામ શિક્ષક;

[નોંધ.—(૧) ઉપરના વિષયો સિવાયના વધારાના વિષયો શીખવવા ઇચ્છતા હોય તો તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. ૧૯૬૫ સુધીમાં નીચેની સગવડવાળું કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે:

(૧) આચાર્યનો ખંડ,

(૨) કાર્યાલયનો ખંડ,

(૩) શિક્ષકોનો ખંડ,
(૪) ગ્રંથાલય માટેનો ખંડ,
(૫) વિદ્યાર્થીઓનો ખંડ,
(૬) વિદ્યાર્થિનીઓનો ખંડ, અને
(૭) જરૂરી વર્ગ-ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે);

૩. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૪. વિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦ના આવર્તક ખર્ચની બાંયધરી આપવામાં આવે;
૬. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;
૭. આચાર્ય અને ગૃહપતિને કૉલેજ નજીક ભાડા-મુક્ત મકાન આપવામાં આવે;
૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક મંડળના સભ્ય બનાવવામાં આવે; અને
૯. કૉલેજ ચલાવવામાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણમાં નીચેની શરત ઉમેરીને તે મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી :

નજીકની અન્ય કૉલેજોમાં સત્ર-ફી તથા લેબોરેટરી ફીનું જે ધોરણ પ્રવર્તતું હોય તેના પ્રમાણમાં વાજબી ફી કૉલેજે રાખવી.

૮૮. અલ્હાઉદ્દીન કૉલેજ, જૂનાગઢને જૂન ૧૯૬૫થી બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી તથા બી.એસસી.માં સમાજશાસ્ત્ર તથા બી.એસસી. (ઑન.)માં ભૌતિકશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માગતી આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની વતી ઘટતો ઠરાવ કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે સિન્ડિકેટ વતી ઘટતો ઠરાવ કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૮૯. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બારડોલીને જૂન ૧૯૬૪થી બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા, પશ્ચાદ્‌વર્તી કાયમી જોડાણ માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, બારડોલી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બારડોલી, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૬ સુધીનું પશ્ચાદ્‌વર્તી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૦. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને એમ.એ. અને પીએચ.ડી.માં ગુજરાતી શીખવવા માટેનું કાયમી જોડાણ આપવા અંગેની માન્યતા મેળવવા આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પીએચ.ડી.માં ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધારાના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ મંજૂર કરવી.

૯૧. શ્રી. દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઇન્સ્ટિટ્યૂટ ફૉર રિસર્ચ ઇન ઇન્ડોલોજી, દ્વારકાને જૂન ૧૯૬૫થી પીએચ.ડી.માં સંસ્કૃત શીખવવા માટેની માન્યતા ચાલુ રાખવા માટે આવેલ અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકા, નીચેની શરતનું પાલન તા. ૩૦-૪-૧૯૬૫ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પીએચ.ડી.માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીની માન્યતા ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

શિક્ષકોને નિયત પગારધોરણ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ મંજૂર કરવી.

૯૨. એમ. એન. કૉલેજ, વીસનગરમાં અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે શ્રી. પી. ડી. ભટ્ટને ચાલુ સત્ર પૂરતા માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પી. ડી. ભટ્ટ, બી.એ.ના બીજા વર્ગમાં અને એમ.એ.ની પરીક્ષામાં પાસ વર્ગમાં ઉત્તીર્ણ થયેલા છે. તેઓનો બે વર્ષનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં શ્રી. પી. ડી. ભટ્ટને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી, અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કામ કરવા માટેની તેમની વિનંતી મંજૂર કરવી, પરંતુ સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૯૩. સંલગ્ન કૉલેજોમાં નીચેની જાહેર રજાઓને ફરજિયાત જાહેર રજાઓ તરીકે રાખવાના ગુજરાત રાજ્યના શિક્ષણઅધિકારીના સૂચન પર વિચારણા કરવા બાબત :

(૧) ૨૬મી જાન્યુઆરી
(૨) ૧૫મી ઑગસ્ટ
(૩) ૨જી ઑક્ટોબર.

[નોંધ.—આ સૂચન સ્વીકારાય તો ઑ. ૭૫(૨)માં સુધારો કરવાનો રહેશે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ [illegible]

૯૪. સેનેટના નીચેના સભ્યને કોઈ બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત :

સભ્યનું નામ	વિદ્યાશાખા	સભ્યે ઇચ્છેલ અભ્યાસસમિતિઓ	અનુસ્નાતક પદવી-કક્ષાના વિષયો
શ્રી. એમ. પી. પંડ્યા	વિનયન (શિક્ષણ સહિત)	૧. અર્થશાસ્ત્ર ૨. ભૂગોળ	સંપૂર્ણ અર્થશાસ્ત્ર

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૫. ઑક્ટોબર ૧૯૬૪માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાધ્યિકો-પરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૨૧-૧-૧૯૬૫ના રોજ મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૧-૧-૧૯૬૫ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવામાં આવે.

(મંજૂર કરવામાં આવેલ ભલામણોની નકલ સામેલ કરવામાં આવેલ નથી.)

૯૬. શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. વી. કોમર્સ કૉલેજ, ખંભાતના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૬૫થી એમ.એ. પદવી, ગુજરાતી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—પેટલાદ કૉલેજ, પેટલાદમાં એમ.એ. પદવી, ગુજરાતી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે અરજી આવેલી, તે વખતે ત્યાં પૂરતો સ્થાનિક શિક્ષકગણ હતો, પરંતુ હવે ત્યાંથી શ્રી. એન. યુ. જોષી કે જેઓ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે હતા તેઓ જૂન ૧૯૬૫થી રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાતમાં જોડાવાના છે, તેથી ખંભાતમાં પૂરતો સ્થાનિક શિક્ષકગણ થશે; જ્યારે પેટલાદમાં અપૂરતો સ્થાનિક શિક્ષકગણ થશે.

પેટલાદ કૉલેજમાં સ્થાનિક તપાસસમિતિ ઉપર શ્રી. ય. પ્રા. શુક્લની નિમણૂક કરી છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૭. ગુજરાત સરકારે નીમેલા વાહનવ્યવહાર મોજણી એકમને(Transport Survey Unit)ને માર્ગદર્શન આપવા માટે રાજ્યકક્ષાએ એક સમિતિ નીમી હોવાથી તે સમિતિ પર આ યુનિવર્સિટીના એક પ્રતિનિધિની નિમણૂક કરવાના પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્યશ્રી. એમ. સી. દેસાઈની નિમણૂક કરવી.

૯૮. ઇજનેરી વિદ્યાશાખામાં આવતા અનુસ્નાતક અભ્યાસક્રમ માટે અનુસ્નાતક નિયમ નં. ૨૬-એ માં સત્ર ફી રૂા. ૭૫ને બદલે રૂા. ૧૨૫ આપવા માટે ઘટતો સુધારો કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૯. યુનિવર્સિટી હૉસ્ટેલના ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. આઈ. એમ. ઠાકર, તા. ૪-૧૨-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૧-૬-૧૯૬૪થી જોડાયા હતા અને તા. ૪-૧૨-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આઈ. એમ. ઠાકરને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવી.

૧૦૦. (૧) આરોગ્ય કેન્દ્રની સ્થાયી સમિતિની તા. ૨૪-૧૨-૧૯૬૪ના રોજ મળેલી સભાનો નીચેનો ઠરાવ :

"તાત્કાલિક કેસો માટે દવાખાનું રાતદિવસ ઉઘાડું રાખવું હોય તો આરોગ્ય કેન્દ્ર માટે બે પટાવાળા — એક રાતનો તથા એક દિવસનો — અથવા તો એક પટાવાળો અને એક નાઈટ-વાચમેન, એવી બે નિમણૂકો કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, આરોગ્ય કેન્દ્ર તરફ યુનિવર્સિટીનાં બધાં છાત્રાલયો તથા રહેઠાણોમાંથી આવવા માટે યોગ્ય રસ્તાઓ વહેલી તકે બનાવવાની તથા કેન્દ્ર માટે ટેલિફોન સત્વરે મળે એવી વ્યવસ્થા કરવાની આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે."

(૨) લેબોરેટરી ટેકનિશિયનની પસંદગી માટે તા. ૧૨-૧-૧૯૬૫ના રોજ મળેલી આરોગ્ય કેન્દ્રની સ્થાયી સમિતિની નીચેની ભલામણ :

"હાજર રહેલા ત્રણ ઉમેદવારોમાંથી કુ. સંજ્ઞણા બધી રીતે લાયક જણાયાં, પરંતુ તેઓ કુલ પગાર ૩૦૦/– માગે છે (લગભગ સાત પગલાંનો વધારો આપવો પડે), તથા તેઓ બીજી એલએલ.બી.ની ટર્મો ભરે છે તે છોડી દેવા તૈયાર નથી, તેથી તેમની ભલામણ થઈ શકે; નહિ અને બીજા બેને અનુભવ ન હોવાથી ઠરાવવામાં આવ્યું કે લાયકાતનું ધોરણ થોડું નીચે ઉતારી, એટલે કે, "એસ.એસ.સી. પાસ હોય અને લેબોરેટરી કામના અનુભવી હોય — લેબોરેટરી ટેકનિશિયનનો ડિપ્લોમા હોય તો વહેલી પસંદગી મળશે." એ રીતે કરી જાહેરખબર આપવા ભલામણ કરવી."

(નોંધ.— પગાર ધોરણ રૂા. ૧૨૫-૧૦-૩૨૫ છે તેમાં ફેરફાર સૂચવ્યો નથી. લાયકાત માધ્યમિક્યોલોજી સહિત બી.એસસી. અગર બી.ફાર્મ અને એક વર્ષનો અનુભવ માગેલો તેમાં ફેરફાર સૂચવ્યો છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૧. સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૧-૧૯૬૪ની સભામાં બાબત નં. ૨૮થી એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૮-૧૯૬૪ની આંતરિક ગુણાંકનની પ્રાયોગિક ટેસ્ટ સત્રમાં બેને બદલે એક વાર લેવા અંગેની જે ભલામણ મંજૂર કરવામાં આવી છે તેના પાઠની શરૂઆતમાં 'પ્રી-યુનિવર્સિટી' પછી 'અને' શબ્દ ઉમેરી હવે તે પાઠ નીચે મુજબ વંચાશે તેની નોંધ લેવા બાબત :

"પ્રી-યુનિવર્સિટી અને વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાના ત્રણ વર્ષના પદવી-અભ્યાસક્રમમાં આંતરિક ગુણાંકન માટેના ટેસ્ટ દરેક વિષયમાં દરેક સત્રમાં બે વાર લેવાનું રાખવું અને તે દરેક ટેસ્ટનો સમય ઓછામાં ઓછો દોઢ કલાકનો રાખવો, પરંતુ જે વિષયોમાં પ્રાયોગિક કામ આવતું હોય તે વિષયોમાં પ્રાયોગિક કામનો ટેસ્ટ સત્રમાં બે વારને બદલે એક વાર રાખી શકાશે. પણ સત્રના બે ટેસ્ટને બદલે પ્રાયોગિક કામ માટે એવો એક જ ટેસ્ટ લેવાય તો તે માટેનો સમય યુનિવર્સિટીની પ્રાયોગિક પરીક્ષા માટે જેટલો સમય નિયત કર્યો હોય તેટલો સમય રાખવો આવશ્યક

રહેશે. દરેક લેખિત અને પ્રાયોગિક ટેસ્ટની ગોઠવણ જે તે કૉલેજના આચાર્યો ઉપરના નિયમને આધીન રહીને આવશ્યક તારીખે લઈ શકે તે પ્રમાણે ધારાધોરણ સુધારવાં."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૨. સેનેટે તેની તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૬૪ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલાવેલ ઑ. ૧૩૫-એ ને સેનેટે તેની તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:

(**નોંધ.**—સેનેટે તેની તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ની સભાએ પુનર્વિચારણા માટે મોકલેલ ઑ. ૧૩૫-એ ના પાઠની નકલ આ સાથે સામેલ છે.)

સદરહુ બાબતના સંદર્ભમાં સિન્ડિકેટની તા. ૫/૬-૧૨-૧૯૬૪ની સભાના ઠરાવ અ-વયે એન.સી.સી.ના ડિરેક્ટર બ્રિગેડિયર જે. સી. પોલને સભાગૃહમાં હાજર રહેવા માટે વિનંતી કરવામાં આવી હતી. બ્રિગેડિયર પોલ જાતે હાજર રહી શકયા નહોતા અને તેમને બદલે ડેપ્યુટી ડિરેક્ટર, વિંગ કમાન્ડર શ્રી. વી. કે. કે. મેનન અને કૅપ્ટન મનોહરસિંહજી હાજર રહ્યા હતા, અને તેમણે પોતાના વિચારો સભાગૃહ સમક્ષ વ્યક્ત કર્યા હતા.

સદરહુ બાબતના સંદર્ભમાં જે વિદ્યાર્થી કેડેટો ઑકટોબર ૧૯૬૪ કે ડિસેંબર ૧૯૬૪માં યોજાયેલ શિબિરો પૈકી એક પણ શિબિરમાં હાજર રહી શકયા નથી તેમનો પ્રશ્ન વિચારવામાં આવ્યો તથા એન.સી.સી. ડિરેકટોરેટના તા. ૩૧-૧૨-૧૯૬૪ના પત્રમાં જણાવેલા એન.સી.સી.ના અધિકારીઓનાં રહેઠાણ માટે યુનિવર્સિટી કૅમ્પસ પર જમીન આપવાનો પ્રશ્ન પણ વિચારવામાં આવ્યે.

તે પછી ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

(૧) પ્રી-યુનિવર્સિટી વર્ગોના વિદ્યાર્થીઓ જેઓ વાર્ષિક શિબિરોમાં ગયા ન હોય તેમને હજુ બીજાં બે વર્ષ સુધી શિબિરો ભરવાની તક હોવાથી પરીક્ષામાં બેસવાને પાત્ર ગણવા, પણ તેમણે તેમની કારકિર્દીનાં બાકીનાં બે વર્ષ દરમિયાન બે શિબિરો ભરવાના રહેશે, તેની સ્પષ્ટતા કરવી.

(૨) પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષના ડિગ્રી અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓ જેમણે ઑ. ૧૩૫-એ હેઠળ શિબિરોમાં હાજરી આપવી આવશ્યક છે અને ૧૯૬૪ના ઑકટોબર કે ડિસેંબર મહિનામાં યોજાયેલ શિબિરોમાંથી એક પણ શિબિરમાં હાજરી આપી નથી તેવા વિદ્યાર્થીઓ પાસેથી આચાર્યશ્રીએ તે માટેનો ખુલાસો મેળવી અને તે ખુલાસો યોગ્ય લાગે તો તેમને માટે કૉલેજના એન.સી.સી.ના અધ્યાપક દ્વારા વધારાની પંદર પરેડની ગોઠવણી પરીક્ષા પછી કરવી અને તે પ્રમાણે જે વિદ્યાર્થીઓ પરેડ ભરવા તૈયાર હોય તેમને જ પરીક્ષામાં બેસવા દેવા. તેમનું પરિણામ વધારાની પરેડો ભર્યાનું પ્રમાણપત્ર તેમની કૉલેજના આચાર્ય તરફથી ન મળે ત્યાં સુધી અનામત રાખવું.

(૩) યુનિવર્સિટીના કૅમ્પસ પર એન.સી.સી.ના અધિકારીઓ માટે રહેઠાણો બાંધવા માટે જગા આપવાનું બની શકશે નહિ તેમ જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, ઑર્ડિ. ૧૩૫-એ ને સેનેટે તેની તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલવામાં આવ્યો છે તે પર વિચારણા કરવા હવે પછીની સભા સમક્ષ [illegible] કરવાનું રાખવું.

૧૦૩. એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે શ્રી. એમ. યુ. વ્યાસનો બે વર્ષનો અનુભવ પૂરો થતો ન હતો છતાં અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે જૂન ૧૯૬૪થી ઑક્ટોબર ૧૯૬૪ સુધી તેમણે કામ કર્યું તેને મંજૂર રાખવા બાબત :

(નોંધ.—તેઓ બી.એ. બીજો વર્ગ અને એમ.એ. અંગ્રેજી સાથે ત્રીજો વર્ગ ધરાવે છે, અને તેમને ઉપરના સમય દરમિયાન ત્રણ ટર્મનો અનુભવ હતો જે માન્યતા માટે ચાર ટર્મનો જોઈએ.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૪. યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. જેઠાભાઈ ડાહ્યાભાઈ પટેલ	જુ. કંપોઝીટર	૧૦-૩-૧૯૬૫	૧૧-૩-૧૯૬૫
૨.	શ્રી. પરશોત્તમદાસ હરદાસ પટેલ	,,	૪-૩-૧૯૬૫	૫-૩-૧૯૬૫

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૫. સિન્ડિકેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય એસ. આર. ભટ્ટના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

(*d*) In the case of books already published international terminology should be used and terminology evolved by the Hindi Commission may be used as far as possible in future editions, provided that traditional Gujarati terms which may be current or Gujarati equivalent which may be found better suited may be used wherever necessary. The future editions, if any, however, shall contain a glossary of terms evolved by the Commission along with the regional terminology that may be actually used.

(2) Steps will be taken by the Commission to approach the State Government and the Universities to constitute terminology committees which will work under the guidance of the Commission and collaborate with it in order to prepare regional versions of the glossary approved by the Commission for the various subjects with such modifications as may be necessary to suit the genius of the respective regional languages. This terminology will be used as far as possible in all the books that may be subsequently published for use in all the Universities and educational institutions.

(3) A separate glossary of international terms approved by the Commission as such may be published as soon as possible for the

guidance of the authors and translators of standard and popular works under our various schemes.

૩૩. "ધી ઇન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિયેશન"ની ૯મી વાર્ષિક પરિષદ, કલકત્તા મુકામે તા. ૨૫થી ૨૭ માર્ચ, ૧૯૬૫ દરમિયાન યોજાનાર હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના માનદ મંત્રીશ્રીના તા. ૨૭-૧-૧૯૬૫ના પત્રાંક ૨૬-કોન્ફ. '૬૪-૬૫ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૩૪. તા. ૩-૯-૧૯૬૪ની સિવિલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિએ એન્જિનિયરિંગ વિદ્યાશાખાની પરીક્ષાઓના પ્રાશ્નિક-પરીક્ષકોને નીચેની સૂચનાઓ સમયસર આપવા ભલામણ કરી છે તે પર વિચારણા કરવા બાબત:

(1) "For all topics numerical calculation, Examiners should give due weightage to method of working, correctness of approach and understanding of fundamentals, rather than considering the correctness of the final numerical answer only."

(2) "Question-papers in all descriptive subjects be drawn in such a way that minimum 25% marks are reserved for relevant sketches provided there is no separate sketching examination in the subject."

(3) "The question-paper in all subjects be drawn in such a way that no topic in a subject can be omitted by the students, method of drawing a question per topic and asking the candidate to solve only 60% of the total number of questions be stopped. Instead, total number of question shall not exceed the number required to be solved by the students. Options be given within the question itself and in such a way that the whole topic cannot be omitted by the candidate."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

૩૫. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓ માટે બ્લૉક મેઇન્ટેનન્સ (નિભાવ) અંગેની ગ્રાન્ટ મંજૂર કરતા રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૨૯-૧-૧૯૬૫ના ઠરાવ નં. યુ.એસ.જી. ૪૨૬૪-ખ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે નોંધ તૈયાર કરીને રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૩૬. સ્કૉલરશિપ્સ, રિસર્ચ સ્કૉલરશિપ્સ અને રિસર્ચ ફેલોશિપ્સ વગેરે બાબત પર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૨૨-૬-૧૯૬૩ની સભામાં

નીમેલી સમિતિની તા. ૨૭-૧-૧૯૬૫ના રોજ મળેલી બેઠકના કામકાજની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણ નં. ૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને સદરહુ ભલામણો મંજૂર કરવી :

'(૪) યુનિવર્સિટીના વિતાન વિદ્યાભવન માટે જુદા જુદા વિષયો માટેની પીએચ.ડી. પદવી માટેની ભારત સરકારની ૧૪ સંશોધન શિષ્યવૃત્તિઓ મંજૂર કરવામાં આવી છે તે શિષ્યવૃત્તિઓને માસિક રૂા. ૨૦૦ને બદલે રૂા. ૩૦૦ની કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી, અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મંજૂરી મળ્યેથી તેનો અમલ કરવાનું રાખવું.'

૩૭. તા. ૨૨-૧-૧૯૬૫ની બાંધકામ સમિતિની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બાંધકામ સમિતિની તા. ૨૨-૧-૧૯૬૫ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૨-૧-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૮. નીચેની યાદી પ્રમાણેની વસ્તુઓ ૩૬ સ્ટોકની યાદીમાંથી કમી કરવા અંગે વિચારણા કરવા બાબત :

(અ) નીચે જણાવેલ વસ્તુઓ સંપૂર્ણપણે તૂટી ગયેલી હોઈ અને તે રિપેર થઈ શકે તેમ ન હોઈ:

ક્રમાંક	કેશબુક પાના નંબર	વસ્તુનું નામ	સંખ્યા	કિંમત	કુલ કિંમત
૧.	૧૦૫	ફોલ્ડિંગ ખુરસીઓ	૬૯	૧૦·૭૫	૭૪૧·૭૫
૨.	૯૧	કાળાં પાટિયાં	૯	૧૫·૦૦	૧૩૫·૦૦
૩.	૯૩	ટ્રંક	૪	૧૮·૦૦	૭૨·૦૦
૪.	૯૫	સ્ટીલ લેટર રેક્સ	૧	૧૫·૦૦	૧૫·૦૦
૫.	૧૮૮	કેન્ટીન ખુરસીઓ	૩	૩૨·૦૦	૯૬·૦૦
					રૂા. ૧,૦૫૯·૭૫

(બ) નીચેની વસ્તુઓ મળતી ન હોઈ :

૧.	૧૦૫	ફોલ્ડિંગ ખુરસીઓ	૨	૧૦·૭૫	૨૧·૫૦
૨.	૫૧	ફેન સ્ટૂલ ટેબલ (ફેન માટે)	૧	૧૩·૦૦	૧૩·૦૦
૩.	૪૯	પટાવાળાનાં સ્ટૂલ	૨	૧૦·૦૦	૨૦·૦૦
૪.	૮૭	પેડલોક	૧૧	૯·૭૫	૧૦૭·૨૫
૫.	૭૧	વૂડન શેલ્વિંગ રેક (સાઇડ રેક)	૨	૪૫·૦૦	૯૦·૦૦
૬.	૮૯	ટેબલ લેમ્પ	૨	૧૮·૦૦	૩૬·૦૦
૭.	૮૩	ગ્લેટ બૉક્સ (એક નંગ રેલવેમાંથી ગુમ થયું છે.)	૧૦	૬·૦૦	૬૦·૦૦
					રૂા. ૩૪૭·૭૫

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર (અ) અને (બ)માં જણાવેલી વસ્તુઓ માંડી વાળવી (right off કરવી).

૩૯. માર્ચ-એપ્રિલ ૧૯૬૫માં લેવાનાર પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય; પ્રથમ બી.એ., પ્રથમ બી.એસસી., પ્રથમ બી.કૉમ., સેકન્ડ બી.કૉમ., બી.કૉમ. તેમ જ બી.એડ., ફાર્મસી, એગ્રિકલ્ચર તથા એમ.ડી., એમ.એસ. વગેરે પરીક્ષાઓમાં જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષાઓ માટે મુખ્ય નિરીક્ષકો (Senior Supervisors)ની નિમણૂકો કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૪૦. પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણમાં કામ કરતા શ્રી. આર. એમ. પંચાલને ખંડ-સમયના અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. એમ. પંચાલને સદરહુ કૉલેજમાં ખંડ-સમયના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કામ કરવા માટે ફક્ત ચાલુ સત્ર પૂરતી જ પરવાનગી આપવી.

૪૧. બી.એ.ની પરીક્ષામાં સંસ્કૃતનો વિષય લઈ બેઠેલ વિદ્યાર્થીઓમાં પ્રથમ વર્ષે પસાર કરી સર્વપ્રથમ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને ૬૨ વર્ષે પારિતોષિક આપવા માટેનું રૂા. ૫,૦૦૦નું દાન સ્વીકારવા અંગેની વિનંતી કરતા તા. ૧૬-૧૨-૧૯૬૪ના શ્રી. ઓચ્છવલાલ ગોરધનદાસના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ દાનનો સાભાર સ્વીકાર કરવો.

૪૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૪/૫-૬-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીઓના મહાનિબંધો અંગે તેની નીચે જણાવેલ રેફરીઓની નિમણૂકો કરવા ભલામણ કરવામાં આવે છે :

Sr.No.	*Name*	*Degree*	*Subject*	*Name of the Referee*
1.	Shri C. M. Patel	Ph.D.	Physics : "Ionospheric"	1. Shri J. A. Ratclifee, Director, Radio Research Station, Slough (Bucks), England 2. Prof. W. Dieminger, Max Planek Institute for Aeronimic, 3411, Lindau Ub Northeim (Hann), West Germany *For Viva* Dr. Bhargava, Asst. Director, Astrophysical Research Laboratory, Kodiacanal.

Sr.No.	*Name*	*Degree*	*Subject*	*Name of the Referee*
2.	Shri G. Subramaniam	Ph.D.	Physics: "Studies in time Variations of Cosmic Rays at a Station on the Geomagnetics Equator"	1. Prof. J. A. Simpson, Erico Fermi Institute for Nuclear Studies, University of Chicago, Chicago, 37, Illinois (U S.A.) 2. Prof. A. E. Sandstrom, Inst. of Physics, University of Upsala, Upsala (Sweden) *For Viva* Prof. M. G. K. Menon, Tata Inst. of Fundamental Research, Bombay.
3.	Shri P. D. Angreji	Ph.D.	Physics: "Studies in Atmospheric Ozone and airglow"	Prof. V. H. Regener, Dept. of Physics, University of New Maxico, Albugurgue, New Maxico (U.S.A.) *For Viva* Dr. P. R. Pisharoti, Director, Institute of Tropical Meteriology, Poona-5 (India).
4.	Shri M. V. Joshi	Ph.D.	Sanskrit: "A Critical study of Shri Vallabhacharya with Special reference to the studies of Thibant Ghate and Teliwala"	૧. પ્રો. એસ. કે. બેલવળકર, ભાંડારકર રિસર્સ ઇન્સ્ટિટ્યૂટ, પૂના ૨. પ્રો. જી. એચ. ભટ્ટ, 'શાકુન્તલ', રાવપુરા, વડોદરા ૩. પ્રો. કે. વી. અભ્યંકર, સદાશિવ પેઠ, પૂના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલ વિદ્યાર્થીઓના મહાનિબંધો અંગે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૪૩. સેનેટના સભ્ય આચાર્ય એન. એમ. પરીખને 'સામાન્ય શિક્ષણ'ની અભ્યાસ-સમિતિનું સભ્યપદ આપવા બાબત.

[**નોંધ.**—(૧) અનુ. પદવી કક્ષાએ સંપૂર્ણ માનસશાસ્ત્ર વિષય રાખેલ;

(૨) ગ્રંથાલયશાસ્ત્રની અભ્યાસસમિતિને બદલે સામાન્ય શિક્ષણની અભ્યાસસમિતિનું સભ્યપદ ઇચ્છે છે;

(૩) અગાઉ તેમને માનસશાસ્ત્રની અભ્યાસસમિતિનું સભ્યપદ આપેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્ય એન. એમ. પરીખને સામાન્ય શિક્ષણની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૪૪. યુનિવર્સિટી કાર્યાલયમાં ઑડિટ વિભાગ માટે ઑડિટ સુપરિન્ટેન્ડન્ટની જગ્યા માટે તા. ૧૯-૨-૧૯૬૫ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની નીચેની ભલામણ મંજૂર કરવી :

"આથી ઠરાવવામાં આવે છે કે, ઑડિટ સુપરિન્ટેન્ડન્ટની જગ્યાને ડેપ્યુટી એકાઉન્ટન્ટ (ઑડિટ)ની જગ્યામાં ફેરવવી અને આ વિભાગને હિસાબ વિભાગ નીચે રાખવો તથા શ્રી. જે. ઓ. પરીખને ડેપ્યુટી એકાઉન્ટન્ટ (ઑડિટ)ની જગ્યા પર શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૩૨૦થી રૂા. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૪૪૦ના પગારધોરણમાં એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા."

૪૫. તા. ૧૭-૨-૧૯૬૫ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૭-૨-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૭-૨-૧૯૬૫ની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૬. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. ટી. એ. શુક્લ તા. ૩૧-૧-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા નિયમ પ્રમાણે યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તેઓ તા. ૨૦-૧-૧૯૫૯થી ગ્રંથાલયમાં જોડાયા હતા અને તા. ૩૧-૧-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ટી. એ. શુક્લને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવી.

૪૭. એપ્રિલ ૧૯૬૫માં સુરત કેન્દ્ર પર એમ.એસસી.ની લેખિત પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા પણ સુરત કેન્દ્ર પર લેવા અંગે સુરત, વલસાડ અને નવસારીના વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજીઓ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૪૮. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. પી. કોમર્સ કોલેજ, ખંભાતના આચાર્યશ્રી તરફથી તેમની કોલેજમાં જૂન ૧૯૬૫થી એમ.એ. પદવી ગુજરાતી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— પેટલાદ કોલેજ, પેટલાદમાં એમ.એ. પદવી ગુજરાતી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે અરજી આવેલી તે વખતે ત્યાં પૂરતો સ્થાનિક શિક્ષકગણ હતો, પરંતુ હવે ત્યાંથી શ્રી. એન. યુ. જોષી કે જેઓ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે હતા તેઓ જૂન ૧૯૬૫થી રજની પારેખ કોલેજ, ખંભાતમાં જોડાવાના છે તેથી ખંભાતમાં પૂરતો સ્થાનિક શિક્ષકગણ થશે, જ્યારે પેટલાદમાં અપૂરતો સ્થાનિક શિક્ષકગણ થશે. પેટલાદ કોલેજમાં સ્થાનિક તપાસસમિતિ ઉપર આચાર્ય ય. પ્રા. શુકલની નિમણૂક કરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સ્થાનિક તપાસનું કામ આચાર્ય ય. પ્રા. શુકલને સોંપવું અને પેટલાદ કે ખંભાત ખાતે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગેની પોતાની ભલામણ સાથે રિપોર્ટ રજૂ કરવા માટે તેમને વિનંતી કરવી.

૪૯. શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદના ડીન તરફથી તેમની કોલેજમાં એમ.એસસી. (મેડ.) એનેટોમી વિષયમાં જૂન ૧૯૬૫થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ડૉ. એમ. ડી. પટેલ અને ડૉ. જે. જે. દેસાઈની સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૫૦. માર્ચ-એપ્રિલ ૧૯૬૫માં લેવાનાર એમ.એસસી.ની પ્રાયોગિક પરીક્ષામાં પ્રાશ્નિક પરીક્ષકોનું અલગ જૂથ નિમાયું હોવાથી પ્રાયોગિક પરીક્ષાના પ્રશ્નપત્રો તૈયાર કરવા માટે પ્રાશ્નિકોની બેઠક બોલાવવાની જોગવાઈ કરવા માટે અને પ્રશ્નપત્રો કાઢવા માટે પ્રાશ્નિકોને તેમનું વેતન નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષામાં પ્રાયોગિક પરીક્ષા માટે પ્રશ્નપત્રો તૈયાર કરવા સારુ પ્રાશ્નિકોની સભા બોલાવવી આવશ્યક છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષા માટે પ્રાયોગિક પરીક્ષાના પ્રશ્નપત્રો કાઢવા માટે પ્રત્યેક પ્રાશ્નિકને રૂા. ૧૦૦નું વેતન આપવું.

૫૧. યુનિવર્સિટીના અને ૧૯૬૨-૬૩ના વર્ષના હિસાબો ઉપરના લોકલ ફંડ્સ એકાઉન્ટ્સની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ નોંધ અંગે કાર્યાલયે ઘડેલા જવાબ મંજૂર કરવા.

૫૨. યુનિવર્સિટીના સને ૧૯૬૩-૬૪ના વર્ષના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સે સેનેટને કરેલા અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૩-૬૪ના વર્ષના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલ અંગે કાર્યાલયે ઘડેલ જવાબોની નોંધ મંજૂર કરવી.

૫૩. સમાજવિદ્યા ભવનના ફીલ્ડ-વર્ક આસિસ્ટન્ટ શ્રી. એ. પી. વીઝ, જેમને સિન્ડિકેટના તા. ૧૭-૩-૧૯૬૩ના ઠરાવ અન્વયે ચાલુ પગારે હોલેન્ડમાં અભ્યાસ કરવા માટે રજા આપવામાં આવી હતી તેઓને તે રજાઓ પૂરી થતાં તા. ૧-૫-૧૯૬૪ના રોજ ફરજ પર હાજર થવાનું હતું તે ન થતાં તેમણે રજા લંબાવવાની માગણી કરી હતી, તે માગણી મંજૂર કરવામાં ન આવતાં, તેમણે રાજીનામું રજૂ કર્યું છે અને રજાના સમય દરમિયાન તેમને પગાર પેટે ચૂકવવામાં આવેલા રૂા. ૨,૬૦૦ ભરપાઈ કરવાની (રૂા. ૧,૮૫૦-૫૦ પૈસા પ્રો. ફંડના ફાળાના કાપી લેવડાવીને તથા બાકીના રૂા. ૭૪૯-૨૦ પૈસા ભરપાઈ કરીને) તૈયારી બતાવી છે તો તે સ્વીકારીને તેમનું રાજીનામું મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એ. પી. વીઝે સૂચવ્યા મુજબ રૂા. ૨,૬૦૦ની રકમ જમા લઈને તેમનું રાજીનામું મંજૂર કરવું.

૫૪. (સ્વ.) ડૉ. આનંદશંકર બાપુભાઈ ધ્રુવની પ્રતિમા મૂકવા માટે તેનું સ્થાન નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૫૫. તા. ૧૬-૨-૧૯૬૫ના રોજ મળેલી બાંધકામ સમિતિની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૧૬-૨-૧૯૬૫ના રોજ મળેલી બાંધકામ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬-૨-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૫૬. તા. ૧૧-૨-૧૯૬૫ના રોજ મળેલ મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

જુદા જુદા શિબિરો યોજવા અંગે ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું:

(૧) માઉન્ટ આબુ પર ગયા વર્ષે યોજ્યા હતા તે પ્રમાણે આઠ આઠ દિવસના ત્રણ પર્વતારોહણ તાલીમ શિબિરો આશરે ૬૦થી ૮૦ વિદ્યાર્થીઓના યોજવા અને તે માટે ગયા વર્ષની માફક આ સાથે જોડ્યા પ્રમાણેનો ખર્ચ મંજૂર કરવો અને તે માટે જરૂરી પગલાં લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

(૨) યુવક કલ્યાણ પ્રવૃત્તિમાં રસ લેતા અધ્યાપકોનો યુવક-નેતા-તાલીમ-શિબિર અનુકૂળ સ્થળે અને સમયે યોજવો અને તે માટે સંચાલકો, વ્યાખ્યાતા, સમય, સ્થળ તથા

અન્ય જરૂરી વિગતો નક્કી કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી અને તે અંગેના ખર્ચની વિગતો પરિશિષ્ટમાં જોડ્યા પ્રમાણેની મંજૂર કરવી.

(૩) ઉપર જણાવ્યા પ્રમાણેના શિબિરો યોજવા માટેનો જરૂરી ખર્ચ વિદ્યાર્થીઓ માટેના શિબિરોના રૂા. ૨૫,૦૦૦ અને શ્રમશિબિરોના રૂા. ૫,૦૦૦ મળીને કુલ રૂા. ૩૦,૦૦૦ (અંકે રૂપિયા ત્રીસ હજાર)ની જોગવાઈ કરવામાં આવી છે તેમાંથી કરવા અને તે અંગે જરૂરી પગલાં લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવાની સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણો મંજૂર કરવી અને શિબિરોના સંચાલન અંગે ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૫૭. તા. ૧૨-૨-૧૯૬૫ના રોજ મળેલી મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

નાટચપ્રવૃત્તિ તાલીમ શિબિર યોજવા માટેની ઉપસમિતિની ભલામણો પર વિચારણા કરી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું:

(ક) આ વર્ષે એક જ આવો શિબિર યોજવાનું, અને આ સાથે જોડેલ પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કરવા તથા તે પ્રમાણેનો ખર્ચ યુવક કલ્યાણ સમિતિના મંત્રીને કરવાની સત્તા આપવાનું, મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ખ) નાટચપ્રવૃત્તિ શિબિરના સંચાલક તરીકે આચાર્ય ડૉ. ધીરુભાઈ ઠાકરને નિયુક્ત કરવા, અને સહ-સંચાલકો તરીકે નીચેની વ્યક્તિઓમાંથી જે મળી શકે તેવા બેને પસંદ કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી:

૧. શ્રી. જશવંત ઠાકર
૨. શ્રી. હકુમત દેસાઈ
૩. શ્રી. ઇન્દુભાઈ દવે
૪. શ્રી. પ્રફુલ્લ દાકોર.

(ગ) સ્થળ, સમય, સંખ્યા અને પસંદગી માટેની ભલામણો મંજૂર કરવી અને પસંદગી વખતે નવી કૉલેજોના અધ્યાપકોને શકય હોય ત્યાં સુધી પ્રાથમિકતા આપવાનું રાખવું.

(ઘ) ઉપસમિતિની ભલામણોમાં સૂચવેલ વ્યાખ્યાતાઓનાં નામોમાંથી શિબિર દરમિયાન વધુમાં વધુ બાર વ્યાખ્યાતાઓને પસંદ કરી બોલાવવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણો મંજૂર કરવી.

૫૮. ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કૉલેજ, સુરત, જે એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટી સાથે હાલ જોડાયેલી છે, તેણે આ યુનિવર્સિટી સાથે રદબાતલથી જોડાણ મેળવવા કરેલ અરજી પરત્વે એસ. એન. ડી. ટી. વિમેન્સ યુનિવર્સિટીના મહામાત્ર તરફથી તેઓને

મોકલાવેલ તા. ૧૬-૧૨-૧૯૬૪ના પત્રાંક ૫૯૨-૧૯૨-એસ-૬૪-૬૫-૮૮૫૦, જેની નકલ કૉલેજે આપણને મોકલી છે, તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે એડ. એફ. વાડિયા વિમેન્સ કૉલેજ, સુરતના સંચાલકમંડળના અધ્યક્ષનું મંતવ્ય મગાવીને ઘટતું કરવાનું રાખવું.

૫૬. એક ને અદલે બે 'બી'-ટાઇપ ક્વાર્ટર્સ આપવા અંગેની ભાષા-સાહિત્ય ભવનના અંગ્રેજીના પ્રાધ્યાપક પ્રો. ચંદ્રશેખરનની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર ચંદ્રશેખરનને 'બી'-ટાઇપના બે એકમો રહેવા માટે આપવાની તેમની વિનંતી મંજૂર કરવી અને તે માટે તેમની પાસેથી યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર બે એકમોનું ભાડું વસૂલ લેવું.

૬૦. માર્ચ-એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ ફર્સ્ટ બી.એ.ની પરીક્ષામાં બે વિદ્યાર્થીઓને તથા ફર્સ્ટ બી.એસસી.ના પાંચ વિદ્યાર્થીઓને ભૂલથી એ.ટી.કે.ટી. આપવામાં આવી છે તે કેસો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીઓને તેમને આપવામાં આવેલ એ.ટી.કે.ટી.નું પરિણામ ફેરવવું નહિ, પણ ફર્સ્ટ બી.એ. કે ફર્સ્ટ બી.એસસી.ની પરીક્ષામાં તેમને જે વિષયોમાં પાસ થવાનું બાકી રહેલું છે તે વિષયોની પરીક્ષામાં એસીને પાસ થવું તેમને માટે આવશ્યક રહેશે અને યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર તે વિષયોની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય નહિ ત્યાં સુધી તેમનું, પદવી-અભ્યાસક્રમના એસ.વાય.બી.એ. કે એસ.વાય.બી.એસસી. પરીક્ષાનું, પરિણામ જાહેર કરવું નહિ અને જો તેઓ નિયત સમયમર્યાદામાં નીચલી પરીક્ષામાં ઉત્તીર્ણ થાય નહિ તો ઉપરની પરીક્ષાનું તેમનું પરિણામ યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર રદ ગણવું.

તે પછી પ્રમુખસ્થાનેથી યુનિવર્સિટી હૉસ્ટેલના સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પંચાલની તા. ૨૯-૧-૧૯૬૫ની અરજી સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી. તે પર વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૨-૧-૧૯૬૫ની સભામાં ઠરાવ્યા મુજબ શ્રી. પંચાલને તા. ૨૦-૧-૧૯૬૫ના પત્રથી જે નોટિસ આપી છે તે રદ ગણીને તેમને તેમનો પ્રોબેશનનો સમય તા. ૩૧-૫-૧૯૬૫ના રોજ પૂરો થયેથી છૂટા કરવા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૫૪૧૩૦/૧૯૬૫.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
માર્ચ ૩, ૧૯૬૫.
ફાલ્ગુન ૧૨, ૧૮૮૬ (શક).

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૫

ફાઇનાન્સ સમિતિની તા. ૫-૨-૧૯૬૫ની સિન્ડિકેટને ભલામણો

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, પરીક્ષા "અ" વિભાગ માટે લોખંડના ઘોડાઓ નં. ૨૫ તથા વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે નં. ૪ (આ અગાઉ આ ઘોડાઓ મેસર્સ વિનિમા કોર્પોરેશન પાસેથી લેવાનું ઠરાવ્યું હતું તે હવે રદ કરવામાં આવશે) મળીને કુલ ૨૯ લોખંડના ઘોડાઓ નીચેની દરેક પેઢી પાસેથી એક એક નમૂનાનો ઘોડો બનાવી-મંગાવી તેમાંથી જે પેઢીનો નમૂનો સારો હોય તે પેઢીને બાકીના ઘોડાઓ માટેનો ઓર્ડર આપવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી :

	ભાવ
૧. મે. વજ્રેશ (પ્રાઇવેટ) લિ.	રૂા. ૧૩૫
૨. રમેશ મેટલ ઇન્ડસ્ટ્રીઝ	રૂા. ૧૧૦
૩. એન. મોહનલાલ એન્ડ કું.	રૂા. ૧૩૧.

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના પટાવાળાઓ, માળીઓ, ચોકીદારો વગેરે માટે ગણવેશો અંગેની ખાદી ગ્રામોદ્યોગ ગાંધી હાટ, અમદાવાદ પાસેથી નીચેના ભાવે ખરીદવી :

સફેદ ખાદી	જરૂરિયાત	ભાવ
૧. રાજસ્થાન ચોતારી નં. ૬૦	૧૨૦૦ મીટર આશરે	રૂા. ૨-૫૧ પૈસા મીટરના
૨. ખાખી ખાદી ,, ,,	૧૧૦ મીટર	રૂા. ૨-૯૫ ,,

ગણવેશોની સિલાઈ માટે મેમોરિયલ ટેલરિંગ હાઉસ, જો યુનિવર્સિટી કાર્યાલયમાં બેસીને ગણવેશો તૈયાર કરી આપે તો રૂા. ૨-૫૦ પૈસાના દરે કરાવવા. જો તેઓ તેમ કરવા ખુશી ના હોય તો આ કામ શ્રી. એમ. જે. ગોહિલને કાર્યાલયમાં બેસીને તૈયાર કરવાની શરતે આપવું. જો બંને વેપારીઓ આ પ્રમાણે કાર્યાલયમાં બેસીને કામ કરવા સંમત ન થાય તો બંનેને સરખે હિસ્સે કામ વહેંચી આપવું.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૭

બાંધકામ સમિતિની તા. ૨૨–૧–૧૯૬૫ની સિન્ડિકેટને ભલામણો.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટાફ ક્વાર્ટર્સના રસ્તા પર "સીસ કોટ" કરવા માટે રૂા. ૭,૦૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી. દરમિયાન આ કામ માટે ટેન્ડરો મંગાવવાનું રાખવું.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટ હૉલના સ્ટેજની પાછળ કરટન વૉલ ઉપર લાકડાની પેનલિંગ કરવા માટેના વધારાના કામકાજનો દર, રૂા. ૧૫–૦૦ ચોરસ ફૂટના, મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયની આસપાસ એંગલ નાખીને તારની વાડ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(**નોંધ.**—સેનેટ-હૉલની સામે સિમેન્ટના રસ્તા સુધી તારની વાડ લઈ જવાનું રાખવું.)

૪. આથી ઠરાવવામાં આવે છે કે, બૉટાની વિભાગ માટે એરકંડિશન મશીન માટેનો પ્લાન્ટ રૂમ બાંધવા માટેનો પ્લાનનો અંદાજી ખર્ચ રૂા. ૫,૭૦૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. આથી ઠરાવવામાં આવે છે કે, ઓવરહેડ ટાંકીના વધારાના કામકાજના દરો આ સાથેની યાદી "અ" પ્રમાણે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રી તથા રજિસ્ટ્રારના બંગલા તથા યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર્સના રસ્તા પર તથા સેનેટ-હૉલના એપ્રોચ રસ્તા પર બત્તીની કાયમી વ્યવસ્થા કરવા માટે રૂા. ૨૨,૦૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. આથી ઠરાવવામાં આવે છે કે, સૂચિત અતિથિગૃહના મકાનનું સ્થળ (સાઇટ) સભામાં બતાવ્યા પ્રમાણે અધ્યક્ષના બંગલાની ઉત્તરે રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. આથી ઠરાવવામાં આવે છે કે, મેસર્સ એચ. કે. કન્સ્ટ્રકશન કું.નું નામ યુનિવર્સિટીના એપ્રુવ્ડ કૉન્ટ્રાક્ટરોની યાદીમાં સામેલ કરવું. વધુમાં ઠરાવવામાં આવે છે કે, ટોચર્સ હૉસ્ટેલના બાંધકામ માટે આવેલાં ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. એચ. કે. કન્સ્ટ્રકશન કું.નું રૂા. ૫,૦૫,૪૬૬નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો પ્રમાણે સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલયના મકાનમાં વૉટર સપ્લાય અને સેનેટરી સર્વિસીઝનાં આવેલાં ટેન્ડરો અંગે મે. વેસ્ટર્ન ઇન્ડિયા એન્જિનિયરિંગ કું.નો સંપર્ક સાધવો અને તેઓને સૌથી નીચા ભાવ ટાંકનાર પેઢી મે. શાહ એન્ડ પટવાના ટેન્ડર પ્રમાણે રકમ ઘટાડવા માટે સૂચવવું અને તેઓ સંમત થાય તો તે કામ તેમને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવી. વધુમાં ઠરાવવામાં આવ્યું કે, વેસ્ટર્ન ઇન્ડિયા એન્જિનિયરિંગ કું. ના પાડે તો સદરહુ કામનું મે. શાહ એન્ડ પટવાનું ટેન્ડર સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. આથી ઠરાવવામાં આવે છે કે, આરોગ્યકેન્દ્રના મકાન પાસે સફાઈ કામદાર વગેરેનાં રહેઠાણો માટે ત્રણ એકમો (યુનિટ) બાંધવા માટેનો પ્રસ્તાવ તથા તે માટેનો આશરે રૂા. ૧૦,૦૦૦નો અંદાજી રકમ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આ રહેઠાણોના પ્લાન બનાવવા માટે સ્થપતિ શ્રી. હસમુખ પટેલને કહેવું.

૧૧. આથી ઠરાવવામાં આવે છે કે, પ્રેસના મકાનના બાંધકામના કૉન્ટ્રાક્ટર મે. સ્ટાન્ડર્ડ કન્સ્ટ્રક્શન કું.ના બિલમાંથી ૧૫ ઇંચની ગેલ્વેનાઇઝ્ડ પાઇપની પૂરેપૂરી કિંમત કાપી લેવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે, ૨ ઇંચને બદલે ૧૫ ઇંચની ગેલ્વેનાઈઝ્ડ પાઇપ વાપરી તે બદલ તેઓનું નામ એપ્રુવ્ડ લિસ્ટમાંથી કમી કરવું.

૧૨. આથી ઠરાવવામાં આવે છે કે, ઓપન-એર-થિયેટરથી છાત્રાલય તરફ જતાં તથા સિન્ડર ટ્રેકના રસ્તાના બાંધકામના અંગેના કાર્યાલયના રિપોર્ટ સાથે આ ભલામણ આ સમિતિ સમક્ષ રજૂ કરવી. દરમિયાન ફાઇનલ બિલ પેટે (On account) રૂા. ૧૦,૦૦૦નું પેમેન્ટ આપવા ઉપકુલપતિશ્રીને ભલામણ કરવી.

૧૩. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના બૉટેનિકલ ગાર્ડનની આસપાસ ફરતો કાંસ કરવા માટેનો અંદાજી ખર્ચ રૂા. ૧,૩૦૦ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

यादी "अ"

Extra Items of Overhead tank and Pump room

Sr. No.	*Item*	*Rate approved*	
		Rs. P.	*Per*
1.	Extra rate over as 10'–0" of excavation upto 8'–0" depth for depth below 8'–0"	4·00	% Cft.
2.	Pro. & fixing 1¼" outer pipe railing	3·00	Rft.
3.	P. & P. Class bricks	12·50	each

Sr. No.	*Item*	*Rate approved* *Rs. P.*	*Per*
4.	P. & F. angle iron stair	7·00	Rft.
5.	Cement plaster to dome	25·00	% Sft.
6.	Rough Ladi	100·00	% Sft.
7.	Vibrating cement con (1 : 2 : 4) Mix.	0·18	Cft.
8.	Kotab stone flooring polish	160·00	% Sft.
9.	Brick cement pardi incuding plaster	80·00	% Sft.
10.	Cement plaster incuding sagol finish	25·00	% Sft.
11.	Sand face cement plaster single coat	35·00	% Sft.
12.	Extra Rate for Brick masonry in circular shape	20·00	% Sft.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪૫

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની સભા તા. ૧૭-૨-૧૯૬૫ના રોજ સાંજે ૪-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિશ્રીએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. આચાર્યશ્રી ય. ગુ. નાયક	હાજર
૩. આચાર્યશ્રી એમ. એસ. પંડિત	ગેરહાજર
૪. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૫. આચાર્યશ્રી ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૭. શ્રી. કં. ચં. પરીખ (રજિસ્ટ્રાર)	હાજર.

૧. ડુપ્લિકેટિંગ મશીન ચલાવતા પટાવાળા શ્રી. ગોવિંદ પટેલની મુંબઈ યુનિવર્સિટીમાં આ જગ્યા માટે અપાતા પગારધોરણ આપવા અંગેની તા. ૨૪-૮-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબત હાલ મુલતવી રાખવી અને મુંબઈ યુનિવર્સિટીમાંથી તે અંગે વિગતવાર માહિતી મગાવવી.

૨. યુનિવર્સિટી પ્રેસમાં ટ્રેડલમેનની મંજૂર થયેલ જગ્યાને મશીનમેનની જગ્યામાં ફેરવવા અંગે યુનિવર્સિટી પ્રેસ-મેનેજરના પત્રાંક ૨૬૫, તા. ૧૦-૬-૧૯૬૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસમાં ટ્રેડલમેનની મંજૂર થયેલી જગ્યાને મશીનમેનની જગ્યામાં ફેરવવી અને તેનું પગારધોરણ રૂા. ૬૦-૪-૧૦૦ ઈ.બી. ૧૨૦નું રહેશે.

૩. હોસ્પેરિથ વિભાગમાં કામ કરતા સીનિયર ઑપરેટરો તથા મદદનીશ સુપરિન્ટેન્ડન્ટને હાલમાં અપાતા ઓવરટાઇમનો દર જે રૂા. ૧-૨૫ પૈસા કલાકના છે તે વધારવા અંગે તેઓની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સીનિયર ઑપરેટરો તથા મદદનીશ સુપરિન્ટેન્ડન્ટના હાલના ઓવરટાઇમના દરમાં ફેરફાર કરવાની તેમની વિનંતી મંજૂર કરવી નહિ.

૪. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે કામ કરતા કર્મચારીઓને મુંબઈ યુનિવર્સિટી

ગ્રંથાલયમાં કામ કરતા લાયબ્રેરી એટેન્ડન્ટ ગણી તે પ્રમાણે પગારધોરણ આપવા અંગેની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી કરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી અને મુંબઈ યુનિવર્સિટીમાંથી વિગતવાર માહિતી મગાવવી.

૫. ભાષા-સાહિત્ય ભવનમાં નીચે પ્રમાણેની વધુ જગ્યાઓ ઉભી કરવા માટે અધ્યક્ષશ્રીના પત્રાંક ૭૮૪, તા. ૧૯-૧૨-૧૯૬૪ પર વિચારણા કરવા બાબત:

૧. ક્લાર્ક-ટાઇપિસ્ટ	...	બે જગ્યા
૨. સ્ટેનોગ્રાફર	...	એક જગ્યા
૩. પટાવાળા	...	બે જગ્યા
૪. સફાઈ કામદાર	...	એક જગ્યા.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ભાષા-સાહિત્ય ભવનના પટાવાળાની વધુ એક કાયમી જગ્યા રૂા. ૪૦-૨-૬૦ના પગારધોરણમાં ઊભી કરવી. સ્ટેનોગ્રાફરની એક જગ્યા સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩-૧-૧૯૫૭થી ઊભી કરેલી છે તેથી નવી કોઈ જગ્યા ઊભી કરવાની જરૂર નથી, પરંતુ આ જગ્યા પૂરવા માટે અધ્યક્ષને જણાવવું.

૬. હૉલેરિથ વિભાગ માટે પટાવાળાની નવી બે જગ્યાઓ ઊભી કરવા અંગે કાર્યાલય નિયામક (સામાન્ય)ની તા. ૯-૨-૧૯૬૫ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, હૉલેરિથ (યંત્ર) વિભાગની કામગીરી લક્ષમાં લઈને યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળાની બે નવી કાયમી જગ્યા રૂા. ૪૦-૨-૬૦ના પગારધોરણમાં ઊભી કરવી.

૭. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ઝૂલોજી વિભાગ માટે નીચેની નવી જગ્યાઓ ઊભી કરવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના પત્રાંક જીયુ-ઝૂલોજી-૫૩-૧૯૬૫, તા. ૬-૨-૧૯૬૫ ઉપર વિચારણા કરવા બાબત:

૧. સ્ટોરકીપર, એક જગ્યા (એસ.એસ.સી. પાસ)

૨. મ્યુઝિયમ આસિસ્ટન્ટ, એક જગ્યા (એસ.એસ.સી. પાસ)

૩. લેબોરેટરી એટેન્ડન્ટ, એક જગ્યા (લખીવાંચી શકે)

૪. એનિમલ કલેક્ટર, એક જગ્યા (એસ.એસ.સી. પાસ).

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે નીચેના કાયમી જગ્યાઓ ઊભી કરવી:

ક્રમાંક	જગ્યાનું નામ	પગારધોરણ	લાયકાતનું ધોરણ	કુલ સંખ્યા
૧.	સ્ટોરકીપર	૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઇ.બી. ૧૦-૨૫૦	એસ.એસ.સી.	૧
૨.	પટાવાળા	૪૦-૨-૬૦	—	૧

[**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૮-૮-૧૯૬૪ની સભામાં લેબોરેટરી આસિસ્ટન્ટની જગ્યા ઊભી કરી છે તે જોતાં લેબોરેટરી આસિસ્ટન્ટની (મ્યુઝિયમ આસિસ્ટન્ટ અને ઍનિમલ કલેક્ટરની) નવી જગ્યા ઊભી કરવાની જરૂર નથી, પરંતુ તે કાયમી લેબોરેટરી આસિસ્ટન્ટની જગ્યાનું નામ મ્યુઝિયમ આસિસ્ટન્ટ અને ઍનિમલ કલેક્ટર રાખવું અને તે પ્રમાણે તેનું કામ રાખવું.]

૮. હૉલેરિથ વિભાગના જુનિયર ઑપરેટરોને ઓવરટાઇમનો દર કરેલા કામના પ્રમાણે આપવા ઠરાવેલું છે તેને બદલે યુનિવર્સિટી કાર્યાલયના બીજા કર્મચારીઓને અપાય છે તે દરે એટલે કે રૂા. ૧-૨૫ પૈસા કલાકના દરે આપવા માટેની તેઓની તા. ૨૫-૮-૧૯૬૪ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, હૉલેરિથ વિભાગના જુનિયર ઑપરેટરોને કાર્ડ પંચિંગ તથા વેરિફિકેશન માટે નીચેના દરે ઓવરટાઇમ એલાવન્સ આપવું :

Punching of Verification

1.	75 columns Alpha punching	Rs. 5/- for every 250 cards punched
2.	75 ,, ,, verification	Rs. 6/- for every 250 cards verified
3.	3 columns (Marks) Numerical punching	Rs. 5/- for every 3000 cards punched
4.	3 columns (Marks) Numerical verification	Rs. 5/- for every 2500 cards verified
5.	3 columns (Grand total) Numerical punching	Rs. 5/- for every 2000 cards verified
6.	3 columns (Grand total) Numerical verification	Rs. 5/- for every 1500 cards verified
7.	60 columns Alpha punching (Examiners Job)	Rs. 5/- for every 300 cards punched
8.	60 columns Alpha verification (Examination Job)	Rs. 5/- for every 300 cards verified
9.	Punching condoned cards	Rs. 5/- per day per Operator.

(**નોંધ.**—યુનિવર્સિટી કાર્યાલયના સમય દરમિયાન પંચિંગ અને વેરિફિકેશનનું કામ ઓવરટાઇમમાં જે દરે થાય તે દરે થાય તે જોવું.)

૯. યુનિવર્સિટી પ્રકાશન વિભાગના કર્મચારીઓને પરીક્ષાના સમય દરમિયાન કાર્યાલયના સમય બાદ પરીક્ષાનું કામ આપી અન્ય કર્મચારીઓના માફક ઓવરટાઇમ એલાવન્સ કાર્યાલયના બીજા કર્મચારીઓને અપાય છે તે દરે આપવા અંગેની તેઓની તા. ૧૫-૨-૧૯૬૫ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે,- યુનિવર્સિટીના પરીક્ષાના સમય દરમિયાન

પરીક્ષાના કામકાજ માટે યુનિવર્સિટીના બીજા વિભાગોના ટાઇપિસ્ટોની જરૂર પડે મદદ લેવી અને તે માટે તેમને તે અંગેના એટલે કે કલાકના રૂા. ૧–૨૫ પૈસાના દરે ધારાધોરણ પ્રમાણે ભથ્થું આપવાનું રાખવું.

ત્યાર બાદ યુનિવર્સિટી કાર્યાલયની પુનર્રચના (Reorganisation) અંગેની શ્રી. રજિસ્ટ્રારની નોંધ સમિતિ સમક્ષ મૂકવામાં આવી હતી અને ઠરાવવામાં આવ્યું હતું કે તે નોંધ પર ભવિષ્યમાં વિચારણા કરવાનું રાખવું, દરમિયાન હાલના વધેલા કામને પહોંચી વળવા કાયમી જગ્યાઓને ઊભી કરવાને બદલે આ કામ માટે વાર્ષિક ૩૦૦ મેન-મન્થ્સ (Men-months)થી વધુ નહિ તેટલા જુનિયર કલાર્ક અને/અથવા ટાઇપિસ્ટો હંગામી ધોરણે નીમવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

પરીક્ષા વિભાગ "અ" અને "બ" તથા હૉલેરિથ (યંત્ર) વિભાગ એક જ અધિકારીના હાથ નીચે મૂકવામાં આવે જેથી તેના સભ્યોને તે અધિકારીની સૂચના પ્રમાણે પરીક્ષાઓ અંગેનું કામ કરવા માટે જરૂર પ્રમાણે એક વિભાગમાંથી બીજા વિભાગમાં મૂકવાની સરળતા થાય.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૫૫

બાંધકામ સમિતિની એક સભા, બુધવાર, તા. ૧૬-૨-૧૯૬૫ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૪. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૫. શ્રી. ટી. એ. દેસાઈ	હાજર
૬. શ્રી. એલ. બી. જસાણી	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૨-૧-૧૯૬૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૨-૧-૧૯૬૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી લાયબ્રેરી બિલ્ડિંગના બાંધકામમાં સ્ટીલને વેલ્ડિંગ કરાવવાના વધારાના કામકાજના દરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી લાયબ્રેરી બિલ્ડિંગના બાંધકામમાં નીચેના વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

આર.સી.સી.ના કામમાં સળિયાને ઓવરલેપને બદલે વેલ્ડિંગના કામ માટે—

૫ એમએમ. કે તેનાથી નાની સાઇઝના ½" સુધીના સળિયાને

વેલ્ડિંગ કરવા માટે	...	રૂા. ૩-૨૫ પૈસા (નંગના)
૨૫ એમએમ.થી મોટી સાઇઝના સળિયા માટે	...	રૂા. ૩-૫૦ પૈસા (નંગના).

૩. ઓપન-એર-થિયેટરથી સિન્ડર ટ્રેકના રસ્તાના કામની સમયમર્યાદા અંગે કાર્યાલયના રિપોર્ટ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઓપન-એર-થિયેટરથી ગ્રીડ લાઈનને સમાંતર પસાર થતા છાત્રાલય તરફ જતા રસ્તા તથા સિન્ડર ટ્રેકના રસ્તાનું કામ સમયમર્યાદામાં થઈ શકયું નહિ અને તેમાં વિલંબ થયો છે તે અંગે સમગ્ર રીતે વિચારણા કરતાં સદરહુ કામના કૉન્ટ્રાક્ટર મે. ડી. કે. પરમાર પાસેથી એકંદર રૂા. ૫૦૦ની ટોકન પેનલ્ટી વસૂલ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટીના સેનેટ-હૉલ આગળના એપ્રોચ રસ્તાના બાંધકામ અંગે વિચારણા તા બાબત (અંદાજી કિંમત રૂા. ૧૩,૦૦૦).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી

૫. યુનિવર્સિટી વિસ્તારમાં ડ્રેનેજ લાઈન નાખવા અંગે મ્યુનિસિપલ કમિશનરના આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મ્યુનિસિપલ કમિશનરના, ડ્રેનેજ કનેક્શન તથા યુનિવર્સિટીના કૅમ્પસ વિકાસ અંગે રસ્તા, રોશની વગેરે સંબંધી લખેલા તેમના તા. ૨૧-૧-૧૯૬૫ના પત્રાંક DRC/5/8ની નોંધ લેવી.

૬. વિદ્યાર્થિનીઓના છાત્રાલયમાં ઇલેક્ટ્રિક વાયરિંગના દરોમાં થયેલા વધારાના કામકાજના દરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થિનીઓના છાત્રાલયમાં આ સાથેની **યાદી "અ"** પ્રમાણેના વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. ગેસ્ટ હાઉસના પ્લાન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સભાગૃહમાં થયેલાં સૂચનો અનુસાર ગેસ્ટ હાઉસના પ્લાનમાં ફેરફાર કરાવી મંજૂર કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં નીચેના ફેરફારો અંગે વિચારણા કરવા બાબત:

(અ) વિજ્ઞાન વિદ્યાભવનની લેબોરેટરીઓની બારીઓને ગ્રીલ નાખવા અંગે વિચારણા કરવા બાબત (અંદાજી ખર્ચ રૂા. ૨૧,૯૦૦).

(બ) વેન્ટિલેટરમાં ગ્રીલ મૂકેલી છે ત્યાંથી કચરો રૂમમાં આવે છે અને બાજુના રૂમમાં લેક્ચર ચાલતું હોય ત્યારે ઘોંઘાટ થાય છે તેથી તે બંધ કરવા માટે એસબેસ્ટોસનાં પાટિયાં ગ્રીલ પર લગાવવા માટે રૂા. ૫,૬૦૦નો ખર્ચ થાય એમ છે.

(ક) "એચ" કૉલમને અંદરથી એસબેસ્ટોસનાં પાટિયાં લગાવીને ચેનલ કરવા અંગે રૂા. ૬,૫૦૦નો ખર્ચ થાય એમ છે.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનની લેબોરેટરીઓની બારીઓને ગ્રીલ નાખવા માટે રૂા. ૨૧,૯૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વેન્ટિલેટર્સમાં જાળી મૂકી છે ત્યાં તથા "એચ" કૉલમને અંદરથી એસબેસ્ટોસનાં પાટિયાં જડવા અંગે ઠરાવવામાં આવ્યું કે, એક ખંડમાં આ કામ ડિપાર્ટમેન્ટ દ્વારા કરાવી જોવું અને ત્યાર બાદ તે અંગે આ સમિતિને રિપોર્ટ કરવો.

૯. વિદ્યાર્થીઓના છાત્રાલયમાં ઇલેક્ટ્રિક વાયરિંગના વધારાના કામકાજના દર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓના છાત્રાલયમાં ઇલેક્ટ્રિક વાયરિંગના કામમાં આ સાથેની **યાદી "બ"** પ્રમાણેના વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. નવા વિદ્યાર્થીઓના છાત્રાલય "સી" તથા "ડી" બ્લૉકના ભોંયતળિયે બારીઓમાં લોખંડની જાળીઓ નાખવાના કામ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નવા વિદ્યાર્થીઓના છાત્રાલય "સી" તથા "ડી" બ્લૉકના ભોંયતળિયે બારીઓમાં લોખંડની જાળીઓ (ગ્રીલ) નાખવાના કામ માટે રૂા. ૪,૦૦૦નો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. યુનિવર્સિટી કાર્યાલયના મકાન તથા લાયબ્રેરી વિંગ આગળથી પસાર થતા એપ્રોચ રસ્તાના બાંધકામ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

પ્રમુખશ્રી તરફથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૧૨. સ્ટાફ ક્વાર્ટર્સમાં ટીકવૂડને બદલે બ્લૅકબૉર્ડ શટરવાળી બારીઓ બનાવવામાં આવી છે તે માટે બન્ને ભાવોના તફાવત પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ટીકવૂડની બારીઓ કરતાં બ્લૅકબૉર્ડની બારીઓનો ખર્ચ રૂા. ૦૦-૨૫ પૈસા ચો. ફૂટના જેટલો ઓછો આવે, તે ગણતરીએ સ્ટાફ ક્વાર્ટર્સના બિલમાંથી બ્લૅકબૉર્ડ શટરના બારીઓમાં નાખ્યા હોય ત્યાં ચો. ફૂટે રૂા. ૦-૨૫ પૈસા કાપી લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

यादी "अ"

LADIES' HOSTEL

Rates approved by Building Committee, dated 16-2-1965

Item	*Deduction in Rate*
1. For providing angle holder instead of 'S' Type C.P. bracket	.. Rs. O. 75 per point
2. For providing Indian make flush switches instead of 'TICINO' flush switches	.. Rs. 1.50 per point.

यादी "ब"

BOYS' HOSTEL

Rates approved by Building Committee, dated 16-2-1965

Sr.No.	*Item*		*Rate approved*
1.	Wiring of mains with 2-1/0.056 Alind wire in conduit	..	Re. 1/- per Rft.
2.	Wiring of mains with 4-7/0 044 size wire in conduit	..	Rs. 2/- ,,
3.	Supplying and fixing of 15 Amp. 8 way D.B. & 15 Amps. ICDP. Switch	..	Rs. 45/- per No.
4.	Providing a pair of circuit fuses with 15 A ICDP switches	..	Rs. 22/- per No.
5.	Providing and fixing T.W. polished boxes of size 12" × 18"× 7" with lock	..	Rs. 18/- per No.
6.	Providing and fixing T.W. polished boxes of size 8" × 10" × 7" with lock	..	Rs. 8/- per No.
7.	Providing and fixing four Bus bar chamber	..	Rs. 130/- per No.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

G.U.P. 1241-350-3-66

સિન્ડિકેટ (માર્ચ)
તા. ૬-૩-'૬૫

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી
योगः कर्मसु कौशलम्

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૫ના માર્ચ માસની સભા, શનિવાર, તા. ૬-૩-૧૯૬૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન **ઉપકુલપતિ** શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૪. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૫. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૬. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર
૭. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૮. શ્રી. હાકોરભાઈ એમ. દેસાઈ	હાજર
૯. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	ગેરહાજર
૧૦. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૧. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૨. ડૉ. એન. સી. શાહ	હાજર
૧૩. ડૉ. જે. જે. ત્રિનોય	હાજર
૧૪. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૫. આચાર્ય યશવંતરાય ગુ. નાયક	હાજર
૧૬. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૭. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર,

૧. તા. ૧૯-૨-૧૯૬૫ના રોજ મળેલી સિન્ડિકેટની વિશેષ સભાની કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૧૯-૨-૧૯૬૫ના રોજ મળેલી સિન્ડિકેટની વિશેષ સભાની કામકાજની નોંધ નીચેના બે સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૮ પરનો સિન્ડિકેટનો રિપોર્ટ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાંતની તરફેણમાં છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

(૨) બાબત નં. ૯ પરનો સિન્ડિકેટનો રિપોર્ટ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના સિદ્ધાન્તની તરફેણમાં છે, એમ સેનેટને રિપોર્ટ કરવો."

૨. સેનેટના સભ્ય શ્રી. જે. સી. ત્રિવેદીને વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ બે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. ત્રિવેદીએ અર્થશાસ્ત્ર તથા વાણિજ્ય એમ બે અભ્યાસસમિતિનું સભ્યપદ માગ્યું છે.

(૨) અનુસ્નાતક પદવી કક્ષાએ તેમણે એગ્રિ. કૉ-ઑપરેશન અને ઑર્ગેનિઝેશન ઑફ઼ ઇન્ડસ્ટ્રી વિષય રાખ્યા હતા.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. સી. ત્રિવેદીને વાણિજ્ય વિદ્યાશાખામાં અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિ તથા વાણિજ્યની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૩. ટેસ્ટ પરીક્ષાઓના કાર્ય અંગે કૉલેજોના શિક્ષકોને યુનિવર્સિટી તરફથી મહેનતાણું આપવા અંગેના આચાર્ય એસ. સી. પાઠકના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"The teachers should be paid for these tests firstly because they are University examinations and secondly it is ridiculous to expect honest work in these days of unprecedented dearness, if it is not adequately paid."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચન મંજૂર કરવું નહિ.

૪. યુનિવર્સિટી તરફથી સ્નાતકોને અપાતાં પદવી પ્રમાણપત્રો દેવનાગરી લિપિમાં લખાયેલ સંસ્કૃત ભાષામાં આપવા અંગે શ્રી. સી. આર. પ્રાંજપેના તા. ૨૨-૧૨-૧૯૬૪ના પત્રાંક ૧૫૨માં કરેલા સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચન મંજૂર કરવું નહિ.

૫. મેડિકલ કૉલેજોમાં જુનિયર મેમ્બર્સ કે જેઓ પૂર્વસ્નાતક (Under-graduate) વર્ગોના શિક્ષણનું કામ કરતાં કરતાં અનુસ્નાતક પરીક્ષામાં પણ બેસતા હોવાથી અનુસ્નાતક પરીક્ષા વહેલી શરૂ થતાં પૂર્વસ્નાતક વર્ગના અભ્યાસ લેવામાં અગવડ ઊભી થાય છે તેથી અનુસ્નાતક પરીક્ષાઓ એપ્રિલ કે મે માસમાં રાખવા અંગે ડિરેક્ટર ઑફ઼ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીઝ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાના અભિપ્રાય માટે મોકલી આપવી.

૬. અનુસ્નાતક પરીક્ષાઓમાં જે પરીક્ષા વચ્ચે ૧૫ ટકાથી વધારે તફાવત માલૂમ પડે તો ત્રીજા પરીક્ષક પાસે તે ઉત્તરવહીઓ તપાસડાવવાની તા. ૬-૨-૧૯૬૫ની સિન્ડિકેટે બાબત ક્રમાંક ૧૨૯થી મંજૂર કરેલ છે તે અનુસાર અધ્યક્ષને કામ કરવામાં સરળતા રહે તે માટે પરીક્ષકોને અપાતી સૂચના નં. ૬૭(૩) અને ૬૭(૫) સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષકોને આપવામાં આવતી સૂચના નં. ૬૭(૩) અને ૬૭(૫)માં કશો સુધારો કરવો નહિ, અને પરીક્ષકોને આપવામાં આવતી સૂચના ૬૭(૭) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવી:

"**67(7):** The Chairman or Convener shall examine the assessments made by the two Examiners in all the cases and in any case where it is found that the variation between the first and **the** second assessments of answer-books in any paper exceeds 15%, he shall get it assessed by the third Examiner to be appointed by the Vice-Chancellor in his discretion.

In all such cases where a reference has been made to the third Examiner, the average or mean marks to be assigned to the candidate will be determined on the following basis:

(*i*) The mean between the third assessment and the assessment which is closer to it shall be taken into account, e.g.,

First	*Second*	*Third*	*Mean between*
30	54	40	30 & 40 35

(*ii*) In case where the third assessment is exactly the same as the mean between the first and second assessments, the third assessment (i.e., the mean between the first and the second assessments shall be considered as the final mean)."

૭. યુનિવર્સિટીના ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા એન્ડ દેસાઈની યુનિવર્સિટીના સને ૧૯૬૩-૬૪ના વાર્ષિક હિસાબ ઉપરની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સને ૧૯૬૩-૬૪ના હિસાબ ઉપરની ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કંપનીની ઑડિટ નોંધની નોંધ લેવી તથા તે ઉપરથી કાર્યાલયે તૈયાર કરેલા જવાબો મંજૂર કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે—

(૧) શહાદ્રા રેલવેના શેરની કિંમત અંગે તપાસ કરવી.

(૨) યુનિવર્સિટી પ્રેસના કાગળોનો સ્ટોક વર્ષમાં બે વાર લેવાનું રાખવું અને તેની કિંમતમાં જો કાંઈ વધારો માલૂમ પડે તો તેનું 'એડજસ્ટમેન્ટ' તે વખતે જ કરવાનું રાખવું.

(૩) ભવિષ્યમાં ઇન્ટર્નલ ઑડિટર્સની સાથે ઑડિટ અંગેની નોંધની ચર્ચાવિચારણા શ્રી. એકાઉન્ટન્ટે કરી લેવી અને ત્યાર બાદ આવી નોંધ તૈયાર કરવાનું તેઓએ રાખવું.

૮. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના લેક્ચરર શ્રી. આર. સી. પટેલને તા. ૧૯-૯-૧૯૬૪થી તા. ૧૮-૯-૧૯૬૫ સુધીની વધુ એક વર્ષ માટે અભ્યાસ-રજા આપવા અંગેની પુનર્વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૨૩-૬-૧૯૬૪ની સભામાં એક વર્ષ માટે, તેઓ પાંચ વર્ષ સુધી યુનિવર્સિટીને સેવા આપવાની બાંયધરી આપે અને સ્યોરિટી બૉન્ડ આપે તે શરતે મંજૂર કરેલ, જે શરતોનો શ્રી. પટેલે સ્વીકાર કરેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. સી. પટેલને તા. ૧૯-૧૦-૧૯૬૪થી તા. ૧૮-૯-૧૯૬૫ સુધીની બિનપગારી રજા આપવી, પણ તેમને સ્પષ્ટ લખી જણાવવું કે, તેમણે મોડામાં મોડા તા. ૧૮-૯-૧૯૬૫ સુધીમાં તેમના કામ પર હાજર થવું આવશ્યક રહેશે, અને બાંયધરીમાં જણાવેલી શરતોએ તેમણે તા. ૧૯-૯-૧૯૬૫થી તા. ૧૮-૯-૧૯૬૭ સુધી આ યુનિવર્સિટીના આંકડાશાસ્ત્રના લેક્ચરર તરીકે કામ કરવું આવશ્યક રહેશે.

૯. યુનિવર્સિટી કાર્યાલય અને ગ્રંથાલયમાં નીચેના કર્મચારીઓના તેમનાં નામ સામે બતાવેલ જગ્યાએ અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તે જગ્યા પર કાયમ કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	કાર્યાલય / ગ્રંથાલય	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. મોરારજી સોલંકી	પટાવાળા	કાર્યાલય	૫-૫-૧૯૬૫	૬-૫-૧૯૬૫
૨.	શ્રી. સોમાજી જેઠાજી	પટાવાળા	ગ્રંથાલય	૫-૫-૧૯૬૫	૬-૫-૧૯૬૫
૩.	શ્રી. વિઠ્ઠલભાઈ મૂળજીભાઈ પરમાર	પટાવાળા	ગ્રંથાલય	૫-૫-૧૯૬૫	૬-૫-૧૯૬૫
૪.	શ્રી. નટવરલાલ રામજીભાઈ પરમાર	પટાવાળા	ગ્રંથાલય	૫-૫-૧૯૬૫	૬-૫-૧૯૬૫
૫.	શ્રી. મોતીજી ધૂળાજી ડાભી	પટાવાળા	ગ્રંથાલય	૫-૫-૧૯૬૫	૬-૫-૧૯૬૫

ઉપરના સભ્યોની કામગીરી અંગેના આનગાં અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે, તે સૌને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	જગ્યા	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. મોરારજી સોલંકી	પટાવાળા	૬-૫-૧૯૬૫
૨.	શ્રી. સોમાજી જેઠાજી	,,	૬-૫-૧૯૬૫
૩.	શ્રી. વિઠ્ઠલભાઈ મૂળજીભાઈ પરમાર	,,	૬-૫-૧૯૬૫
૪.	શ્રી. નટવરલાલ રામજીભાઈ પરમાર	,,	૬-૫-૧૯૬૫
૫.	શ્રી. મોતીજી ધૂળાજી ડાભી	,,	૬-૫-૧૯૬૫

૧૦. યુનિવર્સિટી સ્કૂલ ઑફ ડિપ્લોમા ઇન લાઇબ્રેરી સાયન્સમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. કે. કે. ગોહિલ તા. ૧૦-૧૦-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.— તેઓ તા. ૧૨-૬-૧૯૬૪થી જોડાયા હતા અને તા. ૧૦-૧૦-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. કે. ગોહિલને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૧૧. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એન. બી. ચાવડાને તા. ૧૯-૧-૧૯૬૫થી છૂટા કર્યા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત

(નોંધ.— તેઓ યુનિવર્સિટી ગ્રંથાલયમાં તા. ૧૭-૧-૧૯૬૩થી જોડાયા હતા અને તેઓને તા. ૧૯-૧-૧૯૬૫થી છૂટા કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એન. બી. ચાવડાને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૧૨. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા શ્રી. એચ. જે. મકવાણા તા. ૨૮-૨-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— તેઓ કાર્યાલયમાં તા. ૨૯-૭-૧૯૫૬થી જોડાયા હતા અને તેઓનું રાજીનામું મંજૂર થયું હોઈ તા. ૨૮-૨-૧૯૬૫થી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એચ. જે. મકવાણાને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પ્રોવિડન્ટ ફંડની રકમ ચૂકવવી.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક શ્રી. એચ. જે. મકવાણા તા. ૨૮-૨-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યુઈટી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨૯-૭-૧૯૫૬થી જોડાયા હતા અને તેઓનું રાજીનામું મંજૂર થયું હોઈ, તા. ૨૮-૨-૧૯૬૫થી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એચ. જે. મકવાણાને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઇટીની રકમ ચૂકવવી.

૧૪. સિન્ડિકેટના તા. ૨૭-૮-૧૯૬૪ના નીચેના ઠરાવને અનુલક્ષીને 'યુનિવર્સિટી પુરસ્કાર' કઈ પરીક્ષામાં આપવો અને કઈ પરીક્ષામાં ન આપવો તે અંગેની સુધારાવધારા સાથેની યાદી મંજૂર કરવા બાબત:

સિન્ડિકેટનો ઠરાવ

તા. ૬-૬-૧૯૬૪ની સિન્ડિકેટની સભાના ઠરાવ અન્વયે ગુજરાત યુનિવર્સિટી પુરસ્કારની યોજના ઘડવા અંગે નિમાયેલી સમિતિની તા. ૪-૮-૧૯૬૪ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, 'ગુજરાત યુનિવર્સિટી પુરસ્કાર' અંગે નીચેના નિયમો મંજૂર કરવા :

(૧) આ યુનિવર્સિટીની જે પરીક્ષામાં ચંદ્રકો, ઇનામો ન અપાતાં હોય તે પરીક્ષા પૂરતો જ આ પુરસ્કાર આપવા ગોઠવણ કરવી. આવા પુરસ્કાર આપવાનું નક્કી થયા બાદ જ્યારે કોઈ પણ પરીક્ષા માટે ચંદ્રક કે ઇનામ આપવાનું નક્કી થાય ત્યારે તે પરીક્ષા માટે આ પુરસ્કાર આપવાનું બંધ કરવું.

(૨) આ પુરસ્કાર રૂા. ૧૦૦નો રાખવો તથા વિદ્યાર્થીને તેના એક જ હપ્તેથી રોકડી રકમ આપવી.

(૩) જે વિદ્યાર્થીને આ પુરસ્કાર મળતો હોય તે વિદ્યાર્થીના નંબર અને નામની જાહેરાત, શક્ય હોય ત્યાં સુધી, પરીક્ષાનું પરિણામ જાહેર કરતી વખતે કરવી.

(૪) જે પરીક્ષામાં (તબીબી વિદ્યાશાખા સિવાયની) ચંદ્રક કે ઇનામ અપાતું ન હોય તે પરીક્ષામાં નીચેની શરતોએ આ પુરસ્કાર આપવો :

(ક) એક્ઝમ્પશન રાખી બેસનાર વિદ્યાર્થીને આ પુરસ્કાર આપવામાં આવશે નહિ.

(ખ) જે વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં સૌથી વધારે ગુણ મેળવે તેને જ આ પુરસ્કાર આપવો.

(ગ) જે પરીક્ષામાં પ્રથમ વર્ગમાં કોઈ પણ વિદ્યાર્થી ઉત્તીર્ણ ન થયો હોય છતાં ઓછામાં ઓછા ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવતા વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને આ પુરસ્કાર આપવો.

(ઘ) જે પરીક્ષામાં જે વિષયો વર્ગ આપવામાં ફરજિયાત ગણાતા હોય તે વિષયોના કુલ ગુણ જ ધ્યાનમાં લઈ નં. ૧ અને/અથવા ૨ શરતો પ્રમાણે આ પુરસ્કાર આપવો. અમુક વિષયોના ગુણ પરથી જ વર્ગ આપવામાં આવે છે તે પરીક્ષાના બધા વિષયોના કુલ ગુણ આ પુરસ્કાર આપતી વખતે ધ્યાનમાં લેવાના નથી.

(૫) તબીબી વિદ્યાશાખાની પરીક્ષાઓ પૈકીની જે પરીક્ષાનું પરિણામ ગુણાંકને આધારે જાહેર થતું હોય તે પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ૬૫ ટકા ગુણ મેળવ્યા હોય તે વિદ્યાર્થીઓમાંથી સૌથી વધારે ગુણાંક પ્રાપ્ત કરી એકસાથે બધા વિષયોમાં બેસી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આ પુરસ્કાર આપવો.

(૬) માસ્ટર ઑફ એન્જિનિયરિંગની બધી બ્રાન્ચની પરીક્ષાઓમાંથી જે તે બ્રાન્ચની પરીક્ષામાં જે વિદ્યાર્થી લેખિત પરીક્ષા અને ડિઝર્ટેશનની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પસાર કરીને તથા પ્રથમ વર્ગમાં સફળ થઈને સૌથી વધુ ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થાય તેને આ પુરસ્કાર આપવો.

(૭) સદરહુ પુરસ્કાર જાન્યુઆરીથી ડિસેંબર સુધીના (કૅલેન્ડર) વર્ષનાં પરિણામોને આધારે આપવાનો રહેશે.

આ યુનિવર્સિટીની નીચે જણાવેલ પરીક્ષાઓમાં આ પુરસ્કાર આપવો નહિ :

(૧) એફ.વાય. ફાર્મ. (ડિપ્લોમા કોર્સ)
(૨) ઇન્ટર ફાર્મ. (ડિપ્લોમા કોર્સ)
(૩) ફર્સ્ટ બી.એ.એમ.એસ.
(૪) સેકન્ડ બી.એ.એમ.એસ.
(૫) થર્ડ બી.એ.એમ.એસ.
(૬) એફ.વાય. ડિપ્લોમા ઇન જર્નાલિઝમ
(૭) ડિપ્લોમા ઇન મ્યુઝિક (પ્રથમ વર્ષ)
(૮) ડિપ્લોમા ઇન મ્યુઝિક (દ્વિતીય વર્ષ)
(૯) ડી.જી.એ.
(૧૦) ડિપ્લોમા ઇન લાઇબ્રેરી સાયન્સ

નીચેની પરીક્ષાઓમાં આ પુરસ્કાર આપવો :

(૧) પ્રી-યુનિવર્સિટી સાયન્સ
(૨) પ્રી-યુનિવર્સિટી કોમર્સ
(૩) માસ્ટર ઓફ લેબર વેલ્ફેર
(૪) ફર્સ્ટ એમ.બી.,બી.એસ.
(૫) એફ.ઈ.
(૬) એસ.ઈ. (સિવિલ)
(૭) એસ.ઈ. (મિકે. અને ઇલે.)
(૮) એમ.ફાર્મ.
(૯) એલએલ.એમ.
(૧૦) એમ.એડ.
(૧૧) એમ.ઈ. (મિકે., ઇલે, અને મશીન ડિઝાઇન)
(૧૨) બી.એસસી. (એગ્રિ.)
(૧૩) બી.ડી.એસ. (બધી જ)
(૧૪) ફર્સ્ટ બી.ફાર્મ.
(૧૫) સેકન્ડ બી.ફાર્મ.
(૧૬) પ્રથમ એલએલ.બી.
(૧૭) પ્રી-યુનિવર્સિટી (એગ્રિકલ્ચર)
(૧૮) એફ.વાય. બી.એસસી. (એગ્રિ.)
(૧૯) એસ.વાય. બી.એસસી. (એગ્રિ.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી યાદીની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૧૫. સિન્ડિકેટની તા. ૫/૬-૧૨-૧૯૬૪ની સભાના ઠરાવ અનુસાર એમ.ડી., બ્રાન્ચ ૭ માટે રેસિડેન્ટ એનેસ્થેટિસ્ટ તરીકેના અનુભવને હાઉસ-પોસ્ટ કે રજિસ્ટ્રારની જગ્યાના અનુભવ તુલ્ય ગણવાનું નક્કી થયું હોવાથી ઑર્ડિ. ૨૮૨ તથા ઑર્ડિ. ૨૯૫ના સુધારેલા મુસદ્દા પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલા ઑર્ડિ. ૨૮૨ તથા ઑર્ડિ. ૨૯૫ મંજૂર કરવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(ઑર્ડિ. ૨૮૨ અને ઑર્ડિ. ૨૯૫ના સુધારેલા પાઠની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૬. યુનિવર્સિટી મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં જૂન ૧૯૬૫થી તત્ત્વજ્ઞાનના વિષયમાં એમ.એ.ની પદવી માટેનું અનુસ્નાતક શિક્ષણ આપવાનો પ્રબંધ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—અમદાવાદ વિભાગમાં તત્ત્વજ્ઞાનનું અનુસ્નાતક કેન્દ્ર હાલ ગુજરાત કૉલેજમાં ચાલે છે. ત્યાં સ્થાનિક શિક્ષકગણમાં એક શિક્ષક ખૂટે છે, જે માટે આચાર્યે શિક્ષણસંચાલકને લખ્યું છે. દરમિયાન જરૂરી સ્થાનિક શિક્ષકગણ ધરાવતી એચ. કે. આર્ટ્સ કૉલેજે કેન્દ્ર માટે અરજી કરી છે.

સિન્ડિકેટે તેની તા. ૧૮-૧-૧૯૬૫ની સભામાં આ વિષયનું શિક્ષણ યુનિવર્સિટીના સદરહુ ભવનમાં શરૂ કરવાની શક્યતા તપાસવા માટે ભવનના અધ્યક્ષશ્રી સાથે ચર્ચાવિચારણા કરવાનું સૂચવ્યું હતું તે બાબતમાં અધ્યક્ષનું વલણ તેની તરફેણમાં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ શહેરમાં તત્ત્વજ્ઞાનના અનુસ્નાતક શિક્ષણની વ્યવસ્થા જૂન ૧૯૬૫થી યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના વિદ્યાભવનમાં કરવાનું રાખવું, અને તે માટે ઘટતાં પગલાં લેવા માટે તે ભવનના અધ્યક્ષશ્રીને સૂચના આપવી.

૧૭. સેનેટે તેની તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૬૪ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલાવેલ ઑ. ૧૩૫-એ ને સેનેટે તેની તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૮. તા. ૧૧-૨-૧૯૬૫ના રોજ મળેલ યુવક કલ્યાણ સમિતિની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

(ક) હિમાલયમાં બરફની તાલીમ માટે જે શિબિર યોજવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે તે આ વર્ષે મોકૂફ રાખવો અને મનાલી કે દાર્જિલિંગમાં આવી તાલીમ માટેની જે સંસ્થાઓ ચાલે છે તેમાં યોજનાના જુદા જુદા શિબિરોમાં પર્વતારોહણ તાલીમ લીધેલા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો કે વ્યાયામશિક્ષકોમાંથી પણ વર્ષ દરમિયાન આશરે દશેક સભ્યોને, જેમને તે સંસ્થામાં પ્રવેશ મળે તેમને, ખર્ચ પેટે રૂા. ૨૫૦ની આર્થિક સહાય આપવી અને તે અંગે થનાર બીજો ખર્ચ કૉલેજ, વિભાગ કે તાલીમાર્થીઓએ મળીને ભોગવવાનો રહેશે.

(ખ) વધુમાં એમ ઠરાવવામાં આવ્યું હતું કે, આવી તાલીમ માટે એક કાયમી ગોઠવણ યોજી શકાય તે માટે આ વિભાગના એક આસિસ્ટન્ટ ડિરેક્ટરને યુનિવર્સિટીના ખર્ચે તાલીમ લેવા મોકલવા, અને આ તથા વિદ્યાર્થીઓને આપવાની આર્થિક સહાય માટે આશરે રૂા. ૩,૫૦૦નો ખર્ચ થશે તે શિબિરો માટેના રૂા. ૨૫,૦૦૦માંથી મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની બેઉ ભલામણો મંજૂર કરવી.

૧૯. તા. ૧૧-૨-૧૯૬૪ની મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની સભાના નીચેના કાર્યની નોંધ લેવા બાબત:

"આંતર-યુનિવર્સિટી યુવક મહોત્સવમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પસંદ થયેલ દરેક વિદ્યાર્થીને આંતર-યુનિવર્સિટી રમત સ્પર્ધાઓ માટે જનાર ખેલાડીઓને જે રીતે ક્રેસ્ટ આપવામાં આવે છે તે પ્રમાણે આવતા વર્ષથી આપવાનું મંજૂર કરવામાં આવે છે."

(નોંધ.—આ ક્રેસ્ટ લગાડવા માટેનો નેવી બ્લ્યૂ રંગનો કોટ જે તે ખેલાડીઓએ કે કૉલેજે પોતાના ખર્ચે લાવવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૦. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં ગુજરાતીના વિષયમાં એમ.એ.ની પદવી માટે શિક્ષણ-કાર્ય શરૂ કરવા જૂન ૧૯૬૫થી અનુસ્નાતક કેન્દ્ર માટે આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આચાર્યશ્રીએ જણાવ્યા મુજબ જૂન ૧૯૬૫થી પૂરતો સ્થાનિક શિક્ષકગણ કેન્દ્રમાં થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસ કરીને રિપોર્ટ કરવા માટે આચાર્ય રામપ્રસાદ શુક્લને જણાવવું.

૨૧. નીચેના વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે ઉત્તીર્ણ થયેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
(૧)	શ્રી. આચાર્ય નવનીતલાલ આનંદલાલ	એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર	પીએચ.ડી.
(૨)	શ્રી. કિશ્ના રામનાથન	ભૌતિકવિજ્ઞાન	પીએચ.ડી.
(૩)	શ્રી. એસ. જે. કૉન્ટ્રાક્ટર	રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૨૨. રેગ્યુ. આર્ટ્સ-૧૨ના અંગ્રેજી વિષયના અભ્યાસક્રમનો સંબંધકર્તા ભાગ સુધારવાની તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૪-૧-૧૯૬૫ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર રેગ્યુ. આર્ટ્સ-૧૨નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૧૨ના સંબંધકર્તા પાઠની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૩. દ્વિતીય વર્ષ બી.એ.ના ગુજરાતી વિષયના પ્રશ્નપત્ર ૪ના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. આર્ટ્સ-૭માં નીચે મુજબ ફેરફાર કરવા અંગેની તથા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૭ને માર્ચ-એપ્રિલ ૧૯૬૫ની પરીક્ષાથી અમલમાં મૂકવા માટે એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"*Paper IV* : Special study of one author from the following:

"Narsinh, Bhalan, Akho, Premanand, Dayaram, Narmad, Govardhanram, Nanalal, Munshi, Meghani."

Viscosity, Newton's law, Poiseuille's formula, measurement of viscocity of liquids using above formula, Comparison of viscosities, Stoke's formula; determination of viscosity of highly viscous liquids, Reyonold's number.

Kinetic theory of matter, distinction between solid, liquid and gaseous states pressure exerted by a gas from the above theory. Equation of state, principle of equipartion of energy — Avagadro's number — Production and measurement of low pressures, High vacua.

Heat :

Temperature and temperature measurement by thermometers and Pyrometers.

First law of thermodynamics — determination of mechanical equivalent of heat.

Critical temperature and general principles of liquefaction of gases.

Conduction — measurement of thermal conductivity of solids, liquids and gases.

Radiation — black body — Stefan's law of radiation — Temperature of Sum.

Isothermal and adiabatic changes. Carnot's cycle Indicator diagram.

Sound :

Longitudinal and transferse vibrations, Newton's Formula and Laplaces' correction for velocity of sound in air. Reflection Refraction of sound and formation of echoes. Effect of temperature, pressure and humidity on the velocity of sound. Velocity of sound in solids, liquids and gases. Interference, Stationary waves and beats. Transverse vibrations in strings and air columns. Resonance, Kundt's Tube, Doppler's Effect in sound, Principle of mechanical recording and reproduction of sound. Sound Ranging.

2. PHYSICS II (C., M., E.)

Light :

Refraction through a prism, dispersion and deviation, dispersive power combination of prisms to get dispersion without deviation and deviation without dispersion, direct vision spectroscope, rainbow.

Chromatic, spherical aberations, distoration, astigmatism, achromatic lenses in contact and when they are at a distance, cardinal points, thin lenses at a distance.

Velocity of light (Romer's Foucoult's and Fizeau's methods).

Spectrometer, pure and impure spectra, emission and absorption spectra, Reversal of spectral lines and Fraunhoffer's lines, phosphorence, fluorescence.

Compound microscope (magnifying power), ultra microscope, Telescope (Terristrial astronomical), Eye pieces.

Theories of light, Huygueu's construction, Reflection and Refraction on wave theory, interference, Forsenl's biprism, double mirror, Lioyd's mirror, Newton's rings, colours of thin films.

Polarisation, polarisation by reflection, Brewater's law, double refraction, Nicol's prism, polarimeter and optical activity.

Magnetism :

Deflection and vibration magnetometers; Coulomb's law by magnetometer, Terrestrial magnetism, declination, dip and horizontal intensity of the earth's field.

Magretic potential, intensity and potential due to a short magnet at any point, magnetic shell, potential due to magnetic dipole.

Magnetic permeability, susceptibility, relation between, B. H. & I. Hysteresis.

Static Electricity :

Electrostatic potential, potential gradient, electric flux, electric intensity, Gauses theorem and its simple applications.

Capacity of a conductor, energy of a charged conductor.

Condensors, capacity of parallel plate and spherical condensors with any dielectric, condensors in series and parallel, dielectric constant.

Current Electricity :

Magnetic effect of current, Laplace's law, Ampere's rule unit of current, Galvanometer (Tangent, sine astatic) field along the axis of (*i*) a circular coil, and (*ii*) a long solenoid.

Units of P.D. e.m.f. resistance, current in practical, e.m.u. and e.s.u. and their relations. Resistance and sp. resistance. Temperature coeff. of resistance 6 Ohm's law, Kirchoff's law, Wheastone's net work, Wheastone's bridge, P. O. Box resistances in series and parallel theory of shunt, grouping of cells, potentiometer, its applications and uses.

Electro magnetism, force on a conductor carrying current in a magnetic field, fleming's left hand thumb rule, Barlow's wheel principle of a motor, couple on a rectangular coil carrying current, moving coil, galvanometer, voltmeter and ammeter.

Thermo-elasticity, seeback. Peltier, and Thomson effects. Neutral temperature, temperature of inversion, law of thermo-electricity, Thermo couple as a thermometer.

Units of power and their relationship in electrical thermal and mechanical system.

Electromagnetic induction, Laws of Electromagnetic induction, Fleming right hand rule, e.m.f. current and charge in an electro-magnetic circuit, Earth Inductor, coil rotating in a magnetic field A.C. & D.C. dynamoes, simple principle of transformers, self and mutual induction, induction coil, coeff. of self and mutual induction.

Discharge of electricity through gases at various pressure, elementary treatment of break down of gases. Production and properties of cathods and X-rays, Elementary idea of radio activity, properties of L, B and *r* rays.

PHYSICS

(*Practicals*)

1. Surface tension by capillary rise
2. Young modulus of a wire
3. Resonance
4. Sonometer
5. Me'de's experiment
6. μ of a liquid by convex lens and plane mirror
7. μ of a liquid by critical angle
8. Spectrometer
9. Specific heat of liquid by Newton's Law of cooling
10. Specific heat of a solid by Regnault's apparatus
11. Boyle's law
12. Constant volume air thermometer
13. Coeff. of cubical expansion of a liquid by pyknometer
14. Conductivity (by Searle's method)
15. Relative humidity by Regnault's apparatus
16. Deflection magnetometer

17. Vibration magnetometer
18. Dip circle
19. Tangent galvanometer :
    (*a*) Verification of Ohm's law and determination of *B* plus *G*. & *K*.
    (*b*) Callibration of an ammeter
    (*c*) E1/E2 by T. G.
20. Wheastone's bridge : (*a*) Unknown resistance
    (*b*) Specific resistance
    (*c*) Laws of resistance in series and parallel
21. Resistance of a cell by Mance's method
22. Resistance of a galvanometer by Kelvin's method
23. Potentiometer :
    (*a*) E1/E2 separate and sum and difference method
    (*b*) Low resistance
    (*c*) Internal resistance of a cell
24. "J" by electrical method.
25. e–c. e. of copper.

PHYSICS

(*Term work* : 25 marks)

Every candidate shall complete a course of laboratory work as detailed in the Syllabi. Every candidate must record his observations directly in his laboratory journal and write therein a report of each experiment performed alongwith a diagramatic sketch of the apparatus used. Every exercise is to be signed by a member of the Laboratory staff and the journal is to be certified at the end of the year by the Head of the Department. Such a Journal shall be called term work in Physics and assessed by department concerned.

Practical Examination in Physics will be as under :

1. Two experiments each of 1½ hrs. duration and of 37½ marks each shall be set.
2. Every candidate shall get one experiment from each of the following groups :
   Gr. I—Mechanics, Properties of Matter, Heat and Sound.
   Gr. II—Light, Static Electricity and Current Electricity.

3. CHEMISTRY I (C., M., E.)

Chemistry Paper I — General and Inorganic Chemistry

General Chemistry :

Conditions of Chemical changes and the factors which influence them, e.g., solubility, crystallization, distillation, catalysis, Rusting of iron, Symbols, Equivalent, atomic and molecular weights and methods of their determination.

Chemical Calculations :

Modern concept of atom. Elementary ideas of valency. Periodic classification of elements. Oxidation and Reduction electrolysis and electroplating. Gaseous diffusion and its applications.

(*N.B.*—Methods of determination of molecular weights of volatile substances only, to be studied.)

Inorganic Chemistry :

Empirical formula, Molecular formula, Chemical Equations. Chemistry of important non-metals like B, C, Si, P and their important compounds.

Preparation properties and uses of rare gases He, Ar, Ne.

Metallurgy of Iron. Manufacture of Steel, Alloy steels.

Chemistry of non-ferrous metals like Hg, Cu, Ag, Au, Mg, Zn, Al, Sn, Pb, Cr, Ni, Mn, and their important alloys and salts.

4. CHEMISTRY II (C., M., E.)

Chemistry Paper II — Physical and Organic Chemistry

Physical Chemistry :

Ideal gas equation, Deviation from ideal behaviour, Van der Wall's equation.

Critical phenomenon, reduced equation of state, liquefaction of gases, joule —

Thomson effect, principle of regenerative cooling.

Hess's law of constant heat summation, heat of formation, heat of combustion, heat of reaction, heat of neutralisation.

Solutions, osmotic pressure, elevation of boiling point, depression of freezing point, Henry's law of solubility of gases.

Colloidal state, dialysis, preparation and properties of colloidal solutions, Adsorption, Elementary ideas of Theory of Electrolytic dissociation, Hydrogenion, concutration pH value, solubility product, buffer solutions, Hydrolysis and indicators.

Reversible reactions, chemical equilibrium, le Chatelier's principle; law of mass action and its application to homogeneous equilibria.

Natural radio activity, Induced radio activity, atomic fission and fusion, Isotopes and their applications, Atomic number.

Electrovalency, co-valency, co-ordinate co-valency.

Organic Chemistry :

Detection of Carbon, Halogens, Nitrogen and Sulphur in Organic substances. Empirical and Molecular formula and molecular weight.

Principles of organic chemistry as illustrated by the study of the following :

Aliphatic compounds :

Alkanes (Methane and Ethane), alkenes (Ethylene), Alkylenes (Acetylene). Alkyl halides (Ethyl chloride, Ethyl bromide, Ethyl iodide). Polyhalogen compounds (Chloroform, Iodoform, Carbon Tetrachloride).

Monohydric and polyhydric alcohols (Methonol, ethanol, ethylene; glycol, glycerol). Diethyl ether. Formaldehyde, acetaldehyde, acetone, Fatty acids (Formic, acetic, palmitic and oleic acids).

Acid derivatives—Ethyl acetate, Acetyl chloride, Acetamide, Monochloracetic acid, amino acetic acid.

Polybasic and Hydroxy acids—Oxalic, tartaric and citric acids. Elementry knowledge of glucose, fructose and canesugar and their important reactions. Ethylamine. Organometallic compounds, Grignard's reagent, lead tetra ethyl.

Aromatic compounds, Coaltar distillation, Benzene, Toluene and their reactions with halogens, Nitric acid and Sulphuric acid. General ideas about Naphthalene and Anthracene.

Benzyl Chloride and Benzyl alcohol, Benzal chloride, Benzaldehyde, Benzotri colorid, Benzoic acid.

Nitrobenzene, Aniline, acetanilide, Phenol, resorcinol, salicylic acid, ophthalic acid.

CHEMISTRY *(Practicals)*

(*a*) Qualitative analysis of a simple inorganic substance soluble in water or hydrochloric acid.

(*b*) Preparation of standard solutions:

Volumetric analysis involving acid—base and oxidation-reduction reactions.

(*c*) Gravimetric estimation of a simple inorganic substance.

(*d*) Detection of the following organic substances by simple tests.

(*N.B.*—Na fusion test not to be performed.)

Alcohol, Chloroform, Acetic acid, Benzoic acid, Salicylic acid, Benzene, Glycerol, Citric acid.

CHEMISTRY

(*Term work* : 25 marks)

Each candidate must obtain a certificate from the Head of the Chemistry Department of his college that he has completed in a satisfactory manner a practical course as laid down in the Syllabi. Every candidate must have recorded his observations in a laboratory journal and written therein a report on each exercise performed. Every journal is to be signed by a member of the laboratory staff. Such a journal duly certified by the Head of the department shall be called term-work which will be assessed by the department and marks assigned.

Practical Examination in Chemistry will be as under:

The practical Examination will be of three hours' duration and the exercise on following shall be set:

(1) One inorganic substance for qualitative analysis

(2) One organic substance for spotting.

(3) One double volumetric exercise.

(4) One gravimetric exercise—all based on the Syllabi.

5. MATHEMATICS I (C., M., E.,)

Geometry and Mechanics

Plane Geometry :

Properties of circles. Radical axis of two circles. Centres of similitude, Medial section. Construction of circles.

Solid Geometry :

Plane, Lines, skew lines, tetrahedran and parallelopiped, sections of a tetrahedran. Mensuration, Prisms, Pyramids, Cylinders and cones. Spheres, small circles and great circles, surface area and volume of spherical segments.

Mechanics :

Parallelogram law, Triangle rule, Resolution of a vecronit to components, Equilibrium of any number of concurrent forces.

Parallel forces, Moments, Couples, Centre of gravity, Determination of C. G. for simple bodies (without integration). Equilibrium of rigid body under three forces.

Velocity, Relative velocity, aculeration. Motion in a straight line with uniform aculeration.

Newton's laws, Work, Power, Energy, Motion of a projectile.

6. MATHEMATICS II (C., M., E.)

Analytical Geometry and Calculus

Analytical Geometry :

Straight line, standard equations, Pair of lines : Their condition of perpendicularity, parallelism Combined equation, bisectors of angles between them.

Circle and its important properties, Equations of tangents, polar, chord of contact of the form $\lambda^2+y^2+2g\lambda+2fy+c=0$ standard equations of the parabola, Ellipse, Hyperbola and their tangent and normal properties.

Differential Calculus :

Limits, Continuity : Differentiation of elementary functions including logarithmic and enponential functions. Product rule for differentiation and differentiation of implicit functions. Applications of derivatives : Elementary theory of maxima and minima. Approximations. Differentials.

Integral Calculus :

Integratian as inverse of differentiation standard formulae. Integration by parts.

Integral as the limit of a sum. Definite integral. Area under a curve, Volumes of a surface of revolution.

7. ENGLISH I (C., M., E.)

			Marks
(*a*) One text for detailed study		..	60
(*b*) Language : Grammar and Composition		..	40
Precis-writing	.. 10		
Amplification	.. 10		
Translation into Regional Language	.. 10		
Report writing	10		

8. ENGLISH II (C., M., E.)

(*a*) Non-detailed study of two text-books, preferably stories, playets, biographies and short poems	..	40
(*b*) Essay on general topic	..	30
(*c*) Language :		
Sentence making, using words, Idioms, etc.	..	15
Story writing or Paraphrase	..	15

Text-books recommended

Paper I :

Jules Verne : 'Twenty thousand Leagues Under the Sea' abridged), E. G. Arnold & Son Ltd.

Paper II :

1. Charles & Mary Lamb : 'More Tales from Shakespeare' (First five stories only), Longmans & Co., London
2. A. Bhattacharya : 'Pan the Piper', Oxford Uuiversity Press.

9. ENGINEERING DRAWING (C., M., E.)

Plane Geometry :

Construction and use of various scales *such as plain scales, diagonal scales, and scale of chords.* Construction for drawing curves such as parabola, ellipse, hyperbola, involute, cycloid, epicycloid, hypocycloid, archemedian spiral, four centered spiral, logarithmic spiral, helix, trochoid, interior trochoid, superior trochoid, epitrochoid and hypotrochoid, and loci of points on simple moving mechanisms. Centres of gravity and moment of inertia of plane figures by geometrical methods.

Solid Geometry :

Theory of projection and Orthographic projection : Projection of points, lines, and planes on vertical, horizontal, auxiliary, and oblique planes; projection of simple solids such as sylinders, cones, parallelopipes, prisms and pyramids with varying position of axes and ground on any plane. Sections of simple solids by planes. Projection of Helices and screw threads.

Isometric Projection : Principles, scales and projection of simple solids.

Orthographic Projection : Elementary idea of first and third angle projection, plan, elevation, end view and sections.

ENGINEERING DRAWING

(*Term work* : 50 marks)

Each candidate shall submit a set of the following sheets certified by the Principal of the College that they have been executed in a satisfactory manner in the drawing halls of the College :

1. One sheet on lettering
2. One sheet on curves and arches
3. One sheet on orthographic and isometric projections
4. Ten problems on Solid Geometry solved on drawing sheets.

The above term-work should be done on half imperial size drawing papers. This work shall be counted as term-work and assessed by the College and allotted up to a maximum of 50 marks.

10. WORKSHOP PRACTICE (C., M., E.)

Workshops :

The workshop practice will consist of —(*a*) Instructions in use of hand tools for carpentry, smithy, chipping and fitting; (*b*) demonstration in the use of hand tools in smithy, and fitting including marking, filing, fitting and tapping; (*c*) Practical work in carpentry, smithy and fitting shops; and (*d*) In addition to the work done in the practical classes, every student will submit the following jobs for assessment as term work :

1. One job in smithy
2. Two jobs for assessment in chipping, filing and fitting
3. Two jobs in carpentry.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

G.U.P. 32-250-4-65

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૫ના એપ્રિલ માસની એક સભા, શનિવાર, તા. ૩-૪-૧૯૬૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. કે. જી. બાદલાણી, શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય એમ. સી. શાહ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૯. શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર
૧૦. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર
૧૪. ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૫. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૬. આચાર્ય યશવંતરાય ગુ. નાયક	હાજર
૧૭. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	ગેરહાજર
૧૮. આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર.

૧. તા. ૬-૩-૧૯૬૫ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૬-૩-૧૯૬૫ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. શ્રી. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદને જૂન ૧૯૬૪થી માન્યતા આપવા માટે સિન્ડિકેટે મૂકેલી શરતોનું પાલન નહિ કર્યા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૧-૧૯૬૪ની સભામાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય થઈ શકે તેવી એક વધુ વ્યક્તિની નિમણૂક કરવા ઠરાવ્યું હતું.

(૨) ઉપરાંત સિન્ડિકેટે તેની તા. ૧૮-૧-૧૯૬૫ની સભામાં કરેલ ઠરાવ અનુસાર સદરહુ સંસ્થાના વડાના પરિપાલનના અહેવાલના સંદર્ભમાં, ઉપર જણાવેલ શરતનું પાલન, માન્યતા મેળવવા આવશ્યક છે, એમ પણ જણાવેલ છે.]

સદરહુ બાબત અંગે શ્રી. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરના અધ્યક્ષનો તા. ૩૦-૩-૧૯૬૫નો પત્ર રજૂ કરવામાં આવ્યો. તેમાં જણાવ્યા પ્રમાણે શ્રી. પંડિત બેચરદાસ દોશીની નિમણૂક સદરહુ વિદ્યામંદિરમાં થયેલી હોઈ તેને તા. ૧૫-૬-૧૯૬૪થી પી.એચડી.ના સંસ્કૃત-પ્રાકૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમ માટે વધુ બે વર્ષ માટે, એટલે કે તા. ૧૪-૬-૧૯૬૬ સુધી, માન્યતા આપવી.

૩. જરૂરી લાયકાત ધરાવતા અર્થશાસ્ત્ર તેમજ ઇતિહાસના વ્યાખ્યાતા મળી ન શકવાથી શ્રી. પી. એસ. પરમારને ૧૯૬૪-૬૫ના વર્ષ પૂરતું તે કામ સોંપવું પડેલ હોઈ તેમની નિમણૂક માન્ય રાખવાની શ્રી. આર. આર. લાલન કૉલેજ, ભૂજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી. પરમાર બી.એ. બીજો વર્ગ (અર્થશાસ્ત્ર સાથે) તથા એમ.એ. ત્રીજો વર્ગ (અર્થશાસ્ત્ર-ઇતિહાસ) સાથે છે. પરંતુ શૈક્ષણિક અનુભવ બિલકુલ નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પી. એસ. પરમારને ૧૯૬૪-૬૫ના વર્ષ પૂરતું અર્થશાસ્ત્રના શિક્ષણનું કામ સોંપ્યું છે તે હવે મંજૂર રાખવું, પણ સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, યોગ્ય લાયકાત ન ધરાવતા હોય તેવા શિક્ષકની નિમણૂક ભવિષ્યમાં કરવી નહિ, અને અનિવાર્ય સંજોગોમાં તેવી નિમણૂક કરવાની જરૂર પડે તો તે માટે યુનિવર્સિટીની પરવાનગી અગાઉથી મેળવવી જરૂરી છે.

૪. શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગરે ઑર્ડિ. ૧૨૦-બી પ્રમાણે ઉપકુલપતિશ્રીની મંજૂરી મેળવ્યા સિવાય એસ.વાય.બી.એ.નો વર્ગ શરૂ કર્યા અંગે તથા તે માટે જરૂરી સગવડો હજુ સુધી ઊભી નહિ કર્યા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ—અંગ્રેજી વિષય માટે ખંડ-સમયના એક તથા સંસ્કૃત વિષય માટે પૂરા સમયના એક વ્યાખ્યાતા નીમવાના બાકી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્યને ઘટતો પત્ર લખીને જણાવવું કે, ભવિષ્યમાં યુનિવર્સિટીની પરવાનગી સિવાય વધારાનો કોઈ વર્ગ કાઢવો નહિ, અને વધારાનો વર્ગ કાઢવાની પરવાનગી આપવામાં આવે તે માટે યુનિવર્સિટીએ મૂકેલી શરતોનું પરિપાલન કરીને જ તેમ કરવાનું રાખવું.

૫. યુનિવર્સિટીએ નક્કી કરેલ ઘરભાડા-ભથ્થાના નિયમોનો અમલ રાજ્ય સરકાર હસ્તકની કૉલેજોમાં થઈ શકે નહિ તે મતલબના ડિરેક્ટર ઑફ એજ્યુકેશનના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે રાજ્ય સરકારને ઘટતો પત્ર લખીને જણાવવું કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની જોગવાઈઓ હેઠળ યુનિવર્સિટીએ તેની સાથે જોડાયેલી કૉલેજોના શિક્ષકોને માટે સેવાઓની જે શરતો નિયત કરી છે, તે શરતોનું યથાર્થ પરિપાલન બીજી બિનસરકારી કૉલેજોની જેમ સરકારી કૉલેજોએ પણ કરવું આવશ્યક છે, એમ સિન્ડિકેટ અપેક્ષા રાખે છે.

૬. બાનગી સાહસથી નવી શરૂ થતી તબીબી કૉલેજોને જોડાણ આપવા માટે કોઈ ચોક્કસ નીતિ નક્કી કરવા અંગે કેન્દ્ર સરકારના આરોગ્ય ખાતા તરફથી ૧૯૬૫ના ફેબ્રુઆરી માસના આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રની નોંધ લેવી.

૭. એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની ૧૯૬૫થી લેવાનારી પરીક્ષાઓમાં પહેલા અને બીજા વર્ગ માટે ઉત્તીર્ણતાનું ધોરણ અનુક્રમે ૬૦ ટકા અને ૪૮ ટકા રાખ્યું હોઈ ૧૯૬૫ પહેલાં લેવાયેલી મજકૂર પરીક્ષાઓમાં ૬૦ ટકાથી ૬૫ ટકા અને ૪૮ ટકાથી ૫૦ ટકા ગુણ મેળવનારને યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની નિમણૂકો અંગે અનુક્રમે પહેલા અને બીજા વર્ગમાં પાસ થયેલા ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીની એમ.એ., એમ.એસસી., અને એમ.કૉમ.ની પરીક્ષામાં ૧૯૬૪ કે તે પહેલાં જે વિદ્યાર્થીઓ ઓછામાં ઓછા ૪૮ ટકા કે ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ મેળવીને ઉત્તીર્ણ થયા હોય તેવાઓને આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો, માન્ય સંસ્થાઓ કે યુનિવર્સિટીનાં ભવનોમાં શિક્ષકની જગ્યા પર નિમણૂકના હેતુ માટે અનુક્રમે બીજા અને પહેલા વર્ગના પદવીધરોની સમકક્ષતાના ધોરણવાળા ગણવાનું રાખવું અને તેવા કેસો સિન્ડિકેટની જાણ માટે મૂકવાનું રાખવું.

વધુમાં સદરહુ ઠરાવમાં ઓછામાં ઓછા જે ૪૮ ટકા કે ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણાંક નિર્દેશ કરવામાં આવ્યો છે તે ગુણાંક જે તે પરીક્ષાના પરિણામમાં અપાતા વર્ગ માટે નિયત કરવા આવેલા વિષયો કે પ્રશ્નપત્રોના તે વખતના ધોરણે ગણવાના રહેશે, એમ સ્પષ્ટતા પણ કરવામાં આવે.

૮. ઓ. ૧૨૦-એ ના સંદર્ભમાં વાણિજ્ય વિદ્યાશાખામાં કઈ કક્ષાએ પ્રાધ્યાપક અધ્યાપ્યાતાની જરૂર રહે તે અંગે વિચારણા કરવા બાબત.

ઓ. ૧૨૦-એનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

O. 120-A (*Relevant portion*) :

"(1) There shall be a Professor for every subject taught as special subject, in the Second and/or Final year of the Three-y

Degree Course in the Faculties of Arts, Science and Commerce, provided, however, that a Professor in English need not be appointed in the Faculties of Science or Commerce or if English is not taught as special subject in the Third Year B.A. Class.

(2) There shall be at least one full-time Lecturer in every subject offered at First and/or Second Year and part-time teachers and Tutors in the degree course will be permitted only where there is at least one full-time Lecturer and there is extra work which cannot be met by the full-time teachers in the subject :

Provided, however, that in the following subjects, a part-time Professor or Lecturer, as the case may be, should be considered as the minimum requirement in those subjects :

(*a*) In Commerce Faculty, Accountancy (where C.A. employed), Mercantile Law and Statistics if offered at F.Y.B.Com. as compulsory subject only;

(*b*) In all faculties, for General Education, a part-time teacher may be permitted where the rest of the work can be distributed amongst existing staff."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૨૦–એના સંદર્ભમાં વાણિજ્યની વિદ્યાશાખામાં એસ.વાય.બી.કૉમ. અને/અથવા ટી.વાય.બી.કૉમ.ના વર્ગોમાં શીખવાતા નીચેના વિષયો માટે પ્રાધ્યાપક કક્ષાના શિક્ષકો અપેક્ષિત છે એમ જૂન ૧૯૬૫થી જોડાણ માટે મૂકવામાં આવેલી શરતોની બાબતમાં ગણવાનું રાખવું :

(ક) બિઝનેસ એડ્મિનિસ્ટ્રેશન સહિત કૉમર્સ, અને (ખ) બધા જ વૈકલ્પિક વિષયો.

૯. ભારતના રાષ્ટ્રીય સહકાર સંઘના આશ્રયે "યુવક અને સહકાર" નામક અખિલ ભારતીય પરિસંવાદ એપ્રિલ ૧૯૬૫ના છેલ્લા સપ્તાહમાં બેંગલોર ખાતે યોજનાર હોઈ તેમાં હાજરી આપવા સહકારી પ્રવૃત્તિમાં રસ ધરાવનાર બે યુવક કાર્યકરોની આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૧૦. સિન્ડિકેટે તેની તા. ૧૯–૨–૧૯૬૫ની સભામાં બાબત નં. ૨૪થી ઠરાવ્યા પ્રમાણે યુનિવર્સિટીના કર્મચારીઓને આપવાના બોંધવારી તથા ઘરભાડા-ભથ્થા અંગે કાર્યાલયે તૈયાર કરેલ વિસ્તૃત નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૧. ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કું.ના તા. ૨૭-૮-૧૯૬૪ના પત્ર પ્રમાણે સરકાર, યુ.જી.સી. વગેરેને જુદી જુદી ગ્રાન્ટો અંગે જુદાં જુદાં હિસાબી સ્ટેટમેન્ટો અને તે અંગેનાં ખાસ સર્ટિફિકેટો વગેરે આપવા અંગેનું વધારાનું ઑડિટ કામ કરવા માટે વધારાના વેતનની માગણી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં જણાવેલાં ખાસ સર્ટિફિકેટો આપવા માટે ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ એન્ડ કંપનીને પ્રત્યેક પ્રમાણપત્ર દીઠ રૂા. ૫૦નું વધારાનું મહેનતાણું આપવું, અને આ ઠરાવને ૧૯૬૪-૬૫ના વર્ષમાં અપાયેલાં પ્રમાણપત્રો માટે પણ લાગુ પાડવો.

૧૨. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓ માટે બ્લૉક મેન્ટેનન્સ (નિભાવ) ગ્રાન્ટ મંજૂર કરતા રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૨૯-૧-૧૯૬૫ના ઠરાવ નં. યુ.એસ.જી. ૪૨૬૪-અ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્ય સરકારે મેન્ટેનન્સ ગ્રાન્ટ અંગે જે નીતિ અપનાવી છે તે નીતિ પ્રત્યે નીચેના મુદ્દાઓ લક્ષમાં લઈને ઘટતો પત્ર લખીને તે બાબત અંગે જરૂરી વિચારણા કરવા માટે વિનંતી કરવી :

(૧) અગાઉ મુંબઈ રાજ્ય સરકારના તા. ૨૧-૨-૫૬ના ઠરાવ નં. યુ.એસ.જી. ૧૧૫૫-યુ પ્રમાણે રાજ્યની દરેક યુનિવર્સિટીને અગાઉ, જેમ આગલા વર્ષની ગ્રાન્ટ ઉપર ૭ ટકા વધારો કરીને ગ્રાન્ટ આપવામાં આવતી હતી તે જ ધોરણે આ યુનિવર્સિટીને સને ૧૯૬૨-૬૩ અને ૧૯૬૩-૬૪નાં વર્ષો માટે મેન્ટેનન્સ ગ્રાન્ટ આપવી.

(૨) મેન્ટેનન્સ ગ્રાન્ટમાં ઉત્તરોત્તર વાર્ષિક ૬ ટકાનો વધારો આપવાનો સિદ્ધાંત ચાલુ રાખવો જોઈએ;

(૩) યુનિવર્સિટીએ અપનાવેલી યોજનાઓ માટે વિકાસ અનુદાન માટેનો સમય પૂરો થતાં ભાવિ ખર્ચમાં સમાવેશ કરવો જોઈએ;

(૪) રાજ્યની યુનિવર્સિટીઓને મેન્ટેનન્સ ગ્રાન્ટ આપવા માટેના સિદ્ધાંતમાં યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજોની સંખ્યા અને તે કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા લક્ષમાં લઈને પ્રત્યેક કૉલેજ દીઠ મેન્ટેનન્સ ગ્રાન્ટનું ઓછામાં ઓછું અમુક ધોરણ આપવાનો સિદ્ધાંત અપનાવવો જોઈએ;

(૫) ઘસારા ખર્ચ અંગેની ગ્રાન્ટ જૂના ધોરણે ચાલુ રાખવી જોઈએ;

(૬) યુનિવર્સિટીના કૅમ્પસમાં રસ્તા, રોશની, પાણીના નળ, ગટર, બાગ-બગીચા ઇત્યાદિના નિભાવ માટે મેન્ટેનન્સ ગ્રાન્ટમાં જોગવાઈ કરવી જોઈએ.

૧૩. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં નીચેના શિક્ષકવર્ગના કર્મચારીઓને અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

નં.	નામ	હોદ્દો	ભવન	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	ડૉ. એમ. એન. દેસાઈ	રીડર	વિજ્ઞાન વિદ્યાભવન	૧૪-૬-૧૯૬૫	૧૫-૬-૧૯૬૫
૨.	ડૉ. બી. એસ. વૈદ્ય	લેક્ચરર	,,	૧૯-૬-૧૯૬૫	૨૦-૬-૧૯૬૫.

ક્રમાંક	નામ	હોદ્દો	કયાં કામ કરે છે?	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૩.	શ્રીમતી પ્રભાબહેન ભગવાન ચૌહાણ	સ્ત્રી-પટાવાળા	લેડીઝ હૉસ્ટેલ	૩૧-૫-૧૯૬૫	૧-૬-૧૯૬૫
૪.	શ્રી. શનાજી દોલાજી ઠાકોર	પટાવાળા	હોસ્ટેલ	૩૧-૫-૧૯૬૫	૧-૬-૧૯૬૫
૫.	શ્રી. પાઉલ કે. પરમાર	કમ્પાઉન્ડર	હેલ્થ સેન્ટર	૧-૬-૧૯૬૫	૨-૬-૧૯૬૫
૬.	શ્રી. એ. સી. ત્રિવેદી	જુ. ક્લાર્ક	કાર્યાલય	૫-૬-૧૯૬૫	૬-૬-૧૯૬૫
૭.	શ્રી. આર. આર. ગાંધી	,,	,,	૧૦-૬-૧૯૬૫	૧૧-૬-૧૯૬૫
૮.	શ્રી. જે. આઈ. વ્યાસ	,,	,,	૧૦-૬-૧૯૬૫	૧૧-૬-૧૯૬૫
૯.	શ્રી. એન. એસ. પરમાર	ક્લાર્ક-ટાઇપિસ્ટ	,,	૧૫-૬-૧૯૬૫	૧૬-૬-૧૯૬૫.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે, નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યાએ અને તારીખે કાયમ કરવામાં આવે:

ક્રમાંક	નામ	હોદ્દો	કયાં કામ કરે છે?	કાયમ કરવાની તારીખ
૧.	શ્રીમતી ભદ્રબાલા એસ. જોશી	લેડી સુપરિન્ટેન્ડન્ટ	યુનિ. લેડીઝ છાત્રાલય	૧-૬-૧૯૬૫
૨.	શ્રીમતી પ્રભાબહેન ભગવાન ચૌહાણ	સ્ત્રી-પટાવાળા	,,	૧-૬-૧૯૬૫
૩.	શ્રી. શનાજી દોલાજી ઠાકોર	પટાવાળા	હૉસ્ટેલ	૧-૬-૧૯૬૫
૪.	શ્રી. પાઉલ કે. પરમાર	કમ્પાઉન્ડર	હેલ્થ સેન્ટર	૨-૬-૧૯૬૫
૫.	શ્રી. આર. આર. ગાંધી	જુ. ક્લાર્ક	યુનિવર્સિટી કાર્યાલય	૧૧-૬-૧૯૬૫
૬.	શ્રી. જે. આઈ. વ્યાસ	જુ. ક્લાર્ક	,, ,,	૧૧-૬-૧૯૬૫
૭.	શ્રી. એન. એસ. પરમાર	ક્લાર્ક-ટાઇપિસ્ટ	,, ,,	૧૬-૬-૧૯૬૫

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો, અને તેમને જણાવવું કે, લંબાવેલા પ્રોબેશનના સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ તો તેમને છૂટા કરવાની ફરજ પડશે:

૧. શ્રી. નાનજીભાઈ કલ્યાણભાઈ, સફાઈ કામદાર, હેલ્થ સેન્ટર
૨. શ્રી. એ. સી. ત્રિવેદી, જુ. ક્લાર્ક, યુનિવર્સિટી કાર્યાલય.

૧૭. યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	કયાં કામ કરે છે?	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. બાલાશંકર બી. ઉપાધ્યાય	ગૅલીમૅન	પ્રેસ	૨૨-૬-૧૯૬૫	૨૩-૬-૧૯૬૫
૨.	શ્રી. હાલુસિંગ એમ. ચૌહાણ	હેલ્પર	,,	૨૨-૬-૧૯૬૫	૨૩-૬-૧૯૬૫

ક્રમાંક	નામ	હોદ્દો	કયાં કામ કરે છે ?	બજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૩.	શ્રી. પ્રતાપજી એસ. ઠાકોર	હેલ્પર	પ્રેસ	૨૨-૬-૧૯૬૫	૨૩-૬-૧૯૬૫
૪.	શ્રી. કનૈયાલાલ શિ. પટેલ	,,	,,	૨૩-૬-૧૯૬૫	૨૪-૬-૧૯૬૫
૫.	શ્રી. એચ. કે. પરમાર	ગૅલીમૅન	,,	૨૩-૬-૧૯૬૫	૨૪-૬-૧૯૬૫
૬.	શ્રી. એસ. એલ. ભટ્ટ	બૉલરમૅન	,,	૨૩-૬-૧૯૬૫	૨૪-૬-૧૯૬૫
૭.	શ્રી. એમ. જી. પટેલ	,,	,,	૨૩-૬-૧૯૬૫	૨૪-૬-૧૯૬૫
૮.	શ્રી. અરવિંદ એ. ચૌહાણ	હેલ્પર	,,	૨૪-૬-૧૯૬૫	૨૫-૬-૧૯૬૫.

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને તેમનાં નામ સામે જણાવેલ જગ્યાએ અને તારીખેથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	હોદ્દો	કયાં કામ કરે છે ?	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. બાલાશંકર બી. ઉપાધ્યાય	ગૅલીમૅન	પ્રેસ	૨૩-૬-૧૯૬૫
૨.	શ્રી. હાલુસિંગ એમ. ચૌહાણ	હેલ્પર	પ્રેસ	૨૩-૬-૧૯૬૫
૩.	શ્રી. પ્રતાપજી એસ. ઠાકોર	હેલ્પર	પ્રેસ	૨૩-૬-૧૯૬૫
૪.	શ્રી. કનૈયાલાલ શિવલાલ પટેલ	હેલ્પર	પ્રેસ	૨૪-૬-૧૯૬૫
૫.	શ્રી. એચ. કે. પરમાર	ગૅલીમૅન	પ્રેસ	૨૪-૬-૧૯૬૫
૬.	શ્રી. એસ. એલ. ભટ્ટ	બૉલરમૅન	પ્રેસ	૨૪-૬-૧૯૬૫
૭.	શ્રી. એમ. જી. પટેલ	બૉલરમૅન	પ્રેસ	૨૪-૬-૧૯૬૫
૮.	શ્રી. અરવિંદ એ. ચૌહાણ	હેલ્પર	પ્રેસ	૨૫-૬-૧૯૬૫.

૧૮. યુનિવર્સિટી કાર્યાલયના જુનિયર ક્લાર્ક (ઑડિટ) શ્રી. જે. એચ. શાહ તા. ૧૦-૨-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— તેઓ યુનિવર્સિટીમાં તા. ૯-૧૧-૧૯૬૪થી જોડાયા હતા અને તા. ૧૦-૨-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. એચ. શાહને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમને પરત કરવી.

૧૯. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એસ. વી. પરમાર તા. ૧૫-૨-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ આપવા વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— તેઓ ગ્રંથાલયમાં તા. ૩-૮-૧૯૬૦થી જોડાયા હતા અને તા. ૧૫-૨-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એચ. વી. પરમારને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૨૦. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એમ. વી. પરમાર તા. ૨૮-૨-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા તથા યુનિવર્સિટીએ આપવાની રકમ આપવા વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૨-૧૨-૧૯૬૦થી જોડાયા હતા અને તા. ૨૮-૨-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. વી. પરમારને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૨૧. યુનિવર્સિટી કાર્યાલયમાં ખાલી પડેલી હેડકલાર્કની એક જગ્યા પૂરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં ખાલી પડેલી હેડકલાર્કની જગ્યા માટે વર્તમાનપત્રમાં જાહેરખબર આપીને અરજીઓ મગાવવી.

(**નોંધ.**— કાર્યાલયના જે સભ્યો અરજી કરવા ઇચ્છતા હોય તેમને અરજી કરવાની છૂટ રહેશે.)

૨૨. ઓ. ૬૬ મુજબ પ્રોફેસર ઓફ લિંગ્વિસ્ટિક્સની જગ્યા માટે વરણીસમિતિ ઉપર પ્રો. બક્ષીની જગ્યાએ (પ્રો. બક્ષીએ સદરહુ સમિતિ પર કામ કરવાની અશક્તિ દર્શાવી છે) બીજા સભ્યની નિમણૂક કરવા બાબત.

[**નોંધ.**— સમિતિ પર બીજા સભ્યો નીચે મુજબ છે:

(૧) સિન્ડિકેટના પ્રતિનિધિઓ :

૧. શ્રી. એસ. એમ. કત્રે

૨. શ્રી. એ. એમ. ઘાટગે

(૨) એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ :

ડૉ. સુનીતિકુમાર ચેટરજી.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ખાલી પડેલી જગ્યા પર અન્ય કોઈ સભ્યને ન નીમતાં શ્રી. રામપ્રસાદ બક્ષીને શક્ય હોય તો હાજર રહેવા માટે ઘટતો પત્ર લખવાનું રાખવું.

૨૩. અહમદીન કૉલેજ, જૂનાગઢના વિદ્યાર્થી શ્રી. ભટ્ટ ભૂપતરાય હરિલાલ કે જેમણે આ યુનિવર્સિટીની બી.એ.ની પરીક્ષા પસાર કરી છે, પરંતુ તે પદવી મેળવી નહિ હોવાથી એપ્રિલ ૧૯૬૫માં લેવાનારી એમ.એ.ની પરીક્ષામાં તેમને પ્રવેશ આપવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ભટ્ટ ભૂપતરાય હરિલાલને તેમણે બી.એ.ની પદવી લીધેલી ન હોવાથી એમ.એ.ની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવાની તેમની વિનંતી મંજૂર કરવી નહિ.

૨૪. એમ. ટી. બી. કૉલેજ, સુરતના બી.એ.ના (જૂના ચાર વર્ષના અભ્યાસક્રમ પ્રમાણેના) વિદ્યાર્થી શ્રી. કેરીવાલા અલ્લારખા અચુભાઈને બી.એ.માં હિંદી, ઉર્દૂ, પર્શિયન

અને મોડર્ન ઇન્ડિયા વિષયો માટે દાખલ કરવામાં આવેલા તે રેગ્યુલેશન ૧૬ મુજબ બી.એ. (સ્પેશિયલ) અથવા બી.એ. (જનરલ) માટે નિયત કરેલા વિષય-જૂથ પ્રમાણે ધોરણસર નથી. તે ભૂલ ચાલુ વરસે તેમની પરીક્ષાપ્રવેશની અરજી તપાસતાં ધ્યાનમાં આવતાં તેમને પરીક્ષાપ્રવેશ આપવામાં આવ્યો નથી તે બાબતમાં તેમની તા. ૧૨-૩-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી મંજૂર કરવી નહિ.

૨૫. એપ્રિલ ૧૯૬૫માં લેવાનાર નવા અભ્યાસક્રમ મુજબની એસ.વાય.બી.એ.ની પરીક્ષામાં બી. ડી. કૉલેજનાં વિદ્યાર્થિની કે જેઓ ગણિત (મુખ્ય) અને સ્ટેટિસ્ટિકલ મેથડ્ઝ (ગૌણ) વિષય રાખી પરીક્ષા આપનાર છે; તો આ બે વિષયોનાં દરેકનાં બે પેપર હોવાથી આ વિદ્યાર્થિનીનું પરિણામ કેવી રીતે નક્કી કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થિનીને એસ.વાય.બી.એ.ની પરીક્ષામાં બેસવા માટે, તેણે ટી.વાય.બી.એ.ના અભ્યાસક્રમમાં એક વધુ પ્રશ્નપત્ર જે હવે પછી નિયત કરવામાં આવશે, તે કરવાનું રહેશે, તે સ્પષ્ટતા સાથે પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એસ.વાય.બી.એ.નું તેમનું પરિણામ એસ.વાય.બી.એ.ના તેમના હાલના અભ્યાસક્રમ હેઠળના પ્રશ્નપત્રોમાં તેમને મળેલા ગુણને ધોરણે તેઓ ઉત્તીર્ણ થતાં હોય તો તેમનું પરિણામ જાહેર કરતી વખતે તેમને ટી.વાય.બી.એ. માટે, ઉપર (૧)માં જણાવેલ વધારાના પ્રશ્નપત્રમાં પાસ થવું આવશ્યક રહેશે તે સ્પષ્ટતા કરવી.

૨૬. બી.એસસી. અને એમ.એસસી. માઇક્રોબાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે સિન્ડિકેટે મંજૂર કરેલ સ્ટાફ અપૂરતો હોવાથી તે અંગે ગાર્ડા કૉલેજ, નવસારીના આચાર્યશ્રીએ સૂચવ્યા પ્રમાણે સ્ટાફની જોગવાઈ કરવા તથા વિચારણા કરવા એસ.વાય.બી.એસસી. માઇક્રોબાયોલોજીનો લેબોરેટરી સ્ટાફ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨૭. નવા ત્રિવાર્ષિક અભ્યાસક્રમ મુજબ લેવાનાર સેકન્ડ ઇયર બી.એ.ની પરીક્ષામાં ફરજિયાત અંગ્રેજીના વિષયમાં ફાઇનલ બી.એ.ના ફરજિયાત અંગ્રેજીની જેમ મોડરેશન પદ્ધતિ રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—જૂના અભ્યાસક્રમ મુજબની બી.એ.ની પરીક્ષામાં ફક્ત ફરજિયાત અંગ્રેજીના વિષયમાં મોડરેશન પદ્ધતિ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, એસ.વાય.બી.એ.ની પરીક્ષામાં ફરજિયાત અંગ્રેજીના વિષયમાં મોડરેશનની પદ્ધતિ ચાલુ વર્ષથી દાખલ કરવી, અને તે માટે મોડરેટરો અને જરૂર પડયે વધારાના પરીક્ષકો નીમવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

૨૮. પર્શિયન, ઉર્દૂ જેવા વિષયો કે જેના પ્રશ્નપત્રો અમદાવાદ કેન્દ્ર સિવાય અન્યત્ર છાપવામાં આવતા નથી તેની સાઇક્લોસ્ટાઈલ નકલો કાઢવા માટે જે દર નક્કી કરવામાં આવ્યા છે તેમાં ૧૦૦થી વધુ નકલો માટેના દર નક્કી કરેલા નથી તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—નક્કી કરવામાં આવેલા દર નીચે પ્રમાણે છે:

Number of copies cyclostyled per question-paper:

(1) 1–50..Re. 1 for each copy up to a Maximum of Rs. 25/–

(2) 51–100.. Rs. 35/–

(3) More than 100..Rs. 50/–]

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રશ્નપત્રોની સાઇક્લોસ્ટાઈલ નકલો કરવા માટે પ્રાધ્યિકોને આપવાના મહેનતાણાનો હાલનો દર સુધારીને નીચે મુજબ રાખવો:

(1) Rs. 25/– for the first 50 copies or a part thereof;

(2) Rs. 10/– for every second or subsequent 50 copies of a part thereof.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ દરનો અમલ ચાલુ વર્ષથી કરવાનું રાખવું.

૨૯. અનુસ્નાતક શિક્ષણ બાબતના નિયમો અંગે વિચારણા કરવા સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૧૨-૧૯૬૪ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અહેવાલ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અમદાવાદમાં વિદ્યાભવનો ઉપરાંત બીજી કોઈ કૉલેજ કે સંસ્થામાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાનો પ્રશ્ન પણ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને અભિપ્રાય માટે મોકલી આપવો.

૩૦. રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતમાં જૂન ૧૯૬૫થી ગુજરાતીના વિષયમાં એમ.એ.ની પદવી પરીક્ષાના શિક્ષણ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા આવેલ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૧૮-૨-૧૯૬૫ની સભામાં સ્થાનિક તપાસ માટે આચાર્ય ય. પ્રા. શુક્લની નિમણૂક કરેલી, પરંતુ તેઓશ્રી પરદેશ જતા હોઈ તેઓની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) પેટલાદ કૉલેજ, પેટલાદ અને રજની પારેખ આર્ટ્સ એન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત બન્નેએ ગુજરાતીના વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે અરજીઓ કરેલી અને આચાર્ય ય. પ્રા. શુક્લને તે કઈ જગાએ સ્થાપવું તે માટે ભલામણ કરવાની હતી.

(૨) પેટલાદ કૉલેજ, પેટલાદે પોતાની અરજી પાછી ખેંચી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્ય ય. પ્રા. શુક્લને બદલે આચાર્ય ડી. પી. ઠાકરને સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસ માટેનું કામ સોંપવું.

૩૧. સેનેટે તેની તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૬૪ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલાવેલ ઑ. ૧૩૫-એ ને સેનેટે તેની તા. ૧૭/૧૮-૧૦-૧૯૬૪ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે પાછો મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૩૫-એ ના મુસદ્દો નીચેના મુદ્દાને અનુલક્ષીને સુધારીને રજૂ કરવો :

(૧) કમાણી માટે કામમાં રોકાયેલા વિદ્યાર્થીઓને એન.સી.સી.ની તાલીમમાંથી મુક્તિ આપવામાં આવે, અને તે અંગેની સત્તા જે તે કૉલેજના આચાર્યને આપવામાં આવે;

(૨) વાજબી કારણ હોય તો એન.સી.સી.ની તાલીમમાં જોડાયેલ વિદ્યાર્થીઓને તે વધુ ૧૫ પરેડો ભરે તે શરતે વાર્ષિક કૅમ્પમાંથી મુક્તિ આપવા માટે આચાર્યને સત્તા આપવામાં આવે;

(૩) જે તબીબી પ્રમાણપત્રના આધારે મુક્તિ આપવામાં આવે તે તબીબી પ્રમાણપત્ર યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓની તબીબી તપાસ માટે માન્યતા આપેલ હોય તેવા તબીબ પાસેથી હોય તોપણ ચાલી શકે, તે મુજબની જોગવાઈ કરવી.

૩૨. ભારત સરકારના નેશનલ બિલ્ડિંગ ઑર્ગેનાઇઝેશન તરફથી મદ્રાસ ખાતે ૨૬મી એપ્રિલ ૧૯૬૫થી ૧૨ અઠવાડિયાં માટે "ઇકોનોમિક ડિઝાઇન ઑફ મલ્ટિસ્ટોરીડ બિલ્ડિંગ"ની તાલીમ માટે યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે, મજકૂર સંસ્થાના જૉઇન્ટ ડિરેક્ટર તરફથી આવેલા તારીખ ૨૫-૨-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ તાલીમ માટે આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૩૩. નીચેના વિદ્યાર્થીના મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવી માટે સ્વીકારવામાં આવ્યો હોવાનું જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
શ્રી. ઉમેશ એસ. પાઠક	કેમિસ્ટ્રી	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૪. નીચે જણાવેલ બિનસરકારી કૉલેજો હજુ સુધી યુનિવર્સિટીના નિયમ મુજબ શિક્ષકોને ઘરભાડું આપતી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ

(૨) ઇન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદિક સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ, જામનગર.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજોના આચાર્યોને જણાવવું કે, શિક્ષકોનાં ઘરભાડાં-ભથ્થાં અંગેના યુનિવર્સિટીના નિયમોનું યથાર્થ પરિપાલન કરવું તે જોડાયેલી કૉલેજોની ફરજ છે અને તેમ કરવામાં હવે વિશેષ વિલંબ કરવો નહિ.

૩૫. યુનિવર્સિટીએ બંધાવેલાં કર્મચારીઓનાં રહેઠાણોના બચત પેટે રાજ્ય સરકારે તેના હિસ્સાના રૂા. ૬૬,૬૬૬ની ગ્રાન્ટ મંજૂર કરી તેની નોંધ લેવા બાબત તથા આ ગ્રાન્ટ મંજૂર કરતા ઠરાવ નં. યુ.એસ.જી. ૧૧૬૨-બ માં જણાવેલી શરતો સ્વીકારવાની બાંયધરી આપવા ઉપકુલપતિશ્રીએ શ્રી. રજિસ્ટ્રારને સત્તા આપ્યાના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૬. ગુજરાતી ભાષામાં લોકભોગ્ય પુસ્તકો તૈયાર કરાવવાની શ્રેણીમાં "ગુજરાતમાં સામાજિક પરિવર્તન" એ વિષય પર પુસ્તિકા લખવાનું કામ પ્રો. અક્ષયકુમાર ર. દેસાઈને સોંપવાનું ઠરાવ્યું હતું, પરંતુ તે માટેના કરારની શરતો તેમને માન્ય ન હોવાથી તેમણે સદરહુ કામ હાથ ધરવા અશક્તિ દર્શાવેલી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પબ્લિકેશન બોર્ડની વિચારણા માટે મોકલવી.

૩૭. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૨૨-૨-૧૯૬૫ની સભાની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત:

"(૧) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, હવે પછી પુસ્તકોના અનુવાદ કે મૌલિક કામ માટે અનુવાદક કે લેખક સાથે કરાર થાય ત્યારે તેમને નીચે પ્રમાણેના દરે મહેનતાણું આપવું અને તે પ્રમાણે કરારના મુસદ્દામાં ઘટતો ફેરફાર કરવો:

(ક) મૌલિક લખાણના કામ માટે દર ૩૦૦ શબ્દ દીઠ રૂા. ૮ના દરે મહેનતાણું આપવું.

(ખ) દરેક વિષયના અનુવાદના કામ માટે મૂળ અંગ્રેજી પુસ્તકના દર ૩૦૦ શબ્દ દીઠ રૂા. ૬ ના દરે અનુવાદકને મહેનતાણું આપવું.

(ગ) જોઈતપાસી જવા અંગેના અગાઉ મંજૂર કરેલા દરમાં કોઈ ફેરફાર કરવો નહિ તેમ જ જરૂર પડે વધારાનો ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો રાખવો.

(૨) (ક) જે હસ્તપ્રતો મળી છે તેની નામાવલિ સાથે ગુજરાતનાં તેમ જ મુંબઈમાંનાં પસંદ કરેલાં વર્તમાનપત્રોમાં જાહેરાત આપી મુદ્રણ, બાઇન્ડિંગ, પ્રૂફરીડિંગ, ઇત્યાદિના ભાવ મગાવવા.

(ખ) જે ખાનગી પ્રકાશકો સદરહુ કામનું પ્રકાશન હાથ ધરવા તૈયાર હોય તેમને તે કામનું મુદ્રણ-બાઇન્ડિંગનું કામ સોંપવા તેમની પાસેથી પણ ભાવ મગાવવા."

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશન વહીવટી સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૩૮. નીચે જણાવેલી સંસ્થાઓ તરફથી જૂન ૧૯૬૬થી નવી કૉલેજો કે નવી વિદ્યાશાખાઓ શરૂ કરવા માટે આવેલ જોડાણઅરજીઓના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત:

ક્રમાંક	સંસ્થાનું નામ	સ્થળ	અભ્યાસક્રમ
(૧)	વિકાસ વિદ્યાલય, વઢવાણ શહેર (નોંધ.—શ્રીમતી એમ. એમ. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, વઢવાણ શહેર, જે હાલમાં	વઢવાણ શહેર	ફર્સ્ટ ઇયર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે પ્રથમ જોડાણ.

ક્રમાંક	સંસ્થાનું નામ	સ્થળ	અભ્યાસક્રમ
	એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી સાથે જોડાયેલી છે તે કૉલેજને આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કરવા માટેની અરજી છે.)		
(૨)	કલોલ તાલુકા કેળવણી મંડળ, કલોલ	કલોલ	૧. ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું વધારાનું જોડાણ ૨. બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી તથા બી.એ. (સંયો.)માં હિંદી, સંસ્કૃત, અંગ્રેજી, મનોવિજ્ઞાન, ફારસી આંકડા-શાસ્ત્ર અને ઇતિહાસનું કાયમી જોડાણ ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું પ્રથમ જોડાણ ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે પ્રથમ જોડાણ ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે પ્રથમ જોડાણ ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે પ્રથમ જોડાણ.
(૩)	નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ, સુરત	સુરત	
(૪)	શ્રી. કચ્છ લોહાણા કેળવણી જનરલ ફંડ, મુંબઈ	માંડવી	
(૫)	નવયુગ એજ્યુકેશન સોસાયટી, પોરબંદર	પોરબંદર	
(૬)	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઓરસદ	ઓરસદ	

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલ કૉલેજોનાં જોડાણની માગણી બાબતમાં તેમનાં નામ સામે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

ક્રમાંક	કૉલેજનું નામ		સભ્યોનાં નામ
(૧)	વિકાસ વિદ્યાલય, વઢવાણ શહેર	...	(૧) શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ (૨) શ્રી. પ્રિયબાળા જે. શાહ
(૨)	કલોલ તાલુકા કેળવણી મંડળ, કલોલ	...	(૧) આચાર્ય જે. બી. સાણ્ડિલ (૨) આચાર્ય પુ. ગ. માવળંકર
(૩)	નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ, સુરત	...	(૧) આચાર્ય ય. ગુ. નાયક (૨) આચાર્ય ચિમનભાઈ જે. પટેલ
(૪)	શ્રી. કચ્છ લોહાણા કેળવણી જનરલ ફંડ, મુંબઈ	...	(૧) આચાર્ય એમ. સી. શાહ (૨) આચાર્ય એન. વી. નાયક
(૫)	નવયુગ એજ્યુકેશન સોસાયટી, પોરબંદર	...	(૧) આચાર્ય એચ. ડી. નોરોન્હા (૨) આચાર્ય એ. આર. રાવ
(૬)	આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઓરસદ	...	(૧) આચાર્ય જે. જે. ત્રિવેદી (૨) આચાર્ય સી. એમ. પટેલ.

૩૯. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાં અંગ્રેજીનો સીનિયર સર્ટિફિકેટ કોર્સ શીખવવા માટે મંજૂરી માગતી સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદને અંગ્રેજીનો સીનિયર સર્ટિફિકેટ અભ્યાસક્રમ શીખવવા માટે પરવાનગી આપવી.

૪૦. પી. ડી. એમ. ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટે ૧૯૬૪-૬૫ના શૈક્ષણિક વર્ષ દરમિયાન ભૂગોળના વ્યાખ્યાતા વિના શિક્ષણકાર્ય ચલાવ્યા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ઇતિહાસના વ્યાખ્યાતા ભૂગોળના શિક્ષણનું કાર્ય સંભાળતા હતા.

(૨) સદરહુ શિક્ષક, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ સાથે એમ.એ.માં દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થયેલ છે.

(૩) આચાર્યશ્રી જણાવે છે કે સરતચૂકથી આ માહિતી યુનિવર્સિટી કાર્યાલયને મોકલવી રહી ગઈ હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષકોના ફેરફાર અંગેની માહિતી યુનિવર્સિટીના કાર્યાલયને તાત્કાલિક આપવી જરૂરી છે અને યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક ખાસ સંજોગોમાં કરવી પડે તો તે માટે યુનિવર્સિટીની અગાઉથી મંજૂરી મેળવવી આવશ્યક છે તેમ સદરહુ કૉલેજના આચાર્યને ઘટતો પત્ર લખીને જણાવવું.

૪૧. નીચે જણાવેલ કામચલાઉ ઑ. ૧૨૦-ડીની મુદત ચાલુ શૈક્ષણિક વર્ષ ૧૯૬૪-૬૫ પછી પૂરી થાય છે તો તે અંગે વિચારણા કરવા બાબત:

"O. 120-D :

Notwithstanding anything contained in Ordinance 120-B and the maximum limit of 1500 students laid down therein the Vice-Chancellor may at his discretion allow a College to admit 50% more students in place of 10% per division of 100 students in the Pre-University Sciene and the First Year B.Sc. classes only for the academic year 1964-65.

That this ordinace having been framed in view of the special circumstances that have arisen this year, the operation of this ordinance shall cease from the close of the academic year 1964-65."

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખાની જે કૉલેજોમાં ૧૯૬૪-૬૫ના વર્ષ દરમિયાન ઉપરના કામચલાઉ ઑર્ડિ. ૧૨૦-ડી અન્વયે વધારાના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા હોય તેવી કૉલેજોને જણાવવું કે, સદરહુ કામચલાઉ ઑર્ડિ. ૧૨૦-ડીના અમલની મુદત પૂરી થઈ હોવાથી વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૬૫-૬૬ના વર્ષથી ઑર્ડિ. ૧૨૦-બી પ્રમાણે મર્યાદિત કરવાની રહેશે; તેમ છતાં જે વિદ્યાર્થીઓને જે તે કૉલેજમાં ૧૯૬૪-૬૫ના વર્ષ દરમિયાન દાખલ કરવામાં આવ્યા હોય તે વિદ્યાર્થીઓ પૈકી કોઈ વિદ્યાર્થીને ઑર્ડિ. ૧૨૦-બીની સંખ્યા-મર્યાદાને કારણે પ્રવેશ આપવાનું અશક્ય

હોય તો તેવા કેસોમાં નીચેની શરતોએ વધારાના વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે જે તે કૉલેજને પરવાનગી આપવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) સંબંધકર્તા વર્ગમાં અન્ય કૉલેજ કે યુનિવર્સિટીમાંથી આવતા કોઈ પણ વિદ્યાર્થીને દાખલ કરવામાં આવે નહિ;

(૨) કૉલેજમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦૦થી અને વર્ગના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૧૦થી વધારવાનું જેટલે અંશે અનિવાર્ય હોય તેટલે અંશે જ વધારવી.

૪૨. ડિપ્લોમા ઇન ફાઇન આર્ટ્સના નાટ્યના ડિપ્લોમા અભ્યાસક્રમ અંગેના પહેલા વર્ષના અભ્યાસક્રમના રેગ્યુલેશનોને રે. ફાઇન આર્ટ્સ-૧ અને રેગ્યુ. ફાઇન આર્ટ્સ-૨ તથા બીજા વર્ષના અભ્યાસક્રમના રેગ્યુલેશનોને રેગ્યુ. ફાઇન આર્ટ્સ-૩ ક્રમાંક આપ્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૩. લજપતરાય શતાબ્દી સમિતિ દિલ્હી તરફથી દિલ્હી ખાતે મે ૧૯૬૫ના પહેલા અઠવાડિયામાં લજપતરાય શતાબ્દી અંગેના કેમ્પ માટે યુનિવર્સિટી તરફથી બે યુવાન પ્રતિનિધિઓ (શિક્ષક કે વિદ્યાર્થી)ને મોકલવા માટે મજકૂર કમિટીના આવાહક તરફથી આવેલા તા. ૧૪-૩-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કેમ્પમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૪૪. કાયદાની વિદ્યાશાખાની તા. ૨૬-૨-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પરીક્ષકો વચ્ચે ઉત્તરવહીઓ તપાસવાના કામની વહેંચણી કરવાનું તથા જુદા જુદા પરીક્ષકો તરફથી આવેલ માર્કશીટ યુનિવર્સિટીને ચેરમેન મારફતે જ મોકલવાનું રાખવું. માર્કશીટના ટોટલ તથા આખા રિઝલ્ટશીટનું કામ યુનિવર્સિટી કાર્યાલયે કરવાનું રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે, કાયદાની વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ, અને પરિણામ તૈયાર કરવાની હાલની પદ્ધતિમાં કશો ફેરફાર કરવો નહિ.

૪૫. બી.એ. એક્સ્ટર્નલ પરીક્ષાના ઑર્ડિ. ૧૭૪-એલ માં ઉમેરો કરી પરીક્ષા ફી પરત કરવા અંગેની નીચે મુજબ જોગવાઈ કરવા બાબત :

"Examination fees once paid shall not be refunded except in the circumstances and to the extent mentioned below :

Where a candidate is not in a position to appear at the examination for any reason and sends in an application so as to reach the Registrar on or before 10th of February in case of March/April Examination and 20th August in case of October/November Examination, full fees shall be refunded."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૭૪માં ઉપર મુજબનો ઉમેરો કરીને તે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૪૬. ગુજરાત યુનિવર્સિટીની કૉલેજો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૩-૧૧-૧૯૬૪ના પત્રાંક ડી.ઓ. ૪૧-૯-૫૭ (એચ.)થી સ્વીકારેલ નીચેનાં પગારધોરણોને યુનિવર્સિટીનાં પગારધોરણો તરીકે અપનાવવાના આચાર્ય ય. પ્રા. શુક્લના સૂચન પર વિચારણા કરવા બાબત:

(૧) સીનિયર લેક્ચરર ... રૂા. ૩૫૦-૨૫-૭૦૦
(૨) લેક્ચરર ... રૂા. ૨૫૦-૧૫-૪૦૦-૨૦-૫૦૦

[નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૪-૨-૧૯૬૪ અને તા. ૧૧-૪-૧૯૬૪ની સભાઓમાં સ્વીકારેલાં પગારધોરણો નીચે મુજબ છે:

(૧) પ્રાધ્યાપક (પ્રોફેસર) ... રૂા. ૩૫૦-૧૫-૫૦૦-૨૦-૭૦૦
(૨) વ્યાખ્યાતા (લેક્ચરર) ... રૂા. ૨૫૦-૧૦-૪૦૦-૧૫-૪૭૫
(૩) પ્રાધ્યાપક અને વ્યાખ્યાતાની વચ્ચેના શિક્ષકો (જેમ કે આસિસ્ટન્ટ પ્રોફેસર)નું પગારધોરણ એટલે કે રૂા. ૩૫૦-૧૫-૫૦૦-૨૦-૭૦૦ અને રૂા. ૨૫૦-૧૦-૪૦૦-૧૫-૪૭૫ની વચ્ચેનું રાખવું.
(૪) ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટર (અનુસ્નાતક પદવી ધરાવતા) ... રૂા. ૧૮૦-૧૦-૩૦૦
(૫) ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટર (સ્નાતક પદવી ધરાવતા) ... રૂા. ૧૩૦-૧૦-૨૫૦
(૬) વ્યાયામ શિક્ષક ... રૂા. ૧૮૦ ૧૦-૩૦૦]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. આચાર્ય, શામળદાસ કૉલેજ, ભાવનગર તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૬૫થી એમ.એ. પદવી તત્ત્વજ્ઞાન વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ તેમની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિયમ મુજબ પૂરતો સ્થાનિક શિક્ષકગણ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે આચાર્ય આઈ. વી. ત્રિવેદી અને પ્રોફેસર આર. સી. બડવેની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી.

૪૮. સુરત વિભાગમાં નીચે જણાવેલાં અનુસ્નાતક કેન્દ્રોએ વર્ષ ૧૯૬૨-૬૩ના અંતે રહેલ બચત પરત કરી નથી તો આ બાબતમાં હવે શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજનું નામ	૧૯૬૨-૬૩ના વર્ષના અંતે રહેલી બચત
(૧)	સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ સુરત	... રૂા. ૧૮,૮૦૧-૨૮ પૈસા
(૨)	એમ. ટી. બી. કૉલેજ, સુરત	... રૂા. ૪૦,૪૪૦-૧૫ ,,
(૩)	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	... રૂા. ૫૫,૭૫૧-૬૮ ,,

(નોંધ.— કાર્યાલયની તા. ૧-૨-૧૯૬૫ની નોંધ ઉપરથી સિન્ડિકેટે તેની ફેબ્રુઆરી ૧૯૬૫ની સભામાં સ્ટે. ૧૨૧-આઈ ૨૬ કરવા સેનેટની તા. ૧૧/૧૨-૩-૧૯૬૫ની સભાને ભલામણ કરેલી, પરંતુ સમયના અભાવે આ બાબત સેનેટની સભામાં વિચારણા માટે આવી શકી ન હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. યુનિવર્સિટીના કર્મચારીઓની સેવાઓની શરત નં. ૧૩(એ) અને ૧૩(બી) અનુસાર ચોકીદાર શ્રી. મૂળજી કાળુજીને ઉપકુલપતિશ્રીના આદેશથી કરવામાં આવેલી બરતરફી ઉપર તેમની તા. ૧૮-૩-૧૯૬૫ના રોજ કરેલી અપીલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. મૂળજી કાળુજીની અપીલ નામંજૂર કરવી અને તેમની બરતરફીનો ઉપકુલપતિશ્રીનો નિર્ણય કાયમ રાખવો.

૫૦. યુનિવર્સિટી છાત્રાલયના હોસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટની જગ્યા માટે તા. ૨-૪-૧૯૬૫ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨-૪-૧૯૬૫ની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક મદદથી ભાષા અંગેના પરિસંવાદના અધ્યક્ષ તરીકે કામ કરવા માટે પ્રો. કે. આર. ચંદ્રશેખરનને રૂા. ૩૦૦નું માનદ વેતન લેવા મંજૂરી આપવા તેમના તા. ૨૭-૩-૧૯૬૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— પરિસંવાદ તા. ૨૫-૧૨-૧૯૬૪થી તા. ૧-૧-૧૯૬૫ સુધી ચાલેલો. તેનો પૂરેપૂરો ખર્ચ યુ.જી.સી.એ. આપેલો છે. જે ખર્ચ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કર્યું છે તેમાં માનદ વેતનના રૂા. ૩૦૦ની રકમનો પણ સમાવેશ થઈ જાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદના સંચાલન માટે પ્રોફેસર કે. આર. ચંદ્રશેખરનને રૂા. ૩૦૦નું માનદ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૫૨. રાજ્ય સરકાર તરફથી ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ વિકાસ માટેની યોજના અંગે તેમના ફાળાની ગ્રાન્ટ આપવાનું મંજૂર કરતા તા. ૧૬-૩-૧૯૬૫ના પત્રાંક યુ.એસ.જી. ૬૧૬૪-ખ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી, અને ટીચર-હોસ્ટેલના બાંધકામ અને 'વોટરકૂલરો'ની ખરીદીના ખર્ચ પેટે રાજ્ય સરકારને તેના હિસ્સાની ગ્રાન્ટ આપવા માટે ઘટતો પત્ર લખીને વિનંતી કરવી.

૫૩. ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટીના શિક્ષકગણના પગારસુધારા માટે રાજ્ય સરકારે તેમના ફાળાની ગ્રાન્ટ આપવાનું સ્વીકારવા અંગેના તા. ૨૨-૩-૧૯૬૫ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૬૪-ખ પર વિચારણા કરવા તથા આ અંગેનો સ્ટેચ્યૂટ ૨૦૪ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલાં પગારધોરણો અપનાવવા માટે સ્ટે. ૨૦૪ના પાઠમાં ઘટતો સુધારો કરીને તેનો મુસદ્દો સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૫૪. ફાઇનાન્સ સમિતિની તા. ૧-૪-૧૯૬૫ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૧-૪-૧૯૬૫ના રોજ સદરહુ સમિતિની સભા ફોરમના અભાવે મળી શકી ન હતી, તેથી તે અંગે કશું વિચારવાપણું રહ્યું નહિ.

૫૫. "ઓર્ગેનાઇઝેશન ઑફ સમર ઇન્સ્ટિટ્યૂટ ફોર સાયન્સ એન્ડ મેથેમેટિક્સ ટીચર્સ" અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૨૭-૨-૧૯૬૫ના પત્રાંક એફ. ૮-૨૫-૧૯૬૪ (એસ.આઈ.)થી રૂા. ૩૦,૦૦૦નો ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત અને તે અંગેનું અંદાજી ખર્ચ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગે ખર્ચનો અંદાજ મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ અંદાજી ખર્ચની વિગતો પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૫૬. અંગ્રેજી માટેના રાજકોટ તથા અમદાવાદ મુકામે પરિસંવાદો યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના તા. ૧૪-૩-૧૯૬૪ના પત્રાંક એફ. ૩૪-૬૩-૬૨ (એસ.એસ.)થી રૂા. ૧૪,૮૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યા અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૭. "ઇન્ટ્રોડક્શન ઑફ જનરલ એજ્યુકેશન" ઉપર તા. ૧૦-૭-૧૯૬૪થી તા. ૧૨-૬-૧૯૬૪ દરમિયાન યોજવામાં આવેલ પરિસંવાદ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૧૫-૩-૧૯૬૫ના પત્રાંક એફ. ૬૮-૧૩-૬૧-(સી)થી રૂા. ૨,૩૪૦-૮૬ પૈસાની ગ્રાન્ટ મંજૂર કરેલ તે અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૮. ભારત સરકારની આર્થિક સહાય દ્વારા પ્રકાશિત થનારાં પુસ્તકોની વેચાણ-કિંમત નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૯. મદ્યાર્કનિરોધ અંગેના વૈજ્ઞાનિક અભ્યાસ માટેની ભારતીય સંસ્થા તરફથી મુંબઈ ખાતે તા. ૧૬થી ૨૮મી મે ૧૯૬૫ દરમિયાન યોજાયેલા પરિસંવાદમાં યુનિવર્સિટી તરફથી એક યા બે તાલીમીઓને ભાગ લેવા મોકલવા અંગે સંસ્થા તરફથી આવેલા તા. ૨૪-૩-૧૯૬૫-ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૬૦. ધર્મોના ઇતિહાસના આંતરરાષ્ટ્રીય મંડળ તરફથી ક્લેરમોન્ટ, કેલિફોર્નિયા ખાતે સને ૧૯૬૫ના સપ્ટેમ્બરની તા. ૬ઠ્ઠીથી ૧૧મી દરમિયાન મળનાર ૧૧મી આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભારતમાંથી ભાગ લેવા જનારા પ્રતિનિધિઓનાં સૂચવાયેલાં નામો ઉપરાંત વધુ નામો સૂચવવા ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા એન્ડ સિલોનના મંત્રી પર આવેલા પત્રના સંદર્ભમાં તેમણે પાઠવેલા તા. ૨૫-૩-૧૯૬૫ના પત્રાંક એમ-૫-૬૪-૬૫-૬૯૦૮-૬૯૬૩ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૬૧. ફિઝિક્સની અભ્યાસસમિતિની તા. ૧૮-૧-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"એમ.એસસી., પાર્ટ ૧ અને પાર્ટ ૨, અંગેના અભ્યાસક્રમ અંગેની મર્યાદાઓ સમજાવવા માટે એથી ત્રણ દિવસનો એક ગ્રીષ્મ પરિસંવાદ યોજવા અભ્યાસસમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે પરિસંવાદ યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને આર્થિક સહાય માટે વિનંતી કરવી.

૬૨. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૮-૧-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"Resolved to recommend to the Syndicate that the remuneration to Examiners in Physics Practicals at Pre-University Science Examination should be fixed at the same rate as in the F.Y.B.Sc. Physics Practical Examination as the duration of the examination and the marks at Pre-University Science Examination are the same as those of F.Y.B.Sc. Examination."

પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની ભૌતિકવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા અંગે પરીક્ષકોનાં મહેનતાણાંનો દર સિન્ડિકેટની તા. ૬-૩-૧૯૬૫ની સભાની બાબત નં. ૭૬ અન્વયે નક્કી થઈ ગયેલો હોઈ, સદરહુ બાબત અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

૬૩. પંજાબ સરકારની કૉલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશન, પતિયાળામાં એમએડ.નો એક વર્ષનો અભ્યાસ કરવા અંગે પરવાનગી તથા રજા આપવા અંગેની યુનિવર્સિટીના મદદનીશ ડિરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન શ્રી. લાલજીભાઈ ઠક્કરની તા. ૨૩-૩-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મદદનીશ શારીરિક શિક્ષણ સંચાલક શ્રી. લાલજીભાઈ ઠક્કરને સને ૧૯૬૫-૬૬ના શૈક્ષણિક વર્ષ માટે, નીચેની શરતોએ તેમના હાલના મૂળ પગારે, ખાસ રજા આપવી :

(૧) એક વર્ષની રજા પૂરી થયેથી તેઓ તરત જ યુનિવર્સિટીમાં પોતાની નોકરી પર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે;

(૨) તેમની એક વર્ષની રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ;

(૩) ઉપર જણાવેલ શરત નં. (૧) અને (૨)નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમિયાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે;

(૪) ઉપર પ્રમાણેની શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેમણે આપવાની રહેશે.

૬૪. તા. ૨૩-૩-૧૯૬૫ની બાંધકામ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૩-૩-૧૯૬૫ની સભાએ કરેલ ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૩-૩-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૬૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૫ મુજબ ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિવિલ એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્ટ્સને સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગનો ડિપ્લોમા અભ્યાસક્રમ શીખવવા માટે અનુસ્નાતક સંસ્થા તરીકે માન્યતા આપવા માટે આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ડિપ્લોમાની વિધિસર સ્થાપના કરવામાં આવે તથા તેનો અભ્યાસક્રમ ઘડવામાં આવે તે દરમિયાન ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિવિલ એન્જિનિયર્સ અને આર્કિટેક્ટ્સની માન્યતા અંગેની અરજી પરની વિચારણા મોકૂફ રાખવી.

૬૬. ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદમાં પહેલાં સ્થાપવામાં આવેલા એમ.એ. પદવી સંસ્કૃત વિષયના અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી પુસ્તકો ખરીદવા માટે તે સંસ્થાના અધ્યક્ષશ્રીને પરવાનગી આપેલી તે અનુસાર તે સંસ્થામાં ખરીદવામાં આવેલાં પુસ્તકો, તે સંસ્થામાંથી એમ.એ. પદવી સંસ્કૃત વિષયનું અનુસ્નાતક કેન્દ્ર બંધ કરી ભાષા-ભવનમાં લાવવાથી, પાછાં મંગવામાં આવતાં તે સંસ્થાના અધ્યક્ષશ્રી, જે તે પુસ્તકોની કિંમત ચૂકવી આપવા તૈયાર છે તે મુજબ તેમના તરફથી આવેલા પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી ખરીદેલાં પુસ્તકોની કિંમત ચૂકવીને તે પુસ્તકો પોતાની પાસે રાખવા માટે શ્રી. ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવનની વિનંતી મંજૂર કરવી.

૬૭. બી.એ.ની પરીક્ષામાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થનાર અને એમ.એ.-નો અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને "શ્રી. ધૂમકેતુ શિષ્યવૃત્તિ" રૂા. ૧૫૦ની બે વર્ષ માટે આપવા માટેનું રૂા. ૬,૦૦૦નું દાન સ્વીકારવા માટેની વિનંતી કરતા શ્રી. દક્ષિણકુમાર ગૌરીશંકર જોષીના તા. ૨-૪-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ દાનનો સાભાર સ્વીકાર કરવો અને "શ્રી. ધૂમકેતુ શિષ્યવૃત્તિ" માટેના નિયમો ઘડીને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું રાખ્યું.

૬૮. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં રીડર ઇન પોલિટિકસની આલી પડેલી જગ્યા માટે ઓ. ૬૬ પ્રમાણે વરણીસમિતિ પર ત્રણ સભ્યો નીમવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિ પર નીચેના પ્રતિનિધિઓની નિમણૂક કરવી :

૧. ડૉ. આલુ દસ્તૂર, મુંબઈ યુનિવર્સિટી, મુંબઈ
૨. પ્રો. એસ. કે. શિરસાગર, સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, આણંદ
૩. પ્રો. એન. આર. દેશપાંડે, નાગપુર યુનિવર્સિટી, નાગપુર
૪. પ્રો. ડી કે. ગર્દે, પૂના યુનિવર્સિટી, પૂના (રિઝર્વ).

૬૯. આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં સંસ્કૃતના ટ્યૂટર તરીકે કામ કરતાં કુ. શાહ રેવાબેન સી.ની નિમણૂક ચાલુ વર્ષના બીજા સત્ર પૂરતી માન્ય કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૦. યુનિવર્સિટીના જુનિ. ક્લાર્ક શ્રી. સી. સી. શાહ તા. ૨-૪-૧૯૬૫ના રોજ અવસાન પામ્યા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીએ ફાળાની આપવાની રકમ ઉપર શ્રીમતી ઇન્દુમતી ચિનુભાઈ શાહની તા. ૩-૪-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧-૧૨-૧૯૫૮થી જોડાયા હતા અને તા. ૨-૪-૧૯૬૫ના રોજ અવસાન પામ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સ્વ. સી. સી. શાહના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર, તેમની વિધવા શ્રીમતી ઇન્દુમતી ચિનુભાઈ શાહને આપવી.

૭૧. યુનિવર્સિટી કાર્યાલયના જુનિ. ક્લાર્ક શ્રી. સી. સી. શાહ તા. ૨-૪-૧૯૬૫ના રોજ અવસાન પામ્યા હોવાથી, સ્ટે. ૧૯૩-અ પ્રમાણે ગ્રેચ્યુઇટી આપવા અંગે શ્રીમતી ઇન્દુમતી ચિનુભાઈ શાહની તા. ૩-૪-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧-૧૨-૧૯૫૮થી જોડાયા હતા અને તા. ૨-૪-૧૯૬૫ના રોજ અવસાન પામ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સ્વ. શ્રી. સી. સી. શાહનાં વિધવા શ્રીમતી ઇન્દુમતી ચિનુભાઈ શાહને, યુનિવર્સિટીનાં ધારણોરણ અનુસાર ગ્રેચ્યુઇટીની રકમ આપવી.

૭૨. ઇન્ટરનેશનલ કૉન્ફરન્સ ઑન જનરલ રિલેટિવિટી અને ગ્રેવિયેશન ઉપરનો સેમિનાર કે જે લંડનમાં મળનાર છે તેમાં તા. ૩૦-૬-૧૯૬૫થી તા. ૧૪-૭-૧૯૬૫ સુધી ભાગ લેવા તથા ઉપરોક્ત સમય અંગેની રજાઓ મંજૂર કરવા અંગે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના પ્રોફેસર શ્રી. પી. સી. વૈદ્યની તા. ૨૭-૩-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પી. સી. વૈદ્યને તા. ૧-૩-૧૯૬૪થી ૩૦૦ દિવસની મૂળ માસિક પગાર સાથેની રજાઓ આપવામાં આવી છે અને તે રજાઓ તા. ૨૭-૬-૧૯૬૫ના રોજ પૂરી થાય છે.)

સિન્ડિકેટની તા. ૧૩-૩-૧૯૬૪ની બાબત નં. ૫૭ના ઠરાવથી ડૉ. પી. સી વૈદ્યને જે રજા આપવામાં આવેલ છે, તે રજા તેઓ સદરહુ સેમિનારમાં હાજરી આપી શકે તે માટે તા. ૧૪-૭-૧૯૬૫ સુધી લંબાવવી.

૭૩. એપ્રિલ ૧૯૬૫માં લેવાનાર પ્રથમ વર્ષ ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થી શ્રી. એન. સી. શાહે મજકૂર અભ્યાસક્રમમાં ઓ. ૧૯૦-સી મુજબની શરતોને આધીન રહી સત્રો ભર્યાં નથી, પરંતુ એફ.વાય.બી.એ.ની પરીક્ષામાં કેવળ ઉપલા ધોરણનાં સત્રો ભરવાનો લાભ મળ્યો હતો તેને આધારે સત્રો રાખ્યાં છે. આ સંજોગોમાં તેનો પ્રવેશ રદ કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એન. સી. શાહની વિનંતી મંજૂર કરવી નહિ.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૭૪. બી.એડ.ની પરીક્ષા અંગેના રેગ્યુલેશન ૫૧નો અમલ ચાલુ વર્ષની પરીક્ષાથી ન કરતાં ૧૯૬૬ના એપ્રિલની પરીક્ષાથી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. ૫૧નો અમલ ચાલુ વર્ષની પરીક્ષાથી ન કરતાં ૧૯૬૬ના એપ્રિલની પરીક્ષાથી કરવો.

૭૫. ઑર્ડિ. ૧૨૦ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૨૦ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

O. 120 :

1. Applications for affiliation, extension of affiliation or continuation of affiliation of a college shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him as under :

	Last date for receiving applications
(1) Application for affiliation of a new college or for an extension of affiliation for teaching courses in a new faculty.	1st January of the year preceding the year from which affiliation is intended to take effect.
(2) Application for renewal of affiliation for extension of affiliation up to degree classes or for a subject or subjects	16th August of the year preceding the year from which affiliation is intended to take effect.

2. Every application for affiliation shall be accompanied with a deposit of Rs. 1,000/- which will be returned after the same is finally disposed of, but will be forfeited in case the application is withdrawn or the affiliation asked for is not accepted, provided that in the case of an application for renewal or extension of affiliation the deposit fee will be Rs. 200/- only. No request for postponement of consideration of the application for affiliation, renewal of affiliation or extension of affiliation, as the case may be, shall be entertained.

3. The Syndicate shall not entertain any application for affiliation received after the aforesaid dates.

4. Notwithstanding anything contained above, it will be competent for the Syndicate to entertain an application for affiliation, intended to take effect from June 1966 of a new college, provided the application is received on or before 31st May, 1965.

નીચેની કૉલેજોના જોડાણ માટે આવેલી અરજીઓ અંગે સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત :

(૧) દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટી, દહેગામ
(૨) મહુવા કેળવણી સહાયક સમાજ, મહુવા
(૩) નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ, સુરત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલ કૉલેજોના જોડાણની અરજી બાબતમાં તેનાં નામ સામે જણાવેલ સ્થાનિક તપાસસમિતિ નીમવી :

ક્રમાંક	સંસ્થાનું નામ	સભ્યોનાં નામ
(૧)	દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટી, દહેગામ ...	(૧) આચાર્ય એમ. સી. દેસાઈ (૨) આચાર્ય ધીરુભાઈ પી. ઠાકર
(૨)	મહુવા કેળવણી સહાયક સમાજ, મહુવા ...	(૧) શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી (૨) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૩)	નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ, સુરત ...	(૧) આચાર્ય ચિમનભાઈ જે. પટેલ (૨) આચાર્ય ય. ગુ. નાયક.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કે. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

નં. સિં./૧૬/૫૧૧/૧૯૬૫.
એપ્રિલ ૨૮, ૧૯૬૫.
વૈશાખ ૮, ૧૮૮૭ (શક).

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૫૦

સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨-૪-૧૯૬૫ના રોજ ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી છાત્રાલયમાં એક કાયમી હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટની જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત માટે મળી હતી. ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ પ્રમુખસ્થાન લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩.	આચાર્ય ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૪.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૫.	શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૬.	ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૭.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૮.	શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર
૯.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૧૦.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૧.	ડૉ. એન. સી. શાહ	ગેરહાજર
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩.	ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર
૧૪.	આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૫.	આચાર્ય યશવંતરાય ગુ. નાયક	ગેરહાજર
૧૬.	આચાર્ય એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૭.	આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર
૧૮.	શ્રી. એમ. સી. શાહ	હાજર.

નિષ્ણાત તરીકે રેસિડેન્ટ પ્રોફેસર ડૉ. સી. ટી. ભોપટકર હાજર રહ્યા હતા.

ઉપરોક્ત જગ્યા માટે નીચેના ઉમેદવારો હાજર રહ્યા હતા :

૧.	શ્રી. એન. સી. રાવલ	હાજર
૨.	શ્રી. એલ. એ. ઠક્કર	હાજર
૩.	શ્રી. સી. બી. વાળંદ	હાજર
૪.	શ્રી. સી. એસ. પટેલ	હાજર

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટની જગ્યા પર નીચેના ઉમેદવારોને ક્રમાનુવર્તી તેમનાં નામ સામે બતાવેલ મૂળ માસિક પગારથી રૂા. ૨૦૦-૧૨-૨૬૦ ઈ.બી. ૧૨-૩૨૦ના અજમાશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) શ્રી. એન. સી. રાવલ, મૂળ પગાર રૂા. ૨૩૬થી બે વર્ષના અજમાયશી ધોરણે.

(૨) શ્રી. સી. એલ. પટેલ, મૂળ પગાર રૂા.૨૧૨થી એક વર્ષના અજમાયશી ધોરણે.

ભૂ. મ. પટેલ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૫૫

University Grants Commission Summer Institutes Section

Proforma

Details regarding Seminars, Summer Institutes, proposed to be held at Ahmedabad under the auspices of Gujarat University during the year 1965.

1. State the subject in which the institute course is to be offered	Physics : for School Teachers
2. Duration of the institute with probable dates	Five weeks, 3rd May to 5th June 1965
3. Number of participants expected to be controlled	50
4. Whether hostel accommodation would be available (*i*) with board and (*ii*) without board	Hostel accommodation with board will be available
5. Proposed Director of the Institute (his academic title and designation)	Prof. P. D. Pathak, Head of Physics Department, Gujarat University.
6. Names with titles and designation of members of the staff likely to participate in the Summer Institute	To be communicated later on
7. Names with full addresses of the likely visiting Lecturers, if any, to be invited and the duration of their visit.	Five visiting Lecturers. Names to be communicated later on

8. Support of participants :

(*i*) Board and lodging @ Rs. × No.	Rs. (8+1) × 36 (days) × 50 (participants) = Rs. 16,200/-
(*ii*) Travel allowances : Two first class fares to each (Average 260 Km. each way assuming that persons from Gujarat State only will participate)	Rs. 2,000/-
(*iii*) Incidental expenses (Rs. 10/- each way per person)	Rs. 20 × 50 = Rs. 1,000/-
(*iv*) Any other allowances to the participants	Rs. 3 × 36 (days) × 50 (participants) = Rs. 5,400/-

9. Operational cost :

Director	Rs.	800/-
Joint Director (Dr. K. B. Shah)	Rs.	800/-
Lecturing panel and Laboratory instructors	Rs.	1,500/-
Visiting Lecturers (Popular lectures on Advanced topics for participants and citizens)	Rs.	1,000/-
Secretarial, Clerical, Lab. Asst. and peons	Rs.	1,200/-
Office supplies communications and publicity	Rs.	1,200/-
Contingent expenses including laboratory and entertainment	Rs.	1,500/-
10. Transport	Rs.	700/-
11. Contribution, if any, from sources other than U.G.C.	Rs.	—
Total Expenditure ...	Rs.	33,300/-

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૬૪

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૩-૩-૧૯૬૫ ને મંગળવારના રોજ બપોરના ૩-૩૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી:

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૪. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૫. શ્રી. ટી. એ. દેસાઈ	હાજર
૬. શ્રી. એલ. બી. જસાણી	ગેરહાજર.

સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ સંભાળ્યું હતું.

૧. તા. ૧૬-૨-૧૯૬૫ની બાંધકામ સમિતિની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૬-૨-૧૯૬૫ની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના નવા છાત્રાલયના બ્લૉકોમાં તથા વિદ્યાર્થિનીઓના છાત્રાલયના રસોડામાં પાછળના વરંડામાં નીચેના જરૂરી ફેરફારો અંગે વિચારણા કરવા બાબત. અંદાજી ખર્ચ આશરે રૂા. ૩,૯૦૦ જેટલું થશે.

૧. ગ્રીલનાં કામ અંગે
૨. ગ્રીલ શટર્સ
૩. ગેપમાં ચણતર
૪. પાર્ટિશન
૫. લાકડાના દરવાજા
૬. વાયર નેટિંગ (બારણામાં)
૭. લુઅર્સની જગ્યાએ સ્લાઇડિંગ શટર્સ વગેરે.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના નવા છાત્રાલયના બ્લૉકોમાં તથા વિદ્યાર્થિનીઓના છાત્રાલયના રસોડામાં પાછળના વરંડામાં નીચેના જરૂરી ફેરફારો કરવા માટે રૂા. ૩,૯૦૦નું

અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. ગ્રીલનાં કામ

૨. રસોડામાં ગેપમાં ચણતર

૩. લાકડાના દરવાજા

૪. વરંડામાં ગ્રીલના દરવાજા

૫. પાર્ટિશન-ઈંટની દીવાલ

૬. વિદ્યાર્થીઓના છાત્રાલયમાં રસોડામાં સ્ટોર રૂમમાં વાયરનેટિંગ

૭. વિદ્યાર્થીઓના છાત્રાલયમાં લાકડાના લુઅર્સની જગ્યાએ સ્લાઇડિંગ શટર્સ.

૩. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં "લેડીઝ લેવેટરી" માટે હાલના લેવેટરી બ્લૉકમાં ફેરફારો કરવા અંગે વિચારણા કરવા બાબત. અંદાજી ખર્ચ રૂા. ૩,૦૦૦ જેટલો થશે.

આથી ઠરાવવામાં આવે છે કે, મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેડીઝ લેવેટરી માટે બે લેવેટરી (W.C.) રાખીને ત્યાંથી સભામાં થયેલ સૂચન અનુસાર પાર્ટિશન કરવાનું રાખવું અને આ બાબત અંગે જરૂરી ખર્ચ કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. પી આર.એલ.થી સ્ટાફ ક્વાર્ટર્સના રસ્તા માટે આરફાલ્ટ સીલકોટના કામ માટે આવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીથી સ્ટાફ ક્વાર્ટર્સના રસ્તા માટે આરફાલ્ટના સીલકોટના કામ માટે આવેલાં ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. આર. સી. ચોકસીનું રૂા. ૭,૪૨૫નું ટેન્ડર સદરહુ ટેન્ડરની શરતો પ્રમાણે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. "ડી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સના વરંડામાં ગ્રીલ મૂકવા અંગે વિચારણા કરવા બાબત. અંદાજી ખર્ચ આશરે રૂા. ૯,૪૦૦ જેટલું થશે.

આથી ઠરાવવામાં આવે છે કે "ડી" ટાઇપ સ્ટાફ ક્વાર્ટર્સના વરંડામાં નીચેથી ચણતરની પેરાપેટ કરીને ઉપર એકસપાન્ડેડ મેટલની જાળી નાખવી તથા તેવી જાળીવાળું બારણું બાજુમાં મૂકવાનું રાખવું તથા તે માટે અંદાજ કાઢીને ભાવ મગાવવા તથા તે બાબત આ સમિતિ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૬. વિદ્યાર્થીઓના છાત્રાલયના છાપરાના સમારકામમાં વધારાના થયેલ ખર્ચ રૂા. ૭૩૪ (રૂપિયા સાતસો ચોત્રીસ) મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—રૂા. ૭૩૪ના આ વધારાના ખર્ચ સહિત સમારકામનું કુલ ખર્ચ રૂા. ૩,૭૨૯ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓના છાત્રાલયના છાપરાના સમારકામમાં વધારાના રૂા. ૭૩૪ના થયેલ ખર્ચને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિ વિભાગમાં એરકન્ડિશનિંગ કરવા માટે નીચેના જરૂરી ફેરફાર કરવા માટે તથા એરકન્ડિશનિંગ માટેના પ્લાન્ટ રૂમના બાંધકામ માટે આવેલ ટેન્ડરો

અંગે વિચારણા કરવા બાબત :

[નોંધ.—આ કામ માટે રૂા. ૮,૦૦૦ (રૂપિયા આઠ હજાર)ની તા. ૬-૮-૧૯૬૩ની બાંધકામ સમિતિએ ભલામણ કરેલ છે તથા સિન્ડિકેટે મંજૂરી આપેલ છે તથા પ્લાન્ટ રૂમ બાંધવા માટે રૂા. ૫,૭૦૦ (રૂપિયા સત્તાવનસો)ના ખર્ચની તા. ૨૨-૧-૧૯૬૫ની બાંધકામ સમિતિએ ભલામણ કરેલ છે અને સિન્ડિકેટે મંજૂરી આપેલ છે. આમ કુલ રૂા. ૧૩,૭૦૦ (રૂપિયા તેર હજાર સાતસો) મંજૂર થયેલ છે.]

ફેરફારો

૧. સેલરમાં પેસેજમાં ઍરલૉક કરવા માટે બે બારણાં
૨. લોખંડની બારીને ફેરવીને બીજી વધારાની બારી લગાવીને ઍરલૉક કરવા માટે
૩. લોખંડનું બારણું ફેરવીને ઍરલૉક કરવા માટે બીજું વધારાનું બારણું લગાવવાનું
૪. સ્કાય લાઈટનો કાચ ફેરવીને વાયર નેટિંગ લગાવીને કાચ ફીટ કરવાનું કામ
૫. ઇન્સ્યુલેશન માટે થર્મોકોલની સીલિંગ તથા વેન્ટિલેટર્સમાં લગાવવા માટે
૬. પહેલે માળે વેન્ટિલેટર્સમાં એ.સી. સીટ્સ મૂકવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિ વિભાગમાં ઍરકન્ડિશનિંગ કરવા માટે જરૂરી ફેરફારો કરવા માટે તથા ઍરકન્ડિશન પ્લાન્ટ માટે પ્લાન્ટ રૂમના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પૈકી—

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, ફ્લશડોરના ભાવ જે મે. શાહપુરા ઍન્ડ કંપનીના ટેન્ડરમાં નથી તે રૂા. ૯·૫૦, ચો.ફૂટ દીઠ રાખવા; અને

(૨) મે. શાહપુરા ઍન્ડ કંપનીનું રૂા. ૧૨,૨૮૪·૭૫નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. સમાજવિદ્યા ભવનમાં વૉટરપ્રૂફિંગના કામ માટે આવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મનોવિજ્ઞાન વિદ્યાભવનના ધાબા પર વૉટરપ્રૂફિંગના કામ માટે સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. ગ્રેડસ્ટન ઍન્ડ લાયલ કંપની લિમિટેડનું રૂા. ૪૮, ૧૦૦ ચો. ફૂટના ભાવે કુલ રૂા. ૭,૬૮૦ની રકમનું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

G.U.P. 134-350-1-68

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૫ના મે માસની સભા, શનિવાર, તા. ૧-૫-૧૯૬૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	ગેરહાજર
૨. શ્રી. વી. એચ. ભાનેટ, સહ-શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય એમ. સી. શાહ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૯. શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર
૧૦. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર
૧૪. ડૉ. જે. જે. ચિનોય	હાજર
૧૫. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૬. આચાર્ય ડૉ. યશવંતરાય ગુ. નાયક	ગેરહાજર
૧૭. આચાર્ય મુકુંદલાલ છોટાલાલ દેસાઈ	હાજર
૧૮. આચાર્ય એમ એસ. પંડિત	હાજર.

સભાનું કામકાજ શરૂ થતાં શ્રી. રજિસ્ટ્રારે સભાગૃહને જાણ કરી કે, નાદુરસ્ત તબિયતના કારણે ઉપકુલપતિશ્રી સભામાં હાજર રહી શકે તેમ નથી. તે પછી સભાગૃહની વિનંતિથી સભાનું પ્રમુખસ્થાન શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ લીધું હતું.

૧. તા. ૩-૪-૧૯૬૫ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૩-૪-૧૯૬૫ના રોજ મળેલ સિન્ડિકેટના કામકાજની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

" કે, નોંધના પૃષ્ઠ ૨૪ પરની છેલ્લી બાબતનો ક્રમાંક ૭૬ આપવો, અને તે નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

બાબત ક્રમાંક ૭૬ : નીચેની કૉલેજોના જોડાણ માટે આવેલી અરજીઓ અંગે સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત :

૧. દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટી, દહેગામ
૨. મહુવા કેળવણી સહાયક સમાજ, મહુવા
૩. ભારતીય વિદ્યા મંડળ, ખોલવડ.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલ કૉલેજોના જોડાણની અરજી બાબતમાં તેનાં નામ સામે જણાવેલ સ્થાનિક તપાસસમિતિ નીમવી :

ક્રમાંક	સંસ્થાનું નામ	સમિતિના સભ્યોનાં નામ
૧.	દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટી, દહેગામ	... (૧) આચાર્ય એમ. સી. દેસાઈ (૨) આચાર્ય ધીરુભાઈ પી. ઠાકર
૨.	મહુવા કેળવણી સહાયક સમાજ, મહુવા	... (૧) શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી (૨) આચાર્ય એસ. આર. ભટ્ટ
૩.	ભારતીય વિદ્યા મંડળ, ખોલવડ	... (૧) આચાર્ય ચિમનભાઈ જે. પટેલ (૨) આચાર્ય ય. ગુ. નાયક "

૨. બોરસદ ખાતે જૂન ૧૯૬૬થી શરૂ થનાર વિજ્ઞાનની કૉલેજ માટે આવેલ જોડાણ-અરજી પર સિન્ડિકેટે તેની તા. ૩-૪-૧૯૬૫ની સભામાં નીમેલી સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય પ્રિન્સિ. સી. એમ. પટેલે મજકૂર સમિતિ પર કામ કરવાની અશક્તિ દર્શાવેલ હોઈ તેઓની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સ્થાનિક તપાસસમિતિ પર આચાર્ય સી. એમ. પટેલની જગ્યાએ આચાર્ય વી. એ. વ્યાસની નિમણૂક કરવી.

૩. સંસ્થાઓને માન્યતા આપવા માટે આવતી અરજીઓ પર નિમાતી સ્થાનિક તપાસસમિતિઓને આપવાની સુધારેલી સૂચનાઓનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪. સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ દ્વારા ચાલતી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણાનું નામ બદલીને "મ્યુનિસિપલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણા" રાખવા અંગેના સદરહુ ટ્રસ્ટ તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રની નોંધ લેવી અને સદરહુ કૉલેજના સંચાલકોને જણાવવું કે, રાજ્ય સરકારના જાહેરનામામાં "મ્યુનિસિપલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણા" એ નામનો સ્વીકાર થાય નહિ ત્યાં સુધી કૉલેજનું જૂનું નામ ચાલુ રહેશે.

૫. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને ૧૯૬૫થી માન્યતા આપવા માટે મૂકેલ શરતોના પાલન અંગે આવેલ તેના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને ૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીની એમ.એ. અને પીએચ.ડી.માં ગુજરાતીના અભ્યાસક્રમો માટે માન્યતા આપવી.

૬. વિજ્ઞાનની કૉલેજોએ પ્રયોગશાળા સજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦ જેટલા ખર્ચની વીગતો સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭. તા. ૧૯-૪-૧૯૬૫ના રોજ મળેલી બાંધકામ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૯-૪-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૯-૪-૧૯૬૫ની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૮. એપ્રિલ ૧૯૬૫માં લેવાનાર સેકન્ડ બી.એસસી.ની સ્ટેટિસ્ટિક્સ વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે જરૂરી લેબોરેટરી સ્ટાફ અંગેના ઉલ્લેખ મહેનતાણાના દરની પુસ્તિકામાં કરેલ નહિ હોવાથી સદરહુ પરીક્ષાના આચાર્યશ્રીએ જણાવ્યા મુજબનો લેબોરેટરી સ્ટાફ મંજૂર કર્યા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા સારુ તેમ જ ભવિષ્ય માટે જરૂરી લેબોરેટરી સ્ટાફ નીમવા અંગેની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી તથા સેકન્ડ બી.એસસી.માં આંકડાશાસ્ત્રના વિષયમાં પ્રાયોગિક પરીક્ષા માટે નીચે મુજબનો સ્ટાફ અને વેતનના દર મંજૂર કરવા :

Days for preparation	*Days for cleaning up*	*Expert Assts.*	*Laboratory Assts.*	*Store-keeper*	*Hamals*	*Mechanic*	*Laboratory Supervisor*
1 day	—	2	1	1	1	1	1
1 Lab. Asst.							
1 Mechanic							
1 Hamal							

The rates of remuneration to be paid to the Assistants, etc., shall be as under :

	Rs.	
Expert Assistant	12-00	
Laboratory Assistant or Store-keeper	8-00	
Hamal	3-00	
Mechanic	5-00	
Laboratory Supervisor	10-00	for four hours or less
-do-	15-00	for more than four hours and less than seven hours
-do-	15-00	for two practicals.

૯. જુલાઈ ૧૯૬૫માં લેવાનાર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ (જુનિયર અને સીનિયર)ની પરીક્ષા માટે પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જુલાઈ ૧૯૬૫માં લેવાનાર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ માટે પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂકો મંજૂર કરવામાં આવે.

૧૦. પ્રી-યુનિવર્સિટી અને એફ.વાય.બી.એસસી. પરીક્ષામાં વિજ્ઞાનના વિષયોના પ્રશ્નપત્રો કાઢવા માટે એક જ વ્યક્તિને અંતિમ જવાબદારી સોંપેલી છે તેના સંદર્ભમાં પ્રશ્નપત્ર કાઢવાનું મહેનતાણું બાંધવા અંગે આચાર્ય શ્રી. એમ. એસ. શાહના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. માર્ચ/એપ્રિલ ૧૯૬૪માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨-૪-૧૯૬૫ના રોજ મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨-૪-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨-૪-૧૯૬૫ની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૧૨. ઑક્ટોબર ૧૯૬૫માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ ઑર્ડિ. ૧૨૯ અન્વયે આવતી શરૂ થવાની તારીખો ધ્યાનમાં રાખી કાર્યાલયે સૂચવેલ પરીક્ષા શરૂ થવાની તારીખો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑક્ટોબર ૧૯૬૫માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ શરૂ થવાની તારીખો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી તારીખોની યાદી પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૧૩. સીનિયર એમ.એ.નો અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી. આઈ. જી. ભટ્ટની ૧૯૬૫ના ઑક્ટોબરમાં લેવાનાર બી.એ. (એક્સ્ટર્નલ) પરીક્ષામાં બેસવા માટેની પરવાનગી આપવાની તેમની વિનંતી પર ઓ. ૧૭૪-એ અન્વયે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આઈ. જી. ભટ્ટને ૧૯૬૫ના ઑક્ટોબરમાં લેવાનાર બી.એ.ની પરીક્ષા માટે એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે પોતાનું નામ નોંધાવવા માટે ઑર્ડિ. ૧૭૪-એ હેઠળ જરૂરી પરવાનગી આપવી.

૧૪. યુનિવર્સિટી કાર્યાલયની મોટરગાડી પરીક્ષા, અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ ઇત્યાદિ માટે ઉપયોગમાં લેવામાં આવતી હોઈ તે અંગેનો ખર્ચ મોટરગાડી ખાતે પાડવાને બદલે જે તે ખાતે પાડવા માટે માઇલ દીઠ દર નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયની મોટરગાડી પરીક્ષા, અભ્યાસેતર પ્રવૃત્તિઓ ઇત્યાદિ માટે ઉપયોગમાં લેવામાં આવે તે ખર્ચનો દર માઇલ દીઠ રૂા. ૦-૨૫ પૈ.નો રાખવો.

૧૫. યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેમને તે જગ્યા પર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. બાલકૃષ્ણ અંકુશ પિંગુળકર	હેલ્પર	૧-૩-૧૯૬૫	૨-૩-૧૯૬૫
૨.	શ્રી. ભીખાભાઈ સોમાભાઈ ચૌધરી	જુ. બાઇન્ડર	૧-૩-૧૯૬૫	૨-૩-૧૯૬૫
૩.	શ્રી. પ્રહ્લાદભાઈ ભગવાનદાસ પ્રજાપતિ	,,	૩-૩-૧૯૬૫	૪-૩-૧૯૬૫

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવાનું રાખવું:

ક્રમાંક	નામ	હોદ્દો	વિભાગ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. બાલકૃષ્ણ અંકુશ પિંગુળકર	હેલ્પર	યુનિવર્સિટી પ્રેસ	૨-૩-૧૯૬૫
૨.	શ્રી. ભીખાભાઈ સોમાભાઈ ચૌધરી	જુ. બાઇન્ડર	,,	૨-૩-૧૯૬૫
૩.	શ્રી. પ્રહ્લાદભાઈ ભગવાનદાસ પ્રજાપતિ	,,	,,	૪-૩-૧૯૬૫

૧૬. ભાષા-સાહિત્ય ભવનમાં પ્રોફેસર ઑફ લિંગ્વિસ્ટિક્સની જગ્યા માટે તા. ૧૦-૪-૧૯૬૫ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એચ. સી. ભાયાણીની નિમણૂક ભાષા-સાહિત્ય ભવનમાં ભાષાશાસ્ત્ર, લિંગ્વિસ્ટિક્સના પ્રોફેસર તરીકે રૂા. ૮૦૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૮૦૦ના પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે કરવી.

(વરણીસમિતિની ભલામણ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૭. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. મેઘજી ડી. ચાંડયા તા. ૧૦-૩-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ અંગે, તેઓની તા. ૨૯-૩-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ ગ્રંથાલયમાં તા. ૧-૨-૧૯૫૨થી જોડાયા હતા અને તા. ૧૦-૩-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. મેઘજી ડી. ચાંડયાને તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આપવી.

૧૮. "ડૉ. હરિશ્ચંદ્ર એસ. ખંઢેરિયા તબીબીવિજ્ઞાન સુવર્ણચંદ્રક" અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સુવર્ણચંદ્રક અંગે નીચે મુજબ નિયમો મંજૂર કરવા:

(૧) "ડૉ. હરિશ્ચન્દ્ર એસ. ખંઢેરિયા તબીબીવિજ્ઞાન સુવર્ણચંદ્રક" એ નામનો આશરે રૂા. ૨૦૦ની કિંમતનો એક સુવર્ણચંદ્રક દર વર્ષે આ યુનિવર્સિટીની ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં ઑક્ટોબર અને તે પછીની માર્ચ–એપ્રિલની પરીક્ષામાં પસાર થઈ ને તબીબીવિજ્ઞાન (મેડિસિન)ના વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને આપવામાં આવશે;

(૨) ચંદ્રક, શક્ય હોય ત્યાં સુધી, યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં વિજેતાને આપવામાં આવશે;

(૩) પારિતોષિક વિજેતાનું નામ, શક્ય હોય ત્યાં સુધી, જે તે પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે;

(૪) વિજેતાને ચંદ્રક આપવામાં નાત, જાત કે વર્ગનો ભેદ ગણવામાં આવશે નહિ;

(૫) આ દાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત કરીને તેટલી રકમ યુનિવર્સિટીના ફંડમાં લઈ જવામાં આવશે; અને

(૬) આ ભેટની વાર્ષિક આવકમાંથી બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

૧૯. ધી અમદાવાદ સીલ્ક મરચન્ટ્સ ઍસોસિયેશન લિ., અમદાવાદ, તરફથી ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં હૉસ્પિટલ બાંધવા અંગેની સખાવત રૂા. ૨,૦૦,૦૦૦ની પૂરેપૂરી રકમ આવવાથી તે અંગે આગળ પગલાં લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. "શ્રી. ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ ટાઇલ્સવાળા પારિતોષિક" અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પારિતોષિક અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૧. "બાઈ રુક્ષ્મણી ચિમનલાલ કપૂરચંદ વૈશ્નવ મંડાણ ટ્રસ્ટ સ્કૉલરશિપ" અંગેનો નિયમ નં. ૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત:

"A scholarship called 'Bai Rukshamani Chimanlal Kapurchand Vaishnav Mandan Trust Scholarship' of the value of Rs. 300/- per year, *tenable for two years*, shall be awarded anually and paid in four equal quarterly instalments to a candidate who reads for the degrees of M.A. or Ph.D. in Shrimad Vallabhacharya's Shuddhadwait Philosophy Pushtimargiya Siddhanta or Anubhashyam. The candidate will be selected from amongst the applicants who held a Bachelor's Degree in Philosophy or Sanskrit at least in a second class. In the event of there being no suitable candidate for the purpose of the award, the amount shall be credited to the scholarship fund."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ શિષ્યવૃત્તિ અંગેનો નિયમ નં. ૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૨૨. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનના લેક્ચરર શ્રી. એચ. કે. નાયકનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૪-૬-૧૯૬૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧૫-૬-૧૯૬૫થી કાયમ કરવા બાબત.

[**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૨૫/૨૬-૪-૧૯૬૩ની સભામાં બાબત ૧૨થી શ્રી. એચ. કે. નાયકને કાયમ કરવા નીચેની શરત મૂકી હતી:

શરત

"પોતાના Probation દરમિયાન પીએચ.ડી.ની પદવી માટે પાત્ર નીવડે તથા અન્યથા સંતોષકારક કામ કરે."]

શ્રી. એચ. કે. નાયકની કામગીરી અંગેનો સમાજવિદ્યા ભવનના અધ્યક્ષનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. એચ. કે. નાયકની નિમણૂકનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે, એટલે કે, તા. ૧૪-૬-૧૯૬૬ સુધી લંબાવવો, તથા તેમને જણાવવું કે, તા. ૧૪-૬-૧૯૬૬ સુધીમાં તેમણે પીએચ.ડી.ની પદવી માટેનો તેમનો મહાનિબંધ રજૂ કરવો આવશ્યક રહેશે.

૨૩. નીચેના વિદ્યાર્થીને તેના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે ઉત્તીર્ણ થયેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
શ્રી. લાલશંકર ડુંગરજી જોશી, માણીવાડો, મોડાસા	ગુજરાતી	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૨૪. ગુજરાત યુનિવર્સિટીની કૉલેજો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તા. ૧૩-૧૧-૧૯૬૪ના પત્રાંક ડી.ઓ. ૪૧-૬-૫૭(એચ)થી સ્વીકારેલાં નીચેનાં પગારધોરણોને યુનિવર્સિટીનાં પગારધોરણો તરીકે અપનાવવાના આચાર્ય ય. પ્રા. શુક્લના સૂચન પર વિચારણા કરવા બાબત:

૧. સીનિયર લેક્ચરર ... રૂા. ૩૫૦-૨૫-૭૦૦
૨. લેક્ચરર ... રૂા. ૨૫૦-૧૫-૪૦૦-૨૦-૫૦૦

[નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૪-૨-૧૯૬૪ અને તા. ૧૧-૪-૧૯૬૪ની સભાઓમાં સ્વીકારેલાં પગારધોરણો નીચે મુજબ છે:

૧. પ્રાધ્યાપક (પ્રોફેસર) ... રૂા. ૩૫૦-૧૫-૫૦૦-૨૦-૭૦૦
૨. વ્યાખ્યાતા (લેક્ચરર) ... રૂા. ૨૫૦-૧૦-૪૦૦-૧૫-૪૭૫
૩. પ્રાધ્યાપક અને વ્યાખ્યાતાની વચ્ચેના શિક્ષકો (જેમ કે આસિ. પ્રોફેસર)નું પગારધોરણ, એટલે કે ... રૂા. ૩૫૦-૧૫-૫૦૦-૨૦-૭૦૦ અને રૂા. ૨૫૦-૧૦-૪૦૦-૧૫-૪૭૫ની વચ્ચેનું રાખવું
૪. ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટર (અનુસ્નાતક પદવી ધરાવતા) ... રૂા. ૧૮૦-૧૦-૩૦૦
૫. ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટર (સ્નાતક પદવી ધરાવતા) ... રૂા. ૧૩૦-૧૦-૨૫૦
૬. વ્યાયામ શિક્ષક ... રૂા. ૧૮૦-૧૦-૩૦૦]

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ તાજેતરમાં જૂન ૧૯૬૪થી સુધારવામાં આવ્યાં છે, તે જોતાં હાલ તેમાં કશો ફેરફાર કરવો ઉચિત નથી.

૨૫. તબીબી વિદ્યાશાખાના વિષયોમાં લેખિત પરીક્ષાઓની તારીખો એક વર્ષ અગાઉ અને પ્રાયોગિક પરીક્ષાઓની તારીખો પરીક્ષા પહેલાં ત્રણ માસ અગાઉ નક્કી કરવા અંગેના ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે તબીબી વિદ્યાશાખાના ડીનના મંતવ્ય સાથે કાર્યાલયે રિપોર્ટ રજૂ કરવો.

૨૬. ભારત સરકારની આર્થિક સહાય દ્વારા પ્રકાશિત થનારાં પુસ્તકોની વેચાણ-કિંમત નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૭. તા. ૧૭-૪-૧૯૬૧ની સિન્ડિકેટની સભાના નીચેના ઠરાવને અનુલક્ષીને મૌલિક કામ માટે તથા અનુવાદના કામના પ્રકાશન માટે લેખકોને/અનુવાદકોને આર્થિક સહાય માટે જરૂરી ધારાધોરણો ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટનો ઠરાવ

"યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો કે માન્ય સંસ્થાઓ કે વિદ્યાભવનોમાં કામ કરતા શિક્ષકો પોતાની ગુજરાતી કૃતિનું પ્રકાશન પોતા થકી કરવા ઇચ્છતા હોય તો તેમને પ્રત્યેક હસ્તપ્રતની ગુણવત્તા જોઈને આર્થિક સહાય આપવાનું વિચારવું."

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રત્યેક પ્રસ્તાવ પર તેના ગુણવત્તાના ધોરણે તે તે તરીકે અલગ અલગ વિચારીને જરૂરી નિર્ણય કરવાનું રાખવું.

૨૮. ઓ. ૫૭-એ હેઠળ યુવક કલ્યાણ સમિતિ ઉપર નિયુક્ત થયેલ સભ્યોની મુદત તા. ૧૫-૬-૧૯૬૫ના રોજ પૂરી થતી હોઈ તે જગ્યાઓ પર નિમણૂક કરવા બાબત.

[નોંધ.—હાલમાં ડૉ. નરેન્દ્ર દેસાઈ [ઓ. ૫૭-એ (૫)], પ્રો. વી. જે. ત્રિવેદી અને પ્રો. હકૂમતભાઈ [ઓ. ૫૭-એ (૬) પ્રમાણે] સભ્યો તરીકે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૯. તા. ૩-૪-૧૯૬૫ના રોજ મળેલી બોર્ડ ઓફ સ્પોર્ટ્સની બેઠકની નીચેની ભલામણ :

૬ (ખ) "આથી ઠરાવવામાં આવે છે કે, આંતર-યુનિવર્સિટીની સ્પર્ધાઓ માટે ગયેલ સત્તરે ટુકડીના મૅનેજરોની ભલામણ જોતાં અને મોંઘવારીનું ધોરણ વધ્યું છે તે જોતાં આપણી યુનિવર્સિટીની રમતોની ટુકડીઓ જ્યારે આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓમાં ભાગ લેવા જાય ત્યારે તેમને અપાતું ભથ્થું નીચે પ્રમાણે આપવાનું મંજૂર કરવાનું આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે :

(૧) હરીફોનું દૈનિક ભથ્થું જે હાલ રૂા. ૫-૦૦ છે તે વધારીને રૂા. ૬-૦૦ કરવાની ભલામણ છે.

(૨) મુસાફરી દરમિયાન એક વખત ગાડીમાં બેઠા પછી જેટલી વખત ગાડી બદલવાની થાય તે દરેક માટે વધારાના રૂા. ૧-૦૦ વાહન, કુલી વગેરે ખર્ચ પેટે આપવાની ભલામણ છે.

(૩) રમતનું સ્થળ જો ઉતારાથી બે માઈલથી વધુ દૂર હોય તો રમતના દિવસો માટે વિદ્યાર્થી દીઠ વાહન ખર્ચ માટે રૂા. ૧-૦૦ મંજૂર કરવાની ભલામણ છે.

(૪) મૅનેજરોનું જે દૈનિક ભથ્થું રૂા. ૭-૫૦ છે તે વધારીને બીજા અધિકારીઓ માટે રૂા. ૧૦-૦૦ છે, તે પ્રમાણે રૂા. ૧૦-૦૦ કરવાની ભલામણ છે."

(નોંધ.—આ વર્ષનો થયેલ ખર્ચ જોતાં આ વધારાના ખર્ચથી બજેટમાં વધારો કરવાની જરૂર રહેશે નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૩૦. તા. ૩-૪-૧૯૬૫ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકની નીચેની ભલામણો :

"આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૫-૬૬ના વર્ષ માટે ઇન્ટર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડને ફૂટબોલ અને તે ન સ્વીકારાય તો વૉલીબૉલ (બહેનોની) હરીફાઈઓ, અને તે પણ ન સ્વીકારાય તો બીજી કોઈ રમત, જેની વ્યવસ્થા આપણે કરી શકાએ તેમ હોઈએ તેવી રમત, ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે યોજવા માટેનું આમંત્રણ આપવાની સત્તા મંત્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. સિન્ડિકેટની તા. ૧૯-૨-૧૯૬૫ની બાબત નં. ૫૭માં મંજૂર કરવામાં આવેલ નાટ્ય તાલીમ શિબિર સૌરાષ્ટ્રમાં શારદાગ્રામ ખાતે યોજવાનું મંજૂર કરવા અંગેના તથા શિબિરાર્થીઓના તથા સંચાલકોના જમવા અંગે વ્યક્તિ દીઠ ભોજનખર્ચ પેટે રોજના રૂા. ૩ લેખે ગણતાં જે રકમ થાય તે સંસ્થાને ભેટ તરીકે આપવાનું મંજૂર કરવા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.—શિબિરમાં રહેવા તથા જમવાના ખર્ચ પેટે વ્યક્તિ દીઠ રોજના રૂા. ૫ લેખેની રકમ ખર્ચની વિગતોમાં મંજૂર કરવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૩૨. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા અને સિલોન, ન્યૂ દિલ્હીના તા. ૧૨-૩-૧૯૬૫ના પત્રાંક આઈ. ૯-૬૪-૬૫. ૬૭૦૪-૬૭૫૯ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૩. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન ઝૂલોજીની બે જગ્યા માટે તા. ૧-૫-૧૯૬૫ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર લેક્ચરર ઇન ઝૂલોજીની બે જગ્યાઓ માટે જાહેરખબર આપીને અરજીઓ મોકલવી તથા તે જાહેરખબરમાં પ્રાધ્યાપકોના સૂચિત સુધારાનો ઘટતી રીએ ઉલ્લેખ કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી કરતી વખતે, તેમની અરજી નવેસરથી ન આવે તોપણ, સર્વશ્રી. એ. વી. વ્યાસ અને એન. ડી. છાયાને પણ ધ્યાનમાં રાખવા.

૩૪. કુ. શારદા આર. દેસાઈની તા. ૫-૪-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— કુ. દેસાઈએ યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર તરીકે તા. ૨૬-૧૦-૧૯૫૯થી તા. ૩૧-૭-૧૯૬૨ સુધી કામ કરેલું. ત્યાર બાદ બિનપગારી અભ્યાસ-રજા લઈ અમેરિકા ગયાં હતાં ને ત્યાર બાદ રાજીનામું આપી તા. ૭-૯-૧૯૬૩થી છૂટાં થયાં હતાં.)

આથી ઠરાવવામાં આવે છે કે, લેક્ચરર ઇન બોટાનીની જગ્યા માટે જે ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવે તેમાં કુ. શારદા આર. દેસાઈનો પણ સમાવેશ કરવો.

૩૫. યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજોમાં શિક્ષક તરીકેની નિમણૂક મળ્યા બાદ તે શિક્ષક શૈક્ષણિક વર્ષ દરમિયાન શિક્ષણકાર્ય છોડી જઈ શકે નહિ તેવો નિયમ ઘડવા માટે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રાના આચાર્યશ્રીએ તેમના તા. ૨૪-૩-૧૯૬૫ના પત્રાંક જી. ૧-૧૮૪૪થી કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. રેગ્યુ. કૉમ.-૧૪ સુધારવા તથા ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમ પ્રમાણે, વાણિજ્ય વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં શૈક્ષણિક નિમણૂકો માટે કયા વિષયોને મુખ્ય તથા ગૌણ ગણવા તે અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભામાં નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વાણિજ્યની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી આપવી, તથા તે વિદ્યાશાખાની ભલામણો આવ્યેથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૩૭. "પીપલ્સ મુવમેન્ટ ફૉર નેશનલ ઇન્ટિગ્રેશન, ન્યૂ દિલ્હી" દ્વારા તા. ૧૫મી મે ૧૯૬૫ના રોજ નવી દિલ્હી મુકામે યોજાનાર અખિલ ભારતીય પરિષદમાં ભાગ લેવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા તથા રાષ્ટ્રીય સલાહકાર સમિતિનું સભ્યપદ સ્વીકારવા અંગે સદરહુ સંસ્થાના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ મુવમેન્ટનું સભ્યપદ સ્વીકારવું જરૂરી લાગતું નથી.

૩૮. ઑર્ડિ. ૨૭૨ અને ઑર્ડિ. ૨૭૨-એ મુજબ એસ. એફ. જી. હૉસ્પિટલ, વાત્રકને ફિઝિયોથેરાપ્યુટિક રેડિયોલૉજિકલ ટ્રેઇનિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. તા. ૬-૩-૧૯૬૫ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ બાબત ક્રમાંક ૫૫થી એકેડેમિક કાઉન્સિલની ભલામણ જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવી એ રીતે મંજૂર કરેલ છે તેને બદલે ભલામણ ૧૯૬૬ના માર્ચ/એપ્રિલની પરીક્ષાથી અમલમાં મૂકવી એ રીતે વાંચવા બાબત:

સૂચનાનો પાઠ નીચે મુજબ છે:

"Paper-setters in different subjects in different faculties shall set the question-papers in such a way that there shall be question-wise options, wherever options are considered necessary, rather than cumulative options in a general way."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની સૂચનાનો અમલ ૧૯૬૬ના માર્ચ-એપ્રિલની પરીક્ષાથી કરવાનું રાખવું.

૪૦. શ્રી. જી. એસ. શાહને, કામચલાઉ ધોરણે અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે નીમવા પરવાનગી આપવાની વિનંતી કરતા આઈ. વી. પટેલ કૉલેજ ઑફ કૉમર્સ, નડિયાદના આચાર્યશ્રીના તા. ૨૪-૪-૧૯૬૫ના પત્રાંક ૩૯૨૪ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. જી. એસ. શાહને પ્રાધ્યાપક થવામાં બે વર્ષનો બાધ્યાતા તરીકેનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જી. એસ. શાહને અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે કામચલાઉ ધોરણે પણ કામ કરવા દેવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી મંજૂર કરવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક તેઓ કરી શકે નહિ તો, જૂન ૧૯૬૫થી અર્થશાસ્ત્રના મુખ્ય વિષય માટે નવા વિદ્યાર્થીઓને દાખલ કરવા નહિ.

૪૧. ભારત સરકાર તરફથી સર્વમાન્ય પુસ્તકોના અનુવાદ તથા મૌલિક કામોની યોજના હેઠળ મળતી તે આર્થિક સહાયથી પ્રસિદ્ધ થતાં પુસ્તકોના વેચાણની આવકનું ભંડોળ ઊભું કરવા માટે તથા તેના નિયમન માટે કરેલા નીચેના નિયમો અંગે વિચારણા કરવા બાબત:

Extract from 'An Outline of the Scheme of translation & publication of standard works of University level in Hindi and Regional Languages'

Financial Aspects :

6. The Government of India will meet the entire expenditure of this scheme subject to such terms and conditions as may be agreed upon between the Government of India and the translation agencies. For the publication of approved translation, funds will be

provided to the Universities–agencies of State Governments by the Government of India. The scheme also provides 50 % financial assistance to translating agencies for translation and publication into Hindi / Regional languages of the titles suggested by them and approved by the Government of India.

7. Appropriate procedure will be established in this connection. The publishing agencies will be required to credit sale proceeds to a fund to be designated by the Central Government and the amount available in the fund may be assigned by the Government of India to the crediting agencies for further production of such books.

Extract from the Government of India's letter No. F. 20/–19/63 H.I. Ministry of Education, New Delhi–1, dated 27th Sept. 1963

1. The account against the grant will be maintained separately and properly by the translating agencies and a statement of audited accounts together with a utilisation certificate in the following form from a Chartered Accountant or University Auditors will be furnished to the Central Hindi Directorate, Ministry of Education, Government of India :

> "Certified that expenditure against the grant sanctioned to the State Co-ordinate Committee has been verified from the vouchers in support thereof and has been incurred for the purpose for which it has been given."

The unspent balance should be refunded to the Government of India.

The translating agencies will maintain an audited record of the assets credited or acquired wholly or substantially with the Central Government's assistance in the enclosed proforma and furnish to the Government of India, Ministry of Education (Central Hindi Directorate) a copy thereof for record. The assets so created or acquired should not, without the prior sanction of the Govt. of India, be disposed of encumbered or utilised for purposes other than those for which the grant is sanctioned.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. તા. ૧૯-૨-૧૯૬૫ના રોજ મળેલ સિન્ડિકેટની બેઠકમાં બાબત નં. ૫૬ અને ૫૭થી મંજૂર કરવામાં આવેલ યુવક નેતા તાલીમ શિબિર, પર્વતારોહણ તાલીમ શિબિર અને નાટ્ય તાલીમ શિબિરના ખર્ચની વિગતમાં પરિશિષ્ટો નોંધમાં સામેલ કરવાનાં બાકી રહી ગયાં હોઈ, તે સામેલ કરીને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ શિબિરોના ખર્ચની વિગતો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલા ખર્ચની વિગતો પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૪૩. ફરજિયાત ક્ષમતામાપક કસોટીઓ અંગે નીચેની બાબતો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) આ કસોટીઓ લેવાઈ શકાઈ નથી તો તેમાંથી ચાલુ સાલ પૂરતી મુક્તિ આપવા અંગેના કપડવંજની આર્ટ્સ અને સાયન્સ કૉલેજના આચાર્યના તા. ૨૩-૩-૧૯૬૫ના પત્રાંક ૨૧૯૮ ઉપર વિચારણા કરવા બાબત.

(૨) આ કસોટીઓમાં ૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો નથી તો તેઓ સામે શાં પગલાં લેવાં તેવું પુછાવતા જામનગરની એમ. પી. શાહ મેડિકલ કૉલેજના આચાર્યના તા. ૨૦-૪-૧૯૬૫ના પત્રાંક એમ.સી.એલ.-એસ.ડી.ટી.-યુનિવર્સિટી એકઝામ. ૨૮૧૧ ઉપર વિચારણા કરવા બાબત.

(૩) પાલનપુરની બનાસકાંઠા આર્ટ્સ કૉલેજ અને ધંધુકાની આર્ટ્સ અને કૉમર્સ કૉલેજોના આચાર્યો તરફથી, સ્મૃતિપત્રો લખ્યા છતાં, કાંઈ પણ જણાવવામાં આવ્યું નથી તે ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજોના આચાર્યોને ઘટતો પત્ર લખીને જણાવવું કે, વિદ્યાર્થીઓની ક્ષમતા-માપક કસોટીઓ લેવી આવશ્યક છે, અને ભવિષ્યમાં તે લેવામાં ચૂક થાય નહિ તે માટે આચાર્યોએ ઘટતી કાળજી રાખવી.

૪૪. નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય માટે આવેલ મહાનિબંધ અંગે તેની નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુસાર નિમણૂક કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

Name of the candidate	*Degree*	*Subject*	*Referees*
1. Smt. S. P. Jadeja	Ph.D.	Ancient Indian Culture : "A Critical study of the Epical and Puranic Traditions about Yadavas and their Genealogies"	1. Dr. A. D. Pusalkar, Director, P. G. & Research Dept., Bhandarkar Oriental Research Inst., Poona-4.

Name of the candidate	*Degree*	*Subject*	*Referees*
			2. Dr. V. S. Agrawal, Prof. of Indology, Benaras Hindu University, Varanasi–5. 3. Dr. Dashrath Sharma, Prof. of History, Delhi University, Delhi.
2. Shri P. N. Bhatt	Ph.D.	"Culture and Historical study of Kalkipurana"	1. Dr. R. C. Hazara, P/555, B, Panditiya R'd. Extension, Calcutta–29. 2. Dr. A. D. Pusalkar, Director, P. G. & Research Dept., Bhandarkar Oriental Research Institute, Poona–4. 3. Dr. V. S. Agrawal, Prof. of Indology, Benaras Hindu University, Varanasi–5.
3. Shri S. K. Alurkar	Ph.D.	"Ionospheric studies by Reflected electro-magnetic waves"	Prof. S. A. Bowhill, Department of Electrical Engineering, University of Illinois, Urtana, Illinois, U.S.A.
4. Shri J. J. Trivedi	Ph.D.	"Chemical & Biochemical investigations of the heartwood of Pterocarpus Marsupium"	1. Prof. T. A. Gesman, Department of Chemistry, University of California, Los Angles (California, U.S.A.)

Name of the candidate	*Degree*	*Subject*	*Referees*
			2. Prof. J. B. Harbarne, John Innues Horticultural Institution, Hertford (U.K.). *For viva-voce* 1. Prof. R. C. Shah, 5/A, Suresh Colony, Near Nanavati Hospital, Swami Vivekanand Road, Vile Parle, Bombay. 2. Dr. T. N. Mehta, Professor of Applied Chemistry, Laxminarayan Institute of Technology, Nagpur.
5. Shri V. K. Mehta	Ph.D.	"Chemistry Synthesis of Quinazoline, Quinoline and Acridine derivatives"	1. Prof. Paul Karrer, University of Zurich, Zurich (Switzerland). 2. Dr. Naph, Bau-hoi Radium Institute, The University of Paris, Paris. *For viva-voce* 1. Dr. R. C. Shah, 5–A, Suresh Colony, Near Nanavati Hospital, Swami Vivekanand Road, Vile Parle, Bombay. 2. Dr. T. R. Govindachari, CIBA Research Institute, Goregaon, Bombay.

Name of the candidate	*Degree*	*Subject*	*Referees*
6. Shri I. D. Shah	Ph.D.	Chemistry : "Studies in Thiazolidones and related compounds"	1. Dr. M. A. Pathak, Ph.D., Havard Medical School, Warren 5, Massacheusetts General Hospital, 14 (Mass), Boston, U.S.A. 2. Dr. Edwin E. Hays, Ph.D., Riker Laboratories, Northridge, California, U.S.A. 3. Dr. B. V. Shetty, Ph.D., Organic Chemistry Dept., Strasenburgh Laboratories, Rochester, New York, U S.A. *For viva-voce* 1. Dr. R. N. Chakravarty, School of Tropical Medicine Chittaranjan Avenue, Calcutta–12. 2. Dr. G. Saharia, Dept. of Chemistry, Delhi University, Delhi.
7. Shri S. N. Harsha	Ph.D.	"Chemistry Studies on the constitution of Seed Polysaccharides"	1. Prof. F. Smith, St. Paul Minnesota University of Minnesotta. 2. Prof. G. A. Adams, Dept. of Applied

Name of the candidate	*Degree*	*Subject*	*Referees*
			Biology, National Research Council, Ottawa. 3. Prof. Richard Kuhur Ansdem, Max-pank Institute for Chemic, Heidelburg. *For viva-voce* 1. Prof. T. Seshadri, Delhi University, Delhi. 2. Dr. P. S. Rao, Forest Research Instituet, Dehradun.
8. Shri G. T. Pandya	Ph.D.	Zoology: "Physiological studies on the Endoparasitic Nematodes etaria cervi (Rudoffi)"	1. Dr. Kenneth Allen, Uni. of California, Dept. of Zoology, Los Angles 24, California, U.S.A. 2. Dr. Ernest Bueding, Dept. of Pathology, School of Hygiene and Public Health, 615, North Wolfe Street; Manyland, U.S.A. *For viva-voce* 1. Dr. N. N. Murthy, Prin., Zunzunwala College, Bombay. 2. Dr. M. M. Goel, M.Sc., Ph.D., Prof. of

Name of the candidate	Degree	Subject	Referees
			Zoology, Barroely College (Barroely, U.P.). 3. Dr. S. N. Singh, Head of Zoology Dept., Osmania Uni., Hyderabad-7.
8. Shri P. N. Khanna	Ph.D.	"Pharmacognostic & Phyto-chemical studies of some important Medicanalplants of India"	1. Dr. L. Horhammer, Director, Institute for Pharmazeutische, Arznci mittell ehreder, Universitat, Munchen Karl stroisso 29, 8, Monohen 2, West Germany. 2. Prof. A. E. Schwarting, Uni. of Connetiunt, Sterrs, Conneetiunt, U.S.A.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલા વિદ્યાર્થીઓના મહાનિબંધ અંગે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂકો કરવી.

(નોંધ.—શ્રી. જી. ટી. પંડ્યાના મહાનિબંધ અંગે ડૉ. એન. એન. મૂર્તિ માર્ગદર્શક હોઈ તેમની ચૌખિક પરીક્ષા માટે શ્રી. એન. એન. મૂર્તિ ઉપરાંત ડૉ. એમ. એમ. ગોહિલની નિમણૂક કરવામાં આવે.)

૬૫. વિનયન વિદ્યાશાખાના ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમના ફર્સ્ટ બી.એ. અને સેકન્ડ બી.એ. એક્ઝટર્નલ પરીક્ષાઓના રેગ્યુલેશનો એક્ટ. આર્ટ્સ-૨ તથા એક્ટ. આર્ટ્સ-૩ના સંબંધકર્તા ભાગમાં કૉ-ઓપરેશનના વિષયનો મંજૂર થયેલ અભ્યાસક્રમ ઉમેરવા બાબત તથા તેની નોંધ સંબંધકર્તા ઑર્ડિ. એક્ટ. આર્ટ્સ-૬ તથા રેગ્યુલેશનો એક્ટ. આર્ટ્સ-૧ અને એક્ટ. આર્ટ્સ-૬માં કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. એક્ટ. આર્ટ્સ-૬ તથા રેગ્યુલેશન એક્ટ. આર્ટ્સ-૧ અને એક્ટ. આર્ટ્સ ૬ સુધારવા તથા તેને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવા.

૪૬. ડિપ્લોમા ઇન જર્નાલિઝમના અભ્યાસક્રમમાં દાખલ થવા માટે ઑર્ડિ. ૧૯૦ અને ૧૯૦-સીમાં ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ અથવા ઇન્ટર કૉમર્સનું ધોરણ રાખ્યું છે તેને બદલે હવે એફ.વાય.બી.એ., એફ.વાય.બી.એસસી. અથવા એફ.વાય.બી.કૉમ. રાખી સદરહુ ઑર્ડિનન્સો તે પ્રમાણે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૯૦ અને ૧૯૦-સીમાં ઇન્ટર આર્ટ્સ, ઇન્ટર સાયન્સ અથવા ઇન્ટર કૉમર્સ એ શબ્દોને બદલે અનુક્રમે એફ.વાય.બી.એ., એફ.વાય.બી.એસસી. અથવા એફ.વાય.બી.કૉમ. શબ્દો મૂકીને સદરહુ ઑર્ડિનન્સો સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૪૭. રેગ્યુ. ૨૨૭ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

R. 227 :

"To pass the examination, a candidate will be required to obtain—

(*i*) at least 30% of the marks in each paper;

(*ii*) 36% of the total marks in viva-voce;

and

(*iii*) At least 48% of the total marks obtainable in the grand total.

Those of the successful candidates obtaining 60% or more of the total marks obtainable will be placed in the first class and those obtaining less than 60% of the total marks will be placed in the second class.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર મુજબ સુધારેલા રેગ્યુ. ૨૨૭ને મંજૂર કરવો તથા તેને માર્ચ-એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવો.

૪૮. રદે. ૧૭૯માં મેડિકલ ફેકલ્ટીના અનુસ્નાતક ડિપ્લોમામાં, "ડિપ્લોમા ઇન ઓર્થેલમોલોજી ડી.ઓ." જણાવેલું હોઈ ઑ. ૩૦૦-એ, ૩૦૦-બી અને ૩૦૦-સીમાં જ્યાં "ડી.ઓ.એમ.એસ." જણાવેલ છે ત્યાં "ડી.ઓ." શબ્દપ્રયોગ મૂકીને તે ઑર્ડિનન્સો સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૩૦૦-એ, ૩૦૦-બી અને ૩૦૦-સીમાં જ્યાં જ્યાં "ડી.ઓ.એમ.એસ." શબ્દપ્રયોગ છે ત્યાં ત્યાં "ડી.ઓ." શબ્દપ્રયોગ મૂકીને તે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૪૯. ડિપ્લોમા ઇન લાઇબ્રેરી સાયન્સનું નામાભિધાન બદલી "બૅચલર ઑફ લાઇબ્રેરી સાયન્સ" રાખવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, "ડિપ્લોમા ઇન લાઇબ્રેરી સાયન્સ"નું નામાભિધાન બદલી "બૅચલર ઑફ લાઇબ્રેરી સાયન્સ" (બી.લિબ.સાયન્સ) રાખવા માટે સેનેટને ભલામણ કરવી.

૫૦. સિન્ડિકેટના તા. ૩-૪-૧૯૬૫ના ઠરાવ અનુસાર સુધારેલા ઑ. ૧૩૫-એ ના મુસદ્દા ઉપર વિચારણા કરવા બાબત.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૩૫-એ સુધારવો તથા તેને ૧૫મી જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૧૩૫-એની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૫૧. શિક્ષણશાસ્ત્રના વિષયમાં પત્રવ્યવહારથી શિક્ષણ આપવાનું ભારત સરકારનું સૂચન નહિ સ્વીકારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

(૧) નિબંધના પ્રશ્નપત્રમાં પણ બીજા પ્રશ્નપત્રોની જેમ જ ટેસ્ટ લેવાની વ્યવસ્થા કરવી આવશ્યક રહેશે તેમ કૉલેજોને જણાવવું.

(૨) વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખામાં ત્રીજા વર્ષના અભ્યાસક્રમમાં નિબંધના પ્રશ્નપત્ર માટે હાલનાં ધારાધોરણો હેઠળ વિદ્યાર્થીઓને માટે પાંચમાંથી એક જ નિબંધ લખવો આવશ્યક ગણવામાં આવ્યો છે તેને બદલે ઓછામાં ઓછા છ વિષયો પૈકી ઓછામાં ઓછા બે વિષયો પર નિબંધ લખવો આવશ્યક ગણવાનું રાખવું અને તે માટે જે તે રેગ્યુલેશનોમાં સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો:

The student shall be called upon to attempt Essay on two subjects out of not less than six to be set in the question-paper. The essays to be set in the question-paper shall be related to any of the topics covered in the syllabus for the subject concerned during any of the three years in the Three Year Integrated Degree Course."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી તથા તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૧૧ અને રેગ્યુ. કૉમર્સ-૧૭ના સંબંધકર્તા સુધારેલા ભાગને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવો.

૫૩. બીજી યુનિવર્સિટીની માન્ય કરેલ ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા આપણી યુનિવર્સિટીની જૂના અભ્યાસક્રમની ઇન્ટર આર્ટ્સ પરીક્ષા તુલ્ય નહિ પરંતુ ત્રિવાર્ષિક અભ્યાસક્રમની ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા તુલ્ય માન્ય કરવાની અને સદરહુ પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થીઓને જૂના અભ્યાસક્રમની પરીક્ષામાં પ્રવેશ ન આપતાં ત્રિવાર્ષિક અભ્યાસક્રમની સેકન્ડ બી.એ.ની પરીક્ષામાં પ્રવેશ આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૫૪. પહેલા, બીજા અને ત્રીજા વર્ષ બી.એ.ના મનોવિજ્ઞાન વિષયના અભ્યાસક્રમો સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર રેગ્યુ. આર્ટ્સ-૨ અને રેગ્યુ. આર્ટ્સ-૭ અને રેગ્યુ. આર્ટ્સ-૧૩માં સુધારો કરવો તથા તેને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવો.

(રેગ્યુ. આર્ટ્સ-૨ અને રેગ્યુ. આર્ટ્સ-૭ અને રેગ્યુ. આર્ટ્સ-૧૩ના સંબંધકર્તા સુધારેલા પાઠની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૫૫. રેગ્યુ. આર્ટ્સ-૨, ૭ અને ૧૨ના સંબંધકર્તા ભાગ સુધારવાની અને તેને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૨, આર્ટ્સ-૭ અને આર્ટ્સ-૧૨ સુધારવા તથા તેને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવા.

(રેગ્યુ. આર્ટ્સ-૨, ૭ અને ૧૨ના સુધારેલા સંબંધકર્તા પાઠની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૫૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

(૧) સામાન્ય શિક્ષણના વિષયમાં આંતરિક ગુણાંકનની બાબતમાં યોગ્ય નિરીક્ષણતંત્ર ઊભું કરવું.

(૨) સામાન્ય શિક્ષણ માટે પરિસંવાદ યોજવો.

(૩) ત્રિવાર્ષિક અભ્યાસક્રમ અને ટ્યુટોરિયલ પદ્ધતિ દાખલ કરવાને કારણે કૉલેજોનાં મકાનોમાં વધારાની જોગવાઈ કરવા માટે જે ખર્ચ થાય તે માટે આર્થિક મદદ આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

(૧) જૂના અભ્યાસક્રમ હેઠળ મુખ્ય વિષયમાં ઉત્તીર્ણ થનાર હોય પણ સબ્સિડિયરી વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓને, તેઓ ટી.વાય.બી.એસસી.ના નવા અભ્યાસક્રમ મુજબ

બે સત્રો ભરે, તો તેમને ટી.વાય.બી.એસસી.ની પરીક્ષામાં જે તે વિષયમાં બેસવા માટે પરવાનગી આપવી, પણ આવા વિદ્યાર્થીઓને વર્ગ આપી શકાશે નહિ, તેમ સ્પષ્ટતા કરવી.

(૨) જૂના અભ્યાસક્રમ મુજબની બી.એ.ની પરીક્ષામાં નાપાસ થયેલા અથવા બી.એ.ના અભ્યાસક્રમમાં જેનું ફક્ત એક જ સત્ર ખૂટતું હોય તેવા વિદ્યાર્થીઓને ઓક્ટોબર ૧૯૬૫ની એક્સ્ટર્નલ પરીક્ષામાં બેસવા માટે અપવાદ તરીકે પરવાનગી આપવી.

(૩) ૧૯૬૫ના એપ્રિલ કે તે પહેલાં લેવાયેલ બી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને, તેઓ જૂના અભ્યાસક્રમ હેઠળની બી.કૉમ.ની પરીક્ષામાં બે સત્રો ભરે તે શરતે તેમની ૧૯૬૬ના એપ્રિલની બી.કૉમ.ની જૂના અભ્યાસક્રમ હેઠળની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી. આ ઠરાવ હેઠળ જે વિદ્યાર્થીઓને ૧૯૬૬ના એપ્રિલમાં બી.કૉમ.ની પરીક્ષા આપવાની પરવાનગી આપવામાં આવે તેમને માટે ઑક્ટોબર ૧૯૬૬માં ફક્ત એક જ વધારાની પરીક્ષા જૂના અભ્યાસક્રમ હેઠળ લેવામાં આવશે તેની સ્પષ્ટતા કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૫૮. એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની પરીક્ષા પ્રત્યેક વર્ષે પરીક્ષા ભાગ ૧ અને પરીક્ષા ભાગ ૨ તરીકે લેવા માટે જે નિર્ણય આ યુનિવર્સિટીનાં સત્તામંડળોએ કરેલો છે તે નિર્ણયનો અમલ ૧૯૬૫ના જૂનથી નવો અભ્યાસક્રમ દાખલ કરીને નહિ કરતાં ૧૯૬૬ના જૂનથી નવો અભ્યાસક્રમ દાખલ કરીને ભાગ ૧ની પરીક્ષા ૧૯૬૭ના એપ્રિલ માસથી લેવાનું રાખવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની પરીક્ષા પ્રત્યેક વર્ષે પરીક્ષા ભાગ ૧ અને પરીક્ષા ભાગ ૨ લેવા માટે જે નિર્ણય યુનિવર્સિટીનાં સત્તામંડળોએ કરેલો છે, તે નિર્ણયનો અમલ ૧૯૬૫ના જૂનથી નવો અભ્યાસક્રમ દાખલ કરીને નહિ કરતાં ૧૯૬૬ના જૂનથી નવો અભ્યાસક્રમ દાખલ કરીને ભાગ ૧ની પરીક્ષા ૧૯૬૭ના એપ્રિલ માસથી લેવાનું રાખવું તથા ભાગ ૨ની પરીક્ષા ૧૯૬૮ના એપ્રિલ માસથી લેવાનું રાખવું.

૫૯. સહકાર (કો-ઑપરેશન)નો વિષય ઑર્ડિ. આર્ટ્સ-૬માં ગ્રુપ ૨માં ૧૩મા વિષય તરીકે ઉમેરવા તથા તે પ્રમાણે સુધારેલા ઑર્ડિ. આર્ટ્સ-૬ મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. આર્ટ્સ-૬માં ગ્રુપ ૨ માં ૧૩મા વિષય તરીકે સહકાર (કો-ઑપરેશન)નો વિષય ઉમેરવો, તથા તે પ્રમાણે સુધારેલો ઑર્ડિ. ૬ મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૬૫ની પરીક્ષાથી અમલમાં મૂકવો.

૬૦. રેગ્યુ. આર્ટ્સ-૨, આર્ટ્સ-૬, આર્ટ્સ-૧૧, રેગ્યુ. સાયન્સ-૧, સાયન્સ-૭, સાયન્સ-૧૪, તથા રેગ્યુ. કૉમર્સ-૨, કૉમર્સ-૭ અને કૉમર્સ-૧૨ તથા રેગ્યુ. પ્રી-૮, પ્રી-૧૩ અને પ્રી-૧૮માં ટેસ્ટ પરીક્ષા લેવા અંગેના સંબંધકર્તા ભાગનો પાઠ નીચે મુજબ વંચાય

તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

Provided further that a student appearing at the above Examination has appeared for the purposes of internal evaluation in at least two tests in the first term and either two tests or one full length examination in the second term as follows :

(1) Each test shall be of not less than one and a half hours' duration in each paper and in each subject;

(2) The full length examination which may at the discretion of the Principal be held in lieu of two tests prescribed to be held in the second term shall be as per the pattern and the duration prescribed for the University examination; provided further that wherever any practical work is assigned for a course of study in any subject the student shall appear in at least two tests per term in each subject for the practical work also in addition to the theoretical tests in the subject.

Notwithstanding anything contained hereinabove, it shall be competent for the Principal of a college, if he so desires, to hold one test per term for practical work, provided that the duration of each such test in that case will be as per the duration fixed by the University for its examination for such test.

The Principals of the colleges shall be competent to hold both theoretical and practical tests in such manner and as such time as they shall fix subject to the provision mentioned hereinabove.

The Principal of the college is authorised to arrange for an extra test, if he so wishes, in case a student is not able to appear at any one test for a bonafide reason. Under no circumstances, a student shall be given an opportunity to appear at an extra test more than once.

The marks assigned to each student for the total internal assessment in each subject shall be sent to the University, by 20th March every year, by the Principal of the college from where the student is sent up for the examination.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. આર્ટ્સ-૧, આર્ટ્સ-૬, આર્ટ્સ-૧૧, રેગ્યુ. સાયન્સ-૧, સાયન્સ-૭, સાયન્સ-૧૪ તથા રેગ્યુ. કૉમર્સ-૧, કૉમર્સ-૭ અને કૉમર્સ-૧૨ તથા રેગ્યુ. પ્રી-૮, પ્રી-૧૩ અને પ્રી-૧૮માં ટેસ્ટ પરીક્ષા લેવા અંગેનો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ તંચાય તે રીતે સુધારવા તથા સદરહુ રેગ્યુલેશનોને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવા.

૬૧. એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(ક) પહેલી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા માટે વિષય દીઠ ૩૦ ટકા આંતરિક ગુણાંકન રાખવું.

(ખ) પહેલી એમ.બી.,બી.એસ.ની પરીક્ષાનો અભ્યાસક્રમ દોઢ વર્ષનો હોઈ તેને લગતા અભ્યાસક્રમો રેગ્યુ. ૧૬૫ અને રેગ્યુ. ૧૬૬ સુધારવા.

(ગ) રેગ્યુ. ૧૬૪ની બાબતો નવા સૂચવેલા રેગ્યુ. ૧૬૫માં સમાઈ જતી હોવાથી રેગ્યુ. ૧૬૪ રદ કરવો.

(ઘ) ઇન્ટર્નલ ઇવેલ્યુએશન દાખલ કરેલ હોઈ રેગ્યુ. ૧૬૭ નીચે મુજબ સુધારવો :

R. 167 :

To pass the First M.B.,B.S. Examination, a student must obtain :

(*a*) at least 50 per cent of the full marks in (1) Theory papers, and (2) Practicals and Oral tests, taken together in each subject at the University examination as distinct from internal assesment; and

(*b*) at least 40 per cent of full marks in (1) Theory paper, and (2) 40 per cent in practicals and Oral tests, taken together in each subject in the internal assesment; and

(*c*) at least 50 per cent of full marks in the grand total of the University examination marks and the internal assessment marks.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરતી, અને સુધારેલા રેગ્યુ. ૧૬૭ને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવો.

૬૨. મેડિકલ ફેકલ્ટીના પરીક્ષકોને આપવાની ખાસ સૂચનાઓમાં સૂચના નં. ૨૦ નીચે મુજબ સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

20. Practical Examination in Medicine :

The time be devoted to the various Practical Examinations in Medicine at the Third M.B.,B.S. Examination shall be as follows :

There will be three pairs of Examiners and they will be numbered as Pair I, Pair II, Pair III.

Not more than 18 candidates will be examined at a time and they will be divided into three groups, called 'A', 'B' and 'C'.

Clinical :

Long Cases : 30 minutes for the examination of the case by the candidate and making short notes.

10 minutes for the examination of the candidate by a pair of Examinars.

Short Cases : 10 minutes for examination of each case by the candidate.

A pair of Examiners will examine the candidate for 10 minutes, i.e., 3 separate pairs for 3 short cases.

Viva-voce

This examination shall consist of 20 minutes for Viva-voce Examination to be conducted by two pairs of Examiners for 10 minutes each. This will include also question on Preventive and Social Medicine.

(*N.B.* — The pairs of Examiners who have examined the candidates in the Long Case shall not examine the candidate in the viva-voce. The remaining two pairs of Examiners shall take this examination and one pair will take only the oral examination while the other will examine the candidate in Electro Cardiogram, X-ray plates, Pathology specimens, etc.)

As a practical guide the following details are suggested :

The conduction of the examination could be as under :

(Suggested for clarification and as a model for the convenience of Examiners).

Long Cases :

8-00 a.m. — Examination starts : i.e., at 8-00 a.m. cases are distributed to the students.

8-30 a.m. — Examination of Long Cases, i.e., at 8-30 candidates are examined in Long Cases by Examiners.

Short cases :

9-30 a.m. — Examination of Short cases. (Cases are distributed to students.)

10-30 a.m. — Viva-voce Examination as under :

The pair of Examiners shall be numbered as I, II, III, etc. The groups, each consisting of six candidates, will be called *A*, *B*, *C*, etc.

	Groups		
	B	*C*	*A*
Long Cases	I	II	III
Examiners (Pair)	*A*	*B*	*C*
Viva-voce	*C*	*A*	*B*

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૩. ડિપ્લોમા ઇન ઇન્ડસ્ટ્રિયલ મેડિસિન એન્ડ ઓક્યુપેશનલ હાઇજીન (ડી.આઈ.એમ. એન્ડ ઓ.એચ.)નો ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા નક્કી કર્યું છે તેને બદલે તે ડિપ્લોમાને ડિપ્લોમા ઇન ઇન્ડસ્ટ્રિયલ હેલ્થ (ડી.આઈ.એચ.) નામ આપવા એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમા ઇન ઇન્ડસ્ટ્રિયલ મેડિસિન એન્ડ ઓક્યુપેશનલ હાઇજીન (ડી.આઈ.એમ. એન્ડ ઓ.એચ.)નો ડિપ્લોમા અભ્યાસક્રમ સ્થાપવા નક્કી કર્યું છે તેને બદલે તે ડિપ્લોમાને ડિપ્લોમા ઇન ઇન્ડસ્ટ્રિયલ હેલ્થ (ડી.આઈ.એચ.) નામ આપવા માટે સેનેટને ભલામણ કરવી.

૬૪. રેગ્યુ. આર્ટ્સ-૭ અને આર્ટ્સ-૧૨ના સંબંધકર્તા ભાગ સુધારવા અને તેને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. આર્ટ્સ-૭ અને આર્ટ્સ-૧૨ના સંબંધકર્તા ભાગ સુધારવા અને તેને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૭ અને રેગ્યુ. આર્ટ્સ-૧૨ના સંબંધકર્તા ભાગની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૬૫. સેકન્ડ ઇયર બી.એસસી.માં ભૌતિકવિજ્ઞાન વિષયનો અભ્યાસક્રમ સુધારવા માટે રેગ્યુ. સાયન્સ-૮નો સંબંધકર્તા ભાગ સુધારવાની અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. સાયન્સ-૮નો સંબંધકર્તા ભાગ સુધારવો અને સુધારેલા રેગ્યુલેશનને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ-૮નો સંબંધકર્તા ભાગ **પરિશિષ્ટ "૭"** તરીકે સામેલ છે.)

૬૬. રે. ૬ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

R. 6 :

The Matriculation or Entrance Examination conducted and controlled directly by every statutory Indian University will be deemed equivalent to the S.S.C. Examination, Gujarat State, if passed with at least 35% marks in each of the following subjects, viz., English, an Additional Language, Arithmetic or Mathematics, Social Studies or History or Geography and one other subject, or if passed in five or more heads of passing in the First or Second Division through a school recognised by the University or Government of the State concerned.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર મુજબ સુધારેલો રેગ્યુલેશન-૬ મંજૂર કરવો અને તેને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવો.

૬૭. તૃતીય વર્ષ બી.એ.માં નિબંધના પ્રશ્નપત્ર માટે પ્રત્યેક અઠવાડિયે એક ટ્યુટોરિયલ રાખવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તૃતીય વર્ષ બી.એ.માં નિબંધના પ્રશ્નપત્ર માટે પ્રત્યેક અઠવાડિયે એક ટ્યુટોરિયલ રાખવો.

૬૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ:

"આથી ઠરાવવામાં આવે છે કે, ભાષા-સાહિત્ય ભવનમાં નીચેના પ્રત્યેક વિભાગ દીઠ બે બે શિષ્યવૃત્તિઓ થાય તે રીતે કુલ ૧૨ શિષ્યવૃત્તિઓ સ્થાપવા માટે સિન્ડિકેટ અને સેનેટને ભલામણ કરવી :

૧. ગુજરાતી, ૨. સંસ્કૃત, ૩. હિન્દી, ૪. અંગ્રેજી, ૫. પર્શિયન, ૬. ભાષાશાસ્ત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, ભાષા-સાહિત્ય ભવનમાં નીચેના પ્રત્યેક વિભાગ દીઠ માસિક રૂપિયા વીસની એક એવી બબ્બે શિષ્યવૃત્તિઓ થાય તે રીતે કુલ ૧૨ શિષ્યવૃત્તિઓ સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી :

૧. ગુજરાતી,	૩. હિન્દી,	૫. પર્શિયન,
૨. સંસ્કૃત,	૪. અંગ્રેજી,	૬. ભાષાશાસ્ત્ર.

૬૯. રે. આર્ટ્સ-૧૩ અને રે. સાયન્સ-૧૫ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની ભલામણ પર વિચારણા કરવા બાબત:

R. Arts-13 :

To pass the examination, a candidate must obtain at least 36% of the marks obtainable separately in each subject at University Examination and also in the internal assessment of each subject.

Those of the successful candidates who obtain at least 60% of the total marks obtainable in aggregate, i.e., the marks obtained at their first and second year examinations in the optional subjects, i.e., the percentage marks of both special and subordinate, and the marks obtained by them in their third year examination, will be placed in the First Class provided they obtain at least 50% of the total marks obtainable in the papers and practicals (if any) at the examination actually held by the University as distinguished from internal evaluation, and those obtaining 48% of the total marks obtainable in aggregate, i.e., the marks obtained at their first and second year examinations in the optional subjects, both special and subordinate, and the marks obtained by them in their third year examination will be placed in Second Class, provided, they obtain at least 40% of the total marks obtainable in the papers and practicals (if any) at the examination actually held by the University as distinguished from internal evaluation, provided however, marks obtained in English shall not be counted for determining the class.

For the purpose of determining the class the percentage of marks obtained by a candidate in each of his F.Y. and S.Y. examinations shall be given weightage so as to constitute it as an integral part of the total, it being understood that the total of 800 marks shall be counted as per the following formula :

(1) Marks obtained in the optional papers of Third Year Examination, i.e. out of	600 marks
(2) Percentage of marks obtained in optional papers and First Year Examination	100 marks
(3) Percentage and marks obtained in optional papers of Second Year Examination	100 marks
Total ..	800 marks

A candidate who has earned exemption in English or who has earned exemption at one sitting in the principal subject shall be

entitled to a class in accordance with this regulation on his passing in the remaining subject at a subsequent examination. A candidate passing the examination in compartments in this manner shall not be eligible for prizes, scholarships or other awards in this examination.

The marks assigned to the internal assessment shall be carried forward and credited to the candidate concerned in a subsequent examination, if he appears thereat as an ex-student.

R. Sc.–15 :

To pass the examination, a student must obtain at least 36 per cent of the marks obtainable separately in papers and practicals in each subject at University examination and separately in internal assessment of both papers and practicals in each subject and also obtain at least 36 per cent in the grand total including marks for credits.

Those of the successful candidates who obtained at least 60 per cent of the total marks obtainable in aggregate, i.e., the marks obtained at their first and second year examinations in the optional subjects, i.e., the percentage marks both special and subordinate and the marks obtained by them in their third year examination will be placed in the First Class, provided they obtain at least 50 per cent of the total marks obtainable in the papers and practicals (if any) at the examination actually held by the University as distinguished from internal evaluation and those obtaining 48 per cent of the total marks obtainable in aggregate, i.e., the marks obtained at their first and second year examinations in the optional subjects both special and subordinate and the marks obtained by them in their third year examination will be placed in the Second Class provided they obtain at least 40 per cent of the total marks obtainable in the papers and practicals (if any) at the examination actually held by the University as distinguished from internal evaluation, provided, however, the marks obtained in English shall not be counted for determining the class.

For the purpose of determining the class, the percentage of marks obtained by a candidate in each of his F.Y. and S.Y. examinations shall be given weightage so as to constitute it as an

integral part of the total, it being understood that the total of 800 marks shall be counted as per the following formula :

(1) Marks obtained in the optional papers of Third Year Examination, i.e., out of	..	600 marks
(2) Percentage of marks obtained in optional papers and First Year Examination	..	100 marks
(3) Percentage and marks obtained in optional papers of Second Year Examination	..	100 marks
	Total	800 marks

A student who has earned exemption in English or who has earned exemption at one sitting in all the subjects excepting English shall be entitled to a class in accordance with this regulation on his passing the remaining subject or subjects at a subsequent examination. A student passing the examination in compartments in this manner shall not be eligible for prizes, scholarships or other awards for this examination.

The marks assigned to the internal assessment in which he passes, will be carried forward for the student appearing more than once at his examination.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર મુજબ સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૧૩ અને રેગ્યુ. સાયન્સ-૧૫ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવા.

૭૦. રેગ્યુ. ફૉર્મ.-૨૦, રેગ્યુ. ફૉર્મ.-૨૭ અને રેગ્યુ. ફૉર્મ.-૩૫માં ચોથી લીટીમાં "in Theory" પછી નીચેના શબ્દો ઉમેરી સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"Provided that where a Theory paper carries 75 marks, the sessional marks for records as contemplated in this Regulation shall be assigned out of 25."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. ફૉર્મ.-૨૦, ફૉર્મ.-૨૭, અને ફૉર્મ.-૩૫ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવા.

Pharm. R. 20 :

The regular record of both theoretical and practical class work, examinations conducted at an affiliated college imparting training for this course shall be maintained for each student and 30 per cent of the total marks for each subject in theory, provided

that where a theory paper carries 75 marks, the sessional marks for records as contemplated in this Regulation shall be assigned out of 25 and 40 per cent of the total marks for each subject in Practical shall be allotted for these records.

The sessional marks shall be calculated on the basis of average of the marks secured in examinations held during the year which shall not be less than three in numbers.

Pharm. R. 27 :

A regular record of both theoretical and practical class work and examination conducted at an affiliated college imparting training for this course shall be maintained for each student and 30 per cent of the total marks for each subject in theory, provided that where a theory papers carries 75 marks, the sessional marks for records as contemplated in this Regulation shall be assigned out of 25 and 40 per cent of the total marks for each subject in practical shall be allotted for these records. The sessional marks shall be calculated on the basis of average of the marks secured in examinations held during the year which shall not be less than three in numbers.

Pharm. R. 35 :

A regular record of both theoretical and practical class work and examination conducted at an affiliated college imparting training for this course shall be maintained for each student and 30 per cent of the total marks for each subject in theory, provided that where a theory paper carries 75 marks, the sessional marks for records as contemplated in this Regulation shall be assigned out of 25, and 40 per cent of the total marks for each subject in practical shall be allotted for these records. The sessional marks shall be calculated on the basis of average of the marks secured in examination held during the year which shall not be less than three in numbers.

૭૧. નવા ત્રિવાર્ષિક અભ્યાસક્રમના સંદર્ભમાં ઑ. ૩૦૨-ઈ (ફાર્મ. ઑ. ૫) રદ કરવા તથા ઑ. ૩૦૨-એફ (ફાર્મ. ઑ. ૬) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

O. 302-F (Pharm. O. 6) :

A candidate who has passed the First Year B.Sc. Examination of this University or any other University recognised as equivalent

to the examinations of this University shall be exempted from the prescribed courses and examinations of the First Year in Pharmacy in those subjects in which he has passed the First Year B.Sc. Examination.

Provided further that such a student shall be permitted to join the Intermediate courses in Pharmacy and shall be eligible to pass the examination if he passes the First Year B.Sc. and also the examinations in those subjects of the F.Y. from which he has not been exempted.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૩૮૨–આઈ (ફાર્મ. ઑ. ૫) ૨૬ કરવો, તથા ઉપર મુજબ સુધારેલો ઑર્ડિ. ૩૦૨–એફ (ફાર્મ. ઑ. ૬) મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવો.

૬૨. જુલાઈ ૧૯૬૫માં લેવાનાર "જુનિયર અને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ"ની પરીક્ષા શરૂ થવાની તા. ૧૩-૭-૧૯૬૫ રાખવા તેમ જ મજકૂર પરીક્ષાઓ માત્ર અમદાવાદ કેન્દ્ર ઉપર લેવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઑ. ૧૨૯ મુજબ આ પરીક્ષાઓ તા. ૧૨-૭-૧૯૬૫ના રોજ રાખવાની થાય છે, પરંતુ તે દિવસે રજા છે. માણસા, નડિયાદ તથા અમદાવાદ કેન્દ્રમાં વિદ્યાર્થીઓ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, જુલાઈ ૧૯૬૫માં લેવાનાર જુનિયર અને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઈંગ્લિશની પરીક્ષા તા. ૧૩-૭-૧૯૬૫ના રોજ શરૂ કરવી, અને તે પરીક્ષા માટે ફક્ત અમદાવાદ કેન્દ્ર જ રાખવું.

૬૩. સિન્ડિકેટની તા. ૩-૪-૧૯૬૫ના ઠરાવ પ્રમાણે સ્વીકારવામાં આવેલ ભેટના સંદર્ભમાં "શ્રી ધૂમકેતુ શિષ્યવૃત્તિ" અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, "શ્રી. ધૂમકેતુ શિષ્યવૃત્તિ" અંગેના નીચેના નિયમો મંજૂર કરવા :

(૧) "શ્રી. ધૂમકેતુ શિષ્યવૃત્તિ" એ નામની શિષ્યવૃત્તિ ગુજરાત યુનિવર્સિટીની બી.એ.ની પરીક્ષામાં ગુજરાતીનો મુખ્ય (સ્પેશિયલ)નો વિષય લઈ બેઠેલ વિદ્યાર્થીઓમાં સૌથી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થઈ એમ.એ.ની પદવી માટે ગુજરાતીનો વિષય લઈ અભ્યાસ ચાલુ રાખનાર વિદ્યાર્થીને બે વર્ષ માટે વાર્ષિક રૂા. ૧૫૦ની આપવામાં આવશે;

(૨) આ શિષ્યવૃત્તિની કુલ રૂા. ૩૦૦ની રકમ વાર્ષિક રૂા. ૧૫૦ પ્રમાણે બે વર્ષ માટે છે. તેમાંથી દર છ છ માસે રૂા. ૭૫-૦૦ પ્રમાણે ચાર સત્રો માટે આપવી. પણ એક સત્ર પૂરું થતાં બીજા સત્રના આરંભ પહેલાં વિદ્યાર્થીએ સંતોષકારક અભ્યાસ તથા ચાલચલગત બાબતનું સંસ્થાના વડાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું આવશ્યક રહેશે;

(૩) શિષ્યવૃત્તિ વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે, શક્ય હશે ત્યાં સુધી, જાહેર કરવામાં આવશે;

(૪) શિષ્યવૃત્તિ આપવામાં વિજેતાની જાત, જન્મ, ધર્મ કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ;

(૫) આ ભેટની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે; અને

(૬) આ ભેટની વાર્ષિક આવકમાંથી જે બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

૭૪. યુનિવર્સિટી ગ્રંથાલયના પદાવાળા શ્રી. મેઘજી ડી. ચાંડયા તા. ૧૦-૩-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી, રૂ. ૧૬૩-એ પ્રમાણે તેમના ખાતે નીકળતી ગ્રેચ્યુઇટીની રકમ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૧-૨-૧૯૫૨થી ગ્રંથાલયમાં જોડાયા હતા અને તા. ૧૦-૩-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. મેઘજી ડી. ચાંડયાને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઇટીની રકમ આપવી.

૭૫. "Seminar on Accountancy" માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના તા. ૧-૩-૧૯૬૫ના પત્રાંક એફ. ૨. ૧૫૧-૬૫ (એસએચઈ)થી રૂા. ૨,૫૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત તથા યોજનાઓ અંગેના અંદાજી ખર્ચની વિગતો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી તથા તે અંગેનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ અંદાજી ખર્ચની વિગતો પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૭૬. અમેરિકન સ્ટડીઝ રિસર્ચ સેન્ટર, હૈદરાબાદના ડિરેક્ટર તરફથી તા. ૮-૪-૧૯૬૫ના પત્રાંક એ. ૪૩૦ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૭. ભારતીય પ્રૌઢશિક્ષણ મંડળ, નવી દિલ્હી, તરફથી મધ્યપ્રદેશમાં પંચમઢી મુકામે જૂનના પ્રથમ સપ્તાહમાં "Social Education and Economic Development" એ વિષય પરત્વે ભરનાર પરિસંવાદમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ અગર પ્રતિનિધિઓ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૭૮. શિક્ષણની અભ્યાસસમિતિએ તેની તા. ૧૭-૯-૧૯૬૪ની સભામાં નીમેલ સમિતિની તા. ૯-૩-૧૯૬૫ની સભાની ભલામણ તથા આ સમિતિના અહેવાલના સૂચન અનુસાર બી.એડ.ના વિષયોના વિગતવાર અભ્યાસક્રમો તૈયાર કરવાની જુદી જુદી પદ્ધતિઓની વિચારણા કરી અભ્યાસક્રમ તૈયાર કરવા અંગે અમદાવાદ મુકામે બે દિવસનો પરિસંવાદ યોજવા અને આ અંગે થતો રૂા. ૩,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદ યોજવા માટે જરૂરી પ્રસ્તાવ અને અંદાજી ખર્ચની વિગતો તૈયાર કરીને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવી, તથા તે અંગે ગ્રાન્ટ મંજૂર થયેથી આગળ વિચારવું.

૭૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમ અંગેની આર્થિક સહાયની યોજના હેઠળ આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલી કૉલેજોને અનાવર્તક ગ્રાન્ટ તેમ જ ૧૯૬૩-૬૪ના વર્ષમાં આ અભ્યાસક્રમને અનુલક્ષીને નીમવામાં આવેલા વધારાના શિક્ષકગણ અંગેના વધારાના ખર્ચની તે વર્ષ પેટે આવર્તક ગ્રાન્ટ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(સદરહુ કૉલેજોની યાદી પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૮૦. ગુજરાત રાજ્યના ઉદ્યોગસંચાલક શ્રી. એસ. એમ. ઘોષને વિનયન વિદ્યાશાખાનું સભ્યપદ આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭-૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. ઘોષની શૈક્ષણિક લાયકાત નીચે મુજબ છે:

પદવી	વિષય
એમ.એ.	અર્વાચીન ઇતિહાસ)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. એમ. ઘોષને વિનયન વિદ્યાશાખાનું સભ્યપદ આપવું.

૮૧. "ડિપ્લોમા ઇન કૉ-ઑપરેશન"ના અભ્યાસક્રમને લગતા રેગ્યુ. ૨૫૮, ૨૫૮-એ થી ૨૫૮-સી તથા ઑર્ડિ. ૩૭૪, ૩૭૪-એ થી ૩૭૪-ઈ સુધી મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭-૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર સુધારેલા રેગ્યુ. ૨૫૮, ૨૫૮-એ, ૨૫૮-બી, ૨૫૮-સી તથા ઑર્ડિ. ૩૭૪, ૩૭૪-એ, ૩૭૪-બી, ૩૭૪-સી, ૩૭૪-ડી, ૩૭૪-ઈ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવા.

(મંજૂર થયેલા સદરહુ રેગ્યુ. ૨૫૮, ૨૫૮-એ, ૨૫૮-બી, ૨૫૮-સી તથા ઑર્ડિ. ૩૭૪, ૩૭૪-એ, ૩૭૪-બી, ૩૭૪-સી, ૩૭૪-ડી, અને ૩૭૪-ઈની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૮૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૭-૮-૪-૧૯૬૫ની સભાની નીચેની ભલામણો અંગે વિચારણા કરવા બાબત:

"(૧) ચાલુ વર્ષે ગણિત મુખ્ય વિષય લઈને એસ.વાય.બી.એ.ની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓનું પરિણામ ૭ પ્રશ્નપત્રોના તેમના ગુણાંકનને આધાર જાહેર કરવું અને હાલના વર્ગ આપવાના નિયમોમાં જણાવ્યા પ્રમાણે ટકાવારીના ધોરણે તેમને વર્ગ આપવો.

(૨) જે વિદ્યાર્થીઓ એસ.વાય.બી.એ.માં ગાણિતશાસ્ત્રના મુખ્ય વિષયમાં ત્રણને બદલે બે પ્રશ્નપત્રો હાલના નિયમ પ્રમાણે કરીને ઉત્તીર્ણ થાય તેમને ટી.વાય.બી.એ.માં ગણિતનો એક વધારાનો પ્રશ્નપત્ર કરવાનો રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૮૩. શ્રી. વી. જી. દલાલને ભૂગોળના પ્રાધ્યાપક તરીકે છ માસનો શૈક્ષણિક અનુભવ ખૂટતો હોઈ તેમની તે ઊણપ ક્ષમ્ય કરવા એલ. ડી. આર્ટ્સ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૪-૪-૧૯૬૫ના પત્રાંક વીજીડી. ૩૯૮૪ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. દલાલે બી.એ.માં પાસ વર્ગ અને એમ.એ.માં બીજો વર્ગ મેળવ્યો છે અને તેમનો કુલ શૈક્ષણિક અનુભવ સાડાચાર વર્ષનો છે.**)**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઊણપ ક્ષમ્ય કરી શકાય એમ નથી.

૮૪. તા. ૨૨-૨-૧૯૬૫ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની સભાના ઠરાવ અન્વયે સ્વ. હરપ્રસાદ ભટ્ટને સોંપેલ *Psychology of Early Childhood* (by Catherine Landerth)ના અનુવાદના કામ પૈકી જે અનુવાદનું કામ બાકી રહેલ છે તે માટે તેમના પુત્ર શ્રી. અશ્વિનીકુમાર હરપ્રસાદ ભટ્ટ સાથે કરવાના કરારના મુસદ્દાને મંજૂર કરવા બાબત.

[નોંધ.—

(૧) શ્રી. અશ્વિનીકુમાર ભટ્ટ સાથે કરારની કાર્યવાહી કરવા તેમ જ તે પ્રકરણો તપાસરાવવા માટે જરૂરી સત્તા પ્રકાશન વહીવટી સમિતિએ ઉપકુલપતિશ્રીને આપેલ છે.

(૨) તા. ૩-૪-૧૯૬૫ની સિન્ડિકેટની સભામાં મંજૂર થયા પ્રમાણે શ્રી. અશ્વિનીકુમાર ભટ્ટને મૂળ અંગ્રેજી પુસ્તકના ૩૦૦ શબ્દ દીઠ રૂા. ૬ પ્રમાણે મહેનતાણું આપવાનું સદરહુ કરારનામામાં સૂચવાયું છે. સદરહુ કરારનામાના મુસદ્દાની નકલ આ સાથે સામેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. અશ્વિનીકુમાર હરપ્રસાદ ભટ્ટ સાથે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૮૫. અનુસ્નાતક પરીક્ષામાં બેવડા પરીક્ષણ વચ્ચે જ્યાં ૧૫ ટકા કે તેથી વધુ ગુણનો તફાવત હોય ત્યાં ત્રીજા પરીક્ષક પાસે ઉત્તરપત્રો તપાસવાના સંદર્ભમાં પરીક્ષકોને અપાતી સૂચના નં. ૬૭ (૭), (૮), (૧૦) અને (૧૧) સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે પરીક્ષકોને આપતી સૂચના નં. ૬૭(૭), (૮), (૧૦) અને (૧૧) સુધારવી.

[સુધારેલી સૂચના નં. ૬૭(૭), (૮), (૧૦) અને (૧૧)નો પાઠ **પરિશિષ્ટ "દ"** તરીકે સામેલ છે.]

૮૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૪-૧૯૬૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૭. પ્રકાશ ટ્રસ્ટ, અમદાવાદ, સંચાલિત શેઠ જી. એમ. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદનું સંચાલન ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદને સોંપવા અંગે પ્રકાશ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીના તા. ૨૬મી એપ્રિલ ૧૯૬૫ના પત્રાંક ૨૧ પર તથા તે આધારે ગુજરાત લૉ સોસાયટીના માનદ મંત્રીશ્રીના તા. ૩૦મી એપ્રિલ ૧૯૬૫ના પત્રાંક એફિ. ૭૪ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી અને શેઠ જી. એમ. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદનું સંચાલન ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદને સોંપવા અંગે પ્રકાશ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની સંમતિ આવ્યેથી સદરહુ કૉલેજનું સંચાલન ગુજરાત લૉ સોસાયટીને સોંપવામાં હરકત નથી, તેમ જણાવવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૮૮. શ્રી. દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકાએ સેનેટે મૂકેલી શરતના પરિપાલનના રિપોર્ટને અનુલક્ષીને સદરહુ સંસ્થાને પીએચ.ડી.માં સંસ્કૃત માટે સંશોધન માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઇન્ડોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકાને સંસ્કૃતમાં પીએચ.ડી.ની પદવી માટે સંશોધન માટે તા. ૧૫-૬-૧૯૬૫થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી માન્યતા આપવી.

૮૯. ડિસેંબર ૧૯૬૪થી માર્ચ ૧૯૬૫ સુધી નેશનલ કૉલેજ, અમદાવાદે હિન્દીના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી ચલાવ્યું હોઈ તે માફ કરવા અંગેની મજકૂર કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૫થી યોગ્ય લાયકાત ધરાવતા હિન્દીના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૯૦. 'ઑલ ઇન્ડિયા એડલ્ટ એજ્યુકેશન'ની ૨૦મી વાર્ષિક સભા, જૂન ૧૯૬૫ના પ્રથમ સપ્તાહમાં પંચમઢી (મધ્યપ્રદેશ) મુકામે મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના માનદ સામાન્ય મંત્રીના તા. ૧૫મી એપ્રિલ, ૧૯૬૫ના પત્રાંક ૨૦-કૉન્ફ.-૧-૬૫ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદની આગામી વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૯૧. યુનિવર્સિટી ભવનોમાં નીમવામાં આવતા રિસર્ચ ફેલો કે રિસર્ચ આસિસ્ટન્ટો સંશોધન અંગેનું કાર્ય પૂરું થાય નહિ ત્યાં સુધી તે જગ્યા છોડી જાય નહિ તેવી બાંયધરી લેવાની બાબત અંગેના મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૩-૪-૧૯૬૫ના પત્રાંક સ્ટે. આર. એન. એસ. ૧૩૯ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી અને સૂચવવું કે, યુનિવર્સિટીમાં રિસર્ચ અંગેની જુદી જુદી વ્યવસ્થાઓ/શિષ્યવૃત્તિઓ અંગે સમગ્રપણે વિચારણા કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવો.

૬૨. યુનિવર્સિટી ભવનોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવા માટે સ્ટે. ૨૦૪ નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારવા બાબત:

St. 204 :

The scales of pay of the teachers in the University Departments shall be as under :

1. Professor	..	Rs. 1,000–50–1,500
2. Reader	..	Rs. 700–40–1,100
3. Lecturer	..	Rs. 400–30–640–E.B.–40–800
4. Research Fellow	..	Rs. 200 fixed (Consolidated)
5. Demonstrator or Tutor	..	Rs. 200–10–300.

The above scales shall be inclusive of Dearness Allowance but excluding the House Rent and other allowances that may be sanctioned by the University from time to time.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૬૩. પ્રી-યુનિવર્સિટી સાયન્સ પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાનની લેખિત પરીક્ષામાં નિમાયેલ પરીક્ષકોને ઉત્તરવહી તપાસવાના મહેનતાણા પેટે ઉત્તરવહી દીઠ રૂા. ૦-૫૦ પૈસા મળે છે તે વધારી રૂા. ૧-૦૦ મળે અને તે માર્ચ ૧૯૬૫માં નિમાયેલ પરીક્ષકોને પણ મળે તે પ્રકારની અધ્યક્ષશ્રી પી. બી. વૈદ્યની માગણી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૬-૩-૧૯૬૫ના રોજ મળેલ સિન્ડિકેટના ઠરાવ મુજબ પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની જીવવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે પરીક્ષકોના દર વિદ્યાર્થી દીઠ ૭૫ પૈસાને બદલે રૂા. ૧·૦૦ ઠરાવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૪. જૂના અભ્યાસક્રમ પ્રમાણેની પ્રથમ એમ.બી.,બી.એસ.ની પરીક્ષા પાસ કરેલા વિદ્યાર્થીઓને બીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા ચાર સત્રોને બદલે ત્રણ સત્રો ભર્યા પછી બેસવા દેવા અંગે જામનગર કોલેજના વિદ્યાર્થીઓની સહી સાથે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—જૂના નિયમ માટે પહેલી, બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા ૨, ૨, અને ૧ વર્ષના અભ્યાસક્રમની હતી. નવા નિયમ પ્રમાણે આ પરીક્ષાઓ ૧½, ૧½ અને ૧½ વર્ષના અભ્યાસક્રમ મુજબ છે. જૂના નિયમના વિદ્યાર્થીઓને, એટલે કે પાંચ વર્ષના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને ૬ મહિનાની ફરજિયાત હાઉસમૅનશિપ હોય છે જ્યારે નવા નિયમના, એટલે કે

સાડાચાર વર્ષના અભ્યાસક્રમવાળા વિદ્યાર્થીઓને બાર મહિનાની ફરજિયાત હાઉસમૅનશિપ હોય છે. અભ્યાસક્રમની વિગતોમાં જૂના અને નવા નિયમોમાં કોઈ ફેરફાર નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, જૂના અભ્યાસક્રમ હેઠળ જે વિદ્યાર્થીઓ પહેલી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તેમને બીજી અને ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં નવા અભ્યાસક્રમ પ્રમાણે જ દોઢ દોઢ વર્ષનો અભ્યાસ કરવો આવશ્યક રહેશે, પરંતુ તે વિદ્યાર્થીઓને માટે ઇન્ટર્નશિપનો સમય બાર માસને બદલે છ માસનો રહેશે.

૯૫. **સિન્ડિકેટની તા. ૧૮/૧૯-૧-૧૯૬૫ની સભામાં થયેલ ઠરાવ મુજબ 'ગુજરાતી સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ' તૈયાર કરાવવા અંગે ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષશ્રી તરફથી મળેલ માહિતીના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.**

(નોંધ.—પ્રકાશનનાં આશરે ૧૬૦૦ પાનાં થશે અને તેની ૧૦૦૦ નકલનો અંદાજી ખર્ચ રૂા. ૩૦,૦૦૦ જેટલો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૬. **સાયન્સ લેબોરેટરીના બાંધકામમાં લેબોરેટરી સર્વિસીઝ ઇત્યાદિ સહિત કુલ ખર્ચ રૂા. ૧૩,૯૪,૦૦૦ થાય છે તેથી વધારાનો ખર્ચ રૂા. ૮૩,૩૧૦ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, પ્રાણી-વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના વિભાગો માટે મકાનોના બાંધકામ માટે રૂા. ૮૩,૩૧૦નો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

૯૭. **સિન્ડિકેટની તા. ૬-૨-૧૯૬૫ની સભામાં બાબત ક્રમાંક ૧૧૭થી એમ.એસસી. (ગ્રુપ 'સી') સ્ટેટિસ્ટિક્સ વિષયની પરીક્ષા વધુ બે વાર એટલે કે એપ્રિલ ૧૯૬૬ અને એપ્રિલ ૧૯૬૭માં લેવાનું ઠરાવવામાં આવ્યું છે તે ઠરાવને નીચે મુજબ સુધારવા બાબત:**

'આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસસી. સ્ટેટિસ્ટિક્સ (ગ્રુપ 'સી')ની જૂના અભ્યાસ-ક્રમ મુજબની પરીક્ષા વધુ બે વાર—એપ્રિલ ૧૯૬૫ અને એપ્રિલ ૧૯૬૬માં લેવાનું રાખવું, અને તે અંગે પ્રાશ્નિકો-પરીક્ષકોને ઘટતી સૂચના આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૬-૨-૧૯૬૫ની સભામાં બાબત ક્રમાંક ૧૧૭નો ઠરાવ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૯૮. **અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિની તા. ૨૧-૪-૧૯૬૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૧-૪-૧૯૬૫ની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૧-૪-૧૯૬૫ની નોંધ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૯૯. પ્રો. જે. જે. ચિનોયને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી, તેમની સાથે થયેલા પત્રવ્યવહાર અનુસાર પોલેન્ડ જવાની વકી હોઈ તેમને ચાલુ વેકેશન બાદ દશેક દિવસની ખાસ રજા મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે પ્રો. જે. જે. ચિનોયની ચાલુ વેકેશન બાદ દશેક દિવસની ખાસ રજા મંજૂર કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૦. જૂન ૧૯૬૫થી શરૂ થતી કૉલેજોનાં જોડાણોની બાબતમાં શરતોના પરિપાલન અંગેના અહેવાલો આવ્યેથી સિન્ડિકેટની એક વિશેષ સભા ચાલુ માસ દરમિયાન યોજવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે સિન્ડિકેટની વિશેષ સભા ન રાખતાં, તે અંગે સિન્ડિકેટ વતી ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૬/૧૦૫૩૨/૧૯૬૫.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
મે ૨૬, ૧૯૬૫.
જ્યેષ્ઠ ૫, ૧૮૮૭ (શક).

કે. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૭

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૯-૪-૧૯૬૫ના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩. શ્રી. નવનીતલાલ સા. શોધન	હાજર
૪. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૫. શ્રી. ટી. એ. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. એલ. બી. જસાણી	હાજર.

સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ સંભાળ્યું હતું.

૧. તા. ૨૩-૩-૧૯૬૫ની બાંધકામ સમિતિની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૩-૩-૧૯૬૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તેની ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. વિદ્યાર્થીઓના છાત્રાલયમાં વૉટર સપ્લાય અને સેનિટરી ઇન્સ્ટોલેશનના વધારાના કામકાજના દરો અંગે વધારાના ખર્ચના રૂા. ૧,૮૩૦-૮૬ પૈસાની રકમ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓના છાત્રાલયમાં વૉટર સપ્લાય અને સેનિટરી ઇન્સ્ટોલેશનના કામ માટે વધારાના રૂા. ૧,૮૩૦-૮૬ પૈસાનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, આ કામ માટે આ સાથેની યાદી "અ" પ્રમાણેના વધારાના કામકાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટી લાઇબ્રેરી બિલ્ડિંગના કામ અંગે કાટ ચઢેલા લોખંડના સળિયાને સાફ કરવા બાબતના ભાવ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી લાઇબ્રેરી બિલ્ડિંગના કામ અંગે કાટ ચઢેલ લોખંડના સળિયાને સાફ કરવા બાબતના વધારાના કામકાજના દરો આ સાથેની યાદી "બ" મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. વર્કશોપ શેડમાં નીચેના વધારાના કામના દરો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :
(૧) દીવાલોને વ્હાઇટવૉશ કરવા અંગે
(૨) ટોઇલેટમાં પોલિશ લાદીનો ડેડો કરવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે, વર્કશોપ શેડમાં આ સાથેની યાદી "ક" મુજબના વધારાના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. યુનિવર્સિટીના બાંધકામ માટેની સિકયોરિટી ડિપોઝિટની રકમ પેટે બેંક ગેરેન્ટી કે ઇન્ડેમ્નિટી ઇન્સ્યુરન્સ પોલિસી (Bank Guarantee or Indemnity Insurance Policy) સ્વીકારવાને બદલે રોકડ રકમ સ્વીકારવાનું રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કોઈ પણ બાંધકામ માટે સિકયોરિટી ડિપોઝિટની રકમ રોકડેથી સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. ઉપકુલપતિશ્રીના કમ્પાઉન્ડમાં બાંધવામાં આવેલા બે ગેરેજના બાંધકામમાં આ સાથેની યાદી મુજબના વધારાના કામકાજના દરોને તથા વધારાના રૂા. ૧૫૭-૮૮ના ખર્ચને મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના એ કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કમ્પાઉન્ડમાં બાંધવામાં આવેલ બે ગેરેજના બાંધકામમાં આ સાથેની યાદી "ડ" મુજબના વધારાના કામકાજના દરો તથા આ માટે વધારાના ખર્ચના રૂા. ૧૫૭-૮૮ ઉપકુલપતિશ્રીએ મંજૂર કર્યા તે કાર્યની નોંધ લેવી.

૭. વિદ્યાર્થીઓના છાત્રાલયમાં બારીઓમાં લોખંડની જાળી નાખવા માટે આવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓના છાત્રાલયમાં બારીઓમાં લોખંડની જાળી નાખવા માટે આવેલાં ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. પટેલ ખોડાભાઈ ચતુરભાઈનું રૂા. ૨,૯૦૦ની રકમનું તથા રૂા. ૨-૯૦ ચો. ફૂટના ભાવવાળું ટેન્ડર સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટી કાર્યાલયના મકાનની આસપાસ બાઉન્ડ વાયર કે ફેન્સિંગ કરવા માટે આવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયના મકાનની આસપાસ તારની વાડ કરવા માટે આવેલાં ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. જ્યોતિ કન્સ્ટ્રકશનનું રૂા. ૫,૮૯૨નું અને તારની વાડ માટે રૂા. ૨-૧૯ રનિંગ ફૂટના તથા ઝાંપા માટે રૂા. ૬-૩૦ ચો. ફૂટના ભાવવાળું ટેન્ડર સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. યુનિવર્સિટીના ટરબાઈન પંપ માટેના સ્પેરપાર્ટ્સ તથા ૪૦ હોર્સ પાવરની એક સ્પેર મોટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ટરબાઈન પંપ માટે ૪૦ હોર્સ પાવરની એક મોટર ખરીદવા માટે પ્રસ્તાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, પંપ માટેના સ્પેરપાર્ટ્સની રજૂ કરેલી યાદીમાંથી જેની ખાસ જરૂર પડે તેવા દાગીના મગાવવા તથા તે અંગે યોગ્ય કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા અને વધારાના મોટર અંગેના દાગીના માટે કુલ રૂા. ૭,૦૦૦ વત્તા ટેક્ષ, ફેઈટ ચાર્જ વ. સુધીનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. સેનેટ હૉલના કામ માટે યુનિવર્સિટીના ભોંયરામાંથી સેનેટ હૉલના સ્ટેજ નીચે ડિસ્ટ્રિબ્યુશન બોર્ડ સુધી કેબલ નાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટ હૉલના કામ માટે યુનિવર્સિટીના ભોંયરામાંથી સેનેટ હૉલના સ્ટેજ નીચે કેબલ નાખવાનો છે તે કેબલ ટેન્ડરમાં માગ્યો છે, પરંતુ હાલ તેવી જાતનો કેબલ મળતો નહિ હોવાથી આપણી પાસેનો ૩૨ કોરનો કેબલ તેઓની પાસે નખાવવો અને તે કેબલ નાખવા અંગેનું મજૂરી, માલસામાન ઇત્યાદિનું જે કાંઈ ખર્ચ થાય તે કૉન્ટ્રાક્ટરને ભોગવવાનું રહેશે તે શરતે યુનિવર્સિટીના સ્ટોકમાંનો કેબલ નાખવા દેવાની મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. યુનિવર્સિટી હૉસ્ટેલના "એ" તથા "બી" બ્લોકના છાપરામાં જાળિયાં તથા તાણિયાંના કામ માટે આવેલાં ટેન્ડરો તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી છાત્રાલયના બ્લોક "એ" તથા "બી"ના છાપરામાં જાળિયાં તથા તાણિયાંના કામ માટે આવેલાં ટેન્ડરોમાંથી મે. શાહપુરા ઍન્ડ કંપનીનું રૂા. ૫,૧૭૦-૦૦નું ટેન્ડર સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨. ટેન્ડરમાં ઉલ્લેખ કરેલા સિમેન્ટના બેઝિક રેઇટથી બજારભાવે વધતાં તે પધારામાંથી સિમેન્ટની ખાલી થેલીની રકમ બાદ કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિમેન્ટનો બેઝિક રેઇટ ટેન્ડરમાં રૂા. ૧૪૦ ટન દીઠ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના બાંધકામમાં વપરાયેલ સિમેન્ટના ટેન્ડરમાં ઉલ્લેખ કરેલા મૂળ ભાવ(basic rate)થી બજારભાવ વધતાં તે વધારામાંથી સિમેન્ટની ખાલી થેલીની રકમ બાદ કરવી.

૧૩. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગના મકાનમાં જરૂરી સુધારા કરવા અંગે વિચારણા કરવા બાબત. (આ સુધારાવધારાનો અંદાજી ખર્ચ આશરે રૂા. ૪,૫૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગના મકાનમાં જરૂરી સુધારા-વધારા કરવા માટેનું રૂા. ૪,૫૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૪. આપણા કન્સલ્ટિંગ એન્જિનિયર શ્રી. રાસવિહારી ઍન્ડ વકીલને બદલે વકીલ-મહેતા-પરીખ-શેઠનું નામ રાખવા અંગે તેઓના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કન્સલ્ટિંગ એન્જિનિયર શ્રી. રાસવિહારી ઍન્ડ વકીલને બદલે વકીલ-મહેતા-પરીખ-શેઠનું નામ રાખવાની શ્રી. રાસવિહારી વકીલના વિનંતી મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ ઉપકુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ થઈ:

૧૫. ટીચર્સ હૉસ્ટેલના ચણતર કામમાં સિમેન્ટને બદલે ચૂનાનું ચણતર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ટીચર્સ હૉસ્ટેલના બાંધકામમાં સિમેન્ટને બદલે ૧:૧½ના પ્રમાણનું ચૂનાનું ચણતર કરવાનો પ્રસ્તાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, આ કામના ભાવો સિમેન્ટના ચણતરના ટેન્ડર-ભાવ પ્રમાણે આપવા અને જે એક બ્લોકના પ્લિન્થ આ અગાઉ કૉન્ટ્રાક્ટરે સ્થપતિની સૂચનાથી ૧ : ૨ના પ્રમાણમાં કરી છે તેના ભાવમાં શ્રી. જસાણી સાહેબનો સલાહ લઈને ઘટતું કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(નોંધ.—સદરહુ સૂચના સ્થપતિએ યુનિવર્સિટી એન્જિનિયરની અનુમતિ લઈને આપી હતી તેવી શ્રી. યુનિવર્સિટી એન્જિનિયરે સભાગૃહમાં સ્પષ્ટતા કરી હતી.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

રજિસ્ટ્રાર.

यादी "अ"

Statement for the Extra Item rates in the work of Boys' Hostel—Water supply & Sanitary instaliations. Gujarat University, Ahmedabad-9.

Sr. No.	*Item*	*Rate approved*
1.	Preparing B.K. Masonry chamber of size 1-0 × 1-0 × 2-0 for wheel valve	Rs. 15-00 per each
2.	P. & F. ½" dia. C. P. Heavy stopcock for shower	Rs. 10-00 per each

यादी "ब"

Statement for the Extra Item rates in the work of Gujarat University Library at Gujarat University campus Gujarat University, Ahmedabad-9.

Sr. No.	*Item*	*Rate approved*
1.	Extra rate for cleaning rusted steel 6 mm. to 10 mm.	Rs. 45-00 per ton
2.	-do- 12 mm. to 16 mm.	Rs. 35-00 per ton
3.	-do- 25 mm., 28 mm. and 32 mm.	Rs. 25-00 per ton

यादी "क"

Statement for the Extra Item rates in the work of Workshop Building : M/s. B. T. Patel & Co. Gujarat University, Ahmedabad-9.

Sr. No.	*Item*	*Rate approved*
1.	White wash to the walls.	Rs. 3–00 per 100 sq.
2.	Providing polished Kotah stone dedo in toilet.	Rs. 160–00 per 100 sq. ft.

यादी "ड"

Statement for the Extra Item rates in the work of construction of two Garages near Vice-Chancellor's Bungalow by Gujarat Traders, Gujarat University, Ahmedabad-9.

Sr. No.	*Item*	*Rate approved*
1.	Providing and filling sand in plinth.	Rs. 22–00 per 100 sq. ft.
2.	Providing and fixing cupboard with 6"×2" teak wood frame & 20 mm. commercial shutters with shelves and all fittings etc. comp.	Rs. 10–50 per 100 sq. ft.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૨

પરીક્ષાનું નામ	ઑ. ૧૨૯ મુજબ શરૂ થતી તારીખ	શરૂ કરવા જલ્દામલ્દુ તારીખ
પ્રી-યુનિ. વિનયન (એક્સ્ટર્નલ)	૧૧-૧૦-૧૯૬૫	૧૧-૧૦-૧૯૬૫
ફર્સ્ટ બી.એ. (,,)	૧૮-૧૦-૧૯૬૫	૨૦-૧૦-૧૯૬૫
બી.એ. (સ્પે. અને જન.) (એાલ્ડ)	પરિપત્ર પ્રમાણે લેવાય છે.	૧૧-૧૦-૧૯૬૫
સેકન્ડ બી.એ. (એક્સ્ટર્નલ)	પ્રથમ વાર જ લેવાય છે.	૧૧-૧૦-૧૯૬૫
બી.કૉમ.	૧૮-૧૦-૧૯૬૫	૧૮-૧૦-૧૯૬૫ (દરરોજ બે પેપર)
બી.એસસી. (સબ.)	૫-૧૦-૧૯૬૫ (૪થીએ રજા છે)	૧૧-૧૦-૧૯૬૫
બી.એસસી. (પ્રિન્સિ.)	—	૧૧-૧૦-૧૯૬૫
પીએચ.ડી. (ટ્રાન્સલેશન ટેસ્ટ)	૧૧-૧૦-૧૯૬૫	૧૮-૧૦-૧૯૬૫
બી.ઈ. (સિવિલ)	૨૭-૧૦-૧૯૬૫	૨૯-૧૦-૧૯૬૫
બી.ઈ. (મિકે.)	૨૭-૧૦-૧૯૬૫	(૨૫/૨૬-૧૦-૧૯૬૫ના
બી.ઈ. (ઇલે.)	૨૭-૧૦-૧૯૬૫	રોજ રજાઓ છે)
પહેલી એલએલ.બી.	૧૧-૧૦-૧૯૬૫	૧૮-૧૦-૧૯૬૫
બીજી એલએલ.બી.	૧૧-૧૦-૧૯૬૫	૧૮-૧૦-૧૯૬૫
પહેલી એમ.બી.,બી.એસ.	૮-૧૦-૧૯૬૫	૮-૧૦-૧૯૬૫
બીજી એમ.બી.,બી.એસ.	૮-૧૦-૧૯૬૫	૮-૧૦-૧૯૬૫
ત્રીજી એમ.બી.,બી.એસ.	૮-૧૦-૧૯૬૫	૮-૧૦-૧૯૬૫
પહેલી તથા બીજી બી.ડી.એસ.	૫-૧૦-૧૯૬૫	૮-૧૦-૧૯૬૫
બી.ફાર્મ.	૧૧-૧૦-૧૯૬૫	૧૧-૧૦-૧૯૬૫
એમ.ડી.	૫-૧૦-૧૯૬૫	
એમ.એસ.	૫-૧૦-૧૯૬૫	
બી.એસસી. (મેડ.)	૫-૧૦-૧૯૬૫	
એમ.એસસી. (મેડ.)	૫-૧૦-૧૯૬૫	
ડી.એ.	૫-૧૦-૧૯૬૫	
ડી.એમ.આર.ઈ.	૫-૧૦-૧૯૬૫	૫-૧૦-૧૯૬૫
ડી.જી.ઓ.	૫-૧૦-૧૯૬૫	
ડી.ઓ.એમ.એસ.	૫-૧૦-૧૯૬૫	
ડિપ્લોમા ઇન પેડિયાટ્રિક્સ	૫-૧૦-૧૯૬૫	
ડી.વી. ઍન્ડ ડી.	૫-૧૦-૧૯૬૫	
ટી.ડી.ડી.	૫-૧૦-૧૯૬૫	
ડી.એલ.ઓ.	૫-૧૦-૧૯૬૫	
બીજી અને ત્રીજી બી.એ.એમ.એસ.	૧૫-૧૦-૧૯૬૫	૮-૧૦-૧૯૬૫

પરિશિષ્ટ "ગ"
કામકાજ કમાંક ૧૬

A meeting of the Selection Committee appointed for recommending a suitable candidate for the post of a Professor of Linguistics in the University School of Languages, was held on Saturday the 10th of April 1965 at 11-30 a.m. in the office of the University of Bombay, Bombay, when the attendance of the members was as under :

1. Shri L. R. Desai, Vice-Chancellor	Present
2. Prof. Ramprasad P. Baxi	Absent
3. Prof. S. N. Katre	Present
4. Prof. A. M. Ghatge	Absent
5. Dr. Sunitikumar Chatterji	Absent.

Vice-Chancellor Shri L. R. Desai took the chair.

Shri H. C. Bhayani, the only candidate called for interview, was present. After interviewing him and considering his academic and other qualifications, experience, etc., the Committee resolved to recommend as under to the Syndicate :

Prof. Bhayani be selected as Professor of Linguistics eventhough he does not possess academic qualification in the subject. He has, however, done substantial research work in the field of Indo-Aryan Linguistics and has kept himself in touch with modern developments in the field. He has already trained five Ph.D. students, whose sphere of work was mainly linguistic. We, therefore, confidently recommend him for the post of a Professor in Linguistics.

Bombay.
10th April, 1965.

L. R. Desai
S. M. Katre

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૨૦

"શ્રી. ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ ટાઇલ્સવાળા પારિતોષિક"

૧. દાતાનું નામ ... શ્રી. ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ,
ટાઇલ્સના વેપારી, ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ

૨. ભેટની રકમ ... રૂા. ૫,૦૦૦ રોકડા

૩. ભેટનો પ્રકાર ... એક રોકડ પારિતોષિક

૪. ભેટ સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૧૯-૨-૧૯૬૫ની સભામાં ઠરાવ નં. ૪૧થી સ્વીકાર્યું છે.

નિયમો

૧. "શ્રી. ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ ટાઇલ્સવાળા પારિતોષિક"એ નામનું વાર્ષિક આશરે રૂા. ૨૭૦નું એક પારિતોષિક બી.એ.ની પરીક્ષામાં સંસ્કૃતનો મુખ્ય વિષય લઈ બેઠેલ વિદ્યાર્થીઓમાં સંસ્કૃતનાં ૬ પેપરોમાં સૌથી વધારે ગુણાંક મેળવી જે વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈ એમ.એ.ની પદવી માટે સંસ્કૃતનો મુખ્ય વિષય લઈને તેમાં વેદાંતનો ઐચ્છિક વિષય કરીને પોતાનો અભ્યાસ ચાલુ રાખે તેને આપવામાં આવશે.

In order to avoid all manner of doubts and difficulties it has been agreed by the Translator that he will sell, transfer and assign all his/her copyright in the above work in Language including all editions, abridgements, booklets, etc., to the Publisher absolutely for the royalty to be paid to the Translator at the rate of Rs. 6/– per 300 words of the original English book to be paid by the Publisher to the Translator and it is further agreed that for compilation of glossary of terms (English–Gujarati, Gujarati–English) to be appended to the manuscript, the Translator(s)/ the Author(s) will be paid at the rate of Rs. 3/– per 300 words by the Publisher.

3. The Publisher shall be at liberty to make such alterations or variations in the above work as from time to time the Publisher may think fit.

4. The Translator shall be entitled to receive 10 (ten) presentation copies of the book from the Publisher on its publication. He shall also be given on demand 5 (five) presentation copies of the second and

subsequent editions and only two copies of reprints, abridgements and booklets of the book by the Publisher after publication.

5. The Translator warrants that he is the owner of the copyright in the said work, and that he has not made any assignment of or granted any licence in respect of any of the rights in the said work comprised in this Agreement.

6. The Translator shall keep the Publisher indemnified against all actions, proceedings, or demands made against the Publisher by reason of anything contained in the said work constituting an infringement of copyright or being defamatory and against all costs, damages or expenses in respect of any such action, proceeding or demand.

7. The full copyright over the said work shall henceforth be held, used and enjoyed by the Publisher without any interruption, interference, claim or demand whatever by or from the Translator or any other person.

7(*a*). The Translator shall be bound to submit the manuscript duly complete in all respects to the Publisher for approval, within four months from the date of this agreement.

7(*b*). The Translator shall, at the instance of the Publisher, be bound to incorporate or otherwise carry out in letters and in spirit the vetters' suggestions, if any, regarding correction, addition, omission, or any modification whatsoever.

7(*c*). Notwithstanding contained elsewhere in this agreement, if the Publisher does not approve the manuscript submitted by the Translator and further the Translator does not want it back for publication or any other purpose, the Publisher shall pay to the Translator at the rate of Rs. 1·50 nP. for every 300 words as compensation, and in consideration thereof the Publisher shall retain it and the author shall not make any use whatsoever of it.

7(*d*). It shall be the responsibility of the Translator to correct or get corrected by a competent person, the final proofs of the printed matter of the first edition.

In the event, however, the Translator failing to read the final proof, he shall agree to reimburse the Publisher the cost of proof-reading.

8. For all purposes, the jurisdiction will be of Ahmedabad Court.

In witness whereof the abovenamed parties have set their hands hereto the day and year first above written.

Witnesses:

1.

2.

Signature of the Translator.

Witnesses:

1.

2.

Signature of the Publisher.

પરિશિષ્ટ "દ"
કામકાજ ક્રમાંક ૮૫

Confidential
Circular

In continuation of this office circular No. Exam/A/8/4677, dated 21-4-1965, the Chairman/Conveners in various subjects at the post-graduate examinations held in April 1965 are, following a decision of the Syndicate in its meeting held on 1-5-1965, requested to note that the instruction No. 67(6), 67(7), 67(8), 67(10) and 67(11) in the booklet entitled 'Instructions to Examiners, 1965' are revised so as to read as follows :

67(6): Examiners at the various post-graduate examinations in every subject are requested to send their assessment sheets (first or second) not to the Chairman of the Board of the Examiners but to the Registrar.

67(7): The University office shall examine the assessments made by the two Examiners in all the cases, and take out the mean and in case where it is found that the variation between the first and the second assessments of any answer-book exceeds 15% he shall arrange to get it assessed by the third Examiner appointed for the purpose, by the Vice-Chancellor, in his discretion.

In all such cases where a reference has been made to the third Examiner, the average or mean marks to be assigned to the candidate will be determined on the following basis :

(*i*) The mean between the third assessment and the assessment which is closer to it shall be taken into account, e.g.

First	*Second*	*Third*	*Mean between 30 & 40*
30	54	40	35

(*ii*) In case where the third assessment is exactly the same as the mean between the first and the second assessment, the third assessment shall be considered as the final mean.

67(8): The University office shall, after sorting out the cases where the First and the Second assessment exceed 15% take out the relevant answer-books of the candidates concerned and shall, either through a messanger or in a sealed envelope, send them together with blank marksheets to the third Examiner appointed by the Vice-Chancellor under 67(7) above. The third Examiner shall thereupon, within the shortest possible time, assess them independently of either of the two earlier assessments and submit his evaluation together with the relevant answer-books to the Registrar. The University office shall thereupon work out the assessment as determined 67(7)(*i*), or 67(7)(*ii*) above, as the case may be.

67(9): The result of a paper or subject, as the case may be, thus prepared may be considered by the Examiners at their meeting or by correspondence, as the case may be, according to the relevant rules before the marks are finally submitted to the Registrar.

67(10): The Chairman or the Convener is requested to submit along with the final mark-lists, the basis on which gracing, if any, has been done in the mark-sheets containing mean marks sent to him by the Registrar. The final mark-sheets and the resolution or the basis on which the marks have been graced shall bear the signature of the Chairman/Convener.

67(11): The Registrar shall arrange to grace the mean marks of the candidates in all cases where answer-books had to be sent for the third assessment on the same basis as the Examiners have graced the mean marks of other candidates in whose cases third assessment was not found necessary, in case the third assessment has not been available before the meeting of the Examiners is held.

They are requested to kindly follow the revised instructions while submitting the results for the post-graduate examinations held in March/April 1965.

No. Exam./A/7419 of '65.
Office of the Gujarat University,
Ahmedabad-9.
Dt. 10-5-1965.

K. C. Parikh,
Registrar.

પરિશિષ્ટ "ધ"
કામકાજ ક્રમાંક ૬૮

સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક બેઠક તા. ૨૧-૪-૧૯૬૫ ને બુધવારના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી. તેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. આચાર્યશ્રી એસ. આર. ભટ્ટ	હાજર
૩. આચાર્યશ્રી કે. જી. નાયક	હાજર
૪. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૫. આચાર્યશ્રી એમ. સી. દેસાઈ	ગેરહાજર
૬. આચાર્યશ્રી ટી. એમ. પરીખ	ગેરહાજર
૭. આચાર્યશ્રી એચ. એસ. સંઘવી	ગેરહાજર.

૧. તા. ૨૦-૧-૧૯૬૫ના રોજ મળેલી અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિની બેઠકના કામકાજની નોંધને મહાલી આપવા બાબત.

તા. ૨૦-૧-૧૯૬૫ના રોજ મળેલી અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિની બેઠકની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં, યુનિવર્સિટીના નિયમો મુજબ જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂકને મંજૂરી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૩. સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં યુનિવર્સિટીના નિયમો મુજબ તેમનાં નામ સામે જણાવેલ હોદ્દા પર જરૂરી શૈક્ષણિક લાયકાત નહિ ધરાવતા હોઈ તેમની નિમણૂકોને નામંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર

ઉપકુલપતિશ્રીએ માન્ય કરેલ શિક્ષકોની યાદી

ક્રમાંક, કૉલેજ તથા અધ્યાપકનું નામ	હોદ્દો	પત્ર ક્રમાંક	તારીખ
એમ. એન. કૉલેજ, વીસનગર			
૧. શ્રી. વી. વી. જોશી	હિંદીના વ્યાખ્યાતા (યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ આપવામાં આવે તે શરતે)	સિ. ૨૯/૫૩૫૧૯	૮-૩-૧૯૬૫
એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, રાજકોટ			
૨. શ્રી. જે. પી. દવે	ભૌતિકશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર (માત્ર એફ.વાય.બી.એસસી. સુધીના વર્ગો માટે)	,, ૪૪૯૪૦	૨૨-૧-૧૯૬૫
૩. શ્રી. એમ. એન. દેસાઈ	રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા	,, ૫૨૩૭૩	૨૩-૨-૧૯૬૫
એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉલેજ, જામનગર			
૪. શ્રી. એન. બી. પંડ્યા	ખંડ સમયના હિંદીના વ્યાખ્યાતા	,, ૫૪૯૮૪	૫-૩-૧૯૬૫
એમ. પી. શાહ કૉમર્સ કૉલેજ, સુરેન્દ્રનગર			
૫. શ્રી. એન. એન. શેઠ	એકાઉન્ટન્સીના ટ્યૂટર તરીકે	,, ૪૪૯૪૨	૨૨-૧-૧૯૬૫
આર. આર. લાલન કૉલેજ, ભુજ			
૬. કુ. આર. સી. શાહ	સંસ્કૃતનાં ટ્યૂટર તરીકે (ચાલુ સત્ર પૂરતાં જ)	,, ૦૨૯૭	૩-૪-૧૯૬૫
૭. કુ. એમ. એમ. દલાલ	અર્થશાસ્ત્રનાં ટ્યૂટર તરીકે (યુનિવર્સિટીએ નિયત કરેલ મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા-ભથ્થું આપવામાં આવે તે શરતે)	,, ૫૨૩૬૮	૨૩-૨-૧૯૬૫
૮. શ્રી. ડી. આર. માંકડ	ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા (યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ આપવામાં આવે તે શરતે નિમણૂક માન્ય)	,, ૦૨૬૧૫૬	૧-૨-૧૯૬૫
આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ			
૯. શ્રી. એસ. પી. ગઢિયા	માનસશાસ્ત્રના વ્યાખ્યાતા	,, ૫૧૪૬૦	૧૮-૨-૧૯૬૫

બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ

૧૦. શ્રી. એચ. આર. ઠક્કર	તત્ત્વજ્ઞાનના લેક્ચરર તરીકે માન્ય	સિં.	૫૪૯૮૬	૫-૩-૧૯૬૫

બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ

૧૧. શ્રી. એ. ડી. પુરાણિક	સર્જરીના વ્યાખ્યાતા તરીકે	,,	૦૩૦૪૩૧	૧૬-૩-૧૯૬૫
૧૨. શ્રી. એસ. એમ. પટેલ	જનરલ સર્જરીના વ્યાખ્યાતા તરીકે	,,	૦૩૦૫૭૦	૨૯-૩-૧૯૬૫
૧૩. ડૉ. આર. એમ. પારેખ	સર્જરીના વ્યાખ્યાતા તરીકે માન્ય	,,	૦૩૦૫૭૦	૨૯-૩-૧૯૬૫

ભવન કૉલેજ, ડાકોર

૧૪. શ્રી. બી. જી. શુક્લ	સંસ્કૃતના ટચૂટર	,,	૦૨૭૩૩૬	૧૩-૨-૧૯૬૫
૧૫. શ્રી. ડી. ડી. કાછિયા	ભૌતિકશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર (**નોંધ.**—ક્રમાંક ૧૪ એફ.વાય.બી.એસસી. સુધીના વર્ગો માટે ફિઝિક્સના ડેમોન્સ્ટ્રેટર તરીકે માન્ય)			

મહારાજા ભગવતસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલ

૧૬. શ્રી. એમ. કે. ભટ્ટ	કૉમર્સના ટચૂટર તરીકે માન્ય	,,	૫૯૦૦૧	૨૨-૩-૧૯૬૫
૧૭. કુ. એમ. એ. ભટ્ટ	ગુજરાતીનાં વ્યાખ્યાતા તરીકે માન્ય	,,	૫૯૦૦૧	૨૨-૩-૧૯૬૫

સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, કડી

૧૮. શ્રી. વી. એન. પાઠક	અંગ્રેજીના વ્યાખ્યાતા (થોડાક સમય માટે)	,,	૫૫૪૩૫	૯-૩-૧૯૬૫

ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગર

૧૯. શ્રી. એસ. જી. દેસાઈ	રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	૦૨૫૫૦૦	૩-૨-૧૯૬૫
૨૦. શ્રી. આર. આર. મિશ્રા	અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક (યુનિવર્સિટીના ધોરણે પગારધોરણ તથા ઘરભાડા-ભથ્થું આપવામાં આવે તે શરતે માન્ય કરવામાં આવે છે.)	,,	૦૨૫૫૦૦	૩-૨-૧૯૬૫
૨૧. શ્રી. એન. આર. ઝાલા	વ્યાયામ શિક્ષક તરીકે (યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે પગાર આપવામાં આવે તે શરતે)	,,	૫૪૯૮૫	૫-૩-૧૯૬૫

ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ લૉ કૉલેજ, રાજકોટ

૨૨. શ્રી. એચ. એસ. પંડિત	હિંદીના વ્યાખ્યાતા (યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ આપે તે શરતે માન્ય)	સિં.	૪૪૯૩૮	૨૨-૧-૧૯૬૫
૨૩. શ્રી. એન. બી. પંડ્યા	વ્યાખ્યાતા (સમાજશાસ્ત્ર) (યુનિવર્સિટીના નિયમો પ્રમાણે પગારધોરણ આપવામાં આવે તે શરતે)	,,	૫૨૩૭૪	૨૩-૨-૧૯૬૫

ગુજરાત કૉલેજ, અમદાવાદ

૨૪. શ્રી. એન. બી. પટેલ	ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક	,,	૪૪૯૩૯	૨૨-૧-૧૯૬૫
૨૫. શ્રી. આર. જી. નાયક	રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક	,,	૪૪૯૪૩	૨૨-૧-૧૯૬૫
૨૬. શ્રી. આર. બી. પટેલ	સંસ્કૃતના વ્યાખ્યાતા	,,	૨૬૧૫૭	૧-૨-૧૯૬૫
૨૭. શ્રી. એચ. એન. રાવલ	રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	૨૬૧૫૭	૧-૨-૧૯૬૫
૨૮. શ્રી. બી. જી. જોશી	ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા (યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ આપવામાં આવે તે શરતે માન્ય)	,,	૨૬૧૫૭	૧-૨-૧૯૬૫
૨૯. શ્રી. ડી. એસ. સ્વામિનારાયણ	આંકડાશાસ્ત્રના ટ્યૂટર તરીકે (તેમને ગણિતનું અધ્યાપન સોંપી શકાશે નહિ તે શરતે માન્ય) (નોંધ.—૨૭, ૨૮ અને ૨૯, યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ આપવામાં આવે તે શરતે)	સિં. ૨૯/૫૧૫૨૭		૧૮-૨-૧૯૬૫
૩૦. શ્રી. સી. એમ. મોદી	અર્થશાસ્ત્રના ટ્યૂટર તરીકે	,,	,,	,,
૩૧. શ્રી. એસ. આઈ. દીક્ષિત	ગણિતના ટ્યૂટર તરીકે	,,	,,	,,
૩૨. શ્રી. એસ. પી. મહેતા	અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક (યુનિવર્સિટીએ નિયત કરેલ પગારધોરણ આપવામાં આવે તે શરતે માન્ય)	,,	૫૧૪૮૬	,,
૩૩. શ્રી. વી. કે. મહેતા	રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા	,,	૫૪૯૫૩	૫-૩-૧૯૬૫
૩૪. કુ. શાન્તા એચ. પટેલ	રસાયણશાસ્ત્રનાં વ્યાખ્યાતા	,,	,,	,,
૩૫. શ્રી. એસ. વાય. ગુપ્તે	વનસ્પતિશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે	,,	૦૩૦૪૪૪	૧૬-૩-૧૯૬૫
૩૬. કુ. કે. સી. અમીન	રસાયણશાસ્ત્રનાં વ્યાખ્યાતા તરીકે	,,	૫૪૬૬૫	૧૫-૩-૧૯૬૫

૩૭. શ્રી. જી. એસ. પટેલ	રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે	સિં./૦૩૦૫૭૧		૧૯-૩-૧૯૬૫
૩૮. શ્રી. એમ. સી. પરીખ	બોટાનીના વ્યાખ્યાતા	,,	૦૩૫૪	૩-૪-૧૯૬૫

રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદર

૩૯. કુ. મનોરમા ડી. વરુ	વ્યાખ્યાતા	,,	૦૨૫૫૬૧	૩-૨-૧૯૬૫

એસ. વી. રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ ઍન્ડ ટેકનોલૉજી, સુરત

૪૦. શ્રી. એચ. જે. શાહ	મિકેનિકલ એન્જિનિયરિંગના વ્યાખ્યાતા	,,	૦૨૯૫	૩-૪-૧૯૬૫
૪૧. શ્રી. એસ. જે. દીક્ષિત	સિવિલ એન્જિનિયરિંગના વ્યાખ્યાતા	,,	,,	,,
૪૨. શ્રી. જી. જી. પટેલ	સિવિલ એન્જિનિયરિંગના વ્યાખ્યાતા	,,	,,	,,
૪૩. શ્રી. સી. પી. દેસાઈ	ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના પ્રાધ્યાપક	,,	૦૨૯૬	,,

ઉપકુલપતિશ્રીએ અમાન્ય કરેલ શિક્ષકોની યાદી

યુ. પી. આર્ટ્સ અને સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ

શ્રી. જે. એન. ત્રિવેદી	મૂળ શૈક્ષણિક લાયકાતની ઊણપ હોવાને કારણે	સિં. ૨૯/૦૨૭૬૯૬	૧૮-૨-૧૯૬૫

ઉપકુલપતિશ્રીએ માન્ય કરેલ વધારાના શિક્ષકોની યાદી

ક્રમાંક, કૉલેજ તથા અધ્યાપકનું નામ	હોદ્દો	પત્ર ક્રમાંક	તારીખ
આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઉપલેટા			
૪૪. શ્રીમતી ડી. વી. કાપડિયા	માનસશાસ્ત્રનાં વ્યાખ્યાતા	સિં. ૨૯/૦૨૪૧૦	૧૭-૪-૧૯૬૫
આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણા			
૪૫. શ્રી. પી. આઈ. પટેલ	સંસ્કૃતના વ્યાખ્યાતા	સિં. ૨૯/૦૨૪૧૨	,,
આર્ટ્સ કૉલેજ, સંખેડા			
૪૬. શ્રી. આર. જી. શાહ	ખંડ સમયના સંસ્કૃતના ટ્યૂટર	સિં. ૨૯/૦૨૪૧૧	,,
૪૭. શ્રી. એન. એસ. દવે	ખંડ સમયના ઇતિહાસના ટ્યૂટર	સિં. ૨૯/૦૨૪૧૧	,,
૪૮. શ્રી. એમ. આર. કોઠારી	ખંડ સમયના માનસશાસ્ત્રના ટ્યૂટર	સિં. ૨૯/૦૨૪૧૧	,,
૪૯. શ્રી. કે. આર. પરીખ	ખંડ સમયના અર્થશાસ્ત્રના ટ્યૂટર	સિં. ૨૯/૦૨૪૧૧	,,

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯.

G.U.P. 236-350-6-65

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૫ના જૂન માસની સભા, શનિવાર, તા. ૫-૬-૧૯૬૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. વી. એચ. ભાનેાટ, સહ-શિક્ષણુસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩. આચાર્ય એમ. સી. શાહ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર
૯. શ્રી. હાકેારભાઈ એમ. દેસાઈ	હાજર
૧૦. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૧. ડૉ. મેાતીભાઈ ડી. પટેલ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર
૧૪. ડૉ. જે. જે. ચિનેાય	હાજર
૧૫. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર
૧૬. આચાર્ય યશવંતરાય ગુ. નાયક	ગેરહાજર
૧૭. આચાર્ય મુકુન્દલાલ છેાટાલાલ દેસાઈ	હાજર
૧૮. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર.

૧. મે માસની સિન્ડિકેટની તા. ૧-૫-૧૯૬૫ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

સિન્ડિકેટની તા. ૧-૫-૧૯૬૫ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. બારિયા કેળવણી મંડળ, દેવગઢ-બારિયા તરફથી ચાલતી યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કૉલેજ, દેવગઢ-બારિયાનો વહીવટ, બારિયા હાયર એજ્યુકેશન સોસાયટી, દેવગઢ-બારિયાને સોંપવા અંગેના બારિયા કેળવણી મંડળના માનદ મંત્રી તરફથી આવેલ તા. ૧૨-૫-૧૯૬૫ના પત્રાંક બી-૧૨-૧/૧૯૬૫-૬૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩. સંસ્થાઓને માન્યતા આપવા માટે આવતી અરજીઓ પર નિમાતી સ્થાનિક તપાસસમિતિઓને આપવાની સુધારેલી સૂચનાઓનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.).

૪. વિજ્ઞાનની કૉલેજોએ પ્રયોગશાળા સજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦ જેટલા ખર્ચની વિગતો સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫. યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજોમાં શિક્ષક તરીકેની નિમણૂક મળ્યા બાદ તે શિક્ષક શૈક્ષણિક વર્ષ દરમિયાન શિક્ષણકાર્ય છોડી જઈ શકે નહિ તેવો નિયમ ઘડવા માટે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રાના આચાર્યે તેમના તા. ૨૪-૩-૧૯૬૫ના પત્રાંક જી-૧-૧૮૪૪થી કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે હાલ કશું કરવાપણું જણાતું નથી.

૬. શિક્ષણશાસ્ત્રના વિષયમાં પત્રવ્યવહારથી શિક્ષણ આપવાનું ભારત સરકારનું સૂચન નહિ સ્વીકાર્યાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ સાથે આ સભા સંમત છે, અને ઠરાવે છે કે, શિક્ષણશાસ્ત્રના વિષયમાં પત્રવ્યવહારથી શિક્ષણ આપવાનું ભારત સરકારનું સૂચન સ્વીકારવું નહિ.

૭. ઑર્ડિ. ૨૭૨ અને ઑર્ડિ. ૨૭૨-એ મુજબ એસ. એફ. જી. હૉસ્પિટલ, વાત્રકને ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—૪થી ૬ વિદ્યાર્થીઓને લઈ શકાશે તેમ જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ હૉસ્પિટલની સ્થાનિક તપાસ કરીને રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી:

૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ
૨. ડૉ. પનાલાલ એલ. શાહ.

૮. ઑર્ડિનન્સ ૨૭૨ અને ૨૭૨-એ અનુસાર સુરેન્દ્રનગર તબીબી રાહત મંડળ, સુરેન્દ્રનગરને ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે અમદાવાદની બી. જે. મેડિકલ કૉલેજના ડીનના પત્રાંક એફ. ૨-૨૧૮થી આવેલ સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ત્રણ પુરુષ અને બે સ્ત્રી ડૉક્ટરને હાઉસમૅનશિપ માટે લઈ શકાશે તેમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સંસ્થાની સ્થાનિક તપાસ કરીને રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી:

૧. ડૉ. જિતુભાઈ જે. દેસાઈ
૨. ડૉ. પનાલાલ એલ. શાહ.

૯. મેડિકલ ફૅકલ્ટીના પરીક્ષકોને આપવાની બાર સૂચનાઓમાં, સૂચના નં. ૨૦, નીચે મુજબ સુધારવાની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

Practical Examination in Medicine:

20. The time to be devoted to the various Practical Examinations in Medicine at the Third M.B.,B.S. Examination shall be as follows:

There will be three pairs of Examiners and they will be numbered as Pair I, Pair II, Pair III.

Not more than 18 candidates will be examined at a time and they will be divided into three groups, called 'A', 'B' and 'C'.

Clinical: Long cases: 30 minutes for the examination of the case by the candidate and making short notes. 10 minutes for the examination of the candidate by a pair of Examiners.

Short cases: 10 minutes for examination of each case by the candidate.

A pair of Examiners will examine the candidate for 10 minutes, i.e., 3 separate pairs for 3 short cases.

Viva-voce : This examination shall consist of 20 minutes for Viva-voce Examination to be conducted by two pairs of Examiners for 10 minutes each. This will include also question on Preventive and Social Medicine.

(*N B.*—The pairs of Examiners who have examined the candidates in the Long case shall not examine the candidate in the Viva-voce. The remaining two pairs of Examiners shall take this examination and one pair will take only the oral examination while the other will examine the candidate in Electro-cardiogram, X-Ray plates, Pathology specimens, etc.

As a practical guide the following details are suggested:

The conduction of the examination could be as under:

(Suggested for clarification and as a model for the convenience of Examiners)

Long cases:

8-00 a.m.: Examination starts, i.e., at 8-00 a.m. cases are distributed to the students.

8-30 a.m.: Examination of Long cases, i.e., at 8-30 candidates are examined in Long cases by Examiners.

Short cases:

9-30 a.m.: Examination of Short cases. (Cases are distributed to students.)

10-30 a.m. : Viva-voce Examination as under :

The pair of Examiners shall be numbered as I, II, III, etc.

The groups, each consisting of six candidates, will be called 'A', 'B', 'C', etc.

	Groups		
Long Cases	*B*	*C*	*A*
Examiners (Pair)	I	II	III
Viva-voce	A	B	C
	C	A	B

આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષકોને આપવાની ખાસ સૂચના નં. ૨૦ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી.

૧૦. વી. ટી. ચોક્સી સાર્વજનિક લૉ કૉલેજ, સુરતમાં ચાલતા 'લેબર લૉઝ ઍન્ડ પ્રૅક્ટિસ' તથા 'ટૅક્સેશન લૉઝ'ના ડિપ્લોમાના અભ્યાસક્રમો જૂન ૧૯૬૫થી બંધ કર્યાનું ઠરાવ્યાનું સદરહુ કૉલેજના આચાર્યે તેમના તા. ૧-૫-૧૯૬૫ના પત્રાંક ૩૧માં જણાવ્યું છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં જૂન ૧૯૬૫થી ડી.એમ.આર.ઈ. વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા અંગે તે કૉલેજના ડીન તરફથી આવેલ અરજી અંગે સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવા બાબત.

[નોંધ.—જરૂરી સ્થાનિક શિક્ષકગણ અંગે નીચે મુજબ હકીકત છે :

(૧) ડૉ. એન. એલ. પટેલ (માન્ય શિક્ષક)
(૨) ડૉ. પી. કે. ક્ષત્રિય (માન્ય શિક્ષક)]

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ
૨. ડૉ. કે. એન. જસાણી.

૧૨. ભારતીય યુનિવર્સિટીઓમાં 'એશિયન સ્ટડીઝ'ના વિકાસ અર્થે યોજાયેલ પરિસંવાદમાં થયેલી ભલામણો અંગે ઇન્ડિયન સ્કૂલ ઑફ ઇન્ટરનેશનલ સ્ટડીઝ, ન્યૂ દિલ્હીના અધ્યક્ષ તરફથી આવેલા તા. ૧૭-૫-૧૯૬૫ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે પ્રો. ડી. એન. પાઠકને પ્રસ્તાવ તૈયાર કરવા માટે જણાવવું.

૧૩. યુનિવર્સિટીમાં ગૃહવિજ્ઞાનની અલગ વિદ્યાશાખા ખોલવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના સૂચન પરત્વે અભિપ્રાય આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમ અંગે હાલના ધારા-ધોરણમાં જે જોગવાઈ છે તે જોતાં તે માટેની જુદી વિદ્યાશાખા કરવાની જરૂર જણાતી નથી એમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને અભિપ્રાય જણાવવો.

૧૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૭-૪-૧૯૬૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૪-૧૯૬૫ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

"પ્રો. પી. ડી. પાઠકને પીએચ.ડી.ની પદવી માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે માન્ય કરવા."

(બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૪-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૫. ધી અમેરિકન સ્ટડીઝ રિસર્ચ સેન્ટર, હૈદરાબાદના ડિરેક્ટર તરફથી આવેલા તા. ૮-૪-૧૯૬૫ના પત્રાંક એ-૩૩૦ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સેન્ટરનું સંસ્થાગત સભ્યપદ (Corporate membership) સ્વીકારવાની જરૂર નથી, પરંતુ સદરહુ કેન્દ્રની કામગીરીમાં આ યુનિવર્સિટી તેનાથી બનો શકશે તેટલો સહકાર આપશે તેમ જણાવવું.

૧૬. પ્રી-યુનિવર્સિટી અને એફ.વાય.બી.એસસી. પરીક્ષામાં વિજ્ઞાનના વિષયોના પ્રશ્નપત્રો કાઢવા માટે એક જ વ્યક્તિને અંતિમ જવાબદારી સોંપેલી છે તેના સંદર્ભમાં પ્રશ્નપત્ર કાઢવાનું મહેનતાણું વધારવા અંગે આચાર્ય એમ. એસ. શાહના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી સાયન્સ અને એફ.વાય.બી.એસસી.ની પરીક્ષામાં વિજ્ઞાનના વિષયોમાં પરીક્ષાના પ્રશ્નપત્રો કાઢવાની જવાબદારી સિન્ડિકેટના તા. ૧૯-૧-૧૯૬૫ની સભાના ઠરાવ અન્વયે ફક્ત એક જ વ્યક્તિને સોંપવામાં આવી છે તે પદ્ધતિ હવે પછીથી બંધ કરવી અને તે વિષયોમાં પ્રશ્નપત્રો કાઢવા માટે સંયુક્ત જવાબદારીવાળા બબ્બે પ્રાશ્નિકો નીમવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૫ના વર્ષમાં લેવાયેલી પ્રી-યુનિવર્સિટી અને એફ.વાય.બી.એસસી.ની પરીક્ષાઓમાં વિજ્ઞાનના વિષયોમાં સિન્ડિકેટની તા. ૧૯-૧-૧૯૬૫ની સભાના ઠરાવ અન્વયે નિમાયેલા પ્રાશ્નિક મંડળના અધ્યક્ષને, તેમને ભાગે આવતા મહેનતાણા ઉપરાંત વધુ રૂા. ૫૦નું મહેનતાણું આપવું.

૧૭. પ્રી-યુનિવર્સિટી સાયન્સની પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાનની લેખિત પરીક્ષામાં નિમાયેલ પરીક્ષકોને ઉત્તરવહી તપાસવાના મહેનતાણા પેટે ઉત્તરવહી દીઠ રૂા. ૦૦-૫૦ પૈસા મળે છે તે વધારી રૂા. ૧-૦૦ મળે અને તે માર્ચ ૧૯૬૫માં નિમાયેલ પરીક્ષકોને પણ મળે તે પ્રકારની અધ્યક્ષ શ્રી. પી. બી. વૈદ્યની માગણી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) તા. ૬-૩-૧૯૬૫ના રોજ મળેલ સિન્ડિકેટના ઠરાવ મુજબ પ્રી-યુનિ. વિજ્ઞાનની જીવવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે પરીક્ષકોના દર વિદ્યાર્થી દીઠ રૂા. ૦૦-૭૫ પૈસાને બદલે રૂા. ૧-૦૦ ઠરાવ્યો છે.

(૨) વિજ્ઞાન વિદ્યાશાખાના ડીને આ મહેનતાણું અન્ય વિજ્ઞાન વિષયો સાથે સુસંગત રહે તે પ્રમાણે રાખવા સૂચવ્યું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ માગણી મંજૂર કરવી નહિ.

૧૮. સેકન્ડ બી.એસસી., બી.એસસી. અને એમ.એસસી. માઇક્રોબાયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે માઇક્રોબાયોલોજીની અભ્યાસસમિતિના બોર્ડના અધ્યક્ષ શ્રી. સી. સી. શાહે સૂચવેલ લેબોરેટરી સ્ટાફ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સેકન્ડ બી.એસસી., બી.એસસી. (જૂના અભ્યાસક્રમ પ્રમાણે) તેમ જ ડી.વાય.બી.એસસી. અને એમ.એસસી.ની પરીક્ષાઓમાં માઇક્રોબાયોલોજીની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફ આ સાથે જોડેલા **પરિશિષ્ટ "ગ"** મુજબ મંજૂર કરવો.

૧૯. સેકન્ડ બી.એસસી. રસાયણવિજ્ઞાન વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે કેટલો લેબોરેટરી સ્ટાફ રાખવો તે નક્કી કરવા બાબત.

(**નોંધ.**—ડીનનું સૂચન નીચે મુજબ છે :

"Only 2 Expert Assistants are considered sufficient for a batch of 30 students at S.Y.B.Sc.")

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ડીનનું ઉપરનું સૂચન મંજૂર કરવું.

૨૦. એપ્રિલ ૧૯૬૫માં મોરબી કેન્દ્ર પર લેવાયેલ ફર્સ્ટ ઇયર એન્જિનિયરિંગ 'વર્કશોપ પ્રેક્ટિસની સિમથી'ના વિષયની પરીક્ષા વખતે બેઠક નંબર ૧૨૩ના વિદ્યાર્થીને તા. ૨૫-૪-૧૯૬૫ના રોજ આંગળી પર ઇજા થવાથી તેનું અધૂરું રહેલું જોબકામ લઈ, તેને તા. ૨૭-૪-૧૯૬૫ના રોજ Repeat Job માટે પરવાનગી આપ્યા બાબતના મોરબીની લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યે લીધેલ પગલા પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—વિદ્યાર્થીનું પરિણામ અનામત રાખવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં મોરબીની લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજના આચાર્યે લીધેલું પગલું અપવાદ તરીકે મંજૂર રાખવું અને એફ.ઈ.ના વિદ્યાર્થી નં. ૧૨૩નું પરિણામ જાહેર કરવું.

૨૧. ઑર્ડિનન્સ ૧૫૧-સી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

O. 151-C :

"The standard of tuition fees for admission to the post-graduate students in all the zones and centres of the Gujarat University

area shall be uniform as under:

Rs. 75/- per term (in Arts including Education, Commerce and Law Faculties)

Rs. 100/- per term for the Faculty of Medicine

Rs. 125/- per term for the remaining Faculties, i.e. excluding Arts, Commerce, Law and Medicine.

The students will also be liable to pay a fee not exceeding Rs. 15/- in the aggregate for Library, Gymkhana, etc., according to the rules to be framed by the individual centre in this behalf.

In addition to the above fees, every student shall pay Rs. 10/- as Caution Money along with his application for admission to the School, which shall be refundable to the student on application within one year of his leaving the School. Caution Money will not be refunded to the candidates if the candidate is admitted to the School but does not join."

આથી ઠરાવવામાં આવે છે કે. ઑર્ડિ. ૧૫૧–સી ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૨૨. ઑર્ડિનન્સ ૧૫૧–એ–૧ અને ૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત:

O. 151-A:

(1) "In the case of a student leaving the centre within a fortnight of the commencement of the term, the tuition fees may be refunded after deducting Rs. 15/-.

(2) In the case of a student leaving the centre after *15 days but within 30 days* of the commencement of the term, half of the tuition fees may be refunded."

(નોંધ.— ઑર્ડિ. ૧૫૧–એમાં ટ્યૂશન ફી રિફંડ કરવા માટેના નિયમો છે તેમ જ Rules relating to Post-graduate studiesના નિયમ નં. ૨૮માં પણ ટ્યૂશન ફી રિફંડ કરવા અંગેના નિયમો છે. આ બંનેમાં તફાવત છે, તેથી ઑર્ડિનન્સ ૧૫૧–એ સુધારવાની જરૂર છે જેથી તે ઑર્ડિનન્સ અને નિયમ ૨૮ વચ્ચે વિસંગતતા થવા પામે નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૫૧–એ ની પેટાકલમ (૧) અને (૨) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને ૧૫મી જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવો.

૨૩. ધી અમદાવાદ સીડ્ઝ મરચન્ટ્સ એસોસિયેશન લિમિટેડ, અમદાવાદ, તરફથી ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં હૉસ્પિટલ બાંધવા અંગેની સખાવત રૂા. ૨,૦૦,૦૦૦ની પૂરેપૂરી રકમ આવવાથી તે અંગે આગળ પગલાં લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ક્લબના જનરલ સેક્રેટરી તરફથી સ્પોર્ટ્સ ક્લબને આર્થિક સહાય આપવા તેમના તા. ૨૨-૪-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ગયે વર્ષે સ્પોર્ટ્સ ક્લબને માટે રૂા. ૧,૦૦૦ની ગ્રાન્ટ સિન્ડિકેટે મંજૂર કરી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ક્લબને આર્થિક સહાય પેટે રૂા. ૧,૦૦૦ની ગ્રાન્ટ આપવી.

૨૫. સેકન્ડ યર બી.એસસી. પરીક્ષાના બે કલાકના સમયના પ્રશ્નપત્ર કાઢવાના રૂા. ૪૦ તથા તપાસવાના રૂા. ૨નો દર ઉપકુલપતિશ્રીએ મંજૂર કર્યો તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૬. સિન્ડિકેટે તેની તા. ૧૮/૧૯-૧-૧૯૬૫ની સભામાં થયેલ ઠરાવ મુજબ 'ગુજરાતી સાહિત્યનો બૃહદ ઇતિહાસ' તૈયાર કરાવવા અંગે ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ તરફથી મળેલ માહિતીના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ યોજના મંજૂર કરવી તથા તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસે આર્થિક સહાયની માગણી કરવી અને તે આર્થિક સહાય મળ્યેથી આ બાબત સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૨૭. ભારત સરકારની આર્થિક સહાય દ્વારા પ્રકાશિત થનારાં પુસ્તકોની વેચાણ-કિંમતો નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, હિન્દી અને પ્રાદેશિક ભાષાઓમાં પ્રકાશનોની ભારત સરકારની યોજના હેઠળ, તેની આર્થિક સહાયથી હવે પછી જે પુસ્તકો પ્રસિદ્ધ કરવામાં આવે તેની વેચાણકિંમત અંગે નીચેની વિગતો અંગે થયેલા કુલ ખર્ચ ઉપર ૩૨½ ટકા ચડાવી પુસ્તકોની વેચાણકિંમત નક્કી કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી:

(૧) કમ્પોઝિંગ અને મમ્પોઝિંગ
(૨) મુદ્રણકામ
(૩) બંધામણી
(૪) કાગળ અને બંધામણીનાં સાધનોનો ખર્ચ
(૫) બ્લૉક–પ્લેટ ખર્ચ
(૬) રવાનગીખર્ચ

(૭) રૉયલ્ટી

(૮) અનુવાદ-કામ

(૯) લેખકનું મહેનતાણું

(૧૦) ચિત્રો, નકશા, આકૃતિઓ વગેરે બનાવવાનું કલાકામ

(૧૧) અન્ય પરચૂરણ ખર્ચ.

૨૮. ભારત સરકાર તરફથી સર્વમાન્ય પુસ્તકોના અનુવાદ તથા મૌલિક કાર્યોની યોજના હેઠળ મળતી આર્થિક સહાયથી પ્રસિદ્ધ થતાં પુસ્તકોના વેચાણની આવકનું ભંડોળ ઊભું કરવા માટે તથા તેના માટે કરેલા નીચેના નિયમો અંગે વિચારણા કરવા બાબત:

Extract from An Outline of the Scheme of translation and publication of standard works of University level in Hindi and Regional Languages:

Financial aspects:

6. The Government of India will meet the entire expenditure of this scheme subject to such terms and conditions as may be agreed upon between the Government of India and the translation agencies. For the publication of approved translation, funds will be provided to the Universities/agencies of State Governments by the Government of India. The scheme also provides 50% financial assistance to translating agencies for translation and publication into Hindi/Regional languages of the titles suggested by them and approved by the Government of India.

7. Appropriate procedure will be established in this connection. The publishing agencies will be required to credit sale proceeds to a fund to be designated by the Central Government and the amount available in the fund may be assigned by the Government of India to the crediting agencies for further production of such books.

Extract from the Government of India's letter No. F. 20-19/63 H-1, Ministry of Education, New Delhi-1, dated 27th Sept., 1963:

(*a*) The accounts against the grant will be maintained separately and properly by the translating agencies and a statement of audited accounts together with a utilisation certificate in the following form from a Chartered Accountant or

University auditors will be furnished to the Central Hindi Directorate, Ministry of Education, Government of India :

> "Certified that expenditure against the grant sanctioned to the State Co-ordinate Committee has been verified from the vouchers in support thereof and has been incurred for the purpose for which it has been given."

The unspent balance should be refunded to the Govt. of India.

(*b*) The translating agencies will maintain an audited record of the assets credited or acquired wholly or substantially with Central Government's assistance in the enclosed proforma and furnish to the Govt. of India, Ministry of Education (Central Hindi Directorate), a copy thereof for record. The assets so created or acquired should not, without prior sanction of the Govt. of India, be disposed of encumbered or utilised for purposes other than those for which the grant is sanctioned.

આથી ઠરાવવામાં આવે છે કે, ભારત સરકારના કેન્દ્રીય હિન્દી નિદેશાલયે સૂચવેલા ઉપરના નિયમો મંજૂર કરવા.

૨૯. ઓ. ૫૭-એ હેઠળ યુવક કલ્યાણ સમિતિ ઉપર નિયુક્ત થયેલ સભ્યોની મુદત પૂરી થતી હોઈ તે જગ્યાઓ ઉપર નિમણૂક કરવા બાબત.

[નોંધ.—હાલમાં ડૉ. નરેન્દ્ર દેસાઈ ઓ. ૫૭-એ(૫), પ્રો. વી. જે. ત્રિવેદી અને પ્રો. હકૂમત દેસાઈ ઓ. ૫૭-એ(૬) પ્રમાણે સભ્યો તરીકે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોને યુવક કલ્યાણ સમિતિના સભ્યો તરીકે તા. ૧૬-૬-૧૯૬૫થી તા. ૧૫-૬-૧૯૬૮ સુધી નીમવા :

૧. ડૉ. નરેન્દ્ર દેસાઈ
૨. પ્રો. વી. જે. ત્રિવેદી
૩. પ્રો. હકૂમત દેસાઈ.

૩૦. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા એન્ડ સિલોન, ન્યૂ દિલ્હીના તા. ૧૨-૩-૧૯૬૫ના પત્રાંક I-૯-૬૪-૬૫-૬૭૦૪-૬૭૫૯ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રની નોંધ લેવી.

(સદરહુ પત્રની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૩૧. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થીનો મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે સ્વીકારવામાં આવ્યો હોવાનું જાહેર કર્યાના :

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
શ્રી. અમૃતલાલ જે. ગાંધી	રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.;

(૨) 'સમર ઇન્સ્ટિટ્યૂટ ઇન ફિઝિક્સ ફૉર કૉલેજ ટીચર્સ'ની યોજના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કર્યાના તથા તે અંગે તેમના તા. ૧-૫-૧૯૬૫ના પત્રાંક એફ. ૯-૩૨-૬૪ (એસ. આઈ.)થી રૂા. ૩૦,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત તથા તે અંગેના સદરહુ ગ્રીષ્મ શાળાના સંચાલક ડૉ. કે. બી. શાહને જરૂરી ખર્ચ કરવાની સત્તા આપ્યાના; અને

(૩) એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદમાંથી એમ.એડ. પદવી એજ્યુકેશનના વિષયનું અનુસ્નાતક કેન્દ્ર બંધ કરી યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં તે વિષય અને પદવીનું અનુસ્નાતક શિક્ષણ જૂન ૧૯૬૫-૬૬થી આપવાનો પ્રબંધ કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩૨. સિંધી એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ તરફથી ચાલતી નેશનલ કૉલેજ, અમદાવાદનો વહીવટ સરસ્વતી વિદ્યામંડળને સોંપવા અંગે સિંધી એજ્યુકેશન સોસાયટી, અમદાવાદના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૩. ઑર્ડિ. ૯૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને તે અનુસાર નિયત પત્રક પણ સુધારવા બાબત :

O. 96 :

"Every college shall submit to the Syndicate by 31st of July information regarding the subjects taught at the college, teaching staff, number of students, etc., in the prescribed form."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૯૬ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને ૧૫મી જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૯૬ હેઠળ નિયત કરવામાં આવેલ પત્રક સુધારવું.

(નિયત પત્રકના સુધારેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૪. જૂન ૧૯૬૫થી બી.ઈ.ના પાંચ વર્ષના અભ્યાસક્રમના પ્રથમ વર્ષ એન્જિનિયરિંગનો અભ્યાસક્રમ શરૂ થતો હોઈ, હાલના બી.ઈ.નો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ કયાં સુધી ચાલુ રાખવો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત એન્જિનિયરિંગની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૩૫. ત્રીજી એમ.બી.,બી.એસ.ની એક વધારાની પરીક્ષા ૨૬મી જુલાઈથી શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષ દરમિયાન લેવાનાર ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા તા. ૨૬મી જુલાઈથી શરૂ કરવી, અને તે માટે ફક્ત અમદાવાદનું એક જ કેન્દ્ર રાખવું.

૩૬. "શ્રી રાયબહાદુર ડૉ. જેસિંગ પી. મોદી અને શ્રીમતી મંગલાગૌરી મોદી ગોલ્ડ મેડલ" નામનો સુવર્ણચંદ્રક એપ્રિલ ૧૯૬૫માં લેવાયેલ બીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષાના વિદ્યાર્થી નં. ૧૬ અને ૬૨ તેમ જ ઑક્ટોબર ૧૯૬૪માં લેવાયેલ મજકૂર પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૧૩ "ફોરેન્સિક મેડિસિન" વિષયમાં એકસરખા ગુણ (૬૨+૭૫=૧૩૬) મેળવતા હોવાથી સદરહુ સુવર્ણચંદ્રકનું પ્રદાન કેવી રીતે કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ત્રણે વિદ્યાર્થીઓને "શ્રી. રાયબહાદુર ડૉ. જેસિંગ પી. મોદી અને શ્રીમતી મંગલાગૌરી મોદી ગોલ્ડ મેડલ" નામનો સુવર્ણચંદ્રક એનાયત કરવો અને વધારાના બે સુવર્ણચંદ્રકોનો જરૂરી ખર્ચ કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૭. તા. ૭-૫-૧૯૬૫ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૭-૫-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી તા. ૭-૫-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૮. તા. ૪-૬-૧૯૬૫ના રોજ મળેલ લેક્ચરર ધન બોર્ડાની, લેક્ચરર ધન એજ્યુકેશન અને ટેકનિકલ આસિસ્ટન્ટ(ગ્રંથાલય)ની વરણી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણી સમિતિની તા. ૪-૬-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ વરણી સમિતિની તા. ૪-૬-૧૯૬૫ની નોંધ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૩૯. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમા લેબોરેટરી આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. વાય. એફ. કાનપુરવાલા તા. ૨-૪-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ બાદ તેઓની તા. ૩૧-૫-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ વિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૯-૬-૧૯૬૦થી જોડાયા હતા અને તા. ૨-૪-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. વાય. એફ. કાનપુરવાળાને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીના ફાળા સહિત ચૂકવી આપવી.

૪૦. યુનિવર્સિટી છાત્રાલયમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. મૂળુજી કાળુજીને તા. ૧૭-૨-૧૯૬૫થી છૂટા કર્યા હોવાથી સ્ટે. ૧૮૩ પ્રમાણે પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

(**નોંધ.**—તેઓ યુનિવર્સિટીમાં તા. ૧૭-૧૧-૧૯૫૬થી જોડાયા હતા અને તા. ૧૭-૨-૧૯૬૫થી છૂટા કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. મૂળુજી કાળુજીને તેમના પ્રોવિડંટ ફંડના ખાતામાં તેમણે ભરેલી રકમ વ્યાજ સાથે આપવી, અને વંચારામાં યુનિવર્સિટીના ફાળાની રકમ વ્યાજ સાથે જે થાય તેની પચાસ ટકા જેટલી રકમ આપવી.

૪૧. યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. બી. એચ. સોલંકીને તા. ૧૭-૧૨-૧૯૬૪થી છૂટા કર્યા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

(**નોંધ.**—તેઓ કાર્યાલયમાં તા. ૧-૨-૧૯૬૩થી જોડાયા હતા અને તા. ૧૭-૧૨-૧૯૬૪થી તેઓને છૂટા કરવામાં આવ્યા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. એચ. સોલંકીને તેમના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૪૨. યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત અને રો. પી. એમ. મહેતાકૃત "આયુર્વેદના મૂળ સિદ્ધાંતો" પુસ્તકના હિન્દી અનુવાદ માટે પરવાનગી આપવા માટે શ્રી. ચૌખમ્બા સંસ્કૃત સિરીઝ ઑફિસ, વારાણસીની વિનંતી પર વિચારણા કરવા બાબત તથા પરવાનગી આપવામાં આવે તો કરારના મુસદ્દાને મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સદરહુ પ્રકાશનના હિંદી અનુવાદ માટે શ્રી. ચૌખમ્બા સંસ્કૃત સિરીઝ ઑફિસ, વારાણસીને પરવાનગી આપવી અને ૧૨૫૦ નકલની પહેલી આવૃત્તિની રોયલ્ટી માટે રૂા. ૨૦૦ની રકમ રાખવી અને તે માટેના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૪૩. 'Co-ordinate Solid Geometry' (by R. J. T. Bell)ના ગુજરાતી અનુવાદ માટે પ્રો. જી. ટી. શાહ સાથે કરેલ કરારમાં મહેનતાણાનો વિકલ્પ બદલવા માટે તેમની તા. ૫-૫-૧૯૬૫ના પત્રથી આવેલી વિનંતી અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—પ્રો. જી. ટી. શાહ સાથે સદરહુ અનુવાદના કામ માટે તા. ૫–૧૧–૧૯૬૩ના રોજ કરાર કરેલા છે તેમાં તેમણે મહેનતાણાના પસંદ કરેલ વિકલ્પ નીચે પ્રમાણે છે:

"અનુવાદિત કૃતિના પ્રસ્તુત પુસ્તકના વેચાણ પર યુનિવર્સિટીનું નાણાકીય વર્ષ પૂરું થયા પછી નીચેના દરે રૉયલ્ટી આપવામાં આવશે :

(૧) પહેલી ૫,૦૦૦ સુધીની નકલો માટે ૧૫ ટકા

(૨) ૫,૦૦૧થી ૧૦,૦૦૦ સુધીની નકલો માટે ૧૨½ ટકા

(૩) ૧૦,૦૦૧થી વધુ નકલો માટે ૧૦ ટકા.

જો પ્રો. જી. ટી. શાહની વિનંતી માન્ય કરવામાં આવે તોપણ સિન્ડિકેટના તાજેતરના ઠરાવ પ્રમાણે મૂળ અંગ્રેજી પુસ્તકના ૩૦૦ શબ્દો દીઠ ગુજરાતી અનુવાદના રૂા. ૬–૦૦ પ્રમાણે મહેનતાણું આપવાનું થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કરારનામામાં મહેનતાણાનો વિકલ્પ બદલવાની પ્રો. જી. ટી. શાહની વિનંતી મંજૂર કરવી નહિ.

૪૪. નીચેની સંસ્થા/કૉલેજોએ જૂન, ૧૯૬૫થી નવી કૉલેજો/અભ્યાસક્રમો શરૂ કરવા અંગેની જોડાણ-અરજીઓ પાછી ખેંચી લીધી છે તેની નોંધ લેવા બાબત :

(૧) ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ

(૨) ધ. ધુ. આચાર્ય દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ

(૩) કડવા પાટીદાર કેળવણી મંડળ, વીસનગર

(૪) સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૫. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની, ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમ અંગેની આર્થિક સહાયની યોજના હેઠળ નીચેની કૉલેજોને અનાવર્તક ગ્રાન્ટ તેમ જ ૧૯૬૩–૬૪ના વર્ષ માટે આ અભ્યાસક્રમને અનુલક્ષીને નીમવામાં આવેલા વધારાના શિક્ષકગણ અંગેના વધારાના ખર્ચની તે વર્ષ પેટે આવર્તક ગ્રાન્ટ મંજૂર કર્યાના :

ક્રમાંક	કૉલેજનું નામ	અનાવર્તક ગ્રાન્ટની રકમ	૧૯૬૩–૬૪ના આવર્તક ખર્ચની રકમ
૧.	શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	રૂા. ૧૨,૫૦૦	—
૨.	શ્રી. વી. એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, બીલીમોરા	રૂા. ૯,૮૨૫	—
૩.	શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત	રૂા. ૨૫,૦૦૦	—
૪.	શ્રીમતી બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત	રૂા. ૨૫,૦૦૦	—
૫.	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	—	રૂા. ૪,૫૨૮

(૨) યુનિવર્સિટીનાં પ્રકાશનોની હસ્તપ્રસ્ત મળ્યેથી લેખકો/અનુવાદકોને તેમની રૉયલ્ટી પેટે અંદાજે ૭૫ ટકા જેટલી રકમ હસ્તપ્રત સ્વીકારાયેથી આપવા અંગેના સિન્ડિકેટના તા. ૧૪/૧૫-૧૧-૧૯૬૫ના ઠરાવમાંથી કેન્દ્રીય હિન્દી નિદેશાલયની અનુમતિ એક આવશ્યક પૂર્વશરત તરીકે ન રાખવા અંગે વિચારણા કરવા બાબત તથા "ભારતીય ઉદ્યોગોમાં કામદાર સમસ્યાઓ"ના અનુવાદક શ્રી. આર. જે. સોમણને તેમના મહેનતાણા પેટે રૂા. ૨,૦૦૦ની રકમ આપ્યાના :

"આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટી તરફથી અનુવાદ કે મૌલિક લખાણ અંગેના કરાર મુજબ લેખક કે અનુવાદક પાસેથી હસ્તપ્રત યુનિવર્સિટીના પ્રકાશન વિભાગને સોંપવામાં આવે, તેનો પ્રકાશન માટે સ્વીકાર થયેથી જે તે લેખક કે અનુવાદકને તેમના અંદાજી મહેનતાણાની રકમ પેટે પંચોતેર ટકા જેટલાં નાણાં હિસાબે (on account) આપવાં અને ઉપરના ઠરાવને અનુલક્ષીને જે પ્રકાશનો માટે ભારત સરકારના કેન્દ્રીય હિન્દી નિદેશાલય તરફથી આર્થિક સહાય મળવાની હોય તે પ્રકાશનોની હસ્તપ્રત માટે ઉપર મુજબ અગાઉથી (Advance) નાણાં આપતાં પહેલાં ભારત સરકારના કેન્દ્રીય નિદેશાલયની અનુમતિ મેળવવી."

(૩) નીચેની સંસ્થાઓ/કૉલેજોએ પોતાની જોડાણ-અરજીઓ અંગેની શરતોનું પરિપાલન કર્યાથી તેમને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કર્યાના :

(૧) માનવ મંદિર, અમદાવાદ

(૨) ભારતીય વિદ્યાભવન, અમદાવાદ

(૩) સર્વોદય કેળવણી સમાજ, રાજકોટ

(૪) ઊંઝા કેળવણી સમાજ, ઊંઝા

(૫) સર્વવિદ્યાલય કેળવણી મંડળ, કડી

(૬) નેશનલ કૉલેજ, અમદાવાદ

(૭) ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, ગાંધીધામ

(૮) માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ

(૯) શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા

(૧૦) ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી

(૧૧) એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત

(૧૨) પેટલાદ કૉલેજ, પેટલાદ

(૧૩) સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ

(૧૪) પાટણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાટણ
(૧૫) એસ. બી. ગાર્ડી કૉલેજ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિ., નવસારી
(૧૬) અમદાવાદ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૧૭) આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ડભોઈ
(૧૮) બી. ડી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદ
(૧૯) યુ. પી. આર્ટ્સ અને સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ
(૨૦) કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી
(૨૧) પારેખ બ્રધર્સ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, કપડવંજ
(૨૨) આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, બારડોલી
(૨૩) કે. એચ. માધવાણી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પોરબંદર
(૨૪) એન. એચ. કૉમર્સ અને એન. કે. એમ. આર્ટ્સ કૉલેજ, વલસાડ
(૨૫) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મિયાગામ
(૨૬) ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૨૭) દેસાઈ ચંદુલાલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વીરમગામ
(૨૮) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, મહેસાણા
(૨૯) જે. એમ. શાહ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, જંબુસર
(૩૦) રજની પારેખ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ખંભાત
(૩૧) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધોળકા
(૩૨) એમ. પી. શાહ મ્યુનિ. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ લૉ, જામનગર
(૩૩) એમ. પી. શાહ કૉમર્સ કૉલેજ, સુરેન્દ્રનગર
(૩૪) મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદ
(૩૫) ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ
(૩૬) ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરત
(૩૭) પ્રભુદાસ હકુર કૉમર્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદ

(૪) એમ.એ. પદવી ઇતિહાસ જૂથ "એ" અને "બી" વિષયનું શિક્ષણકાર્ય જૂન, ૧૯૬૫-૬૬થી યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવન મારફતે થનાર હોઈ, ગુજરાત કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ તે વિષય અને પદવીનું અનુસ્નાતક કેન્દ્રનું કામ બંધ કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૪૬. જૂન ૧૯૬૬થી જોડાણ મેળવવા માટે નીચે જણાવેલ સંસ્થા/કૉલેજો તરફથી આવેલ અરજીઓ પરત્વે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત :

કૉલેજ/સંસ્થાનું નામ	શરતોના પરિપાલન અંગે નોંધ
૧. ઝેડ. એફ. વાડિયા કૉલેજ, સુરત.	૧. જીવશાસ્ત્રના વ્યાખ્યાતાએ સદરહુ વિષય ગૌણ સાથે પદવી મેળવી છે. (નોંધ.— કૉલેજ જણાવે છે કે, હોમ સાયન્સ એક પ્રશ્નપત્ર માટે હોઈ નિમણૂક ચલાવી લેવા વિનંતી છે.)

કૉલેજ / સંસ્થાનું નામ	શરતોના પરિપાલન અંગે નોંધ
	૨. સમાજશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક બાકી છે. (નોંધ.—(૧) કૉલેજ જણાવે છે કે, વર્કલોડ નહિ હોવાથી માનસશાસ્ત્રવાળા શિક્ષક લઈ શકે. (૨) જે વિષયો માટે યોગ્ય લાયકાતવાળા શિક્ષકો નીમી શકો નહિ તો વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ તેમ આપણે જણાવેલ છે. (૩) ચકાસણી સમિતિનો અહેવાલ આવ્યો નથી.)
૨. હિંમતનગર કેળવણી મંડળ, હિંમતનગર	૧. રેક્ટરની નિમણૂક કરી ભાડા-મુક્ત રહેઠાણ આપવાનું બાકી. સ્કૂલની હૉસ્ટેલમાં વ્યવસ્થા કરી હોઈ જરૂર નથી તેમ કૉલેજ જણાવે છે. ૨. અર્થશાસ્ત્ર તથા મનોવિજ્ઞાનમાં વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી કામચલાઉ કામ ચલાવવા મંજૂરી માટે વિનંતી કરી છે.
૩. ગોંડલ મ્યુનિ., ગોંડલ (વિજ્ઞાન અને કાયદો)	શરતોના પાલનનો અહેવાલ આવ્યો નથી.
૪. કૃષિ સંચાલક, ગુજરાત રાજ્ય (નવસારી કૃષિ કૉલેજ)	૧. અંગ્રેજીના વ્યાખ્યાતાનો બે વર્ષનો અનુભવ ખૂટે છે. ૨. ગુજરાતી તથા હિન્દીના વ્યાખ્યાતા નીમવાનું બાકી છે. ૩. ભૌતિકશાસ્ત્રના તથા એનિમલ હસબન્ડ્રીના પ્રાધ્યાપકનો જરૂરી અનુભવ નથી. ૪. ૩ ડેમોન્સ્ટ્રેટરો બાકી છે. ૫. લેબો. તથા એગ્રિ. આસિ. (૧૬) અંગે કશો ઉલ્લેખ નથી. ૬. આચાર્ય માટેના ટેકનિકલ આસિસ્ટન્ટ નીમવાના બાકી છે. ૭. પ્રયોગશાળા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કર્યો છે. રૂા. ૫૦,૦૦૦નાં સાધનો આવ્યાં છે. બાકીનાં બાકી છે.
૫. આર્ટ્સ કૉલેજ, મોરબી	ગુજરાતી તથા અર્થશાસ્ત્રના ટ્યૂટરો નીમવા જરૂરી છે. હજુ નીમ્યા નથી.

કૉલેજ/સંસ્થાનું નામ	શરતોના પરિપાલન અંગે નોંધ
૬. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ	ફક્ત સમાજશાસ્ત્ર શીખવવા માગે છે. હજુ તે અંગે નિમણૂક પણ કરી નથી તથા રૂા. ૧,૦૦૦નો ખર્ચ પણ કર્યો નથી. એક સપ્તાહમાં ઉપરની શરતોનું પાલન નહિ કરે તો તેઓની જોડાણ-અરજી પાછી ખેંચી છે તેમ ગણી યુનિવર્સિટી કાર્યવાહી કરશે તેમ જણાવેલ છે.
૭. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ	અર્થશાસ્ત્ર તથા ગુજરાતીના પ્રાધ્યાપક નીમ્યા નથી. (સદરહુ વિષયો માટે નિમણૂક કરો, નહિ તો વિદ્યાર્થીઓ પણ દાખલ કરતા નહિ તેમ જણાવેલ છે.)
૮. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દેવગઢ-બારિયા	સંસ્કૃત અને હિન્દીના વ્યાખ્યાતા નીમવાના બાકી છે.
૯. એમ. એન. કૉલેજ, વીસનગર	૧. હિન્દી તથા આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપકોની નિમણૂકો બાકી છે. ૨. રૂા. ૩,૦૦૦ના આવર્તક ખર્ચની બાંયધરી બાકી છે.
૧૦. ભવન કૉલેજ, ડાકોર	સંસ્કૃત વિષયનો કાર્યભાર મંગાવેલ છે.
૧૧. આર. આર. લાલન કૉલેજ, ભૂજ-કચ્છ	નીચેની નિમણૂકો કરવાની બાકી છે: ૧. ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને જીવવિજ્ઞાનના પ્રાધ્યાપકો ૨. અંગ્રેજી, ફારસી, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર અને માનસશાસ્ત્રના વ્યાખ્યાતા; તથા ૩. ભૌતિકવિજ્ઞાન તથા જીવવિજ્ઞાનના ડેમોન્ટ્રેટર. ૪. ડાર્કરૂમની વ્યવસ્થા ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળામાં કરવાની બાકી છે. ૫. સ્ટુડન્ટ રૂમ નથી. (નિમણૂકો કર્યા બાદ જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો તેમ જણાવેલ છે.)
૧૨. ડી. કે. વી. કૉલેજ, જામનગર	૧. અંગ્રેજીના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી ચલાવવા વિનંતી કરે છે. ૨. હિન્દીના પ્રાધ્યાપક તથા અર્થશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક કરી છે. કોઈ માહિતી નથી.
૧૩. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા	૧. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦માંથી રૂા. ૮,૨૫૦નો ઑર્ડર મૂકવાનો બાકી છે. બાકીનાનો ઑર્ડર મૂકયો છે.

કૉલેજ/સંસ્થાનું નામ	શરતોના પરિપાલન અંગે નોંધ
	૨. ઑર્ડર મૂકયો છે, પરંતુ નીચે જણાવ્યા પ્રમાણેનાં સાધનો આવવાનાં બાકી છે : રસાયણશાસ્ત્ર ... રૂા. ૨૦,૦૦૦ ભૌતિકશાસ્ત્ર ... રૂા. ૬,૫૦૦ જીવવિજ્ઞાન ... રૂા. ૨૬,૭૧૨
૧૪. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, માણસા	અહેવાલ આવ્યો જ નથી.
૧૫. ગુજરાત કૉલેજ, અમદાવાદ	એક પણ શરતનું પાલન કર્યું નથી.
૧૬. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર	૧. અંગ્રેજીના અને અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા અંગે પૂર્ણ માહિતી નથી. ૨. માનસશાસ્ત્ર, જીવવિજ્ઞાન તથા ઇતિહાસના વ્યાખ્યાતા નીમ્યા નથી. ૩. પ્રયોગશાળા માટે રૂા. ૨૫,૦૦૦નો ખર્ચ કરવાનો બાકી છે.
૧૭. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	ગુજરાતીના પ્રાધ્યાપકનો એક વર્ષનો અનુભવ ખૂટે છે. કૉન્ડોન કરવા માટે વિનંતી કરે છે.
૧૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધ્રાંગધ્રા	અહેવાલ આવ્યો જ નથી.
૧૯. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલ	૧. હિન્દીના વ્યાખ્યાતા અંગે પૂરી માહિતી નથી. તેઓ કાં તો એમ.એ. સેકન્ડ ક્લાસ જોઈએ અથવા બે વર્ષનો ટ્યૂટર તરીકેનો અનુભવ જોઈએ. ૨. મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા નીમ્યા નથી. ૩. પુસ્તકોનો અનાવર્તક ખર્ચ કર્યો નથી. ૪. સ્કૂલના રમતગમતના મેદાનનો ઉપયોગ કરે છે.
૨૦ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	અંગ્રેજીના વ્યાખ્યાતાઓ તથા મર્કન્ટાઈલ લૉના પ્રાધ્યાપક નીમ્યા નથી.
૨૧. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	અર્થશાસ્ત્ર તથા વાણિજ્યના વ્યાખ્યાતાની નિમણૂકો બાકી છે.
૨૨. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	રૂા. ૪,૦૦૦નાં પુસ્તકો ખરીદવાનાં બાકી છે.

કૉલેજ/સંસ્થાનું નામ	શરતોના પરિપાલન અંગે નોંધ
૨૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા	૧. સાત નિમણૂકોમાંથી એક પણ નિમણૂક કરી નથી. ૨. ફક્ત રમતગમતના મેદાન સિવાય બાકીની એક પણ શરતનું પાલન થયું નથી.
૨૪. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ લૉ કૉલેજ, રાજકોટ	એક પણ શરતનું પાલન થયું નથી. અહેવાલ જ નથી.
૨૫. સેકન્ડરી ટીચર્સ કૉલેજ, અમદાવાદ	એક વ્યાખ્યાતા નથી.
૨૬. માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર	એક વ્યાખ્યાતા નથી.
૨૭. આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર	રૂા. ૨૦,૦૦૦નું રાજ્ય સરકાર પાસેથી ખાસ અનુદાન મળ્યું કે નહિ તે પુછાવેલ છે; જવાબ નથી.
૨૮. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	એક શિક્ષકનો કેળવણીક્ષેત્રે વહીવટી અનુભવ કેટલો છે તે પુછાવેલ છે; જવાબ નથી.
૨૯. સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત	અહેવાલ આવ્યો જ નથી.
૩૦. પી. ડી. એમ. ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, રાજકોટ	(૧) એક ટયૂટરની નિમણૂક બાકી છે. (૨) રૂા. ૬,૦૦૦ ગત ખોટ; તથા રૂા. ૩,૦૦૦ ચાલુ વર્ષનો એમ કુલ રૂા. ૯,૦૦૦નો પુસ્તકો પાછળનો ખર્ચ કરવાનો બાકી છે. (૩) દૃશ્ય–શ્રાવ્યના ગત વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યા પુછાવેલ છે; જવાબ નથી.
૩૧. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટયૂટ, અમદાવાદ–૯	૧. આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક બાકી છે. ૨. જરૂરી યંત્રો આવ્યાં નથી. ૩. આંકડાશાસ્ત્રનાં પુસ્તકોનો રૂા. ૨,૦૦૦નો ખર્ચ કર્યો નથી.
૩૨. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	બાયોકેમિસ્ટ્રીના પ્રાધ્યાપકની નિમણૂક કરવા અંગેની શરત છે, પરંતુ આચાર્યશ્રી જણાવે છે કે, બાયોકેમિસ્ટ્રી માઇક્રોબાયોલોજીનો પેટા-વિષય હોઈ, પ્રાધ્યાપકની જરૂરિયાત નથી, કારણ માઇક્રોબાયોલોજીના પ્રાધ્યાપક છે જ. જોકે વ્યાખ્યાતા પણ નીમ્યા નથી.
૩૩. સાયન્સ કૉલેજ, મોરબી	૧. આંકડાશાસ્ત્રના પ્રાધ્યાપક કયારે જોડાશે તે જણાવ્યું નથી. ૨. બે શિક્ષકોનાં પગારધોરણ જણાવ્યાં નથી.

કૉલેજ/સંસ્થાનું નામ	શરતોના પરિપાલન અંગે નોંધ
૩૪. એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ, રાજકોટ	વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળાઓ તૈયાર થઈ નથી.
૩૫. શ્રીમતી ગુલાબ જમનાદાસ શેઠ કૉમર્સ કૉલેજ, મોરબી	૧. એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના પ્રાધ્યાપકનો જરૂરી અનુભવ નથી. ૨. મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના પ્રાધ્યાપક નીમ્યા નથી. નિમણૂક કર્યા બાદ જ એફ.વાય.બી.કૉમ. શરૂ કરીશું તેમ કૉલેજ જણાવે છે. ૩. અંગ્રેજીના વ્યાખ્યાતાનું એમ.એ.નું પરિણામ બાકી છે. ૪. જૂની બોટ પેટે રૂા. ૫,૦૦૦ના અનાવર્તક ખર્ચ પેટે અસ્પષ્ટ ઉત્તર છે. ૫. બીજી હૉસ્ટેલમાં ૧૦ વિદ્યાર્થીઓની વ્યવસ્થા કરી છે.
૩૬. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ	૧. આંકડાશાસ્ત્રના ત્રણ વ્યાખ્યાતા તથા એક ટ્યુટોરિયલ હાઈ ખંડ સમયના શિક્ષકની નિમણૂક કરી છે. ૨. કૉમર્સના વ્યાખ્યાતાને બદલે ટ્યૂટર નીમ્યા છે.
૩૭. ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત	ડીન જણાવે છે કે, ડૉ. મોતીભાઈ પટેલે સેનેટની સભામાં સ્પષ્ટતા કરેલી કે, આટલી નિમણૂકોની જરૂર નથી તેથી કૉલેજે નીચે જણાવેલ શિક્ષકો ૧૯૬૪માં નીમ્યા હોય તો ૧૯૬૫માં નિમણૂક કરવાની જરૂર નથી: ૧. એનેટોમીના એક પ્રાધ્યાપક ૨. ફિઝિયોલોજીના એક પ્રાધ્યાપક ૩. એમ્બ્રિયોલોજીના એક પ્રાધ્યાપક ૪. બાયોકેમિસ્ટ્રીના એક પ્રાધ્યાપક **નીચેની નિમણૂકો બાકી છે:** ૧. એનેટોમીના બે વ્યાખ્યાતા ૨. ફિઝિયોલોજીના બે વ્યાખ્યાતા **બીજી શરતો:** ૧. ક્લિનિકલ માટે વિદ્યાર્થીઓને અમદાવાદ મોકલવાને બદલે સુરતની બે હૉસ્પિટલોમાં વ્યવસ્થા કરી છે.
૩૮. ડેન્ટલ કૉલેજ, અમદાવાદ	નીચે જણાવેલ નિમણૂકો કરી નથી: ૧. પીરિયોડોન્ટિયાના એક પ્રાધ્યાપક ૨. પેથોલોજી તથા બેક્ટેરિયોલોજીના એક જૂનિયર વ્યાખ્યાતા

૩ જનરલ મેડિસિનના એક જુનિયર વ્યાખ્યાતા

૪. જનરલ મેડિસિનના બીજા વ્યાખ્યાતા પૂરા સમયના બદલે ખંડ સમયના નીમ્યા છે.

૫. રાજ્ય સરકાર કટોકટીમાંથી પસાર થઈ રહી હોવાથી મકાન બાંધવા અંગે બાંયધરી આપી શકાય નહિ તેમ જણાવે છે

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમમાં આવતા સમાજશાસ્ત્રના અભ્યાસ માટે માનસશાસ્ત્રના વ્યાખ્યાતાને વ્યાખ્યાનો લેવાની ૧૯૬૫-૬૬ના શૈક્ષણિક વર્ષ પૂરતી છૂટ આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જણાવવામાં આવે છે કે, અર્થશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના વિષયોમાં વ્યાખ્યાતાને બદલે ટ્યૂટરથી કામ ચલાવવા ૧૯૬૫-૬૬ના શૈક્ષણિક વર્ષ પૂરતી જ છૂટ આપવી, અને જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂકો કરવી આવશ્યક રહેશે એમ આચાર્યને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી તથા શરતોનું પરિપાલન કરીને તાકીદે જાણ કરવા માટે સદરહુ કૉલેજના પુરસ્કર્તાઓને જણાવવું.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, જોડાણની શરતોનું યથાર્થ પરિપાલન થયું નથી એમ રાજ્ય સરકારને જણાવવું.

General features of Central nervous system: Neuronal transmission. Synapses and its special features. Reflex action and its characteristics. Classification of sensations, their receptor organs and pathway of outaneous and deep sensation. Structure and functions of spinal cord, its roots, and Brain system. Functions of cerebullum corpus striatum, Thalamus and Hypo-Thalamus. Cerebral cortex — its structure, connections and localised functions. Muscle tone, regulation of postural tonus and mechanism of co-ordinate movements. Physiology of Speech, conditioned reflexes and Sleep. The autonomic nervous system and its functions. Physiology of Chemical transmission.

(*f*) *Special Senses:* 1. Eye : Structure of Eye and functions of various parts. Nutrition of eye and intraoccular fluid. Field of vision and mechanism of accommodation. Errors of refraction. Visual path and occular reflexes. Colour vision, Binocular vision. After images.

2. Ear : Vestilular and auditory apparatus—Lahyrinthine reflexes, conductions of sound waves and mechanism of hearing. Auditory pathway.

3. Taste and smell : Structure, distribution and function of the receptors. Mechanism of stimulations and their afferent pathway.

(*g*) *Endocrines and Reproduction* : Structure and functions of various Endocrine organs. Primary and secondary sex character. Spermo-otogenesis, Menstruation, Ovulation, Fertilisation and formation of the germinal layers, Formation and role of placenta. Foetal respiration and circulation. Mammary glands and Lactation.

PRACTICAL COURSE
Biochemistry and Biophysics

1. Detection of elements like Carbon, Hydrogen, Nitrogen, Sulphur, Iron, Phosphorus.
2. Properties of Proteins: Precipitation, Colour reactions, Heat coagulation and differentiation of proteins. Albumin — Globulin (Meta-proteins, Proteosis), Peptones and Gelatin.
3. Properties of Carbohydrates: Differentiation of Monosaccharides disaccharides and polysaccharides of physiological interest.
4. Properties of Fats and Cholosterol.
5. Qualitative tests for determination of proximate principles of some foods—Milk, Eggs, Breads, Flour, Meat and Potatoes.
6. Chemistry of : (1) Gastric Juice : (*a*) Qualitative (*b*) Quantitative fractional test meal, i.e., Free and Total acidity. Gastric juice. (2) Bile: Bile qualitative only — Chemical tests for Vitamin 'A' and 'C'
7. Action of enzymes: Ptyalin, Pepsin, Bennin.
8. Spectroscopic examination of Blood and the Haemoglobin derivatives.
9. Urine: Physical characteristics, Pigments of urine, Normal inorganic organic consttuens, certain abnormal consituents of urine, e.g., Albumin, Globulin (Albumoses, Bence Jones proteins), glucose, lactose, Bile salts, Bile pigments, Blood pigments, acetone and Indican. Urinary deposits — Microspical appearances.

10. Quantitative analysis of Urine: Chlorides, Urea, Acidity and Ammonia, Glucose, Albumin and Diestase.

11. Detection of substances of Physiological interest—Glucose, Fructose, Sucrose, Maltose, Lactose, Glycogen Starch, Albumin, Caesin, Peptones, Gelatine, Urea, Uric acid, Hydrochloric acid, Lactic acid. Acetone, Bile salts, Bile pigments and Blood pigments.

Demonstrations : Qualitative tests for determination of proximate principles of cheese. Analysis of cerebro-spinal fluid (qualitative). Determination of Osmetic pressure, Viscosity and Surface tension. Methods of Dialysis. Use of a Polarimeter, Quantitative analysis of blood for pH. Alkalic reserve and gases O_2 and CO_2, glucose, Urea and Cholesteroal, Efficiency tests for functions of stomach, Liver, Kidney and Pancreas.

Quantitative analysis of Uric acid and Nitrogen in Urine

SYLLABUS IN EXPERIMENTAL PHYSIOLOGY

I. Muscle-Nerve Physiology : Use of electrical apparatus for Physiological experiments–Induction coil, Keys. Commutators, Rhecord, Myograph and revolving drums. Nerve muscle preparation–its dissection, its excitation by different types of stimuli and by different strengths of electrical stimulation. Simple muscle curve, effects of temperature. Effects of free and after load on work done; Effects of Fatigue. Determination of velocity of nerve impulse.

Demonstrations : Two successive stimuli, Genesis of Tetanus. Action of veratrin and Curare, Electronus, Pflugers law of contraction, Intestinal movements and uterine contractions, Isometric contraction. Properties of plain muscles.

II. Blood : Haemoglobinometry. Haemocytometry—R. B. C. count, W. B. C. count and platelet count, Reticulocyte count and study of Bone narrow, Differentiate count, Blood grouping. Erythocyte sedimentation rate, Sp. Gr. of Blood, Fragility of R. B. C. Bleeding time, Clotting time. Haemin crystals.

Demonstrations : Use of Haematocrit, Determination of mean Corpuscular diameter. Mean Corpuscular Volume. Mean Corpuscular Haemoglobin concentration.

Circulation : Frogs Normal heart tracing. Effects of warming and cooling, effect of Vago-Sympathetic and Crescent stimulation on frogs heart, First and Second Stannius ligatures. Effects of Adrenalin and Acetyl-choline on frogs heart.

Perfusion of frogs heart and effects of Acetyl-choline, Adrenaline, K and Ca. Nicotion method of fixing autonomic nerve paths in frogs heart.

Man : Examination of Heart in Man, Apex Beat, Heart sounds, Determination of Arterial Blood pressure, Clinical examination of pulse, Electrocardiogram—its interpretation. Tests of Circulatory efficiency and of Physical fitness.

Demonstrations : Properties of Cardiac Muscle including Extrasystole and compensatory pause. Capillary circulation in Frog—Perfusion of blood-vessels and effects of drugs; Mammalian blood pressure recording with effects of different factors on it. Venous resure determination. Arterial and venous pulse tracings in man, Plethylomography in man and animals. Electrocardiography, Capillary circulation–Vascular reactions of skin, Triple response.

Respiration : Clinical examination of respiratory system in man, respiratory rate and physiological Variations. Determination of Pulmonary ventilation, Vital capacity, etc.–Spirometry. Respiratory efficiency test-Artificial respiration.

Demonstrations : Inspired, expired and alvecolar air collections and analysis—Air analysis apparatus. R. Q. determination and its variations. Determination of B. M. R.

Digestive System Demonstrations : X-ray examination of Gastro-intestinal tract with Barium meal.

Nervous System : Special Senses Decerebrate and Spinal Frog. Study of superficial and deep reflexes; Fatigue in human muscle; Engographs and Dynamometers. Study of cutaneous and deep sensation. Use of Aesthesiometers. General clinical methods of examination of Nervous

system in man. Testing functions of Cranial and Spinal nerves, Cerebrum, Cerebellum and Spinal cord. Perimeter, Tests of Colour Blindness, Test of hearing.

Demonstrations : Reaction time, Electrical stimulation of motor points. Reaction of Degeneration. Ophthalmoscope, Phakoscope, Examination of Taste and Smell, Visual acuity and test types. Far and near point.

Excretory system and body temperature : Clinical Thermometer, Records of Body temperature.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

G.U.P. 8.0-350-7-65

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સને ૧૯૬૫ના જુલાઈ માસની સભા, શનિવાર તા. ૩-૭-૧૯૬૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર, તા. ૪-૭-૧૯૬૫ના રોજ સવારે ૯-૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન, બંને દિવસોએ, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. બંને દિવસોએ હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૩-૭-૧૯૬૫	તા. ૪-૭-૧૯૬૫
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. વી. એચ. ભાનેટ, સહ-શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	ગેરહાજર
૩. આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર	ગેરહાજર
૬. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૭. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર	ગેરહાજર
૮. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર	ગેરહાજર
૯. શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર	હાજર
૧૦. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર	ગેરહાજર
૧૩. ડૉ. એન. સી. શાહ	હાજર	ગેરહાજર
૧૪. ડૉ. જે. જે. ત્રિનોય	ગેરહાજર	ગેરહાજર
૧૫. આચાર્ય ત્રિભનભાઈ જે. પટેલ	હાજર	હાજર
૧૬. આચાર્ય યશવંતરાય ગુ. નાયક	હાજર	હાજર
૧૭. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૮. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર.

૧. તા. ૫-૬-૧૯૬૫ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

સિન્ડિકેટની તા. ૫-૬-૧૯૬૫ના રોજ મળેલી સભાની કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. સમાજવિદ્યા ભવન માટે બે ફેસિટ કેલ્કયુલેટિંગ મશીનો આશરે રૂા. ૩,૩૦૪ (વત્તા સેલ્સટેક્સ વગેરે)ની કિંમતે મે. લેથામ એન્ટરપ્રોઝીસ, મુંબઈ પાસેથી ખરીદવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૩. વિજ્ઞાનની કૉલેજોએ પ્રયોગશાળા સજ્જ કરવા માટે ખર્ચવાના રૂા. ૧,૦૦,૦૦૦ જેટલા ખર્ચની વિગતો સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિએ તૈયાર કરેલી યાદીમાંથી પ્રત્યેક બાબતની કિંમતનો ઉલ્લેખ કાઢી નાખીને તે યાદી પ્રયોગશાળાના આવશ્યક સાધનોની યાદી તરીકે મંજૂર કરવી અને વિજ્ઞાનની કૉલેજોને તેમના માર્ગદર્શન માટે મોકલી આપવી.

૪. ઑલ-ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેકનિકલ એજ્યુકેશનની ભલામણ મુજબ કેન્દ્ર સરકારના કેળવણી ખાતા તરફથી ઇજનેરી વિદ્યાશાખા માટે ઉચ્ચ કક્ષાના શિક્ષકોની જોગવાઈ કરવા માટે ત્રણ વર્ષની તાલીમ આપવામાં આવશે. આવા તાલીમ પામેલ સ્નાતકોની સદરહુ તાલીમનાં ત્રણ વર્ષ યુનિવર્સિટીની સંલગ્ન ઇજનેરી કૉલેજોમાં નિમાતા વ્યાખ્યાતાની નિમણૂક માટેના જરૂરી અનુભવ સમકક્ષ ગણવા ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, અમદાવાદના તા. ૨૬-૫-૧૯૬૫ના પત્રાંક ટી.ટી.પી. ૫૪૬૫-૧૯૨૧-૧૧૩-૩૫૭૬૯ના ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલને વિચારણા માટે મોકલવી.

૫. આચાર્ય ડી. એસ. જોષીને બીજી અભ્યાસસમિતિ તરીકે 'જનરલ એજ્યુકેશન'ની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— (૧) અગાઉ હિંદીની અભ્યાસસમિતિનું સભ્યપદ અપાયેલ છે. (૨) તેમના પદવી કક્ષાના વિષયો નીચે પ્રમાણે છે :

બી.એ. — અર્થશાસ્ત્ર-ગુજરાતી;

એમ.એ. — હિંદી-ગુજરાતી.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. ફર્સ્ટ બી.એ. પરીક્ષામાં 'સ્વ. શ્રી. પોપટલાલ ગિરધરલાલ શિષ્યવૃત્તિ' આપવા અંગે વિનયન વિદ્યાશાખાના ડીનના મંતવ્ય પ્રમાણે વિચારણા કરવા બાબત.

સદરહુ શિષ્યવૃત્તિ અંગેના સંબંધકર્તા નિયમોનો પાઠ નીચે મુજબ છે :

"1. A scholarship in the name of 'The Late Shri Popatlal Girdharlal' of about Rs. 370/- in cash and tenable for two years

only shall be awarded every alternative year to a candidate who passes the First B.A. Examination and secures the highest number of marks in Sanskrit and continue his/her studies in a college affiliated to the University.

2. The stipends of the scholarship shall be payable half yearly by the University on bills to be forwarded through the head of the college where the candidate continues his/her studies, who shall certify over his signature thereon that the scholar is in regular attendance at the college and that his/her conduct is good and that his/her progress of study is satisfactory.

3. The annual income of the Endowment shall be subject to deduction of 5 per cent to be contributed to the General Fund of the University."

ડીનનું મંતવ્ય

"ઇન્ટરનો જૂનો અભ્યાસક્રમ ફરતાં—

૧. ફર્સ્ટ બી.એ.માં હવે સંસ્કૃત અંગે ૧ ફરજિયાત + ૨ વૈકલ્પિક (સંસ્કૃત) એ રીતે પરીક્ષા થાય છે; તેમ જ

૨. આગળ એ વર્ષ સંસ્કૃત ભણે તો,—એવી શરત હોય તો અથવા હવે નવા સળંગ ત્રણ વર્ષના અભ્યાસક્રમને કારણે તેમ વિચારવું ઘટે તો (એ ધારણાથી કે, સંસ્કૃત અભ્યાસને ઉત્તેજન આપવા માટે શિષ્યવૃત્તિનો હેતુ સમજવો જોઈએ);

—આમ જો વિચારીએ તો, જેઓ (કુલ ૧ + ૨) ઉપર કહેલાં (૧) ત્રણ પેપરમાં એસે અને સંસ્કૃત મુખ્ય વિષય તરીકે પછી એ વર્ષ (S. & T.B.A.) ભણે, એ શરત માને, તેઓમાંથી વધુમાં વધુ ગુણ મેળવનાર આ શિષ્યવૃત્તિને પાત્ર ગણાય.

એટલે કે, ફરજિયાત પેપર ૧૦૦ અને વૈકલ્પિક પેપર એના ૨૦૦ - ૩૦૦માંથી વધુમાં વધુ ગુણ મેળવનારને આ શિષ્યવૃત્તિ આપવી ઉચિત લાગે છે; શરત કે, એ (S. & T.B.A. બન્ને) વર્ષ સંસ્કૃત ભણશે.

તો, દાતાની ઇચ્છાનો આમાં કયાંય અનાદર ન થાય એમ જોવું રહ્યું. મને લાગે છે કે, એવો અનાદર આમાં ભાગ્યે થતો હોય—બહેક વધારે સારી રીતે હેતુ સરે."

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૪ના વર્ષ માટેની સદરહુ શિષ્યવૃત્તિ આપવા અંગે વિનયન વિદ્યાશાખાના ડીનનું ઉપરનું મંતવ્ય મંજૂર કરવું અને તે પ્રમાણે શિષ્યવૃત્તિ આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડીનના ઉપરના મંતવ્ય અનુસાર સદરહુ શિષ્યવૃત્તિ અંગેના ધારાધોરણમાં થતો ફેરફાર દાતાઓની સંમતિ લઈને કરવાનું રાખવું.

૭. એપ્રિલ ૧૯૬૫માં લેવાયેલ પ્રથમ બી.કૉમ. પરીક્ષામાં 'એકાઉન્ટિંગ અને ઑડિટિંગ' વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવીને મજકૂર પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીને 'શ્રી. બાલુભાઈ ગિરધરલાલ ગોલ્ડ મેડલ' આપવાનો છે, પરંતુ વિદ્યાર્થી નં. ૭૬૫ અને નં. ૧૧૧૭ને સરખા ગુણ મળતા હોવાથી તે ગોલ્ડ મેડલ કોને એનાયત કરવો એ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ ચન્દ્રક એનાયત કરવા માટેના સંબંધકર્તા નિયમો નીચે મુજબ છે :

"1. A Gold Medal called 'Shri Balubhai Girdharlal Gold Medal' of the value of about Rs. 180/– shall be awarded annually to a candidate who passes First B.Com. Examination with highest number of marks in the optional subject. The award shall be made by rotation each year in the Secretarial Practice, Insurance and Mathematics.

2. If there is no candidate for the subject concerned in any Particular year, the Medal shall be awarded to a student who secures highest number of marks among all the optional subjects taken together.

3. The Medal shall, as far as possible, be presented to the winner at the Annual Convocation of the University.

4. The Medal shall be awarded irrespective of the winner's caste, creed or community.

5. The annual income of the Endowment shall be subject to a deduction of 5 per cent as contribution to the General Fund of the University."

આથી ઠરાવવામાં આવે છે કે, એપ્રિલ ૧૯૬૫માં સદરહુ શિષ્યવૃત્તિ માટે વિદ્યાર્થી નં. ૭૬૫ અને વિદ્યાર્થી નં. ૧૧૧૭ બેઉને પાત્ર ગણીને તેમને 'શ્રી. બાલુભાઈ ગિરધરલાલ ગોલ્ડ મેડલ' આપવો અને વધારાના એક મેડલ માટેનું ખર્ચ મંજૂર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ભવિષ્યમાં યુનિવર્સિટીની શિષ્યવૃત્તિઓ, ઇનામો, ચંદ્રકો, ઇત્યાદિ બાબતમાં એક કરતાં વધુ વિદ્યાર્થીઓને તે આપવાનો પ્રસંગ ન આવે તે રીતે, સમગ્ર રીતે ગુણવત્તાનું ધોરણ લક્ષમાં લઈને, તે અંગેના સંબંધકર્તા નિયમોમાં જરૂરી ફેરફાર કરવા માટે પ્રસ્તાવ રજૂ કરવો

૮. અગાઉ બી.કૉમ. પરીક્ષા પાસ કર્યાના આધારે ઓ. ૧૭૪ મુજબ બી.એ.ની પરીક્ષામાં બેસવા દેવામાં આવેલ વિદ્યાર્થીઓ પૈકી (૧) જેઓએ ઇન્ટર આર્ટ્સની કે ફર્સ્ટ બી.એ.ની પ્રશિષ્ટ ભાષાની પરીક્ષા પાસ કરી હોય અને હવે ફક્ત બી.એ.ની પરીક્ષામાં પાસ થવાનું બાકી હોય તેમને બી.એ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં કયાં સુધી બેસવા દેવા તે અંગે વિચારણા કરવા બાબત; (૨) બી.એ.ની પરીક્ષાનું જેમનું પરિણામ ઓ. ૧૨૭ મુજબ ઇન્ટર આર્ટ્સની કે ફર્સ્ટ બી.એ.ની પ્રશિષ્ટ ભાષાની પરીક્ષા પાસ

નહિ કરવાને કારણે અનામત હોય તેમને હવે ઇન્ટર આર્ટ્સની જૂના અભ્યાસક્રમની પરીક્ષા લેવાનું બંધ થયું હોવાથી ફર્સ્ટ બી.એ.ના ફરજિયાત પ્રશિષ્ટ ભાષાના પ્રશ્નપત્રમાં કયાં સુધી બેસવા દેવા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીઓને બી.એ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા ચાલુ હોય ત્યાં સુધી તેમને એફ.વાય.બી.એ.માં પ્રશિષ્ટ ભાષાના વિષયમાં બેસવાની પરવાનગી આપવાનું ચાલુ રાખવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીઓને ફર્સ્ટ બી.એ.ના ફરજિયાત પ્રશિષ્ટ ભાષાના પ્રશ્નપત્રમાં હવે બે વખત બેસવા માટે તક આપવી.

૯. સિન્ડિકેટે તેની તા. ૬-૩-૧૯૬૫ની સભામાં (ક્રમાંક ૫૦) એમ.એડ. પરીક્ષામાં પાસ થવા માટેના સુધારેલા ધોરણ અંગેના રે. ૬૩નો અમલ માર્ચ-એપ્રિલ ૧૯૬૫ની પરીક્ષા પૂરતો મોકૂફ રાખવા અંગે એમ.એડ.ના વિદ્યાર્થીઓ તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ રેગ્યુ. ૬૩નો અમલ એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી કરવાનું રાખવું.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયના જુ. ક્લાર્ક શ્રી. ટી. એમ. ભટ્ટ તા. ૩૧-૫-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની તથા યુનિવર્સિટીએ આપવાના ફાળાની રકમ પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ—તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧-૧૨-૧૯૫૬થી જોડાયા હતા, અને તેમનું રાજીનામું મંજૂર થતાં તા. ૩૧-૫-૧૯૬૫થી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ટી. એમ. ભટ્ટને તેમના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૧૧. યુનિવર્સિટી કાર્યાલયના જુ. ક્લાર્ક શ્રી. ટી. એમ. ભટ્ટ તા. ૩૧-૫-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યુઇટી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧-૧૨-૧૯૫૬થી જોડાયા હતા અને તેમનું રાજીનામું તા. ૩૧-૫-૧૯૬૫થી મંજૂર કરવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ટી. એમ. ભટ્ટને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઇટીની રકમ આપવાનું મંજૂર કરવું.

૧૨. યુનિવર્સિટી છાત્રાલયના સુપરિન્ટેન્ડન્ટ શ્રી. એફ. સી. પંચાલને તા. ૩૧-૫-૧૯૬૫થી છૂટા કર્યા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ યુનિવર્સિટી છાત્રાલયમાં તા. ૧-૬-૧૯૬૪થી જોડાયા હતા, અને તા. ૩૧-૫-૧૯૬૫થી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એફ. સી. પંચાલને તેમના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ પરત કરવી.

૧૩. યુનિવર્સિટી ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલ (શિક્ષણ) શ્રી. આર. એસ. ગાંધીના અજમાયશી સમય તા. ૧૯-૮-૧૯૬૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૨૦-૮-૧૯૬૫થી કાયમ કરવા બાબત.

શ્રી. આર. એસ. ગાંધીનો કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને મદદનીશ ગ્રંથપાલ (શિક્ષણ)ની જગ્યા પર તા. ૨૦-૮-૧૯૬૫થી કાયમ કરવા.

૧૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ડેમોન્સ્ટ્રેટર શ્રી. આઈ. ડી. પટેલનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૫-૭-૧૯૬૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૬-૭-૧૯૬૫થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. આઈ ડી. પટેલની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. પટેલને વિજ્ઞાન વિદ્યાભવનમાં ડેમોન્સ્ટ્રેટરની જગ્યા પર તા. ૬-૭-૧૯૬૫થી કાયમ કરવા.

૧૫. સમાજવિદ્યા ભવનના લેક્ચરર શ્રી. કે. ડી. દેસાઈ કે જેઓને તા. ૧-૮-૧૯૬૪થી તા. ૩૧-૭-૧૯૬૫ સુધી મૂળ માસિક પગાર સાથેની એક વર્ષની અભ્યાસ-રજા આપવામાં આવી છે તેમની તા. ૩૧-૧૦-૧૯૬૫ સુધીની અભ્યાસ-રજાઓ લંબાવવા અંગેની તા. ૩-૬-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. ડી. દેસાઈને સિન્ડિકેટના તા. ૧૪-૧૨-૧૯૬૩ના ઠરાવ અન્વયે આપવામાં આવેલી અભ્યાસ-રજા તેમાં જણાવેલ શરતોએ તા. ૩૧-૧૦-૧૯૬૫ સુધી મૂળ પગારે (ભથ્થા વિના) લંબાવવી.

૧૬. ગુજરાત રાજ્યની બિનસરકારી સંલગ્ન કૉલેજોને અનુદાન આપવાની પદ્ધતિમાં ફેરફાર અંગે, ગુજરાત રાજ્યના શિક્ષણ સંચાલકશ્રીના તા. ૧૧-૫-૧૯૬૫ના પરિપત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહે મત વ્યક્ત કર્યો કે, સદરહુ બાબત યુનિવર્સિટીને સીધી રીતે સ્પર્શતી નહિ હોવાથી તે અંગે સિન્ડિકેટને વિચારવાપણું આવતું નથી.

૧૭. એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીનું પગારધોરણ સિન્ડિકેટે તેની માર્ચ ૧૯૬૧ની સભામાં સુધાર્યું તે અંગે એકઝામિનર લોકલ ફંડ એકાઉન્ટ્સની વધારાની નીચેની નોંધ ઉપર વિચારણા કરવા બાબત :

"*Regarding revision of the pay-scales of the Estate Superintendent:*

As already stated in the para, the scale of pay allowed to the Estate Supdt. Shri Mistry on his appointment on 17-8-1959 itself compared favourably with the scale of pay allowed by Government to its own employees possessing the same qualification and as such

audit feels that there was absolutely no justification in revising the scale of pay again at the time of general revision of pay-scales. It is, therefore, requested that the audit point of view may please be placed before the Syndicate for its final decision."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે યુનિવર્સિટીએ જે નિર્ણય લીધો છે તે પૂરો વિચારણાને અંતે લીધો છે, અને સદરહુ બાબત સિન્ડિકેટના અધિકારની હોઈ તે અંગે લોકલ ફંડ એકાઉન્ટ્સના એકઝામિનરે વાંધો ઉઠાવવો વાજબી નથી, અને આ રીતે ફરીથી તે ઉપસ્થિત કરવાની જરૂર નહોતી તેમ લોકલ ફંડ એકાઉન્ટ્સના એકઝામિનરને જણાવવું.

૧૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયથી યોજવામાં આવેલા ભૌતિક-વિજ્ઞાન અંગેના કૉલેજ શિક્ષકો માટેના તા. ૨૪-૫-૧૯૬૫થી તા. ૧૯-૬-૧૯૬૫ સુધીના ગ્રીષ્મ વર્ગો (Summer Institute) (૧૯૬૫) માટે નીચે જણાવેલ કર્મચારીઓને સદરહુ પરિસંવાદનું કામ કરવા તથા તે માટે તેમનાં નામ સામે જણાવેલું મહેનતાણું સ્વીકારવા અંગેના રો. કે. બી. શાહના તા. ૧૯-૫-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત :

			રૂા.
૧.	શ્રી. પી. ડી. પાઠક	રીડર-ઇન-ફિઝિકસ	૮૦૦
૨.	શ્રી. એન. એમ. પંડ્યા	લેકચરર-ઇન-ફિઝિકસ	૪૦૦
૩.	શ્રી. આર. બી. આચાર્ય	લેબોરેટરી મકેનિક ફિઝિકસ વિભાગ	૧૫૦
૪.	શ્રી. બી. કે. ઝાલા	હિસાબ વિભાગ	૧૨૫
૫.	શ્રી. મફાજી	લેબોરેટરી પ્યૂન	૮૦
૬.	શ્રી. પી. કે. કડિયા	પ્રોજેકશનિસ્ટ	૧૦૦

(સદરહુ ગ્રીષ્મ વર્ગોના સંચાલક રો. કે. બી. શાહને આ માટે રૂા. ૮૦૦નું માનદ વેતન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલી યોજના મુજબ આપવાનું થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સદરહુ સેવકોને ઉપર જણાવ્યા મુજબ મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયથી યોજવામાં આવેલા ભૌતિક વિજ્ઞાન તથા ગણિતશાસ્ત્ર અંગેના માધ્યમિક શાળાઓના શિક્ષકો માટેના તા. ૭-૬-૧૯૬૫થી તા. ૧૬-૭-૧૯૬૫ સુધીના ગ્રીષ્મ વર્ગો (Summer Institute) (૧૯૬૫) માટે નીચે જણાવેલ કર્મચારીઓને સદરહુ પરિસંવાદનું કામ કરવા તથા તે માટે તેમનાં નામ સામે જણાવેલ મહેનતાણું સ્વીકારવા અંગેના શ્રી. પી. ડી. પાઠકના તા. ૧-૬-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત :

			રૂા.
૧.	પ્રો. વી. એમ. ત્રિવેદી	લેકચરર-ઇન-ફિઝિકસ	૪૦૦
૨.	શ્રી. વી. આર. શાહ	સ્ટોરકીપર, ફિઝિકસ વિભાગ	૩૦૦
૩.	શ્રી. આર. બી. આચાર્ય	લેબોરેટરી મિકેનિક	૧૫૦
૪.	શ્રી. એમ. એમ. પંચાલ	લેબોરેટરી આસિસ્ટન્ટ	૧૫૦

૫. શ્રી. એચ. સી. દોશી	હિસાબ વિભાગ	૧૨૫
૬. શ્રી. કે. બી. ગોવિંદાણી	લેબોરેટરી ધ્યૂન	૮૦
૭. શ્રી. મકવાજી	લેબોરેટરી ધ્યૂન	૮૦
૮. શ્રી. પી. કે. કડિયા	પ્રોજેક્શનિસ્ટ	૧૦૦
૯. શ્રી. એન. સી. ચૌહાણ	સ્વીપર	૪૦
૧૦. શ્રી. એસ. એ. ત્રિવેદી	હૉસ્ટેલ ક્લાર્ક	૧૫૦

(સદરહુ ગ્રીષ્મ વર્ગોના સંચાલક પ્રો. પી. ડી. પાઠકને આ માટે રૂા. ૮૦૦નું માનદ વેતન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલી યોજના મુજબ આપવાનું થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સદરહુ સેવકોને ઉપર જણાવ્યા મુજબ મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૦. ધી અમદાવાદ સીડ્ઝ મરચન્ટ્સ એસોસિયેશન લિ., અમદાવાદ તરફથી ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં હૉસ્પિટલ બાંધવા અંગેની સખાવત રૂા. ૨,૦૦,૦૦૦ની પૂરેપૂરી રકમ આવવાથી તે અંગે આગળ પગલાં લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. અમદાવાદ શહેર સ્પોર્ટ્સ કાઉન્સિલના બંધારણ મુજબ યુનિવર્સિટીમાંથી એક પ્રતિનિધિ નિયુક્ત કરવા માટે આવેલા તેઓના તા. ૩-૬-૧૯૬૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કાઉન્સિલ પર યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. વી. પી. મહેતાની નિમણૂક કરવી.

૨૨. તા. ૧૬-૫-૧૯૬૫થી તા. ૨૮-૫-૧૯૬૫ સુધી શારદાગ્રામ મુકામે યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોના અધ્યાપકો માટે યોજાયેલ 'નાટ્ય-પ્રવૃત્તિ તાલીમ શિબિર'ના સંચાલનનું કાર્ય કરનાર અધ્યાપકોને રૂા. ૧૦૦ (અંકે રૂપિયા સો)નું માનદ વેતન આપવાનું મંજૂર કરવા બાબત.

(**નોંધ.**—આ શિબિરના સંચાલક તરીકે એચ. કે. આર્ટ્સ કૉલેજના પ્રો. જશવંત ઠાકર અને સહસંચાલક તરીકે આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, જંબુસરના આચાર્યશ્રી આઈ. કે. દવેએ કામગીરી બજાવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ શિબિરનું સંચાલન કરવા માટે પ્રો. જશવંત ઠાકર અને આચાર્ય આઈ કે. દવે, પ્રત્યેકને રૂા. ૧૦૦નું માનદ વેતન આપવું.

૨૩. યુનિવર્સિટી પ્રેસમાં વપરાતા કાગળોના વેસ્ટેજનું ધોરણ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવે.

દરમિયાન શ્રી. પ્રેસ-મૅનેજરનું ધ્યાન ખેંચવું કે, કાગળના સ્ટોકનો હિસાબ બરાબર રાખવો જરૂરી છે.

૨૪. યુનિવર્સિટીનાં મકાનોની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને નક્કી કરેલી ગ્રોસ રેટેબલ વેલ્યુની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત યુનિવર્સિટીની જમીન, મકાનો ઇત્યાદિ પર લેવાતા કર અંગેની વિગતવાર નોંધ સાથે ફરીથી રજૂ કરવી.

૨૫. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના મકાનની આસપાસ તારની વાડ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના મકાનની આસપાસ તારની વાડ કરવા માટે રૂા. ૧૨,૦૦૦ (બાર હજાર) સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવો, અને તે માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં જરૂરી જોગવાઈ કરવી.

૨૬. રાજ્ય સરકારના એજ્યુકેશન સેસ અંગેના તા. ૧૬-૩-૧૯૬૫ના પત્રાંક એસ.યુ.એ. ૧૧૬૫-૭૬૫(૨) ટી.એચ. પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અં.. પુનર્વિચારણા કરવા માટે રાજ્ય સરકારને ફરીથી વિનંતી કરવી.

૨૭. જરૂરી પ્રમાણપત્રો આવતાં શ્રી. જી. એ. નાયરને પાકું (ફાઇનલ) એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યાના તથા તેમનું પ્રી-યુનિવર્સિટી કોમર્સ, માર્ચ ૧૯૬૫ની પરીક્ષાનું પરિણામ જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૮. બી.એસસી. જૂના અભ્યાસક્રમની ૧૯૬૫ની પરીક્ષામાં પ્રિન્સિપલ કે સબ્સિડિયરીમાં બેસી નાપાસ થયેલ અથવા બંનેમાં બેસી નાપાસ થયેલ વિદ્યાર્થીઓની પરીક્ષા વધુ બે ચાર આગામી ઑક્ટોબર ૧૯૬૫ તથા એપ્રિલ ૧૯૬૬માં લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી.એસસી. જૂના અભ્યાસક્રમની એપ્રિલ, ૧૯૬૫ની પરીક્ષામાં પ્રિન્સિપલ કે સબ્સિડિયરી વિષયમાં બેસીને નાપાસ થયા હોય અથવા બન્નેમાં બેસીને નાપાસ થયેલ વિદ્યાર્થીઓને માટે તે જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા વધુ બે વાર, એટલે કે, ઑક્ટોબર, ૧૯૬૫માં તથા એપ્રિલ, ૧૯૬૬માં લેવાનું રાખવું.

૨૯. જૂન ૧૯૬૫થી નવા અભ્યાસક્રમ મુજબ થર્ડ બી.એસસી.ની પરીક્ષા માટે સત્રો શરૂ થતાં હોઈ જૂના અભ્યાસક્રમ મુજબ જેણે બી.એસસી. (સબ.) પરીક્ષા પાસ કરી સીનિયર બી.એસસી.ની પરીક્ષા માટે ફક્ત એક જ સત્ર ભર્યું હોય કે બેઉ સત્રો અધૂરાં ભર્યાં હોય તેવા વિદ્યાર્થીને થર્ડ બી.એસસી.ના વર્ગમાં પ્રવેશ આપી કેટલાં સત્રો ભરવા જણાવવું અને કયા વિષયો રાખવા માટે કહેવું; અને જે વિદ્યાર્થીઓએ જૂની બી.એસસી.ની જૂના અભ્યાસક્રમની પરીક્ષા માટે સત્રો ભર્યાં હોય અને પાસ થયા હોય અથવા નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓને કેવી રીતે કયા વિષયોમાં પરીક્ષા આપવા જણાવવું તેમ જ તેમને કેટલાં સત્રો રાખવા કહેવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, (૧) જે વિદ્યાર્થીઓએ બી.એસસી. સબ્સિડિયરી પરીક્ષા પાસ કરીને, સીનિયર બી.એસસી.ની પરીક્ષા માટે ફક્ત એક જ સત્ર ભર્યું હોય અગર તો બેઉ સત્રો જેનાં અધૂરાં ભરાયાં હોય તેવા વિદ્યાર્થીઓને થર્ડ બી.એસસી.ના નવા અભ્યાસક્રમ પ્રમાણે પ્રવેશ આપવો, અને તે પ્રમાણે, નવા અભ્યાસક્રમ પ્રમાણે, તેને બે સત્રો ભરવા જણાવવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર (૧) મુજબ દાખલ થયેલા વિદ્યાર્થીઓને બી.એસસી. પદવી પરીક્ષાનું પરિણામ જાહેર કરતી વખતે તેણે ઇન્ટર સાયન્સની પરીક્ષામાં અને સબ્સિડિયરી વિષયની પરીક્ષામાં જેટલા ટકા ગુણાંક મેળવ્યા હોય તેટલા ટકા ગુણાંક તેના પરિણામમાં લેવાના રહેશે એમ સ્પષ્ટતા કરવી, તથા આ બાબત અંગેનો ટ્રાન્ઝિટરી રેગ્યુલેશન ઘડવાનું રાખવું.

આ પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૬૪ અંગે વિચારણા કરવામાં આવી અને તે અંગે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

૬૪. રો. જિતુભાઈ જે. દેસાઈ તરફથી આવેલ નીચે જણાવ્યા પ્રમાણેના પ્રસ્તાવો ઉપર વિચારણા કરવા બાબત :

"૧. આથી ઠરાવવામાં આવે છે કે, જે કૉલેજમાં થર્ડ ઇયર બી.એસસી.માં જુદા જુદા સ્પેશિયલ વિષયોના વર્ગમાં પ્રવેશ આપવાની શક્યતા હોય અને જો તેમની કૉલેજમાં ૧૫૦૦ની સંખ્યા કરતાં વધુ વિદ્યાર્થીને દાખલ કરવાની ફરજ પડી હોય તોપણ તેમને જેટલી જગ્યા ખાલી હોય તેટલી જગ્યા પૂરવા માટે સત્તા આપવામાં આવે છે અને તેવી રીતે હવે પછી દાખલ કરવામાં આવેલ વિદ્યાર્થીઓને કયા કારણસર દાખલ કર્યા છે અને કેટલા વિદ્યાર્થીઓ દાખલ કર્યા છે તેની માહિતી તાત્કાલિક યુનિવર્સિટીને આપવી."

"૨. આથી ઠરાવવામાં આવે છે કે, એસ.વાય.બી.એસસી.માં કોઈ કૉલેજ જે વિષયોનું જૂથ વિકલ્પે ભણાવતી હોય તે કૉલેજમાં તે વિષયો ટી.વાય.બી.એસસી.માં પણ ભણાવવાની પૂરતી જોગવાઈ કરવી જોઈએ. જો એ આજ સુધીમાં ન કરી હોય તો તેમણે જે તે વિષયના વધારાના જોડાણો માટે અરજી કરવી આવશ્યક છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટે તેની તા. ૩-૪-૧૯૬૫ની સભામાં સદરહુ બાબત અંગે કરેલો ઠરાવ (જુઓ બાબત નં. ૪૧) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખાની જે કૉલેજોમાં ૧૯૬૪-૬૫ના વર્ષ દરમિયાન ઉપરના કામચલાઉ ઑર્ડિ. ૧૨૦-ડી અન્વયે વધારાના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા હોય તેવી કૉલેજોને જણાવવું કે, સદરહુ કામચલાઉ ઑર્ડિ. ૧૨૦-ડીના અમલની મુદત પૂરી થઈ હોવાથી વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯૬૫-૬૬ના વર્ષથી ઑર્ડિ. ૧૨૦-બી પ્રમાણે મર્યાદિત કરવાની રહેશે; તેમ છતાં જે વિદ્યાર્થીઓને જે તે કૉલેજમાં ૧૯૬૪-૬૫ના વર્ષ દરમિયાન દાખલ કરવામાં આવ્યા હોય તે વિદ્યાર્થીઓ પૈકી કોઈ વિદ્યાર્થીને ઑ. ૧૨૦-બી ની સંખ્યામર્યાદાને કારણે પ્રવેશ આપવાનું અશક્ય હોય તો તેવા કેસોમાં નીચેની શરતોએ વધારાના વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે જે તે કૉલેજને પરવાનગી આપવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) સંબંધકર્તા વર્ગમાં અન્ય કૉલેજ કે યુનિવર્સિટીમાંથી આવતા કોઈ પણ વિદ્યાર્થીને દાખલ કરવામાં આવે નહિ, સિવાય કે કોઈક અપવાદરૂપે જો બહારના વિદ્યાર્થીને દાખલ કરવાનું જરૂરી જણાય તો તે પ્રમાણે કરવા માટે ચાલુ વર્ષે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી;

(૨) કૉલેજમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૦૦થી અને વર્ગના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૦થી વધારવાનું જેટલે અંશે અનિવાર્ય હોય તેટલે અંશે જ વધારવી."

આ પછી તા. ૩-૭-૧૯૬૫ના રોજ સભાગૃહનું કામકાજ બંધ કરવામાં આવ્યું અને સભા રવિવાર તા. ૪-૭-૧૯૬૫ના રોજ સવારે ૯-૦૦ વાગ્યે ફરી શરૂ થતાં બાકીની બાબતો હાથ ધરવામાં આવી.

૩૦. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદમાં ગુજરાતી વિષયમાં એમ.એ. પદવી પરીક્ષાના શિક્ષણ માટેનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૬૫થી શરૂ કરવાનું મુલતવી રાખ્યાની તે કૉલેજના આચાર્ય તરફથી જાણ કરવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૧. યુનિવર્સિટીનાં પ્રકાશનોની હસ્તપ્રત મળ્યેથી લેખકો-અનુવાદકોને તેમની રૉયલ્ટી પેટે અંદાજે ૭૫ રૂપા જેટલી રકમ હસ્તપ્રત સ્વીકારાયેથી આપવા અંગેના સિન્ડિકેટના તા. ૧૪/૧૫-૧૧-૧૯૬૪ના ઠરાવમાંથી કેન્દ્રીય હિંદી નિદેશાલયની અનુમતિ એક આવશ્યક પૂર્વશરત તરીકે ન રાખવા અંગે વિચારણા કરવા બાબત.

તા. ૧૪/૧૫-૧૧-૧૯૬૪ની સિન્ડિકેટનો ઠરાવ નીચે પ્રમાણે છે :

"આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટી તરફથી અનુવાદ કે મૌલિક લખાણ અંગેના કરાર મુજબ લેખક કે અનુવાદક પાસેથી હસ્તપ્રત યુનિવર્સિટીના પ્રકાશન વિભાગને સોંપવામાં આવ્યે, તેનો પ્રકાશન માટે સ્વીકાર થયેથી, જે તે લેખક કે અનુવાદકને તેમના અંદાજી મહેનતાણાની રકમ પેટે પંચોતેર ટકા જેટલાં નાણાં હિસાબે (ઑન-એકાઉન્ટ) આપવાં, અને ઉપરના ઠરાવને અનુલક્ષીને જે પ્રકાશનો માટે ભારત સરકારના હિંદી નિદેશાલય તરફથી આર્થિક સહાય મળવાની હોય તે પ્રકાશનોની હસ્તપ્રત માટે ઉપર મુજબ અગાઉથી (એડ્વાન્સ) નાણાં આપતાં પહેલાં ભારત સરકારના હિંદી નિદેશાલયની અનુમતિ મેળવવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટના તા. ૧૪/૧૫-૧૧-૧૯૬૫ના ઉપરના ઠરાવમાંથી કેન્દ્રીય હિન્દી નિદેશાલયની અનુમતિ અંગેની પૂર્વશરત રદ કરીને સદરહુ ઠરાવ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટી તરફથી અનુવાદ કે મૌલિક લખાણ અંગેના કરાર મુજબ લેખક કે અનુવાદક પાસેથી હસ્તપ્રત યુનિવર્સિટીના પ્રકાશન વિભાગને સોંપવામાં આવ્યે, તેનો પ્રકાશન માટે સ્વીકાર થયેથી, જે તે લેખક કે અનુવાદકને તેમના અંદાજી મહેનતાણાની રકમ પેટે પંચોતેર ટકા જેટલાં નાણાં હિસાબે (ઑન-એકાઉન્ટ) આપવાં."

૩૨. ટીચર્સ હૉસ્ટેલના મકાનના બાંધકામના કૉન્ટ્રાક્ટર મેસર્સ એચ. કે. કન્સ્ટ્રક્શન કંપની સાથે કરારનામું કરવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કરારનામા અંગેનો મુસદ્દો મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ મકાનમાં બારીબારણાં લાકડાનાં કરવાનું રાખવું, અને તેમાં ૭૩૨ જણાય તો તેની બારીઓના બારણામાં એક પૅનલમાં કાચ નાખવા.

(કરારનામાના મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૩. સેનેટે તેની તા. ૧૦/૧૧/૧૨-૩-૧૯૬૫ની વાર્ષિક સભામાં પસાર કરેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત:

"ગુજરાતી માધ્યમને સફળ બનાવવાના હેતુથી અનેક વિષયોમાં ગુજરાતી પાઠ્યપુસ્તકોની આવશ્યકતા રહે છે. યુનિવર્સિટીએ હાથ ધરેલું આ કામ ત્વરાથી ચાલે તે હેતુથી સેનેટની આ સભા ભલામણ કરે છે કે, ૧૯૬૫-૬૬ના અંદાજપત્રમાં રૂપિયા પાંચ લાખની જોગવાઈ પુસ્તક-પ્રકાશન માટે કરવી અને સ્નાતક કક્ષાના મુખ્ય વિષયોનાં પુસ્તકોનું ત્વરિત પ્રકાશન હાથ ધરવું."

આથી ઠરાવવામાં આવે છે કે, પુસ્તકોના પ્રકાશનની પ્રવૃત્તિ માટે જરૂર પ્રમાણે આર્થિક જોગવાઈ કરવામાં આવશે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩૪. સેનેટે તેની તા. ૧૦/૧૧/૧૨-૩-૧૯૬૫ની વાર્ષિક સભામાં પસાર કરેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત:

"આથી સેનેટની આ સભા ભલામણ કરે છે કે, ૧૯૬૫-૬૬ના અંદાજપત્રમાં 'શિક્ષણ અને સંશોધન' માટેના રૂા. ૧૮,૦૮,૩૦૦ના અંદાજમાં એક લાખ રૂપિયાની રકમ વધારે અંદાજવી જોઈએ. આ વધારાની રકમનો ઉપયોગ કરીને અનુસ્નાતક કેન્દ્રોમાં શિક્ષણની વધુ સગવડો — વધારે વ્યાખ્યાનો, ટ્યુટોરિયલો અને સમૃદ્ધ ગ્રંથાલય — પૂરી પાડવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૫-૬૬ના અંદાજપત્રમાં શિક્ષણ અને સંશોધન માટેના રૂા. ૧૮,૦૮,૩૦૦ના અંદાજમાં વધુ રૂપિયા એક લાખની રકમ ઉમેરવી.

૩૫. ગુજરાત યુનિવર્સિટીની સેનેટની તા. ૧૦/૧૧/૧૨-૩-૧૯૬૫ના રોજ મળેલ વાર્ષિક સભામાં થયેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

સદરહુ સૂચનો ઉપર ચર્ચાવિચારણા કર્યા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

	સૂચનો	ઠરાવ
૧. (અ)	એમ.એ. એકસ્ટર્નલની પરીક્ષા દાખલ કરવાની યોજના કરવી જોઈએ.	એમ.એ. એકસ્ટર્નલ પરીક્ષા દાખલ કરવાની બાબતમાં એકેડેમિક કાઉન્સિલનો તા. ૪/૫/૬-૧-૧૯૬૫નો ઠરાવ જોતાં તે બાબત અંગે પુનર્વિચારણા કરવાની જરૂર જણાતી નથી.
૧. (બ)	શિક્ષકોને સત્રો રાખ્યા સિવાય એમ.એ.માં બેસવાની પરવાનગી મળવી જોઈએ.	સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.
૧. (ક)	પરીક્ષાનાં પરિણામો બહાર પાડતી વખતે પ્રથમ દસનાં નામો જાહેર કરવાં જોઈએ.	પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષામાં પ્રથમ આવતા દસ વિદ્યાર્થીઓનાં નામો પરિણામની સાથે જાહેર કરવાનું રાખવું.
૧. (ડ)	એમ.એ. ભૂગોળ શીખવવા માટે પ્રબંધ કરવો જોઈએ.	સદરહુ બાબત અંગે બાબત નં. ૫૩માં ઘટતી વિચારણા કરવામાં આવેલી હોઈ તે પરત્વે વિશેષ કરવાપણું રહેતું નથી.

સૂચનો	ઠરાવ
૨. (અ) અનુસ્નાતક કેન્દ્રોમાં કેટલાક વિષયો માટે પ્રાધ્યાપકો વિના ચલાવીએ છીએ એ તૂટિનું તાત્કાલિક નિવારણ કરવું જોઈએ.	અનુસ્નાતક કેન્દ્રોમાં માન્ય પ્રાધ્યાપક કે તેમના મદદનીશ દ્વારા શિક્ષણ અપાય તે માટે આગ્રહ રાખવામાં આવે છે તે જોતાં વિશેષ કરવાપણું રહેતું નથી.
૨. (બ) ભવનોમાં જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો શક્ય હોય તે સિવાયના વિદ્યાર્થીઓને તે વિષય માટે માન્ય કેન્દ્રમાં તે વિષયનો લાભ મળે તે અંગે વિચારવું જોઈએ.	સદરહુ બાબત અંગે ઘટતી વિચારણા કરીને યોજના રજૂ કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી : ૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ ૨ ડૉ. વાય. જી. નાયક ૩ આચાર્ય એમ. સી. શાહ ૪. પ્રો. જે. જે. ચિનોય ૫. ડૉ. પી. એચ. પ્રભુ.
૩. (અ) વિદ્યાભવનોમાં સંશોધનનું કાર્ય સંતોષકારક રીતે થાય તે માટે યોગ્ય કરવું જોઈએ તથા શિક્ષણ માટે કૉલેજમાંથી શિક્ષકોનો લાભ લેવો જોઈએ.	સદરહુ બાબત ઉપર બાબત નં. ૨ (બ)માં નિમાયેલ સમિતિને વિચારણા માટે મોકલવી.
૩. (બ) ભવનોએ વિષયો દીઠ સામયિકો બહાર પાડવાં જોઈએ.	આથી ઠરાવવામાં આવે છે કે, "વિદ્યા"નું પ્રકાશન હાલ વર્ષમાં બે વાર થાય છે અને પ્રત્યેક અંકના ત્રણ ભાગ હોય છે તે વ્યવસ્થામાં હાલ કશો ફેરફાર કરવો નહિ, પણ જરૂર જણાય તો પ્રત્યેક અંકનાં પાનાંની સંખ્યા વધારવાનું રાખવું.
૩. (ક) ભવનોનું આગવું ગ્રંથાલય હોવું જોઈએ.	યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનમાં પ્રત્યેક ભવનમાં તેમના પ્રત્યેક વિભાગ દીઠ ૫૦૦ સુધી પુસ્તકો ગ્રંથાલય તરફથી તેમના ઉપયોગ માટે રાખવા દેવામાં આવે છે તે જોતાં તે બાબતમાં વિશેષ કરવાની જરૂર જણાતી નથી.
૩. (ડ) પરદેશ જતા પ્રાધ્યાપકની જગ્યાએ અવેજી વ્યવસ્થા સંપૂર્ણપણે કરવી જોઈએ.	સદરહુ બાબત ઉપર બાબત નં. ૨ (બ)માં જણાવેલ સમિતિની વિચારણા માટે મોકલવી.
૪. (અ) જિમખાના-ફી યથાયોગ્ય ક્ષેત્રમાં વપરાય તે જોવા ઘટતું કરવું.	સદરહુ સૂચન કૉલેજના આચાર્યોને પરિપત્રિત કરવું.

સૂચનો	ઠરાવ
૪. (બ) એન.સી.સી. મરજિયાત ધોરણે કરવું.	ઓર્ડિ. ૧૩૫–એમાં તાજેતરમાં સુધારો કરવામાં આવ્યો છે તે જોતાં સદરહુ સૂચનમાં વિશેષ કરવાની જરૂર જણાતી નથી.
૪. (ક) વિદ્યાર્થીઓને ખોરાક પૌષ્ટિક મળે તે જોવું જોઈએ. કૉલેજના શિક્ષણકાર્યમાં અવરોધ ન આવે તે રીતે એન.સી.સી.નું સંચાલન થવું જોઈએ.	સદરહુ સૂચન એન.સી.સી.ના સત્તાવાળાઓને ઘટતું કરવા માટે મોકલી આપવું.
૫. (અ) પ્રકાશનનું કાર્ય ગતિશીલ કરવું આવશ્યક છે.	પ્રકાશનનું કાર્ય વધુ વેગવંતું બનાવવા માટે યુનિવર્સિટી પ્રેસમાં તે માટેનો અલાયદો વિભાગ ઊભો કરવો.
૬. (અ) યુનિવર્સિટીની સ્થાપનાને ૬૫ વર્ષ થયાં છે, તેથી તેની સિદ્ધિ-અસિદ્ધિઓ તપાસી કાયદા-કાનૂનમાં જ્યાં ફેરફારોને અવકાશ છે ત્યાં ફેરફારો કરવા જોઈએ.	ભારત સરકારે નીમેલ શિક્ષણપંચનો રિપોર્ટ બહાર પડયેથી સદરહુ સૂચન વિચારવું યોગ્ય થશે.
૬. (બ) યુનિવર્સિટીની પરીક્ષામાં જેઓને ચંદ્રકો તથા શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવે છે તેમના નામનો ઉલ્લેખ ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલમાં કરવો જોઈએ.	સદરહુ સૂચન મંજૂર કરવું.
૬. (ક) ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓ માટે વીમા યોજનાની વ્યવસ્થા કરવી જોઈએ.	સ્ટે. ૧૯૩–એ સુધારવાનો પ્રસ્તાવ સેનેટની આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.
૬. (ડ) શિક્ષકોનાં પગારધોરણ સુધારવા અધ્યાપક સાથે વિચાર-વિનિમય કરવો જોઈએ.	યુનિવર્સિટીનાં જુદાં જુદાં સત્તામંડળો પર શિક્ષકોના પ્રતિનિધિઓ હોય છે તે જોતાં સદરહુ સૂચન પર વિશેષ કરવાની જરૂર જણાતી નથી.

૩૬. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૫-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, દર વર્ષે સેકન્ડ બી.એસસી.ની પરીક્ષા ઑક્ટોબર માસમાં પણ લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ.

૩૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"(૧) સામાન્ય શિક્ષણના વિષયમાં આંતરિક ગુણાંકનની બાબતમાં યોગ્ય નિરીક્ષણતંત્ર ઊભું કરવું;

(૨) સામાન્ય શિક્ષણ માટે પરિસંવાદ યોજવો;

(૩) ત્રિવાર્ષિક અભ્યાસક્રમ અને ટ્યુટોરિયલ પદ્ધતિ દાખલ કરવાને કારણે કૉલેજોનાં મકનોમાં વધારાની જોગવાઈ કરવા માટે જે ખર્ચ થાય તે માટે આર્થિક મદદ આપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૮. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગમાં પ્રેક્ટિકલ કરવા માટે વિદ્યાર્થીઓને માસિક રૂા. ૫૦ (પચાસ રૂપિયા)ના વેતનથી જ્યાં સુધી સ્ટાફની નિમણૂક ન થાય ત્યાં સુધી રાખવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૮-૬-૧૯૬૫ના પત્રાંક ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગમાં નવા લેક્ચરરની નિમણૂક થયેથી તેઓ કામ પર ચઢે ત્યાં સુધી યોગ્ય અનુસ્નાતક વિદ્યાર્થીઓની મદદથી પ્રાયોગિક કામ ચલાવવું, અને તે માટે પ્રત્યેક વિદ્યાર્થીને માસિક રૂા. ૫૦નું ઉચ્ચક વેતન આપવું. આ માટે ઘટતી વ્યવસ્થા કરવા માટે ભવનના અધ્યક્ષને સત્તા આપવી.

૩૯. (૧) યુનિવર્સિટી કાર્યાલયમાં હેડક્લાર્કની એક જગ્યા માટે, (૨) ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથપાલની એક જગ્યા માટે, (૩) વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-ઝૂલોજીની બે જગ્યા માટે તા. ૨-૭-૧૯૬૫ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ તા. ૨-૭-૧૯૬૫ની વરણીસમિતિની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪૦. નવા અભ્યાસક્રમમાં સેકન્ડ બી.એ.ના વર્ગમાં મુખ્ય કે ગૌણ વિષય બદલવા માટે કોઈ જોગવાઈ નથી તેના સંદર્ભમાં એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં જતા વિદ્યાર્થીઓને પડતી અગવડ જોતાં, એફ.વાય.બી.એ.માં નવા વિષયમાં પરીક્ષામાં બેસવાનું આવશ્યક ગણીને, એ.ટી.કે.ટી.ને ધોરણે એસ.વાય.બી.એ.માં વિષય બદલવાની છૂટ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહિ.

૪૧. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૨૫-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

બાઇન્ડિંગના ભાવ અંગે સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૧-૧૯૬૪ની સભામાં મંજૂર કરેલ નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"ડેમી આઠ પેજી સાઇઝના ૨૫૦ પાનાં સુધીના પુસ્તકને ગ્રેબોર્ડનાં પૂંઠાં લગાવી, અસ્તર ચોડી, યુનિવર્સિટીએ છાપી આપેલ ટાઇટલ લગાવી, ફ્લેપ વાળીને ચડાવી આપવાના, ફોલ્ડિંગ-સિલાઈ વગેરેના દર ૧૦૦ નકલના રૂા. ૧૮-૦૦. આમાં ગ્રેબોર્ડ યુનિવર્સિટી પાસે મંજૂર કરાવી લેવાનાં રહેશે. છાપેલાં ટાઇટલ તથા અસ્તર યુનિવર્સિટી પૂરાં પાડશે."

(**નોંધ.**—ચોપડીનું કદ ૨૦૦થી ૨૫૦ પાનાંની વચ્ચે હોય તો તે માટે જોગવાઈ ન હોવાથી તેમ કરવા માટે આ સુધારો સૂચવવામાં આવ્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશન વહીવટી સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૪૨. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૨૧-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"(ક) યુનિવર્સિટીનાં પ્રકાશનોની જાહેરાત વર્તમાનપત્રોમાં વર્ષમાં એક વાર આપવી અને તે માટે દૈનિકપત્રો પસંદ કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી તથા જાહેરખબર અંગેના ખર્ચની જોગવાઈ અંદાજપત્રમાં કરવી.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, તા. ૫/૬-૧૧-૧૯૬૦ની સિન્ડિકેટની સભામાં થયેલ ઠરાવ અનુસાર જણાવેલ સંસ્થાસામયિકોને અવલોકન માટે મોકલવાની યાદીમાં 'ગ્રંથ' સામયિકનો સમાવેશ કરવો.

(ખ) સરકારી ખાતાઓ માટે યુનિવર્સિટીએ પ્રકાશિત કરેલાં મૌલિક પુસ્તકો મોકલવા માટે લેખકની માગણી આવ્યેથી યોગ્ય લાગે તો તે માટે જરૂરી પરવાનગી આપવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી."

(ક) આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં પ્રકાશનોની જાહેરાત યુનિવર્સિટીનાં સામયિકો "વિદ્યા" અને "સમાચારપત્રિકા"માં તથા કૉલેજો-સંસ્થાઓ વગેરેમાં પરિપત્રો દ્વારા કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં પ્રકાશનો પસંદ કરેલાં સામયિકોમાં અવલોકનાર્થે મોકલવાં યોગ્ય થશે અને તે માટે સામયિકોની પસંદગી કરવા માટેની બાબત આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

(ખ) આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશન વહીવટી સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૩. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૨૧-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"ભારત સરકારની આર્થિક સહાયથી હિંદી અને પ્રાદેશિક ભાષાઓમાં પુસ્તકો પ્રગટ કરવાના ખ્યાલથી આપણે જે મૌલિક પુસ્તકો તથા અનુવાદ તૈયાર કરવાનું નક્કી કરેલ છે તે પૈકી જે પુસ્તકો તથા અનુવાદોનાં કામ અંગે કરાર કરેલા નથી તે કામ કેન્દ્રીય હિંદી નિદેશાલયના

પત્રને અનુલક્ષીને હાલ મોકૂફ રાખવું અને ભારત સરકાર તરફથી આર્થિક સહાય મંજૂર થયેથી તે કામ હાથ ધરવું."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પુસ્તકોનું કામ મોકૂફ ન રાખતાં તે કામ ચાલુ રાખવું.

૪૪. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૨૧-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"હવેથી ભારત સરકારની આર્થિક સહાયની યોજના હેઠળ ગુજરાતી ભાષામાં અનુવાદના હક્ક મેળવવા માટે મૂળ પ્રકાશકો સાથે કરવાના કરાર અંગે નવા કામ માટે કેન્દ્રીય નિદેશાલય તરફથી તૈયાર કરેલ કરારનામાના મુસદ્દાનો ઉપયોગ કરવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતી ભાષામાં અનુવાદના હક્ક મેળવવા માટે મૂળ પ્રકાશકો સાથે કરવાના કરાર અંગેના કામ માટેનો કરારનામાનો મુસદ્દો, કેન્દ્રીય નિદેશાલયની સૂચના મુજબ, સુધારવો.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા કરારનામાનો મુસદ્દાની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૪૫. પ્રકાશન વહીવટી સમિતિની તા. ૨૧-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીએ તૈયાર કરેલ શ્રી. બી. જી. દેસાઈકૃત 'વૈજ્ઞાનિક પદ્ધતિ' (સાયન્ટિફિક મેથડ) અંગે તા. ૨૭-૧૧-૧૯૬૪ની વાણિજ્યના વિષય અંગેની પ્રકાશન સલાહકાર સમિતિએ કરેલ ભલામણને લક્ષમાં લીધા પછી સદરહુ પુસ્તકનું પ્રકાશન-કામ હાથ ધરવું એમ આ સમિતિનો અભિપ્રાય છે એમ સિન્ડિકેટને જણાવીને નિર્ણય લેવાનું કામ તેના પર છોડવું અને પ્રકાશન કરવાનો નિર્ણય લેવાય તો પ્રથમ આવૃત્તિમાં ૭૫૦ નકલ છપાવવી."

(**નોંધ.**—તા. ૨૭-૧૧-૧૯૬૪ના રોજ મળેલ વાણિજ્યના વિષય અંગેની પ્રકાશન સલાહકાર સમિતિની ભલામણ નીચે પ્રમાણે હતી :

"સાયન્ટિફિક મેથડના વિષય પર જે હસ્તપ્રત તૈયાર થઈ છે તેની નોંધ લેવામાં આવે છે, પરંતુ ત્રિવાર્ષિક અભ્યાસક્રમમાં ફેરફાર થયેલો હોવાથી અને તે વિષય સદરહુ અભ્યાસ-ક્રમમાં ન હોવાથી સદરહુ હસ્તપ્રતનું પ્રકાશન યુનિવર્સિટીએ હાથ ધરવું નહિ તેમ આ સમિતિ ભારપૂર્વક માને છે.")

[સદરહુ પુસ્તક(૨૦૦ પાનાં)નું ૭૫૦ નકલનું અંદાજી મુદ્રણ ખર્ચ રૂા. ૩,૦૦૦ થાય.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિનો ઉપરનો અભિપ્રાય માન્ય રાખવો અને શ્રી. બી. જી. દેસાઈકૃત 'વૈજ્ઞાનિક પદ્ધતિ'નું પ્રકાશન કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રકાશનની પ્રથમ આવૃત્તિમાં એક હજાર નકલ છપાવવી.

૪૬. બિલ્ડિંગ સુપરવાઇઝરની હંગામી જગ્યા પર નિમાયેલા શ્રી. પી. સી. પટવાની મુદત તા. ૨૩-૭-૧૯૬૫ના રોજ પૂરી થતી હોઈ વધુ બે વર્ષ માટે લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બિલ્ડિંગ સુપરવાઇઝર શ્રી. પી. સી. પટવાની નિમણૂકની મુદત તા. ૨૨-૧૭-૧૯૬૭ સુધી લંબાવવી.

૪૭. બાંધકામ સમિતિની તા. ૧૪-૬-૧૯૬૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૪-૬-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૧૪-૬-૧૯૬૫ની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૪૮. રેનેટના નીચેના હોદ્દાગત સભ્યને જે તે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત:

સભ્યનું નામ	વિદ્યાશાખા	અભ્યાસસમિતિઓ	અનુ. પદવી કક્ષાના વિષયો
આચાર્ય કે. એન. શાહ	વિજ્ઞાન	૧. આંકડાશાસ્ત્ર	ગણિત (એમ.ઈ.)
		૨. ગણિતશાસ્ત્ર	ગણિત-આંકડાશાસ્ત્ર (એમ.એસસી.).

આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્ય કે. એન. શાહને આંકડાશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૪૯. ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ.નો મનોવિજ્ઞાન વિષયનો નવો અભ્યાસક્રમ (રેગ્યુ. આર્ટ્સ-૨, ૭ અને ૧૨) જૂન ૧૯૬૫થી અમલમાં લાવવા સિન્ડિકેટે તેની તા. ૬-૫-૧૯૬૫ની સભામાં ઠરાવ્યું છે, પરંતુ આ સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૬૫થી અમલમાં ન લાવતાં જૂન ૧૯૬૬થી નીચે મુજબ ક્રમશ: (અભ્યાસક્રમ) અમલમાં લાવવા અંગેનું અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીનું સૂચન મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

ફર્સ્ટ બી.એ.નો અભ્યાસક્રમ, રેગ્યુ. આર્ટ્સ-૨, જૂન ૧૯૬૬થી અમલમાં આવે છે.

સેકન્ડ બી.એ.નો અભ્યાસક્રમ, રેગ્યુ. આર્ટ્સ-૭, જૂન ૧૯૬૭થી અમલમાં આવે છે.

થર્ડ બી.એ.નો અભ્યાસક્રમ, રેગ્યુ. આર્ટ્સ-૧૨, જૂન ૧૯૬૮થી અમલમાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૫૦. સ્થાયી સમિતિની તા. ૨૫-૬-૧૯૬૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્થાયી સમિતિની તા. ૨૫-૬-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૨૫-૬-૧૯૬૫ની નોંધ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૫૧. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રયોગશાળાના કામકાજમાં રીડર અને લેક્ચરરને મદદ કરવા માટે એક ટ્યૂટરની નિમણૂક કરવા અંગે મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૪-૬-૧૯૬૫ના પત્રાંક ઇ.એસ.ટી.-૩૬૭ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભવનના અધ્યક્ષને જણાવવું કે, ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક રદ કરવાને કારણે કામકાજની પુનર્ગોઠવણી કરવાની જરૂર જણાય તો ભવનના શિક્ષકોમાં તેની પુનર્ગોઠવણી કરવાનું રાખવું, અને તેને પરિણામે સ્થાનિક કૉલેજના કોઈ માન્ય કે મદદનીશ અનુસ્નાતક શિક્ષકને વ્યાખ્યાન-કાર્ય માટે બોલાવવાનું આવશ્યક જણાય તો અધ્યક્ષને તેમ કરવા માટે પરવાનગી આપવી.

૫૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૬-૧૯૬૫ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૬-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી તા. ૯-૬-૧૯૬૫ની સદરહુ સમિતિની નોંધ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૫૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ સિન્ડિકેટે મંજૂર રાખ્યા અનુસાર એમ.એ. કક્ષાએ ભૂગોળનો વિષય શીખવવા માટે એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટને અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે જણાવેલું પરંતુ તે સંસ્થાના આચાર્યશ્રી જણાવે છે કે તેમની સંસ્થા આ જવાબદારી સ્વીકારી શકે એમ નથી તો તે વિષયના શિક્ષણ માટે તદર્થ (ઍડહૉક) ધોરણે અનુસ્નાતક શિક્ષણ માટે પ્રબંધ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ભૂગોળનું અનુસ્નાતક કેન્દ્ર તદર્થ (ઍડહૉક) ધોરણે એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્યની અનુમતિ મેળવીને તે કૉલેજમાં ઊભું કરવું; અગર જો તે શક્ય જણાય નહિ તો ભૂગોળના અનુસ્નાતક શિક્ષણની વ્યવસ્થા યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં કરવા માટે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ચાલુ શૈક્ષણિક વર્ષથી ભૂગોળના અનુસ્નાતક શિક્ષણની વ્યવસ્થા, શિક્ષકોની માન્યતા અંગેનાં ધારાધોરણોમાં છૂટછાટ મૂકીને પણ કરવાનું રાખવું.

૫૪. સેનેટના સભ્યપદ માટે યોજાનારી સામાન્ય ચૂંટણીઓ અંગે મતદાનમથકો નિયત કરવા અંગે તથા ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના સભ્યપદ માટે યોજાનારી આગામી ચૂંટણીઓ માટે મતદાનમથકો આ સાથેની યાદી પ્રમાણે નિયત કરવાં, તથા તે પ્રમાણે ચૂંટણી અધિકારીઓની નિમણૂકો પણ મંજૂર કરવી.

(નોંધ.— જ્યાં જ્યાં શિક્ષકો ઇત્યાદિ મતદાનવિભાગોની ચૂંટણીઓ માટેનાં મતદાનમથકો સ્થાપવામાં આવેલાં છે ત્યાં ત્યાં રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સની ચૂંટણી માટે પણ મતદાનમથકો રાખવાં, પણ તે માટે ચૂંટણી અધિકારીઓ જુદા નીમવા નહિ, એમ વિચારવામાં આવ્યું હતું.)

(નિયત કરવામાં આવેલ મતદાનમથકોની તથા નિમાયેલા ચૂંટણી અધિકારીઓની યાદીઓ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૫૫. ભારત સરકાર તરફથી સર્વમાન્ય પુસ્તકોના અનુવાદ તથા મૌલિક ગ્રંથો પ્રાદેશિક ભાષામાં તૈયાર કરાવવા અંગેની યોજના હેઠળ યુનિવર્સિટીએ હાથ પર લીધેલાં કામો પેટે 'હિસાબ પેટે' (on account) રૂપિયા એક લાખની આર્થિક સહાય મંજૂર કર્યા બાબતના

ભારત સરકારના શિક્ષણ ખાતાના તા. ૨૬-૬-૧૯૬૫ના પત્રાંક એફ. ૨૦-૧૯-૧૯૬૩ એચ. વનના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ગ્રાન્ટની શરતો પૈકી પરિભાષા અંગેની શરત માટે પત્રવ્યવહાર ચાલે છે તે જોતાં તે શરત સિવાયની અન્ય શરતો ભારત સરકારના તા. ૨૬-૬-૧૯૬૫ના પત્રમાં જણાવ્યા પ્રમાણે સ્વીકારવી.

૫૬. યુનિવર્સિટીએ પ્રકાશન અંગેનો જે કાર્યક્રમ ઉપાડયો છે તેને કાર્યક્ષમ રીતે પહોંચી વળવા માટે જરૂરી વ્યવસ્થાતંત્ર ઊભું કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે જરૂરી વિચારણા કરીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ
૨. આચાર્ય એમ. એસ. પંડિત
૩. આચાર્ય એમ. સી. દેસાઈ
૪. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી.

૫૭. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં લેકચરર તરીકે કામ કરતા પ્રો. એ. ડી. મન્સુરીની એન.સી.સી. ઑફિસર તરીકે સેવાઓ આપવા માટે પરવાનગી આપવાની તેમની તા. ૨૨મી જૂનની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એ. ડી. મન્સુરીને એન.સી.સી. ઑફિસર તરીકે સેવાઓ આપવા માટે, ભવનના તેમના કામકાજને હરકત પહોંચે નહિ તે શરતે, બે વર્ષ માટે પરવાનગી આપવી.

૫૮. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી યુનિવર્સિટીને ફિલ્મ સોસાયટીની પ્રવૃત્તિ અંગે ગ્રાન્ટ મળી નથી, તોપણ મધ્યસ્થ યુનિવર્સિટી ફિલ્મ કાઉન્સિલને યુનિવર્સિટીના ભંડોળમાંથી તેની પ્રવૃત્તિ ચાલુ રાખવા માટે ૧૯૬૪-૬૫ના વર્ષ માટેનો ફાળો મોકલવા માટે યુનિવર્સિટી ફિલ્મ કાઉન્સિલના સેક્રેટરી તરફથી આવેલા તા. ૨૬-૬-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અત્યાર સુધીમાં આ પ્રવૃત્તિ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ૧૯૬૦-૬૧થી માંડીને અત્યાર સુધીમાં કુલ રૂા. ૧૦,૦૦૦ની આર્થિક સહાય યુનિવર્સિટીને મળી હતી અને તેમાંથી મધ્યસ્થ યુનિવર્સિટી ફિલ્મ કાઉન્સિલને કુલ રૂા. ૮,૫૦૦ જેટલી રકમ ફાળા તરીકે મોકલી આપી હતી. બાકીની રકમ તથા ફિલ્મ સોસાયટીની સભ્યપદની આવકમાંથી અત્યાર સુધી યુનિવર્સિટી ફિલ્મ સોસાયટીની પ્રવૃત્તિ ચલાવવામાં આવી છે. ૧૯૬૩-૬૪ અને ૧૯૬૪-૬૫માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી કોઈ ગ્રાન્ટ આવી ન હોવાથી યુનિવર્સિટી ફિલ્મ કાઉન્સિલને કોઈ ફાળો મોકલી શકાયો ન હતો. જોકે એ બંને વર્ષો દરમિયાન પણ ફિલ્મ સોસાયટીની ફિલ્મ પ્રવૃત્તિ ચાલુ રહી હતી. ગયા વર્ષ (૧૯૬૪-૬૫)ની આખરે ફિલ્મ સોસાયટીની બંધ સિલક રૂા. ૨૫-૭૪ પૈસા જેટલી છે, એટલે હવે આ પ્રવૃત્તિ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની મદદ ન મળે તો તે માટે નાણાંની જોગવાઈ કેવી રીતે કરવી તે પ્રશ્ન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં કશો ફાળો આપવો નહિ.

૫૯. તા. ૨૮-૬-૧૯૬૫ના રોજ મળેલ બાંધકામ સમિતિની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૮-૬-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલ તા. ૮-૬-૧૯૬૫ની સદરહુ સમિતિની નોંધ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૬૦. ત્રિવાર્ષિક અભ્યાસક્રમને લક્ષમાં લઈ બાસ કરીને વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનની પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને ઉપલા વર્ગમાં સત્રો ભરવાનો લાભ આપવાની જોગવાઈ જે તે વિદ્યાશાખાની ફર્સ્ટ અને સેકન્ડ ડિગ્રી પરીક્ષામાં હોઈ પરીક્ષાના કાર્યક્રમો, કેન્દ્ર, પ્રાયોગિક પરીક્ષાના કાર્યક્રમો વગેરે લક્ષમાં લઈ હાલના ઓ. ૧૨૬ તેમ જ ઓ. ૧૩૬માં જરૂરી સુધારા કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—પરીક્ષા શરૂ કરવાની તારીખો અંગેના ઓ. ૧૨૯માં તેમ જ પરિણામ જાહેર કરવાની પદ્ધતિ અંગેના ઓ. ૧૩૬માં સુધારા કરવા જરૂરી છે. ઓ. ૧૨૯ અને ઓ. ૧૩૬ની નકલ આ સાથે સામેલ છે તેમાં સુધારા માટે એક સમિતિ નીમવા સૂચન છે. આ સમિતિ પરીક્ષાનાં કેન્દ્રો, કાર્યક્રમો, મેોડરેશન પદ્ધતિ ઇત્યાદિ મુદ્દાઓ પણ તપાસે એમ સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. રૉ. યશવંતરાય ગુ. નાયક
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. આચાર્ય ય. પ્રા. શુક્લ.

૬૧. જુલાઈ ૧૯૬૫માં લેવાનાર ત્રીજી એમ.બી.,બી.એસ.ની વધારાની પરીક્ષા માટે જામનગરને કેન્દ્ર આપવા બાબતમાં વિદ્યાર્થીઓ તરફથી આવેલ સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—જામનગર કેન્દ્ર પર વિષયવાર વિદ્યાર્થીઓની સંખ્યા નીચે પ્રમાણે છે :

મેડિસિન	...	૪૨
સર્જરી	...	૧૭
મિડવાઇફરી અને ગાયનેકોલોજી	...	૧૨)

આથી ઠરાવવામાં આવે છે કે, જુલાઈ ૧૯૬૫માં લેવાનારી ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા લેવા માટે (પ્રશ્નપત્ર તથા પ્રાયોગિક) જામનગર ખાતે કેન્દ્ર રાખવું.

૬૨. તા. ૧૬મી સપ્ટેંબરથી, તા. ૨જી ઑક્ટોબર સુધી ગ્રેટબ્રિટનમાં કાર્ડિફ ખાતે ભરાનારા રાષ્ટ્રસમૂહ કલા મહોત્સવમાં તા. ૨૦મીથી ૨૪મી સપ્ટેંબર સુધી કવિતા સંમેલનમાં ભાગ લેવા ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ પ્રો. ઉમાશંકર જોશીને ભારત સરકાર તરફથી કહેવામાં આવતાં તેમને તે માટે રજા આપવા અંગેની તેમની તા. ૨૮-૬-૧૯૬૫ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે પ્રો. ઉમાશંકર જોશીને જરૂરી રજા (ખાસ રજા) Special leave તરીકે મંજૂર કરવી.

૬૩. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વીરમગામને પૂરા સમયના અર્થશાસ્ત્રના યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપક નહિ મળતા હોવાથી અંડ સમયના પ્રાધ્યાપક કે પૂરા સમયના વ્યાખ્યાતા દ્વારા મુખ્ય વિષય કામચલાઉ ધોરણે શીખવવા દેવાની મંજૂરી માગતા આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને ફક્ત ચાલુ વર્ષે યોગ્ય લાયકાત ધરાવતા મુલાકાતી પ્રાધ્યાપક(Visiting Professor)ની નીચેની શરતોએ નિમણૂક કરીને અર્થશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે શીખવવા માટે છૂટ આપવી :

૧. સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પીરિયડ સદરહુ કૉલેજમાં લેવાનું રાખે; અને

૨. સદરહુ પ્રોફેસરનો કુલ કાર્યબોજ યુનિવર્સિટીનાં ધારાધોરણો કરતાં વધવા પામે નહિ;

૩. જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા પ્રોફેસરની નિમણૂક કરવાની બાંયધરી આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પુસ્તકો અંગે અનાવર્તક ખર્ચ, જોડાણની શરત મુજબ, કરીને રિપોર્ટ કરવા માટે સદરહુ કૉલેજને જણાવવું.

૬૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૯ પરથી કરવામાં આવેલી હોઈ, તેના નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૫. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન, ન્યૂ દિલ્હી સંચાલિત માસ્ટર્સ ડિપ્લોમા ઇન પબ્લિક એડમિનિસ્ટ્રેશનનો અભ્યાસ કરવા માટે કાર્યાલય અધીક્ષક શ્રી. જી. એ. દેસાઈને યુનિવર્સિટી તરફથી મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહિ.

૬૬. નીચેની કૉલેજોને ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન જુનિયર તેમ જ સીનિયર સર્ટિફિકેટ કોર્સ શીખવવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

૧. બી. ડી. કૉલેજ, અમદાવાદ.

૨. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, કલોલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજોને જુનિયર તેમ જ સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ શીખવવા માટે પરવાનગી આપવી.

૬૭. સ્ટે. ૧૭૯ આ સાથે આપ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૭૯ સુધારવા માટે સેનેટને ભલામણ કરવી.

(સુધારેલા સ્ટે. ૧૭૯નો મુસદ્દો પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૬૮. યુનિવર્સિટી દ્વારા લેવાતી પહેલી એમ.બી.;બી.એસ.ની લેખિત અને પ્રાયોગિક પરીક્ષાઓમાં પરીક્ષકોને હાલમાં આપવામાં આવતું મહેનતાણું ઘણું ઓછું હોઈ તેમાં સુધારો

કરવા માટે તબીબી વિદ્યાશાખાના ડીન કે. પી. એલ. શાહના તા. ૧-૭-૧૯૬૫ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષામાં પરીક્ષકોને અપાતા મહેનતાણાના દરમાં કશો ફેરફાર કરવો નહિ.

૬૯. જુલાઈ ૧૯૬૫માં લેવાનાર ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં પ્રાશ્નિક-પરીક્ષક તરીકે નિમણૂક કરવા બાબત તબીબી વિદ્યાશાખાના અધ્યક્ષની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જુલાઈ ૧૯૬૫માં લેવાનાર ત્રીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂકો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી નિમણૂકોની યાદી સામેલ કરવામાં આવી નથી.)

૭૦. માર્ચ-એપ્રિલ ૧૯૬૫માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામોમાં ભૂલ જણાયાથી ઉપકુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ સુધાર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૭૧. સને ૧૯૬૫ના માર્ચ-એપ્રિલ માસમાં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં વિદ્યાર્થી-ઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના તેમ જ પ્રાશ્નિક-પરીક્ષકો અને નિરીક્ષકોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા બાબત તા. ૨૯-૬-૧૯૬૫ના રોજ મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૯-૬-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની મંજૂર કરવામાં આવેલી ભલામણો સામેલ કરવામાં આવી નથી.)

૭૨. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના રીડર ડૉ. એસ. આઈ. હુસેન તા. ૧૭-૫-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાના ફાળાની રકમ ઉપર તેઓની તા. ૧-૭-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ વિજ્ઞાન વિદ્યાભવનમાં તા. ૧૫-૬-૧૯૬૦થી જોડાયા હતા અને તા. ૧૭-૫-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. એસ. આઈ. હુસેનના ખાતે નીકળતી પ્રો. ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમને મોકલી આપવી.

૭૩. યુનિવર્સિટીના રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા ડૉ. આર. કે. શાહના સંશોધનપત્રો ઓર્ડિ. ૬૫-એચ(બી) અનુસાર 'રેકગ્નાઇઝ્ડ મેરિટ્સ'ના ગણી શકાય કે કેમ અને તેને આધારે તેમને પીએચ.ડી. પછી ઇન-ઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપી શકાય કે કેમ તે અંગે ડૉ. હલકરનો અભિપ્રાય મગાવેલો તે પરત્વે ડૉ. હલકર જણાવે છે કે, તેઓએ ઇન-ઓર્ગેનિક કેમિસ્ટ્રીમાં નહિ પરંતુ મુખ્યત્વે Soil Chemistryના

ક્ષેત્રમાં સંશોધન કર્યું છે, તો ડૉ. શાહના સંશોધનપત્રો બીજા કોઈ વિદ્વાનને મોકલી અભિપ્રાય મગાવવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. આર. કે. શાહના Soil Chemistry વિષય પરના સંશોધનપત્રો ડૉ. બી. વી. મહેતા, બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદના અભિપ્રાય માટે મોકલવા.

૭૪. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદમાં સ્થાપવામાં આવેલ એમ.એ.-એમ.એસસી. પદવી ગણિતશાસ્ત્ર, જૂથ 'એ' વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રોફેસર ઇન ચાર્જ તરીકે શ્રી. એસ. બી. શાહની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન ચાર્જ તરીકે શ્રી. એસ. બી. શાહની નિમણૂક કરવી.

૭૫. મહારાજા શ્રી. ભગવતસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલને પૂરા સમયના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક નહિ મળતા હોવાથી ખંડ સમયના પ્રાધ્યાપક તરીકે કામ ચલાવવાની મંજૂરી માગતા આચાર્યશ્રીના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

[નોંધ.— આ ઉપરાંત કૉલેજે જોડાણની નીચેની શરતો પણ હજુ સુધી પૂરી કરી નથી, અને જોડાણની ભલામણ હજુ સુધી કરવામાં આવી નથી:

(૧) પુરતકોના અનાવર્તક ખર્ચના રૂા. ૫,૦૦૦ના ખચ પેટે ઑર્ડર મૂકયા છે.

(૨) હિંદીના વ્યાખ્યાતા અંગેની માહિતી નથી.

(૩) મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા નીમ્યા નથી.

(૪) શાળાના રમતગમતના મેદાનનો ઉપયોગ કરવામાં આવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અર્થશાસ્ત્રનો વિષય મુખ્ય વિષય તરીકે શીખવવા માટે મુલાકાતી પ્રાધ્યાપક(Visiting Professor)ની વ્યવસ્થા કરવા માટે નીચેની શરતોએ પરવાનગી આપવી :

૧. સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પીરિયડ સદરહુ કૉલેજમાં લેવાનું રાખે; અને

૨. સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યભોજ યુનિવર્સિટીનાં ધારાધોરણો કરતાં વધવા પામે નહિ;

૩. જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા પ્રોફેસરની નિમણૂક કરવાની બાંયધરી આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, હિન્દી અને મનોવિજ્ઞાનના લેક્ચરરોની નિમણૂક તાકીદે કરીને યુનિવર્સિટીને જાણ કરવા માટે જણાવવું, તથા તેમ થાય નહિ ત્યાં સુધી સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે ભલામણ કરવી નહિ.

૭૬. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ક્રાંગક્રાને જૂન ૧૯૬૫થી જોડાણ આપવા અંગે સેનેટે મૂકેલી શરતોના પાલન અંગે આવેલ હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.— (૧) અર્થશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકને બદલે ખંડ સમયના પ્રાધ્યાપકથી શિક્ષણકાર્ય ચલાવવા મંજૂરી માગે છે.

(૨) સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક માટે નીચે જણાવ્યા પ્રમાણે કૉન્ડોન કરવા વિનંતી કરે છે:

(અ) શ્રી. હરિભાઈ પટેલ [એમ.એ. બીજો વર્ગ, સમાજશાસ્ત્ર (સ્પે.), ૪ વર્ષ એમ. એસ. યુનિ.માં રિસર્ચ આસિસ્ટન્ટ તરીકેનો અનુભવ]ને સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવા વિનંતી કરે છે. નિયમ મુજબ વ્યાખ્યાતા તરીકેનો અનુભવ જોઈએ.

(બ) ઉપર જણાવેલ ૨(અ) માન્ય ન થઈ શકે તો સિહ્યુર કૉલેજના પ્રાધ્યાપકને વિઝિટિંગ પ્રોફેસર તરીકે માન્ય કરવા વિનંતી કરે છે.

(૩) પુસ્તકોનો અનાવર્તક ખર્ચ હજુ સુધી કર્યો નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે શીખવવા માટે સદરહુ કૉલેજને મુલાકાતી પ્રાધ્યાપકોની વ્યવસ્થા નીચેની શરતોએ કરવા માટે પરવાનગી આપવી:

૧. સદરહુ પ્રાધ્યાપકો દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પીરિયડ સદરહુ કૉલેજમાં લેવાનું રાખે; અને

૨. સદરહુ પ્રાધ્યાપકોનો કુલ કાર્યબોજ યુનિવર્સિટીનાં ધારાધોરણો કરતાં વધવા પામે નહિ;

૩. જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રોફેસર નીમવાની બાંયધરી આપવામાં આવે.

૭૭. સિન્ડિકેટે ઠરાવ્યા પ્રમાણે આ વર્ષે તા. ૨૯-૧૦-૧૯૬૫થી શરૂ થનાર બી.ઈ. (સિ., મિકે. અને ઇલે.) પરીક્ષાઓની પ્રાયોગિક પરીક્ષા થિયરી પરીક્ષા પહેલાં તા. ૧૫-૧૦-૧૯૬૫થી શરૂ કરવાના સૂચન પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ દિવાળીના તહેવારોની રજાઓ હોઈ અને લેખિત પરીક્ષાઓ તા. ૮-૧૧-૧૯૬૫ સુધી ચાલે તેમ હોવાથી ઉપરોક્ત સૂચન કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, બી.ઈ.(સિ., મિકે. અને ઇલે.)ની આગામી પરીક્ષામાં પ્રાયોગિક પરીક્ષા તા. ૧૫-૧૦-૧૯૬૫થી શરૂ કરવાનું રાખવું.

૭૮. યુનિવર્સિટી કાર્યાલયના નીચેના સેવકોનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	ડૉ. સી. આર. ત્રિવેદી	રેસિડેન્ટ મેડિકલ ઑફિસર	૨૦-૭-૧૯૬૫	૨૧-૭-૧૯૬૫
૨.	શ્રી. મોમાભાઈ રામાભાઈ	સફાઈ કામદાર	૧૯-૭-૧૯૬૫	૨૦-૭-૧૯૬૫
૩.	શ્રી. રાજારામ રામનાથન	ચોકીદાર	૧૯-૭-૧૯૬૫	૨૦-૭-૧૯૬૫

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે, તેમને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	હોદ્દા	કાયમ કરવાની તારીખ
૧.	ડૉ. સી. આર. ત્રિવેદી	રેસિડેન્ટ મેડિકલ ઑફિસર	૨૧-૭-૧૯૬૫
૨.	શ્રી. સોમાભાઈ રામાભાઈ	સફાઈ કામદાર	૨૦-૭-૧૯૬૫
૩.	શ્રી. રાજારામ રામનાથન	ચોકીદાર	૨૦-૭-૧૯૬૫.

૭૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ એપ્રિલ ૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પર સિન્ડિકેટની તા. ૧-૫-૧૯૬૫ની સભામાં બાબત ક્રમાંક ૬૭થી વિચારણા કરવામાં આવી છે તેના પાઠમાં નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો કરવા બાબત:

"Provided further that a student appearing at the above examination has appeared for the purposes of internal evaluation (*i*) in at least two tests in the first term, and (*ii*) either two tests or one full-length examination in the second term as follows:

(1) Each test shall be not less than one and a half hours' duration in each paper and in each subject.

(2) The full-length examination which may, at the discretion of the Principal, be held in lieu of the two tests prescribed to be held in the second term shall be as per the pattern and the duration prescribed for the University examination.

(3) Wherever any practical work is assigned for a course of study in any subject the student shall appear in at least two tests in the first term, or one full-length examination in lieu of two tests in the second term in each subject for the practical work also, in addition to the theoretical tests in the subject.

(4) Notwithstanding anything contained hereinabove, it shall be competent for the Principal of a college, if he so desires, to hold one test per term for practical work, provided that the duration of each such test in that case will be as per the duration fixed by the University for its examination.

(5) The Principals of the colleges shall be competent to hold both theoretical and practical tests in such manner and at such time as they shall fix subject to the provisions mentioned hereinabove.

(6) The Principal of the college is authorised to arrange for an extra test, if he so wishes, in case a student is not able to appear at any one test for a bonafide reason, provided that under no circumstances, a student shall be given an opportunity to appear at an extra test more than once.

(7) The marks assigned to each student for the total internal evaluation in each subject shall be sent to the University by 20th March every year by the Principal of the college from where the student is sent up for the examination."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૧-૫-૧૯૬૫ની સભામાં બાબત ક્રમાંક ૬૦થી મંજૂર કરવામાં આવેલ એકેડેમિક કાઉન્સિલનો—રેગ્યુ. આર્ટ્સ-૧, આર્ટ્સ-૬, આર્ટ્સ-૧૧; રેગ્યુ. સાયન્સ-૧, સાયન્સ-૭, સાયન્સ-૧૪; તથા રેગ્યુ. કોમર્સ-૧, કોમર્સ-૭ અને કોમર્સ-૧૨; તથા રેગ્યુ. પ્રી-૮, પ્રી-૧૩ અને પ્રી-૧૮નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૮૦. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડાને યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના વ્યાખ્યાતા નહિ મળતા હોવાથી સદરહુ શૈક્ષણિક કાર્ય ટ્યૂટરથી કામચલાઉ ધોરણે ચલાવવાની મંજૂરી માગતી સદરહુ કોલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. જુનેજા એમ.કોમ. છે.
(૨) બાકીની શરતોનું પાલન થયું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજને ટ્યૂટરથી ચલાવવાની પરવાનગી આપવી નહિ, પણ શ્રી. જુનેજાને કામચલાઉ ધોરણે લેક્ચરર તરીકે એક વર્ષ માટે નીમવા માટે પરવાનગી આપવી, અને સદરહુ કોલેજને જણાવવું કે, જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા લેક્ચરરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૮૧. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભાદરણને ગુજરાતી તથા અર્થશાસ્ત્રના યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકો નહિ મળતા હોવાથી સદરહુ શિક્ષણકાર્ય વ્યાખ્યાતાઓથી કામચલાઉ ધોરણે ચલાવવા મંજૂરી માગતા સદરહુ કોલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) ફક્ત એસ.વાય.બી.એ.માં જ સદરહુ વિષયો શીખવવાના છે.
(૨) બાકીની શરતોનું પાલન થયું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોલેજને ગુજરાતી તથા અર્થશાસ્ત્રના વિષયો, મુખ્ય વિષયો તરીકે શીખવવા માટે મુલાકાતી પ્રાધ્યાપક (Visiting Professor)ની વ્યવસ્થા કરવા માટે નીચેની શરતોએ ફક્ત એક વર્ષ માટે પરવાનગી આપવી :

૧. સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પીરિયડ સદરહુ કોલેજમાં લેવાના રાખે; અને

સિવિ-૬૬૬૮ (જુલાઈ)
તા. ૩/૪-૭-'૬૫

પરિશિષ્ટ "ક"
કોમકોલ કબાંક ૬૨

ARTICLES OF AGREEMENT made the day of 196 . Between the Registrar, Gujarat University, Ahmedabad–9 (hereinafter called 'The Employer') of the one part and M/s. H. K. Construction Co. of (or whose registered office is situated at Kapasia Bazar, Ahmedabad–2 (hereinafter called the Contractor) of the other part. WHEREAS the Employer is desirous on Constructing a Teacher's Hostel at the University Campus, Ahmedabad, and has caused drawings (numbered) and specifications describing the works to be executed to be prepared by M/s. H. C. Patel, Gajjar's Bungalow, Astodia Road, Ahmedabad–1, his Architect (hereinafter called the Architect) and WHEREAS the said drawings, specifications and/or the schedule of quantities have been signed by or on behalf of the parties hereto. AND WHEREAS the Contractor has agreed to execute upon subject to the conditions set forth herein (hereinafter called as the said conditions) the work shown upon the said drawings and/or described in the said specifications and included in the said schedule of quantities at the rates therein set forth amounting to the sum of Rupees five Lacs, Five thousand and Five Hundred Eighty five and forty paise (hereinafter called the 'Contract sum')

NOW IT IS HEREBY AGREED AS FOLLOWS:

1. In considerations of the said Contract amount to be paid at the times and in the manner set forth in the said conditions, the Contractor shall upon and subject to the said conditions execute and complete the works shown upon the said drawings and described in the said specification and/or the schedule of quantities.
2. The Employer shall pay the contractor the said contract amount or such other sum as shall be come payable at the times and in the manner hereinafter specified in the said conditions.

3. The term "The Architect" in the said conditions shall mean the said firm of M/s. H. C. Patel or in the event of his death or ceasing to be the Architect for the purpose of the contract, such other person as shall be nominated for that purpose by the Employer, not being a person to whom the contractor shall object for reasons considered to be sufficient by the Arbitrator mentioned in the said conditions provided always that no person subsequently appointed to be Architect under this contract shall be entitled to disregard or over rule any previous decision or approval of direction given or expressed by the Architect for the time-being.

4. The said conditions and Appendix thereto shall be read and construed as forming part of this agreement and the parties hereto shall respectively abide by, submit themselves to the conditions and perform the agreements on their part respectively in such conditions contained.

As witness our hands this day of 196

Signed by the said Employer
in the presence of—

Shri _____ _____

Address : Employer

Occupation :

Signed by the said contractor
in the presence of—

Shri _____ _____

Address : Contractor

Occupation :

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૩૯

સિન્ડિકેટની વરણી સમિતિની એક સભા, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, તા. ૨-૭-૧૯૬૫ના રોજ ૩-૩૦ વાગ્યે તથા તા. ૩-૭-૧૯૬૫ના રોજ ૧૨-૩૦ વાગ્યે, યુનિવર્સિટી ગ્રંથાલયમાં એક મદદનીશ ગ્રંથપાલ, યુનિવર્સિટી કાર્યાલયમાં એક હેડક્લાર્ક તથા વિજ્ઞાનવિદ્યા ભવનમાં લેક્ચરર-ઇન-ઝૂલોજીની બે જગ્યા પર અગાઉ મુલાકાતે આવેલા ઉમેદવાર શ્રી. એન. ડી. છાયા તથા શ્રી. એ. બી. વ્યાસની અરજીઓ ઉપર વિચારણા કરવા તથા ઉમેદવારોની મુલાકાત માટે મળી હતી. ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ પ્રમુખસ્થાન લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી:

	તા. ૨-૭-૧૯૬૫	તા. ૩-૭-૧૯૬૫
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર	ગેરહાજર
૩. આચાર્ય ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૪. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૫. શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૬. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર	હાજર
૭. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૮. શ્રી. ઠાકોરભાઈ મે. દેસાઈ	ગેરહાજર	હાજર
૯. શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૧૦. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર	હાજર
૧૧. ડૉ. એમ. સી. શાહ	હાજર	હાજર
૧૨. ડૉ. વિક્રમ અં. સારાભાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૩. ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર	ગેરહાજર
૧૪. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	ગેરહાજર	હાજર
૧૫. આચાર્ય યશવંતરાય ગુ. નાયક	હાજર	હાજર
૧૬. આચાર્ય એમ. સી. પંડિત	હાજર	ગેરહાજર
૧૭. શ્રી. એમ. સી. શાહ	હાજર	ગેરહાજર.

૧. મદદનીશ ગ્રંથપાલ (એક જગ્યા):

નિષ્ણાત તરીકે ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલની નિમણૂક કરવામાં આવી હતી અને તેઓ હાજર રહ્યા હતા.

મદદનીશ ગ્રંથપાલની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. એમ. જે. દલાલ	ગેરહાજર
૨. શ્રી. વિનોદકુમાર ગાંધી	હાજર
૩. શ્રી. એ. ટી. મિસ્ત્રી	હાજર
૪. શ્રી. જે. એચ. અધ્વર્યુ	હાજર
૫. શ્રીમતી પ્રભા યુ. દેસાઈ	હાજર.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"હાજર રહેલા ઉમેદવારો પૈકી કોઈ ઉમેદવાર આ જગ્યા માટે જરૂરી લાયકાત ધરાવતા ન હોવાથી આ જગ્યા માટે ફરીથી જાહેરખબર આપી અરજીઓ મંગાવવી તથા જાહેરાતમાં સ્પષ્ટ જણાવવું કે, 'ગ્રંથાલયશાસ્ત્રની પરીક્ષા પાસ કર્યા બાદનો પાંચ વર્ષનો અનુભવ (Professional experience of 5 years after passing the Diploma Examination in Library Science) હોવો જરૂરી છે' તેમ રાખવું તે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવી."

૨. હેડક્લાર્ક (એક જગ્યા) :

હેડક્લાર્કની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. હાફીમજી વાય. ડી.	ગેરહાજર
૨. શ્રી. દવે એમ. બી.	હાજર
૩. શ્રી. પટેલ વી. એમ.	હાજર
૪. શ્રી. પંચાસરા ડી. એન.	હાજર
૫. શ્રી. પારેખ આર. એચ.	હાજર
૬. શ્રી. પટેલ સી. જી.	ગેરહાજર
૭. શ્રી. ભટ્ટ એન. વી.	હાજર
૮. શ્રી. પટેલ સી એસ.	ગેરહાજર
૯. શ્રી. ત્રવાડી એન. સી.	હાજર
૧૦. શ્રી. પરીખ કે. જી.	હાજર
૧૧. શ્રી. પટેલ બી. સી.	હાજર
૧૨. શ્રી. ચૌહાણ જે. જે.	હાજર
૧૩. શ્રી. ભટ્ટ જે. એન.	હાજર
૧૪. શ્રી. દેસાઈ આર. સી.	હાજર
૧૫. શ્રી. ભટ્ટ એસ. ડી.	હાજર
૧૬. શ્રી. ત્રિવેદી એમ. એ.	હાજર
૧૭. કુ. દેસાઈ વીણા આર.	ગેરહાજર
૧૮. શ્રી. ત્રિવેદી એમ. ડી.	હાજર
૧૯. શ્રી. અધ્વર્યુ જે. એચ.	ગેરહાજર.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

શ્રી. એમ. ડી. ત્રિવેદીને હેડકલાર્કની જગ્યા પર શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૦૦ થી રૂા. ૨૦૦-૧૨-૨૬૦ ઈ.બી. ૧૨-૩૨૦ના પગારધોરણમાં એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

૩. લેક્ચરર-ઇન-ઝૂલોજી (બે જગ્યા) :

અગાઉ આવેલ અરજીઓ પૈકી શ્રી. એન. ડી. છાયા અને શ્રી. એ. બી. વ્યાસની અરજીઓ ઉપર વિચારણા કર્યા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"શ્રી. એન. ડી. છાયા તથા શ્રી. એ. બી. વ્યાસને લેક્ચરર-ઇન-ઝૂલોજીની બે જગ્યા પર શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૫૦ થી રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

ભો. કે. શાહ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ગ"
કોમકોજ કમાંક ૪૪

MEMORANDUM OF AGREEMENT made this.....day of .....One thousand nine hundered and sixty.....between .....of..... ..... (hereinafter called "the proprietor" which expression shall, unless excluded by or repugnant to the context, be deemed to include their legal representatives, successors and assigns) of the one part and the PRESIDENT OF INDIA (hereinafter called "the Publisher" which expression shall, unless excluded by or repugnant to the context, be deemed to include his successors and assigns) of the other part.

IT IS HEREBY AGREED BY AND BETWEEN THE PARTIES AS FOLLOW :

1. In consideration of the payments, hereinafter mentioned, made to the proprietor by the publisher, the proprietor hereby grants to the publisher the exclusive licence to translate and publish in book form in the Hindi language the following book :

Name of the book.....

Name of the Author.....
.....Edition, published by.....
.....(hereinafter called "the work") and agrees that the copyright in the translated version of the said work in Hindi shall belong exclusively to the publisher subject to the reservations hereinafter provided.

2. The publisher shall pay to the proprietor a royalty of.....% (.....per cent) on the published price of the first.....copies of the said work and a royalty of.....% (.....per cent) on the published price of all copies of the said work published thereafter.

The publisher shall pay to the proprietor in one lump sum on the day of publication the whole of the royalties in respect of the number of copies printed of the said work. All payments due from the publisher to the proprietor shall be made in.....

or

The publisher shall pay to the proprietor an advance of..... .....upon the signing of this Agreement and shall also pay in lump sum to the proprietor on publication of the said work a further sum equivalent to.....% of the publishing price per copy for the first.....copies and.....% thereafter less..... already paid as advance.

or

The publisher shall pay to the proprietor upon the signing of this Agreement an outright fee of.....for the right as herein provided to publish a Hindi edition of.....copies of the said work.

3. The proprietor hereby guarantees that he is for the purpose of this agreement the sole proprietor of the right to translate into Hindi the said work and that the proprietor has not granted any licence or right to translate and publish the said work in Hindi by licence or otherwise to any person or firm and that the said work has not been published in Hindi with the proprietor's concent or acquiescence and the proprietor hereby agrees to indemnify and keep indemnified the publisher against any loss the publisher might suffer by reason of claim of any person in respect of the right granted under these presents.

4. The publisher undertakes to translate the said work in Hindi and publish it and to issue.....copies of the Hindi version of the work on or before..... ..day of.....196... If the publisher fails to do so within the said period or any extended period all rights conveyed in this Agreement shall revert to the proprietor; or the proprietor shall have the option of repurchasing the right hereby assigned for the sum of.....on payment thereof by the proprietor, the publisher shall reassign to the proprietor the rights or licence hereby granted.

5. The publisher shall print in Hindi the works "translated from" followed by the edition, number and title of the work in English and the name of the proprietor beneath the Hindi title or on the back of

the title-page or on the back of the hali-title facing the title-page of every copy issued in the Hindi edition.

6. The publisher undertakes not to reprint any edition of the work in Hindi without first advising the proprietor and obtaining his consent.

7. The publisher shall send the proprietor free of charge two copies of the translation of the work.

8. If the publisher shall allow the Hindi edition to go out of print and remain out of print for two years even after the proprietor has granted permission for reprinting the said work or if he shall violate any of the terms of this Agreement and not rectify such violation within one month of having received written notice to do so then all rights granted under this Agreement shall revert to the proprietor.

9. The licence herein granted shall not be transferred by the publisher without the written consent of the proprietor, which consent, however, shall not be unreasonably withheld.

10. All rights in the work except the present of volume publications hereby granted are specifically reserved by the proprietor.

11. The proprietor shall send to the publisher on the signing of this Agreement four copies of the latest edition of the said work, which is to be published, free of cost.

12. The proprietor undertakes and agrees that on receiving a written notice from the publisher, within.....years of the printing of all the copies to be printed by virtue of these presents he shall grant a renewal of the right hereby conferred on the publisher upon such terms as may be agreed upon.

13. If any dispute of difference arises touching or concerning the subject matter of this Agreement or any covenant or clause or things therein contained excepting matters decision whereof is otherwise provided for the same shall be referred to the sole Arbitration of an Arbitrator to be appointed by Agreement between the parties in default of such Agreement to the Arbitration of two Arbitrators one to be appointed by each party to the dispute. The Arbitrators shall, before taking upon

themselves the burden of reference, appoint an Umpire and this Agreement shall be deemed to be a submission within the meaning of the Indian Arbitration Act (X of 1940) and the said Act or any modification thereof shall apply. The Arbitrator, Arbitrators or the Umpire, as the case may be, may with the consent of the parties enlarge the time for making the award from time to time.

IN WITNESS WHEREOF these presents are executed by the parties here to the day, month and year first above-written.

The proprietor will sign according to its constitution. If it is a limited concern, the signature clause should be according to its Articles of Association, etc. Usual Clause is as follows:

Common seal of .....hereinto affixed by .....pursuant to a Resolution of the Board of Directors at a meeting held on .....day of .....196 , in the presence of—

Witness :

1.

2.

(Proprietor)

Signed and delivered for and on behalf of the President of India in the presence of—

Witness :

1.

2.

(Publisher)

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૪૭

તા. ૧૪-૬-૧૯૬૫ના રોજ મળેલ બાંધકામ સમિતિની ભલામણો

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૪-૬-૧૯૬૫ના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી, જે સમયે નીચેના સભ્યો હાજર હતા :

૧.	શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩.	શ્રી. એમ. ડી. પટેલ	હાજર
૪.	શ્રી નવનીતલાલ સા. શોધન	હાજર
૫.	શ્રી. ટી. એ. દેસાઈ	હાજર
૬.	શ્રી. એલ. બી. જસાણી	હાજર.

૧. તા. ૧૯-૪-૧૯૬૫ની સભાની બાંધકામ સમિતિની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૯-૪-૧૯૬૫ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના ઝૂલોજી વિભાગના મકાનના બાંધકામ માટે કન્સલ્ટિંગ એન્જિનિયરની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઝૂલોજીના મકાનના બાંધકામના સ્ટ્રક્ચરલ કામ માટે કન્સલ્ટિંગ એન્જિનિયર તરીકે મે. વકીલ-મહેતા-પરીખ-શેઠની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, તેમના મહેનતાણાના દર નક્કી કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩ વિજ્ઞાન વિદ્યાભવનના મકાનના બાંધકામમાં વધારાના કામકાજના દરો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાનવિદ્યા ભવનના મકાનના બાંધકામમાં નીચેના વધારાના કામ-કાજના દરો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

Constructing Brick Masonry

(1)	Manhole with heavy C. I. cover	Rs. 125/-	per No.
(2)	Providing & fixing $\frac{3}{4}$" dia. slvice valve	Rs. 10/-	per No.

૪. આરોગ્યકેન્દ્રના મકાન પાસે સફાઈ કામદાર તથા ચોકીદાર માટેનાં ત્રણ રહેઠાણ બાંધવા માટે સ્થપતિ શ્રી. એચ. સી. પટેલે તૈયાર કરેલા પ્લાન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આરોગ્યકેન્દ્રના મકાન પાસે સફાઈ કામદાર, ચોકીદાર ઇત્યાદિ માટેનાં ત્રણ રહેઠાણનાં મકાન માટે અંદાજી ખર્ચ રૂા. ૧૦,૦૦૦નો વધારીને રૂા ૧૫,૦૦૦નો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, દરેક યુનિટ સાથે સ્વતંત્ર બાથરૂમ અને જાજરૂ સાથેના તથા આગળના વરંડામાં ટેલીસ વર્ક થાય તે રીતે પ્લાન સુધારીને આગામી સભા સમક્ષ રજૂ કરવા.

૫. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગના મકાનના બાંધકામ માટે આવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી. આ માટેનાં પહેલાં ત્રણ ટેન્ડરો ભરનાર પેઢીઓ (૧) બિલ્ડવેલ કન્સ્ટ્રકશન, (૨) વેલબિલ્ટ કન્સ્ટ્રકશન, (૩) એચ. કે. કન્સ્ટ્રકશન કંપની પાસેથી તેઓએ કરેલા કામની તેમની સહરતાની પી. ડબલ્યુ. ડી. વગેરેમાં એપ્રુવલ હોય તો તેમની વિગતો મગાવીને આ બાબત આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

(નોંધ.—સૌથી ઓછા ભાવ ટાંકનાર બિલ્ડવેલ કન્સ્ટ્રકશન કંપનીએ પહેલાં કાલ ડિપોઝિટ રસીદ ભરી હતી અને પછી યુનિવર્સિટીના કહેવાથી રોકડેથી બાનાની રકમ ભરી હતી તે બાબત સભાગૃહના ધ્યાન પર લાવવામાં આવી હતી.)

૬. અતિથિગૃહના બાંધકામ માટે આવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી તથા આ માટે પહેલાં ત્રણ ટેન્ડરો ભરનાર પેઢીઓ (૧) વાદી બ્રધર્સ, (૨) એલ. જે. એન્ડ કંપની, (૩) પ્રફૂલ કન્સ્ટ્રકશન કંપની પાસેથી તેઓએ કરેલા કામની તેમની સહરતાની પી. ડબલ્યુ. ડી. વગેરેમાં એપ્રુવલ હોય તો તેની વિગતો વગેરે મગાવી આ બાબત આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૭. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેવેટરી બ્લોકમાં સુધારાવધારાના કામ માટે આવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેવેટરી બ્લોકમાં જરૂરી સુધારાવધારાના કામ માટે આવેલ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. નિર્માણનું રૂા. ૧,૦૬૯-૫૦ પૈસાનું ટેન્ડર, સદરહુ ટેન્ડરની શરતો પ્રમાણે, મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણ વિભાગના મકાનમાં જરૂરી સુધારાવધારા કરવા માટે આવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણ વિભાગના મકાનમાં જરૂરી સુધારાવધારા કરવાના કામ માટે આવેલાં ટેન્ડરોમાંથી મે. નિર્માણનું રૂા. ૪,૭૮૫-૫૦ પૈસાનું ટેન્ડર, સદરહુ ટેન્ડરની શરતો પ્રમાણે, મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(**નોંધ.**— સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. શાહપુરા એન્ડ કંપનીએ પાર્ટિશનની આઇટેમમાં પેઇન્ટ સાથેના ભાવ આપ્યા હોવાથી તથા પાર્ટિશનમાં પૉલિશ કરાવવાનું હોવાથી તેમનું ટેન્ડર પોલિશનો ખર્ચ ગણતાં સેકન્ડ લોએસ્ટ આવે છે.)

ઉપકુલપતિશ્રી તરફથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૯. સ્ટાફ ક્વાર્ટર્સના રસ્તા પર સ્ટ્રીટ લાઈટની કાયમી યોજના માટેના કામ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટાફ ક્વાર્ટર્સના રસ્તા પર કેબલ તથા થાંભલા નાંખીને સ્ટ્રીટ લાઈટની કાયમી યોજનાનું કામ અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપનીને સોંપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. અતિથિગૃહના મકાનમાં બીજો માળ કરવાની જોગવાઈ કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અતિથિગૃહના મકાનમાં ભોંયતળિયું અને પહેલો માળ કરવાનાં છે અને તે પર્યાપ્ત છે, તેથી ભવિષ્યમાં બીજો માળ કરી શકાય તે માટે જોગવાઈ કરવાની જરૂર નથી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૫૦

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર, તા. ૨૫-૬-૧૯૬૫ના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૩.	શ્રી. એમ. એસ. પંડિત	હાજર
૪.	શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર
૫.	શ્રી. વાય. જી. નાયક	હાજર
૬.	શ્રી. કે. જી. આદલાણી, ડિરેક્ટર ઓફ એજ્યુકેશન	ગેરહાજર
૭.	શ્રી. કે. સી. પરીખ	હાજર.

૧. યુનિવર્સિટી કર્મચારીઓને મોંઘવારી તથા મકાનભાડા ભથ્થું રાજ્ય સરકારના સુધારેલા દરે આપવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી મુદ્રણાલય સિવાયના યુનિવર્સિટીના કર્મચારીઓને ગુજરાત રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ નં. સીપીએ-૧૭૬૫-૬૦૫-જે. તા ૨૨-૧-૧૯૬૫ અને નં. સીપીએ-૧૭૬૫-૭૦૯-જે. તા. ૧૧-૩-૧૯૬૫(નકલ સામેલ છે)ના પ્રમાણે મોંઘવારી ભથ્થું ઠરાવમાં દર્શાવેલ તારીખથી, એટલે કે તા. ૧-૧-૧૯૬૫થી આપવું અને મકાનભાડા ભથ્થું ગુજરાત રાજ્ય સરકારના ઠરાવ નંબર સીપીએ-૧૦૬૪-૪૩૭-સીએચ. તા. ૪-૧૨-૧૯૬૪ અને નં. સીપીએ-૧૦૬૪-૪૩૭(એ)-સીએચ., તા. ૨૪-૨-૧૯૬૫ (નકલ સામેલ છે) પ્રમાણેના દર તથા ધોરણ અપનાવવાં, પણ તે ઠરાવોમાં જે પહોંચ અંગેના નિયમો કરેલ છે તે લાગુ ન પાડતાં હાલ કાર્યાલય માટે રૂા. ૩૦૦થી વધુ પગાર મેળવતા સભ્યો પાસેથી જેમ વાર્ષિક એક વખત જ્યારે તેમનું ઇન્ક્રીમેન્ટ થાય ત્યારે ભાડાની પહોંચ લેવાની જે પ્રથા છે તે પ્રથાનો અમલ રૂા. ૩૦૦થી નીચે પગાર મેળવતા બધા જ કર્મચારીઓ માટે કરવો. ભાડા માટેની પ્રથમ પહોંચ જાન્યુઆરી ૧૯૬૫ના મહિના માટે રજૂ કરવી અને તે પછીથી કર્મચારીનો જ્યારે વાર્ષિક પગારવધારો આપવાનો થાય ત્યારે રજૂ કરવી. ઉપર પ્રમાણે મોંઘવારી ભથ્થું આપવાથી અને ઘરભાડામાં એડજસ્ટમેન્ટ કરવાથી જો કોઈ કર્મચારીના કુલ વેતનમાં ઘટાડો થશે તો તેને તે ઘટાડા જેટલી રકમ "પર્સનલ પે" તરીકે આપીને એડજસ્ટ કરવાનું રાખવું.

યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓ અંગે તેમને મળતાં ભથ્થાંની બાબત ઓવરટાઇમના ભથ્થાના સંદર્ભમાં કાર્યાલયે નોંધ તૈયાર કરીને આ સમિતિ સમક્ષ મૂકવાનું રાખવું.

૨. ડુપ્લિકેટિંગ મશીન ચલાવતા પટાવાળા શ્રી. ગોવિંદ પટેલની મુંબઈ યુનિવર્સિટીમાં આ જગ્યા માટે અપાતા પગારધોરણ આપવા અંગેની તા. ૨૪-૮-૧૯૬૪ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ડુપ્લિકેટિંગ મશીન ચલાવવા હાલની એક પટાવાળાની જગાને પ્યૂન-કમ-મશીનમેનની કાયમી જગ્યામાં રૂા. ૪૫-૨½-૭૦ના પગારધોરણમાં ફેરવવી અને તે જગ્યા ઉપર નીમવામાં આવનારને પટાવાળાની ફરજો ઉપરાંત ડુપ્લિકેટિંગ મશીનનું કામ કરવાનું રહેશે. આ જગ્યા માટે લાયકાતનું ધોરણ એસ.એસ.સી. સુધી અભ્યાસ અથવા તો ડુપ્લિકેટિંગ કામનો પાંચ વર્ષનો અનુભવ, તે પ્રમાણે રાખવું.

૩. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે કામ કરતા કર્મચારીઓને મુંબઈ યુનિવર્સિટીમાં ગ્રંથાલયમાં કામ કરતા લાઇબ્રેરી એટેન્ડન્ટ ગણી તે પ્રમાણે પગારધોરણ આપવા અંગેની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રંથાલયમાં અને કાર્યાલયમાં હાલ જે પટાવાળાની જગ્યાઓ છે તેમાંથી ગ્રંથાલય માટે પાંચ જગ્યાઓ અને કાર્યાલય માટે પાંચ જગ્યાઓ "પ્યૂન-કમ-એટેન્ડન્ટ"ની કાયમી જગ્યામાં રૂા. ૪૫-૨½-૭૦ના પગારધોરણમાં ફેરવવી. આ જગ્યાઓ માટે લાયકાતનું ધોરણ 'એસ.એસ.સી. સુધી અભ્યાસ અથવા તો પાંચ વર્ષનો અનુભવ' એમ રાખવું

૪. કાર્યાલય નિયામક (સામાન્ય) શ્રી. એસ. એસ. વોરાને પરીક્ષાભથ્થું, માસિક રૂા. ૩૦, તા. ૮-૨-૧૯૬૫થી આપવા અંગેની તેઓની તા. ૨૩-૨-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, કાર્યાલય નિયામક (સામાન્ય) શ્રી. એસ. એસ. વોરાને માસિક પરીક્ષાભથ્થું રૂા. ૩૦ લેખે તા. ૮-૨-૧૯૬૫થી આપવું.

૫. યુનિવર્સિટીના જે કર્મચારીઓને પોતાનું મકાન હોય તેવા કર્મચારીઓને યુનિવર્સિટી તરફથી અપાતું ક્વાર્ટર્સ આપવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ ખાતાના નં. આરઇકયુ-૧૧૮, તા. ૧૬-૧૦-૧૯૬૪ના સરકયુલરની સમિતિએ નોંધ લીધી છે, અને આ અંગે જ્યારે ભવિષ્યમાં યુનિવર્સિટીનાં રહેઠાણોની વહેંચણી કરવામાં આવે ત્યારે ઉપકુલપતિશ્રીને પ્રત્યેક કેસ ઉપર તેમને યોગ્ય લાગે તે નિર્ણય કરવાની સત્તા આપેલી છે તે પ્રથા ચાલુ રાખવી.

૬. યુનિવર્સિટી કાર્યાલય માટે ગ્રાઉન્ડમેન-કમ-વૉચમેનની જગ્યા સિન્ડિકેટે મંજૂર કરેલ છે તે જગ્યાને જુદી કરી નાખી અથવા ચોકીદારની જગ્યા હૉસ્ટેલ કે હેલ્થ સેન્ટર સાથે જોડી એ ગ્રાઉન્ડમેનની જગ્યા મંજૂર કરવા અંગે ડી.પી.ઇ.ની તા. ૧૫-૩-૧૯૬૫ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલય માટે ગ્રાઉન્ડમેન-કમ-વૉચમેનની એક વધારાની જગ્યા કાયમી ધોરણે રૂા. ૪૦-૨-૬૦ના પગારધોરણમાં ઊભી કરવી.

૭. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં નીચેની વધારાની કાયમી જગ્યાઓ મંજૂર કરવા અંગે મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના પત્રાંક ધ્યેસટી-૧૭૩૧, તા. ૨૫-૩-૧૯૬૫ ઉપર વિચારણા કરવા બાબત.

૧. ટાઇપિસ્ટ ક્લાર્ક
૨. પટાવાળા—બે.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં એક પટાવાળાની વધારાની જગ્યા કાયમી ધોરણે રૂા. ૪૦-૨-૬૦ના પગારધોરણમાં ઊભી કરવી. તે સિવાય અન્ય કોઈ વધારાની જગ્યા ઊભી કરવી નહિ.

૮. યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓને યુનિવર્સિટી તરફથી સાઇકલ માટે લોન આપવા અંગેની તા. ૬-૪-૧૯૬૫ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓને યુનિવર્સિટી તરફથી સાઇકલ ખરીદવા માટે રૂા. ૨૫૦ સુધીની વ્યાજમુક્ત લોન આપવી જે વીસ સરખા હપતામાં તેમના પગારમાંથી વસૂલ કરવી અને લોન અંગેની શરતો નક્કી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૯. યુનિવર્સિટી કાર્યાલયના રવાનગી વિભાગમાં ટપાલના પોસ્ટેજ માટે ફ્રેન્કિંગ મશીન વપરાય છે તે માટે તેઓને માસિક ફ્રેન્કિંગ મશીન એલાવન્સ આપવા અંગે તા. ૩-૫-૧૯૬૫ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, રવાનગી વિભાગમાં ફ્રેન્કિંગ મશીન ચલાવવા માટે એલાવન્સ આપવા અંગેની તે વિભાગના કર્મચારીઓની વિનંતી નામંજૂર કરવી.

૧૦. સિન્ડિકેટે તેની તા. ૧-૫-૧૯૬૫ની સભામાં ઠરાવ્યા પ્રમાણે ભવનોમાં નિમાતા રિચર્સ ફેલો તથા રિસર્ચ આસિસ્ટન્ટો સંશોધનકાર્ય પૂરું થાય નહિ ત્યાં સુધી તે જગ્યા છોડી જાય નહિ તેની બાંયધરી લેવા અંગેનો રિપોર્ટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧. યુનિવર્સિટીનાં ભવનોના શિક્ષકવર્ગના પગારધોરણ માટે સ્ટે. ૨૦૪ સુધારવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં ભવનોના શિક્ષકવર્ગને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલ સુધારેલાં પગારધોરણ તા. ૧-૪-૧૯૬૫થી અપનાવવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, હાલના પગારધોરણમાં મળતો પગાર સુધારેલા પગારધોરણમાં કેવી રીતે એડજસ્ટ કરવો તથા તે એડજસ્ટમેન્ટ માટે આર્થિક સહાય મળી શકશે કે કેમ તે અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસેથી સ્પષ્ટતા મગાવવી.

૧૨. સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસ વિભાગ શરૂ થતો હોવાથી તે ભવનમાં એક વધુ પટાવાળાની જગ્યા મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનમાં પટાવાળાની એક વધારાની જગ્યા ઊભી કરવાની વિનંતી મંજૂર કરવી નહિ.

૧૩. પરીક્ષાના સમય દરમિયાન પટાવાળાઓને અપાતા ઓવરટાઇમ એલાવન્સ માટેના દરરોજના વધારેમાં વધારે રૂા. ૨ની હદ રદ કરવા અંગેની તેઓની તા. ૧-૬-૧૯૬૫ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, પરીક્ષાના સમય દરમિયાન પટાવાળાઓને અપાતા ઓવરટાઇમ એલાવન્સ માટેની દરરોજના વધારેમાં વધારે રૂા. ૨-૦૦ની હદ રદ કરવા અંગેની પટાવાળાઓની સંયુક્ત અરજી નામંજૂર કરવી.

૧૪. યુનિવર્સિટી ડ્રાઇવર રજા ઉપર હોય તો તેની બદલીમાં કામ કરવા માટે હાલ અપાતા રૂા. ૧ રોજના દરને બદલે વધુ દર આપવા અંગે પટાવાળા શ્રી. નટવરસિંહ વાઘેલાની તા. ૮-૬-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી ડ્રાઇવર રજા પર હોય તો તેની બદલીમાં કામ કરવા માટે હાલ અપાતા રૂા. ૧-૦૦ રોજના દરને બદલે રૂા. ૨-૦૦ રોજના દરે ભથ્થું આપવું.

૧૫. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં ત્રણ હેલ્પરોની જગ્યા રૂા. ૪૦-૨-૬૦ના પગારધોરણમાં ઊભી કરવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટનો તા. ૧૬-૬-૧૯૬૫નો નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬. સિન્ડિકેટે તેની તા. ૪-૧૦-૧૯૫૮ની સભામાં બાબત નં. ૪૬થી પ્રેસના ઓવરટાઇમ અંગે કરેલા ઠરાવની સ્પષ્ટતા કરવા અંગે પ્રેસ-મેનેજરના તા. ૧૯-૫-૧૯૬૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૭. યુનિવર્સિટીમાં નીચે પ્રમાણે વધારાની જગ્યાઓ ઊભી કરવા બાબત :

(અ) એસ્ટેટ વિભાગમાં એક ક્લાર્ક-ટાઇપિસ્ટની જગ્યા.

(બ) હિસાબ વિભાગમાં પ્રકાશનોના વેચાણ વગેરેના કામ માટે એક ક્લાર્ક તથા એક પૅકરની જગ્યા.

(ક) ભાષા-સાહિત્ય ભવનમાં એક ક્લાર્ક-ટાઇપિસ્ટની જગ્યા.

(અ) આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(બ) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, પ્રકાશનોના વેચાણ વગેરેના કામને અનુલક્ષીને એક ક્લાર્ક-ટાઇપિસ્ટની એક વધુ જગ્યા કાયમી ધોરણે રૂા. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઈ.બી. ૧૦-૨૫૦ના પગારધોરણમાં તથા પૅકિંગ, બાઇન્ડિંગ વગેરેના કામ માટે પટાવાળાની એક વધુ કાયમી જગ્યા રૂા. ૪૦-૨-૬૦ના પગારધોરણમાં ઊભી કરવી.

(ક) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ભાષા-સાહિત્ય ભવનમાં પટાવાળાની એક વધુ જગ્યા કાયમી ધોરણે રૂા. ૪૦-૨-૬૦ના પગારધોરણમાં ઊભી કરવી.

ત્યાર બાદ સભાનું કામ પૂરું થયું હતું.

ભો. કે. શાહ
રજિસ્ટ્રાર વતી.

Dearness Allowance Increase in the rates of—

GOVERNMENT OF GUJARAT

Finance Department

Resolution No. CPA-1765-709-J

Sachivalaya, Ahmedabad, Dt. 11th March, 1965

Read : Government Resolution, Finance Department No. CPA-1764-J, dated 18th March, 1964

Government Resolution Finance Department, No. CPA-1765-905, dated 22nd January, 1965.

Government Resolution

In partial modification of para (2) of Government Resolution No. CPA-1765-905-J, dated 22nd January 1965, Government is pleased to direct that in respect of Government employees drawing pay in the pre-revised scale, the rate of Dearness Allowance shall be increased as indicated below with effect from 1st January, 1965 :

Existing pay (Pre-revised)	*Additional Dearness Allowance*
Upto Rs. 64	Rs. 10/- p.m.
Rs. 65 to 104	Rs. 15/- p.m.
Rs. 105 to 164	Rs. 20/- p.m.
Rs. 165 to 255	Rs. 25/- p.m.
Rs. 256 to 279	The amount by which the total of pay plus Dearness Allowance falls short of Rs. 350/- p.m.

By order and in the name of the Governor of Gujarat.

(Sd.) S. SINGLA,
Deputy Secretary to
the Government of Gujarat,
Finance Department.

Immediate

Dearness Allowance increase in the rates

GOVERNMENT OF GUJARAT

Finance Department

Resolution No. CPA-1765-905-J
Sachivalaya, Ahmedabad, Dt. 22nd January, 1965

Read : Government Resolution, Finance Department No. CPA-1764-J, dated 18th March, 1964.

Government Resolution

Government is pleased to direct that with effect from 1st January, 1965, Government employees drawing pay in the revised pay-scales under Gujarat Civil Service (Revision of pay) Rules, 1961, as amended shall be eligible for Dearness Allowance at the following rates :

Pay Range (Revised)	*Rates of Dearness Allowance*
Upto Rs. 109	Rs. 25/-
Rs. 110 to 149	Rs. 30/-
Rs. 150 to 209	Rs. 45/-
Rs. 210 to 299	Rs. 50/-
Rs. 300 to 349	The amount by which pay falls short of Rs. 350/-.

2. Government employees drawing pay in the existing scales (pre-revised scales) shall be eligible for Dearness Allowance from the same date as indicated below :

Existing pay	*Rate of Dearness Allowance*
Upto Rs. 65	Rs. 60/-
Rs. 66 to 104	Rs. 75/-
Rs. 105 to 164	Rs. 85/-
Rs. 165 to 255	Rs. 95/-
Rs. 256 to 279	The amount by which pay falls short of Rs. 350/-
Rs. 280 to 500	Rs. 70/-
Rs. 501 to 750	Rs. 85/-
Rs. 751 to 1,000	Rs. 100/-
above 1,000	The amount by which pay falls short of Rs. 1,100/-.

3. Government is pleased to direct that the benefit of aforesaid orders shall be extended to the Primary Teachers and Employees of the District Panchayats drawing pay in the corresponding pay ranges.

4. Government is also pleased to direct that the additional expenditure on account of the increase in Dearness Allowance which may be granted by the local bodies / Municipalities to their employees and also to the non-Government Secondary Teachers as the grant-in-aid institutions concerned from the 1st January 1965 or any subsequent date shall be treated as an expenditure admissible for calculation of grant-in-aid subject to the condition that the quantum of increase sanctioned does not exceed the increase granted to the State Government Employees under these orders and that the Dearness Allowances of the employees of such bodies as revised does not exceed the Dearness Allowance of Government employees in the corresponding pay ranges.

By order and in the name of the Governor of Gujarat.

GOVERNMENT OF GUJARAT

Finance Department

Sachivalaya, Ahmedabad

Resolution No. CPA-1064/437-(A)-CH,
Ahmedabad, Dt. the 24th February, 1965

Government Resolution

In accordance with the orders contained in Government Resolution, Finance Department No. CPA-1064/437-CH, dated the 4th December, 1964. Government Servants drawing emoluments upto Rs. 209 have to meet expenditure on house rent upto 7½ % of their emoluments and those drawing Rs. 210 and above have to meet such expenditure upto 10 % of their emoluments, and in either case they could claim house rent allowance on the excess amount which (allowance) would be restricted in *all* cases to the prescribed limits under appendices XV and XVII of Bombay Civil Services Rules, 1959, Vol. II read with the other relevant orders on the subject.

2. In paragraph 2 of the aforesaid Resolution, it has been decided that Heads of Departments / Offices concerned should scrutinise the claims for House Rent Allowance on the basis of proper rental receipts which should be verified quarterly in the months of January, April, July, October. It had been represented to Government that in several cases that landlords are not willing to give regular receipts for the house rent collected by them and, therefore, the Government Servants experience difficulty in claiming house rent allowance. After careful consideration of the matter, Government has decided that in such cases the employee concerned should give a certificate *every month* on solemn affirmaiton :

(*i*) that he is staying in premises not owned by him or by any near relation such as his wife / her husband / children / father / Mother.

(*ii*) that he is not getting regular receipt for the rent;

(*iii*) that he is actually paying by way of rent amount not less than 7½ or 10 % of his emoluments, as the case may be, *plus* the house rent allowance claimed;

(*iv*) that no other Government servant is sharing the same accommodation with him.

In cases of payment for furnished quarters or as paying guest, 20 % of the total amount of such payment made by Government servants drawing emoluments upto Rs. 209 and 25 % of such amount in other cases should be taken as rent.

(3) These orders take effect from the 1st January, 1965.

By order and in the name of the Governor of Gujarat,

(Sd.) M. Y. Hansia,
Under Secretary to
the Government of Gujarat,
Finance Department.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૫૨

તા. ૯-૬-૧૯૬૫ના રોજ મળેલ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણો

૧. (ક) આથી ફરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલા વિષયો કે શાખાઓ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે જૂન ૧૯૬૭ સુધી માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	નામ	કૉલેજ-સંસ્થા	વિષય	પદવી	શિક્ષણ/સંશોધન
૧.	જોષી મનસુખલાલ વ્રજલાલ, એમ.એ.	બહાઉદ્દીન કૉલેજ જૂનાગઢ	સંસ્કૃત	એમ.એ.	શિક્ષણ
૨.	મંકોડી મહેન્દ્રરાય ચૂનીલાલ, એમ.બી., બી એસ.,ડી.ઓ.એમ.એસ.	એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	ઓપ્થેલ્મોલોજી	ડી.ઓ.એમ.એસ.	,,
૩.	પાઠક દેવવ્રત એન., એમ.એ. (બૉમ્બે), એમ.એ. (શિકાગો)	યુનિ. સ્કૂલ ઑફ સોશિયલ સાયન્સીઝ, ગુ. યુનિ., અમદાવાદ	પોલિટિક્સ	પીએચ.ડી.	સંશોધન
૪.	શાહ સી. કે., એમ.એસસી., પીએચ.ડી.,	યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, ગુ. યુનિ., અમદાવાદ	બોટેની	,,	,,
૫.	દવે મનોજ મનુભાઈ, એમ.એ.	એન. કે. એમ. આર્ટ્સ એન્ડ શાહ એન. એચ. કૉમર્સ કૉલેજ, વલસાડ	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ
૬.	મુનિમ દલપતભાઈ લલ્લુભાઈ, એમ.એ., એલએલ.બી.	કામાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી	સંસ્કૃત	એમ.એ.	,,
૭.	પટેલ ગોરધનભાઈ સોમાભાઈ, એમ.એસસી., પીએચ.ડી.	ગુજરાત કૉલેજ, અમદાવાદ	ઑર્ગે. કેમિસ્ટ્રી	એમ.એસસી.	,,

ક્રમાંક	નામ	કૉલેજ-સંસ્થા	વિષય	પદવી	શિક્ષણ કે સંશોધન
૮.	શ્રી. નારિયેલવાલા પુષ્પેન્દ્ર મોહનલાલ, એમ.એ.	સિટી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧. ઑર્ગે. ઑફ ઇન્ડસ્ટ્રીઝ ૨. લેબર એડમિનિ. સ્ટ્રેશન ૩. ઑર્ગે. ઑફ ટ્રેડ એન્ડ ટ્રાન્સપોર્ટ ૪. પબ્લિક ઇકોનોમિક્સ	એમ.કૉમ.	શિક્ષણ

(નોંધ.—ઉપરના શિક્ષકોને સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ ઉપકુલપતિશ્રીએ માન્યતા આપી છે.)

(ખ) નીચેના શિક્ષકોની બાબતમાં તેમનાં નામ સામે જણાવ્યા મુજબ પગલાં લેવાં:

ક્રમાંક	નામ	વિષય અને પદવી	નોંધ
૧.	શ્રી. ખત્રી ચિનુભાઈ ચેલાભાઈ એમ.એસસી., પીએચ.ડી.	પીએચ.ડી. સ્ટેટિસ્ટિક્સ	તેમનાં સંશોધન-પેપરો મગાવીને તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સનાં છે કે કેમ તથા તેમને માગેલ વિષય અને તેમને પદવીમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપી શકાય કે કેમ તે અંગે ડૉ. એન. એમ. ભટ્ટ, વડોદરાનો અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી તે અંગે યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.
૨.	શ્રી. શેખારીપુરમ્ રામરવામી એસ. આયર, એમ.એસસી., પીએચ.ડી.	પીએચ.ડી. ફિઝિકલ કેમિસ્ટ્રી	તેમનાં સંશોધન-પેપરો મગાવીને તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સનાં છે કે કેમ તથા તેમને માગેલ વિષય અને પદવીમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપી શકાય કે કેમ તે અંગે ડૉ. બી. કે. વૈદ્ય, વિજ્ઞાન વિદ્યાભવન, ગુ. યુનિ., અમદાવાદનો અભિપ્રાય મગાવવો અને તે આવ્યેથી તે અંગે યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

ક્રમાંક	નામ	વિષય અને પદવી	નોંધ
૩.	શ્રી. પાઠક શંકરલાલ ચૂનીલાલ એમ.કૉમ. પીએચ.ડી., આચાર્ય, એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર	પીએચ.ડી. ૧. ઑર્ગે. ઑફ ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ ૨. ફાર્યો. ફાઇનાન્સ ૩. ઑર્ગે. ઑફ ઇન્ડસ્ટ્રીઝ ૪. લેબર ઍડમિનિસ્ટ્રેશન	તેમનાં સંશોધન-પેપરો મગાવીને તે રેકગ્નાઇઝ્ડ મેરિટ્સનાં છે કે કેમ તથા તેમને મળેલ વિષયો અને પદવીમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપી શકાય કે કેમ તે અંગે ડૉ. એસ. કે. મુરજન, મુંબઈનો અભિપ્રાય મગાવવો.

(ગ) નીચેના શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવાની બાબત પર વિચારણા કરવાનું હાલ મુલતવી રાખવું :

ક્રમાંક	નામ	કૉલેજ-સંસ્થા	વિષય	પદવી
૧	શ્રી અરબિંદોનાથ બોઝ, પીએચ.ડી.	સેન્ટ્રલ ઇન્સ્ટિ. ઑફ ફિશરીઝ ટેકનોલોજી, એર્નાકુલમ્	બાયોકેમિસ્ટ્રી ઇન્કલ્યુડિંગ ફૂડ ટેકનોલોજી	પીએચ.ડી.
૨.	શ્રી. વી. કૃષ્ણ પિલ્લાઈ, પીએચ.ડી.	,,	બાયોકેમિસ્ટ્રી ઍન્ડ માયક્રોબાયોલોજી રીલેટેડ ટુ ફિશ પ્રોસેસિંગ ટેકનોલોજી	પીએચ.ડી.

(**નોંધ.**—ઉપરની સંસ્થાને ઑર્ડિ. ૬૫-ડબ્લ્યુ અનુસાર ઍફ્રુ૭ ઇન્સ્ટિટ્યૂટ તરીકે માન્યતા આપવાનો પ્રશ્ન વિચારણા હેઠળ છે.)

(ઘ) આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષકની માન્યતા માટે યુનિવર્સિટીનાં ધારાધોરણો જોતાં નીચે જણાવેલા શિક્ષકોને અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવી નહિ, એમ સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	કૉલેજ-સંસ્થા	વિષય	પદવી
૧.	શ્રી. ચોકસી વાડીલાલ જીવાભાઈ, પીએચ.ડી.	ભવન્સ કૉલેજ, ડાકોર	ગુજરાતી	એમ.એ.
૨.	શ્રી. મજીઠિયા સુદર્શનસિંગ, પીએચ.ડી.	શામળદાસ કૉલેજ, ભાવનગર	હિંદી	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, માન્ય અનુસ્નાતક શિક્ષકોના મદદનીશ શિક્ષકો તરીકે ઉપકુલપતિશ્રીએ જે શિક્ષકોને માન્યતા આપી તેની નોંધ લેવી.

(મંજૂર કરવામાં આવેલા મદદનીશ શિક્ષકોની યાદી પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩. આથી ઠરાવવામાં આવે છે કે, એમ.ટી.બી. કૉલેજ, સુરતનાં અંગ્રેજીનાં મદદનીશ પ્રાધ્યાપક શ્રીમતી જયના જશવંતલાલને સુધારેલા ઑર્ડિ. ૬૫-એમ. (બી) (૪) અનુસાર તે વિષય અને પદવીમાં મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવા સિન્ડિકેટ રાહે ભલામણ કરવી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે, ઇજનેરી વિદ્યાશાખાના તા. ૨-૯-૧૯૬૪ની સભાના નીચેના ઠરાવની નોંધ લેવી :

"સિન્ડિકેટની તા. ૧૬-૧૧-૧૯૬૩ની ઉપરોક્ત ભલામણ સામાન્યતઃ સ્વીકારવી, પરંતુ પ્રૌઢ શૈક્ષણિક તથા રિસર્ચ વગેરે અનુભવ લક્ષમાં લઈ માત્ર ઇજનેરી સ્નાતકને પણ સ્પેશિયલ કેસ તરીકે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણથી સિન્ડિકેટે અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય રાખવા જોઈએ એમ આ સભા માને છે."

૫. આથી ઠરાવવામાં આવે છે કે, સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતના આચાર્યશ્રીની, તેમને ત્યાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રની અત્યનમાંથી રૂા. ૫,૦૦૦ કેન્દ્ર ખાતે જમા રાખેલી બાકીની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવે ત્યાર પછી કેન્દ્રને માટે ઉપયોગી એવાં પુસ્તકો વગેરે ખરીદવાની દરખાસ્ત આવે ત્યારે પરવાનગી આપવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ અંગેના નિયમો પરત્વે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૪, ૧૫-૧૧-૧૯૬૪ની સભામાં જે સમિતિ નીમી હતી તેનો અહેવાલ નીચેના સુધારાવધારા સાથે સ્વીકારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

અહેવાલના પેરા ૯માં જ્યાં અનુસ્નાતક શિક્ષણ કામ માટે વ્યાખ્યાન દીઠ મહેનતાણું અનુસ્નાતક શિક્ષક માટે રૂા. ૧૨ અને મદદનીશ અનુસ્નાતક શિક્ષક માટે રૂા. ૮ દર્શાવ્યું છે તેને બદલે વ્યાખ્યાન દીઠ અનુક્રમે રૂા. ૧૫ અને રૂા ૧૦ રાખવા તથા સત્ર દીઠ મહેનતાણાની રૂા. ૧૫૦ની જે મર્યાદા આંકી છે, તે મર્યાદા સત્ર દીઠ રૂા. ૨૪૦ની રાખવા માટે તથા તે પ્રમાણે ધારાઘોરણમાં સુધારા કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા નિયમો ૨૩-ઈ, ૩૪, ૩૭, ૪૨ તથા નવા ઉમેરેલા અનુસ્નાતક નિયમ નં. ૨૩-ઑફ ની નકલ આ સાથે પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૩-૪-૧૯૬૫ની સભાના નીચેના ઠરાવની વિચારણા મોકૂફ રાખવી :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, અમદાવાદમાં વિદ્યાભવનો ઉપરાંત બીજી કોઈ કૉલેજ કે સંસ્થામાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાનો પ્રશ્ન પણ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગના અભિપ્રાય માટે મોકલી આપવો."

૭. આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉલેજ ઑફ કૉમર્સ, ખંભાતમાં એમ.એ. પદવી ગુજરાતી વિષયમાં તપાસસમિતિના અહેવાલ અનુસાર જૂન ૧૯૬૫થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવાની પરવાનગી નીચેની શરતોએ આપવી એમ સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) ઑર્ડિ. ૬૫-પી (૪)(૨) અનુસાર કેન્દ્રને માટે જરૂરી એવો શિક્ષકગણ રાખશે અને શિક્ષકગણમાં જગ્યા ખાલી પડેથી માન્યતા માટે પાત્ર હોય તેવા શિક્ષકની નિમણૂક કરશે, અને

(૨) ઑર્ડિ. ૬૫-એસ અનુસાર જરૂરી એવા ઓછામાં ઓછા દસ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૮. આથી ઠરાવવામાં આવે છે કે, રે. ૧૮૫, તથા રે. ૧૮૮માં જરૂરી સુધારા કરવા અંગે તબીબી વિદ્યાશાખાના ડીનનું નીચેનું સૂચન સ્વીકારવું :

"R. 185 and R. 188 should be so modified that all the paper-setting and practical examination including viva-voce, clinical and practical examination should be done by the same Examiners who are appointed for that particular branch."

(સુધારેલા રે. ૧૮૫ અને ૧૮૮ની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૯. આથી ઠરાવવામાં આવે છે કે, એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના વ્યાખ્યાતા શ્રી. ઠક્કર ભાઈલાલ છોટાલાલની એમ.કૉમ. પદવીની નીચેના ચાર વિષયોમાં માન્યતા આપવાની વિનંતી સ્વીકારવી નહિ, એમ સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) ઑગ્રેનાઇઝ્ડ માર્કેટ્સ,
(૨) કૉર્પોરેશન ફાઇનાન્સ,
(૩) ટ્રેડ ઍન્ડ ટ્રાન્સપોર્ટ,
(૪) સ્ટેટિસ્ટિક્સ.

(**નોંધ.**—વધુમાં એ સ્પષ્ટતા કરવામાં આવી કે, કૉલેજોમાં શિક્ષકોની નિમણૂકના હેતુ માટે જે રાહત સિન્ડિકેટના તા. ૩-૪-૧૯૬૫ના ઠરાવ નં. ૭થી કરવામાં આવી તે અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતાના હેતુ માટે લાગુ પાડી શકાય નહિ.)

૧૦. આથી ઠરાવવામાં આવે છે કે, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. ટી. એલ. પટેલને એમ.ડી., બ્રાન્ચ-૬ ટ્યૂબરકયુલોસિસના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ૧૪ જૂન, ૧૯૬૭ સુધીમાં આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાના શિક્ષકોને મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટેના ઑર્ડિ. ૬૫-એમની હેઠળ આપવામાં આવેલી નોંધ (*ii*) અને (*iii*) સુધારવામાં આવેલી હોવાથી ડિપ્લોમાના અભ્યાસક્રમના ઑર્ડિ. ૩૫૬, ઑર્ડિ. ૩૦૦-કે, ઑર્ડિ. ૩૫૯-સીનો પેરા ૨ રદ કરવા તથા ઑર્ડિ. ૩૬૦-ડીની છેલ્લી લીટી રદ કરી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

(રદ કરવામાં આવેલા ઑર્ડિ. ૩૫૬ તથા ઑર્ડિ. ૩૦૦-કે તથા સુધારેલા ઑર્ડિ. ૩૫૯-સી અને ઑર્ડિ. ૩૬૦ની નકલ આ સાથે પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

परिशिष्ट "क"

ક્રમાંક	નામ	પદવી	વિષય	કૉલેજ/સંસ્થાનું નામ
૧.	શ્રી. પટેલ નારણભાઈ મથુરભાઈ	એમ.એ.	હિંદી	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી
૨.	શ્રી. પટેલ ભોળાભાઈ શંકરભાઈ	એમ.એ.	હિંદી	એસ. વી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩.	શ્રી. પ્રધાન વસંત બળવંત	એમ.એસસી.	બોટાની	સર પી. પી. ઇન્સ્ટિ. ઑફ સાયન્સ, ભાવનગર
૪.	શ્રી. પાલૂર શ્રીનિવાસરાવ	એમ.એસસી.	બોટાની	સેન્ટ્રલ સૉલ્ટ એન્ડ મરિન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ભાવનગર
૫	શ્રી. અવંત ડી. પુરાણિક	એમ.એસ., બ્રાન્ચ ૧	જનરલ સર્જરી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
૬.	શ્રી. નિઝામી જી. આર.	એમ.એ.	અંગ્રેજી	સિટી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૪૪. તા. ૧૮-૧૦-૧૯૬૫ના રોજથી શરૂ થતી એસ.એસ.સી.ની પરીક્ષાને અનુલક્ષીને સંલગ્ન કૉલેજોનું પ્રથમ સત્ર ૨૦મી ઑક્ટોબરને બદલે ૧૭મી ઑક્ટોબરે પૂરું કરવા તથા દ્વિતીય સત્રનો પ્રારંભ પમી નવેંબરને બદલે ૨ નવેંબરે કરવા અંગે આચાર્ય જે. બી. સાણિડલે તેમના તા. ૨૨-૭-૧૯૬૫ના પત્રાંક ૧૦૪૨ દ્વારા કરેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચન સ્વીકારવું નહિ.

૪૫. બ્લાઇન્ડ મેન્સ એસોસિયેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૬થી અમદાવાદ ખાતે વિનયન અને સંગીતની રાત્રિ કૉલેજ શરૂ કરવા માટે આવેલ જોડાણઅરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

(નોંધ.—ઑર્ડિ. ૧૨૦ પ્રમાણે અરજી યુનિવર્સિટી કાર્યાલયને પહોંચાડવાની છેલ્લી તા. ૩૧-૫-૧૯૬૫ હતી, જ્યારે આ અરજી તા. ૧૪મી જુલાઈ ૧૯૬૫ના રોજ મળી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૨૦ હેઠળ સદરહુ કૉલેજની અરજી મુદત બહારની હોઈ તે પર વિચારણા કરી શકાય નહિ.

૪૬. ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ૧૯૬૫-૬૬ દરમિયાન શીખવવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.—જુનિયર તથા સીનિયર સર્ટિફિકેટ કોર્સ માટેની અરજીઓ સ્વીકારવાની તારીખ નક્કી કરવાની જરૂર જણાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીની બી.એ.ની પરીક્ષા (જૂના અગર તો નવા અભ્યાસક્રમ પ્રમાણે) ઉત્તીર્ણ કરીને આવનાર વિદ્યાર્થિનીઓને સીનિયર સર્ટિફિકેટ કોર્સમાં પ્રવેશપાત્ર ગણવામાં આવે.

(નોંધ.—સદરહુ યુનિવર્સિટીના જૂના અભ્યાસક્રમ હેઠળ એસ.એન.ડી.ટી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલી વિદ્યાર્થિનીઓને આ યુનિવર્સિટીના એમ.એ.ના અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર ગણવામાં આવતી નથી તે પ્રથા ચાલુ રહેશે એમ સ્પષ્ટતા કરવામાં આવી.)

૪૭. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયાની સ્થાયી સમિતિની તા. ૮ એપ્રિલ ૧૯૬૫ના રોજ મળેલ સભાના નીચેના ઠરાવો ઉપર અભિપ્રાય આપવા બાબત :

(1) To consider a letter of Shri P. B. Vora, Ahmedabad, to the Minister of Transport, Government of India, requesting the introduction of "Laws of Shipping" in the curriculum of post-graduate course at the universities in the Maritime States.

(Ministry of Education)

Resolved that the letter of Shri Vora be circulated to the member Universities for their comments and views.

(2) To consider the recommendations of the Agricultural Research Review Team appointed by the Government of India that good graduates in pure science, especially in Botany, Chemistry and Zoology, should be allowed and encouraged to take higher degrees in Agricultural Sciences and to enter the field of Agricultural Research.

(Annamalai University)

Resolved that the suggestion of Annamalai University that good graduates in pure science, especially in Botany, Chemistry and Zoology, should be allowed and encouraged to take higher degrees in Agricultural Sciences and to enter the field of Agricultural Research be accepted.

(3) To consider letter dated 27th March, 1965, of Major-General Virendra Singh, Director-General, N.C.C., New Delhi, suggesting that a written paper of 50 marks on Military Training should be introduced in the Annual/Final Examinations from the beginning of the next year in order to improve the normal attendance at parades and camps and to mark the N.C.C. training more effective.

Resolved that the proposal of the Directorate of N.C.C. be circulated amongst the Universities for their comments and views.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ બાબત અંગે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય મગાવવો.
(૨) આ સભા સદરહુ બાબતની તરફેણમાં નથી.
(૩) આ સભા સદરહુ બાબતની તરફેણમાં નથી.

૪૮. "ધી ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉન્સ્ટિટ્યૂશન એન્ડ પાર્લમેન્ટરી સ્ટડીઝ", ન્યૂ દિલ્હીના અધ્યક્ષના આ યુનિવર્સિટીએ સદરહુ ઇન્સ્ટિટ્યૂટના કૉર્પોરેટ સભ્ય થવાની વિનંતી કરતા તા. ૨૦-૪-૧૯૬૫ના પત્રાંક આઇસીપીએસ-૧-૬૫ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—કૉર્પોરેટ સભ્યપદની વાર્ષિક ફી રૂા. ૨૫૦ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઇન્સ્ટિટ્યૂટનું સભ્યપદ સ્વીકારવું નહિ.

૪૯. સંસ્કૃત વિશ્વ પરિષદનું આઠમું અધિવેશન, બેંગ્લોર, મુકામે તા. ૧૦થી ૧૨ સપ્ટેમ્બર ૧૯૬૫ સુધી યોજાનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા પરિષદના માનદ મંત્રીશ્રીના તા. ૨૮-૭-૧૯૬૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. (કુમારી) એસ્થર સોલોમનની નિમણૂક કરવી.

૫૦. અખિલ ભારતીય માનસશાસ્ત્ર પરિષદનું પાંચમું અધિવેશન મદ્રાસ મુકામે તા. ૧થી ૪ ઑક્ટોબર ૧૯૬૫ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા "ધી મદ્રાસ સાયકૉલોજી સોસાયટી"ના ઉપપ્રમુખશ્રીના તા. ૨૩-૭-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૫૧. એક કૉલેજના આચાર્ય બીજી કોઈ કૉલેજમાં પૂર્વસ્નાતક અધ્યાપનકાર્ય કરી શકે કે કેમ તે અંગે નીતિવિધાયક નિર્ણય કરવા બાબત.

આથી કાર્યાલયને માર્ગદર્શન આપવામાં આવે છે કે, જો કોઈ કૉલેજમાં અમુક વિષય માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર શિક્ષકગણ પૂરતી સંખ્યામાં હોય તો વધારાના શિક્ષણકાર્ય માટે અપવાદરૂપે બીજી કોઈ કૉલેજના આચાર્ય તે કૉલેજમાં શિક્ષણકાર્ય કરવા માટે જતા હોય તો તેમાં વાંધો લેવો નહિ.

૫૨. અર્થશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપક પ્રાપ્ય ન થવાથી ખંડ સમયના પ્રાધ્યાપક તરીકે શ્રી. પી. એમ. શ્રીનિવાસાચારીની કરેલ નિમણૂકને મંજૂરી આપવાના એલ. એચ. સાયન્સ એન્ડ એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસાના આચાર્યશ્રીના તા. ૨૩-૭-૧૯૬૫ના પત્રાંક ૮૮૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અર્થશાસ્ત્રને મુખ્ય વિષય તરીકે શીખવવા માટે મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા નીચેની શરતોએ કરવા માટે પરવાનગી આપવી :

(૧) સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પીરિયડ સદરહુ કૉલેજમાં લેવાના રાખે, અને

(૨) સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યબોજ યુનિવર્સિટીનાં ધારાધોરણ કરતાં વધવા પામે નહિ.

(૩) જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપક નીમવાની બાંયધરી આપવામાં આવે, તથા

(૪) શ્રી. પી. એમ. શ્રીનિવાસાચારી સદરહુ કૉલેજ સહિત કુલ બે કૉલેજોથી વધુ કૉલેજમાં કાર્ય કરતા હોવા જોઈએ નહિ.

૫૩. અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતા શ્રી. ડી. પી. સોમપુરાની ટ્યૂટર તરીકેના અનુભવની ઊણપ માફ કરવા આર્ટ્સ કૉલેજ, સંખેડાના આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. સોમપુરા બી.એ. પાસ વર્ગ અને એમ.એ. પાસ વર્ગ ધરાવે છે. સિન્ડિકેટે તેની તા. ૧૧-૭-૧૯૬૪ની સભામાં તેમની અનુભવની ઊણપ માફ કરી એક વર્ષ પૂરતા અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે માન્ય કર્યા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. પી. સોમપુરાને સદરહુ કૉલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કામ કરવા માટે ફક્ત ચાલુ વર્ષ પૂરતી પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૫૪. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામમાં અર્થશાસ્ત્રના ખંડ સમયના પ્રાધ્યાપક તરીકે શ્રી. આર. એમ. પંચાલની કરેલી નિમણૂક માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. પંચાલ અમદાવાદ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજમાં અર્થશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપક તરીકે હાલમાં છે જ. પૂરા સમયના પ્રાધ્યાપક પ્રયત્નો કરવા છતાં પ્રાપ્ય ન હોવાથી આ વ્યવસ્થા કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અર્થશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે શીખવવા માટે મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા નીચેની શરતોએ કરવા માટે પરવાનગી આપવી :

(૧) સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પીરિયડ સદરહુ કૉલેજમાં લેવાના રાખે, અને

(૨) સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યભોજ યુનિવર્સિટીનાં ધારાધોરણો કરતાં વધવા પામે નહિ.

(૩) જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપક નીમવાની બાંયધરી આપવામાં આવે.

૫૫. સુરેન્દ્રનગર તબીબી રાહત મંડળ, સુરેન્દ્રનગરને ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૫-૬-૧૯૬૫ની સભામાં નીમેલ સ્થાનિક તપાસસમિતિના નીચે મુજબના અભિપ્રાય ઉપર વિચારણા કરવા બાબત:

"In our opinion, this institution should be recommended for Rotating Housemanship.

About four students could be easily sent there, 2 ladies, 2 gents, maximum five."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ હૉસ્પિટલને વધુમાં વધુ પાંચ વિદ્યાર્થીઓ(બે વિદ્યાર્થિનીઓ સહિત)ના હાઉસમૅનશિપ માટે માન્ય કરવી.

૫૬. ગુજરાત રાજ્યના ઉદ્યોગસંચાલક શ્રી. એસ. એમ. ધોપને વિનયન વિદ્યાશાખા હેઠળ આવતી નીચેના વિષયોની બે અભ્યાસસમિતિઓ આપવા અંગે વિચારણા કરવા બાબત :

૧. અર્થશાસ્ત્ર
૨. રાજ્યનીતિશાસ્ત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. એમ. ધોપને વિનયન વિદ્યાશાખામાં અર્થશાસ્ત્રની અભ્યાસસમિતિ તથા રાજ્યનીતિશાસ્ત્રની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૫૭. સરકારી ઑડિટના નીચેના વાંધા અંગે વિચારણા કરવા બાબત:

Para 6: Study-Leave granted to Dr. P. H. Prabhu.

Shri Prabhu is recognised U. G. C. Professor and as such the sanction of U. G. C. to claim 50% grants from U. G. C. as well as from State Government will be necessary. The requisite sanction may please be obtained to regularise the payment of grants.

(નોંધ.—ડૉ. પી. એચ. પ્રભુને અમેરિકા જવા માટે તા. ૨૩-૮-૧૯૬૧થી ૨૪-૬-૧૯૬૨ સુધી અભ્યાસ-રજા આપવામાં આવેલી અને આ રજા દરમિયાન તેમને સિન્ડિકેટની તા. ૮-૭-૧૯૬૧ની સભાના ઠરાવ પ્રમાણે મૂળ માસિક પગાર આપેલ, જેની પર યુનિવર્સિટીને યુ. જી. સી. તથા રાજ્ય સરકાર પાસેથી ગ્રાન્ટ મળે છે. સરકારી ઑડિટે તેના ૬૧-૬૨ના ઑડિટ રિપોર્ટમાં વાંધો

ઉદાહરણ તરીકે છે કે, ડૉ. પ્રભુ યુ. જી. સી.ના "રેકગ્નાઇઝ્ડ પ્રોફેસર" હોવાથી તેમને અમેરિકા ચાલુ પગારે અભ્યાસ-રજા આપવા માટે યુ. જી. સી.ની મંજૂરીની જરૂર છે. આ અંગે આપણે તેમને સિન્ડિકેટના તા. ૪-૧-૧૯૬૪ના ઠરાવ પ્રમાણે તા. ૧૬-૨-૧૯૬૪ના રોજ જવાબ આપેલ કે, સિન્ડિકેટે આ રજા મંજૂરી કરી હોવાથી યુ. જી. સી. કે રાજ્ય સરકારની કોઈ મંજૂરીની જરૂર નથી અને ગ્રાન્ટ માટે આવી જાણ કરવાની કોઈ શરત પણ નથી. તેમ છતાં ઑડિટ આપણા દૃષ્ટિબિંદુ સાથે સંમત નથી અને તેના તા. ૨-૭-૧૯૬૫ના પત્રથી યુ. જી. સી.ની મંજૂરી મેળવવા દબાણ કરે છે તો તેના આ ઉપર દર્શાવેલ વાંધા ઉપર વિચારણા કરવાની થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી ઑડિટરોને સ્પષ્ટ જણાવવું કે, યુનિવર્સિટી એ સ્વાયત્ત સંસ્થા છે અને તેના સેવકોને રજા આપવાની બાબતમાં તેને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન કે અન્ય કોઈ સંસ્થાની અનુમતિ મેળવવાની કોઈ આવશ્યકતા નથી, અને આ બાબતમાં વાંધો ઉઠાવવો તેને આ સભા યોગ્ય માનતી નથી.

૫૮. ઑર્ડિનન્સ ૬૨-ડીની પેટાકલમ ૧, ૨ અને ૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારો કરવા બાબત:

O. 62-D :

1. A Committee consisting of the Vice-Chancellor only to sanction all expenditure pertaining to the University upto Rs. 1,000/-
2. A Committee consisting of the Registrar only to sanction all expenditure pertaining to the University upto Rs. 200/-
3. A Committee consisting of the Dy. Registrar only to sanction all expenditure pertaining to the University upto Rs. 50/-.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૬૨-ડીની પેટાકલમ ૧, ૨ અને ૩ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી અને તેને તાત્કાલિક અમલમાં મૂકવી.

૫૯. ગુજરાત રાજ્ય ટૂંક સમયમાં નવી લોન બહાર પાડનાર હોઈ તેમાં નાણાં રોકવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ લોનમાં રોકવા માટે આ યુનિવર્સિટી નાણાં ફાજલ પાડી શકે તેમ નથી, તે મતલબનો જવાબ આપવો.

૬૦. તા. ૨૬-૭-૧૯૬૫ના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૬-૭-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૨૬-૭-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૭-૮-૧૯૬૫ના રોજ બંધ રાખવામાં આવ્યું અને તા. ૮-૮-૧૯૬૫ના રોજ સવારે ૯-૦૦ વાગ્યે બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૬૧. તા. ૪-૮-૧૯૬૫ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૪-૮-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૪-૮-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૬૨. શ્રી. એન. ડી. છાયાની વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-ઝૂલોજીની જગ્યા પર શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૫૦થી રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં સિન્ડિકેટે તેની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભામાં ઠરાવ્યા પ્રમાણે નિમણૂક કરવામાં આવી છે. તેઓએ રૂા. ૩૫૦ના મૂળ માસિક પગારથી નીમવા માટે અરજીમાં જણાવ્યું હતું અને તેથી તેમને શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૫૦ના બદલે રૂા. ૩૫૦નો શરૂઆતનો મૂળ માસિક પગાર આપવા અંગે તેઓની તા. ૨૩-૭-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એન. ડી. છાયાને શ્રી. બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીમાં તેમને મળતા મૂળ પગારની માહિતી મગાવીને તેમનો મૂળ પગાર નક્કી કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

૬૩. વિજ્ઞાન વિદ્યાભવનના લેક્ચરર શ્રી. આર. સી. પટેલ હાલ અભ્યાસ-રજા પર હોવાથી હાલના ડેમોન્સ્ટ્રેટર શ્રી. એન. ટી. પરીખને સિન્ડિકેટે તેની તા. ૨૭-૮-૧૯૬૪ની સભામાં બાબત ૧૫થી તા. ૧-૯-૧૯૬૪થી તા. ૩૧-૮-૧૯૬૫ સુધી હંગામી ધોરણે લેક્ચરર નીમવાનું ઠરાવેલ છે અને શ્રી. પટેલ હાલ પરદેશથી પાછા ક્યારે આવશે તે નિશ્ચિત નથી. શ્રી. પરીખની હંગામી લેક્ચરર તરીકેની મુદત વધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. સી. પટેલની ખાલી પડેલી જગ્યાએ વિજ્ઞાન વિદ્યા-ભવનમાં લેક્ચરર શ્રી. એન. ટી. પરીખને, શ્રી. પટેલ તેમની જગ્યા પર પાછા આવે ત્યાં સુધી અગર તો ૧૪મી જૂન ૧૯૬૬ સુધી, જે તારીખ વહેલી હોય ત્યાં સુધી, ચાલુ રાખવા.

૬૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-સ્ટેટિસ્ટિક્સની જગ્યા માટે તા. ૭-૮-૧૯૬૫ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૭-૮-૧૯૬૫ની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૭-૮-૧૯૬૫ની ભલામણની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૬૫. યુનિવર્સિટી ગ્રંથાલયના મદદનીશ ગ્રંથપાલ શ્રી. ડી. એન. શુક્લ તા. ૪-૭-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી સ્ટે. ૧૯૩-એ પ્રમાણે તેમને ગ્રેચ્યુઇટી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ યુનિવર્સિટી ગ્રંથાલયમાં તા. ૬-૨-૧૯૫૬થી જોડાયા હતા અને તા. ૪-૭-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. એન. શુક્લને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ગ્રેચ્યુઈટીની રકમ આપવી.

૬૬. યુનિવર્સિટી ગ્રંથાલયના મદદનીશ ગ્રંથપાલ શ્રી. ડી. એન. શુક્લ તા. ૪-૭-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાના ફાળાની રકમની માગણીની તેમની તા. ૨૩-૭-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ ગ્રંથાલયમાં તા. ૬-૨-૧૯૫૬થી જોડાયા હતા અને તા. ૪-૭-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. એન. શુક્લને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તેમના ફાળા સહિત આપવી.

૬૭. સમાજવિદ્યા ભવનના સ્ટેનોગ્રાફર શ્રી. ડી. એ. ભાસ્કરને રૂા. ૧૮૦-૧૦-૨૨૦ ઇ.બી.-૧૦-૩૦૦ના પગારધોરણમાં તા. ૧-૭-૧૯૬૫થી એફિશિયન્સી બાર ઓળંગવા અંગે પરવાનગી આપવા બાબત.

આથી સ્ટેનોગ્રાફર શ્રી. ડી. એ. ભાસ્કરને રૂા. ૧૮૦-૧૦-૨૨૦ ઇ.બી. ૧૦-૩૦૦ના પગારધોરણમાં તા. ૧-૭-૧૯૬૫થી "એફિશિયન્સી બાર" ઓળંગવા માટે મંજૂરી આપવી.

૬૮. યુનિવર્સિટીઓને રાજ્ય સરકારે નક્કી કરેલ મોંઘવારી ભથ્થાના દરો પ્રમાણે યુનિવર્સિટીઓના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું આપવા માટે ૧૯૬૫-૬૬થી બે વર્ષ માટે આ યુનિવર્સિટીની બ્લોક ગ્રાન્ટમાં રૂા. ૩૦,૦૦૦ની વધારાની ગ્રાન્ટ મંજૂર કરતા રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૨૨-૭-૧૯૬૫ના પત્રાંક યુ. એસ. જી. ૧૧૬૫-અ અંગે નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ગ્રાન્ટની સાભાર નોંધ લેવી.

૬૯. ડિપ્લોમા-ઇન-લેરિન્ગોલોજી એન્ડ ઓટોલોજી, ડિપ્લોમા-ઇન-મેડિકલ રેડિયોલોજી એન્ડ ઇલેકટ્રોલોજી અને ડિપ્લોમા-ઇન-ટ્યૂબરકયુલોસિસનાં પદવી પ્રમાણપત્રોના મુસદ્દા મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રમાણપત્રોનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ મુસદ્દાઓની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૭૦. ડિપ્લોમા-ઇન-લાઇબ્રેરી સાયન્સના પદવી પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ મુસદ્દાની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૬૧. અગાઉ બી.કૉમ.ની પરીક્ષા પાસ કર્યાના આધારે ઑ. ૧૬૪ મુજબ બી.એ.ની પરીક્ષામાં બેસવા દેવામાં આવેલ વિદ્યાર્થીઓ પૈકી (૧) જેઓએ ઇન્ટર આર્ટ્સની કે ફર્સ્ટ બી.એ.ની પ્રશિષ્ટ ભાષાની પરીક્ષા પાસ કરી હોય અને હવે ફક્ત બી.એ.ની પરીક્ષામાં પાસ થવાનું બાકી હોય તેમને બી.એ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં કયાં સુધી બેસવા દેવા તે અંગે વિચારણા કરવા બાબત. (૨) બી.એ.ની પરીક્ષાનું જેમનું પરિણામ ઑ. ૧૨૭ મુજબ ઇન્ટર આર્ટ્સની કે ફર્સ્ટ બી.એ.ની પ્રશિષ્ટ ભાષાની પરીક્ષા પાસ નહિ કરવાના કારણે અનામત હોય તેમને હવે ઇન્ટર આર્ટ્સની જૂના અભ્યાસક્રમની પરીક્ષા લેવાનું બંધ થયું હોવાથી ફર્સ્ટ બી.એ.ના ફરજિયાત પ્રશિષ્ટ ભાષાના પ્રશ્નપત્રમાં કયાં સુધી બેસવા દેવા તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ અંગે સિન્ડિકેટે તેની તા. ૪-૭-૧૯૬૫ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

(૧) સદરહુ વિદ્યાર્થીઓને બી.એ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા ચાલુ હોય ત્યાં સુધી તેમને એફ.વાય.બી.એ.માં પ્રશિષ્ટ ભાષાના વિષયમાં બેસવાની પરવાનગી આપવાનું ચાલુ રાખવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓને ફર્સ્ટ બી.એ.ના ફરજિયાત પ્રશિષ્ટ ભાષાના પ્રશ્નપત્રમાં હવે બે વખત બેસવા માટે તક આપવી.

ઉપરોક્ત ઠરાવમાં બાબત નં. ૧ અંગે અસ્પષ્ટતા રહે છે તો તેમાં જૂના અભ્યાસક્રમની પરીક્ષા બી.એ.ની પરીક્ષા ચાલુ હોય ત્યાં સુધી આવા વિદ્યાર્થીઓને બેસવા દેવા પણ ત્યાર પછી આ વિદ્યાર્થીઓને બેસવા દેવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.]

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભામાં ઉપરનો ઠરાવ નં. ૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

(૧) સદરહુ વિદ્યાર્થીઓને બી.એ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા ચાલુ હોય ત્યાં સુધી તેમને એફ.વાય.બી.એ.માં પ્રશિષ્ટ ભાષાના વિષયમાં બેસવાની પરવાની આપવાનું ચાલુ રાખવું અને તે પછી તે વિદ્યાર્થીઓને એફ.વાય.બી.એ.માં પ્રશિષ્ટ ભાષાના વિષયમાં બેસવાની પરવાનગી આપવાનું બંધ કરવું.

૭૨. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના અનુસ્નાતક અભ્યાસક્રમો જૂન ૧૯૬૬થી ભાગ ૧ અને ભાગ ૨ એમ વિભાગીકરણ થઈ અમલી બનનાર હોવાથી સિન્ડિકેટે તેની તા. ૩-૭-૧૯૬૫ની સભામાં સુધારેલા અનુસ્નાતક નિયમો ક્રમાંક ૨૩(ઈ), ૩૪, ૩૭ અને નવો ઉમેરેલ અનુસ્નાતક નિયમ ક્રમાંક ૨૩-એફ કયારથી અમલી બનાવવા તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટે તેની તા. ૩-૭-૧૯૬૫ની સભામાં સુધારેલા અનુસ્નાતક નિયમો ક્રમાંક ૨૩(ઈ), ૩૪, ૩૭ અને નવો ઉમેરેલ અનુસ્નાતક નિયમ ક્રમાંક ૨૩-એફ નો અમલ તા. ૧૫મી જૂન ૧૯૬૬થી કરવાનું રાખવું.

૬૩. શ્રી. પી. એચ. જેઠવાના 'રાજકોટની ભીલ કોમ'—એ શીર્ષક નીચેના સમાજશાસ્ત્ર વિષય પરના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ પર આવેલા ત્રણે રેફરીઓના અહેવાલો પરત્વે વિચારણા કરી નિર્ણય લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પી. એચ. જેઠવાનો સદરહુ વિષય પરનો મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકારવો, અને તેમને પીએચ.ડી. પદવી માટે પાત્ર ગણવા.

૭૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના મંત્રી શ્રી કે. એલ. જોશી તરફથી આવેલા તા. ૨૯-૭-૧૯૬૫ના પત્રાંક ડી.ઓ.એફ. ૩૪-૪૬. ૬૪ (એસ. આઈ.)ના સૂચવ્યા પ્રમાણે ૧૯૬૬ના વર્ષમાં કયા કયા વિષયો માટેની ગ્રીષ્મ શાળાઓ-પરિસંવાદો યોજવા તે બાબતે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના વિષયો પર પરિસંવાદો યોજવા માટે પ્રસ્તાવ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિસંવાદોના સંચાલકો તરીકે તેમનાં નામ સામે જણાવેલ સભ્યોનાં નામ સૂચવવાં અને તેમને પરિસંવાદોની યોજના અને ખર્ચનો અંદાજ તૈયાર કરવા માટે સૂચના આપવી :

૧. ભૌતિકવિજ્ઞાન	—	શ્રી. પી. ડી. પાઠક
૨. રસાયણવિજ્ઞાન	—	ડૉ. બી. કે. વૈદ્ય
૩. ગણિતશાસ્ત્ર	—	ડૉ. પી. સી. વૈદ્ય
૪. જીવાણુશાસ્ત્ર (બાયોલોજી)	—	પ્રો. જે. જે. ત્રિવેદ
૫. મૅનેજરિયલ ઇકોનોમિક્સ	—	પ્રો. બી. આર. શિવાય
૬. પ્રાયોગિક મનોવિજ્ઞાન	—	ડૉ. પી. એચ. પ્રભુ
૭. શિક્ષણપદ્ધતિ (ટીચિંગ મેથોડોલોજી)	—	ડૉ. જે. પી. દવે
૮. રાજ્યનીતિશાસ્ત્ર	—	પ્રો. ડી. એન. પાઠક.

૭૫. અતિથિગૃહના બાંધકામના સ્થપતિ શ્રી. આર. કે. ચોકસી સાથે કરારનામું કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થપતિ શ્રી. આર. કે. ચોકસીએ કરારનામામાં નીચે પ્રમાણે ફેરફાર સૂચવ્યા છે :

'The Architect shall be totally responsible for construction of Project' (શ્રી. એચ. સી. પટેલના કરારનામામાં છે) ને બદલે "The Architect shall be responsible for the construction of the project excluding responsibility for structural design thereof"]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કરારનામાના મુસદ્દામાં સ્થપતિ શ્રી. આર. કે. ચોકસીએ સૂચવેલો ઉપરનો સુધારો મંજૂર કરવો, તથા તે પર સહી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૭૬. ત્રીજી પંચવર્ષીય યોજના ૩૧મી માર્ચ ૧૯૬૬ના રોજ પૂરી થતી હોઈ તે દરમિયાન યુનિવર્સિટીનાં બધાં કામો પૂરાં કરવા માટે તથા થયેલ મકાનોમાં અમુક સુધારા

વધારાનાં કામોને લીધે, ચાલુ વર્ષના અંદાજપત્રમાં આ સાથેની યાદી પ્રમાણે વધારાના જરૂરી ખર્ચનો પ્રબંધ (બજેટ પ્રોવિઝન) કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષના અંદાજપત્રમાં આ સાથેની યાદી પ્રમાણે વધારાના ખર્ચનો પ્રબંધ કરવો.

(સદરહુ વધારાના ખર્ચની યાદી પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૭૭. તા. ૩/૪-૭-૧૯૬૫ની સિન્ડિકેટની સભામાં થયેલ ઠરાવ પ્રમાણે યુનિવર્સિટીનાં પ્રકાશનોને અવલોકનાર્થે મોકલવા યોગ્ય સામયિકોની પસંદગી કરવા માટે પુનર્વિચારણા કરવા બાબત :

કાર્યાલયની નોંધ

(૧) સિન્ડિકેટની તા. ૫/૬-૧૧-૧૯૬૦ના રોજ નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો હતો :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં ગુજરાતી પ્રકાશનો નીચે જણાવેલી સંસ્થાઓ તથા સામયિકોને અવલોકન માટે મોકલવાં :

(૧) ગુજરાતની યુનિવર્સિટીઓ
(૨) ગુજરાતી સાહિત્ય પરિષદ
(૩) બો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ
(૪) ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન
(૫) 'માનસી' — પ્રકાશન બંધ પડેલ છે.
(૬) 'સંસ્કૃતિ'
(૭) 'નવજીવન' — પ્રકાશન બંધ પડેલ છે.

(૨) તા. ૨૧-૬-૧૯૬૫ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિ ઉપરોક્ત યાદીમાં 'ગ્રંથ' સામયિકનો સમાવેશ કરવા ભલામણ કરે છે.

સામયિકોની પસંદગીમાં નીચેનાંનો પણ સમાવેશ થઈ શકે :

(૧) 'બુદ્ધિપ્રકાશ', (૨) 'પુસ્તકાલય', (૩) 'સ્વાધ્યાય', (૪) શ્રી ફાર્બસ ગુજરાતી સભા, ત્રૈમાસિક, (૫) ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક, (૬) શારદા વિદ્યાપીઠ પત્રિકા, (૭) 'મિલાપ', (૮) 'રુચિ', (૯) 'મોડર્ન રિવ્યૂ', (૧૦) ગુજરાત સાહિત્ય સભાના સભાક્ષકને, (૧૧) 'ગુજરાત સમાચાર' — સાહિત્ય વિભાગ, (૧૨) 'સંદેશ' — સાહિત્ય વિભાગ, (૧૩) 'જન્મભૂમિ' — સાહિત્ય વિભાગ, (૧૪) 'સત્યાગ્રહ', (૧૫) 'ઊર્મિ અને નવરચના', (૧૬) 'કુમાર', (૧૭) 'નવચેતન', (૧૮) 'પ્રસ્થાન', (૧૯) 'અખંડ આનંદ'.

આથી ઠરાવવામાં આવે છે કે, હવે પછીનાં યુનિવર્સિટીનાં પ્રકાશનો નીચેની સંસ્થાઓ તથા સામયિકોને મોકલી આપવાનું રાખવું :

સંસ્થાઓ

૧. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓ
૨. ગુજરાતી સાહિત્ય પરિષદ

૩. બો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ
૪. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત
૫. ગુજરાત સાહિત્ય સભા (સમીક્ષકને)

સામયિકો

૧. 'સંસ્કૃતિ'
૨. 'ગ્રંથ'
૩. 'બુદ્ધિપ્રકાશ'
૪. 'પુસ્તકાલય'
૫. 'સ્વાધ્યાય'
૬. શ્રી. ફાર્બસ ગુજરાતી સભા, ત્રૈમાસિક
૭. ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક
૮. શારદા વિદ્યાપીઠ પત્રિકા
૯. 'મિલાપ'
૧૦. 'રુચિ'
૧૧. 'મોડર્ન રિવ્યૂ'
૧૨. 'સત્યાગ્રહ'
૧૩. 'ઊર્મિ અને નવરચના'
૧૪. 'કુમાર'
૧૫. 'નવચેતન'
૧૬. 'પ્રસ્થાન'
૧૭. 'અખંડ આનંદ'

વર્તમાનપત્રો

૧. 'ગુજરાત સમાચાર'
૨. 'સંદેશ'
૩. 'જનસત્તા'–'લોકસત્તા' (તેમનું મુખ્ય કાર્યાલય)
૪. 'પ્રભાત'
૫. 'ગુજરાત મિત્ર'
૬. 'પ્રતાપ'
૭. 'જયહિંદ' (અમદાવાદ અને રાજકોટનું મુખ્ય કાર્યાલય)
૮. 'સૌરાષ્ટ્ર સમાચાર'.

૭૮. "ગુજરાતી સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ તૈયાર કરવા અંગે રજૂ કરેલ યોજનાના સંદર્ભમાં તા. ૫-૬-૧૯૬૫ની સિન્ડિકેટની સભામાં થયેલ ઠરાવ મુજબ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસે આર્થિક સહાયની માગણી કરતાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન કશી આર્થિક સહાય આપી શકે તેમ નથી તેમ જણાવતાં સદરહુ યોજના અંગે ફેરવિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ પ્રકાશનનાં આશરે ૨ ડેમી કદનાં ૧૬૦૦ પાનાં થશે અને તેની ૧૦૦૦ નકલ છાપવા વગેરેનો અંદાજી ખર્ચ રૂા. ૩૦,૦૦૦ જેટલો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કામ ગુજરાતી સાહિત્ય પરિષદ હાથ ધરવાની છે, તે જોતાં યુનિવર્સિટીએ તે હાથ ધરવાની જરૂર રહેતી નથી.

૭૬. નીચેના વિદ્યાર્થીના મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી.ની પદવી માટે સ્વીકારવામાં આવ્યો હોવાનું જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
શ્રી. ભટ્ટ પી. એન.	"પ્રાચીન ભારતીય સંસ્કૃતિ"	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની, ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમ અંગેની આર્થિક સહાયની યોજના હેઠળ, આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલી કૉલેજોને અનાવર્તક તેમ જ ૧૯૬૪-૬૫ના વર્ષ માટે આ અભ્યાસક્રમને અનુલક્ષીને નીમવામાં આવેલા વધારાના શિક્ષકગણ અંગેના વધારાના ખર્ચની તે વર્ષ પૂરતે આવર્તક ગ્રાન્ટ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૮. ફર્સ્ટ બી.એ.માં એ.ટી.કે.ટી. મળ્યાના આધારે સેકન્ડ બી.એ.માં ચાલુ વર્ષે નિયમિત વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરતા શ્રી. ટંડેલ ભાણાભાઈ મગનલાલને ઑક્ટોબર ૧૯૬૫ની ફર્સ્ટ બી.એ. એક્સ્ટર્નલ પરીક્ષામાં બેસવા દેવાની પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૭૯. પહેલી એમ.બી.,બી.એસ.ના જૂના અભ્યાસક્રમ મુજબ દાખલ થઈને એપ્રિલ ૧૯૬૪માં જે વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હોય તેવા વિદ્યાર્થીઓને બીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં તા. ૧-૫-૧૯૬૫ના સિન્ડિકેટના ઠરાવ અનુસાર ઑક્ટોબર ૧૯૬૫ને બદલે એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષામાં બેસવા દીધા છે તો તેમને તેમ કરવા માટે પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૩. ૨૬-૬-૧૯૬૫ના રોજ મળેલ મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની નીચેની ભલામણો :

"(૧) વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુવક મહોત્સવ યોજવા માટે આ સાથે જોડેલા પરિશિષ્ટ પ્રમાણેનો ખર્ચ મંજૂર કરવા તથા તે પ્રમાણેનો ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ વિભાગના મંત્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, આંતર-વિભાગીય યુવક મહોત્સવ યોજવા અંગેનાં પગલાં લેવાની તથા જરૂર જણાય તો કુલ ખર્ચની મર્યાદામાં રહીને જરૂર પ્રમાણે ખર્ચની ફાળવણી (રિ-એપ્રોપ્રિયેટ) એક મથાળેથી બીજા મથાળે કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૯-૭-૧૯૬૫ની સભાની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૮૪. તા. ૨૯-૭-૧૯૬૫ના રોજ મળેલ મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની બેઠકની નીચેની ભલામણો :

"૩ (૧) આથી ઠરાવવામાં આવે છે કે, દિવાળીની અને/અથવા નાતાલની રજાઓમાં ૬૦થી ૭૦ ભાઈઓનો એક તથા શક્ય હોય તો બહેનોનો એક જુદો પર્વતારોહણ શિબિર યોજવો.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ પર્વતારોહણ શિબિરો અંગે સઘળાં જરૂરી પગલાં લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી અને આ સાથે જોડેલ પરિશિષ્ટમાં રજૂ કરેલ ખર્ચની વિગતો મંજૂર કરવાનું અને તે ખર્ચ અંદાજપત્રમાં શિબિરો અંગે મંજૂર થયેલ રકમની મર્યાદામાં રહીને કરવાની સત્તા યુવક કલ્યાણ વિભાગના મંત્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે, એરિયા સમિતિઓને યુનિવર્સિટી કાર્યાલય તરફથી બધી કૉલેજોને મોકલવામાં આવેલ ભારત સરકારની યોજના મુજબ ઑક્ટોબર તથા ઉનાળાની રજાઓમાં શ્રમશિબિર યોજવા જણાવવું અને આ માટે દરેક વિભાગના પ્રમુખને અંગત રસ લેવા જણાવવું તથા ભારત સરકારની ગ્રાન્ટ મેળવવા નિયત કરેલ આવેદનપત્ર પર અરજી કરી ભારત સરકારને વેળાસર મોકલી શકાય તે પ્રમાણે એરિયા સમિતિ અથવા કૉર્ડ કૉલેજ આવો શ્રમશિબિર કરે તો તેને આર્થિક મદદ સિન્ડિકેટે નક્કી કરેલ નિયમ પ્રમાણે તે અંગે મંજૂર કરેલ બજેટમાંથી આપવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, અધ્યાપકો માટે યુવક-નેતા-તાલીમ-શિબિર દિવાળી કે નાતાલમાં અનુકૂળ સમયે યોજવો અને તે માટે ભારત સરકાર પાસેથી આર્થિક સહાયની માગણી કરવી અને તે અંગે જરૂરી પગલાં લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા માટે અને આ સાથે જોડેલ અંદાજી ખર્ચ પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ વિભાગના મંત્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૫) વધુમાં ઠરાવવામાં આવે છે કે, આવા સાઇકલ પ્રવાસ, હાઇકિંગ, ટ્રેકિંગ વગેરે માટેની યોજના ખર્ચની વિગતો સાથે યુનિવર્સિટીને મોકલવામાં આવે તો તેના ખર્ચ પેટે ખરેખર ખર્ચ જે થાય તેના ૩૩ ટકા પણ વધુમાં વધુ રૂા. ૨૫૦ સુધી આર્થિક સહાય આપવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા માટે અને આ માટેનો ખર્ચ શિબિરો અંગેના ખર્ચ માટે જે અંદાજપત્રમાં જોગવાઈ છે તેમાંથી કરવાનું મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૬) વધુમાં ઠરાવવામાં આવે છે કે, કોઈ વિભાગ આવી સાગરસફર યોજવાનું નક્કી કરે તો તેની યોજના ખર્ચની વિગતો સાથે યુનિવર્સિટીને અગાઉથી મોકલે તો તેનો જે ખરેખર ખર્ચ થાય તેના ૫૦ ટકા સુધીના ખર્ચની આર્થિક સહાય આપવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા માટે અને અંદાજપત્રમાં શિબિરો અંગેનો જે ખર્ચ છે તેમાંથી મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૯-૭-૧૯૬૫ની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૮૫. તા. ૨૯-૭-૧૯૬૫ના રોજ મળેલ મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની બેઠકની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, કૉલેજોના અધ્યાપકોનો રેડિયોપ્લે માટેનો તાલીમ શિબિર યોજવાનું સૂચન મંજૂર કરવું અને કોઈ અનુકૂળ સ્થળે આઠેક દિવસનો તાલીમ શિબિર યોજવો, અને તે માટે જરૂરી સઘળાં પગલાં લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવા માટે અને તે અંગેના આશરે રૂા. ૩,૦૦૦ના થનાર ખર્ચ જેની વિગત પરિશિષ્ટ તરીકે સામેલ છે તે બજેટમાં શિબિરો અંગેની જોગવાઈમાંથી મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૯-૭-૧૯૬૫ની ઉપરની ભલામણો મંજૂર કરવી નહિ.

૮૬. યુનિવર્સિટીની આર્થિક મદદથી હિમાલયમાં બરફમાં ચઢવા-ઊતરવાની, મનાલી તેમ જ દાર્જિલિંગની પર્વતારોહણ તાલીમની સંસ્થામાં તાલીમ લઈ આવેલા ભાઈઓ તેમ જ બહેનોની બે ટુકડીઓએ હિમાલયના આશરે ૨૨૦૦૦ ફૂટ ઊંચાં કોઈક શિખરો પર અલગ અલગ એક્સ્પેડિશન લઈ જવાની યોજના રજૂ કરી છે તે ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પર્વતારોહણની સદરહુ યોજનાને યુનિવર્સિટી ઉત્તેજનપાત્ર ગણે છે તેમ જણાવી ભારત સરકારને તે માટે જરૂરી આર્થિક અને અન્ય પ્રકારની મદદ તથા વ્યવસ્થા કરવા બાબતમાં ઘટતું લખાણ કરવું.

૮૭. ત્રિવાર્ષિક અભ્યાસક્રમના માળખાને અનુલક્ષીને જૂન ૧૯૬૬થી અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ફેરફાર કરી ભાગ ૧ અને ભાગ ૨ પ્રમાણે અનુક્રમે ૧૯૬૭ અને ૧૯૬૮થી પરીક્ષાઓ લેવામાં આવનાર હોઈ (૧) શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકો અગર મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવાના નિયમોમાં તથા (૨) અનુસ્નાતક નિયમોમાં જરૂરી સુધારાવધારા કરવાના થતા હોઈ એક સમિતિ નીમવાના કાર્યાલયના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલી આપવી.

૮૮. માનસશાસ્ત્ર (રૂઢિ.) વિષય માટે પૂરા સમયના પ્રાધ્યાપક પ્રાપ્ય ન થવાથી ચાલુ સાલ પૂરતા ખંડ સમયના (મુલાકાતી) પ્રાધ્યાપક તરીકે પ્રો. આર. ડી. મુન્શીની નિમણૂક

માન્ય કરવા માટે નવગુજરાત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના તા. ૩-૮-૧૯૬૫ના પત્રાંક ૩૧૬થી આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. ડી. મુન્શીને માનસશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે શીખવવા માટે સદરહુ કૉલેજમાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકે નીચેની શરતોએ કામ કરવા માટે પરવાનગી આપવી :

(૧) સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પીરિયડ સદરહુ કૉલેજમાં લેવાનું રાખે,

(૨) સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યબોજ યુનિવર્સિટીનાં ધારાધોરણો કરતાં વધવા પામે નહિ. અને

(૩) જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવાનો બાંયધરી આપવામાં આવે.

૯૯. સ્વામી ભગવતાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદને જૂન ૧૯૬૬થી થર્ડ બી.એ. સુધીના અભ્યાસક્રમ શીખવવા માટેનું ચાલુ જોડાણ તથા વિજ્ઞાનની વિદ્યાશાખાનું વધારાનું જોડાણ આપવા અંગે સદરહુ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી તરફથી આવેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—નવી (વિજ્ઞાનની) વિદ્યાશાખામાં જોડાણ અંગેની અરજી ઑ. ૧૨૦ હેઠળ જ સમયમર્યાદાની બહાર છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને વિજ્ઞાન વિદ્યાશાખાનું વધારાનું જોડાણ આપવાની અરજી પર વિચારણા કરી શકાય, પણ ઑર્ડિ. ૧૨૦ હેઠળ વિજ્ઞાન વિદ્યાશાખા માટે વધારાના જોડાણ અંગે વિચારણા કરી શકાય નહિ, તે લક્ષમાં લઈને ફક્ત વિનયન વિદ્યાશાખાના વધારાના જોડાણ માટે તપાસ કરીને રિપોર્ટ કરવા માટે સમિતિ નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૯૦. ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક એટલે કે જૂન ૧૯૬૫થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ન્યુમેરિકલ ઍનાલિસિસ વિષય યોગ્ય રીતે શીખવવા માટે ટી.વાય.બી.એ., બી.એસસી.માં મૅથેમેટિક્સ મુખ્ય વિષય તરીકે શીખવતી દરેક કૉલેજ પાસે ઓછામાં ઓછું એક કૅલ્કયુલેટિંગ મશીન હોવું અનિવાર્ય છે, એવું આ મૅથેમેટિક્સ બોર્ડ માને છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯૧. રેગ્યુલેશન (ટ્રાન્ઝિટરી) સાયન્સ ૧૫-એ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા તાત્કાલિક અમલમાં મૂકવા માટે ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભામાં કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

"R. (Trans.) Sc. 15-A :

Those of the successful candidates who appear at Third B.Sc. Examination after passing Inter Science Examination and B.Sc.

(Subsi.) Examination shall be awarded the class as per the following formula :

1. Marks obtained in optional papers of Third Year Examination, i.e., out of .. 600 marks
2. Percentage of marks obtained in optional papers of Inter Science Examination .. 100 marks
3. Percentage of marks obtained in optional paper of old B.Sc. (Subsi.) Examination .. 100 marks

Total 800 marks"

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. ૧૫-એ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૯૨. રેગ્યુ. ૧૮ તથા રેગ્યુ. આર્ટ્સ-૨નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"Cooking of vegetarian dishes shall be compulsory while cooking of non-vegetarian dishes shall be voluntary."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. ૧૮ તથા રેગ્યુ. આર્ટ્સ-૨નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને ૧૯૬૬ના જૂનની પરીક્ષાથી અમલમાં મૂકવો.

૯૩. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની ભલામણ મુજબ નવો ઘડેલો રેગ્યુ. ન્યૂ ૧-એ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા વિચારણા કરવા બાબત :

"R. New 1-A :

A student who has passed in all heads of passing but three at the First Examination in Engineering and has obtained a minimum of 45 per cent of marks in the aggregate will be permitted to keep terms and appear for the Second Examination in Engineering, but will not be declared to have passed the Second Examination in Engineering until he has passed in the subject of which the head of passing concerned is a part at the First Year Examination in Engineering."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર મુજબનો રેગ્યુ. ન્યૂ. ૧-એ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૬૪. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૨૦-૬-૧૯૬૫ની સભાની ભલામણ મુજબ ઓ. આર્ટ્સ-૪ નીચે મુજબ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા વિચારણા કરવા બાબત :

"O. Arts-4

Notwithstanding anything contained in the O. Arts 2, a candidate who has passed the Pre-University Science or the Pre-University Commerce Examination of this University *or an examination recognised as equivalent thereto* may be permitted at his option, to enter on a course for the First B.A. Examination, provided that he passes before 31st July of the academic year concerned a Test in a Classical Language or a Modern European Language to the satisfaction of the Principal of the college he intends to join. Such a candidate shall at his risk, be permitted provisionally to attend the courses of instruction for the First B.A. Examination from the beginning of the term in June."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. આર્ટ્સ-૪ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૬૫. પ્રાણીવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૮-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા અને તે અનુસાર રેગ્યુલેશન સાયન્સ-૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૨૦-૬-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વિજ્ઞાન વિદ્યાશાખાએ સૂચવેલા બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી.ના માળખા પ્રમાણે ઝૂલોજી વિષયના પ્રશ્નના ૩થી ૧૦નો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે તે પર એસ.વાય.બી.એસસી.ના સમગ્ર અભ્યાસક્રમના આ સભાના એજન્ડા પર રજૂ કરવામાં આવેલી બાબતો લક્ષમાં લઈને સૌપ્રથમ એ મુદ્દો ચર્ચવામાં આવ્યો કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર એસ.વાય.બી.એસસી.ના અને ટી.વાય.બી.એસસી.ના અભ્યાસક્રમો સુધારવા ખરા ?

(૧) ચર્ચાવિચારણાને અંતે વધુમતે ઠરાવવામાં આવ્યું કે, એસ.વાય.બી.એસસી.ના અને ટી.વાય.બી.એસસી.ના અભ્યાસક્રમો એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર સુધારવા.

તે પછી બીજો મુદ્દો એ રજૂ થયો કે, એસ.વાય.બી.એસસી. અને ટી.વાય.બી.એસસી.ના અભ્યાસક્રમનો અમલ કયારથી કરવો.

(૨) ચર્ચાવિચારણાને અંતે વધુમતે ઠરાવવામાં આવ્યું કે, એસ.વાય.બી.એસસી.ના સુધારેલા અભ્યાસક્રમો ચાલુ વર્ષથી અમલમાં આવે તે રીતે મંજૂર કરવા, અને ટી.વાય.બી.એસસી.ના સુધારેલા અભ્યાસક્રમો જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવા અને તે પ્રમાણે રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫ના સંબંધકર્તા ભાગ સુધારવા અને તેને ઉપર નં. (૧) અને (૨)માં જણાવ્યા પ્રમાણે અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫ના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૯૬. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૬-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા અને તે અનુસાર રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-'૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) સેકન્ડ ઇયર બી.એસસી.ના બોટની વિષયના ત્રણ પ્રશ્નપત્રો અને ત્રણ પ્રૅક્ટિકલ્સ તથા થર્ડ ઇયર બી.એસસી.ના પાંચ પ્રશ્નપત્રો અને ચાર પ્રૅક્ટિકલ્સનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવો.

(૨) સેકન્ડ ઇયર અને થર્ડ ઇયર બી.એસસી.ના પ્રશ્નપત્રો અને પ્રૅક્ટિકલ્સ માટે માર્કસનું વિભાગીકરણ નીચે મુજબ રાખવું :

S.Y.B.Sc.	*Internal*	*External*	*Duration of Exam.*
Papers III & IV			
Theory : 2 papers	40	80 (40 each)	2 hours each
2 practicals	20	60 (30 each)	5 hours each
Paper V			
Theory	20	40	2 hours
1 practical	10	30	5 hours
Third B.Sc.			
Theory : 5 papers			
(Papers VI to X)	100	200 (40 each)	2 hours each
4 practicals	50	150	5 hours each."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી, અને તે અનુસાર રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેનો અમલ બાબત નં. ૯૫ના(૧) અને (૨)માં જણાવ્યા પ્રમાણે કરવો.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫ના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૯૭. કીટાણુવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૬-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા અને તે અનુસાર રેગ્યુ. ૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"સેકન્ડ અને થર્ડ બી.એસસી. માઇક્રોબાયોલોજી વિષયની પરીક્ષાનો સુધારેલો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી, અને તે અનુસાર રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેનો અમલ બાબત નં. ૯૫ના (૧) અને (૨)માં જણાવ્યા પ્રમાણે કરવો.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫ના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૯૮. ભૂગોળની અભ્યાસસમિતિની તા. ૮-૭-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા અને તે અનુસાર રેગ્યુ. આર્ટ્સ-૭ અને ૧૨નો સંબંધકર્તા ભાગ સુધારવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

"સેકન્ડ બી.એસસી. અને થર્ડ બી.એસસી. ભૂગોળ વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી, અને તે અનુસાર રેગ્યુ. આર્ટ્સ-૭ અને ૧૨નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેનો અમલ બાબત નં. ૯૫ના (૧) અને (૨)માં જણાવ્યા પ્રમાણે કરવો.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૭ અને ૧૨ના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૯૯. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૬-૭-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા અને તે અનુસાર રેગ્યુલેશન સાયન્સ-૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"સેકન્ડ બી.એસસી.ની પ્રાયોગિક પરીક્ષા માટે હાલ જે બે કલાકનો સમય આપવામાં આવે છે તે અપૂરતો હોઈ પ્રત્યેક પ્રયોગ માટે ત્રણ કલાકનો સમય રાખવો અને આ ફેરફાર માર્ચ ૧૯૬૬ની પરીક્ષાને પણ લાગુ પાડવામાં આવે એવી ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી, અને તે અનુસાર રેગ્યુ. આર્ટ્સ-૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેનો અમલ બાબત નં. ૯૫ના (૧) અને (૨)માં જણાવ્યા પ્રમાણે કરવો.

૧૦૦. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૬-૭-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા તથા તે પ્રમાણે રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"વિજ્ઞાન વિદ્યાશાખાએ સૂચવેલા બાળખા પ્રમાણે તૈયાર કરેલ બીજા અને ત્રીજા વર્ષ બી.એસસી.ના ફિઝિકસ વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી, અને તે અનુસાર રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેનો અમલ બાબત નં. ૯૫ના (૧) અને (૨)માં જણાવ્યા પ્રમાણે કરવો.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫ના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૧૦૧. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૫-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા અને તે પ્રમાણે રેગ્યુલેશન સાયન્સ-૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા.૨૯/૨૦-૭-'૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"(૧) હાલ સેકન્ડ બી.એસસી.માં બે પ્રશ્નપત્ર ૩ અને ૪ હોઈ થર્ડ બી.એસસી નો પ્રશ્નપત્ર ૫ સેકન્ડ બી એસસી.માં મૂકવો. એટલે સેકન્ડ બી.એસસી.માં પ્રશ્નપત્ર ૩, ૪ અને ૫ રહેશે અને થર્ડ બી.એસસી.માં પ્રશ્નપત્ર ૬, ૭, ૮, ૯ અને ૧૦ રહેશે. સેકન્ડ અને થર્ડ બી.એસસી.ના પ્રૅક્ટિકલ્સના માર્ક્સનું વિભાગીકરણ પણ સુધારવામાં આવ્યું.

(૨) સેકન્ડ અને થર્ડ બી.એસસી.ના પરીક્ષાના પ્રશ્નપત્રો તથા પ્રૅક્ટિકલ્સના માર્ક્સનું વિભાગીકરણ નીચે મુજબ રાખવું:

Second B Sc.	*Internal*	*External*	*Duration of Exam.*
Papers III, IV & V	60	120 (40 each)	Two hours each
Practicals	30	90	
Third B.Sc.			
Papers VI to X	120	200 (40 each)	Two hours each
Practicals	50	150	3 days, 6 hours each day."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી અને તે અનુસાર રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેનો અમલ બાબત નં. ૯૫ના (૧) અને (૨)માં જણાવ્યા પ્રમાણે કરવો.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫ના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૧૦૨. ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા તથા તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"(૧) એફ.વાય.બી.એસસી. અને એફ.વાય.બી.એ.નો મૅથેમેટિક્સનો અભ્યાસક્રમ હાલ જે છે તે ચાલુ રાખવો.

(૨) સેકન્ડ ઇયર બી.એ. અને સેકન્ડ ઇયર બી.એસસી.ના મૅથેમેટિક્સ વિષય માટે નીચે પ્રમાણે ત્રણ પ્રશ્નપત્રો રાખવા :

Paper III : Calculus and Algebra

Paper IV : Analytical Solid Geometry and Differential Equations.

આ પ્રશ્નપત્રોનો વિગતવાર અભ્યાસક્રમ હાલ જે છે તે જ ચાલુ રાખવો.

Paper V : Principles of Machines.

અભ્યાસક્રમ હાલના થર્ડ ઇયર બી.એસસી.ના પ્રશ્નપત્ર ૫ માટે જ નિયત કર્યો છે તે પ્રમાણે રાખવો. ત્રીજા વર્ષ બી.એ. અને બી.એસસી. માટે નીચે મુજબના પાંચ પ્રશ્નપત્રો રાખવા. પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ હાલ છે તે જ ચાલુ રાખવો :

Paper VI : Numerical Mathematics
Paper VII : Algebra & Theory of Differential Equations
Paper VIII : Analytical Geometry
Paper IX : Analysis
Paper X : Electricity and Magnetism or Spherical Astronomy.

[Papers VI, VII, VIII and IX માટેના અભ્યાસક્રમ અંગેની કક્ષા પ્રમાણભૂત પુસ્તકોના સંદર્ભમાં પ્રો. શુકલ, પ્રિન્સિ. દવે અને પ્રિન્સિ. સાવિડલ નક્કી કરીને આપશે.]

એસ.વાય.બી.એસસી.ના સ્ટેટિસ્ટિક્સ વિષય માટે ત્રણ પ્રશ્નપત્રો રાખવા. હાલના પ્રશ્નપત્ર ૧ અને ૨ નો અભ્યાસક્રમ ચાલુ રાખવો તથા પ્રશ્નપત્ર ૩ નીચે મુજબ રાખવો :

Paper III : Economics, Statistics and Statistical Quality Control

ટી.વાય.બી.એસસી.નો પાંચ પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ નીચે મુજબ રાખવો. [આ અંગેનો વિગતવાર અભ્યાસક્રમ પ્રિન્સિ. વશીએ ઘડીને આપેલ છે તે સ્વીકાર્યો. તેની ફાઇનલ કૉપી એમની પાસેથી મેળવી લેવી] :

Paper IV : Mathematical Statistics
Paper V : Statistical Inference
Paper VI : Sampling Techniques and Designs
Paper VII : Algebra and Theory of Equations
Paper VIII : Analysis."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી અને તે અનુસાર રેગ્યુ. આર્ટ્સ-૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવો અને તેનો અમલ બાબત નં. ૯૫ના (૧) અને (૨)માં જણાવ્યા પ્રમાણે કરવો.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૮ અને ૧૫ના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૧૦૩. ભૂસ્તરવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૮-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણો (અ) અને (બ) મંજૂર કરવા તથા તે અનુસાર રેગ્યુ. સાયન્સ-૮ તથા રેગ્યુ. સાયન્સ-૧૫નો સંબંધકર્તા પાઠ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા તથા ભલામણ (ક) અનુસાર ઑર્ડિ. સાયન્સ-૫માં નીચે જણાવ્યા પ્રમાણે ઉમેરો કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે—

(અ) પહેલી બી.એસસી.ની પરીક્ષામાંથી જિયોલોજીનો મરજિયાત વિષય કાઢી નાખવો અને સેકન્ડ અને થર્ડ બી.એસસી.માં જિયોલોજી વિષય રાખવો. આથી જિયોલોજી વિષયના સેકન્ડ બી.એસસી માં ત્રણ પ્રશ્નપત્રો અને ત્રણ પ્રેક્ટિકલ્સ (કુલ ગુણ ૩૦૦) તથા થર્ડ બી.એસસી.માં પાંચ પ્રશ્નપત્રો અને ચાર પ્રેક્ટિકલ્સ (કુલ ગુણ ૫૦૦) રહેશે. જિયોલોજી વિષયના હાલના ૧૦ પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ આ સાથે આપેલ ૮ પ્રશ્નપત્રોમાં સમાવી લીધો છે.

(બ) સેકન્ડ અને થર્ડ બી.એસસી.નો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવો.

(ક) ઉપર (બ)માં સૂચવેલો અભ્યાસક્રમ સેકન્ડ બી.એસસી.થી શરૂ થતો હોઈ વિષય પસંદ કરવા અંગેના ઑર્ડિનન્સ સાયન્સ-૫ માં નીચે પ્રમાણે ઉમેરો કરવો :

"A student can offer Geology at the Second B.Sc. Examination irrespective of the subjects he has offered at the First B.Sc. Examination.

A student selecting Geology as a special subject at Second B.Sc., will select one more subject from the subjects he has offered at First B.Sc. as a second subject. A student selecting Geology as a Second subject in Second B.Sc. will continue his special subject and will offer Geology as a second subject (two papers and two practicals)."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ભલામણ મંજૂર કરવી અને તે અનુસાર રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫નો સંબંધકર્તા ભાગ સુધારવો તથા ભલામણ (ક) અનુસાર ઑર્ડિ. સાયન્સ-૫ માં ઉપર પ્રમાણે ઉમેરો કરવો, તથા તેનો અમલ બાબત નં. ૯૫ના (૧) અને (૨)માં જણાવ્યા પ્રમાણે કરવો.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ-૮ અને ૧૫ના સંબંધકર્તા ભાગના નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૧૦૪. રેગ્યુ કૉમ.-૧૪નો પાઠ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૬-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૫. ડિરેક્ટર ઑફ એજ્યુકેશનના તા. ૨૬-૫-૧૯૬૫ના પત્રાંક ટી.ટી.પી.૫૪૬૫-૧૯૨૧-૧૧૩-૩૫૯૭માં જણાવ્યા પ્રમાણે, કેન્દ્ર સરકારના કેળવણી ખાતા તરફથી તાલીમ પામેલા ઇજનેરી સ્નાતકોની તાલીમનાં ત્રણ વર્ષ યુનિવર્સિટીની સંલગ્ન ઇજનેરી કૉલેજોમાં નિમાતા વ્યાખ્યાતાની નિમણૂક માટેના હેતુ માટે શૈક્ષણિક અનુભવ ગણવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૦૬. ઑર્ડિ. એસસી.-૩ (સી) નીચે પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"O. Sc.-3 (c):

A student who has passed Inter Science (Old Course) Examination shall be permitted on the submission of a new application and payment of a fresh fee to appear again with a new combination of subjects at the First B.Sc. Examinations, provided he completes, to the satisfaction of the Principal, two fresh terms for the First B.Sc. Examination. Such a candidate shall, at his option, be excused from appearing in the identical subjects but he shall be required to pass in the subject of General Education at the F.Y.B.Sc. Examination"

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર ઑર્ડિ. સાયન્સ (૩-સી) સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૦૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાના નીચેના ઠરાવ પરત્વે વિચારણા કરવા બાબત:

"આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીની સ્નાતક અને અનુસ્નાતક પદવી પરીક્ષાઓ અને/અથવા તેની કૉલેજોમાં મેળવેલો શૈક્ષણિક કામનો અનુભવ જોડાયેલી કૉલેજોમાં, શિક્ષકોની નિમણૂક માટેના હેતુ માટે ગણતરીમાં લેવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૮. ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે ફી-માફી તથા ગુણવત્તા શિષ્યવૃત્તિઓ ઊભી કરવા માટેનું ધોરણ નીચે પ્રમાણે રાખવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે ફી-માફી તથા ગુણવત્તા શિષ્યવૃત્તિઓ ઊભી કરવા માટેનું ધોરણ નીચે મુજબ રાખવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

(૧) ગ્રંથાલયશાસ્ત્રના કુલ વિદ્યાર્થીઓની ફીના ૫ ટકા જેટલી ફી-માફી રાખવી; અને

(૨) ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે માસિક રૂા. ૨૦ની એક એવી બે ગુણવત્તા શિષ્યવૃત્તિઓ સ્થાપવી."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર ગ્રંથાલયશાસ્ત્રના કુલ વિદ્યાર્થીઓની ફીના પાંચ ટકા જેટલી ફી-માફી રાખવા સેનેટને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે માસિક રૂા. ૨૦(વીસ)ની એક એવી બે ગુણવત્તા શિષ્યવૃત્તિઓ સ્થાપવા સેનેટને ભલામણ કરવી.

૧૦૯. પ્રાચીન ભારતીય સંસ્કૃતિની અભ્યાસસમિતિની તા. ૧૭-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક એટલે કે જૂન ૧૯૬૫ની પરીક્ષાથી અમલમાં મૂકવા તથા તે અનુસાર રેગ્યુ. આર્ટ્સ-૭ અને રેગ્યુ. આર્ટ્સ-૧૨ સુધારવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૨૦-૭-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"એકેડેમિક કાઉન્સિલે પ્રાચીન ભારતીય સંસ્કૃતિ વિષયના બી.એ.ના અભ્યાસક્રમને આ અભ્યાસસમિતિની પુનર્વિચારણા માટે પાછો મોકલ્યો છે તે સંબંધમાં ઠરાવ કરવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલને મૂળ ભલામણ નીચેના સ્વરૂપમાં મોકલી આપવી:

> પ્રાચીન ભારતીય સંસ્કૃતિ વિષયમાં ૧૯૬૭ની પરીક્ષાથી શરૂ કરીને આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબનો પ્રથમ બી.એ.નો, દ્વિતીય બી.એ.નો તેમ જ તૃતીય બી.એ.નો નવો અભ્યાસક્રમ અમલમાં મૂકવો તેમ જ તે અંગે જરૂરી રેગ્યુલેશનો ઘડવા આ અભ્યાસસમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે. આ ભલામણ સ્વીકારાય તો નવા અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષા પ્રથમ બી.એ.માં ૧૯૬૭માં, દ્વિતીય બી.એ.માં ૧૯૬૮માં અને તૃતીય બી.એ.માં ૧૯૬૯માં લેવાની રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૧૦. 'એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર'નું નામાભિધાન બદલીને 'ઇન્ડિયન કલ્ચર (એન્શિયન્ટ, મેડિએવલ અને મોડર્ન)' રાખવા તથા તે પ્રમાણે સ્ટે. ૬૯ અને ૧૦૮માં જરૂરી સુધારો કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૬/૨૦-૬-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, 'એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર'નું નામાભિધાન બદલીને 'ઇન્ડિયન કલ્ચર (એન્શિયન્ટ, મેડિએવલ અને મોડર્ન)' રાખવા તથા તે પ્રમાણે સ્ટે. ૬૯ અને ૧૦૮માં જરૂરી સુધારો કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૧૧૧. એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના વિષય માટે વધુ બે શિષ્યવૃત્તિઓ તથા પ્રાણીવિજ્ઞાન વિષય માટે બે શિષ્યવૃત્તિઓ સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

(નોંધ.—વિજ્ઞાન વિદ્યાશાખામાં હાલ નીચે મુજબની શિષ્યવૃત્તિઓ સ્થાપવામાં આવેલી છે:

ક્રમાંક	વિષય	શિષ્યવૃત્તિઓની સંખ્યા
૧.	બોટાની	૨
૨.	ફિઝિક્સ	૨
૩.	મૅથેમેટિક્સ	૨
૪.	કેમિસ્ટ્રી	૨
૫.	સ્ટેટિસ્ટિક્સ	૨
		—
		કુલ ૧૦)

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના વિષય માટે રૂા. ૨૦(વીસ)ની બે વધુ શિષ્યવૃત્તિઓ તથા પ્રાણીવિજ્ઞાનના વિષય માટે બે શિષ્યવૃત્તિઓ સ્થાપવા સેનેટને ભલામણ કરવી.

૧૧૨. સેનેટના નીચેના હોદ્દાગત સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા વિચારણા કરવા બાબત:

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિઓ	અનુ. પદવી કક્ષાના વિષયો
૧	શ્રી. જે. ડી. ઓઝા, એમ.એસસી.	વિજ્ઞાન	(૧) બોટેની (૨) ઝૂલોજી	બોટેની (સંશોધન)
૨.	આચાર્ય એન. એમ. શાહ, એમ.એસસી., પીએચ.ડી.	વિજ્ઞાન	(૧) કેમિસ્ટ્રી (૨) બોટેની	કેમિસ્ટ્રી
૩.	આચાર્ય ડી. એલ. મુનીમ, એમ.એ.	વિનયન	(૧) સંસ્કૃત (૨) પ્રાકૃત અને પાલિ	એમ.એ., સંસ્કૃત–અંગ્રેજી એમ.એ., હિન્દી–અર્ધમાગધી
૪.	આચાર્ય પી. વાય. દેશપાંડે, એમ એસસી., પીએચ.ડી.,	વિજ્ઞાન	(૧) ભૌતિકવિજ્ઞાન (૨) ગણિત	એમ.એસસી., ભૌતિકવિજ્ઞાન (સંશોધન દ્વારા)
૫.	આચાર્ય કાન્તિલાલ માધવલાલ આચાર્ય, એમ.એ.	વિનયન	(૧) ગુજરાતી (૨) સંસ્કૃત	ગુજરાતી અને સંસ્કૃત
૬.	આચાર્ય પુષ્કર પ્રભાશંકર ચંદરવાકર, એમ.એ.	વિનયન	(૧) ગુજરાતી (૨) સોશિયોલોજી એન્ડ એન્થ્રોપોલોજી	અંગ્રેજી અને ગુજરાતી

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના ઉપરના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૧૧૩. માર્ચ-એપ્રિલ ૧૯૬૫માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી કલાળો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યાપક-પરીક્ષક, નિરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૯-૭-૧૯૬૫ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૯-૭-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૧૪. એચ. એન્ડ એચ. બી. કોટક ઇન્સ્ટિટ્યૂટ, રાજકોટને ૧૯૬૬થી જોડાણ આપવા અંગે મૂકવામાં આવેલી શરતો પૈકી વનસ્પતિવિજ્ઞાન (સ્પે.) તથા પ્રાણીવિજ્ઞાન (જન.)ના પ્રાયોગિક કામ માટે એક વધારાની (૮૫×૩૫) પ્રયોગશાળા બાંધી સાધનસામગ્રીથી સુસજ્જ કરવા અંગેની એક શરત છે જે પરત્વે હજુ પરિપાલન થયું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આચાર્યશ્રી તેમના તા. ૧૫-૭-૧૯૬૫ના પત્રથી પ્રયોગશાળાનું બાંધકામ માર્ચ ૧૯૬૬ સુધીમાં ઉપયોગમાં લઈ શકાય તે રીતે પૂરું થઈ જશે એમ ખાતરી આપે છે. સિન્ડિકેટે તેની જૂન ૧૯૬૫ની સભામાં જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ ન કરવા ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને તેને માગેલું જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૧૧૫. ભારતની મેડિકલ કાઉન્સિલ રચિત "ડૉ. બી. સી. રૉય રાષ્ટ્રીય પારિતોષિક નિધિ"માં યથાયોગ્ય પ્રદાન કરવા સદરહુ કાઉન્સિલના તા. ૨૩-૭-૧૯૬૫ના પત્રાંક ડી.ઓ. એમસી આઇ.-૧૦૭(૪૦)-૬૫ એકાઉન્ટ્સ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્ર આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો, માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પરિપત્રિત કરવો.

૧૧૬. એમ.એડ. પરીક્ષાના પાસ થવાના સુધારેલા રેગ્યુ. ૬૩નો અમલ જૂન ૧૯૬૫ની પરીક્ષાથી કરવા અંગે વિદ્યાર્થીઓની આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અગાઉ સુધારેલા રેગ્યુ. ૬૩નો અમલ જૂન ૧૯૬૫ની પરીક્ષામાં મુલતવી રાખવા આવેલ વિદ્યાર્થીઓની તે અરજી પરથી સિન્ડિકેટે તેની જુલાઈની સભામાં સદરહુ સુધારેલા રેગ્યુ. ૬૩નો અમલ એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી કરવાનું રાખવું એમ ઠરાવ્યું છે. તા. ૪-૭-૧૯૬૫ના ઠરાવ પ્રમાણે તૈયાર કરેલું પરિણામ હજી જાહેર કર્યું નથી.)

	WM 4 oz.	18 no.		10·50 doz.
118. Percussion Hammer		1		2·50
119. Macintosh		6 meter	3·25 meter	
120. Bivalve-German		1		20·50 each
				Jap. Tax Ex.
121. Biskolin		2 gallons		Purchase from Tuton Pharmaceuticals Co.
122. Pulmon Expectorant		4 gallons		

Conditions :

'Shah Medical Stores' : All rates are nett. No tax.

'Swaminarayan Medical Stores': (1) Subjects to goods being available in stock.
(2) All the rates are net with all taxes.
(3) F.O.R. University.

પા. ૪–૯–૫૫ (સપ્લિમેન્ટરી ૨૬૬-૫૫)

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૫૯

ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની પચ્ચીસમી બેઠક, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, બુધવાર, તા. ૨૫-૮-૧૯૬૫ના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી. સભાનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. એલ. આર. દેસાઈએ સંભાળ્યું હતું :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩. પ્રિ. કે. જી. નાયક	હાજર
૪. ડૉ. એમ. ડી. પટેલ	હાજર
૫. ડૉ. કે. આર. રામનાથન	ગેરહાજર
૬. પ્રિ. જે. બી. સાણ્ડિલ	ગેરહાજર
૭. પ્રિ. વાય. જી. નાયક	ગેરહાજર.

૧. ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૨૪-૨-૧૯૬૫ના રોજ મળેલી ચોવીસમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૨૪-૨-૧૯૬૫ના રોજ મળેલી ચોવીસમી બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટીની વર્ષ ૧૯૬૫-૬૬ની સંશોધન ગ્રાન્ટ માટે યુનિવર્સિટી માન્ય કૉલેજો, સંસ્થાઓ અને ભવનોના શિક્ષકો તરફથી આવેલી અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

સને ૧૯૬૫-૬૬ના વર્ષની સંશોધન ગ્રાન્ટ માટે ગુજરાત યુનિવર્સિટીની માન્ય કૉલેજો, સંસ્થાઓ અને ભવનોના શિક્ષકો તરફથી આવેલ અરજીઓ ઉપર વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે :

(અ) નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ રકમની સંશોધન ગ્રાન્ટ ૧૯૬૫-૬૬ના વર્ષ માટે, આ યુનિવર્સિટીના સંશોધન ગ્રાન્ટ અંગેના નિયમોને આધીન રહીને કોઈ સન્માન્ય સામયિકમાં

તેમનું સંશોધન કાર્ય પ્રસિદ્ધ કરવાની શરતે, આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	નામ	વિષય	રકમ
૧.	પ્રો. ડી. એમ. માસ્ટર, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	'To collect the Folk-songs of Charotar and to classify them with a critical study'	રૂા. ૨૦૦ ટોકન ગ્રાન્ટ તરીકે આપવા. (ટેપરેકૉર્ડિંગ યંત્ર માટેનો ખર્ચ આપી શકાય નહિ.)
૨.	પ્રો. ડી. એમ. માસ્ટર, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	'Complete study of life and literature of Shivlal Dhaneshwar Kavi, a minor poet of Narmad-age'	રૂા. ૧૦૦ ટોકન ગ્રાન્ટ તરીકે આપવા.
૩.	પ્રિ. એન. બી. જોષી, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કડી	'Impact of regulated markets on Farmer's income in Kadi Taluka'	રૂા. ૨૫૦ ટોકન ગ્રાન્ટ તરીકે આપવા.
૪.	પ્રો. વી. ટી. ઓઝા, એમ. એન. કૉલેજ, વીસનગર (ઉ. ગુજરાત)	'Some reactions of complex salts. Re-actions with benzoic acid in vacuum'	રૂા. ૫૦૦ (ફક્ત રસાયણોના ખર્ચ અંગે જ).
૫.	પ્રો. જે. ડી. તલાટી, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	'Corrosion of Aluminium'	રૂા. ૧,૦૦૦ (નોંધ.— પ્રથમ રૂા. ૫૦૦ અને સંશોધન કાર્ય સંતોષકારક હોય તો ૬ માસ પછી બીજા રૂા. ૫૦૦ આપવા).
૬.	પ્રિ. જે. જે. ત્રિવેદી, બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	'Hypoglycemic Agents'	રૂા. ૧,૦૦૦ (ફક્ત રસાયણો અંગેના ખર્ચ અંગે જ).
૭.	ડૉ. આર. જી. પટેલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ–૧૬	'Quantitative pregnancy test in male Frogs'	રૂા. ૨૫૦
૮.	ડૉ. સી. આઈ. ઝાલા અને ડૉ. સી. યુ. દીક્ષિત, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ–૧૬	'Isolation and Identification of antiologic agent from clinical cases of superficial mycosis'	રૂા. ૩૫૦

ક્રમાંક	નામ	વિષય	રકમ
૯.	ડૉ. એમ. એચ. પંજવાણી, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	'Antifibrillatory activity of thephorin and alderlin as compared to quinidine'	રૂા. ૨૫૦
૧૦.	ડૉ. એચ. એસ. શાહ, મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ-૬	'A hematological study of cases of cirrhosis of liver'	રૂા. ૫૦૦
૧૧.	ડૉ. આર. સી. મંકોડી, મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ-૬	'Study of urease activity of staphy lococci and its relation to pathogenicity and drug Sensitivity'	રૂા. ૫૦૦
૧૨.	ડૉ. ઓ. પી. ગુપ્તા, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬	'A follow up study of the long-term effect of tolbutamide in the control of Hyperglycaemia of diabetic syndrome'	રૂા. ૫૦૦ (કેમિકલ્સ માટે)

(બ) નીચેના શિક્ષકોની બાબતમાં તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે પગલાં લેવાં:

ક્રમાંક	નામ	વિષય	માગેલ રકમ	ભલામણ
૧.	પ્રો. આર. એચ. ગાંધી, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	'Archeological Data of the district of Panchmahals'	રૂા. ૬૦૦	આ સંશોધન અંગે વિગતવાર માહિતી મગાવી રૂા. ૧૦૦ સુધીની ગ્રાન્ટ મંજૂર કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.
૨.	શ્રી. એન. એલ. કલથિયા, સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર	'Hydrodynamics Study of the Jet flows of the comprensible and incomprensible fluids'	રૂા. ૨,૦૦૦	આ અરજી ઉપર પ્રો. પી. સી. વૈદ્યનો અભિપ્રાય મગાવવો તથા તે અંગે જણાવેલો ખર્ચ જરૂરી છે કે કેમ તે પણ પુછાવવું.

ક્રમાંક	નામ	વિષય	માગેલ રકમ	ભલામણ
૩.	શ્રી. એચ. કે સુથાર, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૯	'Histo-Chemical study during the reproductive & vegetative phases of some flowering plants'	રૂા. ૧,૫૦૦	આ અરજી ઉપર પ્રો. જે. જે. ચિનોયનો અભિપ્રાય મગાવવો અને જો તે સંતોષકારક હોય તો રૂ. ૫૦૦ સુધીની સંશોધન ગ્રાન્ટ મંજૂર કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.
૪.	ડૉ. ડી. એસ. શાહ, મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ-૬	'Investigations of Active compenent from the heart wound of Pherocarpus marsupium responsible for blood sugar lowering'	રૂા. ૧,૦૦૦	આ સંશોધન અંગે જરૂરી વિગતો મેળવી ડૉ. એમ. ડી. પટેલનો અભિપ્રાય મગાવવો, અને ત્યાર બાદ વિચારણા કરવી.
૫.	ડૉ. એમ. એન. જિન્દાલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬	'Pharmacological screening of Anti-Asthmatic drugs in the indegenous system of Medicine'	રૂા. ૧,૦૦૦	આ સંશોધન અંગે જરૂરી વિગતો મગાવી ડૉ. એ. ડી. જોસેફનો અભિપ્રાય મગાવવો અને ત્યાર બાદ વિચારણા કરવી.

(ક) નીચે જણાવેલ શિક્ષકોની સંશોધન ગ્રાન્ટની માગણીઓ મંજૂર નહિ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	નામ	વિષય	માગેલ રકમ
૧.	પ્રિ. પી. પી. ચંદરવાકર, આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઊંઝા	'ઉત્તર ગુજરાતની ઠાકરડા કોમ'	રૂા. ૧,૬૦૦
૨.	પ્રો. મિસ સી. એલ. ભટ્ટ, યુનિવર્સિટી સ્કૂલ ઑફ ફિલોસોફી, સાયકોલોજી ઍન્ડ એજ્યુકેશન, અમદાવાદ-૯	'Developing Norms for Desai Bhatt group Test of Intelligence for Semi-urban areas Test standardization'	રૂા. ૨,૦૦૦

ક્રમાંક	નામ	વિષય	માગેલ રકમ
૩.	શ્રી. આર. પી. ત્રિવેદી, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વલસાડ	'Socio-Economic Survey of Bulsar Municipality'	રૂા. ૧,૦૦૦
૪.	શ્રી. પી. એસ. જેકવા, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ અને એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ	'અસ્પૃશ્યતા સ્તરીકરણમાં એક અભ્યાસ'	રૂા. ૧,૨૬૦
૫.	શ્રી. એમ. એસ. મહેતા, આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, કપડવંજ	'A survey of small scale industries in the town of Kapadwanj'	રૂ. ૨,૦૦૦
૬.	પ્રિ. વી. એચ. જોશી, આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, કપડવંજ	—do—	રૂ. ૨,૦૦૦
૭.	પ્રિ. વાય. જી. નાયક, ગુજરાત કૉલેજ, અમદાવાદ	'Optical properties of Semi-conducting films in the infrared'	રૂ. ૨,૭૦૦
૮.	શ્રી. સી. બી. શાહ, એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯	'Studies in corrosion of Aluminium Alloys and its inhibition'	રૂ. ૨,૫૦૦
૯.	શ્રી. એ. આર. પરીખ, એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯	'Fries Migration of the esters of Surphonice asters'	રૂ. ૧,૦૦૦
૧૦.	પ્રો. એસ. કે. ત્રિવેદી, મહારાજા મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી	'Amplified distoration-less circuit arrangement in receivers (Electronics)'	રૂ. ૫,૦૦૦
૧૧.	શ્રી. ધ્રુવ દીક્ષિત, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા	'Fresh Water Biology of Rajpipla'	રૂ. ૪,૫૦૦
૧૨.	શ્રી. જે. પી. ગદાણી સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ (માનવમંદિર), અમદાવાદ-૯	'Reproductive Cycle in some Angiosperms'	રૂ. ૧,૫૦૦

(૩) નીચેના શિક્ષકોની બાબતમાં તેમનાં નામ સામે જણાવ્યા પ્રમાણે પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	નામ	વિષય	રકમ	ભલામણ
૧.	પ્રો. એચ. ડી. બદામી, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજી, ફિલોસોફી ઍન્ડ એજ્યુકેશન, અમદાવાદ–૯	'Construction of interest schedule for college students'	૩. ૧,૯૯૫	આ ત્રણે યોજના જે તે ભવનના અધ્યક્ષને મોકલી, તેઓ જે માટે ભલામણ કરે તે યોજનાનું કામ ભવન હસ્તક લેવું અને ભવનના બજેટમાંથી જરૂરી ખર્ચ કરવા પણ જણાવવું. જો જરૂર જણાય તો વધુ રકમની જોગવાઈ માટેના પ્રસ્તાવો ભવનના અધ્યક્ષોએ મોકલી આપવા, જે મળેથી સંશોધન ગ્રાન્ટની મૂળ રકમમાંથી વધુ રકમ ભવનોને ફાળવી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.
૨.	પ્રો. જે. પી. દવે, યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજી, ફિલોસોફી ઍન્ડ એજ્યુકેશન, અમદાવાદ–૯	'Construction of an attitude scale for college students'	૩. ૧,૯૯૫	
૩.	પ્રો. આર. કે. ધારૈયા, સમાજવિદ્યા ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯	'The growth of the Indian Legislature from 1858 A.D. to 1892 A.D.'	૩. ૧,૦૦૦	

૩. યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજો અને માન્ય સંસ્થાઓના જે જે શિક્ષકોને સંશોધન ગ્રાન્ટ આપવામાં આવી છે અને ત્રણ વર્ષથી વધુ સમય થયો હોવા છતાં જેમનું સંશોધન કાર્ય કોઈ સન્માન્ય સામયિકમાં પ્રસિદ્ધ ન થયું હોય તેવા કેસોમાં શું કરવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જે જે શિક્ષકોએ તેઓનું સંશોધન કાર્ય પૂરું કર્યું હોય અને કોઈ સન્માન્ય સામયિકમાં પ્રસિદ્ધ કરવા મોકલ્યું હોય પણ તે સમયસર પ્રસિદ્ધ ન થઈ શકયું હોય તો તેવા કેસોમાં જે તે શિક્ષકને તેના સંશોધન કાર્યનો તેણે છપાવવા માટે મોકલેલ અહેવાલ તથા તેનો આશરે ૩૦૦થી ૪૦૦ શબ્દોમાં સંક્ષિપ્ત સાર આ કાર્યાલયને મોકલી આપવા જણાવવું અને કાર્યાલયે તે સાર 'વિદ્યા'માં છપાવવા માટે પ્રબંધ કરવો. વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું કે, જે તે શિક્ષકો તરફથી ઉપર દર્શાવેલ શરતોનું પાલન ન થાય ત્યાં સુધી તેઓને બીજી સંશોધન ગ્રાન્ટની રકમ નહિ આપવી એવી સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકાના પ્રિ. આર. એસ. બેટાઈને વર્ષ ૧૯૬૪-૬૫માં "Evolution of the law of crimes in Ancient India and its influence on the Indian Penal Code" એ વિષયમાં સંશોધન કરવા માટે ટોકન ગ્રાન્ટ તરીકે રૂા. ૨૦૦ આપવાનું મંજૂર થયું હતું. તેઓના તરફથી બીજા રૂા. ૨૦૦ ગ્રાન્ટ આપવા માટે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી હરાવવામાં આવે છે કે પ્રિ. આર. એસ. બેટાઈ પાસે, તેઓને ૧૯૬૪-૬૫ના વર્ષમાં આપવામાં આવેલ રૂ. ૨૦૦ની ટોકન ગ્રાન્ટના ખર્ચનો હિસાબ મગાવવો તથા કરેલા સંશોધન કાર્યની માહિતી મેળવીને અને તે સાથે તેઓએ ફરીથી માગેલ રૂા. ૨૦૦ના ખર્ચની વિગતો મગાવી તે આવ્યેથી તે બધું પ્રિ. એમ. એસ. પંડિતને મોકલી તેમનો અભિપ્રાય મગાવવો અને તે અભિપ્રાય પરથી યોગ્ય લાગે તો જરૂરી સહાય આપવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૫. નીચે જણાવેલ શિક્ષકો તરફથી સંશોધન અંગેના વચગાળાના છ માસિક પ્રોગ્રેસ રિપોર્ટ આવ્યા છે જે જાણ સારુ:

ક્રમાંક	નામ	વિષય	વર્ષ	આપેલ રકમ
૧.	શ્રી. બી. બી. જોષી, જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ	'Flora of Rajpipla and its environs'	૧૯૬૪-૬૫	રૂા. ૩૦૦
૨.	પ્રો. એચ. જી. શાસ્ત્રી, બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ-૧૬	'ગુજરાતના કેટલાક અપ્રસિદ્ધ અભિલેખોનું વાચન અને પ્રકાશન'	૧૯૬૩-૬૪	રૂા. ૩૦૦
૩.	ડૉ. એમ. એન. જિન્દાલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬	'Pharmacological screening of Bronelial Antispasenddies in the indegenous system of Medicine'	૧૯૬૪-૬૫	રૂા. ૧,૦૦૦
૪.	પ્રો. કે. એફ. સોમપુરા, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯	'A critical study of the sculptures in the Sun-temple at Modhera'	૧૯૬૪-૬૫	રૂા. ૫૦૦
૫.	પ્રિ. આર. એસ. બેટાઈ, શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા	'Evolution of the law of crimes in Ancient India and its influence on the Indian Penal Code'	૧૯૬૪-૬૫	રૂા. ૨૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે દર્શાવેલ શિક્ષકોને વર્ષ ૧૯૬૩-૬૪ અને ૧૯૬૪-૬૫માં આપવામાં આવેલ સંશોધન ગ્રાન્ટના સંદર્ભમાં તેમના તરફથી આવેલ સંશોધન કાર્યના વચગાળાના છ માસિક અહેવાલ આવ્યા છે તે અહેવાલ તેમના નામ સામે જણાવેલ વ્યક્તિને નિરીક્ષણ માટે મોકલી આપવા અને તેમના તરફથી થયેલ કામ સંતોષકારક છે એવું જણાવવામાં આવ્યેથી ગ્રાન્ટની રકમનો બીજો હપ્તો ચૂકવવો :

ક્રમાંક	નામ	વિષય	વર્ષ	આપેલ રકમ	કોને મોકલી આપવો ?
૧.	શ્રી. બી. બી. જોષી, જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ	'Flora of Rajpipla and its environs'	૧૯૬૪-૬૫	રૂા. ૩૦૦	પ્રો. જે. જે. ચિનોય, વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૨.	પ્રો. એચ. જી. શાસ્ત્રી, બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ-૯	'ગુજરાતના કેટલાક અપ્રસિદ્ધ અભિલેખોનું વાચન અને પ્રકાશન'	૧૯૬૩-૬૪	રૂા. ૩૦૦	પ્રો. બી. જે. સાંડેસરા, એમ. એસ. યુનિ., વડોદરા
૩.	ડૉ. એમ. એન. જિન્દાલ, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ-૧૬	'Pharmacological screening of Bronelial Antispase-nddies in the indegenous system of Medicine'	૧૯૬૪-૬૫	રૂા. ૧,૦૦૦	પ્રો. એ. ડી. જોસેફ, મેડિકલ કૉલેજ, વડોદરા
૪.	શ્રી. કે. એફ. સોમપુરા, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯	'A critical study of the sculptures in the Sun-temple at Modhera'	૧૯૬૪-૬૫	રૂા. ૫૦૦	શ્રી. આર. એન. મહેતા, એમ. એસ. યુનિ., વડોદરા
૫.	પ્રિ. આર. એસ. બેટાઈ, શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા	'Evolution of the law of crimes in Ancient India and its influence on the Indian Penal Code'	૧૯૬૪-૬૫	રૂા. ૨૦૦	પ્રિ. એમ. એસ. પંડિત, સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

જ. મં. મહેતા,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૬૦

સ્કૉલરશિપ, રિસર્ચ સ્કૉલરશિપ અને રિસર્ચ ફેલોશિપ વગેરે બાબતો પર વિચારણા કરી હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૨૨-૬-૧૯૬૩ની સભામાં નીમેલી સમિતિની એક બેઠક ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં સોમવાર, તા. ૨૩-૮-૧૯૬૫ના રોજ સાંજના ૪-૦૦ કલાકે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

આ બેઠકનું પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. એલ. આર. દેસાઈએ સંભાળ્યું હતું.

૧. શ્રી. એલ. આર. દેસાઈ, ઉપકુલપતિશ્રી	હાજર
૨. રૉ. પી. એચ. પ્રભુ	હાજર
૩. પ્રિ. રૉ. વાય. જી. નાયક	હાજર
૪. પ્રિ. એચ. ડી. નોરોન્હા	હાજર
૫. પ્રો. બી. આર. શિનોય	ગેરહાજર
૬. પ્રો. ઉમાશંકર જોશી	ગેરહાજર
૭. પ્રો. જે. જે. ચિનોય	હાજર
૮. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર
૯. પ્રિ. જે. બી. સાવ્હિલ	ગેરહાજર
૧૦. પ્રિ. સી. જે. પટેલ	ગેરહાજર.

૧. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી વર્ષ ૧૯૬૫-૬૬ માટે આપવામાં આવેલ માસિક રૂા. ૨૦૦ની એક એવી બે શિષ્યવૃત્તિઓ કોને આપવી તે નક્કી કરવા બાબત.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની વર્ષ ૧૯૬૫-૬૬ની માસિક રૂા. ૨૦૦ની એક એવી બે શિષ્યવૃત્તિઓ તેઓ નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહિ તે શરતે નીચેના વિદ્યાર્થીઓને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું.

૧. શ્રી. કિશોરકુમાર ફકીરભાઈ મોદી
બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત

૨. શ્રીમતી કૈલાસ શિરીષભાઈ,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચેના વિદ્યાર્થીઓને વર્ષ ૧૯૬૩-૬૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આપવામાં આવેલી માસિક રૂા. ૨૦૦ની શિષ્યવૃત્તિ ત્રીજા વર્ષ માટે પણ ચાલુ રાખવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને ભલામણ કરવી :

૧. કુ. ભારતી કાન્તિલાલ ઠાકર,
બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ-૯

૨. શ્રી. ગંભીરસિંહ ભૂરૂભા ગોહિલ,
એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯

૩. કુમારી ઇવેન્જલીના એમ. ક્રિશ્ચિયન,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

૩. વર્ષ ૧૯૬૫-૬૬ માટે યુનિવર્સિટીની માસિક રૂા. ૨૦૦ની એક એવી ૧૦ પીએચ.ડી. સ્કૉલરશિપ કોને કોને આપવી તે નક્કી કરવા બાબત.

(અ) નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓને વર્ષ ૧૯૬૩-૬૪માં આપવામાં આવેલ માસિક રૂા. ૨૦૦ની શિષ્યવૃત્તિ ત્રીજા વર્ષને માટે ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું:

શ્રી. યજ્ઞેશ મનુભાઈ મહેતા,
જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ.

(બ) નીચે દર્શાવેલ વિદ્યાર્થિનીને વર્ષ ૧૯૬૪-૬૫માં આપવામાં આવેલ માસિક રૂ. ૨૦૦ની શિષ્યવૃત્તિ બીજા વર્ષને માટે ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું:

કુ. મૃદુલા હરિપ્રસાદ મહેતા,
બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ-૯.

(ક) વર્ષ ૧૯૬૫-૬૬ માટે યુનિવર્સિટીની સ્કૉલરશિપો અંગે આવેલ નવી અરજીઓ પૈકી નીચેના વિદ્યાર્થીઓને તેઓ નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહિ તે શરતે માસિક રૂ. ૨૦૦ની શિષ્યવૃત્તિ હાલ તુરત એક વર્ષ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું:

૧. કુ. વિમળા દુર્લભજી જીવાની,
ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૨. કુ. દક્ષા વિજયશંકર પટણી,
શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર

૩. શ્રી. જયન્તકુમાર અંબાશંકર વ્યાસ,
શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર

૪. શ્રી. મણિલાલ ઈશ્વરલાલ પ્રજાપતિ,
બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ

૫. કુ. શોભના વાડીલાલ અમીન,
યુનિ. સ્કૂલ ઑફ ફિલોસોફી, સાયકોલોજી એન્ડ એજ્યુકેશન, અમદાવાદ-૯

૬. શ્રી. મનસૂરી અલ્લારખાભાઈ પીરભાઈ,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

(**નોંધ.**—યોગ્ય અને લાયક વિદ્યાર્થીઓના અભાવે યુનિવર્સિટીની માસિક રૂ. ૨૦૦ની બે શિષ્યવૃત્તિઓ હાલના તબક્કે ખાલી રાખવામાં આવી.)

૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન માટે આપવામાં આવેલી માસિક રૂ. ૨૦૦ની એક એવી ૧૪ સંશોધન શિષ્યવૃત્તિઓ કોને કોને આપવી તે નક્કી કરવા બાબત.

(અ) નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓને વર્ષ ૧૯૬૩–૬૪માં આપવામાં આવેલ માસિક રૂા. ૨૦૦ની સંશોધન શિષ્યવૃત્તિ ત્રીજા વર્ષને માટે ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું :

૧. કુ. મૃણાલિની હીરાચંદ ગાંધી,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯

૨. શ્રી. સતીશચંદ્ર કૃષ્ણલાલ પટેલ,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.

(બ) નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓને વર્ષ ૧૯૬૪–૬૫માં આપવામાં આવેલ માસિક રૂા. ૨૦૦ની સંશોધન શિષ્યવૃત્તિને બીજા વર્ષને માટે ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું :

શ્રીમતી સુહાસિની સનત દેરાસરી,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.

(ક) વર્ષ ૧૯૬૫–૬૬ માટે વિજ્ઞાન વિદ્યાભવનની સંશોધન શિષ્યવૃત્તિઓ અંગે આવેલ નવી અરજીઓ પૈકી નીચેના વિદ્યાર્થીઓને તેઓ નોકરી કે અન્ય વ્યવસાય કરશે નહિ તે શરતે માસિક રૂા. ૨૦૦ની સંશોધન શિષ્યવૃત્તિઓ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું :

૧. શ્રી. હસમુખ મણિલાલ રાવલ,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.
(જો તેમને એસ. આર. સી. એમ. તરફથી સ્કૉલરશિપ ન મળે તો ફક્ત એક વર્ષ માટે.)

૨. કુ. યશોધરા પોપટલાલ શાહ,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.

૩. કુ. સુધા કનૈયાલાલ ગાંધી,
વિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૯.

(નોંધ.—યોગ્ય અને લાયક વિદ્યાર્થીઓના અભાવે યુનિ. વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના વિભાગો માટેની શિષ્યવૃત્તિઓ હાલના તબક્કે ખાલી રાખવામાં આવી :

૧. ફિઝિક્સ — ૪
૨. મૅથેમેટિક્સ — ૨
૩. બોટેની — ૨.)

ત્યાર બાદ બેઠકનું કામકાજ પૂરું થયું હતું.

જ. મં. મહેતા
રજિસ્ટ્રાર વતી.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯.

O.U.P. 882-350-10-66

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૫-૬૬ ઑક્ટોબર માસની સભા, શનિવાર, તા. ૯-૧૦-૧૯૬૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૧૦-૧૦-૧૯૬૫ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન, બન્ને દિવસોએ, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. બન્ને દિવસોએ સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

		તા. ૯-૧૦-૧૯૬૫	તા. ૧૦-૧૦-૧૯૬૫
૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૩.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	ગેરહાજર
૫.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર	ગેરહાજર
૬.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૭.	શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	હાજર	ગેરહાજર
૮.	ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર	ગેરહાજર
૯.	શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર	હાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર	હાજર
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર	ગેરહાજર
૧૩.	ડૉ. એન. સી. શાહ	હાજર	હાજર
૧૪.	ડૉ. જે. જે. ત્રિનોય	હાજર	ગેરહાજર
૧૫.	આચાર્ય ત્રિભનભાઈ જે. પટેલ	હાજર	હાજર
૧૬.	આચાર્ય ડૉ. યશવંતરાય ગુ. નાયક	હાજર	હાજર
૧૭.	આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર	હાજર
૧૮.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર.

૧. તા. ૪-૯-૧૯૬૫ના રોજ મળેલી સિન્ડિકેટની સભાની કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

સિન્ડિકેટની તા. ૪-૯-૧૯૬૫ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે ઉત્તીર્ણ જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
૧.	શ્રી. જેદવા પ્રભાતસિંહ સરદારસિંહ	સમાજશાસ્ત્ર	પીએચ.ડી.
૨.	કુ. જાડેજા સુમના પ્રભાતસિંહ	પ્રાચીન ભારતીય સંસ્કૃતિ	પીએચ.ડી.

(૨) માર્ચ-એપ્રિલ ૧૯૬૫માં લેવાયેલ જુદા જુદા પરીક્ષાઓનાં પરિણામોમાં ભૂલ જણાયાથી સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ તે સુધાર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. ડૉ. એ. એમ. ત્રિવેદી તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"The Senate requests the Syndicate to amend the ordinances, 62-B and 62-D, to read as follows:

O. 62-B :

The function of the Finance Committee shall be —

(1) to sanction all expenditure up to Rs. 10,000/- on behalf of the Syndicate;

(2) to dispose off quotations and tenders received for the purpose of materials, dead stocks, execution of work except pertaining to the a Building Committee and such other matters as are, from time to time, referred to it by the Syndicate.

O. 62-D :

In (1) to (10) the committees concerned be empowered to sanction all expenditure up to the monetary limit mentioned against them on behalf of the Syndicate.

The monetary limit is revised and the Ordinance may be read as—

(1) A Committee consisting of only the Vice-Chancellor to sanction all expenditure pertaining to the University up to a limit of Rs. 5,000/-.

(2) A Committee consisting only of the Registrar to sanction all expenditure pertaining to the University up to Rs. 1,000/- (Rupees one thousand only).

(3) A Committee consisting only of the Dy. Registrar to sanction all expenditure pertaining to the University up to Rs. 200/-.

(4) A Committee consisting only of the Librarian to sanction all expenditure pertaining to the Library up to Rs. 400/-.

(5) A Committee consisting only of the Director of the University School of Social Sciences to sanction all expenditure pertaining to that School up to Rs. 1,000/-.

(6) A Committee consisting only of the Director, University School of Gujarati Language and Literature, to sanction expenditure pertaining to that School up to Rs. 1,000/-.

(7) A Committee consisting only of the Director, University School of Psychology, to sanction all expenditure pertaining to that School up to Rs. 1,000/-.

(8) A Committee consisting only of the Director, University School of Sciences, to sanction all expenditure pertaining to that School up to Rs. 2,000/-.

(9) A Committee consisting of the person in charge of each Department of the University School of Sciences to sanction all expenditure pertaining to this Department up to Rs. 500/-.

(10) A Committee consisting of the Rector of the Hostel or any other person for the time being in charge of the University Hostel to sanction all expenditure pertaining to the University Hostel up to Rs. 100/-."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૬૨-બી અંગે પુનર્વિચારણા કરીને, અને નાણાકીય સત્તાની મર્યાદા વધારીને રૂા. ૫,૦૦૦ સુધીની કરવાની સિન્ડિકેટ તરફેણ કરે છે, તથા ઑર્ડિ. ૬૨-ડી અંગે પુનર્વિચારણા કરવાની બાબતમાં ફાઇનાન્સ કમિટીની સલાહસૂચના લઈને ઘટતું કરવાની સિન્ડિકેટ તરફેણમાં છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪. આચાર્ય એલ. એન. ઠાકરના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"St. 193-A :

That Statute 193-A be amended as under :

Para 1 to remain as it is....

Para 2 to be amended as under :

After the words '....on completion of 7 years' service' in the third line add the following words :

'And 6¼ per cent more for every additional year after 7 years (i.e., 56¼ per cent for 8 years, 62½ per cent for 9 years and so on) up to 15 years'....the other part of para 2 to remain as it is. Para 3 and 4 remain as they are.

The amended para 2 of the Statue 193-A will read as under :

'Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service, at the rate of ½ month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 7 years service and 6¼ per cent more for every additional year after 7 years (i.e., 56¼ per cent for 8 years, 62½ per cent for 9 years and so on) up to fifteen years the gratuity shall be raised to one month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 15 years' service.' The total amount....etc.....the rest of the text remains as it is."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫. શ્રી. ગુલાબભાઈ ર. દેસાઈના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"St. 193-B :

The officers and other employees of the University shall be insured with benefit maturing at the age of retirement, i.e., 60 years, by the University at its own cost for the amount specified against each category as follows :

1.	Peons, Mali, Sweepers, Hamals, Watchmen, Groundman, Plumber-cum-Waterman, Carpenter, Helper, Workman, Boller Man, Galley Man.	..	Rs. 1,000
2.	Naik, Hawaldar, Work Assistant.	..	Rs. 1,500

3.	Machine Man, Asst. Binder, Jr. Compositor, Copy Holders, Drivers, Plant Collectors, Mechanic, Binder.	..	Rs. 2,000
4.	Junior Clerks, Junior Operators, Asst. Cashiers, Head Typist, Typist, Telephone Operator, Clerk-typist, Account Clerk, Laboratory Assistant, Store-keeper, Research Fellows, Head Compositor, Binding-foreman, Photographer.	..	Rs. 2,500
5.	Senior Operators, Senior Clerks, Proof-readers.	..	Rs. 3,000
6.	Head Clerks, Technical Assistants, Assistant Accountants, Cashiers, Assistant Press Manager, Demonstrators, Assistant Director of Physical Education, Assistant Director of Youth Welfare, Asst. Superintendent, Translator, Field Work Assistant, Labour Welfare.	..	Rs. 3,500
7.	Dy. Accountant, Superintendents, Assistant Librarian, P.A. to Vice-Chancellor, P A. to Registrar."	..	Rs. 4,000

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ, સેનેટના એજન્ડા પર રજૂ કરવામાં આવેલા સ્ટે. ૧૯૪–એ તરફ સેનેટનું ધ્યાન ખેંચે છે.

૬. આચાર્ય પી. એસ. કલવચવાલાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"આથી સેનેટની આ સભા ઠરાવે છે કે, આગામી ૧૯૬૮ની સાલથી શરૂ થતા સત્રથી વિજ્ઞાન વિદ્યાશાખાના અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીએ સેકંડરી સ્કૂલ સર્ટિફિકેટ(એસ.એસ.સી.)ની પરીક્ષા બીજગણિત–ભૂમિતિ (હાયર મૅથેમેટિક્સ) અને પદાર્થવિજ્ઞાન તથા રસાયણવિજ્ઞાન(ફિઝિક્સ–કેમિસ્ટ્રી)ના વિષય સાથે જ પાસ કરેલી હોવી જોઈએ."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭. આચાર્ય ડૉ. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"This meeting of the Senate recommends to the Academic Council and the Syndicate that as the Three-year Degree Course has become too much examination-ridden, the University Examinations should be reduced and only two examinations should be

kept, viz., at F.Y.B.A./B.Sc./B.Com., and one at T.Y.B.A./B.Sc./ B.Com. Instead of S.Y.B.A., S.Y.B.Sc. and S.Y.B.Com. University examination, there should be at least 3 tests and one annual examination by the college taken on behalf of University. The results of both internal and external assessment should be communicated to the University for record."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮. આચાર્ય રા. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"The Senate recommends that the following one-year Post-M.Sc. Diplomas be instituted in the University and recommends to the Academic Council and the Syndicate to take necessary steps to start the same at an early date:

(1) *Chemistry:*

(*i*) Micro-analysis
(*ii*) Paper and gas chromatography
(*iii*) Petrol-Chemicals
(*iv*) Spectral Analysis
(*v*) Textile Chemistry
(*vi*) Analitical Chemistry
(*vii*) Geo-Chemistry (Analysis of ores and minerals)
(*viii*) Fine Chemicals
(*ix*) Instrumental Chemical Analysis
(*x*) Nuclear Chemical Process
(*xi*) Soil Chemistry
(*xii*) Marine Chemicals and Products
(*xiii*) Soaps
(*xiv*) Cosmetics
(*xv*) Plastics.

(2) *Physics:*

(*i*) X-ray Technique
(*ii*) High Vacuum Technique
(*iii*) Semi-conductor and transister devices
(*iv*) Electronic Instrumentation

(*v*) Radar Technology
(*vi*) Nuclear Analysis (Radioactivity)
(*vii*) Accoustics
(*viii*) Computer Technique
(*ix*) Spectroscopic Technique.

(3) *Biology:*

(*i*) Herbarium Technique
(*ii*) Horticulture Technique and Gardening
(*iii*) Identification of Flora
(*iv*) Identification of Pests and insects
(*v*) Fungi Studies
(*vi*) Science of Fisheries and Aquaria
(*vii*) Protein Isolation technique from plants
(*viii*) Museology-stuffing of birds and animals
(*ix*) Bird watching, Maintenance of aviary."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પર વિચારણા કરવા માટે એકેડેમિક કાઉન્સિલે સમિતિ નીમી હોવાથી સિન્ડિકેટે હાલને તબક્કે અભિપ્રાય આપવાનો રહેતો નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯. આચાર્ય રો. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત:

"As the University has accepted the principles of awarding the classes at the M.A. Examination on the basis of First Class with 60% marks and Second Class with 48% marks, from April 1965, this meeting of the Senate recommends to the Academic Council and the Syndicate that all candidates who have passed M.A., M.Sc., M.Com. and other equivalent post-graduate examinations prior to 1965 should be considered equivalent to First Class and Second Class, if they have respectively obtained 60% or more and 48% or more marks at one and the same examination. Further these candidates (persons) should be considered eligible for appointment as under-graduate and post-graduate teachers, Examiners, Scholars, etc., by considering them as First or Second Class post-graduate degree-holders as the case may be."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૦. આચાર્ય ડૉ. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"As the number of students seeking admission to the post-graduate classes in certain subjects is increasing very rapidly and as the admissions in the University Schools are limited, this meeting of the Senate recommends that the Syndicate and the Academic Council should take immediate steps to permit other colleges (particularly in Ahmedabad) to start additional centres for post-graduate teaching in such subjects as may be deemed necessary by the authorities."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પર વિચારણા કરવા માટે એકેડેમિક કાઉન્સિલે સમિતિ નીમી હોવાથી સિન્ડિકેટે હાલને તબક્કે કોઈ અભિપ્રાય આપવાનો રહેતો નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૧. આચાર્ય ડૉ. ય. ગુ. નાયકના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"A time has come to revise the Act, Statutes, Ordinances and rules of the Gujarat University in the light of past 15 years' experience and in the light of the likely bifurcation of this University into three Universities, the Senate recommends that a Committee of the following persons be appointed to recommend suitable changes in the Act, Statutes, Ordinances and rules of the Gujarat University :

Shri Batubhai Haribhai Desai
Shri Chimanbhai Patel
Shri Yashvant P. Shukla
Shri S. R. Bhatt
Shri A. R. Desai
Shri J. B. Sandil
Shri M. S. Pandit
Shri M. C. Desai
Shri Ramprasad Shukla
Shri H. S. Sanghvi
Dr. R. D. Desai
Dr. Y. G. Naik."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પર સિન્ડિકેટ કોઈ અભિપ્રાય આપવા માગતી નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૨. શ્રી. કુંજબિહારી સી. મહેતાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"પ્રથમ અને દ્વિતીય વર્ષ વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને બીજી જે જે વિદ્યાશાખાઓમાં પરીક્ષાઓમાં એ.ટી.કે.ટી. આપવાની હાલમાં જે પ્રથા છે તે જોતાં, એ.ટી.કે.ટી. મેળવનારા વિદ્યાર્થીઓની જે જે વિષયોમાં તેઓ નાપાસ થયા હોય તે તે વિષયોની પરીક્ષા તે વર્ષના ઑક્ટોબરમાં લેવાની જોગવાઈ કરવાની સેનેટની આ સભા, એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩. શ્રી. કુંજબિહારી સી. મહેતાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"જે વિદ્યાર્થીઓ કૉલેજના સ્થળથી પાંચ માઈલ કે તેથી વધારે દૂરના અંતરેથી આવતા હોય તેમને નોકરી કરી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની માફક એન.સી.સી.ની ફરજિયાત તાલીમમાંથી મુક્તિ આપવા સેનેટની આ સભા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪. આચાર્ય એલ. એમ. ઠાકરના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"In view of the changing concepts of health and old age and the increasing expectation of life in our country, this Senate recommends to the Syndicate that the age of retirement of all University servants be raised from sixty to sixty-five."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટે, તેની તા. ૧૪-૯-૧૯૬૫ની સભામાં નીચેનો નિર્ણય કર્યો છે જે પ્રત્યે સેનેટનું ધ્યાન ખેંચવું :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિની વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ પાંસઠ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવામાં રાખી શકાશે નહિ."

૧૫. મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળાને યોગ્ય લાયકાત ધરાવતા પ્રાણીવિજ્ઞાનના વ્યાખ્યાતા નહિ મળતા હોવાથી સદરહુ વિષયનું શૈક્ષણિક કાર્ય ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતું ટ્યૂટરથી ચલાવવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. સી. સી. પટેલ બી.એસસી. અને એમ.એસસી. પાસ વર્ગ ધરાવે છે અને ચાર વર્ષનો ટ્યૂટર તરીકેનો અનુભવ છે. આથી નિયમ મુજબ એક વર્ષનો અનુભવ ખૂટે છે.

(૨) સદરહુ વિષયના વ્યાખ્યાતા તીમવાની જોડાગુની શરત છે. કૉલેજ પાસે યોગ્ય લાયકાત ધરાવતા એક વ્યાખ્યાતા છે જ.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં પ્રાણીવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. સી. સી. પટેલને ચાલુ શૈક્ષણિક વર્ષ માટે પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતા પ્રાણીવિજ્ઞાનના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૧૬. અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતા શ્રી. એ. એન. દીવેચાની જરૂરી શૈક્ષણિક અનુભવની ઊણપ માફ કરવા અંગે પારેખ પ્રાંતર્સ સાયન્સ એન્ડ શાહ કેશવલાલ સોમાભાઈ આર્ટ્સ કૉલેજ, કપડવંજના આચાર્યની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. દીવેચા બી.એ.ની પદવી અંગ્રેજી સાથે દ્વિતીય વર્ગમાં અને એમ.એ ની પદવી અંગ્રેજી સાથે પાસ વર્ગમાં ધરાવે છે તથા ત્રણ સત્રોનો અંગ્રેજીના ટ્યૂટર તરીકેનો અનુભવ ધરાવે છે. આથી શ્રી. દીવેચાને એક સત્રનો શૈક્ષણિક અનુભવ માન્યતા માટે ખૂટે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. એ. એન. દીવેચાને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે નવા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૧૭. એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતા શ્રી. એન. એન. શેઠની જરૂરી શૈક્ષણિક અનુભવની ઊણપ માફ કરવા અંગે એમ. પી. શાહ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, સુરેન્દ્રનગરના આચાર્યની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. એન. એન. શેઠ બી.કૉમ. દ્વિતીય વર્ગમાં અને એમ.કૉમ. પાસ વર્ગમાં ધરાવે છે. ટ્યૂટર તરીકેનો ૧ વર્ષ અને ૮ માસનો અનુભવ ધરાવે છે. આથી શ્રી. શેઠને ચાર માસનો જરૂરી શૈક્ષણિક અનુભવ માન્યતા માટે ખૂટે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજમાં એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. એન. એન. શેઠને ચાલુ શૈક્ષણિક વર્ષ માટે પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતા એકાઉન્ટન્સીના વ્યાખ્યાતાની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૧૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાના સંચાલક મંડળ, સરદાર વિદ્યાભવન ટ્રસ્ટ, મહેસાણાએ સદરહુ કૉલેજની વ્યવસ્થા માટે ગવર્નિંગ બૉર્ડની કરેલ રચના અંગે નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૯. જોડાયેલી કૉલેજોના શિક્ષકોની સેવા-શરતોના નીચે આંકેલા નિયમ નં. ૬(બી)માં આકસ્મિક રજા, અન્ય રજા સાથે જોડી ન શકાય તેવી જોગવાઈ છે તે દૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

6(b). Casual leave for 15 days in the aggregate in a year and for not more than 10 days at a time provided that no teacher shall be entitled to have his casual leave prefixed or suffixed to Sundays and/or public holidays and/or vacations.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

6(b). Casual leave for 15 days in the aggregate in a year and for not more than 10 days at a time provided that such casual leave may either be prefixed or suffixed (but not be both prefixed and suffixed) to sundays.

Note—The casual leave shall not be suffixed or prefixed to vacations.

૨૦. ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતના ઉપાધ્યક્ષ શ્રી. જયંતિલાલ એચ. પાઠકને તેમની પસંદગી અનુસારની બે વિષયોની અભ્યાસસમિતિઓ—ગુજરાતી તથા સંસ્કૃતનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી. પાઠકે તેમની બંને પદવી પરીક્ષાઓમાં ગુજરાતી (મુખ્ય) તથા સંસ્કૃત (ગૌણ) વિષયો રાખેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જયંતિલાલ એચ. પાઠકને ગુજરાતીની અભ્યાસસમિતિ તથા સંસ્કૃતની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૨૧. ગુજરાત ગણિત મંડળ, અમદાવાદના ઉપક્રમે બીજી અખિલ ગુજરાત ગણિત પરિષદ નવેંબર ૩થી ૪ દરમિયાન, બીલીમોરા મુકામે યોજાનાર હોઈ તેમાં ભાગ લેવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા। સદરહુ મંડળના મંત્રીના તા. ૬-૯-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૨૨. ઍસોસિયેશન ઑફ ફિઝિયોલૉજિસ્ટ ઍન્ડ ફાર્માકોલૉજિસ્ટ ઑફ ઇન્ડિયા, લખનૌની વાર્ષિક વૈજ્ઞાનિક સભાઓ ફિઝિયોલૉજી, બાયોકેમિસ્ટ્રી અને ફાર્માકોલૉજી વિષયોમાં તા. ૨૭થી ૩૦ ડિસેંબર, ૧૯૬૫ દરમિયાન લખનૌ મુકામે યોજાનાર હોઈ તેમાં હાજરી આપવા પ્રત્યેક વિષય માટે બે પ્રતિનિધિઓની નિમણૂક કરવા સદરહુ ઍસોસિયેશનના સામાન્ય મંત્રીના તા. ૩૧-૭-૧૯૬૫ના પત્રાંક એપ.જીસી-સી-૬૫ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશનની આગામી વાર્ષિક વૈજ્ઞાનિક સભામાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૨૩. Indian Association of Special Libraries and Information Centres (IASLIC)ની વાર્ષિક પરિષદ કેરાળા યુનિવર્સિટી, ત્રિવેન્દ્રમ મુકામે તા. ૨૭થી ૩૧ ડિસેંબર, ૧૯૬૫ દરમિયાન યોજાનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના માનદ સામાન્ય મંત્રીશ્રીના તારીખ પમી ઑગસ્ટ, ૧૯૬૫ના પત્રાંક ૬૫ (કૉન્ફ.-૬) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૨૪. ઇન્ડિયન ઇકોનોમિક ઍસોસિયેશનની ૪૮મી વાર્ષિક પરિષદ બનારસ મુકામે, બનારસ હિંદુ યુનિવર્સિટીના આશ્રયે, તા. ૨૯થી ૩૧મી ડિસેંબર, ૧૯૬૫ દરમિયાન મળનાર હોઈ તેમાં ભાગ લેવા બે પ્રતિનિધિઓ મોકલી આપવાની વિનંતી કરતા ઍસોસિયેશનના માનદ મંત્રી તથા કોષાધ્યક્ષના તા. ૩-૯-૧૯૬૫ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૨૫. અખિલ ભારતીય અંગ્રેજી પરિષદનું ૧૬મું અધિવેશન જાદવપુર યુનિવર્સિટીના આશ્રયે જાદવપુર મુકામે તા. ૨૮થી ૩૦ ડિસેંબર, ૧૯૬૫ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા "ધી ઇન્ડિયન ઍસોસિયેશન ફૉર ઇંગ્લિશ સ્ટડીઝના સામાન્ય મંત્રીશ્રીના તા. ૧૨મી સપ્ટેંબર, ૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૨૬. "ઍનેટોમિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા"ની ૧૪મી વાર્ષિક પરિષદ હૈદરાબાદ મુકામે તા. ૩૧મી ડિસેંબર, ૧૯૬૫ તથા તા. ૧ અને ૨ જાન્યુઆરી, ૧૯૬૬ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા સદરહુ સોસાયટીના સામાન્ય મંત્રીશ્રીના તા. ૨૫-૯-૧૯૬૫ના પત્રાંક ૩૬૫-૪૫૫ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૨૭. ઉન્નત સર્જરીની અભ્યાસસમિતિની તા. ૧૬-૧૧-૧૯૬૪ની સભાની ભલામણ અનુસાર ઉન્નત સર્જરીના વિષયમાં પરીક્ષકોની ઓછામાં ઓછી લાયકાત નીચે પ્રમાણે રાખવા એકેડેમિક કાઉન્સિલની તા. ૪/૫-૧-૧૯૬૫ની ભલામણ પર વિચારણા કરવા બાબત:

B.D.S. Examination

No person shall be appointed as a Paper-setter or an Examiner in a subject if he has ceased to be a teacher in the subject for a

period of more than three years just preceding the date of his application.

Dental Subjects

No person shall ordinarily be eligible for appointment as an Examiner unless he holds the B.D.S. Degree or an equivalent qualification and has had at least five years' teaching experience in the subject in Dental College of this or any other recognised University at least as Senior Lecturer/Asst. Professor/Reader.

Medical Subjects

No person shall ordinarily be eligible for appointment as an Examiner unless he holds a post graduate medical qualification and has had at least five years' teaching experience in the subject of which minimum 2 years' teaching experience should be to the Dental students as Senior Lecturer/Asst. Professor/Reader.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે ડેન્ટલ સર્જરીના વિષયમાં પરીક્ષકોની નિમણૂક માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ ઉપર મુજબ રાખવું.

૨૮. માર્ચ-એપ્રિલ ૧૯૬૫માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો ઉપર તેમ જ પ્રાન્શિક-પરીક્ષકો તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧૫-૯-૧૯૬૫ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૫-૯-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સભાની તા. ૧૫-૯-૧૯૬૫ની નોંધ આ સાથે સામેલ કરવામાં આવી નથી.)

૨૯. એન્જિનિયરિંગ વિદ્યાશાખાની પરીક્ષાઓમાં જે તે વિષયમાં મોડરેશન પદ્ધતિ દાખલ કરવા અંગે ગુજરાત રાજ્યના ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશનના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૯-૧-૧૯૬૫ની સભામાં સદરહુ બાબત અંગે નીચે મુજબ ઠરાવ્યું છે:

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહિ.")

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવો નહિ.

૩૦. ફર્સ્ટ બી.એ. પરીક્ષાના બેઠક નં. ૪૮૫૪ના વિદ્યાર્થીએ એપ્રિલ ૧૯૬૫માં અગાઉ મેળવેલ એ.ટી.કે.ટી.ના અધારે બાકીના સાયકોલોજી (સબ્સિડિયરી) અને અંગ્રેજી

ફરજિયાત વિષયોની પરીક્ષા આપી હતી. અંગ્રેજીના વિષયની પરીક્ષામાં ગેરવાજબી ઘલાજ અજમાવ્યા હોવાનું જણાતાં તેને પરીક્ષામાં જાહેરનામા ૧૭૮થી નાપાસ જાહેર કરવામાં આવેલ છે. તે ઉપરાંત ૧૯૬૫ કે તે અગાઉની પરીક્ષામાં મેળવેલ મુક્તિ રદ કરવામાં આવેલ છે અને આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં કે અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની તા. ૩૧-૧૨-૧૯૬૫ સુધી મના ફરમાવવામાં આવી છે, તો આ વિદ્યાર્થીને મળેલ એ.ટી.કે.ટીનો લાભ રદ ગણાય કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ વિદ્યાર્થીનું એસ.વાય.બી.એ.નું પરિણામ ઑ. ૧૨૭ મુજબ અનામત રાખવામાં આવેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીને ફર્સ્ટ બી.એ.ની પરીક્ષામાં બધા જ વિષયોમાં બેસવાનું આવશ્યક ગણવું, પરંતુ ઑર્ડિ. ૧૨૭ હેઠળ તેને મળેલ એ.ટી.કે.ટી.ના વર્ષનું પરિણામ ચાલુ રહેશે એમ સ્પષ્ટતા કરવી.

૩૧. જૂના અભ્યાસક્રમ મુજબની ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં જેમને એ.ટી.કે.ટી. એટલે કે આગળના વર્ષના વર્ગ માટે સત્રો ભરવાનો લાભ મળ્યો હોય અને હજુ જેઓને ઇન્ટર આર્ટ્સના બાકીના વિષયમાં પાસ થવાનું બાકી હોય તેમને નવા અભ્યાસક્રમની ફર્સ્ટ બી.એ.ની પરીક્ષામાં બેસવા દેવા માટેના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત:

[સૂચન: રે. આર્ટ્સ-૪ (એ)માં જણાવ્યા મુજબ ફર્સ્ટ બી.એ.ની પરીક્ષાના જે સમાન (corresponding) વિષયોમાં જૂના અભ્યાસક્રમ મુજબની ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં મેળવેલ મુક્તિનો લાભ આપવામાં આવે છે તે મુજબ ઇન્ટર આર્ટ્સના જે વિષયોમાં પાસ થવાનું બાકી છે તે વિષયના સમાન વિષયમાં બેસવા દેવા બે વર્ષ સુધી જ તક આપવી અને ત્યાર બાદ નવેસરથી સત્રો રાખી ફર્સ્ટ બી.એ.ની પરીક્ષામાં બેસવાનું રહે.

ઇન્ટર આર્ટ્સ જૂનો અભ્યાસક્રમ	ફર્સ્ટ બી.એ. નવો અભ્યાસક્રમ
૧. કમ્પલસરી અંગ્રેજી	૧. અંગ્રેજી (કમ્પલસરી)
૨. ક્લાસિકલ લેંગ્વેજ	૨. ક્લાસિકલ લેંગ્વેજ (કમ્પલસરી)
૩. મૅથેમેટિક્સ	૩. મૅથેમેટિક્સ
૪. ઇકોનોમિક્સ	૪. ઇકોનોમિક્સ
૫. સોશિયોલોજી	૫. સોશિયોલોજી
૬. સાયકોલોજી	૬. સાયકોલોજી
૭. જ્યોગ્રાફી	૭. જ્યોગ્રાફી
૮. કમ્પલસરી હિંદી	૮. હિંદી
૯. મોર્ડન ઇન્ડિયન લેંગ્વેજ	૯. મોર્ડન ઇન્ડિયન લેંગ્વેજ
૧૦. લૉજિક	૧૦.

(નોંધ.—ફર્સ્ટ બી.એ.ના નવા અભ્યાસક્રમમાં લૉજિક વિષય નહિ હોવાથી તે બાબતમાં શું કરવું તે વિચારવાનું રહે છે.)]

આથી ઠરાવવામાં આવે છે કે, જે વિદ્યાર્થીઓને જૂના અભ્યાસક્રમ મુજબની ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં એ.ટી.કે.ટી. મળેલ હોય પણ હજુ જેઓને ઇન્ટર આર્ટ્સના બાકીના વિષયોમાં પાસ થવાનું બાકી રહેતું હોય તેમને નવા અભ્યાસક્રમની ફર્સ્ટ બી.એ.ની પરીક્ષામાં વધુ બે વર્ષ માટે બેસવા માટે તક આપવી, અને જૂના અભ્યાસક્રમ મુજબના ઇન્ટર આર્ટ્સના જે વિષયો બાકી રહ્યા હોય તે વિષયોની સામે જણાવેલ નવા અભ્યાસક્રમના વિષયમાં તેમને બેસવું આવશ્યક રહેશે :

ઇન્ટર આર્ટ્સ જૂનો અભ્યાસક્રમ	ફર્સ્ટ બી.એ. નવો અભ્યાસક્રમ
૧. કમ્પલસરી અંગ્રેજી	૧. અંગ્રેજી (કમ્પલસરી)
૨. ક્લાસિકલ લેંગ્વેજ	૨. ક્લાસિકલ લેંગ્વેજ (કમ્પલસરી)
૩. મેથેમેટિક્સ	૩. મેથેમેટિક્સ
૪. ઇકોનોમિક્સ	૪. ઇકોનોમિક્સ
૫. સોશિયોલોજી	૫. સોશિયોલોજી
૬. જ્યોગ્રાફી	૬. જ્યોગ્રાફી
૭. સાયકોલોજી	૭. સાયકોલોજી
૮. કમ્પલસરી હિંદી	૮. હિંદી
૯. મોડર્ન ઇન્ડિયન લેંગ્વેજ	૯. મોડર્ન ઇન્ડિયન લેંગ્વેજ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓને ફક્ત તર્કશાસ્ત્રના વિષયમાં બેસવાનું બાકી હોય તેમને માટે ઇન્ટર આર્ટ્સના જૂના અભ્યાસક્રમ પ્રમાણેનો પ્રશ્નપત્ર કઢાવીને તર્કશાસ્ત્રના વિષયની પરીક્ષા લેવા માટે બે પરીક્ષા સુધી ખાસ વ્યવસ્થા કરવી.

૩૨. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં, રાજ્ય સરકારના જાહેર બાંધકામ ખાતા તરફથી 'લોન સર્વિસ' ઉપર આવેલ બિલ્ડિંગ સુપરવાઇઝર તેમના ખાતામાં પાછા જતાં બિલ્ડિંગ સુપરવાઇઝરની એક હંગામી જગ્યા માસિક રૂા. ૨૦૭(Fixed)થી ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગમાં બિલ્ડિંગ સુપરવાઇઝરની એક હંગામી જગ્યા, હાલના પગારધોરણ એટલે કે, રૂા. ૨૦૦ ઉચ્ચક)થી, બે વર્ષ માટે ઊભી કરવી.

(નોંધ.—સદરહુ જગ્યા માટે કોઈ પણ પ્રકારનું ભથ્થું આપવામાં આવશે નહિ તેની સ્પષ્ટતા કરવામાં આવે.)

૩૩. ભાષા-સાહિત્ય ભવનના પ્રોફેસર શ્રી. કે. આર. ચન્દ્રશેખરનનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૬-૧૧-૧૯૬૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૭-૧૧-૧૯૬૪થી કાયમ કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. કે. આર. ચંદ્રશેખરનને યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે તા. ૭-૧૧-૧૯૬૫થી કાયમ કરવા.

૩૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના લેક્ચરર શ્રી. એ. વી. ગજ્જરનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૪-૧૧-૧૯૬૫ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૫-૧૧-૧૯૬૫થી કાયમ કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. એ. વી. ગજ્જરને યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર તરીકે તા. ૫-૧૧-૧૯૬૫થી કાયમ કરવા.

૩૫. યુનિવર્સિટી કાર્યાલયના નીચેના સભ્યોનો અજમાયશી સમય તેઓનાં નામ સામે બતાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓને તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. સી. એસ. શાહ	જુનિ. ક્લાર્ક	૧૦-૧૧-૧૯૬૫	૧૧-૧૧-૧૯૬૫
૨.	શ્રી. એસ. જે. સુરતી	પંપ-ઑપરેટર-ઇન્ટ	૮-૧૧-૧૯૬૫	૯-૧૧-૧૯૬૫
૩.	શ્રી. બી. એમ. વૈશ્ય	વૉર્ડબૉય	૮-૧૧-૧૯૬૫	૯-૧૧-૧૯૬૫
૪.	શ્રી. ગોરિયા લક્ષ્મણ છનાજી	સફાઈ કામદાર	૨૩-૧૧-૧૯૬૫	૨૪-૧૧-૧૯૬૫
૫.	શ્રી. ડાહ્યાભાઈ ઝીણાભાઈ	સફાઈ કામદાર	૨૩-૧૧-૧૯૬૫	૨૪-૧૧-૧૯૬૫

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	જગ્યા	તારીખ
૧.	શ્રી. સી. એસ. શાહ	જુનિ. ક્લાર્ક	૧૧-૧૧-૧૯૬૫
૨.	શ્રી. એસ. જે. સુરતી	પંપ-ઑપરેટર-ઇન્ટ	૯-૧૧-૧૯૬૫
૩.	શ્રી. ગોરિયા લક્ષ્મણ છનાજી	સફાઈ કામદાર	૨૪-૧૧-૧૯૬૫.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સર્વશ્રી બી. એમ. વૈશ્ય, વૉર્ડ બૉય તથા ડાહ્યાભાઈ ઝીણાભાઈ, સાફાઈ કામદારના અજમાયશી સમયની મુદત વધુ એક વર્ષ માટે લંબાવવી, અને તેમને જણાવવું કે, આ વધારાના અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ તો તેમને છૂટા કરવાની ફરજ પડશે.

૩૬. સમાજવિદ્યા ભવનના ક્લાર્ક-ટાઇપિસ્ટ શ્રી. પી. એ. પટેલ તા. ૨૭-૭-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—તેઓ ભવનમાં તા. ૧૦-૪-૧૯૬૩થી જોડાયા હતા અને તા. ૨૭-૭-૧૯૬૪થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પી. એ. પટેલને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવી.

૩૭. છાત્રાલય સમિતિની તા. ૯-૮-૧૯૬૫ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત:

(૧) હૉસ્ટેલમાં રહેતા શ્રી. એસ. એસ. સોલંકીનું હૉસ્ટેલ-ભાડું રિફંડ કરવા અંગેની તા. ૨-૮-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

છાત્રાલયના રહીશ છાત્ર શ્રી. એસ. એસ. સોલંકીને છાત્રાલય-ભાડું રિફંડ આપવા બાબત ઠરાવવામાં આવ્યું કે, નોકરિયાતોની બાબતના નિયમ મુજબ જો કોઈ વિદ્યાર્થીઓને છાત્રાલય છોડી જવાની ફરજ પાડવામાં આવે તો તેમને તેઓ છાત્રાલયમાં રહેલ દિવસો માટે કામચલાઉ પ્રવેશના દરે છાત્રાલય-ભાડાનો ચાર્જ કરવો. જો સત્ર-ભાડું અગાઉ ભર્યું હોય તો ઉપર મુજબ ભાડાની રકમ કાપી લઈ શેષ રકમ રિફંડ કરવી.

(૨) હૉસ્ટેલની મુલાકાત:

નોકરિયાત વિદ્યાર્થીઓને છાત્રાલયમાં રહેવા દેવાના નિયમમાં નીચે મુજબ સુધારો કરવામાં આવ્યો:

૧. સ્કોલરશિપ અને ફેલોશિપને નોકરી ગણવી નહિ, અને

૨. સામાન્ય રીતે જે વિદ્યાર્થીઓ કૉલેજમાં ભણીને પાર્ટ-ટાઇમ નોકરી કરતા હોય અને/અથવા જેમની આ નોકરીમાંથી થતી કુલ પ્રાપ્તિ માસિક રૂા. ૧૫૦ની આસપાસ થતી હોય તેમને છાત્રાલયમાં રહેવા દેવાની સત્તા રેસિડન્ટ પ્રોફેસરને આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે, છાત્રાલય સમિતિની તા. ૯-૮-૧૯૬૫ની સભાની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૩૮. તા. ૧૯-૯-૧૯૬૫ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૧૯-૯-૧૯૬૫ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૯-૯-૧૯૬૫ની નોંધ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૩૯. તા. ૧-૧૦-૧૯૬૫ના રોજ રીડર-ઇન-હિસ્ટરીની જગ્યા માટે મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની તા. ૧-૧૦-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી, અને સદરહુ જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ જગ્યા માટે યોગ્ય ઉમેદવાર મળે નહિ ત્યાં સુધી તે જગ્યા પર હંગામી ધોરણે લેક્ચરરની નિમણૂક કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની અનુમતિ માટે ઘટતું લખાણ કરવું.

(સદરહુ વરણીસમિતિની તા. ૧-૧૦-૧૯૬૫ની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૪૦. યુનિવર્સિટી ગ્રંથાલયમાં મદદનીશ ગ્રંથાલયની જગ્યા માટે તા. ૯-૧૦-૧૯૬૫ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રંથાલયમાં હાલ ટેકનિકલ આસિસ્ટન્ટની જગ્યા પર જે સભ્યો કામ કરે છે તે સભ્યોનાં નામ, ઉંમર, શૈક્ષણિક લાયકાત, વ્યવસાય, અનુભવ ઇત્યાદિ વિગતો સાથે મદદનીશ ગ્રંથપાલની જગ્યા પૂરવાની બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૪૧. "ટ્યુબરકયુલોસિસ રિલીફ ઑર્ગેનિઝેશન, અમદાવાદ"ના માનદ મંત્રીશ્રી તરફથી ટી. બી. સીલ ખરીદવા અંગેના તેમના તા. ૩-૯-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ટી. બી. સીલ ખરીદવાનું આ યુનિવર્સિટીને માટે શક્ય નથી, તેમ સદરહુ ઑર્ગેનિઝેશનને જવાબ આપવો.

૪૨. ઇન્ડિયન પાર્લમેન્ટરી ઍન્ડ સાયન્ટિફિક કમિટીના રૂા. ૧,૦૦૦ આપી સભ્ય થવા અંગેના તેના વાઇસ પ્રેસિડેન્ટના તા. ૩૧-૮-૧૯૬૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિનું સભ્યપદ સ્વીકારવું નહિ.

૪૩. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિક વિભાગના વિદ્યાર્થીઓનો અભ્યાસ-પ્રવાસ, મુંબઈ, કલકત્તા અને દિલ્હી જનાર હોઈ તે અંગેનો રૂા. ૧,૨૮૭નો ખર્ચ મંજૂર કરવા અંગે ભવનના અધ્યક્ષશ્રીના તા. ૩-૯-૧૯૬૫ના પત્રાંક પીએચ.વાય/વી. (૧૩) ૩૮૨૯ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રવાસ માટે ફક્ત ભવનના એક શિક્ષક અને પટાવાળાના પ્રવાસનું ખર્ચ મંજૂર કરવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક વિદ્યાભવનોના વિદ્યાર્થીઓ માટે યોજનો પ્રવાસ અભ્યાસક્રમના ભાગરૂપે હોય તો તે માટે જ વિદ્યાર્થીઓને તે મદદ આપવાનું વિચારીને તે અંગે ધારાધોરણો ઘડીને કાર્યાલયે આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૪૪. સમાજવિદ્યા ભવનના લેબર વેલ્ફેર વિભાગના વિદ્યાર્થીઓની મુંબઈ, ટાટાનગર, કલકત્તા, ધનબાદ અને દિલ્હીના અભ્યાસ-પ્રવાસ અંગે રૂા. ૧,૯૫૫નું ખર્ચ કરવા અંગે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૩-૮-૧૯૬૫ના પત્રાંક ૧૧૪૯ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રવાસ માટે ફક્ત ભવનના એક શિક્ષક અને પટાવાળાના પ્રવાસનું ખર્ચ મંજૂર કરવું.

૪૫. સિન્ડિકેટે તેની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભામાં શ્રી. એન. ડી. છાયાની લેક્ચરર-ઇન-ઝૂલોજીની જગ્યા પર નિમણૂક કરવા ઠરાવ્યા પ્રમાણે તેઓને જણાવતાં તેઓ તેમના

તા. ૨૯-૮-૧૯૬૫ના પત્રથી જણાવે છે કે હાલ પોતે પરદેશ હોવાથી જોડાઈ શકે તેમ નથી પરંતુ પાછા આવ્યા બાદ જોડાવા માગે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, લેક્ચરર-ઇન-ઝૂલોજીની જગ્યા પર થયેલી શ્રી. એન. ડી. છાયાની નિમણૂક રદ ગણવી, અને તે જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને અરજીઓ મગાવવી.

૪૬. સિન્ડિકેટે તેની તા. ૨૩-૬-૧૯૬૫ની સભામાં શ્રી. આર. સી. પટેલને તેઓ વિદેશથી પાછા ફર્યા બાદ પાંચ વર્ષ સુધી યુનિવર્સિટીને સેવાઓ આપે અને તે અંગે સિક્યુરિટી બૉન્ડ આપે તે શરતે એક વર્ષની અભ્યાસ-રજા મંજૂર કરવાનું ઠરાવ્યું હતું, પરંતુ તેઓએ આ શરતોનો, તેઓના તા. ૧૯-૮-૧૯૬૫ના પત્રથી અસ્વીકાર કર્યો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

[શ્રી. પટેલને આપેલ અભ્યાસ-રજા અંગેની કાર્યાલયની નોંધ નીચે પ્રમાણે છે:

શ્રી. આર. સી. પટેલને સિન્ડિકેટે તેની તા. ૨૫-૮-૧૯૬૨ની સભામાં બે વર્ષ માટે અભ્યાસ-રજા એટલે તા. ૧૯-૯-૧૯૬૨થી તા. ૧૮-૯-૧૯૬૪ સુધી નીચેની શરતે આપી હતી:

(૧) તેઓને અભ્યાસ-રજા દરમિયાન માસિક રૂા. ૨૦૦નું સ્ટાઇપેન્ડ આપવું.

(૨) તેઓ વિદેશથી પાછા ફર્યા બાદ ઓછામાં ઓછાં બે વર્ષ સુધી યુનિવર્સિટીને સેવાઓ આપશે.

આ અંગે તેઓએ યુનિવર્સિટી સાથે સ્ટૅમ્પ ઉપર તા. ૧૪-૯-૧૯૬૨થી કરારનામું કરેલ છે. તેઓએ તા. ૨૬-૫-૧૯૬૫થી વધુ એક વર્ષ માટે રજા લંબાવવા અંગે વિનંતી કરી હતી અને સિન્ડિકેટે તેની તા. ૨૩-૬-૧૯૬૪ની સભામાં તેઓ વિદેશથી પાછા ફર્યા બાદ પાંચ વર્ષ સુધી યુનિવર્સિટીને સેવા આપશે તેવી બાંયધરી અને સિક્યુરિટી બૉન્ડ આપે તે શરતે અભ્યાસ-રજા મંજૂર કરી હતી, પરંતુ તેઓએ તા. ૧૯-૮-૧૯૬૫ના પત્રથી તે શરતોનો સ્વીકાર કર્યો નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. સી. પટેલને જણાવવું કે, સિન્ડિકેટની તા. ૨૩-૬-૧૯૬૪ની સભાના ઠરાવ અનુસાર, તેઓ જરૂરી કરારનામું કરવા તૈયાર ના હોય તો તેમને તા. ૧૮-૯-૧૯૬૪ સુધી આપવામાં આવેલ સ્ટાઇપેન્ડની રકમ વસૂલ લેવામાં આવશે તેમ તેમને જણાવવું.

૪૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તરફથી માનવવિદ્યાઓ અને વિજ્ઞાનવિદ્યાઓ માટે આપવામાં આવતી પોસ્ટ-ગ્રેજ્યુએટ રિસર્ચ સ્કૉલરશિપની રકમ માસિક રૂા. ૨૦૦ને બદલે રૂા. ૩૦૦ કરવા માટે સૂચન કરેલું તે સ્વીકારી શકે તેમ નથી તેમ જણાવતા તથા તા. ૨૩-૮-૧૯૬૫ના પત્રાંક એફ. ૧-૪-૬૫(એસએફ)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૪૮. સામળદાસ કૉલેજ, ભાવનગરમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી હિંદી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાંથી શ્રી. એસ. એસ. મજીઠિયાની બદલી ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ અને એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટમાં થતાં તેમની જગ્યાએ પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એચ. બી. સુખવાલની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એચ. બી. સુખવાલની નિમણૂક કરવી.

૪૯. ભારતીય યુનિવર્સિટીઓમાં "એશિયન સ્ટડીઝ"ના વિકાસ અર્થે યોજાયેલ પરિસંવાદમાં થયેલી ભલામણો અંગે ઇન્ડિયન સ્કૂલ ઑફ ઇન્ટરનેશનલ સ્ટડીઝ, ન્યૂ દિલ્હીના અધ્યક્ષ તરફથી આવેલા તા. ૧૭-૫-૧૯૬૫ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) આ બાબત તા. ૫-૬-૧૯૬૫ની સિન્ડિકેટની સભા સમક્ષ મૂકવામાં આવી હતી અને તેમાં ઠરાવ્યા પ્રમાણે પ્રો. ડી. એન. પાઠક તરફથી આવેલ પ્રસ્તાવ આ સાથે સામેલ છે.

(૨) કેટલી આર્થિક મદદ મળશે તે અંગે પુછાવેલું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં કેટલી સહાય મળી શકે તેમ છે તેની માહિતી આવ્યેથી આ બાબત ફરીથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૫૦. વૈજ્ઞાનિક તથા ટેકનિકલ શબ્દો અંગે ભારત સરકાર દ્વારા હિન્દી ભાષામાં તૈયાર કરેલ પારિભાષિક શબ્દસંગ્રહ માટે પ્રાદેશિક (ગુજરાતી) ભાષામાં યોગ્ય શબ્દો તૈયાર કરવા તથા તે માટે "સેલ"(Cell)ની રચના કરવા ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૯મી સપ્ટેંબર ૧૯૬૫ના પત્રાંક ટી.ઈ.એમ. ૨૬૬૫-૬૬૨૨૧-અ મુજબ કમિશન તરફથી થયેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીએ જુદા જુદા વિષયોની પરિભાષાની પુસ્તિકાઓનો એક સેટ ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાને મોકલી આપવો અને તેમને આ યુનિવર્સિટી પાસેથી કેવા પ્રકારની મદદ જોઈએ છે તે લખી પુછાવવું.

૫૧. બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની તા. ૧૯-૮-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ :

"બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ તરફથી ૧૯૬૪-૬૫ના વર્ષ દરમિયાન થયેલ પ્રવૃત્તિના અહેવાલની નોંધ લેવી અને તેની નકલ સિન્ડિકેટની જાણ માટે મોકલવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અહેવાલની નોંધ લેવી.

૫૨. બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની તા. ૧૯-૮-૧૯૬૫ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આચાર્ય યશવંત પ્રા. શુક્લનો તા. ૧૭-૮-૧૯૬૫નો પત્ર સભાની વિચારણા સમક્ષ મૂકવામાં આવ્યો અને નક્કી કરવામાં આવ્યું કે કૉલેજોને કોઈ એક ગામ પસંદ કરી એક્સ્ટ્રા-મ્યુરલ બોર્ડની યોજનામાં જણાવેલ બધી પ્રવૃત્તિઓ સ્થાનિક વસ્તીના સહકારથી તે સ્થળમાં કેન્દ્રિત કરી યોજી શકાય તો તેમ કરવા જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે વિગતવાર યોજના તથા અંદાજી ખર્ચની વિગતો તૈયાર કરીને રજૂ કરવા માટે સદરહુ બોર્ડને જણાવવું.

૫૩. આંતરરાષ્ટ્રીય સહકાર દિન ઊજવવા અંગે બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૬નું વર્ષ 'આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ' તરીકે ઊજવવું અને તે અંગે નીચે પ્રમાણે પગલાં લેવાં :

(૧) યુનાઇટેડ નેશન્સ કે ભારત સરકાર તરફથી જે સાહિત્ય બહાર પાડવામાં આવે તે કાર્યાલયે મગાવવું.

(૨) કૉલેજોમાં 'યુનો ક્લબ' સ્થાપવા સૂચના આપવી.

(૩) ભારત સરકારના પત્રમાં સૂચવ્યા મુજબ શિક્ષણની કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓ પાસે તેમના વાર્ષિક કામકાજમાં આંતરરાષ્ટ્રીય સહકાર અંગેના પાઠો પણ યોજી તે અંગે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે તેમ કરવા શિક્ષણની કૉલેજોને સૂચના કરવી.

(૪) યુનિવર્સિટી તરફથી પ્રસિદ્ધ થતા 'વિદ્યા' તથા કૉલેજોનાં સામયિકોમાં આંતરરાષ્ટ્રીય સહકાર અંગે લેખો પ્રસિદ્ધ કરવા માટે તેમના તંત્રીઓને સૂચના આપવી.

(૫) યુનાઇટેડ નેશન્સ ઇન્ફર્મેશન સેન્ટર, ભારત સરકાર, રાજ્ય સરકાર વગેરે પાસેથી યુનાઇટેડ નેશન્સની પ્રવૃત્તિ તથા આંતરરાષ્ટ્રીય સહકારની પ્રવૃત્તિ અંગેનું સાહિત્ય મેળવી તેનું પ્રદર્શન યોજવું અને તે માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવી :

(૧) પ્રો. ડી. એન. પાઠક
(૨) પ્રિ. પી. જી. માવળંકર
(૩) પ્રિ. એસ. આર. ભટ્ટ
(૪) શ્રી. મનહરભાઈ શુક્લ
(૫) લાયન્સ ક્લબના પ્રમુખ
(૬) રોટરી ક્લબના પ્રમુખ
(૭) સ્કૂલ ઑફ મૅનેજમેન્ટ પરના અમેરિકન અધ્યાપકોના એક પ્રતિનિધિ
(૮) શ્રી. ડેપ્યુટી રજિસ્ટ્રાર (સેક્રેટરી).

આ સમિતિને જરૂર જણાય તો બીજા સભ્યોને કો-ઑપ્ટ કરવાની સત્તા રહેશે.

(૬) આંતરરાષ્ટ્રીય સહકાર અંગેની ફિલ્મો પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓને બતાવવી.

(૭) આ અંગે અંદાજે રૂા. ૨,૦૦૦ના ખર્ચની જોગવાઈ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(**નોંધ.**—આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ ૧૯૬૫ કે ૧૯૬૬માં ઊજવવાનું છે તે અંગે કાર્યાલયે સ્પષ્ટતા મેળવી લેવાનું રાખવું.)

૫૪. યુનિવર્સિટી તરફથી ડિગ્રી કે ડિપ્લોમા પરીક્ષા માટે વિદ્યાર્થીઓને અપાતા શૈક્ષણિક પ્રમાણપત્રમાં તેમણે એન.સી.સી.માં પ્રાપ્ત કરેલ નિપુણતાનો ('બી' કે 'સી' સર્ટિફિકેટ પાસ અંગે) ઉલ્લેખ કરવા માટેના તા. ૭/૮-૨-૧૯૬૩ના આંતર-યુનિવર્સિટી

બોર્ડના ઠરાવ અંગે આ યુનિવર્સિટીનો અભિપ્રાય મગાવતા ગુજરાત રાજ્ય એન.સી.સી. હેડક્વાર્ટર્સ તરફથી આવેલ તા. ૧૮-૮-૧૯૬૫ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને અપાતા શૈક્ષણિક પ્રમાણપત્રમાં વિદ્યાર્થીએ એન.સી.સી.માં પ્રાપ્ત કરેલ નિપુણતાનો ઉલ્લેખ કરવાની તરફેણમાં આ યુનિવર્સિટી નથી એમ અભિપ્રાય લખી જણાવવો.

૫૫. હાલની પ્રવર્તમાન રાજકીય પરિસ્થિતિમાં આંતર-યુનિવર્સિટીની સ્પર્ધાઓ મોકૂફ રાખવાના આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડના પત્રના તા. ૧૮-૯-૧૯૬૫ના પત્રની તથા તેને અનુલક્ષીને યોજવા ધારેલી પશ્ચિમ વિભાગની આસ્કેટ બોલની હરીફાઈ પણ ગુજરાત યુનિવર્સિટી ખાતે હાલ રાખવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

સદરહુ બાબત સભાગૃહ સમક્ષ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સ્પષ્ટતા કરવામાં આવી કે, ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડે સદરહુ સ્પર્ધા ચાલુ રાખવાનું હવે નક્કી કરેલું હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

૫૬. તા. ૨૮-૪-૧૯૬૨ની સિન્ડિકેટના ઠરાવ નં. ૨૦થી ડૉ. બેસ્ટ અને તેમના મદદનીશોને કમ વજનવાળા વિદ્યાર્થીઓની સર્વાંગી તપાસ કરવાનું જે કામ સોંપ્યું હતું (તે પૂરું થઈ ગયું છે ને રિપોર્ટ પણ સિન્ડિકેટ સમક્ષ આવી ગયો છે) તે બાબતે ખરીદેલો વજન કરવાનો કાંટો પોતાની સંસ્થા માટે રાખી લેવાની પરવાનગી માગતા ડૉ. બેસ્ટના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કાંટો બી. જે. મેડિકલ કૉલેજની પાસે રાખવા માટે ડીન ડૉ. ઈ. એમ. બેસ્ટની વિનંતી મંજૂર કરવી.

૫૭. યુનિવર્સિટી ટાવરમાં આવેલા ડોમના ભાગને વાપરવા માટે ભારત સરકારના એટમિક એનર્જી ખાતાના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના મકાનના ટાવરના ડોમના ભાગનો ઘટતો ઉપયોગ કરવા માટે એટમિક એનર્જી ખાતાને તેમણે માગેલી પરવાનગી બે વર્ષ માટે આપવી.

૫૮. યુનિવર્સિટીનાં મકાનો ઉપર મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી આકારવામાં આવેલ વિવિધ કરની આકારણી થઈ છે અને કયા મકાન માટે કેટલો કર ભરવામાં આવે છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૯. વી. ટી. ચોકસી સાર્વજનિક લૉ કૉલેજ, સુરતે તા. ૧૫-૬-૧૯૬૫થી ડિપ્લોમા ઇન લેબર લૉઝ એન્ડ પ્રૅક્ટિસ તથા ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉઝ એન્ડ પ્રૅક્ટિસનો અભ્યાસક્રમ બંધ કર્યો તે અંગે સદરહુ કૉલેજના તા. ૩૦મી જૂન ૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—પાંચ વિદ્યાર્થીઓને બીજું સત્ર ભરવાનું બાકી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૬૦. તા. ૧૭-૮-૧૯૬૫ના રોજ મળેલ ત્રિવાર્ષિક તપાસસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ તપાસસમિતિની નીચેની ભલામણ પર સર્વગ્રાહી વિચારણા કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

"સામળદાસ કૉલેજ, ભાવનગર, તથા અન્ય સરકારી કૉલેજોમાં યુનિવર્સિટીએ નિયત કરેલા પગાર અને ઘરભાડાનાં યુનિવર્સિટીનાં ધારાધોરણનો અમલ થતો નથી તે હકીકતના સંદર્ભમાં પ્રશ્નનાં બંને પાસાંઓ તપાસીને સિન્ડિકેટ યોગ્ય વિચારણા કરે એમ સૂચવવામાં આવે છે."

૧. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ
૨. આચાર્ય એમ. એસ. પંડિત
૩. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ તપાસસમિતિની તા. ૧૭-૮-૧૯૬૫ની ઉપરની ભલામણ સિવાયની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની બાકીની ભલામણોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૬૧. ગુજરાત યુનિવર્સિટીમાં ધારાશાસ્ત્રનું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવા માટે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાના અધ્યક્ષ આચાર્ય ડી. ડી. દેસાઈ તરફથી આવેલા સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે યોજના તૈયાર કરીને રજૂ કરવા માટે આચાર્ય ડી. ડી. દેસાઈને જણાવવું.

૬૨. આચાર્ય ડી. એસ. જોશીને બીજી અભ્યાસસમિતિ તરીકે 'જનરલ એજ્યુકેશન'ની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) અગાઉ હિંદીની અભ્યાસસમિતિનું સભ્યપદ અપાયેલ છે.

(૨) તેમના પદવી કક્ષાના વિષયો નીચે પ્રમાણે છે :

બી.એ. — અર્થશાસ્ત્ર, ગુજરાતી
એમ.એ. — હિન્દી, ગુજરાતી.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. એસ. જોશીને 'જનરલ એજ્યુકેશન'ની અભ્યાસસમિતિનું સભ્યપદ આપવું.

૬૩. વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાનિકેતન, રાજકોટના આચાર્ય શ્રી. એચ. એસ. સંઘવીને તેમની પસંદગી અનુસારની બે વિષયોની અભ્યાસસમિતિઓ : (1) Board of Studies in Jurisprudence, International Law (Private and Public), Constitutional Law, and (2) Board of Studies in Crimes, Law of Obligation (i.e., Torts, Contracts and Labour Laws), Procedural Laws — એમ પ્રત્યેકનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. સંઘવી ઇતિહાસ, અર્થશાસ્ત્ર તથા રાજ્યશાસ્ત્ર સાથે એમ.એ. અને એલએલ.બી.ની પદવીઓ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાંથી ઊભા થતા કાનૂની મુદ્દાઓ તપાસીને કાર્યાલયે આ બાબત ફરીથી રજૂ કરવી.

૬૪. ફર્સ્ટ બી.એ. પરીક્ષામાં સ્વ. શ્રી. પોપટલાલ ગિરધરલાલ શિષ્યવૃત્તિ વિનયન વિદ્યાશાખાના ડીનના મંતવ્ય પ્રમાણે આપવા મજકૂર શિષ્યવૃત્તિના દાતાઓની સંમતિ આવી હોવાથી તેના નિયમોમાં ફેરફાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શિષ્યવૃત્તિ અંગેના સુધારેલા નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલી, સુધારેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૬૫. રીડર-ઇન-પોલિટિકલ સાયન્સની જગ્યા માટે તા. ૨-૧૦-૧૯૬૫ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી અને સમાજવિદ્યા ભવનમાં રીડર-ઇન-પોલિટિકલ સાયન્સની જગ્યા પર શ્રી. એમ. જી. પારેખની રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૫૨૫થી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ સમિતિની તા. ૨-૧૦-૧૯૬૫ની નોંધ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૬૬. પ્રોફેસર/રીડર-ઇન-ફિઝિક્સની જગ્યા માટે યોગ્ય ઉમેદવાર ન મળવાથી તે જગ્યા પર નિમણૂક અંગે આગળ પગલાં લઈ શકયા નથી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિદ્યાભવનોમાં શિક્ષકોની જગ્યાનાં પગારધોરણ અંગેના પ્રસ્તાવ પર સેનેટની આગામી સભામાં વિચારણા થયેથી પ્રોફેસર સી. એસ. વેન્કટેશ્વરનને ઘટતો પત્ર લખીને પુછાવવું કે, યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે તેમની નિમણૂક કરવામાં આવે તો તે સ્વીકારી શકે એમ છે કે કેમ ?

૬૭. કોમનવેલ્થ એજ્યુકેશન કોન્ઓપરેટિવ સ્કીમ નીચે યુ.કે.માં પ્રકાશન અંગેની તાલીમ લેવા પ્રકાશન અધિકારીના નામની ભારત સરકારને ભલામણ કરવા અંગે પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડયાની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ યોજના નીચે તેઓની ભલામણ સિન્ડિકેટના તા. ૧૦-૧૧-૧૯૬૨ના ઠરાવ પ્રમાણે કરવામાં આવી હતી. આ યોજના હેઠળ યુનિવર્સિટીએ જવાઆવવાનું ભાડું તથા તેઓનો ચાલુ પગાર આપવાનો રહે છે. તેઓની અરજી અત્રેથી ઉપકુલપતિશ્રીના આદેશ અનુસાર ભારત સરકારને, સિન્ડિકેટની મંજૂરીને આધીન, મોકલી આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડયાને સદરહુ તાલીમ માટે પસંદ કરવામાં આવે તો તેમને તેમનો હાલ મળતો મૂળ માસિક પગાર આપીને જરૂરી રજા આપી શકાશે તે મતલબનું પ્રમાણપત્ર મોકલી આપવું.

૧૦. જ્યારે કૉલેજ બંધ કરવાની જરૂર જણાય ત્યારે તે શૈક્ષણિક વર્ષના અન્તે જ બંધ કરી શકાશે તથા તે માટે ઓછામાં ઓછા ૬ માસ પહેલાં યુનિવર્સિટીને, કૉલેજના શિક્ષકોને તથા વિદ્યાર્થીઓને તેની જાણ કરવી આવશ્યક રહેશે અને તે માટે ટ્રસ્ટીઓએ જરૂરી બાંયધરી યુનિવર્સિટીને આપવી; અને

૧૧. યુનિવર્સિટી સાથે જોડાયેલી સ્થાનિક કૉલેજ કરતાં સત્ર-ફી ઓછી રાખી શકાશે નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત નં. ૨ માં નીચેની નોંધ ઉમેરવી :

નોંધ.— વિદ્યાર્થિનીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ-ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.

૭૮. ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી અમદાવાદ ખાતે જૂન ૧૯૬૬થી શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિંદીના એક વ્યાખ્યાતા
(૫) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૭) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૮) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર.
વિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેકને માટે એક એક
સિસ્ટન્ટ; અને
ક.
આવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા માગતા હોય તેવા
ધરાવતા શિક્ષકની નિમણૂક કરી

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. પંડ્યાને સદરહુ તાલીમ માટે પ્રવાસનું ભાડું આપવાનું આ યુનિવર્સિટીને માટે બની શકશે નહિ તે અંગે ઘટતી સ્પષ્ટતા કરવી.

સદરહુ બાબતના સંદર્ભમાં ભાષા-સાહિત્ય ભવનના લેક્ચરર શ્રી. રામ સેવક સિંગની તા. ૮–૧૦–૧૯૬૫ની અરજી પર પણ વિચારણા કરવામાં આવી, અને તે અંગે ઠરાવવામાં આવ્યું કે, શ્રી. રામ સેવક સિંગની અરજી બ્રિટિશ કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવાનું રાખ્યું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. રામ સેવક સિંગની પસંદગી કરવામાં આવે તો તેમને મૂળ માસિક પગારથી (એક વર્ષથી વધુ નહિ તેટલા સમય માટે) નીચેની શરતોએ રજા આપવામાં આવે :

(૧) એક વર્ષની રજા પૂરી થયેથી તેઓ તરત જ યુનિવર્સિટીમાં પોતાની નોકરી પર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછાં ત્રણ વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે.

(૨) તેમની રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ.

(૩) ઉપર જણાવેલ શરત નં. ૧ અને ૨ નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમિયાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરે.

ઉપર પ્રમાણેની શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેમણે આપવાની રહેશે.

આ પછી તા. ૯–૯–૧૯૬૫ના રોજ સભાગૃહનું કામકાજ અહીં બંધ રાખવામાં આવ્યું હતું, અને સિન્ડિકેટની સભા તા. ૧૦–૯–૧૯૬૫ના રોજ સવારે ૯–૦૦ વાગ્યે સભા ફરી શરૂ થતાં નીચેની બાબતો હાથ ધરવામાં આવી :

૬૮. એ. જી. ટીચર્સ કૉલેજમાંથી એમ.એડ. પદવી એજ્યુકેશન વિષયનું અનુસ્નાતક કેન્દ્ર યુનિવર્સિટી મનોવિજ્ઞાન, શિક્ષણવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનમાં ચાલુ વર્ષથી બદલાયું હોઈ વર્ષ ૧૯૬૪–૬૫ના અંતે રહેલ રૂા. ૭,૮૧૨–૧૮ની બચત તેમ જ અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી ખરીદેલાં પુસ્તકો સદરહુ કૉલેજે યુનિવર્સિટીને પરત કરેલ છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૬૯. ગ્રંથાલય સમિતિની તા. ૬–૮–૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"સને ૧૯૬૩–૬૪ અને ૧૯૬૪–૬૫ના વર્ષ દરમિયાન ગ્રંથાલયનાં પુસ્તકોની વાર્ષિક મેળવણી કરતાં નીચેનાં ૨૨ પુસ્તકો, જેની કિંમત આશરે રૂા. ૨૧૫ થાય છે તે મળતાં નથી તો તે કમા

થયેલાં ગણી તેને માંડી વાળવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે :

Sr. No.	*Name of book*	*Cl. No.*
1.	'Organisation for European Economic Co-operation/Producting in the Distributive Trade in Europe: Whole-sale and Retail Aspect' by James B Jefferys	338·94/ORG/34546
2.	'Film as an Educational Force in India' by Seton Marie	371·33523/SET/30045
3.	'Yoga for Everyman: How to Have Long Life and Happiness' by Dunne, Desmond	613·72/DUNN/45767
4.	'Manual of Mercantile Law' by Shukla, M. C.	347·7/SHU/55604
5.	'Future Trading, Future Markets in Cotton'	332·64/DHO/2143
6.	'Social Problems and Social Disorga-nisation in India' by Mamoria, C. B.	301·30954/MAM/70166
7.	'Choice of Techniques: An Aspect of the Theory of Planned Economic Development' by Sen, Amartya Kumar	338·9/SEN/76236
8.	'Theories of Aggregate Income Distribution' by Davidson, Paul	338·3/DAV/66589
9.	'Pope' by Jack, Sen	821·5/POP-JAC/89407
10.	'Geometrical and Machine Drawing' by Bhatt, N. D.	744·422/BHA/93548
11.	'Inorganic Chemistry' by Gehani, H. D. and Parekh, S. M.	546/CHH/36270
12.	'Low Temperature Physics' by Jackson, L. C.	536·56/JAC/37802
13.	'Economic Systems' by Halm, G. N.	330·15/HAL/18197
14.	'Uneasy Case for Progressive Taxation' by Blum, W. J. and Kalven, H.	336·24/BLU/18325

Sr. No.	*Name of Book*	*Cl. No.*
15.	Problem of Monetary Policy in a Developing Economy	332/KHA/10215
16.	'Shakespearian Comedy' by Charlton	822·3/SHA-CHA/2765, 80043
17.	H. B.	
18.	'Looking Ahead' by N. C. A. E. R.	338·954/NAT/81531
19.	'Principles of Geochemistry' by Brian, Mason	551/BRI/4875
20.	'Employment Objective in Economic Development' by I. L. O.	331·11/INT/82352
૨૧.	'સ્વાધ્યાય' — કર્તા : કામદાર કેશવલાલ હિંમતલાલ	અ ૦૮૧/કા કેહી/૬૪૭૦૦
૨૨.	'સિદ્ધાંત ઔર અધ્યયન' — કર્તા : ગુલાબરાય	૮૬૧·૮૩૦૧/ગુલાબરાય/૭૬૧૩૦"

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રંથાલય સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૦. બાંધકામ સમિતિની તા. ૧૭-૯-૧૯૬૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બાંધકામ સમિતિની તા. ૧૭-૯-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ તા. ૧૭-૯-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૧. પર્વતારોહણ શિબિરો યોજવા અંગે ભારત સરકાર તરફથી કોઈ પણ પ્રકારની આર્થિક મદદ ચાલુ સાલે નહિ મળે એવું જણાવતા ભારત સરકારના તા. ૨૩-૯-૧૯૬૫ના પત્રના સંદર્ભમાં ઑક્ટોબર અને ડિસેંબર ૧૯૬૫માં યોજવા ધારેલ પર્વતારોહણ શિબિરો યોજવા અંગે પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે સદરહુ શિબિરો યોજવાનું બંધ રાખવું.

૭૨. તા. ૩૧-૮-૧૯૬૫ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની સભાની નીચેની ભલામણ :

"આહારવિષયક સમિતિએ તૈયાર કરેલા 'મેનુ'ની સાભાર નોંધ લેવામાં આવી હતી અને ઠરાવવામાં આવ્યું કે, આ 'મેનુ' તથા રોજિંદા ખાદ્ય પદાર્થના ઘટકો દર્શાવતો એક કોઠો પરિશિષ્ટ તરીકે 'યુક્તાહાર'ની પુસ્તિકામાં ઉમેરી તેની બીજી આવૃત્તિ છપાવી વિદ્યાર્થીઓમાં મફત વહેંચવી અને તેવી ત્રીસ હજાર પુસ્તિકાઓ છપાવવાનો ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(નોંધ.—૩૦,૦૦૦ નકલનો અંદાજી ખર્ચ આશરે રૂા. ૩,૩૦૦ જેટલો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, આહારવિષયક સમિતિએ તૈયાર કરેલ 'મેંનુ' તથા રોજિંદા ખાદ્ય પદાર્થના ધટકો બતાવતો કોઠો પરિશિષ્ટ તરીકે 'યુક્તાહાર' પુસ્તકમાં ઉમેરીને તે બાબત જરૂરી હકપતામાં 'વિદ્યા'માં પ્રસિદ્ધ કરવા માટે ઘટતી વિચારણા માટે તેના સંપાદક મંડળને સૂચવવું, અને જો તે 'વિદ્યા'માં પ્રસિદ્ધ કરવામાં આવે તો જરૂર પ્રમાણે વધારાની ઑફ-પ્રિન્ટ્સ કઢાવવાનું વિચારવું.

૭૩. તા. ૧૩-૬-૧૯૬૫ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકની નીચેની ભલામણ :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, હાલમાં જે છે તેના કરતાં સારા પ્રકારના યુનિવર્સિટી કૅસ્ટ બનાવડાવવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવી અને આ અંગે કૅસ્ટ દીઠ હાલના રૂા. ૫-૧૨ પૈ.ને બદલે આશરે રૂા. ૧૦ સુધી થતો ખર્ચ મંજૂર કરવાની સિન્ડિકેટને વિનંતી કરવી."

(નોંધ.— ખર્ચ આશરે રૂા. ૧,૦૨૦ ગઈ સાલ થયેલ હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૪. વિકાસ વિદ્યાલય, વઢવાણ સિટી તરફથી જૂન ૧૯૬૬થી વઢવાણ ખાતે શરૂ કરાનાર મહિલા આર્ટ્સ કૉલેજને એફ.વાય.બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, વિકાસ વિદ્યાલય, વઢવાણ, તરફથી વઢવાણ ખાતે નવી શરૂ કરાનાર મહિલા આર્ટ્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૪) હિન્દીના એક વ્યાખ્યાતા
   (૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
   (૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૭) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૮) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૯) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
   (૧૦) એક વ્યાયામ શિક્ષક.

   [નોંધ.— (૧) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયમાં જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.

(૨) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૫) જરૂરી વર્ગ-ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે), અને
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ.

૩. તા. ૧૫મી મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૪. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૫. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો નીચે મુજબનો ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	...	રૂા. ૧,૦૦૦
સામયિકો	...	રૂા. ૧,૦૦૦.

૬. રમતગમતો માટે યોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.

૭. આચાર્યશ્રી તથા ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે; અને

૯. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત નં. ૨માં નીચેની નોંધ ઉમેરવી :

નોંધ.— વિદ્યાર્થિનીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ-ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.

૭૫. સરદાર વલ્લભભાઈ સમાજ સેવા ટ્રસ્ટ, નડિયાદ, તરફથી જૂન ૧૯૬૬થી નડિયાદ ખાતે શરૂ કરાનાર મહિલા આર્ટ્સ કૉલેજને એફ.વાય.બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સરદાર વલ્લભભાઈ સમાજ સેવા ટ્રસ્ટ, નડિયાદ, તરફથી નડિયાદ ખાતે નવી શરૂ કરાનાર મહિલા આર્ટ્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે

તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિંદીના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૯) એક વ્યાયામ શિક્ષક.

[**નોંધ.**— (૧) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.
(૨) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૫) જરૂરી વર્ગ-ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે), અને
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ.

૩. તા. ૧૫મી મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૪. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૫. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો નીચે મુજબનો ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	...	રૂા. ૧,૦૦૦
સામયિકો	...	રૂા. ૧,૦૦૦.

૬. રમતગમતો માટે યોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.

૭. આચાર્યશ્રી તથા ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે; અને

૯. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત નં. ૨ માં નીચેની નોંધ ઉમેરવી :

નોંધ.—વિદ્યાર્થિનીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ-ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.

૭૬. ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૬થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર મહિલા કૉલેજને એફ.વાય.બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત લૉ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ–૬, તરફથી અમદાવાદ ખાતે નવી શરૂ કરાનાર મહિલા આર્ટ્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧–૩–૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૬થી તા. ૧૪–૬–૧૯૬૭ સુધીનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિંદીના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૦) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૧૧) એક વ્યાયામ શિક્ષક.

[**નોંધ.**—(૧) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.
(૨) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવાની ઇચ્છા હોય તો તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ

(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૫) જરૂરી વર્ગ-ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે), અને
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ.

૩. તા. ૧૫મી મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે.
૪. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.
૫. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો નીચે મુજબનો ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	...	રૂા. ૧,૦૦૦
સામયિકો	...	રૂા. ૧,૦૦૦.

૬. રમતગમતો માટે યોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.
૭. આચાર્ય તથા ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડા-મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.
૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.
૯. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની બાંયધરી આપવામાં આવે.
૧૦. સિટી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના મકાનમાં આ કૉલેજ ચાલે તો બન્ને કૉલેજોના સમય વચ્ચે ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી:

(૧) શરત નં. ૨ માં નીચે પ્રમાણે સુધારો કરવો:

પેટાશરતો ૧, ૨ અને ૬ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી:
૧. આચાર્ય માટેનો એક અલાયદો ખંડ
૨. કાર્યાલય માટેનો એક અલાયદો ખંડ
૬. ગ્રંથાલય માટેનો એક અલાયદો ખંડ.

(૨) શરત નં. ૨ માં નીચેની નોંધ ઉમેરવી:

નોંધ.—વિદ્યાર્થિનીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ-ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.

૭૭. આર્યકન્યા ગુરુકુલ, પોરબંદર, તરફથી જૂન ૧૯૬૬થી પોરબંદર ખાતે શરૂ કરાનાર મહિલા આર્ટ્સ કૉલેજને એફ.વાય.બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આર્યકન્યા ગુરુકુલ, પોરબંદર, તરફથી પોરબંદર ખાતે નવી શરૂ કરાનાર મહિલા આર્ટ્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી

તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિંદીના એક વ્યાખ્યાતા
(૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૯) એક વ્યાયામ શિક્ષક.

[નોંધ.—(૧) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષયના જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.
(૨) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૫) જરૂરી વર્ગ-ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે), અને
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ.

૩. તા. ૧૫મી મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૪. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૫. ગ્રંથાલય માટે રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

પુસ્તકો	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	...	રૂા. ૧,૦૦૦
સામયિકો	...	રૂા. ૧,૦૦૦.

૬. રમતગમતો માટે યોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.

૭. આચાર્ય તથા ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

૯. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની બાંયધરી આપવામાં આવે.

૧૦. જ્યારે કૉલેજ બંધ કરવાની જરૂર જણાય ત્યારે તે શૈક્ષણિક વર્ષના અન્તે જ બંધ કરી શકાશે તથા તે માટે ઓછામાં ઓછા ૭ માસ પહેલાં યુનિવર્સિટીને, કૉલેજના શિક્ષકોને તથા વિદ્યાર્થીઓને તેની જાણ કરવી આવશ્યક રહેશે અને તે માટે ટ્રસ્ટીઓએ જરૂરી બાંયધરી યુનિવર્સિટીને આપવી; અને

૧૧. યુનિવર્સિટી સાથે જોડાયેલી સ્થાનિક કૉલેજ કરતાં સત્ર-ફી ઓછી રાખી શકાશે નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત નં. ૨ માં નીચેની નોંધ ઉમેરવી :

નોંધ.—વિદ્યાર્થિનીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ-ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.

૭૮. ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી અમદાવાદ ખાતે જૂન ૧૯૬૬થી શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ યર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૪) હિંદીના એક વ્યાખ્યાતા

(૫) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૬) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૭) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૮) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૯) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—એ પ્રત્યેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર.

(૧૦) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન—એ પ્રત્યેકને માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ; અને

(૧૧) એક વ્યાયામ શિક્ષક.

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા માગતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ
(૭) જરૂરી વર્ગ-ખંડો તથા પ્રયોગશાળા માટેના ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે).

૩. મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૪. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૫. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૬. રમતગમત માટે સુયોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.

૭. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	...	રૂા. ૧,૦૦૦
સામયિકો	...	રૂા. ૧,૦૦૦.

૮. આચાર્ય અને ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

૧૦. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર મુજબ જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી:

(૧) ઍકેડેમિક કાઉન્સિલના ઠરાવમાં "ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી અમદાવાદ ખાતે" અને "શરૂ કરાનાર સાયન્સ કૉલેજ" એ શબ્દોની વચ્ચે "પાલડી-વાસણા વિસ્તારમાં" એટલા શબ્દો મૂકવા.

(૨) શરત નં. ૨ માં નીચેની નોંધ ઉમેરવી:
નોંધ.—વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ-ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.

૭૯. શ્રી. લુણાવાડા કેળવણી ટ્રસ્ટ, લુણાવાડા, તરફથી જૂન ૧૯૬૬થી શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસ-સમિતિના અહેવાલ પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી લુણાવાડા કેળવણી ટ્રસ્ટ, લુણાવાડા, તરફથી લુણાવાડા ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) હિંદીના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૯) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૧) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૨) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૩) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર
(૧૪) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેકને માટે એક એક લેબોરેટરી આસિસ્ટંટ, અને
(૧૫) એક વ્યાયામ શિક્ષક.

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા માગતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ
(૭) જરૂરી વર્ગ-ખંડો તથા પ્રયોગશાળા માટેના ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે).

૩. મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.
૪. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.
૫. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.
૬. રમતગમત માટે સુયોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.
૭. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	...	રૂા. ૧,૦૦૦
સામયિકો	...	રૂા. ૧,૦૦૦.

૮. આચાર્ય અને ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.
૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.
૧૦. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.
૧૧. કૉલેજ અને હાઈસ્કૂલના સમયમાં ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત નં. ૨માં નીચેની નોંધ ઉમેરવી :

નોંધ.—વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ-ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.

૮૦. ધી કલેક્ટર ઑફ દમણ, દમણ, તરફથી જૂન ૧૯૬૬થી દમણ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસ-સમિતિના અહેવાલ પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખેલી હોવાથી આ બાબતમાં હાલને તબક્કે કાંઈ કરવાનું રહેતું નથી.

૮૧. શ્રી. મહુવા કેળવણી સહાયક સમાજ, મહુવા, તરફથી જૂન ૧૯૬૬થી શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસ-સમિતિના અહેવાલ પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી મહુવા કેળવણી સહાયક સમાજ, મહુવા, તરફથી મહુવા ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો

શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) હિંદીના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૯) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૧) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૨) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૩) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર
(૧૪) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેકને માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ, અને
(૧૫) એક વ્યાયામ શિક્ષક.

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા માગતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.
(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય, તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્યનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ
(૭) જરૂરી વર્ગ તથા પ્રયોગશાળા માટેના ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે).

૩. મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૪. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૫. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૬. રમતગમત માટે સુયોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.

૭. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	...	રૂા. ૧,૦૦૦
સામયિકો	...	રૂા. ૧,૦૦૦.

૮. આચાર્ય અને ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

૧૦. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત નં. ૨ માં નીચેની નોંધ ઉમેરવી :

નોંધ.— વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ-ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.

૮૨. શ્રી. ભારતીય વિદ્યામંડળ, ખોલવડ (જિલ્લો સુરત), તરફથી જૂન ૧૯૬૬થી ખોલવડ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી ભારતીય વિદ્યામંડળ, ચાર રસ્તા, ખોલવડ, તરફથી ખોલવડ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧–૩–૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૬થી તા. ૧૪–૬–૧૯૬૭ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિભણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) હિંદીના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યવ્યવસ્થાના એક વ્યાખ્યાતા
(૯) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૧) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૧૨) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૩) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર
(૧૪) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેકને માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ, અને
(૧૫) એક વ્યાયામ શિક્ષક.

[**નોંધ.**—(૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા માગતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ
(૭) જરૂરી વર્ગ તથા પ્રયોગશાળા માટેના ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે).

૩. મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૪. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૫. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૬. રમતગમત માટે સુયોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.

૭. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	...	રૂા. ૧,૦૦૦
સામયિકો	...	રૂા. ૧,૦૦૦.

૮. આચાર્ય અને ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

૧૦. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૧૧. કૉલેજ અને હાઇસ્કૂલના સમયમાં ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે.''

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત નં. ૨ માં નીચેની નોંધ ઉમેરવી :

નોંધ.— વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ-ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.

૮૩. નવયુગ વિદ્યાલય ટ્રસ્ટ, સુરત, તરફથી જૂન ૧૯૬૬થી શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ, સુરત, તરફથી સુરત ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) હિંદીના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૯) ગણિતવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૧) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૨) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૩) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર
(૧૪) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — એ પ્રત્યેકને માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ, અને
(૧૫) એક વ્યાયામ શિક્ષક.

[**નોંધ.**— (૧) ઉપર જણાવેલ વિષયો સિવાયના વિષયો શીખવવા માગતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.

(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય, તે વિષય માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્યનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ

(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ
(૭) જરૂરી વર્ગ તથા પ્રયોગશાળા માટેના ખંડો (ટ્યુટોરિયલ વર્ગો સાથે).

૩. મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૪. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૫. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે.

૬. રમતગમત માટે સુયોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે.

૭. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	...	રૂા. ૧,૦૦૦
સામયિકો	...	રૂા. ૧,૦૦૦.

૮. આચાર્ય અને ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

૧૦. કૉલેજના સંચાલનમાં જે કાંઈ ખોટ જાય તે પૂરી કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

શરત નં. ૨ માં નીચેની નોંધ ઉમેરવી :

નોંધ.—વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ સ્ક્વેરસ ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.

૮૪. ધ. ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી જૂન ૧૯૬૬થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમ શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, ધ. ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, અસારવા, અમદાવાદ, તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. અને ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) હિંદીના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) ઇતિહાસ તથા રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૧૦) ગણિતના એક વ્યાખ્યાતા
(૧૧) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૨) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૩) વ્યાયામ શિક્ષક.

[નોંધ.—(૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ધરાવતા હોય તેવા દરેક વિષય દીઠ જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.

(૨) આચાર્ય જેની લાયકાત ધરાવતા હોય તે વિષયને માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજ માટે નીચે પ્રમાણે મકાનની વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) જરૂરી વર્ગખંડો (જરૂરી ટ્યુટોરિયલ વર્ગો સાથે), અને
(૭) ગ્રંથાલય માટેનો એક ખંડ.

૩. મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૪. છાત્રાલય માટે પ્રબંધ કરવામાં આવે.

૫. ગ્રંથાલય માટે વિનયન તથા વાણિજ્યની પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

૧. પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
૨. સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
૩. સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦.

૬. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે.

૭. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

(૧) એકૅડેમિક કાઉન્સિલના ઠરાવમાં "ધ. ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, અસારવા, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે" અને "શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ" એ શબ્દોની વચ્ચે "સચિવાલય પાસેના વિસ્તારમાં" એટલા શબ્દો ઉમેરવા.

(૨) શરત નં. ૨ માં નીચેની નોંધ ઉમેરવી :

નોંધ.—વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.

૮૫. સિટી હાઈસ્કૂલ ટ્રસ્ટ, અમદાવાદ, તરફથી જૂન ૧૯૬૬થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમ શીખવવા માટે જોડાણ આપવા અંગે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસ-સમિતિના અહેવાલ પર એકૅડેમિક કાઉન્સિલની ભલામણ.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, સિટી હાઈસ્કૂલ ટ્રસ્ટ, રાયપુર, અમદાવાદ, તરફથી અમદાવાદ ખાતે શરૂ થનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧–૩–૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. અને ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૬થી તા. ૧૪–૬–૧૯૬૭ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) હિંદીના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ તથા રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
(૯) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૧૦) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૧૧) એક વ્યાયામ શિક્ષક.

[**નોંધ.** — (૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય દીઠ જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.

(૨) આચાર્ય જેની લાયકાત ધરાવતા હોય તે વિષયને માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૩. કૉલેજ માટે નીચે પ્રમાણે મકાનની વ્યવસ્થા કરવામાં આવે:
(૧) આચાર્ય માટેનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો એક ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) જરૂરી વર્ગખંડો (જરૂરી ટ્યુટોરિયલ વર્ગો સાથે), અને
(૭) ગ્રંથાલય માટેનો એક ખંડ.

૩. મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૪. છાત્રાલય માટે પ્રબંધ કરવામાં આવે.

૫. ગ્રંથાલય માટે વિનયન તથા વાણિજ્યની પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦
સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦.

૬. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે.

૭. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

૯. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૧૦. કૉલેજ અને હાઇસ્કૂલના સમયમાં ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી :

(૧) ઍકૅડેમિક કાઉન્સિલના ઠરાવમાં "સિટી હાઇસ્કૂલ ટ્રસ્ટ, રાયપુર, અમદાવાદ, તરફથી અમદાવાદ ખાતે" અને "શરૂ થનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ" એ શબ્દો વચ્ચે "ખાડિયા–રાયપુર વિસ્તારમાં" એટલા શબ્દો ઉમેરવા.

(૨) શરત નં. ૨માં નીચેની નોંધ ઉમેરવી :

નોંધ.—વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.

૮૬. શ્રી. કચ્છ લોહાણા કેળવણી જનરલ ફંડ, મુંબઈ, તરફથી જૂન ૧૯૬૬થી માંડવી ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી કચ્છ લોહાણા કેળવણી જનરલ ફંડ, ફોર્ટ, મુંબઈ તરફથી માંડવી ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૩-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. અને ફર્સ્ટ યર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
   (૫) હિંદીના એક વ્યાખ્યાતા
   (૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૮) ઇતિહાસ તથા રાજ્યબંધારણના એક વ્યાખ્યાતા
   (૯) ગૃહવિજ્ઞાન માટે પૂરા સમયના એક વ્યાખ્યાતા અને વિજ્ઞાનના વિષયો માટે જરૂરી ખંડ સમયના વ્યાખ્યાતા અને ડેમોન્સ્ટ્રેટરો
   (૧૦) વાણિજ્યના એક વ્યાખ્યાતા
   (૧૧) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા, અને
   (૧૨) એક વ્યાયામ શિક્ષક.

   [નોંધ.—(૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છા હોય તો તેવા દરેક વિષય દીઠ જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.
   (૨) આચાર્ય જેની લાયકાત ધરાવતા હોય તે વિષયને માટે જુદા શિક્ષકની નિમણૂક કરવાની જરૂર નથી.]

૨. કૉલેજ માટે નીચે પ્રમાણે મકાનની વ્યવસ્થા કરવામાં આવે :
   (૧) આચાર્ય માટેનો એક ખંડ
   (૨) કાર્યાલય માટેનો એક ખંડ
   (૩) શિક્ષકો માટેનો એક ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
   (૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
   (૬) જરૂરી વર્ગ તથા પ્રયોગશાળા માટેના ખંડો (જરૂરી ટ્યુટોરિયલ વર્ગો સાથે), અને
   (૭) ગ્રંથાલય માટેનો એક ખંડ.

૩. મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે.

૪. ગૃહવિજ્ઞાન માટે જરૂરી પ્રયોગશાળા સુસજ્જ કરવામાં આવે.

૫. છાત્રાલય માટે પ્રબંધ કરવામાં આવે.

૬. ગ્રંથાલય માટે વિનયન તથા વાણિજ્યની પ્રત્યેક વિદ્યાશાખા સારુ રૂા. ૭,૦૦૦નો ખર્ચ નીચે મુજબ કરવામાં આવે:

પુસ્તકો માટે ... રૂા. ૫,૦૦૦
સામયિકો માટે ... રૂા. ૧,૦૦૦
સંદર્ભગ્રંથો માટે ... રૂા. ૧,૦૦૦.

૭. કૉલેજ માટે રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે.

૮. આચાર્ય તથા ગૃહપતિને માટે કૉલેજની નજીક ભાડાભુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે.

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ નીચે મુજબના સુધારાવધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી:

શરત નં. ૨ માં નીચેની નોંધ ઉમેરવી:

નોંધ.—વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ ફૂટ પ્રમાણે) વર્ગ-ખંડો રાખવા આવશ્યક રહેશે.

૮૭. દહેગામ તાલુકા એજ્યુકેશન સોસાયટી, દહેગામ તરફથી જૂન ૧૯૬૬થી દહેગામ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

2. Quotation No. FR/65/Pro/2218, dated Sept. 23, 1965. Water Cooler Refrigerator, Capacity 2 lit. as described in pamphlet inclusive all taxes — Rs. 1,810·00

4. M/s. Cine Sound, Bhadra, Ahmedabad

1. 13.	(*a*) Enlarger with imported lens complete with lamp KB or equivalent make	Rs.	900·00
	(*b*) Enlarging easel	Rs.	90·00
	(*c*) Safe light steel	Rs.	80·00
	(*d*) Safe light filters (yellow, orange, green)	Rs.	90·00
	(*e*) Desk trimmers Size 40·6 cm.	Rs.	165·00
	(*f*) Printing Machine	Rs.	185·00
	(*h*) Negative Viewer	Rs.	75·00
	(*j*) Roller 22·9 cm. approx.	Rs.	50·00
	(*k*) Plastic forceps	Rs.	4·50
	(*l*) Film clips stainless steel	Rs.	4·00
	(*m*) Document Printer	Rs.	385·00
	(*n*) Developing dishes, Size: $6\frac{1}{2}'' \times 8\frac{1}{2}''$	Rs.	8·50
	$8'' \times 10''$	Rs.	12·00
	$10'' \times 12''$	Rs.	14·50
	$10'' \times 12''$	Rs.	35·50
	Printing Frame: Size $3\frac{3}{4}'' \times 4\frac{1}{4}''$	Rs.	17·50
2. 14.	35 mm. Film Slide & 35 mm. Film strip (Rolls) projector, with cooling blower arrangement, imported lens, imported slide career, etc., complete in its own carrying case.	Rs.	400·00
	Wall mounting screen plastic	Rs.	75·00

5. M/s. Pallavi Scientific and Surgical Co.

1.	Sodium lamp-Laboratory or type for use with Polarimeter	Rs.	390·00

6. M/s. N. Jivanlal and Co. (Pvt.) Ltd.

1.	Laboratory Compensation pH Meter PHK–1	Rs.	5,314·30
2.	Electromagnetic Stirrer	Rs.	227·10
3.	Analytical Balance A 3/200	Rs.	934·30

1. M/s. CHHAGANBHAI SHEOJIBHAI JUBBULPOREWALA

Library Cupboards 6' × 3' × 2'		398·00

2. M/s. C. M. PATEL AND CO.

Sitting Chairs with handle caned	Rs.	25·00

3. M/s. GUJARAT SMALL-SCALE INDUSTRIES CORPORATION LTD.

1. Round top table for Ladies' room in 3 parts. Top 4" dia. Middle portion 16" × 48". Side portion indentical round 48" × 16" (max.) in the middle		117·70
2. Divan for Ladies' room with up hoistened maroon, rexin bed and collapsible back on short side. Size 6′ × 2½′ × 2′ adjustable end 30" × 18" (rising 18" above the bed level)		155·15
3. Warrandah sitting bench. Size 6′ × 2′ × 18" (back) Seat (20" high) sloping somewhat.		81·60

4. NEW FURNITURE MART

1. Lecture Room benches:	Type A	Rs.	85·80
	Type B	Rs.	128·70
	Type C	Rs.	117·98
2. Wooden racks as per the specification		Rs.	268·13
3. Notice Board as per the specification :			
	A type	Rs.	64·35
	B type	Rs.	42·90
4. Side rack book-cases as per the specification		Rs.	37·54

5. M/s. NUTAN STEEL PRODUCTS

1. Steel Almirah with panel glass doors Size. 6½′×3′×1½′	Rs.	429·98

6. M/s. VRAJESH (Private) LTD.

1. Allwyn Four Drawer, Foolscap Size, Filing Cabinet	Rs.	401·00

7. M/s. ELITE SCIENTIFIC TRADERS

1. Ref. quotation No. E/S/T 589 dated 4th September, 1965. Magnetic Stirrers with hot plate, Model No. Q–1–132 as per the leaflet enclosed Indian make	Rs.	480·00

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

G.U.P. 890-350-12-65

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૫ના નવેંબર માસની સભા, શનિવાર, તા. ૨૦-૧૧-૧૯૬૫ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૨૧-૧૧-૧૯૬૫ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન, બન્ને દિવસોએ, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. બન્ને દિવસોએ સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૨૦-૧૧-૧૯૬૫	તા. ૨૧-૧૧-૧૯૬૫
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. હે. અ. મિસ્ત્રી, સહ-શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૪. શ્રી. ખટુભાઈ હ. દેસાઈ	હાજર	ગેરહાજર
૫. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૬. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૭. ડૉ. જિતેન્દ્ર જે. દેસાઈ	હાજર	ગેરહાજર
૮. શ્રી. ઠાકોરભાઈ એમ. દેસાઈ	હાજર	હાજર
૯. શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૦. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર	ગેરહાજર
૧૧. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૨. ડૉ. એન. સી. શાહ	હાજર	હાજર
૧૩. ડૉ. જે. જે. ચિનોય	હાજર	હાજર
૧૪. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ	હાજર	હાજર
૧૫. આચાર્ય યશવંતરાય ગુ. નાયક	હાજર	હાજર
૧૬. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૭. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	ગેરહાજર.

૧. તા. ૯-૧૦-૧૯૬૫ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

સિન્ડિકેટની તા. ૯-૧૦-૧૯૬૫ના રોજ મળેલ સભાના કામકાજની નોંધ, નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી :

બાબત નં. ૮૮ અંગેના ઠરાવમાં "આથી" અને "ઠરાવવામાં આવે છે", એ શબ્દોની વચ્ચે "વધુમતે" શબ્દ ઉમેરવો.

૨. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય એમ. સી. દેસાઈના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

"(*i*) The following amendment is proposed in O. 65-P regarding the requirements in regard to recognition of centre for imparting post-graduate instruction and/or teaching and/or research in view of special conditions prevailing in the Faculty of Agriculture :

In O. 65-P the following is to be inserted after item (4) :

'(5) Notwithstanding what is stated above in (1), (2), (3) and (4) above, in case of Faculty of Agriculture one recognized post-graduate teacher without any recognized assistant but having research staff under him shall constitute the full requirements of teaching staff for recognizing and instituting a centre for post-graduate teaching and/or research in any subject in that Faculty.'

"(*ii*) The following amendment is proposed in O. 65-F regarding requirements in regard to recognition of a post-graduate teacher for Master's degree in view of special conditions prevailing in the Faculty of Agriculture :

Addition of item (*f*) to read after item (*e*) :

'(*f*) Notwithstanding anything contained in (*a*) above, a Ph.D. of an eminent foreign or Indian University with a Bachelor's or Master's degree in Agriculture with an approved record of research or 7 years' approved work in Agricultural Extension will be recognized as post-graduate teacher for any subject in the Faculty of Agriculture.'"

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ તથા એકેડેમિક કાઉન્સિલ તરફ વિચારણા માટે મોકલવી આવશ્યક છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૩. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય એન. એમ. પરીખના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજો તથા અન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો માટે શિક્ષણકામના કાર્યબોજ અંગે હાલના નિયમો છે તેને બદલે નીચે મુજબનો નિયમ તથા હાલનાં પગારધોરણોને બદલે નીચે મુજબનાં પગારધોરણો ૧૫મી જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે :

(૧) કાર્યબોજનો નિયમ

The maximum workload per week for the full-time teachers of the various categories shall be as under :

(1) Demonstrators	..	27 periods of 45 minutes each (or 20·25 hours) (The Demonstrator with a post-graduate degree may be assigned lectures or tutorials not exceeding 8 periods.)
(2) Tutors	..	24 periods of 45 minutes each or 18–00 hours of which lectures shall not exceed 10.
(3) Lecturer & Professors	..	24 periods of 45 minutes each or 18–00 hours of which lectures shall not exceed 18.
(4) Lecturers & Professors who are recognised post-graduate teachers	..	21 periods of 45 minutes each or 15·45 hours of which lectures shall not exceed 15.
(5) Lecturers & Professors who are recognised as guides for Ph.D.	..	15 periods of 45 minutes each or 11·15 hours of which lectures shall not exceed 10.

Note.—Workload shown against (4) and (5) is meant for those post-graduate teachers who are actually giving post-graduate instruction. For part-time teachers in various categories, the maximum periods shall not exceed twelve including tutorials and in the case of part-time Tutors, lectures periods shall not exceed six.

(*Note.*—Daily attendance of not less than four hours will be compulsory for every full-time teachers on all working days.)

(૨) પગારધોરણો

૧. પ્રાધ્યાપક (પ્રોફેસર)	...	રૂ.	૪૦૦-૧૫-૫૫૦-૨૦-૭૫૦
૨. વ્યાખ્યાતા (લેક્ચરર)	...	રૂ.	૩૦૦-૧૦-૪૫૦-૧૫-૫૨૫
૩. અનુસ્નાતક પદવી ધરાવતા ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટર	...	રૂ.	૨૦૦-૧૦-૩૦૦
૪. સ્નાતક પદવી ધરાવતા ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટર	...	રૂ.	૧૫૦-૧૦-૨૫૦
૫. ફિઝિકલ ટ્રેનિંગ ઇન્સ્ટ્રક્ટર	...	રૂ.	૨૦૦-૧૦-૩૦૦

(**નોંધ.**—ઉપરનાં પગારધોરણો ઉપરાંત મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા ભથ્થું યુનિવર્સિટી તરફથી નક્કી કર્યા મુજબનું આપવું.)

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવોની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય કે. વી. દેસાઈના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ઑ. ૧૩૫-એ પ્રમાણેની એન.સી.સી. તાલીમ સુવ્યવસ્થિત બનાવવાને માટે સેનેટની આ સભા ઠરાવે છે કે, એન.સી.સી. તાલીમ વેકેશનના સમય દરમિયાન અપાવી જોઈએ અને જે વિદ્યાર્થીઓ ત્રણ મહિનાના સમયના ગાળાની એન.સી.સી. તાલીમ બે કે ત્રણ હપતામાં પૂરી કરે તેમને યુનિવર્સિટીના પ્રથમ ડિગ્રીના પરીક્ષામાં બેસવાને યોગ્ય ગણવા જોઈએ. સેનેટ વધુમાં ઠરાવે છે કે, ઉપકુલપતિશ્રી એવાં પગલાં લે કે જેથી એન.સી.સી.ના લાગતાવળગતા અધિકારીઓ આ દરખાસ્ત બાબતે સંમત થાય અને તેની જરૂરી વ્યવસ્થા કરે જેથી આ દરખાસ્તનો યુનિવર્સિટી ઝડપી અમલ કરી શકે."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર આભિપ્રાય આપવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી એક્ટની કલમ ૫૩ અન્વયે ઘડવામાં આવેલ નીચેનો સ્ટેચ્યૂટ ૧૯૩-એ-૧ મંજૂર કરવામાં આવે :

St. 193-A-1 :

(1) The servants of the University other than officers and teachers shall be insured with benefit maturing at the age of retirement, i.e., 60 years, by the University at its own cost for the amount specified against each category as follows :

1. Peons, Mali, Sweepers, Hamals, Watchman, Groundman, Plumber-cum-Waterman, Carpenter, Helper, Workman, Boller Man, Galley Man	..	Rs. 1,000
2. Naik, Hawaldar, Work Assistant	..	Rs. 1,500

3. Machine Man, Asst. Binder, Jr. Compositor, Copy Holders, Drivers, Plant Collectors, Mechanic, Binder .. Rs. 2,000
4. Junior Clerks, Junior Operators, Asst. Cashiers, Head Typist, Typists, Telephone Operator, Clerk-Typist, Accounts Clerk, Laboratory Assistant, Store-Keeper, Research Fellows, Head Compositor, Binding Foreman, Photographer .. Rs. 2,500
5. Senior Operators, Senior Clerks, Proof Readers .. Rs. 3,000
6. Head Clerks, Technical Assistants, Assistant Accountants, Cashiers, Assistant Press Manager, Demonstrators, Assistant Director of Physical Education, Assistant Director of Youth Welfare, Asst. Superintendent, Translator, Field Work Asst. Labour Welfare .. Rs. 3,500
7. Dy. Accountant, Superintendents, Asst. Librarian, P. A. to Vice-Chancellor, P. A. to Registrar .. Rs. 4,000

Explanation.— The officers means the officers of the University as stated in Section 8 of the Act.

(2) The policies shall be Endowment Master Policy. On any employee ceasing to be in the employment of the University, the University shall cease to pay any further premiums in respect of his policy. But the employee shall have an option to continue the policy as his own endowment policy."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી એક્ટની કલમ ૫૩ અન્વયે ઘડવામાં આવેલો નીચેનો સ્ટેચ્યૂટ ૧૯૩-એ-૨ મંજૂર કરવામાં આવે :

St. 193-A-2 :

(1) The following staff shall be insured with benefit maturing at the age of retirement, i.e., 60 years, by the University at its own cost for the amount specified against each category :

(1) Demonstrators ..Rs. 3,500/-
(2) Lecturers ..Rs. 4,000/-

(2) The policies shall be endowment Master Policy. On any employee ceasing to be in the employment of the University, the University shall cease to pay any further premium in respect of his policy. But the employee shall have an option to continue the policy as his own endowment policy."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ઍક્ટની કલમ ૫૩ અન્વયે ઘડવામાં આવેલો નીચેનો સ્ટેચ્યૂટ ૧૯૩-એ-૩ મંજૂર કરવામાં આવે :

St. 193-A-3 :

(1) The officers of the University as defined in Section 8 of the Act shall be insured with benefit maturing at the age of retirement, i.e., 60 years, by the University at its own cost for the amount specified against each category as follows :

(1) The Chancellor	..	Rs.	1,00,000/-
(2) The Vice-Chancellor	..	Rs.	50,000/-
(3) The Rector, if any	..	Rs.	25,000/-
(4) The Deans of Faculties (each)	..	Rs.	10,000/-
(5) The Registrar	..	Rs.	5,000/-

(2) The policies shall be endowment Master Policy. On any employee ceasing to be in the employment of the University, the University shall cease to pay any further premiums in respect of his policy. But the employee shall have an option to continue the policy as his own endowment policy."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર રો. એ. એમ. ત્રિવેદીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

The Senate requests the Syndicate to take early steps to implement the following :

Resolution No. 1

"**St. 204 :**

II. May be amended so as to read as follows :

The posts of Tutors or Demonstrators shall be converted into the post of Assistant Lecturers. The scales of pay of the Assistant Lecturer shall be as follows :

Rs. 300–25–500

The above scales shall be inclusive of Dearness Allowance but exclusive of House Rent Allowance, if any, or other allowances, if any, that may be sanctioned by the University Syndicate from time to time.

(*i*) (*b*) The above pay-scales shall be deemed to have come into effect from the 1st April, 1965."

Resolution No. 2

"*III.* The monthly emoluments of the Research Fellow shall be Rs. 250/– fixed. They shall not be entitled to any other allowances. Further the Research Fellows shall be required to work either as Tutors or as Demonstrators for a period of not more than four hours per week."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવના પૂર્વાધની તરફેણમાં નથી, જ્યારે તેના ઉત્તરાર્ધમાં અભિપ્રેત છે તેની અમલવારી કરવા બાબતમાં સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય એન. એમ. પરીખના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં તથા માન્ય સંસ્થાઓમાં કામ કરતા નીચેની કક્ષાના શિક્ષકગણ માટે આગામી શૈક્ષણિક વર્ષથી, એટલે કે, ૧૫મી જૂન ૧૯૬૬થી અમલમાં આવે તે રીતે નીચેનાં પગારધોરણો અમલમાં મૂકવા ઘટતી વ્યવસ્થા કરવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને વિનંતી કરે છે :

૧. પ્રાધ્યાપક	...	રૂા. ૪૦૦–૧૫–૫૫૦–૨૦–૭૫૦
૨. વ્યાખ્યાતા	...	રૂા. ૩૦૦–૧૦–૪૫૦–૧૫–૫૨૫
૩. અનુસ્નાતક પદવી ધરાવતા ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટર	...	રૂા. ૨૦૦–૧૦–૩૦૦
૪. સ્નાતક પદવી ધરાવતા ટ્યૂટર અને ડેમોન્સ્ટ્રેટર	...	રૂા. ૧૫૦–૧૦–૨૫૦
૫. ફિઝિકલ ટ્રેનિંગ ઇન્સ્ટ્રક્ટર	...	રૂા. ૨૦૦–૧૦–૩૦૦

(નોંધ.—ઉપરનાં પગારધોરણો ઉપરાંત મોંઘવારી ભથ્થું તથા ઘરભાડાભથ્થું યુનિવર્સિટી તરફથી નક્કી કર્યા મુજબનું આપવું.)"

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૦. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય જે. એસ. જેતલીના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

"(૧) સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, યુનિવર્સિટીની માન્ય કૉલેજોમાં જે બે પ્રકારના શિક્ષકોનાં પગારધોરણો સ્વીકારવામાં આવ્યાં છે, એને બદલે યુનિવર્સિટી અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, બંનેને માન્ય એવા એક જ પ્રકારનાં શિક્ષકોનાં પગારધોરણો થાય એવો પ્રબંધ કરે."

"(૨) સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, યુનિવર્સિટી તરફથી ચાલતાં વિદ્યાભવનોમાં અનેક વિદ્યાર્થીઓને પ્રવેશ મળતો ન હોઈ યુનિવર્સિટી પોતે વિદ્યાભવનોના વિસ્તારરૂપે અમદાવાદ શહેરમાં જ જે તે વિષયમાં બીજાં અનુસ્નાતક કેન્દ્રો ખોલવાનો પ્રબંધ કરે."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સાથે પત્રવ્યવહાર ચાલે છે, એમ સેનેટને રિપોર્ટ કરવો, અને

(૨) સદરહુ પ્રશ્ન સિન્ડિકેટની વિચારણા હેઠળ છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૧. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. આર. એમ. ભટ્ટના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"(૧) સેનેટની આ સભા સંલગ્ન કૉલેજોમાં કામ કરતા તમામ કક્ષાના અધ્યાપકો તેમ જ માન્ય સંસ્થાઓમાં કામ કરતા અધ્યાપકોને માટે ગુજરાત યુનિવર્સિટીએ પોતે પોતાના તમામ કર્મચારીઓ માટે જે તે પ્રકારની ગૅચ્યૂઇટી યોજના દાખલ કરી છે તેવી યોજના દાખલ કરવા યોગ્ય પગલાં ભરવાનો લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરે છે."

"(૨) ઉચ્ચ શિક્ષણના ઝડપી વિસ્તારને કારણે કૉલેજોની અને તેને પરિણામે અધ્યાપકોની સંખ્યામાં ઘણો જ મોટો વધારો થયો છે. આ વધારાની સાથોસાથ યુનિવર્સિટીના પોતાના તેમ જ કૉલેજને માન્ય સંસ્થાઓના નીતિનિયમો અને ધારાધોરણોના પાલન અને અમલ અંગે વારંવાર પ્રશ્નો ઊભા થાય છે. યુનિવર્સિટી પોતે એક સ્વાયત્ત સંસ્થા હોઈ આવા પ્રશ્નોના સુખદ નિરાકરણ અને નિવારણ માટે પોતાની સત્તાઓ હેઠળ કોઈ તંત્ર રચવાની સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને ભલામણ કરે છે."

"(૩) ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થયા બાદ આજે તેનો ભારે વિસ્તાર થયો છે. વળી વર્ષોની કામગીરી દરમિયાન યુનિવર્સિટીનાં ધારાધોરણો, નીતિનિયમોના અમલમાં પણ અપૂર્ણતાઓ અને અધૂરપો માલૂમ પડી છે. આથી જ્યારે ગુજરાત સરકાર નવી યુનિવર્સિટીઓ સ્થાપવા અંગેના ખરડાઓ તૈયાર કરી રહી છે ત્યારે, ગુજરાત યુનિવર્સિટીના ધારાને પણ જાહેરમત જાણી વધારે કાર્યક્ષમ અને અદ્યતન બનાવવા માટે તેને વિનંતી કરવાની સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) યુનિવર્સિટીના કર્મચારીઓ માટે જે પ્રકારની ગ્રેચ્યુઇટીની યોજના દાખલ કરવામાં આવેલી છે તે પ્રકારની યોજના, કૉલેજોના શિક્ષકો માટે દાખલ કરવા માટે કૉલેજોનાં વ્યવસ્થાપક-મંડળોને ભલામણ કરવા સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો;

(૨) સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો; અને

(૩) હાલને તબક્કે કશું કરવાની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૨. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય એ. આર. દેસાઈના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત:

Resolution No. 1

"Consistent with mandatory provisions of Section 41(1) of the Gujarat University Act, this meeting of the Senate resolves that all instruction, teaching and training beyond the stage of First Year Examination of the Three-year Degree Courses within the area of the city of Ahmedabad as is under the jurisdiction of the Ahmedabad Municipal Corporation, be conducted by the University and that the same be imparted by the teachers of the University as from the beginning of the academic year 1967-68.

In the interest of the efficient functioning of this scheme the Senate further resolves that the Syndicate shall take early steps to implement Section 41 of the Gujarat University Act."

Resolution No. 2

"In view of the introduction of new courses and new syllabi in various subjects, this Senate requests the Syndicate to keep a more lively contact with the different Faculties with a view to organise a programme of seminars of teachers of various subjects, especially in the Faculties of Arts, Science and Commerce during the course of the next Summer Vacation of 1966."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઠરાવ નં. ૧ અંગે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૧ હેઠળની જોગવાઈઓ હજુ અમલમાં આવેલી નથી તે સંજોગોમાં સદરહુ પ્રસ્તાવ અંગે આ તબક્કે વિચારણા કરવાની રહેતી નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

(૨) ઠરાવ નં. ૨ અંગે, જરૂર જણાય ત્યારે, પરિસંવાદ યોજવામાં આવે છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર શ્રી. એસ. કે. ઝવેરીના નીચેના પ્રસ્તાવો પર અભિપ્રાય આપવા બાબત :

ઠરાવ નં. ૧

"સેનેટની આ સભા માને છે કે, ગુજરાત યુનિવર્સિટી પ્રેસના મૅનેજર અને કર્મચારીઓ વચ્ચેના સુમેળ અને સારા સંબંધોના અભાવે યુનિવર્સિટી પ્રેસની કાર્યક્ષમતાને હાનિ પહોંચે છે. આ હકીકતને લક્ષમાં લઈને સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે, તેઓએ, યુનિવર્સિટી પ્રેસના મૅનેજર સામેની પ્રેસ-કર્મચારીઓની ફરિયાદો અંગે વિગતે તપાસ કરી, કર્મચારીઓમાં સંતોષની લાગણી સ્થાપી, અને યુનિવર્સિટી પ્રેસના મૅનેજર અને કર્મચારીઓના સંબંધો સુધારી, યુનિવર્સિટી પ્રેસનો વહીવટ સુમેળ અને સરળતાથી ચાલે તે માટે જરૂરી પગલાં ભરવાં, તેમ જ લેવાયેલાં પગલાંની થયેલી અસરનો સંપૂર્ણ ખ્યાલ આપતો અહેવાલ સેનેટની આગામી સભામાં રજૂ કરવો."

ઠરાવ નં. ૨

"ગુજરાત યુનિવર્સિટી પ્રેસ એમ્પ્લોયીઝ યુનિયન (રજિ. નં. ૭૭/૨૭૪) ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું એકમાત્ર યુનિયન હોઈ, સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે, યુનિવર્સિટીએ ઉક્ત યુનિયન સાથે વખતોવખત મળી પ્રેસ-કર્મચારીઓને સ્પર્શતી મુશ્કેલીઓ અને સવાલોનો નિકાલ કરવો."

ઠરાવ નં. ૩

"સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે, તેઓ યુનિવર્સિટી કૅમ્પસમાં પ્રેસ-કર્મચારીઓ માટે જરૂરી રહેઠાણ(quarters)ની વ્યવસ્થા કરવાનાં ઘટતાં પગલાં લે, અને યુનિવર્સિટીના આગામી અંદાજપત્રમાં તે માટેની નાણાકીય જોગવાઈ કરે."

ઠરાવ નં. ૪

"સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે, ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને પરીક્ષાઓના પ્રશ્નપત્રોના છાપકામ અંગે રાત્રે પણ કામ કરવાનું હોઈ, તેઓ, પ્રેસ-કર્મચારીઓ માટે પ્રેસથી અલગ રીતે, તેની નજીકમાં જ, ડૉર્મિટરી(Dormitory)ની વ્યવસ્થા કરે."

ઠરાવ નં. ૧

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રસ્તાવમાં કરવામાં આવેલાં વિધાનો સાથે સિન્ડિકેટ સંમત નથી અને પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

ઠરાવ નં. ૨

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

ઠરાવ નં. ૩

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓ માટે રહેઠાણની વ્યવસ્થા કરવા બાબતમાં ઘટતી વિચારણા કરવા માટે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

ઠરાવ નં. ૪

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૪. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈના અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કામ કરવા માટે શ્રી. બી. એમ. ફડિયાને એક સત્રનો ખૂટતો શૈક્ષણિક અનુભવ માફ કરીને માન્ય કર્યાના;

(૨) મહારાજા શ્રી. ભગવતસિંહજી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગોંડલને જોડાણની શરતોનું પરિપાલન થતાં જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૫. નીચે જણાવેલ કૉલેજો/સંસ્થાઓ તરફથી જૂન ૧૯૬૫થી જોડાણ મેળવવા માટે આવેલ અરજીઓ જે તે કૉલેજ/સંસ્થાએ પાછી ખેંચ્યા અંગેની નોંધ લેવા બાબત :

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ		અભ્યાસક્રમ
૧.	ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ	...	વિનયન
૨.	ધ. ધુ. આચાર્ય શ્રી. દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, અમદાવાદ	...	વિનયન અને વિજ્ઞાન
૩.	કડવા પાટીદાર કેળવણી મંડળ, વીસનગર	...	શિક્ષણ
૪.	ગોંડલ મ્યુનિસિપાલિટી, ગોંડલ	...	વિજ્ઞાન અને કાયદો
૫.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	...	બી.એ. (સ્પે.) અંગ્રેજી
૬.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, તલોદ	...	બી.એ. (સમા. સમાજશાસ્ત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૬. અતિથિગૃહના બાંધકામ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના તા. ૬-૯-૧૯૬૫ના પત્રાંક એફ. ૪૩-૧-૬૩ (સીયુપી)થી રૂા. ૨૦,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરેલ તે અંગેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૭. વિજ્ઞાન વિદ્યાભવનમાંના કેમિસ્ટ્રી વિભાગના ડૉ. એમ. એન. દેસાઈની સંશોધન યોજના અંગે રૂા. ૫,૦૦૦ની ગ્રાન્ટ મહદનીશ ઉદ્યોગ સંચાલક, ગુજરાત રાજ્ય તરફથી તેમના પત્રાંક ૬૫૩થી મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત તથા તે ખર્ચ અંગે મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી, તથા તેના ખર્ચ અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર કાર્યવાહી કરવાનું રાખવું.

૧૮. એલ. એચ. સાયન્સ અને એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસામાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતા શ્રી. એમ. આર. પાલીજાને શૈક્ષણિક અનુભવની ઊણપ માફ

કરીને ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન શિક્ષણકાર્ય કરવાની પરવાનગી આપવા સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પાલીજા બી.એ.ની પદવી પાસ વર્ગમાં ધરાવે છે. એમ.એ.ની પદવી સમગ્ર અંગ્રેજી સાથે પાસ વર્ગમાં ધરાવે છે તથા બે વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. આર. પાલીજાને અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે કામ કરવા માટે પરવાનગી આપવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય કરવી અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૧૯. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં અંગ્રેજીનું શિક્ષણકાર્ય કરતા શ્રી. એન. ટી. શેઠનાને અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે કાર્ય કરવાની પરવાનગી આપવા સદરહુ કૉલેજના આચાર્યના સૂચન પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી. શેઠના બી.એ.ની પદવી પાસ વર્ગમાં ઇતિહાસ અને અર્થશાસ્ત્ર સાથે (મુંબઈ યુનિવર્સિટી, ૧૯૨૯) ધરાવે છે તથા એલ.એ. શાહ લૉ કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે ૯ વર્ષ અને એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે ૧૮ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એન. ટી. શેઠનાને અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવાનું સદરહુ કૉલેજના આચાર્યનું સૂચન મંજૂર કરવું નહિ.

૨૦. માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટને યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના પ્રાધ્યાપક નહિ મળતા હોવાથી શ્રી. પી. ડી. વૈષ્ણવનો પ્રાધ્યાપક થવા માટે ખૂટતો એક વર્ષનો અનુભવ ક્ષમ્ય ગણવા સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. વૈષ્ણવ બી.એ., એમ.એ. બન્નેમાં અંગ્રેજી વિષય સાથે બીજો વર્ગ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પી. ડી. વૈષ્ણવને અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી મંજૂર કરવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, તેઓ યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના પ્રાધ્યાપકની નિમણૂક ચાલુ વર્ષ માટે કરી શકે તેમ ન હોય તો અન્ય કૉલેજમાં કામ કરતા યોગ્ય લાયકાત ધરાવતા મુલાકાતી પ્રાધ્યાપકની ખંડ સમયની સેવાઓ લેવાની વ્યવસ્થા નીચેની શરતોએ કરવા માટે તેમને સૂચવવું :

(૧) સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પીરિયડ સદરહુ કૉલેજમાં લેવાના રાખે; અને

(૨) સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યબોજ યુનિવર્સિટીનાં ધારાધોરણ કરતાં વધવા પામે નહિ; અને

(૩) યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક જૂન ૧૯૬૬થી કરવાની બાંયધરી આપવામાં આવે.

૨૧. શ્રી સોમનાથ કૉલેજ, વેરાવળમાં કૉમર્સના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરી રહેલા શ્રી. ડી. એચ. પટેલને શૈક્ષણિક અનુભવની ઊણપ માફ કરીને ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન શિક્ષણકાર્ય કરવા પરવાનગી આપવા સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. પટેલ બી.કૉમ.ની પદવી એકાઉન્ટિંગ અને ઑડિટિંગ સાથે દ્વિતીય વર્ગમાં ધરાવે છે. એમ.કૉમ.ની પદવી એકાઉન્ટિંગ અને ઑડિટિંગ સાથે પાસ વર્ગમાં ધરાવે છે, તથા તેઓ ૧ વર્ષ અને ૬ માસનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. એચ. પટેલને કૉમર્સના વ્યાખ્યાતા તરીકે કામ કરવા માટે પરવાનગી આપવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય કરવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૨૨. શ્રી સોમનાથ કૉલેજ, વેરાવળમાં, વાણિજ્યના ખંડ સમયના પ્રાધ્યાપક તરીકે કાર્ય કરી રહેલા શ્રી. સી. જી. શારડાને ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન શિક્ષણકાર્ય કરવા દેવાની મજકૂર કૉલેજને પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. શારડા બી.કૉમ.ની પદવી દ્વિતીય વર્ગમાં અને એમ.કૉમ.ની પદવી પાસ વર્ગમાં ધરાવે છે. વાણિજ્યના વ્યાખ્યાતા તરીકેનો ૭ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.

(૨) બંને કૉલેજનો કાર્યબોજ યુનિવર્સિટીના નિયમો કરતાં વધારે નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. જી. શારડાને વાણિજ્યના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી મંજૂર કરવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, તેઓ યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક ચાલુ વર્ષ માટે કરી શકે તેમ ન હોય તો અન્ય કૉલેજમાં કામ કરતા યોગ્ય લાયકાત ધરાવતા મુલાકાતી પ્રાધ્યાપક(Visiting Professor)ની ખંડ સમયની સેવાઓ લેવાની વ્યવસ્થા નીચેની શરતોએ કરવા માટે તેમને સૂચવવું :

(૧) સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પીરિયડ સદરહુ કૉલેજમાં લેવાના રાખે;

(૨) સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યબોજ યુનિવર્સિટીનાં ધારાધોરણો કરતાં વધવા પામે નહિ; અને

(૩) યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપક જૂન ૧૯૬૬થી નીમવાની બાંયધરી આપવામાં આવે.

૨૩. એમ.એસસી.માં પ્રાણીવિજ્ઞાન મુખ્ય વિષય લઈ ઉત્તીર્ણ થનાર તથા એક વર્ષના ટ્યૂટર તરીકેના શૈક્ષણિક અનુભવની ઊણપ હોવાથી, મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળામાં વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા શ્રી. સી. સી. પટેલને લેક્ચરર તરીકે કામ કરવા માટે ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી પરવાનગી આપવા માટે સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. પટેલ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ પાસ વર્ગ ધરાવતા હોઈ પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ જોઈએ. શ્રી. પટેલ ચાર વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.

(૨) વનસ્પતિવિજ્ઞાન વિષયના વ્યાખ્યાતા માટે એમ.એસસી.માં મુખ્ય વિષય હોવો આવશ્યક છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. સી. પટેલને વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે કામ કરવા માટે પરવાનગી આપવાની સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય કરવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૨૪. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધોળકામાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક મળતા નહિ હોવાથી સી. એન. આર્ટ્સ અને બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીના આચાર્ય શ્રી. એન. બી. જોશીની નિમણૂક અર્થશાસ્ત્રના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કરવામાં આવી છે તે માન્ય કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ કૉલેજમાં અર્થશાસ્ત્રના પૂરા સમયના કોઈ પણ પ્રાધ્યાપક નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ધોળકામાં અર્થશાસ્ત્રના ખંડ સમયના પ્રાધ્યાપક તરીકે આચાર્ય એન. બી. જોશીની નિમણૂક માન્ય કરવી નહિ, અને સદરહુ કૉલેજને જણાવવું કે, મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કૉલેજના આચાર્ય ન હોય તેવા પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે.

૨૫. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૨-૯-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય અંગે આવેલ મહાનિબંધ અંગે તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

વિદ્યાર્થીનું નામ	ડિગ્રી	વિષય	રેફરીઓ
શ્રી. જે. પી. પટેલ	પીએચ.ડી.	ગુજરાતી "દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકર— એક અધ્યયન"	૧. શ્રી. રામપ્રસાદ બક્ષી, મીઠીબાઈ કૉલેજ, વિલેપારલે, ગોપાલભવન, ટાગોર રોડ, સાન્તાક્રુઝ, મુંબઈ-૫૪; ૨. શ્રી. વિશ્વનાથ ભટ્ટ, દ્વારા : શ્રી. સાવિત્રીબહેન પી. ભટ્ટ, શિક્ષણાધિકારી, સુરેન્દ્રનગર; ૩. શ્રી. સુંદરમ્, શ્રી. અરવિંદ આશ્રમ, પોંડીચેરી; ૪. શ્રી. સુંદરજી બેટાઈ, ૧૮, મધુવન સોસાયટી, આનંદનગર, સાન્તાક્રુઝ (વેસ્ટ), મુંબઈ-૫૫ (એ.એસ.).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૨૬. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૬-૯-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય અંગે આવેલ મહાનિબંધ અંગે તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Name of the student	*Degree*	*Subject*	*Referees*
Shri J. J. Shroff	Ph.D.	*Chemistry* "Studies in Physiologically active compounds—Synthesis of Hydontoing thiohydantious and Rhodanines"	1. Dr. Hans Zimmer, University of Cincinnati, Cincinnati–21, Ohio, U.S.A.; 2. Dr. Franklin Proul, Associate Professor of Chemistry, De Paul University, 1038, West Belden Avenue, Chicago–14, Illinois, U.S.A.
			For viva 1. Dr. K. S. Nargund, Parle College, Vile Parle (East), Bombay–58; 2. Dr. S. M. Sethna, M. S. University of Baroda, Baroda.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૨૭. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના અનુસાર રૂ. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલી પીએચ.ડી. પદવી માટેના વિષય ઉપરનો મહાનિબંધ તપાસવા, તે સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૧૦-૧૯૬૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Name of the candidate	*Subject*	*Referees*
Shri V. K. Singh	*Psychology* : "G. A. T. B. Indian Norms and Aptitude Structure of Post-graduate students"	1. Dr. C. Gilbert Wrenn, Arizone State University, Temple, Arizone (U.S.A.); 2. Dr. Shib K. Mitra, Head of the Dept. of Psychological Foundations (National Council of Educational Research and Training), H. 2/3, Model Town, Delhi–9.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૨૮. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૩૦-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"થર્ડ બી.એસસી.ના ફિઝિક્સ વિષયના અભ્યાસક્રમ અંગે આ વિષય શીખવતા અધ્યાપકોનો ડિસેંબર ૧૯૬૫ સુધીમાં બે દિવસનો એક સેમિનાર યોજવા અંગે આ અભ્યાસસમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ડિસેંબર ૧૯૬૫ સુધીમાં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમ માટેનો પરિસંવાદ યોજવાની સદરહુ ભલામણ મંજૂર કરવી નહિ, પણ આવતા શૈક્ષણિક વર્ષ દરમિયાન આવો પરિસંવાદ યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની પાસેથી આર્થિક મદદ મેળવવા માટે ઘટતું લખાણ કરવું.

૨૯. તબીબી વિદ્યાશાખાની તા. ૩-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણને અનુલક્ષીને એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૯-૧૦-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૧૦-૧૯૬૫ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા-ઇન-ક્લિનિકલ પેથોલોજી-(ડી.સી.પી.)નો એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખા હેઠળ ડિપ્લોમા-ઇન-ક્લિનિકલ પેથોલોજી-(ડી.સી.પી.)નો એક વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી.

૩૦. ડિપાર્ટમેન્ટ ઑફ એટમિક એનર્જીના આશ્રયે મુંબઈ મુકામે તા. ૧૩થી ૧૭ ડિસેંબર ૧૯૬૫ સુધી મળનાર "ક્વૉન્ટમ રેઝ, ઍલિમેન્ટરી પાર્ટિકલ ફિઝિક્સ અને

એસ્ટ્રોફિઝિક્સ" પરના સિમ્પોઝિયમ માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સિમ્પોઝિયમમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૩૧. ઇન્ડિયન પબ્લિક હેલ્થ એસોસિયેશન, કલકત્તાની ૧૦મી વાર્ષિક પરિષદ, વારાણસી મુકામે તા. ૨૪થી ૨૬ ડિસેંબર ૧૯૬૫ દરમિયાન મળનાર હોઈ, આ પરિષદમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા સદરહુ સંસ્થાના સહમંત્રીના તા. ૨૭ ઑકટોબર ૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ એસોસિયેશનની આગામી વાર્ષિક પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૩૨. ઇન્ડિયન પોલિટિકલ સાયન્સ કોન્ફરન્સનું ૨૭મું અધિવેશન તા. ૨૮થી ૩૦ ડિસેંબર ૧૯૬૫ દરમિયાન મૈસુર મુકામે યોજાનાર હોઈ, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ અધિવેશનના સ્થાનિક મંત્રીના તા. ૨૭મી ઑકટોબર ૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોન્ફરન્સના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૩૩. ઇન્ડિયન હિસ્ટરી કોંગ્રેસનું ૨૭મું અધિવેશન, અલ્લાહાબાદ મુકામે તા. ૨૯થી ૩૧ ડિસેંબર ૧૯૬૫ દરમિયાન અલ્લાહાબાદ યુનિવર્સિટીના આશ્રયે મળનાર હોઈ તેમાં ભાગ લેવા યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલી આપવા હિસ્ટરી કોંગ્રેસના મંત્રીના તા. ૧૧-૧૦-૧૯૬૫ના પત્રાંક આઇએમસી૧૫૯ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કોંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૩૪. આગામી ડિસેંબર માસમાં સુરત મુકામે, ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૩મું સંમેલન ભરાનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા તથા સંમેલનને આર્થિક સહાય આપવા ગુજરાતી સાહિત્ય પરિષદના કોષાધ્યક્ષના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી :

૧. આચાર્ય ડૉ. ધીરુભાઈ પી. ઠાકર

૨. આચાર્ય રામપ્રસાદ એમ. શુકલ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદને માટે તેના આગામી સંમેલન પ્રસંગે રૂા. ૫૦૦ (પાંચસો)ની આર્થિક સહાય મંજૂર કરવી.

૩૫. ડો. એ. એમ. ત્રિવેદીના નીચેના પ્રસ્તાવ સેનેટે તેની તા. ૧૫/૧૬-૧૦-૧૯૬૫ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પ્રમાણે ઓર્ડિ. ૬૨-બી તથા ૬૨-ડી સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

The Senate requests the Syndicate to amend the Ordinances, 62–B and 62–D to read as follows :

O. 62–B :

The functions of the Finance Committee shall be—

(1) to sanction all expenditure up to Rs. 10,000/– on behalf of the Syndicate;

(2) to dispose off quotations and tenders received for the purpose of materials, dead stocks, execution of work except pertaining to the Building Committee and such other matters as are from time to time referred to it by the Syndicate.

O. 62–D :

In (1) to (10) the committees concerned be empowered to sanction all ependiture up to the monetary limit mentioned against them on behalf of the Syndicate.

The monetary limit is revised and the ordinance may be read as—

(1) A Committee consisting of only the Vice-Chancellor to sanction all expenditure pertaining to the University up to a limit of Rs. 5,000/– (Rupees Five thousand) only.

(2) A Committee consisting only of the Registrar to sanction all expenditure pertaining to the University up to Rs. 1,000/– (Rupees one thousand) only.

(3) A Committee consisting only of the Dy. Registrar to sanction all expenditures pertaining to the University up to Rs. 200/– (Rupees two hundred) only.

(4) A Committee consisting only of the Librarian to sanction all expenditures pertaining to the Library up to Rs. 400/– (Rupees four hundred) only.

(5) A Committee consisting only of the Director of the University School of Social Sciences to sanction all expenditures pertaining to that School up to Rs. 1,000 (Rupees one thousand) only.

(6) A Committee consisting only of the Director, University School of Gujarati Language and Literature, to sanction expenditure pertaining to that School up to Rs. 1,000/- (Rupees one thousand) only.

(7) A Committee consisting only of the Director, University School of Psychology, to sanction all expenditures pertaining to that School up to Rs. 1,000/- (Rupees one thousand) only.

(8) A Committee consisting only of the Director, University School of Sciences, to sanction all expenditures pertaining to that School up to Rs. 2,000/- (Rupees two thousand) only.

(9) A Committee consisting of the person in charge of each Department of the University School of Sciences to sanction all expenditures to this Department up to Rs. 500/- (Rupees five hundred) only.

(10) A Committee consisting of the Rector of the Hostel or any other person for the time being in charge of the University Hostel to sanction all expenditures pertaining to the University Hostel up to Rs. 100/- (Rupees one hundred) only."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત ફાઇનાન્સ સમિતિના અભિપ્રાય માટે મોકલવી.

૩૬. આચાર્ય એલ. એન. ઠાકરનો નીચેનો પ્રસ્તાવ સેનેટે તેની તા. ૧૫/૧૬-૧૦-૧૯૬૫ની સભામાં સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:

St. 193-A:

"That Statute 193-A be amended as under:

Para 1 to remain as it is...

Para 2 to be amended as under:

After the words....'....on completion of 7 years' service' in the third line add the following words:

"And 6¼ per cent more for every additional year after 7 years (i.e., 56¼ per cent for 8 years, 62½ per cent for 9 years and so on) upto 15 years".....the other part of para 2 to remain as it is.

Para 3 and 4 remain as they are.

The amended para 2 of the Statute 193-A will read as under:

"Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service, at the rate of ½ month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 7 years' service and 6¼ per cent more for every additional year after 7 years (i.e. 56½ per cent for 8 years, 62½ per cent for 9 years and so on) up to fifteen years the gratuity shall be raised to one months basic salary (excluding all allowances) for each completed year of service on completion of 15 years' service. The total amount....etc....the rest of the text remains as it is."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આવતા માર્ચ-એપ્રિલની પરીક્ષાથી અન્યથા નિર્ણય થાય ત્યાં સુધી હાલના 'મોડરેટરો'ને અમદાવાદમાં ફરજિયાત રીતે રહેવાની પદ્ધતિ નાબૂદ કરી તેમને પોતાના રહેઠાણે રહીને એ કામગીરી બજાવે એવી વ્યવસ્થા કરવા એકેડેમિક કાઉન્સિલ સૂચવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની હવે પછીની પરીક્ષાઓ માટે મોડરેટરોને મોડરેશનના કામ માટે અમદાવાદમાં ફરજિયાત રહેવું પડે છે તે પદ્ધતિ નાબૂદ કરીને તેમને તેમના પોતાના રહેઠાણે રહીને એ કામગીરી બજાવે એવી વ્યવસ્થા કરવી અને તે માટે મોડરેશનનું કામ પોતે પોતાના નિવાસ-સ્થાને રહીને કરશે તે મતલબની બાંયધરી અગાઉથી મેળવી લેવાનું રાખવું.

૩૮. સિવિલ એન્જિનિયરિંગની અભ્યાસસમિતિની તારીખ ૬-૬-૧૯૬૫ની સભાની ભલામણ મુજબ એકેડેમિક કાઉન્સિલે તેની તારીખ ૧૯/૨૦-૬-૧૯૬૫ની સભામાં ઠરાવ્યા અનુસાર સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગનો બે વર્ષનો અનુસ્નાતક ડિપ્લોમા વિધિસર સ્થપાયા બાદ અભ્યાસક્રમ અમલમાં મૂકવા અંગેની તેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસક્રમ તથા તે અંગેનાં ધારાધોરણો મંજૂર કરવાં અને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવાં.

૩૯. સંલગ્ન કૉલેજોમાં, ગ્રંથાલયો માટે ગ્રંથાલયશાસ્ત્રની તાલીમ પામેલા ગ્રંથપાલોની સેવા મળી શકે તે માટે એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રત્યેક પદવી કૉલેજમાં પૂરા સમયના અને તે કામ માટે યોગ્ય એવા એક અલગ ગ્રંથપાલ કૉલેજના ગ્રંથાલય માટે હોવા આવશ્યક ગણવા તથા તે જગ્યા માટે ગ્રંથાલયના કામનો અનુભવ અને/અથવા ગ્રંથાલયશાસ્ત્રનો અભ્યાસ એ પ્રમાણે લાયકાતનું ધોરણ અપનાવવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તેને અમલ ૧૯૬૬ જૂન ૧૯૬૬થી કરવાનું રાખવું.

૪૦. સેનેટની વાર્ષિક સભામાં શિક્ષકોને સત્રો ભર્યા સિવાય એમ.એ.ની પરીક્ષામાં બેસવા દેવા અંગે થયેલા સૂચન પર અભિપ્રાય આપવા માટે સિન્ડિકેટે ઍકૅડેમિક કાઉન્સિલ તરફ મોકલેલ તે પર ઍકૅડેમિક કાઉન્સિલનો નીચેનો અભિપ્રાય:

ઍકૅડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષકો કે બીજા કોઈને પણ સત્રો ભર્યા સિવાય એમ.એ.ની પરીક્ષામાં બેસવા દેવાની તરફેણમાં ઍકૅડેમિક કાઉન્સિલ નથી એવો અભિપ્રાય સિન્ડિકેટને જણાવવો."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૧. એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં એપ્રિલ ૧૯૬૬ કે તે અગાઉની પરીક્ષામાં બેઠા હોય અને અનુત્તીર્ણ રહ્યા હોય અથવા તો તે અગાઉ જેમણે પૂરાં સત્રો ભર્યાં હોય, પરંતુ પરીક્ષામાં બેઠા ન હોય એવા વિદ્યાર્થીઓની જૂના અભ્યાક્રમથી પરીક્ષા લેવા અંગે ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૬-૧૦-૧૯૬૫ની સભામાં કરેલા નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત:

ઍકૅડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) જે વિદ્યાર્થીઓએ એમ.એ., એમ.એસસી. કે એમ.કૉમ.ના જૂના અભ્યાસક્રમ પ્રમાણે ત્રણ સત્રો ભર્યાં હોય તેમને એક વધુ સત્ર ભરી જૂના અભ્યાસક્રમ પ્રમાણેની એમ.એ., એમ.એસસી. અગર એમ.કૉમ.ની પરીક્ષામાં ૧૯૬૯ના એપ્રિલ સુધી બેસવા માટે પરવાનગી આપવી.

(૨) જે વિદ્યાર્થીઓએ જૂના અભ્યાસક્રમ પ્રમાણે એક જ સત્ર ભર્યું હોય તેઓને નવાં બે સત્રો નવા અભ્યાસક્રમનાં ભરીને જે તે અનુસ્નાતક પરીક્ષાની ભાગ ૧ની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી.

(૩) જે વિદ્યાર્થીઓએ જૂના અભ્યાસક્રમ પ્રમાણે બે સત્રો ભર્યા હોય તેઓને સત્રો ભર્યા સિવાય અગર નવા અભ્યાસક્રમનાં સત્રો ભરીને નવા અભ્યાસક્રમની એમ.એ., એમ.એસસી. કે એમ.કૉમ.ની પાર્ટ ૧ પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકૅડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૪૨. ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૧૦-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર આર. પ્રી-૧૦, ૧૫ તથા ૨૦ રદ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન પ્રી-૧૦, ૧૫ તથા ૨૦ તાત્કાલિક રદ કરવા.

(રદ કરવામાં આવેલા સદરહુ રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪૩. એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૧૦-૧૯૬૫ની સભાની ભલામણ પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૫ તથા રેગ્યુ. એસસી.-૬ અને ૧૧ના પાઠોમાં નીચેની પંક્તિઓ ઉમેરીને સુધારવા બાબત:

"Provided, however, on his reappearing in the examination subject, in which he has failed, he will not be required to reappear in it, if he obtains at least the minimum marks required for passing in that subject notwithstanding his failure to clear all the subjects at the one and the same attempt."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. આર્ટ્સ-૫ તથા રેગ્યુ એસસી-૬ અને ૧૧ના પાઠમાં નીચેની પંક્તિઓ ઉમેરીને તે પ્રમાણે સુધારવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવા :

"Provided, however, on his reappearing in the examination subject, in which he has failed, if he obtains at least the minimum marks required for passing in that subject notwithstanding his failure to clear all the subjects at the one and same attempt, he will not be required to reappear in it."

૪૪. હાલના યુનિવર્સિટી હૉસ્ટેલના રેસિડેન્ટ પ્રોફેસર ડૉ. સી. ટી. ભોપટકરે રેસિડેન્ટ પ્રોફેસર તરીકે આપેલું રાજીનામું સિન્ડિકેટે તેની તા. ૪/૫-૯-૧૯૬૫ની સભામાં બીજા રેસિડેન્ટ પ્રોફેસરની નિમણૂક થાય ત્યારથી મંજૂર કરવાનું ઠરાવ્યું છે તો ડૉ. સી. ટી. ભોપટકરની જગ્યાએ યુનિવર્સિટી હૉસ્ટેલના રેસિડેન્ટ પ્રોફેસરની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી હૉસ્ટેલના રેસિડેન્ટ પ્રોફેસર તરીકે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો પૈકી કોઈ શિક્ષકને નીમવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૪૫. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ શ્રી. બી. આર શેનોયને સિન્ડિકેટે તેની તારીખ ૪-૯-૧૯૬૫ની સભાના ઠરાવથી તા. ૧૩-૯-૧૯૬૫થી તા. ૨૬-૯-૧૯૬૫ સુધીની બિનપગારી રજા મંજૂર કરેલ, પરંતુ સંજોગવશાત્ મુસાફરીમાં તથા બીજા કારણસર બે દિવસ વધુ સમય નીકળી ગયો હોવાથી તેઓ ફરજ પર બે દિવસ મોડા (એટલે કે તા. ૨૯-૯-૧૯૬૫ના રોજ) હાજર થયેલ હોઈ વધુ બે દિવસની રજા મંજૂર કરવા બાબતમાં તેમની તા. ૨૯-૯-૧૯૬૫ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પ્રોફેસર બી. આર. શેનોયની તા. ૨૭ અને ૨૮-૯-૧૯૬૫ના દિવસોની બે વધુ રજાઓ બિનપગારની રજાઓ તરીકે મંજૂર કરવી.

૪૬. યુનિવર્સિટી ગ્રંથાલયના જૂનિયર ક્લાર્ક શ્રી. મહેન્દ્ર કે. મોદીનો અજમાયશી સમય તા. ૧૮-૧૧-૧૯૬૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૧૯-૧૧-૧૯૬૫થી કાયમ કરવા બાબત.

શ્રી. મહેન્દ્ર કે. મોદીની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. મોદીને યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે તા. ૧૯-૧૧-૧૯૬૫થી કાયમ કરવા.

૪૭. માળી શ્રી. રામનાથ પરમેશ્વરનો અજમાયશી સમય તા. ૨૩-૧૧-૧૯૬૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૨૪-૧૧-૧૯૬૫થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. રામનાથ પરમેશ્વરની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. રામનાથ પરમેશ્વરને માળીની જગ્યા પર તા. ૨૪-૧૧-૧૯૬૫થી કાયમ કરવા.

૪૮. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના પટાવાળા શ્રી. રામફીર છેદીરામ તિવારીનો અજમાયશી સમય તા. ૩૦-૧૨-૧૯૬૫ના રોજ પૂરો થતો હોઈ તેઓને તા. ૩૧-૧૨-૧૯૬૫થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. રામફીર છેદીરામ તિવારીની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. તિવારીની નોકરીનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો, અને તેમને જણાવવું કે, લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ, તો તેમને નોકરીમાંથી છૂટા કરવાની ફરજ પડશે.

૪૯. યુનિવર્સિટી ચોકીદાર શ્રી. માલસિંગ ભાવસિંગ તા. ૨૦-૭-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીની આપવાની ફાળાની રકમ અંગે તેઓની તા. ૧-૧૧-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૧-૫-૧૯૫૯થી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૨૦-૭-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. માલસિંગ ભાવસિંગને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર ચૂકવી આપવી.

૫૦. યુનિવર્સિટીના કેશિયર શ્રી. કે. સી. પટેલ તા. ૨૬-૧૦-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૩-૩-૧૯૬૩થી જોડાયા હતા અને તારીખ ૨૬-૧૦-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. સી. પટેલને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે પરત કરવી.

૫૧. યુનિવર્સિટી ગ્રંથાલયના જુનિયર ક્લાર્ક શ્રી. એ. એમ. શિરાઝી તારીખ ૨૭-૧૦-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા હોવાથી તેઓના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીએ આપવાની ફાળાની રકમ પરત કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૨૨-૮-૧૯૬૦થી જોડાયા હતા અને તા. ૨૭-૧૦-૧૯૬૫થી રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એ. એમ. શિરાઝીને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર ચૂકવી આપવી.

૫૨. તા. ૧૯-૧૧-૧૯૬૫ના રોજ કેશિયરની જગ્યા માટે મળેલ વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ભલામણ મંજૂર કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૯-૧૧-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૫૩. તા. ૨૯-૧૦-૧૯૬૫ના રોજ રીડર-ઇન-ઇકોનોમિક્સની જગ્યા માટે મળેલ વરણી-સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ભલામણો મંજૂર કરવી, તથા સદરહુ જગ્યા માટે નવેસરથી જાહેરખબર આપી ફરીથી અરજીઓ મંગાવવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૯-૧૦-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૫૪. તા. ૨૨-૧૦-૧૯૬૫ના રોજ રીડર-ઇન-લેબર વેલ્ફેરની જગ્યા માટે મળેલ વરણી-સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ભલામણો મંજૂર કરવી. તથા સદરહુ જગ્યા માટે ફરીથી જાહેરખબર આપી નવેસરથી અરજીઓ મગાવવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, જે ચાર ઉમેદવારોની અરજીઓ આ અગાઉ આવેલી છે તે ઉમેદવારોની અરજીઓ પર પણ વિચારણા કરવા માટે સદરહુ સમિતિને સૂચવવું.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૨-૧૦-૧૯૬૫ની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૫૫. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ખાલી પડેલ મદદનીશ ગ્રંથપાલની જગ્યા પર નિમણૂક કરવાની બાબતના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૯-૧૦-૧૯૬૫ની સભામાં કરેલા ઠરાવ અન્વયે કાર્યાલયે તૈયાર કરેલ તારણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

૫૬. તા. ૨૨-૧૦-૧૯૬૫ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૨-૧૦-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ " " તરીકે સામેલ છે).

૫૭. સમાજવિદ્યા ભવનના સને ૧૯૬૫-૬૬ના વર્ષના અંદાજપત્રમાં 'સંશોધનકાર્ય' અંગે વધારાનું રૂા. ૧,૦૦૦નું ખર્ચ કરવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ મથાળા હેઠળ રૂા. ૫,૦૦૦નો અંદાજ મૂકેલો છે, જે વધારીને રૂા. ૬,૦૦૦ કરવાની માગણી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનના સને ૧૯૬૫-૬૬ના વર્ષના અંદાજપત્રમાં સંશોધનકાર્ય માટે રૂા. ૧,૦૦૦ (એક હજાર)ની વધુ જોગવાઈ કરીને કુલ જોગવાઈ રૂા. ૬,૦૦૦ની કરવાનું રાખ્યું.

૫૮. પરીક્ષા(લેખિત અને પ્રાયોગિક)ના કામ માટે, રમતગમતની સ્પર્ધાઓમાં ભાગ લેવા જતા હરીફો, વગેરેના ખર્ચ માટે, કર્મચારીઓના કે શિક્ષકોના મંજૂર કરેલા પ્રવાસ માટે, પર્વતારોહણ અને અન્ય શિબિરો માટે, યુનિવર્સિટીનાં મંજૂર થયેલાં કામોના ખર્ચ પેટે અગાઉથી રકમ એડવાન્સ તરીકે આપવા માટે જરૂરી વ્યવસ્થા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે નિયમો ઘડીને આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૫૯. ફેકલ્ટીઝ અંગેના સિન્ડિકેટે તેની તા. ૪-૯-૧૯૬૫ની સભામાં ઠરાવ નં. ૫૬થી ઠરાવ્યા પ્રમાણે નિયમો નક્કી કરવા બાબત તથા માર્ચ-એપ્રિલ ૧૯૬૫ની પરીક્ષા માટે નીચે જણાવેલ વધારાના નિમાયેલ ફેકલ્ટીઝને મહેનતાણાં આપવા બાબત:

(૧) પ્રી-આર્ટ્સ	૧. શ્રી. બી. એન. ગજ્જર ૨. શ્રી. વિનાયક પટેલ	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ
(૨) એફ.વાય.-બી.કૉમ.	૧. શ્રી. જે. સી. પટેલ ૨. શ્રી. એચ. એમ. સોની	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ
(૩) એસ.વાય-બી.એ.	૧. શ્રી. યુ. જી. શુક્લ ૨. શ્રી. સી. ડી. પટેલ	નવગુજરાત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ

આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ કેન્દ્ર ઉપર જે પરીક્ષાઓમાં એક કરતાં વધુ જગ્યાઓ ઉપર પરીક્ષા લેવાયેલી હોય, અને જે પરીક્ષા માટે તેની નક્કી કરેલી જગ્યાઓ ઉપરાંત વધારાનો ફેકલ્ટીટમ નિમાયેલો હોય તેવા કેસોમાં જુદી જુદી જગ્યાઓ ઉપર કામ કરતા ફેકલ્ટીટમમાંથી, યુનિવર્સિટીના નિયમ પ્રમાણે, સદરહુ પરીક્ષા માટે જે ફેકલ્ટીટમને વધારેમાં વધારે મહેનતાણું મળતું હોય તે મહેનતાણા ઉપરાંત રૂા. ૨૫-૦૦નું વેતન વધારાના નિમાયેલા સદરહુ ફેકલ્ટીટમને આપવું.

૬૦. ઑક્ટોબર ૧૯૬૫માં લેવાયેલ બીજી એલએલ.બી. પરીક્ષાનાં ઉમેદવાર કુ. જી. કે. પાવરીને હાલની કટોકટીને કારણે જામનગરની ગ્રરવિન હૉસ્પિટલમાં મેટ્રન તરીકેની ફરજોમાંથી રજા ન મળવાથી પરીક્ષામાં બેસવા અશક્ત હોઈ તે સંજોગોમાં પરીક્ષા-ફી રિફંડ કરવા માટેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૨૫-૪-૧૯૬૩ની સભાએ ખુશાલી, તરી કે હવાઈ દળમાં જોડાયેલ વિદ્યાર્થીઓને પરીક્ષા-ફી પરત કરવા અંગે ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કેસના સંજોગો લક્ષમાં લઈને કુમારી જી. કે. પાવરીને અપવાદ તરીકે તેમની પરીક્ષા-ફી પાછી આપવી.

૬૧. ફર્સ્ટ બી.એ. પરીક્ષામાં ઑ. આર્ટ્સ-૬માં જણાવેલ ગ્રુપ ૧ અને ગ્રુપ ૨ પૈકીના વિષયોમાંથી મુખ્ય અને ગૌણ વિષયો પસંદ કરવાના હોય છે. શ્રી સોમનાથ કૉલેજ, વેરાવળ, મારફતે આવેદનપત્ર ભરી બેઠેલ વિદ્યાર્થી નં. ૪૨૮૮ના વિષયોની પસંદગી અંગે ભૂલ થવા પામી છે અને ગ્રુપ ૧માં સોશિયોલોજીનો વિષય નહિ હોવા છતાં ગૌણ વિષય તરીકે સોશિયોલોજી કૉલેજમાં રાખવા દેવામાં આવેલ અને સંસ્કૃત (મુખ્ય) અને સોશિયોલોજી (ગૌણ) વિષય સાથે પરીક્ષા આપી છે, અને પરીક્ષામાં પાસ થયા છે. આ ભૂલ આચાર્યશ્રીને માલૂમ પડતાં મજકૂર વિદ્યાર્થીને સેકન્ડ બી.એ.માં સોશિયોલોજીને બદલે સાયકોલોજી વિષય બદલવા આચાર્યે જૂન ૧૯૬૫થી પરવાનગી આપી છે, તે માન્ય કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીને ફર્સ્ટ બી.એ.ની પરીક્ષામાં માનસશાસ્ત્રના વિષયમાં ફરીથી બેસવાનું રહેશે તે શરતે અને એ.ટી.કે.ટી.ના ધોરણે તેને એસ.વાય.બી.એ.ની પરીક્ષા માટેનાં સત્રો ભરવા વાસ્તે પરવાનગી આપવી, અને જણાવવું કે, તે એફ.વાય.બી.એ.ના માનસશાસ્ત્રના વિષયમાં ઉત્તીર્ણ થશે નહિ ત્યાં સુધી એસ.વાય.બી.એ.ની પરીક્ષાનું તેનું પરિણામ જાહેર કરી શકાશે નહિ, અને ૧૯૬૭ના એપ્રિલ સુધીમાં તે એફ.વાય.બી.એ.ના માનસશાસ્ત્રના વિષયમાં પાસ થશે નહિ તો તેનું એસ.વાય.બી.એ.નું પરિણામ રદ કરવામાં આવશે.

૬૨. સને ૧૯૬૬ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટે કૉલેજોના આચાર્યો તરફથી કેન્દ્ર અંગે આવેલ અરજીઓ પર વિચારણા કરવા માટે સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાની ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. આચાર્ય ચિમનભાઈ જે. પટેલ
૨. આચાર્ય ય. ગુ. નાયક
૩. આચાર્ય એમ. સી. દેસાઈ.

૬૩. લશ્કરમાં સ્વયંસેવકો (volunteers) તરીકે જોડાનાર લેકચરોને તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક અભ્યાસક્રમમાં રાહત આપવા બાબત અંગે યોગ્ય કરવા ડિરેક્ટર જનરલ ઑફ હેલ્થ સર્વિસીઝ તરફથી આવેલ તા. ૨૫-૯-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત તબીબી વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૬૪. "જસ્ટિસ પી. ચક્રવર્તી અંગ્રેજી પારિતોષિક" માટે વિનયન વિદ્યાશાખાની પરીક્ષામાં અંગ્રેજી વિષય રાખનાર કોઈ ઉમેદવાર ન હોવાથી આજદિન સુધી પાત્ર ઉમેદવારને અભાવે સદરહુ પારિતોષિક આપી શકાયું નથી તેથી આ યુનિવર્સિટીની કોઈ

પણ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓની બંગાળી ભાષામાં નિબંધસ્પર્ધા યોજવા બાબત નિખિલ બંગ ભાષા પ્રસાર સમિતિ, કલકત્તાના મંત્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી, તે દરમિયાન ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષનાં સૂચનો મગાવવાં.

૬૫. માર્ચ-એપ્રિલ ૧૯૬૫માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિક-પરીક્ષકના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો, તેમ જ કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો અને વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૫-૧૦-૧૯૬૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૫-૧૦-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૫-૧૦-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૬૬. ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની મુદત તા. ૨૦-૧૦-૧૯૬૫ના રોજ પૂરી થતાં તે તા. ૩૧-૧૨-૧૯૬૫ સુધી લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ) કઢાવી લીધું ના હોય તે કઢાવી લેવાની મુદત તા. ૩૧-૧૨-૧૯૬૫ સુધી લંબાવી આપવી.

૬૭. શ્રી. મુખ્તરાજસિંગના પુત્ર નરિન્દરસિંગ જેમણે પ્રી-યુનિવર્સિટીનું પ્રથમ સત્ર પંજાબ યુનિવર્સિટીની કૉલેજમાં રાખેલ પરંતુ તેમના પિતાશ્રીની બદલી અમદાવાદ થતાં તેમના પુત્રને અમદાવાદની સ્થાનિક ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજમાં બીજા સત્રથી પ્રી-યુનિવર્સિટીના વર્ગમાં પ્રવેશ આપવા બાબત.

(નોંધ.—આ ભાઈના પિતાશ્રીની બદલી અમદાવાદ મિલિટરી ફાર્મ, અમદાવાદમાં થયા અંગેની જાણ કરતો ઑફિસર ઇન ચાર્જ, મિલિટરી ફાર્મ, અમદાવાદ ડીપો, અમદાવાદનો પત્ર પણ સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીએ પંજાબ યુનિવર્સિટીની કૉલેજમાં રાખેલ સત્ર માન્ય કરીને તેને બીજા સત્રમાં આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજમાં પ્રવેશ આપવાની તેની વિનંતી મંજૂર કરવી નહિ.

૬૮. રાષ્ટ્રીય કટોકટી દરમિયાન ગૃહરક્ષક દળ(Home Guard)માં જોડાયેલ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસી ન શકે તો તેમની ફી પરત કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૨૫/૨૬-૪-૧૯૬૫ની સભામાં રાષ્ટ્રીય કટોકટી દરમિયાન જે વિદ્યાર્થીઓ દેશના ખુશકી, તરી અને હવાઈ દળમાં જોડાવાના કારણે પરીક્ષા આપી શકે નહિ, તેમને તેમની પરીક્ષા-ફી તેમના ખર્ચે પરત કરવાનું ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીઓને પરીક્ષા-ફી પાછી આપવી નહિ.

૬૯. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૨૨-૪-૧૯૬૫ની સભાની ભલામણો એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ના રોજ મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૯/૨૦-૭-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૦. સિન્ડિકેટની તા. ૭/૮-૮-૧૯૬૫ની સભામાં બાબત નં. ૨૮ પર થયેલા ઠરાવને અનુલક્ષીને શ્રી. એચ. એમ. દેસાઈની મૌખિક પરીક્ષા અંગેના પરીક્ષકોના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એચ. એમ. દેસાઈને પીએચ.ડી.ની પદવી માટે પાત્ર જાહેર કરવા.

૭૧. ભારત સરકાર તરફથી એક અઠવાડિયાનો "ઇનસર્વિસ ટ્રેઇનિંગ કોર્સ ઇન સ્ટેટિસ્ટિક્સ" યોજવા અંગે આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) આશરે ૬૦ કૉલેજોના કર્મચારીઓને બોલાવીએ તો અંદાજી ખર્ચ રૂા. ૪,૦૩૦ આવે.

(૨) સદરહુ યોજનામાં ભારત સરકાર તરફથી ખર્ચના ૫૦ ટકા જેટલી આર્થિક સહાય માટે જોગવાઈ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ "ઇનસર્વિસ ટ્રેઇનિંગ કોર્સ ઇન સ્ટેટિસ્ટિક્સ" યોજવા માટે (ભારત સરકાર) પૂરેપૂરો ખર્ચ મંજૂર કરે તો તેના વર્ગો ચલાવવાનું રાખવું.

૭૨. સેનેટની તા. ૧૦/૧૧/૧૨-૩-૧૯૬૫ના રોજ મળેલ વાર્ષિક સભામાં થયેલ કેટલાંક સૂચનો પરત્વે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભામાં નીમેલી સમિતિએ તૈયાર કરેલ અહેવાલ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૦-૯-૧૯૬૫ના રોજ મળેલી એકતાલીસમી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૦-૯-૧૯૬૫ની સભાની ભલામણો, નીચેના ઠરાવોને અધીન મંજૂર કરવી :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, નીચેની બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની પુનર્વિચારણા માટે મોકલવી :

ભલામણ નં. ૭ : આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદના રસાયણશાસ્ત્રના વ્યાખ્યાતા ડૉ. આર. કે. શાહને પીએચ.ડી. પદવી ઇનોર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા નહિ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) નીચેની બાબત તેમાં જણાવેલા સૂચનના પાઠ સાથે ફરીથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું :

ભલામણ નં. ૮ : આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના સૂચન અન્વયે કોઈ સમિતિ નીમવાની જરૂર જણાતી નથી.

(**નોંધ.**—ઉપરના બેઉ ઠરાવો જેને સ્પર્શે છે તે બાબત નં. ૭ અને ૮ સિવાયની બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૦-૯-૧૯૬૫ની સભાની બાકીની ભલામણો મંજૂર કરવામાં આવી)

(સદરહુ બોર્ડની તા. ૩૦-૯-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૭૪. ભારત સરકારની પ્રકાશન યોજના હેઠળ આ યુનિવર્સિટીનાં પ્રકાશનો માટે ગ્રાન્ટના સંદર્ભમાં પરિભાષા અંગે ભારત સરકારના તા: ૧-૧૦-૧૯૬૫, પત્રાંક એફ. ૨૦-૧૯-૬૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ભારત સરકારના સદરહુ પત્રના સંદર્ભમાં તેના તા. ૧-૧૦-૧૯૬૫, નં. એફ. ૨૦-૧૯-૧૯૬૩માં જણાવેલ નીચેની શરત નં. જી. ૨૬ કરવા માટે ઘટતો પત્ર લખીને વિનંતી કરવી.

૭૫. તા. ૨૧-૬-૧૯૬૫ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, આવેલ ટેન્ડરો પૈકી પારિજાત પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદના ભાવ સૌથી ઓછા હોઈ નીચેની હસ્તપ્રતો પૈકી તેઓ બે વર્ષમાં જેટલી હસ્તપ્રતોનું મુદ્રણ તથા બાઇન્ડિંગ માટેનું કામ કરી શકે તેમ હોય તેટલી હસ્તપ્રતોના પ્રકાશનનું કામ પ્રૂફ-વાચનનું બે વારનું કામ તેમણે કરાવવાનું રહેશે એ શરત, ટેન્ડરમાં જણાવેલી શરતોમાં ઉમેરીને સોંપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	હસ્તપ્રતોની યાદી
૧.	સમતલ ત્રિકોણમિતિ
૨.	નાણાની રૂપરેખા
૩.	યંત્રશાસ્ત્રના સિદ્ધાંતો
૪.	નાણાકીય સિદ્ધાંતો

ક્રમાંક હસ્તપ્રતોની યાદી

૫. ગોલીય ખગોળવિજ્ઞાન
૬. યુરોપનો ઇતિહાસ
૭. જાહેર આંતરરાષ્ટ્રીય કાયદાનો પરિચય
૮. યામધન ભૂમિતિ
૯. તત્ત્વજ્ઞાનના ઇતિહાસની રૂપરેખા
૧૦. વનસ્પતિ-દેહધર્મવિદ્યા

મૌલિક

૧૧. રૂનું અર્થશાસ્ત્ર
૧૨. શાળા પુસ્તકાલય સંચાલન
૧૩. ઑડિટિંગ
૧૪. પ્રાચીન ભારતીય શિલ્પકળા અને સ્થાપત્ય
૧૫. વૈજ્ઞાનિક પદ્ધતિ
૧૬. વિધિસંઘર્ષ

મહાનિબંધ

૧૭. કલાપી — એક અધ્યયન
૧૮. Structural Temples of Gujarat

લોકભોગ્ય તથા પ્રકીર્ણ

૧૯. The Non-urban Graduates of Gujarat
૨૦. અણુભાષ્ય
૨૧. ગુજરાતને મળેલ શિલ્પસ્થાપત્યનો વારસો.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૬. પ્રાણીવિજ્ઞાન અંગેની પ્રકાશન સલાહકાર સમિતિની ભલામણ મુજબ પ્રકાશન વહીવટી સમિતિની તા. ૨૨-૯-૧૯૬૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"'A Manual of Zoology', Vol. I & II by M. Elcambaranathan પુસ્તકના અનુવાદનું કામ સર્વશ્રી એમ. એસ. દુબલે, ગિરીન્દ્ર ટી. પંડ્યા (ગુજરાત કૉલેજ), એન. એલ. નાયક (જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ) તથા એ. બી. વ્યાસને સંયુક્ત રીતે સોંપવું, તથા આ કામ અંગે મૂળ અંગ્રેજી પુસ્તકના ૩૦૦ શબ્દ દીઠ રૂા. ૬-૦૦ના દરે મહેનતાણું આપવું અને તેની પ્રથમ આવૃત્તિમાં ૧૦૦૦ નકલ છપાવવી.

(નોંધ.—એ ગ્રંથોના અનુવાદનાં પાનાં અંદાજે ૨૩૦૦ જેટલાં થશે. જ્યારે તેનું અંદાજી પ્રકાશન ખર્ચ આશરે રૂા. ૪૮,૦૦૦ થશે. ઉપરાંત મૂળ લેખકને અનુવાદના કામ માટે આપવાની રોયલ્ટી.)"

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પ્રકાશનનું કામ હાલ હાથ ધરવું નહિ.

૭૭. પબ્લિકેશન બોર્ડની તા. ૩૦-૯-૧૯૬૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની તા. ૩૦-૯-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ બોર્ડની તા. ૩૦-૯-૧૯૬૫ની નોંધ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૭૮. ગ્રંથાલય સમિતિની તા. ૬-૮-૧૯૬૫ની સભાના નીચેના ઠરાવની જાણ લેવા બાબત :

"સને ૧૯૬૩-૬૪ અને ૧૯૬૪-૬૫ના વર્ષ દરમિયાન ગ્રંથાલયનાં પુસ્તકોની મેળવણી કરતાં નીચેનાં ૯ પુસ્તકો, જેની કિંમત આશરે રૂા. ૨૩-૫૦ જેટલી થાય છે અને જેને કમી કરવા તથા તેની કિંમત માંડી વાળવા માટે અગાઉ સિન્ડિકેટે ઠરાવો કરેલા છે તે પુસ્તકો મળી આવ્યાં છે તો તે અંગે યોગ્ય કરવા બાબત :

Sr. No.	*Name of the Book*	*Cl. No.*
1.	'Autobiography' by John Stuart Mill	921·92/MILL/4069
2.	'Spiritual Development of the Child'	136·742/BOW/20029
3.	'My Observations on Training'	658·386/DES/47967
4.	'Surrender and Paid-up Policy Values'	368·01/FREE/28799
5.	'Study of the Anistrophy of Cosmic Rays with Narrow Angle Telescopes'	537·53/SAR/18641
6.	'Study of Public Administration'	350·7/WAL/32419
૭.	'સોવિયેત સંઘમેં જનતા ઔર જચ્ચા-બચ્ચાકી સ્વાસ્થ્યરક્ષા'	૬૧૪·૦૯૪૭/કોવરીગિના ૫૨૪૧૮
૮.	'હિન્દુ જાતિ કે સંસ્કાર—વિશેષત: વિવાહ સંસ્કાર'	૨૯૪·૫/કુઆરવી/૧૩૭૭
૯.	'ગ્રંથ અને ગ્રંથકાર' (પુસ્તક ૧૦) (ઈ. સ. ૧૯૪૨થી ૧૯૫૦)	અ૦૧૬·૮૨૦૯/ગુવસો/ ૧૩૩૩૧

ઠરાવ નં. ૬

નોંધ લેવામાં આવે છે અને આ બાબતની સિન્ડિકેટને જાણ કરવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી, અને મળી આવેલ ઉપરનાં નવ પુસ્તકો ગ્રંથાલયમાં જમા લેવા માટે ગ્રંથપાલને જણાવવું.

૭૯. ગ્રંથાલય સમિતિની તા. ૬-૮-૧૯૬૫ની સભાના નીચેના ઠરાવની જાણ લેવા બાબત :

"ગ્રંથાલયના તા. ૧-૪-૧૯૬૪થી તા. ૩૧-૩-૧૯૬૫ સુધીના વાર્ષિક આવક-ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૮૦. ગ્રંથાલય સમિતિની તા. ૬-૮-૧૯૬૫ની સભાના નીચેના ઠરાવની જાણ લેવા બાબત :

"ગ્રંથાલયના ઉપયોગની માહિતી દર્શાવતા ઑક્ટોબર, ૧૯૬૪થી માર્ચ, ૧૯૬૫ સુધીના છ માસિક પત્રકની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૮૧. ગ્રંથાલય સમિતિની તા. ૬-૮-૧૯૬૫ની સભાના નીચેના ઠરાવની જાણ લેવા બાબત :

"તા. ૧-૪-૧૯૬૪થી તા. ૩૧-૩-૧૯૬૫ સુધીના વાર્ષિક અહેવાલની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટને જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

સદરહુ બાબતની ચર્ચા-વિચારણા વખતે ડૉ. ય. ગુ. નાયકનું નીચેનું સૂચન ગ્રંથાલય સમિતિની વિચારણા માટે મોકલવાનું સૂચવવામાં આવ્યું :

"ગ્રંથાલયમાં પુસ્તકો અને સામયિકોની ખરીદી બાબતમાં વિષયવાર ફાળવણી અગાઉથી કરવાનું ધ્યાનીય જણાય છે."

૮૨. યુનિવર્સિટી વિસ્તારનાં બાંધકામો પર દેખરેખ રાખવા માટે નિયુક્ત કરેલ બે વર્ક-આસિસ્ટન્ટોની કામચલાઉ જગ્યાની મુદત તા. ૩૧-૧૨-૧૯૬૫ના રોજ પૂરી થતી હોઈ તે વધુ બે વર્ષ માટે લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બે જગ્યાઓની મુદત તા. ૩૧-૧૨-૧૯૬૬ સુધી, એટલે કે એક વર્ષ સુધી હાલ લંબાવવી.

૮૩. ઝૂલેજીના મકાનના બાંધકામના કૉન્ટ્રાક્ટર મેસર્સ એચ. કે. કન્સ્ટ્રક્શન કંપની સાથે કરારનામું કરવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ સદરહુ મુસદ્દાની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૮૪. અતિથિગૃહના બાંધકામના કૉન્ટ્રાક્ટર પ્રફુલ્લ કન્સ્ટ્રક્શન કંપની સાથે કરારનામું કરવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ સદરહુ મુસદ્દાની નકલ પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.)

૮૫. બાંધકામ સમિતિની તા. ૧૮-૧૦-૧૯૬૫ના રોજ મળેલી સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૮-૧૦-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૮-૧૦-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ "૯" તરીકે સામેલ છે.)

૮૬. "સ્કીમ ઑફ પ્રમોશન ઑફ ધી સ્ટડી ઑફ શ્રી. જવાહરલાલ નેહરુ ટીચિંગ્સ" પરત્વે ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના તા. ૧-૧૦-૧૯૬૫ના પત્રાંક એફ-૩-૧-૬૪યુ-૫ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યાખ્યાનમાળાની યોજના સ્વીકારવી અને તે માટે ભારત સરકારને નીચેના વ્યાખ્યાતાઓનાં નામ સૂચવવાં :

૧. શ્રી. શ્રીપ્રકાશ
૨. ડૉ. વી. કે. કૃષ્ણમેનન
૩. શ્રી. ફ્રેન્ક મોરાએસ
૪. પ્રો. રામજ્યેશી
૫. શ્રી. વાડીલાલ ડગલી (ગુજરાતી વ્યાખ્યાન માટે).

૮૭. ઇન્ડિયન કાઉન્સિલ ઑફ કલ્ચરલ રિલેશન્સ, ન્યૂ દિલ્હીના આશ્રયે આ યુનિવર્સિટીમાં પરદેશી વિદ્યાર્થીઓ માટે હિન્દીના વર્ગોનું સંચાલન કરવા માટે ડૉ. એ. એસ. નાગર, હિન્દીના રીડર, ભાષા-સાહિત્ય ભવનને પરવાનગી આપવા બાબત.

(નોંધ.—ઉપરોક્ત કામ માટે તેમને માસિક રૂપિયા એકસોનું માનદ વેતન કાઉન્સિલ તરફથી મળશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વર્ગોના સંચાલન માટે ડૉ. એ. એમ. નાગરને ઇન્ડિયન કાઉન્સિલ ઑફ કલ્ચરલ રિલેશન્સ તરફથી માસિક રૂા. ૧૦૦-૦૦નું માનદ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૮૮. ભારત સરકારના શિક્ષણ ખાતાના ઉપક્રમે યોજાયેલા સ્ટુડન્ટ્સ એડવાઇઝરી બ્યૂરોના મંત્રીઓનો કલકત્તા ખાતે તા. ૮થી ૧૩ ફેબ્રુઆરી ૧૯૬૫ દરમિયાન મળેલ પ્રથમ રાષ્ટ્રીય પરિસંવાદની ભલામણોને અનુલક્ષીને પ્રસ્તાવ તૈયાર કરવા અંગે આપણી યુનિવર્સિટીના ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરોએ તેની તા. ૨૭-૯-૧૯૬૫ની સભામાં કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ભલામણ

"સદરહુ પ્રસ્તાવમાં સ્ટુડન્ટ્સ એડવાઇઝરી બ્યૂરોના ડિરેક્ટરની જગ્યાનો સમાવેશ કરીને તે સિન્ડિકેટની વિચારણા માટે મોકલવી"

[નોંધ.—(૧) ડિરેક્ટરની જગ્યા પ્રોફેસરની કે રીડર કક્ષાની રાખવી તે બાબત સિન્ડિકેટ નક્કી કરશે.

(૨) આ બાબતમાં બીજી યુનિવર્સિટીઓએ શાં પગલાં લીધાં છે તે પણ પુછાવવું એવું ઠરાવવામાં આવ્યું.]

આથી ઠરાવવામાં આવે છે કે, (૧) ફોરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરોએ ભલામણ કરેલી યોજનામાં ડિરેક્ટરની જગ્યાએ રીડર કક્ષાની વ્યક્તિ મૂકવી યોગ્ય જણાય છે અને તેની તે પ્રમાણે યોજના અને અંદાજી ખર્ચમાં ઘટતો ફેરફાર કરીને સદરહુ યોજના ભારત સરકારને મોકલી આપવી.

(૨) સદરહુ બાબતના સંદર્ભમાં ઇન્ડિયન કાઉન્સિલ ઑફ કલ્ચરલ રિલેશન્સ તરફથી પ્રાપ્ત થયેલ ત્રીજા પરિસંવાદની ભલામણો અંગે વિચારવામાં આવ્યું અને ઠરાવવામાં આવ્યું કે, સદરહુ બાબત અંગે ઉપર નં. ૧માં જણાવેલી યોજના અમલમાં આવ્યેથી આગળ વિચારવાનું રાખવું.

૮૯. **સેનેટે તેની તા. ૧૫/૧૬-૧૦-૧૯૬૫ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ નીચેના ઑર્ડિનન્સો ઉપર વિચારણા કરવા બાબત :**

ઑર્ડિ. આર્ટ્સ-૬, ઑર્ડિ. એકસ. આર્ટ્સ-૬, ઑર્ડિ. ૬૫-એફ(એફ)(૪), ઑર્ડિ. ૬૫-એમ (વી) (૫), ઑર્ડિ. ૭૫ (૧), ઑર્ડિ. ૭૮, ઑર્ડિ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ, ઑર્ડિ. ૧૨૦-એ તથા ઑર્ડિ. ૧૩૫-એ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૦. **૧૯૬૪-૬૫ના વર્ષનો ૧૫મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા અંગેની સમિતિની નિમણૂક કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૧. **સને ૧૯૬૬-૬૭નું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૨. **ડિસેંબર ૧૯૬૫માં લેવાનાર સેકન્ડ બી.એસસી.ની પરીક્ષા માટે અને જાન્યુઆરી ૧૯૬૬માં લેવાનાર ત્રીજી એમ.બી.,બી.એસ. અને જુનિયર-સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની પરીક્ષા માટે, પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષા માટે પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂક અંગે પરીક્ષા સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણો આ નોંધ સાથે સામેલ કરવામાં આવી નથી.)

૯૩. **નીચેના વિદ્યાર્થીના મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્ય હોવાથી તેમને ઉત્તીર્ણ જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :**

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
શ્રી. એમ. વી. જોશી	સંસ્કૃત	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૯૪. **વિજ્ઞાનવિદ્યા ભવનના, રીડર-ઇન-કેમિસ્ટ્રી ડૉ. કે. એ. ઠાકરની "Studies on optical activity and reaction mechanism" અંગેની સંશોધન યોજના માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તા. ૨૧-૧૦-૧૯૬૫ના પત્રાંક એફ. ૧૪-૫૭૯-૬૫ (એસ.એફ.)થી રૂા. ૧,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા તથા તે અંગે જરૂરી ખર્ચ કરવા માટેની સત્તા આપવા વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી અને તે અંગે યુનિવર્સિટીનાં ધારા-ધોરણ અનુસાર ખર્ચ મંજૂર કરવાની કારવાઈ કરવાનું રાખવું.

૯૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેમના તા. ૨૧-૧૦-૧૯૬૫ના પત્રાંક એફ. ૭૨-૧૬/૬૧ (જી)થી રૂા. ૩,૦૨૭-૬૦ પૈસાની સને ૧૯૬૫-૬૬ના વર્ષ માટે ટ્રાવેલ ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૯૬. વિજ્ઞાન વિદ્યાભવનના, લેક્ચરર-ઇન-કેમિસ્ટ્રી ડૉ. આઈ. જી. વકીની "Study of reaction mechanism using optically active Esters" અંગેની સંશોધન યોજના માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તા. ૨૧-૧૦-૧૯૬૫ના પત્રાંક એફ. ૧૪-૫૮૦-૬૫ (એસ.એફ)થી રૂા. ૫૦૦ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા તથા તે અંગે જરૂરી ખર્ચ કરવા માટેની સત્તા આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી અને તે અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ખર્ચ મંજૂર કરવાની કારવાઈ કરવાનું રાખવું.

૯૭. સોમનાથ કૉલેજ, વેરાવળમાં અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે નીમવામાં આવેલા શ્રી. કે. એલ. ત્રિવેદીની એક વર્ષની શૈક્ષણિક અનુભવની ઊણપ માફ કરીને કાર્ય કરવાની પરવાનગી આપવા અંગે આવેલ આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—શ્રી. ત્રિવેદી બી.એ.ની પદવી દ્વિતીય વર્ગમાં અર્થશાસ્ત્ર (મુખ્ય) અને ભૂગોળ (ગૌણ) વિષય સાથે ધરાવે છે, અને એમ.એ.ની પદવી પાસ વર્ગમાં ઇતિહાસ અને અર્થશાસ્ત્ર સાથે ધરાવે છે, તથા એક વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. એલ. ત્રિવેદીને ફક્ત ચાલુ વર્ષ દરમિયાન અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કામ કરવા માટે પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૯૮. એમ.એ.માં સંપૂર્ણ તત્ત્વજ્ઞાનનો વિષય લઈને દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થનાર, ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ઉપલેટામાં માનસશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતા શ્રી. એચ. ડી. હીરાણીને મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરવાની ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી પરવાનગી આપવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. હીરાણીએ તત્ત્વજ્ઞાનના વિષય સાથે એમ.એ.ની પરીક્ષા ૧૯૬૪માં પાસ કરી છે.
(૨) એફ.વાય.બી.એ. સુધી મનોવિજ્ઞાનનો વિષય શીખવવાના પ્રસ્તાવથી આચાર્યશ્રી પરવાનગી માગે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી [illegible] કરવી નહિ.

૯૯. પેટલાદ કૉલેજ, પેટલાદની જૂન ૧૯૬૬થી ચાલુ તથા વધારાનું જોડાણ મેળવવા માટે આવેલ જોડાણઅરજી ઑર્ડિ. ૧૨૦ પ્રમાણે સમય બહાર હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજની ફક્ત ચાલુ જોડાણ માટેની અરજી, અને તે પણ અપવાદ તરીકે, લક્ષમાં લેવી અને તે માટે સ્થાનિક તપાસસમિતિ નીમવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

૧૦૦. સેનેટના અમુક સભ્યોને જે તે વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૧. સેનેટના નીચેના સભ્યોને, ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૧૧-૧૯૬૫ની ભલામણ અનુસાર, તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાનું સભ્યપદ આપવા તથા કોઈ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા વિચારણા કરવા બાબત:

ક્રમાંક	સભ્યનું નામ	ઍકેડેમિક કાઉન્સિલે ભલામણ કરેલ વિદ્યાશાખા	છેલ્લી પરીક્ષા	ઇચ્છિત અભ્યાસ-સમિતિઓ
૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	બી.એ.,બી.ટી., ટી.ડી. (લંડન)	૧. એજ્યુકેશન ૨. સાયકોલોજી
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	એમ.એ., એલએલ.બી.	૧. અંગ્રેજી ૨. ગુજરાતી
૩.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	એમ.એ.,બી.ટી.	૧. એજ્યુકેશન ૨. સાયકોલોજી
૪.	શ્રી. ત્રિભુવનદાસ ભીખાભાઈ પટેલ	તબીબી વિદ્યાશાખા	એમ.બી.,બી.એસ., ડી.એફ.એચ., બી.એસસી., બી.એચ.વાય.	૧. મેડિસિન ૨. પ્રી-ક્લિનિકલ સબ્જેક્ટ્સ
૫.	શ્રી. કાન્તિલાલ માણેકલાલ કાંટાવાળા	એન્જિનિયરિંગ સહિત ટેકનોલોજીની વિદ્યાશાખા	બી.ઈ. (સિવિલ)	૧. સિવિલ એન્જિનિયરિંગ ૨. મિકેનિકલ એન્જિનિયરિંગ
૬.	શ્રી. ચૂનીભાઈ ગણેશદાસ પટેલ	શિક્ષણ સહિત વિનયનની	બી.એ.	૧. ગુજરાતી ૨. ફિઝિકલ એજ્યુકેશન

[redacted]

ક્રમાંક	સભ્યનું નામ	અૅકેડેમિક કાઉન્સિલે ભલામણ કરેલ વિદ્યાશાખા	છેલ્લી પરીક્ષા	ધરાવતા અભ્યાસ-સમિતિઓ
૭.	શ્રી. મફતલાલ શંકરદાસ પટેલ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	બી.એ.,બી.એડ.	૧. સંસ્કૃત ૨. એજ્યુકેશન
૮.	શ્રી. એસ. એમ. ઠક્કર	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	બી.એ.,એસ.ટી.સી., ટી.ડી.	૧. એજ્યુકેશન ૨. પોલિટિકલ સાયન્સ
૯.	શ્રી. વિજયશંકર પ્રાણશંકર મહેતા	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	બી.એ.,બી.ટી., એમ.ઓડ., એલએલ.બી.	૧. સંસ્કૃત ૨. એજ્યુકેશન
૧૦.	શ્રી. ચિમનલાલ ચંદુલાલ દેસાઈ	કાયદાની વિદ્યાશાખા	એડવોકેટ	૧. બોર્ડ ઓફ સ્ટડીઝ ઇન કાઇમ, લૉ ઓફ ઓબ્લિગેશન વિ. ૨. લૉ ઓફ પ્રોપર્ટી, પર્સનલ લૉઝ એન્ડ ટેક્સેશન લૉઝ વિ.
૧૧.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	કાયદાની વિદ્યાશાખા	એલએલ.બી.	—
૧૨.	શ્રી. વિનોદચંદ્ર ચુનીલાલ શાહ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	એમ.એ., એલએલ.બી.	૧. ઇકોનોમિક્સ ૨. કો-ઓપરેશન
૧૩.	શ્રી. ડોલરરાય રંગીલદાસ માંકડ	,,	એમ.એ.	૧. સંસ્કૃત ૨. ઓન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર
૧૪.	શ્રી. એસ. ઈ. યુનિયા	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	એમ.એ., ઉર્દૂ અને અંગ્રેજી	૧. અંગ્રેજી ૨. પર્શિયન-ઉર્દૂ
૧૫.	શ્રી. નાનુભાઈ રણછોડજી દેસાઈ	તબીબી	એમ.બી.,બી.એસ., એફ.આર.સી.એસ.,	૧. ક્લિનિકલ સબ્જેક્ટ્સ ૨. ઓન્ટલ સર્જરી
૧૬.	ડૉ. લીલા શાહ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	પીએચ.ડી.	૧. ગૃહવિજ્ઞાન ૨. માનસશાસ્ત્ર

ક્રમાંક	સભ્યનું નામ	ફૉર્ટ ડેમિક કાઉન્સિલે ભલામણ કરેલ વિદ્યાશાખા	છેલ્લી પરીક્ષા	ધરાવતા અભ્યાસ-સમિતિઓ
૧૭.	પ્રો. વી. જે. ત્રિવેદી	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	એમ.એ.	૧. અંગ્રેજી ૨. પત્રકારત્વ
૧૮.	ડૉ. સી. એસ. નાયક	તબીબી	એફ.એ.સી.સી., કાર્ડિયોલોજી	૧. પ્રી-ક્લિનિકલ સબ્જેક્ટ્સ ૨. ક્લિનિકલ સબ્જેક્ટ્સ
૧૯.	શ્રી. ટી. એ. દેસાઈ	ટેકનોલોજી ઇન્કલ્યુડિંગ એન્જિનિયરિંગ	બી.એસસી.	૧. મિકેનિકલ એન્જિનિયરિંગ ૨. ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ
૨૦.	શ્રી. બી. પી. શાહ	કાયદાની વિદ્યાશાખા	બી.એ.,એલએલ.બી.	૧. જ્યુરિસપ્રુડન્સ, ઇન્ટરનેશનલ લૉ વગેરે ૨. લૉ ઑફ પ્રોપર્ટી વગેરે
૨૧.	શ્રી. આર. વી. શાહ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	બી.એ.,બી.એડ.	૧. એજ્યુકેશન ૨. ગુજરાતી
૨૨.	શ્રી. શ્રીકાન્ત એમ. અમીન	વિજ્ઞાનની વિદ્યાશાખા	બી.એસસી., બી.ટી.	૧. ગણિતશાસ્ત્ર ૨. એજ્યુકેશન
૨૩.	ડૉ. વી. એન. ત્રિપાઠી	તબીબી વિદ્યાશાખા	એમ.બી.,બી.એસ.	૧. મેડિસિન ઇન્કલુડિંગ પ્રિવેન્ટિવ મેડિસિન વિ. ૨. ડેન્ટલ સર્જરી
૨૪.	ડૉ. એન. એચ. દેસાઈ	,,	એમ.આર.સી.આર.	૧. ક્લિનિકલ સબ્જેક્ટ્સ વિ. ૨. પ્રી-ક્લિનિકલ સબ્જેક્ટ્સ વિ.
૨૫.	જસ્ટીસ શ્રી. પી. એન. ભગવતી	ધારાશાસ્ત્રની વિદ્યાશાખા	બી.એ., એલએલ.બી.	૧. જ્યુરિસપ્રુડન્સ વિ. ૨. લૉ ઑફ પ્રોપર્ટી વિ.
૨૬.	શ્રી. વી. બી. શાસ્ત્રી	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	બી.એ., એલએલ.બી.	—

ક્રમાંક	સભ્યનું નામ	ઍકેડેમિક કાઉન્સિલે જાહેરાત કરેલ વિદ્યાશાખા	ઉચ્ચતમ પરીક્ષા	અભ્યાસ-સમિતિઓ
૨૭.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	સમાજવિદ્યાવિશારદ	૧. ઇતિહાસ ૨. એજ્યુકેશન
૨૮.	શ્રી. એલ. વી. ત્રિવેદી	,,	બી.એ.	૧. કો-ઓપરેશન ૨. ભૂગોળ
૨૯.	શ્રી. વી. એચ. ભાગ્યેાત	,,	બી.એ., બી.ટી.	૧. શિક્ષણ ૨. માનસશાસ્ત્ર
૩૦.	શ્રી. એમ. એન. ઠક્કર	,,	બી.એ., બી.ટી.	૧. અંગ્રેજી ૨. શિક્ષણ
૩૧.	શ્રી. એમ. ટી. શુકલ	વાણિજ્યની વિદ્યાશાખા	એમ.એ., બી.ટી.	૧. લેબર વેલ્ફેર ૨. કો-ઓપરેશન
૩૨.	શ્રી. જે. ઇ. મોદી	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા	બી.એ., એલએલ.બી.	૧. એજ્યુકેશન ૨. ફિઝિકલ એજ્યુકેશન
૩૩.	શ્રી. એસ. કે. શેઠ	વાણિજ્યની વિદ્યાશાખા	એમ.બી.એ.	૧. કોમર્સ ૨. એકાઉન્ટિંગ

નીચેના સભ્યો તરફથી અભ્યાસસમિતિઓની પસંદગી અંગે કોઈ માહિતી આવી નથી :

ક્રમાંક	સભ્યનું નામ	ઍકેડેમિક કાઉન્સિલે જાહેરાત કરેલ વિદ્યાશાખા
૧.	શ્રી. એચ. વી. દિવેટિયા	કાયદાની વિદ્યાશાખા
૨.	શ્રી. ભગનભાઈ દેસાઈ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૩.	શ્રી. જે. એમ. શેલત	કાયદાની વિદ્યાશાખા
૪.	શ્રીમતી ઇન્દુમતી ચિમનલાલ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૫.	શ્રી. ચતુરભાઈ એસ. પટેલ	વિજ્ઞાનની વિદ્યાશાખા
૬.	શ્રી. જી. એ. પટેલ, એમ.એસ., પીએચ.ડી.	એગ્રિકલ્ચરની વિદ્યાશાખા
૭.	શ્રી. એસ. એમ. ઘોષ, આઈ.એ.એસ.	વાણિજ્યની વિદ્યાશાખા

ક્રમાંક	સભ્યનું નામ	ઍકેડેમિક કાઉન્સિલે ભલામણ કરેલ વિદ્યાશાખા
૮.	શ્રી. આર. ડી. જોશી, બી.એસસી., એ.આઈ.એફ.સી.	એગ્રિકલ્ચરની વિદ્યાશાખા
૯.	શ્રી. ટી. એમ. દેસાઈ,	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૦.	શ્રી. ડી. એસ. પરીખ, એમ.એ., બી.ટી.	,, ,,
૧૧.	શ્રી. બી. જે. નાયક, એમ.એ., બી.ટી.	,, ,,
૧૨.	શ્રી. સી. એમ. ભટ્ટ	,, ,,
૧૩.	શ્રી. બી. એ. બ્લ્યૂ	,, ,,
૧૪.	શ્રીમતી એમ. જે. દવે	,, ,,
૧૫.	શ્રી. જે. સી. પટેલ, બી.એ., એલએલ.બી.	કાયદાની વિદ્યાશાખા
૧૬.	શ્રી. બી. પી. વૈદ્ય, બી.એ.	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૭.	શ્રી. એન. એસ. શોધન, બી.એ.	વાણિજ્યની વિદ્યાશાખા
૧૮.	શ્રી. કસ્તૂરભાઈ શેઠ	,, ,,
૧૯.	શ્રી. આર. ટી. લેઉઆ, બી.એસસી., એલએલ.બી.	કાયદાની વિદ્યાશાખા
૨૦.	શ્રી. જી. સી. ઓઝા, (એમ.પી.) બી.એ., એલએલ.બી.	કાયદાની વિદ્યાશાખા
૨૧.	શ્રી. અમૃતલાલ એચ. શેઠ, બી.એ., એલએલ.બી.	વાણિજ્યની વિદ્યાશાખા
૨૨.	શ્રી. એસ. આર. વસાવડા, એમ.એ.	શિક્ષણ સહિતની વિનયનની વિદ્યાશાખા
૨૩.	શ્રીમતી કમલિની સારાભાઈ	શિક્ષણ સહિતની વિનયનની વિદ્યાશાખા
૨૪.	શ્રી. આઈ. એ. શાહ	વાણિજ્યની વિદ્યાશાખા
૨૫.	શ્રી. બી. કે. મજુમદાર, એમ.એ., બી.કૉમ. (લંડન)	શિક્ષણ સહિતની વિનયનની વિદ્યાશાખા
૨૬.	શ્રી. એ. એન. શેઠ, બી.એસસી.	વિજ્ઞાનની વિદ્યાશાખા

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના નીચે જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાનું સભ્યપદ આપવું, અને તેમને અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા અંગેની બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમિયાન સદરહુ સભ્યોને ઉપર મુજબ ફેકલ્ટીઓનું જે સભ્યપદ આપવામાં આવ્યું છે, તેની જાણ કરીને તેમની અભ્યાસસમિતિની પસંદગી માટે નવેસરથી પુછાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરના સભ્યોને વિદ્યાશાખાનું સભ્યપદ આપવાની બાબતમાં ફેરફાર કરવાની જરૂર ઉપકુલપતિશ્રીને જણાય તો તે કરવા માટેની સત્તા તેઓશ્રીને આપવી.

(નોંધ.—શ્રી. વી. બી. શાસ્ત્રીને વિદ્યાશાખાનું સભ્યપદ નિર્ણયાત્મક રીતે આપતાં પહેલાં તેમને વિનયન કે વાણિજ્યની વિદ્યાશાખાનું સભ્યપદ જોઈએ છે તે બાબતમાં સભાગૃહમાં થયેલી ચર્ચાને અનુલક્ષીને તેમને પત્ર લખીને પુછાવવા માટે કાર્યાલયને સૂચન કરવામાં આવ્યું હતું.)

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા
૧.	શ્રી. લાલભાઈ આર. દેસાઈ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૨.	શ્રી. કંચનલાલ ચંદુલાલ પરીખ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૩.	શ્રી. ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪.	શ્રી. ત્રિભુવનદાસ ભીખાભાઈ પટેલ	તબીબી વિદ્યાશાખા
૫.	શ્રી. કાન્તિલાલ માણેકલાલ કાંટાવાળા	એન્જિનિયરિંગ સહિત ટેકનોલોજીની વિદ્યાશાખા
૬.	શ્રી. ચૂનીભાઈ ગણેશદાસ પટેલ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૭.	શ્રી. મફતલાલ શંકરદાસ પટેલ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૮.	શ્રી. એસ. એમ. ઠક્કર	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૯.	શ્રી. વિજયશંકર પ્રાણશંકર મહેતા	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૦.	શ્રી. ચિમનલાલ ચંદુલાલ દેસાઈ	કાયદાની વિદ્યાશાખા
૧૧.	શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરી	કાયદાની વિદ્યાશાખા
૧૨.	શ્રી. વિનોદચંદ્ર ચૂનીલાલ શાહ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૩.	શ્રી. ડોલરરાય રંગીલદાસ માંકડ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૪.	શ્રી. એસ. ઈ. યુનિયા	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૫.	શ્રી. નાનુભાઈ રણછોડજી દેસાઈ	તબીબી વિદ્યાશાખા
૧૬.	પ્રો. લીલા શાહ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૭.	પ્રો. વી. જે. ત્રિવેદી	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૧૮.	ડૉ. સી. એચ. નાયક	તબીબી વિદ્યાશાખા
૧૯.	શ્રી. ટી. એ. દેસાઈ	એન્જિનિયરિંગ સહિતની ટેકનોલોજીની વિદ્યાશાખા
૨૦.	શ્રી. બી. પી. શાહ	કાયદાની વિદ્યાશાખા
૨૧.	શ્રી. આર. વી. શાહ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૨૨.	શ્રી. શ્રીકાન્ત એમ. અમીન	વિજ્ઞાનની વિદ્યાશાખા
૨૩.	ડૉ. વી. એન. ત્રિપાઠી	તબીબી વિદ્યાશાખા
૨૪.	ડૉ. એન. એચ. દેસાઈ	તબીબી વિદ્યાશાખા
૨૫.	શ્રી. પી. એન. ભગવતી	કાયદાની વિદ્યાશાખા
૨૬.	શ્રી. વી. બી. શાસ્ત્રી	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૨૭.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૨૮.	શ્રી. એલ. વી. ત્રિવેદી	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૨૯.	શ્રી. વી. એચ. ભાણોત	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા

ક્રમાંક	સભ્યનું નામ	વિદ્યાશાખા
૩૦.	શ્રી. એમ. એન. ઠક્કર	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૩૧.	શ્રી. એમ. ડી. શુક્લ	વાણિજ્યની વિદ્યાશાખા
૩૨.	શ્રી. જે. કે. મોદી	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૩૩.	શ્રી. એસ. કે. શેઠ	વાણિજ્યની વિદ્યાશાખા
૩૪.	શ્રી. એચ. વી. દિવેટિયા	કાયદાની વિદ્યાશાખા
૩૫.	શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૩૬.	શ્રી. જે. એમ. શેલત	કાયદાની વિદ્યાશાખા
૩૭.	શ્રીમતી ઇન્દુમતી ચિમનલાલ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૩૮.	શ્રી. ચતુરભાઈ એસ. પટેલ	વિજ્ઞાનની વિદ્યાશાખા
૩૯.	શ્રી. જી. એ. પટેલ	એગ્રિકલ્ચરની વિદ્યાશાખા
૪૦.	શ્રી. એસ. એમ. ઘોષ	વાણિજ્યની વિદ્યાશાખા
૪૧.	શ્રી. આર. ડી. જોશી	એગ્રિકલ્ચરની વિદ્યાશાખા
૪૨.	શ્રી. ટી. એમ. દેસાઈ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪૩.	શ્રી. ડી. એસ. પરીખ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪૪.	શ્રી. બી. જે. નાયક	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪૫.	શ્રી. સી. એમ. ભટ્ટ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪૬.	શ્રી. બી. એ. બ્લ્યૂ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪૭.	શ્રીમતી એમ. જે. દવે	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૪૮.	શ્રી. જે. સી. પટેલ	કાયદાની વિદ્યાશાખા
૪૯.	શ્રી. બી. પી. વૈદ્ય	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૫૦.	શ્રી. એન. એસ. શોધન	વાણિજ્યની વિદ્યાશાખા
૫૧.	શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ શેઠ	વાણિજ્યની વિદ્યાશાખા
૫૨.	શ્રી. આર. ટી. લેઉઆ	કાયદાની વિદ્યાશાખા
૫૩.	શ્રી. જી. સી. ઓઝા	કાયદાની વિદ્યાશાખા
૫૪.	શ્રી. અમૃતલાલ એચ શેઠ	વાણિજ્યની વિદ્યાશાખા
૫૫.	શ્રી. એસ. આર. વસાવડા	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૫૬.	શ્રીમતી કમલિની સારાભાઈ	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૫૭.	શ્રી. આઈ. એ. શાહ	વાણિજ્યની વિદ્યાશાખા
૫૮.	શ્રી. એ. એન. શેઠ	વિજ્ઞાનની વિદ્યાશાખા
૫૯.	શ્રી. બી. કે. મજુમદાર	શિક્ષણ સહિત વિનયનની વિદ્યાશાખા
૬૦.	ડૉ. નિત્યાનંદ કાનુન્ગો	કુલપતિશ્રી નિત્યાનન્દ કાનુન્ગોને વિદ્યાશાખાનું સભ્યપદ આપવા બાબતમાં તેઓશ્રીને ઉપકુલપતિશ્રીએ ઘટતો પત્ર લખીને તેમની ઇચ્છા જાણીને ઘટતું કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૨. નવા ત્રિવાર્ષિક અભ્યાસક્રમ પ્રમાણે ઉપલા ધોરણમાં સત્રો ભરવાનો લાભ આપવાની જોગવાઈ જે તે પરીક્ષાઓમાં અલગ અલગ હોઈ ઓ. ૧૨૭નો પાઠ સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૬-૧૦-૧૯૬૫ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૨૭માં એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ અનુસાર સુધારો કરવો, અને સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

(સુધારેલા ઑર્ડિ. ૧૨૭ની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૧૦૩. એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૧૦-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. આર્ટ્સ-૧-એ, ઑર્ડિ. સાયન્સ-૫-એ તથા ઑર્ડિ. કૉમ.-૧-એ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. આર્ટ્સ-૧-એ, ઑર્ડિ. સાયન્સ-૫-એ તથા ઑર્ડિ. કૉમ.-૧-એ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલ ઑર્ડિ. આર્ટ્સ-૧-એ, ઑર્ડિ. સાયન્સ-૫-એ તથા ઑર્ડિ. કૉમ.-૧-એની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૧૦૪. દ્વિતીય વર્ષ બી.એસ.સી.ના અભ્યાસક્રમમાં ચાલુ વર્ષે કરવામાં આવેલા ફેરફારને લઈને ઊભા થતા આનુષંગિક પ્રશ્નો પર વિચારણા કરવા વિજ્ઞાનની વિદ્યાશાખાએ નીમેલ સમિતિની તા. ૨૯-૯-૧૯૬૫ના રોજ મળેલ સભાની ભલામણ. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૬/૭-૧૦-૧૯૬૫ની સભાએ મંજૂર કરેલ હોઈ તે ભલામણ અનુસાર ઑર્ડિ. સાયન્સ-૫, રેગ્યુ. સાયન્સ-૭, રેગ્યુ. સાયન્સ-૧૧, રેગ્યુ. સાયન્સ-૧૨, રેગ્યુ. સાયન્સ-૧૩ અને રેગ્યુ. સાયન્સ-૧૪ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. સાયન્સ-૫, રેગ્યુ. સાયન્સ-૭, રેગ્યુ. સાયન્સ-૧૧, રેગ્યુ. સાયન્સ-૧૨, રેગ્યુ. સાયન્સ-૧૩ અને રેગ્યુ. સાયન્સ-૧૪ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ-૫, રેગ્યુ. સાયન્સ-૭, રેગ્યુ. સાયન્સ-૧૧, રેગ્યુ. સાયન્સ-૧૨, રેગ્યુ. સાયન્સ-૧૩ અને રેગ્યુ. સાયન્સ-૧૪ની નકલ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૧૦૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૧૦-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર રેગ્યુ. આર્ટ્સ-૧૩, રેગ્યુ. સાયન્સ-૧૫ તથા રેગ્યુ. કૉમ.-૧૪ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. આર્ટ્સ-૧૩, રેગ્યુ. સાયન્સ-૧૫, તથા રેગ્યુ. કૉમ.-૧૪ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૧૩, રેગ્યુ. સાયન્સ-૧૫, તથા રેગ્યુ. કૉમ.-૧૪ની નકલ પરિશિષ્ટ "દ" તરીકે સામેલ છે.)

૧૦૬. એકેડેમિક કાઉન્સિલની તા. ૬/૭-૧૦-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર રેગ્યુ. ૧૮૫ તથા રેગ્યુ. ૧૮૮ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. ૧૮૫ તથા રેગ્યુ. ૧૮૮ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુ. ૧૮૫ તથા રેગ્યુ. ૧૮૮ની નકલ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે.)

૧૦૭. સિન્ડિકેટે તેની તા. ૧૬-૧૧-૧૯૬૩ની સભામાં ત્રિવાર્ષિક અભ્યાસક્રમની પરીક્ષાઓમાં આંતરિક ગુણાંકનની પદ્ધતિ અંગે મંજૂર કરેલા નિયમો અનુસાર ઍકેડેમિક કાઉન્સિલે ઘડેલા રેગ્યુલેશનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૮. લાઇબ્રેરી સાયન્સની પરીક્ષામાં પાસ થવા માટેનાં ધોરણ અંગે ઍકેડેમિક કાઉન્સિલે સુધારેલા નીચેના રે. ૨૫૬-એ, ૨૫૬-બી અને ૨૫૬-સી પર વિચારણા કરવા બાબત:

R. 256-A :

The examination shall consist of the following six subjects:

(1) (*i*) Library Classification (Theory)	:	One paper, 3 hours, 100 marks
(*ii*) Library Classification (Pract.)	:	Practicals, 3 hours, 100 marks
(2) (*i*) Library Catalogue (Theory)	:	One paper, 3 hours, 100 marks
(*ii*) Library Catalogue (Pract.)	:	Practicals, 3 hours, 100 marks
(3) Reference Service	:	One paper, 3 hours, 100 marks
(4) Book Selections and Bibliography	:	One paper, 3 hours, 100 marks
(5) History and Organisation of Library Services	:	One paper, 3 hours, 100 marks
(6) Library Administration	:	(*a*) One paper, 3 hours, 80 marks
		(*b*) Internal assessment by the Teaching Institution of the study tour work to be presented by the candidate in the form of a report containing his notes, observations and remarks about the institution visited during the study tour ..... 30 marks.

R. 256-B :

To pass the examination, a candidate must obtain at least 36 per cent of the marks in Theory and in Practicals separately, if any, and must obtain at least 48 per cent marks in the total marks obtainable. Those of the successful candidates who obtain 60 per cent or more of the total marks obtainable will be placed in the First Class and those who obtain 48 per cent and more but less than 60 per cent of the total marks obtainable will be placed in the Second Class.

R. 256-C :

A candidate who fails at the examination but obtains at least 50 per cent of the total marks obtainable in a subject will, at his option, be exempted from appearing in the subject at a subsequent examination and will be declared to have passed the examination if he secures 40 per cent marks in the aggregate of the remaining subjects provided he secures at least 33 per cent marks in each head of passing. Candidates passing the examination in this manner will not be eligible for a class, prize, scholarship, etc., to be awarded at the examination.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. ૨૫૬-એ, ૨૫૬-બી અને ૨૫૬-સી, ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

૧૦૯. તા. ૨૭-૮-૧૯૬૪ની સિન્ડિકેટના ઠરાવને અનુલક્ષીને આપવામાં આવતો રૂા. ૧૦૦નો યુનિવર્સિટી પુરસ્કાર જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ અને સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની પરીક્ષાઓમાં આપવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષા માટે પુરસ્કાર આપવાનું રાખવું નહિ.

૧૧૦. એસ.વાય.બી.એ.ની મનોવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષામાં જુદા જુદા વિષયો માટે તથા એસ.વાય.બી.એસસી.ની આંકડાશાસ્ત્રના વિષયની પ્રાયોગિક પરીક્ષામાં કેટલો સ્ટાફ રોકવો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૧. રેસિડેન્ટ પ્રોફેસરના રહેઠાણ માટેના બાંધકામ માટે કન્સલ્ટિંગ ઇજનેર નીમવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત, બાબત ક્રમાંક ૧૩૩માં જણાવેલ બાંધકામ સમિતિની ભલામણ તરીકે મંજૂર કરવામાં આવેલ હોઈ, તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહિ.

૧૧૨. "શ્રી. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા" (તૃતીય શ્રેણી) અંગેનાં સને ૧૯૬૫-૬૬ના વર્ષમાં યોજનાર વ્યાખ્યાનો માટેનો વિષય તથા તે અંગેનું સ્થળ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યાખ્યાનમાળા ચાલુ વર્ષ દરમિયાન નડિયાદ ખાતે યોજવાનું રાખવું, અને તે માટે વ્યાખ્યાતા સાથે પત્રવ્યવહાર કરીને વિષય નક્કી કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧૩. વિજ્ઞાન વિદ્યાભવનના રીડર ડૉ. કે. એમ. કોગ્રડિયાને પશ્ચિમ જર્મની જવા માટે આપેલ એક વર્ષની અભ્યાસ-રજા દરમિયાન તેઓએ કરેલા કામનો રિપોર્ટ (જાણ માટે).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ રિપોર્ટની નોંધ લેવી.

૧૧૪. સિન્ડિકેટની તા. ૯-૧૦-૧૯૬૫ની સભામાં થયેલા ઠરાવ પ્રમાણે ભૌતિક વિજ્ઞાનના પ્રોફેસરની જગ્યા પર ડૉ. સી. એસ. વેન્કટેશ્વરનને નીમવામાં આવે તો તેઓ તે જગ્યા સ્વીકારવા તૈયાર છે કે કેમ તેમ પુછાવતાં તેઓએ તેમના તા. ૫-૧૧-૧૯૬૫ના પત્રથી આ જગ્યાનો અસ્વીકાર કર્યો છે તેની નોંધ લેવા તથા તે અંગે આગળ પગલાં લેવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોના પગારધોરણમાં સૂચિત સુધારાને અનુલક્ષીને ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ જગ્યા માટેની વરણીસમિતિની રચના નવેસરથી કરવાનું રાખવું.

૧૧૫. તા. ૧૨-૧૧-૧૯૬૫ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૬. સિન્ડિકેટે તેની તા. ૯-૧૦-૧૯૬૫ની સભામાં થયેલા ઠરાવ પ્રમાણે અનુસ્નાતક વિદ્યાભવનોના વિદ્યાર્થીઓના અભ્યાસ-પ્રવાસ અંગેના ઘડેલા નિયમો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૭. શ્રી. આર. એમ. ભટ્ટનો પીએચ.ડી. પદવી અર્થશાસ્ત્ર વિષયનો મહાનિબંધ તપાસવા માટે બાહ્ય રેફરી ડૉ. એ. કે. દાસગુપ્તાને મોકલવામાં આવતાં તેમના તરફથી તે પરત્વે આવેલ રિપોર્ટ ઉપર શ્રી. ભટ્ટના માર્ગદર્શક આચાર્ય એસ. વી. દેસાઈના તા. ૨૨-૧૦-૧૯૬૫ના પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૮. રાષ્ટ્રીય કટોકટીને લક્ષમાં લેતાં, લશ્કરમાં જોડાયેલ અને સંરક્ષણ મોરચે કામ કરતી તેમ જ સલામતી (security) અંગેની કામગીરી બજાવતી વ્યક્તિઓનાં બાળકોને

સંલગ્ન કૉલેજો, યુનિવર્સિટી ભવનો અને અનુસ્નાતક કેન્દ્રો કે સંસ્થાઓમાં મફત કેળવણી તથા બીજા લાભો આપવા માટે ઘટતું કરવા જણાવતા ભારત સરકારના શિક્ષા મંત્રાલયના તા. ૧૯-૧૦-૧૯૬૫ના પત્રાંક એફ. ૩૦-૧૦૭-૬૫-યુ. ૫ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૯. કોઈ પણ સંલગ્ન કૉલેજમાં મુખ્ય વિષય તરીકે શીખવાતા વિષયો પૈકી કેટલા વિષયો માટે મુલાકાતી પ્રાધ્યાપકોથી કામ ચલાવવા પરવાનગી આપી શકાય તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૦. યોગ્ય લાયકાત ધરાવતા ગુજરાતીના પ્રાધ્યાપક મળતા ન હોવાથી ચાલુ શૈક્ષણિક વર્ષ માટે ખંડ સમયના ગુજરાતીના પ્રાધ્યાપકથી ચલાવી લેવા માટે સી. એન. આર્ટ્સ અને બી. ડી. કૉમર્સ કૉલેજ, કડીના આચાર્યશ્રીની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને ગુજરાતીના વિષયમાં નીચેની શરતોએ મુલાકાતી પ્રાધ્યાપકની નિમણૂક કરીને ચાલુ વર્ષ માટે શિક્ષણકાર્ય કરવા માટે પરવાનગી આપવી :

(૧) સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પીરિયડ સદરહુ કૉલેજમાં લેવાનું રાખે;

(૨) સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યભોજ યુનિવર્સિટીનાં ધારાધોરણો કરતાં વધવા પામે નહિ; અને

(૩) યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક જૂન ૧૯૬૬થી કરવાની બાંયધરી આપવામાં આવે.

૧૨૧. ઝૂલોજીની અભ્યાસસમિતિની તા. ૨૭-૯-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય માટે પીએચ.ડી. પદવી માટે તે નીચે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

વિદ્યાર્થીનું નામ	વિષય	રેફરીનું નામ
શ્રી. યુ. એમ. રાવળ	"Avain Myology-Certain aspects of functional anatomy of the feeding apparatus in some picarian group of Birds."	1. Dr. Andrew J. Berger, Chairman, Department of Zoology, 2538, The Mail University of Hawali, Honolulu, Hawali, 96822, U.S.A.
		or

વિદ્યાર્થીનું નામ	વિષય	રેફરીનું નામ
		2. Dr. Harvey I. Fisher, Chairman, Department of Zoology, Southern Illinois University Caroondale, I: INOIS, 62903, U.S.A.
		for viva voce only
		1. Prof. J. G. George, Professor of Zoology, M. S. University of Baroda, Baroda-2.
		2. Prof.P.V. Rangnekar, Professor of Zoology, Institute of Science, Bombay-1.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. યુ. એમ. રાવળના ઉપર જણાવેલ મહાનિબંધ માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૧૨૨. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૯-૯-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પીએચ.ડી. પદવી માટે તે નીચે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

વિદ્યાર્થીનું નામ	વિષય	રેફરીનું નામ
શ્રી. જે. જે. શ્રોફ	"Studies in Physiologically active compounds Synthesis of Hydontoing thioehydanatiors and Rhodanies."	1. Dr. Hans Zimer, University of Cincinnati, Cincinnati-21, Ohio (U.S.A.) 2. Dr. Franklin Proul, Associate Professor of Chemistry, De Paul University, 1038, West Belden Avene, Chicago-14, Illinois (U.S.A.)

વિદ્યાર્થીનું નામ	વિષય	કેફથી
		for Viva voce
		1. Dr. K. S. Nargund, Parle College, Vile Parle, (East), Bombay-58.
		2. Dr. S. M. Sethna, M. S. University of Baroda, Baroda.

સદરહુ બાબતની વિચારણા અગાઉ આપત કમાંક ૨૬ હેઠળ થઈ ગયેલી હોઈ તે પર વિશેષ કરવાપણું રહ્યું નહિ.

૧૨૩. મનોવિજ્ઞાન વિદ્યાભવનના રીડર ડૉ. જે. પી. દવેને એશિયા ફાઉન્ડેશન (ન્યૂયોર્ક) તરફથી હાથ ધરવામાં આવનાર "Psychological education study of a selected group of active and passive pre-primary school children" અંગેની સંશોધન યોજના ઉપર જોઈન્ટ ડિરેક્ટર તરીકે કામ કરવા પરવાનગી આપવા અંગેની તા. ૧-૧૦-૧૯૬૫ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ યોજના લગભગ બે વર્ષ ચાલશે અને આ દરમિયાન શ્રી. દવેને રૂા. ૨૦૦ માસિક ઓનરેરિયમ આપવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૪. ફાઇનાન્સ સમિતિની તા. ૨૯-૧૦-૧૯૬૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૯-૧૦-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૨૯-૧૦-૧૯૬૫ની સભાની નોંધ પરિશિષ્ટ "ન" તરીકે સામેલ છે.)

૧૨૫. સરકારી ઑર્ડરના નીચેના વાંધા અંગે વિચારણા કરવા બાબત :

Para 6 : As Dr. P. H. Prabhu is a U.G.C. recognised Professor on whose emoluments the U.G.C. and the Govt. of Gujarat contribute grants to the extent of 50% each the ex-post-facto sanction from both the competent authorities would be necessary. In case of doubt the matter may please be referred to the University Grants Commission and State Government and their decision obtained.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૭/૮-૮-૧૯૬૫ની સભામાં, ડૉ. પી. એચ. પ્રભુને અમેરિકા જવા માટે જે અભ્યાસ-રજા આપી હતી તે અંગેના સરકારી વાંધા પર ઠરાવ્યું હતું કે યુનિવર્સિટી એ સ્વાયત્ત સંસ્થા છે અને તેના સેવકોને રજા આપવાની બાબતમાં તેને યુ.જી.સી. કે અન્ય કોઈ સંસ્થાની અનુમતિ મેળવવાની આવશ્યકતા નથી અને આ

બાબતમાં વાંધો ઉઠાવવો સિન્ડિકેટ યોગ્ય માનતી નથી, તેમ છતાં ઑડિટ તરફથી તેના પત્રાંક એલ.બી.-બી.-૨-૧૩૭૯, તા. ૫-૧૦-૧૯૬૫થી ઉપરોક્ત દર્શાવેલ વાંધો આવ્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ત્રણ વર્ષના પદવી અભ્યાસક્રમ અંગેની આર્થિક સહાયની યોજના હેઠળ આ સાથેના પરિશિષ્ટમાં જણાવેલી કૉલેજોને અનાવર્તક ગ્રાન્ટ તેમજ ૧૯૬૩-૬૪ અને ૧૯૬૪-૬૫ના વર્ષ માટે આ અભ્યાસક્રમને અનુલક્ષીને નીમવામાં આવેલા વધારાના શિક્ષકગણ અંગેના વધારાના ખર્ચ પેટે જે તે વર્ષ પેટે આવર્તક ગ્રાન્ટ મંજૂર કર્યાના ઉપકુલપતિના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(અનાવર્તક ખર્ચ અંગેની વિગતો પરિશિષ્ટ "ન૧" તરીકે સામેલ છે.)

૧૨૭. એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.નાં શિક્ષણ અને પરીક્ષાનું જૂન ૧૯૬૬થી બે ભાગમાં વિભાજન થવાનું હોઈ તે પદવીના પ્રવેશ અંગેના અનુક્રમે ઓ. ૧૭૫, ૨૦૯ તથા ૬૧૨માં જરૂરી સુધારા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૧૨૮. અલિયાબાડાની બંધ થયેલ વિનયન કૉલેજના એક વિદ્યાર્થી શ્રી. મહેશ કે. વસંતને પ્રી-યુનિવર્સિટી વિનયનની સિવિક્સ વિષયની આંતરિક કસોટી જામનગરની ડી. કે. વી. કૉલેજમાં આપવા દેવા માટે તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિદ્યાર્થીએ ૪ ટેસ્ટ આપવાના હોય છે. હાલ બે ટેસ્ટ પતી ગયા હોવાથી ખાસ કેસ તરીકે આ વિદ્યાર્થીના બીજા બે ટેસ્ટ પણ લેવડાવવાની વ્યવસ્થા કરવાની રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૯. ઑક્ટોબર ૧૯૬૫માં લેવાયેલ બીજી એલએલ.બી.ની પરીક્ષાના પબ્લિક ઇન્ટરનેશનલ લૉ, હિન્દુ લૉ અને જ્યુરિસ્પ્રુડન્સ વિષયના પ્રશ્નપત્રોની મૂળ હસ્તપ્રતમાં રહેલ ક્ષતિઓ અંગે પ્રાશ્નિક મંડળના અધ્યક્ષ શ્રી. વી. આર. રણદીવેના ખુલાસા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત પરીક્ષાશુદ્ધિ સમિતિની વિચારણા માટે મોકલવી.

૧૩૦. જાન્યુઆરી ૧૯૬૬માં નીચેની પરીક્ષાઓ માટે તે શરૂ થવાની તારીખ તથા તેનાં ફૉર્મ સ્વીકારવાની તારીખને મંજૂરી આપવા બાબત :

પરીક્ષાનું નામ	પરીક્ષા શરૂ થવાની તારીખ	પરીક્ષા-પ્રવેશપત્રો સ્વીકારવાની તારીખ
જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ	૧૦-૧-૧૯૬૬	૯-૧૨-૧૯૬૫
સીનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશ	૧૦-૧-૧૯૬૬	૯-૧૨-૧૯૬૫
થર્ડ એમ.બી., બી.એસ.	૧૦-૧-૧૯૬૬	૧૫-૧૨-૧૯૬૫

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષાઓ શરૂ કરવાની તારીખ અને તે માટેનાં પ્રવેશપત્રો સ્વીકારવાની તારીખો ઉપર મુજબ મંજૂર કરવી.

૧૩૨. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, રાજકોટના આચાર્યને ધારાશાસ્ત્રની વિદ્યાશાખા તથા તે વિદ્યાશાખા હેઠળના બે વિષયોની અભ્યાસસમિતિઓ (૧) જ્યુરિસ્પ્રુડન્સ ઇત્યાદિ, તથા (૨) ક્રાઇમ ઇત્યાદિનું સભ્યપદ આપવા બાબત.

[નોંધ.— તેઓ (ક) ઇતિહાસ, અર્થશાસ્ત્ર તથા રાજ્યશાસ્ત્ર સાથે એમ.એ.; અને
(ખ) એલએલ.બી.ની પદવી ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજને યોગ્ય લાયકાત ધરાવતા અંગ્રેજીના વ્યાખ્યાતા તથા ભૌતિકવિજ્ઞાન તથા જીવવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટરો નહિ મળતા હોવાથી ચાલુ વર્ષ પૂરતી સદરહુ નિમણૂકો કોન્ડોન કરવા અંગે મજકૂર કૉલેજના આચાર્ય તરફથી આવેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.— (૧) શ્રી. વી. એમ. દોશી, બી.એ.,એમ.એ.માં અંગ્રેજી વિષય સાથે પાસ વર્ગ ધરાવે છે. ત્રણ વર્ષનો ટ્યૂટર તરીકેનો અનુભવ છે. નિયમ મુજબ બે વર્ષનો અનુભવ ખૂટે છે.
(૨) પદવી કક્ષાએ શીખવવા માટે નિયમ મુજબ ડેમોન્સ્ટ્રેટરની લાયકાત બી.એસસી. બીજો વર્ગ જોઈએ.
(૩) બાકીની શરતોનું પાલન થયું છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ નિમણૂકો ફક્ત ચાલુ વર્ષ માટે માન્ય કરવી, અને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, નવા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૧૩૩. બાંધકામ સમિતિની તા. ૧૫-૧૧-૧૯૬૫ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૫-૧૧-૧૯૬૫ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૧૫-૧૧-૧૯૬૫ની નોંધ પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.)

૧૩૪. અનુ. નિયમ નં. ૨૬(એ) અન્વયે આંકડાશાસ્ત્રના વિષયના અનુસ્નાતક શિક્ષણ માટેની સત્ર-ફી રૂા. ૧૦૦ રાખવામાં આવી છે અને તેથી તે મુજબ ઓ. ૧૫૧-સીમાં જરૂરી સુધારો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૫. બી.એડ., ભાગ ૨ની પરીક્ષામાં બેસવા દેવા કરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલયનાં વિદ્યાર્થિની કુ. મંજુલા દવેને પરવાનગી આપવા વિચારણા કરવા બાબત.

(નોંધ.— કુ. મંજુલા દવે પ્રાથમિક મિડલ સ્કૂલનો ૧૦ વર્ષનો અનુભવ ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૬. ગુજરાત રાજ્ય તરફથી માઉન્ટ આબુ ખાતે કાયમી ધોરણે પર્વતારોહણની સંસ્થા શરૂ થાય છે તેમાં આપણા વિદ્યાર્થીઓને તાલીમ આપવાની સગવડ કરવામાં આવે તો નાતાલની રજાઓમાં આપણા વિદ્યાર્થીઓને મોકલવા કે કેમ તે બાબતમાં તેમના તા. ૮-૧૧-૧૯૬૫ના અને તા. ૧૧-૧૦-૧૯૬૫ના પત્રોને અનુલક્ષીને વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૭ સીનિયર એન્ડ જુનિયર સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની મૌખિક પરીક્ષા માટે પ્રત્યેક પરીક્ષકને વિદ્યાર્થી દીઠ કેટલું મહેનતાણું આપવું તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૮. બી.એ.(રૂપે.)ની જૂના અભ્યાસક્રમની પરીક્ષા પાસ કરી ઑ. ૩૦૯ પ્રમાણે બી.કૉમ.ના વર્ગમાં જોડાઈ સ્ટેટિસ્ટિક્સ વિષય રાખે તો ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષાના ફરજિયાત એકાઉન્ટન્સી ઉપરાંત મૅથેમેટિક્સને બદલે કયા વિષયની પરીક્ષા આપવાની રહે તે બાબતમાં વાણિજ્ય વિદ્યાશાખાના ડીનના અભિપ્રાયના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

ડીનનો અભિપ્રાય

"જો બી.એ. પાસ થયેલ વિદ્યાર્થી બી.કૉમ.માં જોડાય અને જો તે બી.કૉમ.માં સ્ટેટિસ્ટિક્સ વૈકલ્પિક વિષય તરીકે રાખે તો તેને ફર્સ્ટ બી.કૉમ.માં ફરજિયાત એકાઉન્ટન્સી ઉપરાંત સ્ટેટિસ્ટિક્સ વૈકલ્પિક વિષયના પહેલા પેપરની પરીક્ષા આપની જોઈએ. જૂના ઇન્ટર કૉમર્સના મૅથેમેટિક્સનો અભ્યાસક્રમ સ્ટેટિસ્ટિક્સના પહેલા પેપરમાં લગભગ રાખવામાં આવે છે."

(નોંધ—કાર્યાલયનું સૂચન : આવા વિદ્યાર્થીઓને ડીનના અભિપ્રાય મુજબ સ્ટેટિસ્ટિક્સના પહેલા પેપરમાં બેસવા જણાવવું અથવા જૂના ઇન્ટર કૉમર્સના અભ્યાસક્રમ હેઠળનો મૅથેમેટિક્સનો અલાયદો પેપર કઢાવવો.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

સિન્ડિકેટના ચૂંટાયેલા સભ્યોની મુદત તા. ૨૨-૧૧-૧૯૬૫ના રોજ પૂરી થવાના સંદર્ભમાં કેટલાક સભ્યોએ ઉપકુલપતિશ્રીનો આભાર માનવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરવા ઇચ્છા પ્રદર્શિત કરી, પરંતુ ઉપકુલપતિશ્રીએ તે પ્રસ્તાવ રજૂ કરવા માટે પરવાનગી આપી નહિ.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૫૨૮૧૬ / ૧૯૬૫.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
ડિસેંબર ૧૫, ૧૯૬૫
માર્ગશીર્ષ ૨૪, ૧૮૮૭ (શક).

ઈ. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "૬"
કાયદાનો ક્રમાંક ૪૨

R. Pre-10 :

A candidate who has obtained exemption in the subjects under the Old Course in the Pre-University Examination shall, at his option, be excused from appearing in the identical subjects under this Course. Candidates getting exemption in Civics or Administration or both under the Old Course may at their option, be entitled to claim exemption in Civics and Administration under this Course. Candidate appearing with exemption in a subject or subjects in this manner, shall not be eligible for a class, or a prize, or a scholarship or any award at the examination.

R. Pre-15 :

A student getting exemption under the Old Course of the Pre-University examination shall, at his option, be eligible for exemption in the identical subject under this course for a period of two years after the new courses are introduced.

R. Pre-20 :

A candidate who has obtained exemption in any subject under the Old Course in the Pre-University Commerce Examination shall, at his option, be excused from appearing in the identical subject under this course. Candidate appearing with exemption in a subject or subjects in this manner, shall not be eligible for a class, or a prize, or a scholarship or any award at the examination, provided that a candidate who has earned exemption under Old Rules will be eligible to claim exemptions as under :

Gujarati or Hindi } A Modern Indian Language

Salesmanship & Publicity (Optional) } Elements of Commerce (Optional)

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૫૨

યુનિવર્સિટી કાર્યાલયમાં કૅશિયરની જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે સિન્ડિકેટની બનેલી વરણીસમિતિની એક સભા તા. ૧૯-૧૧-૧૯૬૫ના રોજ ૧-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રી. લાલભાઈ આર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩.	શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	હાજર
૪.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. આઈ. એમ. નાણાવટી	ગેરહાજર
૬.	શ્રી. બટુભાઈ એચ. દેસાઈ	હાજર
૭.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૮.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૯.	ડૉ. જે. જે. ચિનોય	ગેરહાજર
૧૦.	શ્રી. એન. સી. શાહ	ગેરહાજર
૧૧.	શ્રી. જે. જે. દેસાઈ	ગેરહાજર
૧૨.	શ્રી. ય. ગુ. નાયક	ગેરહાજર
૧૩.	શ્રી. ઠાકોરભાઈ મ. દેસાઈ	ગેરહાજર
૧૪.	શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૫.	શ્રી. એમ. એસ. પંડિત	ગેરહાજર
૧૬.	શ્રી. એમ. સી. શાહ	ગેરહાજર
૧૭.	શ્રી. ચિમનભાઈ જે. પટેલ	ગેરહાજર
૧૮.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર.

કૅશિયરની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧.	શ્રી. એન. ડી. ભટ્ટ	હાજર
૨.	શ્રી. એચ. કે. ભટ્ટ	હાજર
૩.	શ્રી. કે. ડી. દેસાઈ	હાજર
૪.	શ્રી. સી. એસ. પટેલ	હાજર

૫. શ્રી. બી. એમ. શાહ — હાજર
૬. શ્રી. એન. બી. શાહ — હાજર
૭. શ્રી. વી. આર. શાહ — ગેરહાજર
૮. શ્રી. સી. એમ. પટેલ — હાજર.

નિષ્ણાત તરીકે એકાઉન્ટન્ટ શ્રી. બી. એમ. પટેલ નિમંત્રણથી હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

શ્રી. એન. બી. શાહને કૅશિયરની જગ્યા પર શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૦૦થી રૂા. ૨૦૦-૧૨-૨૬૦ ઈ.બી. ૧૨-૩૨૦ના પગારધોરણમાં એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(નોંધ.—નિમણૂકપત્ર કાઢતાં પહેલાં ખાનગી રાહે આ ભાઈએ પોતાની અરજીમાં જણાવેલા (Referee)ઓ પાસેથી તેમના વિષે અભિપ્રાય મગાવીને ઘટતી ખાતરી કરી લેવાનું રાખ્યું.)

બી. એમ. પટેલ
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ કમાંક ૧૭

Confidential

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Economics in University School of Social Sciences was held on the Friday, 29-10-1965, at 12-30 p.m. at the office of the Gujarat University. Shri L. R. Desai, Vice-Chancellor, Gujarat University, presiding :

The following was the attendance of the members :

1.	Shri L. R. Desai, Vice-Chancellor	Present
2.	Prof. D. T. Lakdawala	Present
3.	Shri M. C. Munshi	Present
4.	Prof. H. C. Malkani	Present
5.	Prof. M. B. Desai	Present
6.	Prof. B. R. Shenoy	Present.

The following candidates appeared for interview :

1. Shri Joshi Vishnushanker H.
2. Shri Majmoodar Paresh M.
3. Shri Patel Bababhai S.

After interviewing the candidates and considering their qualifications and experience, the Committee resolved as under :

"None of the candidates who appeared was found suitable for the post."

L. R. Desai,
D. T. Lakdawala,
M. C. Munshi,
H. C. Malkani,
M. B. Desai,
B. R. Shenoy.

પરિશિષ્ટ "બ"
ઠરાવ નંબર ૫૪

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Labour Welfare in the University School of Social Sciences, was held on Friday the 22nd October, 1965 at 3-30 p.m. in the office of the Gujarat University. The attendance of members was as under :

One paper and one practical (if any) covering 60 marks for Theory (40 marks for External evaluation and 20 marks for Internal evaluation) and 40 marks for practicals (if any) (30 marks for the University examination and 10 marks for Internal evaluation), in that subject, which the student had offered as a Second subject at Second B.Sc. Examination and three papers including practicals (if any) covering 300 marks in the Third Science subject in the same manner as that prescribed for a Special subject in the Second B.Sc. Examination. A student will not be required to do any more papers in the subject in which he has done three papers including practicals (if any) covering 300 marks at the Second B.Sc. Examination.

Note.— Where there is no practical examination, each paper in theory shall, subject to the general pattern of 30 % of the total marks for internal evaluation, carry 100 marks.

A subject as a second subject

Sr.No.	*Subject*	*Theory Paper III of Second B.Sc.*		*Practicals*	
		External	*Internal*	*External*	*Internal*
1.	Physics	40	20	30	10
2.	Chemistry	40	20	30	10
3.	Botany	40	20	30	10
4.	Zoology	40	20	30	10
5.	Geography	40	20	30	10
6.	Geology	40	20	30	10
7.	Microbiology	40	20	30	10
8.	Mathematics	70	30	—	—
9.	Statistics	50	25	15	10

The Special Degree Course

No.	*Subjects*	*Paper*	*Marks*		*Duration af Examination*
			External Evaluation	*Internal Evaluation*	
I	English	One	70	30	Three hours
II	The special subject (selected in S.Y.B.Sc.) in papers, comprising 500 marks				
1.	Physics VI to X	five each of 40 marks	200 150 for 4 Practicals	100 50	Two hours each Three ,, ,,
2.	Chemistry VI to X	,,	40 each 150 for 6 Experiments	100 50	Two hours each as prescribed in R. Sc. 8
3.	Botany VI to X	,,	4 each 150 for 3 Practicals	100 50	Two hours each Five hours each
4.	Zoology VI to X	,,	40 each 150 for 3 Practicals	100 50	Two hours each At least five hours each
5.	Geography VI to X	,,	40 each 150 for 4 Practicals	100 50	Two hours each Three hours each
6.	Geology VI to X	,,	40 each 150 for 3 Practicals	100 50	Two hours each Four hours each
7.	Microbiology VI to X	,,	40 each 150 for 3 Practicals	100 50	Two hours each Four hours each
8.	Mathematics VI to X	,,	70 each	30	Three hours each
9.	Statistics IV to VIII	,,			
	Theory Papers IV, V and VI		150	75	2 hours each
	Theory Papers VII and VIII		140	60	3 hours each
	2 Practicals		50	25	3 hours each.

Provided further that a student appearing at the above examination has appeared for the purposes of internal evaluation (*i*) in at least two tests in the first term, and (*ii*) either two tests or one full-length examination in the second term as follows :

(1) Each test shall be not less than one and a half hours' duration in each paper and in each subject.

(2) The full-length examination which may, at the discretion of the Principal, be held in lieu of the two tests prescribed to be held in the second term shall be as per the pattern and the duration prescribed for the University examination.

(3) Wherever any practical work is assigned for a course of study in any subject the student shall appear in at least two tests in the first term, and one full-length examination in lieu of two tests in the second term in each subject for the practical work also, in addition to the theoretical tests in the subject.

(4) Notwithstanding anything contained hereinabove, it shall be competent for the Principal of a college, if he so desires, to hold one test per term for practical work, provided that the duration of each such test in that case will be as per the duration fixed by the University for its examination.

(5) The Principal of a college shall be competent to hold both theoretical and practical tests in such manner and at such time as he will fix, subject to the provisions mentioned hereinabove.

(6) The Principal of a college is authorised to arrange for an extra test, if he so wishes, in case a student is not able to appear at any one test for a bonafide reason, provided that under no circumstances, a student shall be given an opportunity to apper at an extra test in any subject more than once.

(7) The marks assigned to each student for the total internal evaluation in each subject shall be sent to the University by 20th March every year by the Principal of the college from where the student is sent up for the examination.

R. Arts-13 :

To pass the examination, a candidate must obtain at least 36% of the marks obtainable separately in each subject at the University examination and also in the internal evaluation of each subject.

(1) Those of the successful candidates who obtain at least 60 % of the total marks obtainable in aggregate, i.e., the marks worked out as percentage at their First and Second Year Examinations on the basis given in paragraph No. 2 below, and (2) actual marks obtained by them in their Third Year Examination excluding English will be placed in the First Class provided they obtain at least 50% of the marks obtainable in the papers and practicals (if any) at the Third Year Examination actually held by the University as distinguished from internal evaluation, and those obtaining 48% of the total marks obtainable in the aggregate, i.e., the marks worked out as percentage at their First and Second Year Examinations on the basis given in paragraph No. 2 below, both, and (*ii*) the actual marks obtained by them in their Third Year Examination excluding English will be placed in the Second Class, provided they obtain at least 40% of the marks obtainable in the papers and practicals (if any) at the Third year examination actually held by the University as distinguished from internal evaluation.

(2) For the purpose of determining the class at the Degree examination the percentage of marks obtained by a candidate in each of his F.Y. and S.Y. Examinations shall be given weightage so as to constitute it as an integral part of the total, it being understood that the total of 800 marks shall be counted as per the following formula:

1. Marks obtained in the optional papers (i.e., in Papers other than Comp. English) of Third Year Examination, i.e., out of	600 marks
2. Percentage of marks obtained in optional papers (i.e., in papers other than Comp. English & Gen. Education) and First Year Examination	100 marks
3. Percentage and marks obtained in optional papers (i.e., in papers other than Comp. English and General Education) of S.Y. Examination	100 marks
Total	800 marks.

(3) A candidate who has earned exemption in English or who has earned exemption at one sitting in the principal subject shall be entitled to a class in accordance with this regulation on his passing in the remaining subject at a subsequent examination. A candidate passing the examination in compartments in this manner shall not be eligible for any prize, scholarship or other award in this examination.

(4) The marks assigned as the internal evaluation shall be carried forward and credited to the candidate concerned in a subsequent examination, if he appears thereat as an ex-student.

(5) Notwithstanding anything contained above, it is hereby provided that —

1. A student who joins the Three-year Degree Course in the Second Year after passing Intermediate Examination of this University or an examination recognised as equivalent thereto, the percentage of the aggregate marks obtained by him thereat shall be counted in place of the percentage of marks at the F.Y. Examination as contemplated above.
2. A student who has passed the First Year or the Second Year Examination (either of this University or an equivalent examination of any other University) in compartments in any manner will be awarded the marks equal to the percentage of marks worked out on the basis of the marks obtained by a candidate in each subject when that subject is cleared by the candidate subject to a maximum of 47% for the purpose of awarding a class at the Degree Examination.
3. A fraction of a mark determined by taking out the percentage of marks for the purpose contemplated above shall be considered as one mark.

R. Sc.-15 :

To pass the examination, a student must obtain at least 36 per cent of the marks obtainable separately in papers and practicals in each subject at the University examination and separately in internal evaluation of both papers and practicals in each subject.

(1) Those of the successful candidates who obtained at least 60 per cent of the total marks obtainable in aggregate, i.e., (1) the marks worked out as a percentage at their first and second year examinations on the basis given in paragraph 2 below, i.e., and the actual marks obtained by them in their Third Year Examination excluding English will be placed in the First Class, provided they obtain at least 50 per cent of the total marks obtainable in the papers and practicals at the Third Year Examination in the examination actually held by the University as distinguished from internal evaluation and those obtaining 48 per cent or more but less than 60% of the total marks obtainable in aggregate, i.e., (*i*) the marks worked out as a percentage at their First and Second year examinations on the basis given in the paragraph 2 below, and (*ii*) the actual marks obtained by them in their Third Year Examination excluding English will be placed in the Second Class provided they obtain at least 40 per cent of the total marks obtainable in the papers and practicals at the Third Year Examination in the examination actually held by the University as distinguished from internal evaluation.

(2) For the purpose of determining the class at the Degree Examination the percentage of marks obtained by a candidate in each of his F.Y. and S.Y. Examinations shall be given weightage so as to constitute it as an integral part of the total, it being understood that the total of 800 marks shall be counted as per the following formula :

1. Marks obtained in the optional papers (i.e. other than English) of Third Year Examination, i.e. out of	..	600 marks
2. Percentage of marks obtained in optional paper (i.e., in Paper other than English and General Education) and First Year Examination	..	100 marks
3. Percentage and marks obtained in optional papers (i.e. in papers other than English and General Education) of Second Year Examination	..	100 marks
	Total	800 marks

(3) A student who has earned exemption in English or who has earned exemption at one sitting in all the subjects excepting English

shall be entitled to a class in accordance with this regulation on his passing the remaining subject or subjects at a subsequent examination. A student passing the examination in compartments in this manner shall not be eligible for any prize, scholarship or other award for this examination.

(4) The marks assigned as the internal evaluation in which he passes, will be carried forward for the student appearing more than once at his examination as an ex-student.

(5) Notwithstanding anything contained above, it is hereby provided that—

1. a student who joins the Three-year Degree Course in the Second Year after passing intermediate Examination of this University or an examination recognised as equivalent thereto, the percentage of the aggregate marks obtained by him thereat shall be counted in place of the percentage of marks at the F.Y. Examination as contemplated above.
2. A student who has passed the First Year or the Second Year Examination (either of this University or an equivalent examination of any other University) in compartments in any manner will be awarded the marks equal to the percentage of marks worked out on the basis of the marks obtained by a candidate in each subject when that subject is cleared by the candidate shall be carried forward subject to a maximum of 47 for the purpose of awarding a class at the Degree Examination.
3. A fraction of a mark determined by taking out the percentage of marks for the purpose contemplated above shall be considered as one mark.

R. Com. 14 :

To pass an examination, a candidate must obtain at least 36 per cent of the total marks obtainable separately in the University examination and in the internal evaluation in each subject.

1. Those of the successful candidates who obtain 60 per cent or more of the total marks obtainable in the aggregate, i.e. (1) the marks

worked out as percentage at their First and Second Year Examinations, on the basis given in paragraph No. 2 below, and (2) the actual marks obtained by them in their Third Year B.Com. Examination excluding English will be placed in the First Class provided they obtain at least 50 per cent of the total marks obtainable in the papers at the Third Year Examination in the Examination actually held by the University as distinguished from internal evaluation, and those obtaining 48 per cent or more but less than 60 per cent of the total marks in the aggregate, i.e., (*i*) the marks worked out as percentage at their First and Second Year Examinations, on the basis given in paragraph No. 2 below, and (*ii*) the actual marks obtained by them in the Third Year Examination excluding English will be placed in Second Class provided they obtain at least 40 per cent of the total marks obtainable in the papers at the Third Year Examination in the Examination actually held by the University as distinguished from internal evaluation.

2. For the purpose of determining the class of a candidate at the B.Com. Degree Examination the marks of the First Year, Second Year and Third Year Examinations will be calculated on the following basis:

(1) Percentage of marks obtained in subjects other than English and General Education at the F.Y.B.Com., i.e., out of	.. 100 marks
(2) Percentage of marks obtained in subjects other than English and General Education at the S.Y. B.Com., i.e., out of	.. 100 marks
(3) Marks obtained in all subjects other than English at the Third Year B.Com., i.e., out of	.. 500 marks
Totol	700 marks

3. The marks assigned to a candidate as the internal evaluation shall be carried forward and credited to the candidate concerned in a subsequent Examination if he appears thereat as an ex-student.

4. Notwithstanding any thing contained above, it is hereby provided that—

(1) a student who joins the Three-year Degree Course in the Second Year after passing intermediate Examination of this University

or an examination recognised as equivalent to the percentage of the aggregate marks obtained by him thereat shall be counted in place of the percentage of marks at the F.Y. Examination as contemplated above.

(2) A student who has passed the First Year or the Second Year Examination (either of this University or an equivalent examination of any other University) in compartments in any manner will be awarded the marks equal to the percentage of marks worked out on the basis of the marks obtained by a candidate in each subject when that subject is cleared by the candidate shall be carried forward subject to a maximum of 47% for the purpose of awarding a class at the Degree Examination.

(3) A fraction of a mark determined by taking out the percentage of marks for the purpose contemplated above shall be considered as one mark.

પરિશિષ્ટ "ધ"
ઠરાવનંબર નંબર ૧૦૬

R. 185 :

The Examination shall be as under :

Br. I : General Medicine and Therapeutics :

Papers I–II : Two papers on the subject including applied Anatomy and Physiology relating to General Medicine and Therapeutics.

Paper III : Clinical Pathology.

Paper IV : An Essay.

Br. II : Pathology and Bacteriology :

Paper I : General Medicine.

Paper II : { Pathology and Bacteriology including applied Anatomy
Paper III : { and Physiology pertaining to the subject.

Paper IV : An Essay.

Br. III : Obstetrics, Gynaecology and Diseases of the New Born :

Paper I : Medicine and Surgery in relation to Obstetrics and Gynaecology.

Paper II : Midwifery and Diseases of the New Born including applied Anatomy, Physiology, Pathology pertaining to the subject.

Paper III : Gynaecology including applied Anatomy–2, Psychology, Pathology pertaining to the subject.

Paper IV : An Essay.

Br. IV : Pharmacology :

Paper I : General Medicine.

Papers II–III : { Theoretical and experimental aspects of Pharmacology, Toxicology including Bio-assay, Chemical Pharmacology, etc.,

and

Applied Anatomy, Physiology, Pharmacology and Therapeutics including Physio-Therapeutics, Immuno-therapeutic, etc.

Paper IV : An Essay.

Br. V : Paediatrics :

Paper I : General Medicine.

Paper II : Diseases of Children, Development, Psychology and Child Welfare including Anatomy, Physiology and Pathology, pertaining to the subject.

Pape III :

Paper IV : An Essay.

Br. VI : Tuberculosis :

Paper I : General Medicine.

Paper II : Medical and Surgical aspects of Tuberculosis, Public Health aspects of Tuberculosis including applied Anatomy, Physiology and Pathology pertaining to the subject.

Paper III :

Paper IV : An Essay.

Br. VII : Anaesthesia :

Paper I : General Surgery and Medicine in relation to Anaesthesia.

Paper II : Anatomy, Physiology including Bio-chemistry, Pathology and Pharmacology pertaining to Anaesthesia.

Paper III : Anaesthesia and Analgesia including pre-operative and post-operative care.

Paper IV : An Essay.

Syllabus

(*a*) Anatomy, Physiology, Pathology and Pharmacology with special stress upon those general principles with which Anaesthesia and Analgesia are particular concerned;

(*b*) Anaesthesia and Analgesia including pre-operative and post-operative care;

(*c*) The application of the basic sciences including Chemistry and Physics of the Anaesthesia.

Candidates who have already passed in General Medicine and Therapeutics, Br. I will be exempted from this common paper of Branches II, IV, V & VI. Likewise candidates who have passed Br. II Pathology and Bacteriology will be exempted from Paper III, if they have applied for Br. III, if they have applied for Br. I from General Medicine and Therapeutics.

Note.—(1) In all branches, there shall be clinical, practical and oral examinations.

(2) The Essay in all branches shall cover subjects of speciality including the history of the branch concerned. Optional themes shall be given for the Essay.

(3) Each paper shall be of three hours' duration.

(4) The Examiners appointed for the M.D. Examination shall have the power to refer any of the failed candidates for one year.

(5) All the papers in each branch will be set and examined by, and the practical examination including viva-voce, clinical will be conducted by the Examiners in the particular branch.

R. 188:

The Examination shall be as under:

Br. I: General Surgery:

Paper I-III: General Surgery (including Applied Anatomy, Physiology and Pathology).

Paper IV: An Essay.

Br. II: Oto-rhino Laryngology:

Paper I: General Surgery.

Paper II: Surgery including Applied Anatomy, Physiology and Pathology pertaining to the speciality (Oto-rhino Laryngology).

Paper III: Surgery including Applied Anatomy, Physiology and Pathology pertaining to the speciality (Oto-rhino Laryngology).

Paper IV: An Essay.

Br. III: Orthopaedics:

Paper I: General Surgery.

Paper II: Surgery including Applied Anatomy, Physiology and Pathology pertaining to the speciality (Orthopaedics).

Paper III: Surgery including Applied Anatomy, Physiology and Pathology pertaining to the speciality (Orthopaedics).

Paper IV: An Essay.

Candidates who have already passed in General Surgery in Br. I will be exempted from this common paper in Branches II and III.

Br. IV : Ophthalmology :

Paper I: Ophthalmic Medicine, Surgery, Optics including Applied Anatomy, Physiology and Pathology pertaining to the speciality.

Paper II:

Paper III: The relation of ophthalmology to General Medicine and Surgery.

Paper IV: An Essay.

Note.—(1) In all branches there shall be clinical, practical and oral examinations.

(2) The essay in all branches will cover subjects of the speciality including the history of the branch concerned. Optional themes shall be given for the essay.

(3) Each paper shall be of three hours' duration.

(4) The Examiners appointed for the M.S. Examination shall have the power to refer any of the failed candidates for one year.

(5) All the papers in each branch will be set and examined by, and practical examination including viva-voce and clinical will be conducted by the same Examiners in the particular branch.

પરિશિષ્ટ "ન"
કામકાજ ક્રમાંક ૧૨૪

તા. ૨૯-૧૦-૧૯૬૫ના રોજ મળેલી ફાઇનાન્સ સમિતિની ભલામણો

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલય માટે *પરિશિષ્ટ "અ"માં બતાવ્યા પ્રમાણે લેખન-સામગ્રી ખરીદવી.

૨. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવન માટે એક ડુપ્લિકેટિંગ મશીન મે. જરટનર ડુપ્લિકેટર્સ (પ્રા.) લિ. પાસેથી રૂા. ૩,૦૯૫ + ટેક્ષના ભાવે ખરીદવું.

૩. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગ માટે આ સાથેના *પરિશિષ્ટ "ક"માં બતાવ્યા પ્રમાણે સ્લાઇડ સ્પેસિમેન ખરીદવા.

૪. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગ માટે મે. ગોરધનદાસ દેસાઈ (પ્રા.) લિ. મુંબઈ પાસેથી *પરિશિષ્ટ "ડ"માં બતાવ્યા પ્રમાણે ખરીદવાં.

૫. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિશાસ્ત્ર વિભાગ માટે ગ્લાસવેર અને કેમિકલ્સ *પરિશિષ્ટ "ઇ"માં બતાવ્યા પ્રમાણે ખરીદવાં.

---

* પેટાપરિશિષ્ટ છાપ્યાં નથી.

પરિશિષ્ટ "ન-૧"
કામકાજ ક્રમાંક ૧૨૧

ક્રમાંક	કૉલેજનું નામ	અનાવર્ત ક્રે ચાન્દની રકમ રૂ.	૧૯૧૩-૧૪ના વર્ષ માટેની ચાન્દની રકમ આવર્ત ક્રે રૂ.	૧૯૧૪-૧૫ના વર્ષ માટેની આવર્ત ક્રે ચાન્દની રકમ રૂ.
૧.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૧૨,૫૦૦	—	૬,૦૦૬
૨.	એસ. બી. ગાર્ડા આર્ટ્સ અને બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી	૩૦,૦૦૦	—	—
૩.	શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત	૧૨,૫૦૦	—	—
૪.	શ્રીમતી બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત	૧૨,૫૦૦	—	—
૫.	કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ કૉલેજ, કલોલ	૧૬,૦૦૦	—	—
૬.	પારેખ બ્રધર્સ સાયન્સ અને શાહ કે. એસ. આર્ટ્સ કૉલેજ, કપડવંજ	૨૬,૫૦૦	—	—
૭.	શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	—	—	૧૨,૦૪૧
૮.	સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	—	—	૬,૧૬૭
૯.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	—	—	૫,૩૧૧
૧૦.	શ્રી. એન. કે. એમ. સાયન્સ અને આર્ટ્સ કૉલેજ, વલસાડ	—	૩,૭૭૫	૧૩,૦૮૧
૧૧.	સર કે. પી. કૉમર્સ કૉલેજ, સુરત	—	—	૧,૭૬૬
૧૨.	શેઠ પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરા	—	૬,૦૫૪	—

પરિશિષ્ટ "૫"
કામકાજ ક્રમાંક ૧૩૩

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૫-૧૧-૧૯૬૫ને સોમવારના રોજ બપોરે ૧-૦૦ વાગ્યે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૪. શ્રી. એમ. ડી. પટેલ	હાજર
૫. શ્રી. ટી. એ. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. ડી. પી. શાહ	હાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૮-૧૦-૧૯૬૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૮-૧૦-૧૯૬૫ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી વિસ્તારમાં નીચેના ચાર રસ્તાનાં બાંધકામ હાથ ધરવા માટે તેના અંદાજ અંગે વિચારણા કરવા બાબત :

(૧) આરોગ્યકેન્દ્રથી વિદ્યાર્થીઓના છાત્રાલય થઈને ઇલેક્ટ્રિક સબસ્ટેશન આગળ સ્ટાફ ક્વાર્ટર્સના રસ્તાને મળતો માર્ગ.

(૨) વિજ્ઞાન ભવનના વર્કશોપથી શરૂ થઈને ફિઝિકસ ડિપાર્ટમેન્ટના મકાન પાસે થઈને પ્રેસ-મેનેજરના મકાન સુધીનો માર્ગ.

(૩) સિન્ડરટ્રેકના રસ્તાથી વિદ્યાર્થીઓના નવા છાત્રાલય સુધીનો એપ્રોચ માર્ગ.

(૪) વિદ્યાર્થીઓના જૂના છાત્રાલયથી નવા છાત્રાલય ("સી" અને "ડી" બ્લોક) સુધીનો માર્ગ.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના રસ્તાઓના માટીકામ માટે ભાવ મગાવીને સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખ્યું :

(૧) આરોગ્યકેન્દ્રથી વિદ્યાર્થિનીઓના છાત્રાલય થઈને ઇલેક્ટ્રિક સબસ્ટેશન આગળ સ્ટાફ ક્વાર્ટર્સને મળતો રસ્તો.

(૨) વિજ્ઞાન ભવનના ગણિત વિભાગના મકાન આગળના એપ્રોચ રસ્તાને ઓપન-એર થિયેટરથી પ્રેસ-મેનેજરના મકાન પાસેથી જતા રસ્તા સુધીનો વધારાનો રસ્તો.

(૩) સિન્ડરટ્રેકના રસ્તાથી વિદ્યાર્થીઓના નવા છાત્રાલય સુધીનો સભામાં બતાવ્યા પ્રમાણેનો રસ્તો.

(૪) વિદ્યાર્થીઓના જૂના છાત્રાલયથી નવા છાત્રાલય ("સી" અને "ડી" બ્લોક) સુધીનો રસ્તો.

૩. કેમિસ્ટ્રી વિભાગના મકાનમાં ફયુઝિંગ કપબોર્ડ માટે બારણું તથા તેના ખુલ્લા ગાળામાં પાર્ટિશન કરવા અંગે વિચારણા કરવા બાબત.

કામ અંગે કુલ અંદાજી ખર્ચ નીચે પ્રમાણે થાય છે :

હાર્ડ ગ્રોસ	જરૂરી	ભાવ	ટેન્ડર પ્રમાણે
૧. પાર્ટિશન ખુલ્લા ગાળામાં ૩૦ નંગે ગાળા	૩૬૭ ચો. ફૂટ	રૂા. ૪-૫૦ ચો. ફૂટ	રૂા. ૧,૬૫૩
૨. ફયુઝિંગ કપબોર્ડ માટે લાકડાનાં બારણાં	૧૨૦ ચો. ફૂટ	રૂા. ૮-૨૫ ચો. ફૂટ	રૂા. ૯૯૦

કુલ અંદાજી રૂા. ૨,૬૪૩

આથી ઠરાવવામાં આવે છે કે, કેમિસ્ટ્રી વિભાગના મકાનમાં ફયુઝિંગ કપબોર્ડ માટે બારણાં તથા તેના ખુલ્લા ગાળામાં પાર્ટિશન કરવા માટેનો વધારાનો અંદાજી ખર્ચ રૂા. ૨,૬૪૩ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટીનાં "સી" ટાઇપ ક્વાર્ટર્સમાં લાકડાના કબાટનાં શટર્સ તૈયાર કરીને ફિટ કરવા માટેના કામ માટે આવેલ ટેન્ડરો તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના "સી" ટાઇપ ક્વાર્ટર્સમાં લાકડાના કબાટનાં શટર્સ તૈયાર કરવા માટેનું મે. અમૃતલાલ ડી. મજીરનું રૂા. ૧,૦૬૫-૮૫નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિભાગના મકાનમાં એરકન્ડિશનના કામ અંગે જરૂરી ફેરફારો કરવા માટે આવેલાં ટેન્ડરો તપાસી ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિભાગના મકાનમાં એરકન્ડિશનના કામ અંગે જરૂરી ફેરફારો કરવા માટે આવેલાં ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ટાંકનાર મે. નિર્માણનું રૂા. ૪,૫૫૨નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટીના ટરબાઇન પંપ માટેના સ્પેર પાર્ટ્સ અને સ્પેર મોટર ખરીદવા માટે વધારાની રકમ રૂા. ૧,૨૨૭-૦૫ પૈ. (અંકે રૂપિયા બારસો સત્તાવીશ અને પાંચ પૈસા) કરવેરા અને ફેઇટ અલગ મંજૂર કરવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ટરબાઇન પંપ માટેના સ્પેર પાર્ટ્સ અને સ્પેર મોટર ખરીદવા માટે વધારાની રકમ રૂા. ૧,૨૨૭-૦૫ પૈ. (કરવેરા અને ફેઇટ જુદા) મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. રેસિડન્ટ પ્રોફેસરના ક્વાર્ટર બાંધવા માટે કન્સલ્ટિંગ એન્જિનિયર નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેસિડેન્ટ પ્રોફેસરના ક્વાર્ટર બાંધવા માટે કન્સલ્ટિંગ એન્જિનિયરની જરૂર જણાતી નથી. વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ કામ ખાતાવાર કરાવી લેવું.

૮. વૉટર સપ્લાય અને સેનિટરી ઇન્સ્ટૉલેશન માટે (ટીચર્સ હૉસ્ટેલ) આવેલ ટેન્ડર અંગે વિચારણા કરવા બાબત.

ટીચર્સ હૉસ્ટેલના વૉટર સપ્લાય અને સેનિટરીના કામ માટે કુલ ૧૩ ટેન્ડરો આવ્યાં હતાં. આવેલાં ટેન્ડરોને સમગ્ર રીતે તપાસતાં ઠરાવવામાં આવ્યું કે, આ કામ માટે મે. એચ. કે. કન્સ્ટ્રકશન કંપનીનું (જેઓને હાલ તે મકાનના બાંધકામનું કામ સોંપવામાં આવેલું છે) રૂા. ૪૨,૭૮૨નું ટેન્ડર સૌથી ઓછા ટેન્ડરવાળા ભાવની મર્યાદામાં આવે તે શરતે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૯. યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર્સથી ૧૩૨ ફૂટના રસ્તા સુધી ડ્રેનેજ લાઈન નાખવા માટે આવેલાં ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર્સથી ૧૩૨ ફૂટના સૂચિત રસ્તા સુધી ડ્રેનેજ લાઈન નાખવા માટે સૌથી ઓછા ભાવ ટાંકનાર પેઢી મે. સ્ટીલ ફેબ્રિકેટર્સનું રૂા. ૫,૩૮૦નું ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

એસ્ટેટ નં./૩૩૩૮૫/૧૯૬૫.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૧૮-૧૧-૧૯૬૫.

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯

G.U.P. 1116-360-1-66

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૫ના ડિસેંબર માસની સભા શનિવાર, તા. ૧૮-૧૨-૧૯૬૫ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે મળી હતી, અને રવિવાર, તા. ૧૯-૧૨-૧૯૬૫ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન, બન્ને દિવસોએ, ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. બન્ને દિવસોએ હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૧૮-૧૨-૧૯૬૫	તા. ૧૯-૧૨-૧૯૬૫
૧. શ્રી. લાલભાઈ રતનજી દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. વી. એચ. ભણોત, શિક્ષણુસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	ગેરહાજર
૩. શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ	હાજર	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૫. શ્રી. રણુજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૬. શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૭. ડૉ. વાસુદેવ નટવરલાલ ત્રિપાઠી	હાજર	હાજર
૮. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૯. શ્રી. ઘનશ્યામલાલ છોટાલાલ ઓઝા	હાજર	ગેરહાજર
૧૦. શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૧. શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	હાજર
૧૨. ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩. શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૪. પ્રો. બી. આર. શિનોય	હાજર	હાજર
૧૫. આચાર્ય ચિમનભાઈ જીવાભાઈ પટેલ	હાજર	ગેરહાજર
૧૬. આચાર્ય મુકુન્દલાલ છોટાલાલ દેસાઈ	હાજર	હાજર
૧૭. આચાર્ય યશવંતરાય ગુલાબભાઈ નાયક	હાજર	હાજર
૧૮. આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. તા. ૨૦/૨૧ નવેંબર, ૧૯૬૫ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૨૦/૨૧ નવેંબર ૧૯૬૫ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) નીચેના વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે ઉત્તીર્ણ થયેલ જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
૧.	શ્રી. શાહ ઇન્દ્રવદન દેવજીભાઈ	રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. જી. કે. વસાવડા	ભૌતિકવિજ્ઞાન	પીએચ.ડી.

(૨) ઓકટોબર ૧૯૬૫માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં નિમાયેલ પ્રાશ્નિક-પરીક્ષકોની જરૂર પડયે અવેજી નિમણૂકો કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. આર્ટ્સ કૉલેજ, સંખેડામાં કાર્ય કરતા અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. એન. વી. દેસાઈ સદરહુ કૉલેજમાંથી છૂટા થયા હોવાથી તેમના સ્થાને અર્થશાસ્ત્રના મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા કરવાની પરવાનગી આપવા સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને અર્થશાસ્ત્રના મુલાકાતી પ્રાધ્યાપક (Visiting Professor)ની વ્યવસ્થા કરવા દેવા માટે ફક્ત ચાલુ વર્ષ પૂરતી પરવાનગી નીચેની શરતોએ આપવી :

(૧) સદરહુ પ્રાધ્યાપક દર અઠવાડિયે ઓછામાં ઓછા ચાર પીરિયડ સદરહુ કૉલેજમાં લેવાનું રાખે;

(૨) સદરહુ પ્રાધ્યાપકનો કુલ કાર્યભોજ યુનિવર્સિટીનાં ધારાધોરણો કરતાં વધવા પામે નહિ; અને

(૩) જૂન ૧૯૬૬થી યોગ્ય લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કરવાની બાંયધરી આપવામાં આવે.

૪. પેટલાદ કૉલેજ, પેટલાદની જૂન, ૧૯૬૬થી જોડાણ મેળવવા માટેની અરજી જે ઓર્ડિ. ૧૨૦ પ્રમાણે સમય બહાર હતી તે અરજી ચાલુ જોડાણના વિષયો ઉપરાંત વધારાના જોડાણના વિષયો માટે પણ માન્ય કરવા સદરહુ કૉલેજના આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ જોડાણઅરજી અંગે સિન્ડિકેટે તેની તા. ૨૦-૧૧-૧૯૬૫ની સભામાં અપવાદ તરીકે ફક્ત ચાલુ જોડાણના વિષયો પૂરતી જ અરજી સ્વીકારવાનું ઠરાવ્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજની વધારાના જોડાણ માટેની અરજી, અપવાદ તરીકે સ્વીકારીને, સ્થાનિક તપાસસમિતિને ઘટતી સૂચના આપવી.

૫. સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી જોડાણ આપવા માટે આવેલ અરજીના સંદર્ભમાં મજકૂર કૉલેજ સેકન્ડ બી.એસસી.ના વર્ગો જૂન ૧૯૬૬થી શરૂ કરવા માગતી નથી, તેમ જણાવતા તે કૉલેજના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— ચાલુ વર્ષમાં તે કૉલેજમાં બી.એસસી.ના વર્ગોમાં જે વિદ્યાર્થીઓ છે તેમને કૉલેજ જો એસ.વાય.બી.એસસી.ના વર્ગો જૂન ૧૯૬૬થી ચાલુ ન કરે તો અન્ય કૉલેજોમાં પ્રવેશ મેળવવો પડશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. ઇન્ડિયન કૉમર્સ એસોસિયેશન, ગોરખપુર તરફથી ૧૯મું વાર્ષિક અધિવેશન સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, વલ્લભનગરના આશ્રયે તા. ૨૭મીથી ૨૯મી ડિસેંબર, ૧૯૬૫ દરમિયાન મળનાર હોઈ, તેમાં બે પ્રતિનિધિઓ મોકલવા એસોસિયેશનના મંત્રીના તા. ૧૪-૧૧-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૭. "ઇન્ડિયન પોલિટિકલ સાયન્સ"ની ૨૭મી પરિષદ મૈસૂર મુકામે તા. ૨૮મીથી ૩૦મી ડિસેંબર, ૧૯૬૫ દરમિયાન યોજાનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા સદરહુ સંસ્થાના સામાન્ય મંત્રીના તા. ૨૩-૧૧-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ડિયન પોલિટિકલ સાયન્સની આગામી પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૮. ભારતીય સ્પેક્ટ્રોસ્કોપિસ્ટોના કન્વેન્શન તરફથી ચંદીગઢ મુકામે તા. ૨જી જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ નવમો વાર્ષિક પરિસંવાદ યોજાનાર હોઈ, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા માટે કન્વેન્શનના અધ્યક્ષ તરફથી આવેલા તા. ૧૭-૧૧-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કન્વેન્શનના આગામી પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૯. ધી ન્યૂમિસ્મેટિક્સ સોસાયટી ઑફ ઇન્ડિયા, વારાણસીનું ૫૪મું વાર્ષિક અધિવેશન, વારાણસી મુકામે તા. ૧લી અને ૨જી જાન્યુઆરી, ૧૯૬૬ દરમિયાન મળનાર હોઈ, તે અધિવેશનમાં હાજરી આપવા માટે આ યુનિવર્સિટીના એક પ્રતિનિધિને મોકલવા માટે સદરહુ સોસાયટીના મહામંત્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૧૦. સિન્ડિકેટની તા. ૩-૪-૧૯૬૫ની સભામાં ઠરાવ્યા અનુસાર ૧૯૬૪ કે તેની પહેલાંની આ યુનિવર્સિટીની અનુસ્નાતક પરીક્ષાઓમાં ઓછામાં ઓછા ૪૮ ટકા કે ૬૦ ટકા ગુણ મેળવનારને, અનુક્રમે બીજા અને પહેલા વર્ગના પદવીધરોની સમકક્ષ, કૉલેજોમાં નિમણૂકના હેતુ માટે ગણવામાં આવે છે તે પ્રમાણે અનુસ્નાતક માન્યતા વિશેની સમકક્ષતા સ્વીકારવા માટે એચ. કે. આર્ટ્સ કૉલેજના આચાર્યના તા. ૨૬-૧૧-૧૯૬૪ના પત્રાંક ૧૩૩૫ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટના તા. ૩-૪-૧૯૬૫ના ઠરાવ પર પુનર્વિચારણા કરવાની જરૂર જણાતી નથી.

૧૧. ૧૯૬૬ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓ નક્કી કરવા બાબત.

(નોંધ.— ૧૯૬૫ના વર્ષ દરમિયાન રાજ્ય સરકારે જાહેર કરેલ રજાઓ ઉપરાંત મકરસંક્રાન્તિ, રક્ષાબંધન અને ભાઈબીજ — એમ કુલ્લે ૩ વધુ રજાઓ આપવામાં આવી હતી. આ વર્ષે ભાઈબીજની રજાનો રાજ્ય સરકારે જાહેર કરેલી રજાઓની યાદીમાં સમાવેશ થઈ જાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૬ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓની યાદી સભામાં કરવામાં આવેલા સુધારા સાથે મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી રજાઓની યાદી પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૨. ૧૯૬૪-૬૫ના વર્ષનો ૧૫મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા અંગેની સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૪-૬૫ના વર્ષનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

(૧) ઉપકુલપતિશ્રી, અધ્યક્ષ
(૨) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૩) ડૉ. ય. ગુ. નાયક
(૪) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૫) ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ.

૧૩. સને ૧૯૬૬-૬૭નું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૬-૬૭ના વર્ષનું અંદાજપત્ર તૈયાર કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

(૧) ઉપકુલપતિશ્રી, અધ્યક્ષ
(૨) આચાર્ય એમ. સી. દેસાઈ
(૩) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૪) ડૉ. એ. એમ. ત્રિવેદી
(૫) શ્રી. મણિશંકર પ્ર. પંડ્યા.

૧૪. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ ઉપરના સભ્યોની નિમણૂકની ત્રણ વર્ષની મુદત પૂરી થતી હોઈ, સદરહુ સમિતિ પર સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સ્થાયી સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી, અને તેની મુદત ત્રણ વર્ષની રાખવી :

(૧) ઉપકુલપતિશ્રી
(૨) શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય
(૩) ડૉ. ય. ગુ. નાયક
(૪) આચાર્ય એમ. સી. દેસાઈ
(૫) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૬) ડૉ. વાસુદેવ ન. ત્રિપાઠી
(૭) શ્રી. રજિસ્ટ્રાર.

૧૫. વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમિયાન આચરેલ ગેરવાજબી દલાલે અંગેના કેસો તેમ જ પ્રાશ્નિક-પરીક્ષક-નિરીક્ષક અને કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરી, સિન્ડિકેટ સમક્ષ ભલામણો રજૂ કરવા માટે 'પરીક્ષાશુદ્ધિ સમિતિ'(Mistakes and Unfair Means Committee)ની પુનર્રચના કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાશુદ્ધિ સમિતિ પર ૧૯૬૬ના વર્ષ માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી :

(૧) ઉપકુલપતિશ્રી
(૨) શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ
(૩) શ્રી. બટુભાઈ હ. દેસાઈ
(૪) શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
(૫) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૬) ડૉ. વાસુદેવ ન. ત્રિપાઠી.

૧૬. સંલગ્ન કૉલેજોમાં અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર અંગે વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧-૧૨-૧૯૬૨ની સભામાં નીમેલ સ્થાયી સમિતિની મુદત પૂરી થતી હોઈ, નવી સ્થાયી સમિતિની નિમણુક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સ્થાયી સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી, અને તેની મુદત ત્રણ વર્ષની રાખવી :

(૧) ઉપકુલપતિશ્રી
(૨) આચાર્ય એસ. આર. ભટ્ટ
(૩) આચાર્ય ડૉ. કે. જી. નાયક
(૪) આચાર્ય એમ. સી. દેસાઈ
(૫) આચાર્ય ટી. એમ. પરીખ
(૬) આચાર્ય એચ. એસ. સંઘવી
(૭) ડૉ. એમ. ડી. દેસાઈ.

૧૭. બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યો સર્વશ્રી બબલદાસ ચૌધરી, જીવણજી દેસાઈ અને ગુલાબભાઈ દેસાઈ નવી સેનેટના સભ્યો તરીકે આવતા ન હોવાથી તેમની ખાલી પડતી જગ્યા પર સ્ટેચ્યૂટ ૧૨૯-સી મુજબ ત્રણ સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડ પર ૧૯૬૫-૬૬ના વર્ષ માટે, બાકી રહેલા સમય માટે, નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. પ્રો. જે. સી. ત્રિવેદી
૩. પ્રો. ડી. ડી. ત્રિવેદી.

૧૮. રો. મોતીભાઈ ડી. પટેલની જગ્યાએ 'ગુજરાત યુનિવર્સિટી સમાચારપત્રિકા'ના તંત્રીમંડળ પર તા. ૧૨-૨-૧૯૬૬ સુધીના સમય માટે નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાચારપત્રિકાના તંત્રીમંડળ પર સભ્ય તરીકે રો. મોતીભાઈ ડી. પટેલની જગ્યાએ તા. ૧૨-૨-૧૯૬૬ સુધીના બાકીના સમય માટે શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈની નિમણૂક કરવી.

૧૯. કોઈ પણ સંલગ્ન કૉલેજમાં મુખ્ય વિષય તરીકે શીખવાતા વિષયો પૈકી કેટલા વિષયો માટે મુલાકાતી પ્રાધ્યાપકોથી કામ ચલાવવા પરવાનગી આપી શકાય તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બી.એ., બી.એસસી. અને બી.કૉમ.ના વર્ગોમાં જે વિષય મુખ્ય વિષય તરીકે શીખવાતો હોય તેને માટે ઑર્ડિ. ૧૨૦-એ મુજબ જે કૉલેજમાં પૂરા સમયના ઓછામાં ઓછા એક પ્રાધ્યાપકની આવશ્યકતા હોય તો તે નીમવા માટે સામાન્ય રીતે આગ્રહ રાખવો, પરંતુ કોઈ ખાસ સંજોગોમાં એક વિષય માટે પૂરા સમયના પ્રાધ્યાપક ન મળી શકવાને કારણે મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા કરવાનું આવશ્યક બને તો તેમ કરવા માટે સિન્ડિકેટની પૂર્વસંમતિ લેવા માટે કૉલેજોને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવ્યા મુજબ મુલાકાતી પ્રાધ્યાપકની વ્યવસ્થા કોઈ પણ સંજોગોમાં એક કરતાં વધુ વિષયમાં કરવા માટે પરવાનગી આપવી નહિ.

૨૦. અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિની તા. ૨૮-૧૦-૧૯૬૫ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સ્થાયી સમિતિની તા. ૨૮-૧૦-૧૯૬૫ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

"શ્રી. ચન્દ્રકાન્ત એન. વૈષ્ણવને એકાઉન્ટન્સીના બંડ સમયના વ્યાખ્યાતા તરીકે માન્ય કરવા નહિ."

(સદરહુ સ્થાયી સમિતિનો નોંધ આ સાથે પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૨૧. આચાર્ય એલ.એન. ડાકરનો નીચેનો પ્રસ્તાવ સેનેટે તેની તા. ૧૫/૧૬-૧૦-૧૯૬૫ની સભામાં સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઈ, તે પર વિચારણા કરવા બાબત :

St. 193-A :

"That Statute 193-A be amended as under :

Para 1 to remain as it is.

Para 2 to be amended as under :

After the words "..on completion of 7 years' service" in the third line, add the following words:

"And $6\frac{1}{4}$ per cent more for every additional year after 7 years (i.e., $56\frac{1}{4}$ per cent for 8 years, $62\frac{1}{2}$ per cent for 9 years and so on up to 15 years"..the other part of para 2 to remain as it is.

Para 3 and 4 remain as they are.

The amended para 2 of the Statute 193-A will read as under :

"Gratuity shall be paid on the death, retirement, resignation or termination of service, at the rate of $\frac{1}{2}$ month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 7 years' service and $6\frac{1}{4}$ per cent more for every additional year after 7 years (i.e., $56\frac{1}{4}$ per cent for 8 years, $62\frac{1}{2}$ per cent for 9 years and so on) up to fifteen years, the gratuity shall be raised to one month's basic salary (excluding all allowances) for each completed year of service on completion of 15 years' service. The total amount....etc.." The rest of the text remains as it is.

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટની ૧૫/૧૬ ઑક્ટોબર ૧૯૬૫ની સભામાં સ્ટે. નં. ૧૯૩-એ સુધારવા માટેનો જે ઠરાવ થયો છે તેના સંદર્ભમાં સદરહુ પ્રસ્તાવ તપાસીને લાઇફ ઇન્સ્યોરન્સ કૉર્પોરેશનની સાથે વીમાની જે યોજના વિચારવામાં આવી છે તેમાં આર્થિક જવાબદારીમાં શો ફેરફાર થાય તેની નોંધ સાથે આ બાબત ફરીથી રજૂ કરવાનું રાખવું. તે નોંધ રજૂ કરતી વખતે ગ્રેચ્યુઇટી નીચેના ધોરણે આપવાનું રાખવામાં આવે તો યુનિવર્સિટીની આર્થિક જવાબદારીમાં શો ફેર પડે તે પણ જણાવવું :

(૧) પૂરાં સાત વર્ષની નોકરીને અંતે ગ્રેચ્યુઇટીની રકમ નોકરીના પ્રત્યેક પૂરા વર્ષ માટે હાલના ધોરણે મૂળ માસિક પગારના પચાસ ટકા;

(૨) પૂરાં ૧૦ વર્ષની નોકરીને અંતે ગ્રેચ્યુઇટીની રકમ નોકરીના પ્રત્યેક પૂરા વર્ષ માટે હાલના ધોરણે મૂળ માસિક પગારના ૬૬$\frac{2}{3}$ ટકા;

(૩) પૂરાં ૧૨ વર્ષની નોકરીને અંતે ગ્રેચ્યુઇટીની રકમ નોકરીના પ્રત્યેક પૂરા વર્ષ માટે હાલના ધોરણે મૂળ માસિક પગારના પંચોતેર ટકા;

૨૨. પ્રીન્ક્લિનિકલ સબ્જેક્ટ્સની અભ્યાસસમિતિની તા. ૧-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ એમ.બી.,બી.એસ.ની માર્ચ ૧૯૬૬ કે તે પછીની જૂના અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષામાં જે વિદ્યાર્થી નાપાસ થાય તેમને માટે તે પાસ થાય ત્યાં સુધી જૂના અભ્યાસક્રમ પ્રમાણે પરીક્ષા લેવી.

જૂના અભ્યાસક્રમ પ્રમાણેની પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીને બીજી એમ.બી.,બી.એસ.ની પરીક્ષા નવા અભ્યાસક્રમ પ્રમાણે આપવાની થશે.

પહેલી એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં આંતરિક ગુણાંકન દાખલ કરેલું હોવાથી ઉપર મુજબ કરવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરીક્ષા — ફર્સ્ટ એમ.બી.,બી. એસ.ની જૂના અભ્યાસક્રમની — વધુ બે વખત લેવાનું રાખવું.

[નોંધ.—જૂના અભ્યાસક્રમ હેઠળ લેવાનારી પરીક્ષા માટે પ્રશ્નપત્રોના ગુણાંકન પ્રમાણસર (પ્રો-રેટા) ગણવાનું રાખવું.]

૨૩. ઓ. આર્ટ્સ ૬(૨)ની નોંધ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૧૧-૧૯૬૫ની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"It shall be competent for a student to select any one of the optional subjects offered by him at the First B.A. Examination as his Principal subject for the Second B.A. Examination, provided that he shall take the other Subject as his subordinate subject."

આથી ઠરાવવામાં આવે છે કે, ઓર્ડિ. આર્ટ્સ ૬(૨) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવો.

૨૪. સિન્ડિકેટે તેની તા. ૭/૮-૬-૧૯૬૫ની સભામાં બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગને વિચારણા માટે મોકલેલ નીચેની બાબત પરત્વે બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગના તા. ૬૦-૮-૧૯૬૫ની સભાના ઠરાવ પર વિચારણા કરવા બાબત:

સિન્ડિકેટે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને વિચારણા માટે મોકલેલ બાબત

ત્રિવાર્ષિક અભ્યાસક્રમના માળખાને અનુલક્ષીને જૂન ૧૯૬૬થી અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ફેરફાર કરતા ભાગ ૧ અને ભાગ ૨ પ્રમાણે અનુક્રમે ૧૯૬૭ અને ૧૯૬૮થી પરીક્ષાઓ લેવામાં

આવનાર હોઈ (૧) શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક અગર મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવાના નિયમોમાં તથા અનુસ્નાતક નિયમોમાં જરૂરી સુધારાવધારા કરવાના થતા હોઈ એક સમિતિ નીમવાના કાર્યાલયના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૦-૮-૧૯૬૫ની સભાનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના સૂચન અન્વયે કોઈ સમિતિ નીમવાની જરૂર જણાતી નથી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૫. સેનેટે તેની તા. ૧૫/૧૬-૧૦-૧૯૬૫ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ નીચેના ઑર્ડિનન્સો પર વિચારણા કરવા બાબત:

ઑર્ડિ. આર્ટ્સ ૬, ઑર્ડિ. એકરટ. આર્ટ્સ-૬, ઑર્ડિ. ૬૫-એફ (એફ.) (૪), ઑર્ડિ. ૬૫-એમ (૫) (૫), ઑર્ડિ. ૭૫ (૧), ઑર્ડિ. ૭૮, ઑર્ડિ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ, ઑર્ડિ. ૧૨૦-એ તથા ઑર્ડિ. ૧૩૫-એ.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઑર્ડિ. આર્ટ્સ-૬, ઑર્ડિ. એકરટ. આર્ટ્સ-૬, ઑર્ડિ. ૬૫-એફ (એફ) (૪), ઑર્ડિ. ૬૫-એમ (૫) (૫), અને ઑર્ડિ. ૧૨૦-એ ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે પાછા મોકલવા.

(૨) ઑર્ડિ. ૭૫ (૧) અને ઑર્ડિ. ૭૮માં કશો ફેરફાર કરવો નહિ.

(૩) ઑર્ડિ. ૧૩૫-એ નીચેની માહિતી સાથે પુનર્વિચારણા માટે રજૂ કરવો:

"જે વિદ્યાર્થીઓને નોકરી કરવાને કારણે ચાલુ વર્ષ દરમિયાન એન.સી.સી.ની તાલીમ લેતાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા અને તાલીમમાંથી મુક્તિ આપવામાં આવી હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા."

૨૬. સિન્ડિકેટે તેની તા. ૧૬-૧૧-૧૯૬૩ની સભામાં ત્રિવાર્ષિક અભ્યાસક્રમની પરીક્ષાઓમાં આંતરિક ગુણાંકનની પદ્ધતિ અંગે મંજૂર કરેલા નિયમો અનુસાર ઍકેડેમિક કાઉન્સિલે ઘડેલા રેગ્યુલેશનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. બી.એ. આર. આર્ટ્સ (જનરલ) ૧, બી.એસસી. આર. એસસી. (જનરલ) ૧, અને બી.કૉમ. આર. કૉમ. (જનરલ) ૧ મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૭. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, રાજકોટના આચાર્યને ધારાશાસ્ત્રની વિદ્યાશાખા તથા તે વિદ્યાશાખા હેઠળના બે વિષયોની અભ્યાસસમિતિઓ (૧) જ્યુરિસ્પ્રુડન્સ ઇત્યાદિ, તથા (૨) ક્રાઇમ ઇત્યાદિનું સભ્યપદ આપવા બાબત.

[નોંધ.—(૧) સદરહુ બાબત અંગે ઊભા થતા કાનૂની મુદ્દાઓ તપાસીને ફરીથી રજૂ કરવાનું સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૧૦-૧૯૬૫ની સભામાં ઠરાવ્યું હતું.

(૨) તેઓ (ક) ઇતિહાસ, અર્થશાસ્ત્ર તથા રાજ્યશાસ્ત્ર સાથે એમ.એ., અને (ખ) એલએલ.બી.ની પદવીઓ ધરાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્ય હસમુખભાઈ એસ. સંઘવીને ધારાશાસ્ત્રની વિદ્યાશાખા હેઠળ નીચે જણાવેલ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું :

(૧) જ્યુરિસ્પ્રુડન્સ ઇત્યાદિની અભ્યાસસમિતિ,
(૨) ક્રાઇમ ઇત્યાદિની અભ્યાસસમિતિ.

૨૮. સેનેટના નીચેના સભ્યોને જે તે વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, આ સાથેની યાદીમાં જણાવેલ સેનેટના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિ/અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કોઈ સભ્યને અભ્યાસસમિતિનું સભ્યપદ આપવાનું બાકી રહ્યું હોય તો, તે આપવા માટે તથા કોઈ કેસમાં ફેરફાર કરવાનું ઉપકુલપતિશ્રીને યોગ્ય લાગે તો, તે કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ યાદી પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૯. ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ શ્રી. ઉમાશંકર જોશીને પૂના યુનિવર્સિટીમાં ટાગોર વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાનો આપવા માટે અનુમતિની માગણી કરતા તા. ૨૫-૧૧-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાનો આપવા માટે, તથા તે માટે માનદ વેતન સ્વીકારવા માટે પ્રો. ઉમાશંકર જોશીને પરવાનગી આપવી.

૩૦. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના કર્મચારીઓનો, તેમનાં નામ સામે બતાવેલ તારીખથી અજમાયશી સમય પૂરો થતો હોઈ, તેમને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	ભવન	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. એન. એ. શાહ	ફોટોગ્રાફર	વિજ્ઞાન વિદ્યાભવન	૩-૧-૧૯૬૬	૪-૧-૧૯૬૬
(૨)	શ્રી. રાઠોડ સોમાભાઈ માધાભાઈ	પટાવાળા	,,	૩૧-૧૨-૧૯૬૫	૧-૧-૧૯૬૬
(૩)	શ્રી. રામલાલ રામદરખ	માળી	,,	૨-૨-૧૯૬૬	૩-૨-૧૯૬૬

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. એન. એ. શાહને વિજ્ઞાન વિદ્યાભવનમાં ફોટોગ્રાફર તરીકે તા. ૪-૧-૧૯૬૬થી કાયમ કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. રાઠોડ સોમાભાઈ માધાભાઈનો, વિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળાની જગ્યા પર, અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો, અને તેમને જણાવવું કે, લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ, તો તેમને નોકરીમાંથી છૂટા કરવાની ફરજ પડશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. રામલાલ રામહરખની, વિજ્ઞાન વિદ્યાભવનમાં માળીની જગ્યા પરની નિમણૂકનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો, અને તેમને જણાવવું કે, લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ, તો તેમને નોકરીમાંથી છૂટા કરવાની ફરજ પડશે.

૩૧. યુનિવર્સિટી કાર્યાલયના નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ, તેમને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	કાર્યાલય	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. એસ. એસ. વોરા	કાર્યાલય નિયામક	માહિતી અને જનસંપર્ક કાર્યાલય	૭-૨-૧૯૬૬	૮-૨-૧૯૬૬
(૨)	શ્રી. એ. એચ. શાહ	જુ. ક્લાર્ક (ઑડિટર)	,,	૨૧-૨-૧૯૬૬	૨૨-૨-૧૯૬૬
(૩)	શ્રી. જે. બી. શાહ	જુ. ક્લાર્ક	,,	૧૯-૨-૧૯૬૬	૨૦-૨-૧૯૬૬
(૪)	શ્રી. જે. એન. પંડ્યા	જુ. ઑપરેટર	,,	૩૧-૧-૧૯૬૬	૧-૨-૧૯૬૬
(૫)	શ્રી. આર. એ. પંડ્યા	જુ. ઑપરેટર	,,	૧-૨-૧૯૬૬	૨-૨-૧૯૬૬
(૬)	શ્રી. ગુરુદીન અરજૂજી	હેડમાળી	,,	૪-૨-૧૯૬૬	૫-૨-૧૯૬૬

ઉપરના સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે, નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	હોદ્દો	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. એસ. એસ. વોરા	કાર્યાલય નિયામક, માહિતી અને જનસંપર્ક કાર્યાલય	૮-૨-૧૯૬૬
(૨)	શ્રી. એ. એચ. શાહ	જુ. ક્લાર્ક (ઑડિટર)	૨૨-૨-૧૯૬૬
(૩)	શ્રી. જે. બી. શાહ	જુ. ક્લાર્ક	૨૦-૨-૧૯૬૬
(૪)	શ્રી. જે. એન. પંડ્યા	જુ. ઑપરેટર	૧-૨-૧૯૬૬
(૫)	શ્રી. ગુરુદીન અરજૂજી	હેડમાળી	૫-૨-૧૯૬૬

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. એ. પંડ્યાનો, જુ. ઑપરેટરની જગ્યા પરની નિમણૂકનો, અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો, અને તેમને જણાવવું કે, લંબાવેલા અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહિ, તો તેમને નોકરીમાંથી છૂટા કરવાની ફરજ પડશે.

૩૨. યુનિવર્સિટી પ્રેસમાં કામ કરતા નીચેના સભ્યોનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખથી પૂરો થતો હોઈ, તેમને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. હરગોવનદાસ કે. પટેલ	મશીનમેન, પ્રેસ	૧૯-૨-૧૯૬૬	૨૦-૨-૧૯૬૬
(૨)	શ્રી. પૂંજારામ રણછોડદાસ તિવારી	મશીનમેન, ,,	૧૯-૨-૧૯૬૬	૨૦-૨-૧૯૬૬
(૩)	શ્રી. બી. કે. પટેલ	જુ. ક્લાર્ક, ,,	૨૦-૨-૧૯૬૬	૨૧-૨-૧૯૬૬

ઉપરના સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે, નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	જગ્યા	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. હરગોવનદાસ કે. પટેલ	મશીનમેન	૨૦-૨-૧૯૬૬
(૨)	શ્રી. પૂંજારામ રણછોડદાસ તિવારી	મશીનમેન	૨૦-૨-૧૯૬૬
(૩)	શ્રી. બી. કે. પટેલ	જુ. ક્લાર્ક	૨૧-૨-૧૯૬૬

૩૩. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં નીચેના શિક્ષકોનો તેમનાં નામ સામે બતાવેલ તારીખે બે વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ, તેમને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	ભવન	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. જે. સી. વોરા	લેક્ચરર	વિજ્ઞાન વિદ્યાભવન	૨૩-૨-૧૯૬૬	૨૪-૨-૧૯૬૬
(૨)	શ્રી. કે. જી. જાની	,,	,,	૩૦-૧-૧૯૬૬	૩૧-૧-૧૯૬૬

સદરહુ સભ્યોની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તે પછી ઠરાવવામાં આવ્યું કે, નીચેના સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ જગ્યા પર અને તારીખથી કાયમ કરવા :

ક્રમાંક	નામ	જગ્યા	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. જે. સી. વોરા	લેક્ચરર, વિજ્ઞાન વિદ્યાભવન	૨૪-૨-૧૯૬૬
(૨)	શ્રી. કે. જી. જાની	લેક્ચરર, વિજ્ઞાન વિદ્યાભવન	૩૧-૧-૧૯૬૬

૩૪. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. શશીકાન્ત નારાયણ ઉતેકરનો અજમાયશી સમય તા. ૫-૨-૧૯૬૬ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૬-૨-૧૯૬૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. શશીકાન્ત નારાયણ ઉતેકરને મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળાની જગ્યા પર તા. ૧-૨-૧૯૬૬થી કાયમ કરવા.

૩૫. યુનિવર્સિટી છાત્રાલયમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. સી. એસ. ત્રિવેદીનો અજમાયશી સમય તા. ૧૯-૨-૧૯૬૬ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૦-૨-૧૯૬૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ સભ્યની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. સી. એસ. ત્રિવેદીને યુનિવર્સિટી છાત્રાલયમાં ક્લાર્ક-ટાઇપિસ્ટની જગ્યા પર તા. ૨૦-૨-૧૯૬૬થી કાયમ કરવા.

૩૬. તા. ૨૮-૧૧-૧૯૬૫ના રોજ રીડર-ઇન-મેથેમેટિક્સની જગ્યા માટે મળેલ વરણી-સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિની તા. ૨૮-૧૧-૧૯૬૫ની સભાની ભલામણ મંજૂર કરી, તથા શ્રી. દર્શનસિંહ એ. જસનને વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-મેથેમેટિક્સની જગ્યા પર બે વર્ષના અજમાયશી ધોરણે રૂા. ૫૦૦-૨૫-૮૦૦ના પગારધોરણમાં માસિક રૂા. ૫૦૦ના પગારથી નીમવા.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૮-૧૧-૧૯૬૫ની ભલામણો પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૭. યુનિવર્સિટીનાં ફાજલ નાણાં ટૂંકી મુદતની ડિપોઝિટમાં રોકવા અંગે ધી યુનાઇટેડ કામર્શિયલ બેંક લિ.ના તા. ૨૩-૧૨-૧૯૬૫ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બેંકમાં યુનિવર્સિટીનાં ફાજલ નાણાં રોકવા માટેની તેમની વિનંતી મંજૂર કરવી નહિ.

